પ્રકરણ ત્રીજું

શ્રીમન્નૃસિંહાચાર્યજી

સાહિત્ય

પ્રકરણ ૩

શ્રીમન્નૃસિંહાચાર્યજી : સાહિત્ય (પદ્યવિભાગ)

વૈયક્તિક અને સામૂહિક રીતે માનવજીવનના સંસ્કારઘડતરમાં વાણી અને તેના સવિશેષ વિસ્તરણરૂપ વાઙ્મયનો ફાળો અનિવાર્ય અને અમૂલ્ય ગણાયો છે. જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં – રાજકારણમાં પણ – માનવીની આ વિલક્ષણ વૈખરીશક્તિએ અદ્‌ભુત પરિવર્તન આણ્યું છે. સમાજસુધારણા તથા ધાર્મિક અને આધ્યાત્મિક વિષયોમાં તો વૈચારિક ક્રાન્તિનું બીજારોપણ કરવાનું કે ક્રાન્તિના નાના નદોને પૂરપ્રવાહમાં પલટાવવાનું સમર્થ કાર્ય દેશપ્રદેશના સાહિત્ય દ્વારા થતું આવ્યું છે, એની ઈતિહાસ પણ સાક્ષી પૂરે છે.

કેકે સમયના વહેણ સાથે સાહિત્યના સ્વરૂપ વિશેનાં વિચાર–વલણો બદલાતાં રહે કે સાહિત્ય અને કલામાત્રના ઉદ્દેશ પ્રતિ અંગુલિનિર્દેશ કરતી તેની વ્યાખ્યાઓ પણ બદલાતી રહે – અને ભાષાના વિકાસની સાથે તેમ થવું શક્ય સ્વાભાવિક અને કેટલેક અંશે યોગ્ય પણ છે – છતાં એ સમસ્ત પ્રગતિવર્તુલના વિસ્તરતા પરિઘના કેન્દ્રમાં તો મનુષ્ય જ રહેલો છે અને એ માનવજીવન સાથે વર્તુલવિસ્તારનો અણુઅણુ યથાતથા સંબંધ ધરાવે છે એ હકીકતનો કોઇથી ઇન્કાર થઇ શકે તેમ નથી. આથી, પાશ્ચાત્ય કે પૌરસ્ત્ય, પ્રાચીન કે અર્વાચીન વિવિધ દૃષ્ટિબિંદુઓથી સાહિત્યના પ્રયોજન પરત્વે ભિન્નભિન્ન – સાવ આત્યંતિક કે પારસ્પરિક વિનિમય ધરાવતા – મતમતાન્તર અને એના પાયા પર ઉદ્‌ભવેલા વાદ–વર્ગો પ્રવર્તતા હોય તો પણ તે દરેક મત વાદ કે વર્ગમાં સાહિત્યની – ભલે આંશિક અને આનુષંગિક – ઉપયોગિતા તો અનુસ્યૂત રહેલી હોય છે જ. ભલે પછી તે ઉપયોગિતાનો, તે તે વાદના પુરસ્કર્તાઓ તેમની સિધ્ધાંતપ્રતિજ્ઞામાં સ્પષ્ટપણે સ્વીકાર કરતા ન હોય ! "ઉપયોગિતા" શબ્દનો પ્રયોગ આજે કેવળ

કલાદૃષ્ટિએ વિચારનાર વર્ગને કઠે છે અને એ શબ્દને આધારે જ તેઓ કેટકેટલાં ઉત્તમ કોટિનાં લક્ષણોને સાહિત્યપ્રદેશમાંથી બાકાત રાખે છે ! કેટલાક વિવેચકોની આ ઉપેક્ષાવૃત્તિને સાહિત્યકલાના અર્વાચીન સમયમાં સ્થપાતાં જતાં માનદંડનાં ધોરણોએ પણ ઠીક ઠીક પ્રમાણમાં પોષણ આપવા માંડ્યું છે. પરંતુ સમ્યક્ અને સમતોલ બુદ્ધિના પ્રતિભાશાળી વિવેચકો, ભૂતકાલમાં સર્જાયેલા સાહિત્યનું મૂલ્યાંકન કરતી વખતે, સાહિત્યકારના સમયની લાગણી, માગણી, જરૂરિયાતો તથા તેને સંતોષવાનાં સાધનો ઉપરાંત જે તે સમયનાં પરિબળો, પ્રવાહો અને ભાષાવિકાસનો પૂરતો વિચાર કરે છે અને એ રીતે તે લેખકોને તથા તેમની કૃતિઓને અલ્પાંશે પણ અન્યાય થવા દેતા નથી.[૧]

આ દૃષ્ટિએ વિચારતાં આપણા સંતોના સાહિત્યની લોકમાનસમાં અજબ પરિવર્તન કરનારી શક્તિનો સહેજે ખ્યાલ આવે તેમ છે. માત્ર ગુજરાતી ભાષામાં જ નહીં પરંતુ ભારતની ભિન્નભિન્ન પ્રાદેશિક ભાષાઓમાં – અને ખાસકરીને હિંદીમાં પણ અનેક સંતકવિઓએ તેમનો અનુભવ અને જ્ઞાનરાશિ સ્વાભાવિક રીતે પ્રકટ કરેલો છે. એ વિચારવૈભવને વ્યક્ત કરવામાં તેમને તેમની શૈક્ષણિક મર્યાદાઓ અને પ્રાદેશિક ભાષાકીય સીમાઓ અવરોધક નીવડી નથી. એ જ્ઞાનસંપન્ન આત્માની અનુભવના ઉદ્‌ગારનો – કેટલેક અંશે બોધનો – બોધ તેઓનાં હૃદયમાંથી અસંખ્ય હૃદયો પ્રતિ અવિચ્છિન્નપણે વહેતો રહ્યો છે. તેમ કરવામાં તે સંતોએ

---

૧. સરખાવો :– Dr.Johnson : 'Lives of Poets' - Dryden,Page 299.

"To judge rightly of an author, we must transport ourselves to his time, and examine what were the wants of his contemporaries, and what were his means of supplying them."

કવિપ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાનો કે સાહિત્યસર્જન વ્હેવારુ શક્ય હોય તે લૌકિક[1] પ્રયોજનો પાર પાડવાનો સ્વપ્ને પણ આશય સેવ્યો હોતો નથી. આથી જ અખા જેવા આપણા ગુજરાતી તત્ત્વજ્ઞાની કવિએ સ્પષ્ટ શબ્દોમાં વિનમ્રભાવે એકરાર કર્યો કે :

"જ્ઞાનીને કવિતા ન ગણેશ, કિરણ સૂર્યનાં કેમ વણેશ ?
શબ્દ કેરો શઢ કયમ થાય ? આકાશ તે કયમ તોળ્યું જાય ?
એવું વચન અણલિંગી તણું અખા નહીં કો પર આપણું".

સાથે સાથે તેણે લાક્ષણિક શૈલીમાં સંતસાહિત્યના પ્રધાન ઉદ્દેશ પ્રતિ ધ્યાન ખેંચતાં માર્મિક ટકોર પણ કરી કે,

"ભાષાને શું વળગે ભૂર, જે રણમાં જીતે તે શૂર ;
સંસ્કૃત બોલ્યાથી શું થયું, શું પ્રાકૃતથી નાસી ગયું ;
ભાવનનો સઘળો વિસ્તાર, અખા ભ્રેપનમો ભણે પાર."

અને એમ છતાં અખાનું ભાષાપ્રભુત્વ, શબ્દસામર્થ્ય, ઉપમાદૃષ્ટાંતો વગેરે આલંકારિક વૈભવનો વિનિયોગ કરવામાં પ્રતીત થતું બુધ્ધિનૈપુણ્ય, કેટલેક સ્થળે સુરેખ વિશદ શબ્દચિત્રો ઉપસાવવામાં અનાયાસે નિયોજાયેલું કલાકૌશલ.....વગેરેથી આપણને "દ્રીજ નેત્રની પ્રસાદી"નો વાસ્તવ પરિચય થાય છે અને આપણાથી અહોભાવપૂર્વક કહી દેવાય છે કે અખો માત્ર જ્ઞાની નથી, માત્ર સંત નથી પણ સારો કવિ છે. અખાના નિર્મલ વિપુલ સાહિત્યની ઉપકારકતા વિશે આજે બે મત છે જ નહીં – ભલે તેનું બધું જ લખાણ ઉચ્ચ સાહિત્યિક કોટિમાં મૂકી ન શકાય તો પણ.

જેવું અખાના સાહિત્ય વિશે છે તેવું જ ભારતવર્ષના મોટાભાગના સંતકવિઓના સાહિત્ય વિશે કહી શકાય તેમ છે. આ સંતકવિઓના

---

૧. काव्यं यशसेऽर्थकृते व्यवहारविदे शिवेतरक्षतये।
सद्यः परनिर्वृतये कान्तासंमिततयोपदेशयुजे ॥
(મમ્મટ : 'કાવ્યપ્રકાશ', પ્રથમ ઉલ્લાસ, ૨)

સાહિત્યસર્જન (જો "સર્જન" શબ્દ આધુનિક વિવેચનની દૃષ્ટિએ વાપરવાની છૂટ હોય તો) પાછળનો પ્રધાન હેતુ જનકલ્યાણનો જ હતો અને હોય છે.

શ્રીમન્નૃસિંહાચાર્ય પણ સંતપરંપરાના જ્ઞાની કવિઓમાંના એક છે. વિશેષમાં તેઓશ્રી આચાર્યપદે હોઇ ઉપદેશક પણ છે. આગળના પ્રકરણમાં જણાવ્યું છે તેમ તેઓશ્રી નિરંતર નિષ્કામ અને નિઃસ્પૃહી વૃત્તિના હોઇ લોકસંગ્રહ કે લોકકલ્યાણ સિવાય અન્ય કોઈ પ્રયોજન તેમની કોઈપણ પ્રવૃત્તિનું પ્રેરક બની શકતું નહીં. સાહિત્યકલાની નિર્મિતિમાંથી નિષ્પન્ન થતો સ્વાભાવિક નિજાનંદ (પછી ભલે તે "બ્રહ્માનંદ સહોદર" કોટિનો હોય) પણ તેમને માટે ઉપભોગ્ય કે અભિલષણીય પદાર્થ ન હતો ; તો પછી બુધ્ધિવિલાસ કે કલ્પનાવિહાર વગેરે સામાન્ય રાજસી હેતુઓનું આરોપણ તેઓશ્રીની લેખનપ્રવૃત્તિમાં શી રીતે સંભવી શકે ? તેમ છતાં, "વર્ગ" અને શ્રીમાન્ વિશ્વવંદ્ય વગેરે અગ્રણી સાધકોના નિમિત્તે આચાર્યશ્રીની ઋતંભરાપ્લાવિત પ્રતિભાશક્તિએ ગુજરાતને વિપુલ અને વિલક્ષણ પ્રકારનું સાહિત્યપ્રદાન કર્યું છે, એ ઓછી વિસ્મયકારક ઘટના છે ?

સાહિત્ય શબ્દની વિવિધ - પાંડિત્યપૂર્ણ - વ્યાખ્યાઓને ત્યજીને કેટલાક વિદ્વાનોએ પુરસ્કૃત કરેલી સાદી સીધી વ્યુત્પત્તિ (જો કે ભાષાશાસ્ત્રના રૂઢ અર્થમાં તેને "વ્યુત્પત્તિ" ન કહી શકાય તો પણ તેના વ્યુત્પન્ન અર્થને અનુલક્ષીને શબ્દપ્રયોગ યુક્ત લાગે છે તે રીતે) સ્વીકારીએ તો સંતોની લેખનપ્રવૃત્તિના પ્રધાન પ્રયોજનને તે સંપૂર્ણ રીતે અનુકૂળ આવે છે, એટલું જ નહીં પણ સંતોના માનસને પણ તેથી સ્પષ્ટ રીતે સમજવાની તક પૂરી પાડે છે. એ વ્યુત્પન્ન અર્થ છે : સ + હિત. "કલા માતર કલા"નો આધુનિક માનદંડ તેને સંપૂર્ણ રીતે કે અંશતઃ પણ લાગુ પડે કે ન પડે તો પણ,

સાહિત્યકૃતિ ન્યૂનાધિક અંશમાં ભાવકસમાજનું હિત સાધવાનું - સૂક્ષ્મરીતે કે અનાયાસે પણ - કાર્ય કરી શકે છે એમાં સંશય નથી. એનું એક માનસશાસ્ત્રીય કારણ એ પણ હોઇ શકે કે, સાહિત્યસર્જન એ મુખ્યત્વે માનવમનનો વ્યાપાર હોઇ તથા સાહિત્યના આસ્વાદમાં ભાવકનાં હૃદય ઉપરાંત મન-બુધ્ધિનો કરણ તરીકે વિશેષ ઉપયોગ થતો હોઇ, સંતોના સાહિત્યમાં અનુસ્યૂત રહેલા સર્વોત્તમ વિચારો અને ભાવોની પ્રતિક્રિયા સરવાળે - સમયાન્તરે અને રૂપાન્તરે - તો હિતકારક જ નીવડે એ સ્વાભાવિક છે.

આચાર્ય શ્રીમન્નૃસિંહાચાર્યજીનું સમગ્ર જીવન વિશિષ્ટ વ્યક્તિકરોથી સંપન્ન, ચારિત્ર્યવિશુધ્ધ અને સંપૂર્ણ સંયમશીલ હતું. તેઓનાં ઉપદેશવાણીમાં, વચનામૃતોમાં તથા અનેક ગ્રંથોમાં આ આંતરિક સંપત્તિનું પ્રબળ અને પ્રેરક પ્રતિબિંબ પડેલું પ્રત્યેકને જણાશે. શ્રીમન્નૃસિંહાચાર્યજી વળી વર્ગના આચાર્ય તથા સામાન્ય ઉપદેશક છે. અનેક અધિકારી સાધકોને મોક્ષ પ્રતિનો સરળ અને સર્વોત્તમ માર્ગ બતાવનારા પથદર્શક છે. ઉચ્ચજીવનાભિલાષી મનુષ્યોને વ્યવહારબોધની સાથે આત્મકલ્યાણનો બોધ પણ તેઓશ્રી પ્રત્યક્ષ ઉપદેશ દ્વારા કે ગ્રંથો દ્વારા કરે છે. આવા ઉચ્ચ કોટિના સુબોધ માટે મહાત્મા પુરુષોને શબ્દનું માધ્યમ પણ ઘણું જ દુર્બળ અને ઓછું અસરકારક જણાય છે. વળી સૂક્ષ્મ મધ્યમાવાણીથી, અધિકારીની સાથે અનધિકારી - પણ જ્ઞાન-સંસ્કારબળે ધ્યેયસિધ્ધિ માટે ઝૂઝનારા એવા - સામાન્ય સજ્જનોને સદુપદેશ કરવો તેઓને ઉચિત જણાતો નથી. આવે વખતે દુર્બળ લાગતું શબ્દનું માધ્યમ, અન્ય માધ્યમો કરતાં વધુ ચોટદાર જણાતું હોવાથી તેઓને અંતે "સાહિત્ય"નો જ સાધન તરીકે ઉપયોગ કરવો પડે છે.

આમ તેમની સર્જનપ્રક્રિયામાં જીવનસંદેશને અધિકારી વાચકો સુધી પહોંચાડવાનું એકમાત્ર ધ્યેય રહેલું હોય છે. આથી તેમના સત્ત્વશાળી સહેતુક સાહિત્યસર્જનમાં મહાપુરુષોની આંતરિક સંપત્તિનો પ્રવાહ વહેતો હોય, તે સહજ છે.

આગળ વિચાર્યું તેમ ૧૮-૧૯ વર્ષની વયમાં જ સુરતમાં પ્રાર્થનાસમાજના પ્રમુખ તરીકે કાર્ય કરતી વખતે શ્રીમન્નૃસિંહાચાર્યજીની વાગ્ધારા કાવ્યસ્વરૂપે પ્રકટ થઇ હતી. તેઓ વ્યાખ્યાન વખતે અથવા તે પૂર્વે નવાં નવાં પદો તૈયાર કરીને કુશળ કંઠથી શ્રોતાઓ સમક્ષ રજૂ કરતા અને પ્રવચનના વિષયને અનુરૂપ વાતાવરણ સર્જતા. ત્યારબાદ વડોદરામાં પ્રથમ નિલમપુરામાં, પછી કડિયાખડકીમાં તથા કાયમ માટે ખૂતડીઝાંપે (શ્રીનૃસિંહાશ્રમમાં) નિવાસ કર્યો ત્યારે અસંખ્ય ભાવિક અને જિજ્ઞાસુ લોકો સમાગમ માટે આવતા. તેમની સમક્ષ બોધવિતરણ માટે તથા સામૂહિક કીર્તન માટે પણ તેઓશ્રી વખતોવખત પદો રચતા. શરૂઆતમાં સામાન્ય અધિકારના લોકો આવતા તેમના માટે સરળ સુલભ ભાષામાં પદ્યકૃતિઓ રચાતી. પછીથી ખાસ કરીને શ્રી છોટાલાલ માસ્તર સાહેબના આગમન અને વર્ગવિકાસ પછીથી જ્ઞાનસંસ્કારસંપન્ન સુશિક્ષિત અધિકારી સાધકોનો સમુદાય વિસ્તૃત બનતો ગયો અને એ રીતે પ્રસંગોપાત્ત રચાતાં - પ્રકટ થતાં પદોની ગુણવત્તા અને સંખ્યા પણ વૃધ્ધિ પામતી ગઇ.

તેઓશ્રીનાં સર્વ પદોનો સમાવેશ ત્રણ ગ્રંથોમાં થયેલો છે અને તે "શ્રીનૃસિંહવાણીવિલાસ" પુસ્તક ૧, ૨ અને ૩ એ નામે પ્રસિધ્ધ થયેલ છે. પ્રારંભનાં પદો ઘણાંખરાં પ્રથમ ભાગમાં સંગૃહીત થયેલાં છે. પુનઃ એકવાર નોંધીએ કે વેદોપનિષદ્ અને આર્ષશાસ્ત્રોની ઉજ્જવલ દીવાદાંડી રૂપ આચાર્યશ્રીની

સાહિત્યકૃતિઓમાં, બ્રહ્મવિદ્યાનું સનાતન સંસ્કૃતિને અનુરૂપ છતાં સાંપ્રત સમયને અનુકૂળ આવે એવું નિરૂપણ કરવા ઉપરાંત મનુષ્યમાત્રના અભ્યુદય અને નિઃશ્રેયસને સાધવનારા ઉત્થાન-માર્ગોનું ગૌરવાન્વિત હૃદયંગમ શૈલીમાં વિસ્તારપૂર્વક વિવેચન કરવામાં આવ્યું છે. તેમાં શ્રીનૃસિંહવાણીવિલાસની કવિતામાં તો બ્રહ્મનિષ્ઠ આચાર્યશ્રીના તત્ત્વદર્શનનો અદ્‌ભુત અને રમ્ય રણકાર સંભળાય છે. આથી આપણે શ્રીનૃસિંહવાણીવિલાસના પદ્યવિવેચન દ્વારા જ કર્તાશ્રીની તત્ત્વધારાનો પણ સમ્યક્ પરિચય પામવા પ્રયત્ન કરીશું. વિશેષ પૂર્તિ તો તેમના વિશાળ ગદ્યસાહિત્યની સમાલોચના વખતે કરીશું તો યોગ્ય થશે.

....

આપણે આગળ જોઇ ગયા છીએ કે સુરતમાં પ્રાર્થનાસમાજની પ્રવૃત્તિમાં ભાગ લેતા તે સમયથી જ શ્રી નરસિંહરામ (પછીથી શ્રીમન્નૃસિંહાચાર્ય) કાવ્યરચના કરતા. વડોદરા પાસે નિઝામપુરામાં નિવાસ કર્યા પછી તો તેમનો શ્રોતૃવર્ગ વિસ્તૃત બન્યો. જિજ્ઞાસુ અને ભાવિક જનતા સમક્ષ તેઓશ્રી કીર્તનકથા કરતા. આથી તેમની સ્વૈખનપ્રવૃત્તિને ઠીક ઠીક વેગ મળ્યો અને એ રીતે જે પદો અથવા પદ્યકૃતિઓ રચાતાં ગયાં તેનો સંગ્રહ "શ્રીનૃસિંહવાણીવિલાસ" એ નામથી ઇ.સ. ૧૮૮૦માં પ્રસિધ્ધ કરવામાં આવ્યો. પછી તો વર્ગની સ્થાપના અને "મહાકાલ" આદિ માસિકોની પ્રસિધ્ધિ થતાં મોટી સંખ્યામાં પદો રચાતાં ગયાં. એ સર્વનો સમાવેશ "શ્રીનૃસિંહવાણીવિલાસ" ભાગ ૧-૨-૩માં કરેલો છે.

શ્રીનૃસિંહવાણીવિલાસનાં કાવ્યોની એક વિશિષ્ટતા એ છે કે, તેનાં કાવ્યો (૧) ગુજરાતી (૨) હિંદી અને (૩) મિશ્ર ભાષામાં છે. વળી મોટા ભાગનાં પદો તો ગેય છે છતાં અક્ષરમેળ અને શબ્દમેળ છંદોમાં કરેલી રચનાઓની સંખ્યા પણ ધ્યાનપાત્ર છે.

ત્રણેય પુસ્તકોમાં થઇને લગભગ ૬૦૦ ઉપર કાવ્યો છે. તે પૈકી પ્રથમભાગમાં ગુજરાતી અને હિંદી મળીને ૧૨૬ પદો છે ; બીજા ભાગમાં ગુજરાતીમાં ૧૭૪ અને (મિશ્ર) હિંદીભાષામાં ૮૬ કાવ્યો છે. ત્રીજા ભાગમાં ગુજરાતીમાં ૧૪૫ અને મિશ્રભાષામાં માત્ર ૧૦ કાવ્યો છે.

કેટલાક પ્રસંગવશાત્ લખાયેલાં કાવ્યો છે. કેટલાક પહેલાંથી બોધપ્રધાન કાવ્યો છે. ભિન્નભિન્ન ભૂમિકાના સાધકોના હિતની દૃષ્ટિએ તેમાં વિષયનું નિરૂપણ થયેલું છે. વિષય અને સ્વરૂપની તથા બહિરંગ દૃષ્ટિએ વિચારતાં તેમાં સારું એવું વૈવિધ્ય જોવા મળે છે. પ્રબોધનું સળંગ સૂત્ર તો તત્ત્વજ્ઞાન અને તેને સંબંધકર્તા ભક્તિ, જ્ઞાન, યોગ આદિ વિષયક હોય એ સ્વાભાવિક છે. છતાં જુદાજુદા ઢાળ-રાગમાં, તે સમયે પ્રચલિત લાવણી, ગરબી વગેરે પદાવલિમાં, શામળ દયારામ કે દલપત વગેરે પુરોગામી કવિઓએ યોજેલ કક્કાવાર, બારમાસી, પ્રભાતિયાં, ધોળ, છપ્પા, દોહરા, સોરઠા, ચોપાઇ, ચાબખા, સાખી, ઝૂલણા વગેરે પ્રકારની રચનાઓમાં અને અનેકવિધ વૃત્તોમાં, સ્તુતિ, પ્રાર્થના, આરતી, થાળનાં પદોમાં, અને "કટાક્ષ" જેવી વિલક્ષણ કોટિની શોધપ્રેરક રચનાઓમાં... થતું પ્રકટીકરણ વાચક કે શ્રોતાના હૃદયને આનંદ-બોધથી ભીંજવે છે એટલું જ નહીં પણ કાવ્યના ઉચ્ચ ભાવવિચાર સાથે અધિકારાનુસાર તદ્રૂપતા (એકલીનતા) સધાવી ચિત્તને સંસ્કારોજ્જવલ કરી મૂકે છે. આમ થવામાં ભાષાની પ્રાસાદિકતા, સરળતા અને મધુરતાનો ફાળો નાનોસૂનો નથી.

....

શ્રીશ્રેયસ્સાધક અધિકારી વર્ગના સમસ્ત સાહિત્યનો તથા તેના કેન્દ્રસ્વરૂપ શ્રીમન્નૃસિંહાચાર્યજીના તત્ત્વદર્શનનો મુખ્ય ઝોક - કેટલાક નાના નાના મુદ્દાઓના આંશિક ભેદના અપવાદ સિવાય -

શ્રી શંકરાચાર્ય પ્રતિપાદિત કેવલાદ્વૈત તરફનો છે. શંકર વેદાંતમતની વર્ગના અનુયાયીઓની અચલ શ્રધ્ધા, વર્ગ વ્હેારા પ્રસિધ્ધ થયેલા વિશાળ સાહિત્યમાં પ્રતિબિમ્બિત થયેલી જોવા મળે છે. આ ગગનગહન શુષ્ક લાગતા વેદાંતજ્ઞાનને, શ્રીમન્નૃસિંહાચાર્યજીએ જિજ્ઞાસુ ભાવિકો અને સાધકો માટે નૃસિંહવાણી વિલાસનાં પધોમાં સરળ પ્રવાહી શૈલીમાં વહેતું મૂકયું છે. તદનુસાર આચાર્યકવિશ્રી, અણુઅણુમાં ઘટઘટમાં ચરાચર બ્રહ્માંડમાં વ્યાપી વિલસી રહેલા પરમ બ્રહ્મતત્ત્વનો સર્વદા જયજયકાર ગાય છે.

"જય જય જય પૂર્ણ બ્રહ્મ પરાત્પર, અગમ અકળ અવિનાશી રે ;
યોગી યોગકળા કરી ઈચ્છે, તવપદ જે સુખરાશિરે. જય૦ ટેક.

યદ્યપિ છે તું અગોચર તો પણ અનુભવી જન અવલોકે રે ;
આપ ટળી, સર્વે સ્થળ તું તે માન્યું અહં કોકે રે. જય૦ ૧

અકથ્યણા કરુણા કલ્પિત છે, જયાં નહિ ભાવ અભાવ રે ;
હું તું મુકત ને બધ્ધ કલ્પના, ત્યાં ન જગત્સદ્ભાવ રે. જય૦ ૨

જ્વ લગી હું, તવ લગી તું નિશ્ચય, અવર આળપંપાળ રે ;
કથન છૂટે જવ કલેશ મીટે તવ છૂટે સકળ જંજાળ રે. જય૦ ૩

અન્ય ન ત્યાં, તું હું વિણ છાજે સંશય ત્યાં ન સુહાયે રે ;
નરસિંહ જે અનુભવી પદ ઈચ્છે, લક્ષે અગમ ગુહાયે રે. જય૦ ૪

: શ્રીનૃસિંહવાણી વિલાસ પુ. ૨, પૃ.૪[૧]:

---

૧. સરખાવો :- અખાના સર્વોત્તમ પદની પંકિતઓ :

"અભિનવો આનંદ આજ : અગોચર ગોચર થયું એ.
પ્રપંચપાર મહારાજ - તે પૂર્ણબ્રહ્મ સ્તવું હું એ.
હરિહર અજ ભુવનેશ - તે તણો ઈશ અબપતિ એ:
તે અંગે બણ્યો ઈશ, જેને ગાય નિત્ય શ્રુતિ એ."

{અખેગીતા - કડવું ૧૦, પૃ.૫૨, સંપાદકો }

વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અને વ્રજરાય દેસાઇ :

આ एकमेवाद्वितीयं ब्रह्म શુધ્ધ ચૈતન્ય પરમાત્મા નિરંજન નિરાકાર, એક અદ્વિતીય, અમયાનંદ અગોચર અને અનાદિ અનંત છે. અવિરત પ્રવાહશીલ ભાસતા વિશ્વના વિવિધ અસંખ્ય વિકારશીલ વ્યતિકરોની પાછળ જે એક અપરિવર્તનશીલ પરમ પદાર્થ – તત્ત્વરૂપે – રહેલો છે તે સદા એકરૂપ અવિકૃત સત્યસ્વરૂપ છે. તેને જ જગદ્‌ગુરુ શંકરાચાર્યે सत्यस्य सत्यम् રૂપે વર્ણવી અન્ય સર્વમાં મિથ્યાત્વનું આરોપણ કર્યું છે. કેવલાદ્વૈતની તાત્ત્વિક ભૂમિકાનો ઉપર્યુક્ત પદમાં સુંદર સરળ શબ્દોમાં નિર્દેશ થયેલો છે. વ્યષ્ટિસમષ્ટિના અંતરવાહ્યમાં સ્વયંસિધ્ધ નિરુપાધિક અને અબાધિત સત્તારૂપે પ્રકાશી રહેલા આ ચૈતન્યતત્ત્વને કોઇ પ્રમેય-પ્રમાતા, જ્ઞેય-જ્ઞાતા કે કર્મ-કર્તાની દ્વૈતોપાધિ હોવી સંભવતી જ નથી. પરંતુ અવિદ્યા-માયા દ્વારા થતા અધ્યારોપ કે આભાસ આદિની અંતઃકરણને ઉપાધિ લાગતાં તે જ્ઞાતાકર્તા ભોકતા વગેરેના ગુણધર્મોપેત જીવત્વને ધારણ કરે છે..... અને "સંસાર"માં સરતો રહે છે !....પરિણામે પોતે નિત્યાનંદ-મહોદધિનું મોજું હોવા છતાં દુઃખાદિનો અનુભવ કરે છે !

આ વિશ્વ તો આનંદઘન પરમ તત્ત્વનો આવિષ્કાર છે અથવા એ આનંદથી અભિન્ન નથી. પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણે જીવ અને જગતનો સંબંધ ઉપસ્થિત થવાથી, આત્યન્તિક અદ્વૈતની અનુભૂતિ પર્યંત, જીવમાત્ર વિવિધ પ્રકારના કલેશાદિનો અનુભવ કરતો જ રહે છે. સમસ્ત સંસારનાં સઘળાં પ્રાણીઓ આ દુઃખથી દૂર રહેવાનો અથવા તો દુઃખને દૂર કરવાનો પ્રયત્ન કર્યાં કરે છે. સૃષ્ટિ નિર્માણ થઇ ; તેમાં નિવાસ કરનાર ભૂતપ્રાણીઓ ઉત્પન્ન થયાં ; તે સર્વનો અધિપતિ ભોકતા મનુષ્ય – એક વિશિષ્ટ પ્રાણી – જીવનસ્વામી બન્યો. ત્યારથી પૃથ્વી પરના જીવમાત્રનું અંતિમ ધ્યેય સુખપ્રાપ્તિ બન્યું છે. મનુષ્યની ઐહિક-આમુષ્મિક નાનીમોટી

પ્રત્યેક પ્રકારની પ્રવૃત્તિનું પ્રયોજન દુઃખનિવૃત્તિ અને સુખસિધ્ધિ હોય છે. અપ્રાપ્તની પ્રાપ્તિ અને પ્રાપ્તસુખનું સંવર્ધન કે સંરક્ષણ – આ બે યોગ-ક્ષેમ માં માનવજીવનનો સારાંશ સમાઇ જાય છે. પરંતુ ત્રિવિધ તાપથી દગ્ધ, આ સંસારરૂપી મરુભૂમિમાં આમતેમ અટવાતો માનવમૃગલો સુખરૂપી મરીચિકાને મેળવવાની વ્યર્થ આશામાં ને આશામાં જ પોતાનું સઘળું સામર્થ્ય વેડફી દેતો હોય છે. અનેકવિધ પ્રયત્નોમાં રત રહેવા છતાં તેને સાચા સુખની ઉપલબ્ધિ તો થતી નથી પરંતુ તેનો પગ વધુ અને વધુ દુઃખના કાદવમાં ખરડાતો જાય છે. તેનું કારણ શાસ્ત્રકારોએ વાસ્તવસુખનો સ્વભાવ તથા તેની પ્રાપ્તિની યોગ્ય દિશા સંબંધીનું જીવમાત્રનું અજ્ઞાન હોવાનું દર્શાવ્યું છે.

"શ્રીનૃસિંહવાણીવિલાસ" પુસ્તક ૨ માં પૃ. ૧૯૬ થી ૨૧૬ પર લગભગ ૫૦૦ લીટીમાં કવિશ્રીએ શામળશૈલીને અનુસરતા છપ્પામાં બોધવિતરણ કર્યું છે. તેમાં તેઓશ્રીએ સુખમીમાંસાથી શરૂકરીને જીવનો સ્વભાવ, તેની વિવિધ પ્રવૃત્તિઓ વગેરેનું માર્મિક – કેટલેક સ્થળે કટાક્ષમય શૈલીમાં – નિરૂપણ કરેલું છે.

"વિવિધ પદાર્થો વડે, જનો સુખદુઃખને સેવે,
પણ ના જાણે સુખ, મળે ઉધમથી કેવે,
ના જાણે જગજન વાસ્તવે, શી વસ્તુમાં સુખ વસે.
નૃસિંહ પણ જાણે સકલ, સુખ મેળવવા ધસમસે."

:શ્રીનૃસિંહવાણીવિલાસ, પુ. ૨, પૃ. ૨૦૦ :

પામર વિષયી અને મુમુક્ષુઓ :અને છેવટે જીવનમુક્તિના સુખ માટે મુક્ત પુરુષ પણ : "જગને સુખની ખાણ" ગણી સામાજિક, આર્થિક, વ્યાવહારિક, ધાર્મિક અને કહેવાતા આધ્યાત્મિક ક્ષેત્રે વિવિધ પ્રકારના અવિહિત પ્રયત્નો અને પ્રયોગોમાં કેવીરીતે પરાયણ રહે છે અને પરિણામે ત્રિવિધ તાપમાં શેકાયા કરે છે, એનું

તાત્ત્વિક પણ સરળ રીતે વર્ણન કરેલું છે. તે નિરૂપણમાં તત્કાલીન સમાજનું પ્રતિબિંબ પણ જોવા મળે છે.

શ્રીમન્નૃસિંહાચાર્યજી તેમનાં પધોમાં અનેક સ્થળે જીવત્વને અથવા જીવત્વની મર્યાદા સુધી સ્થાન જમાવી બેઠેલા અજ્ઞાનને દૂર કરવા – "ક્લેશને કાપવા" – જણાવે છે. ઇષ્ટગુરુ પ્રતિ પ્રાર્થના હોય, સાધક પ્રતિ ઉદ્‌બોધન હોય કે મન પ્રતિ બોધવચન હોય, પરંતુ તે સર્વમાં ક્લેશનિર્મૂલન માટે અવિદ્યાદિના મૂળ કારણ જીવત્વના લોપની આવશ્યકતા તેઓશ્રી સ્વીકારે છે. પરમાત્મસત્તા પ્રતિ ઉચ્ચારેલા પ્રાર્થનાવચનમાં તો અવતારની સફળતા જ તેમાં હોવાનું જણાવ્યું છે.

"નૃસિંહ નિર્મળ સાધક હૃદયે, પ્રકટ હજો દાતાર ;
કાપી ક્લેશ સકળ જીવપદના, સફળ કરો અવતાર".

(નૃ.વા.વિ., પુ.૨, પૃ.૧)

સદ્‌ગુરુપદનું ગૌરવગાન ગાતા પદમાં પણ એ જ ભાવ વર્ણવાયો છે કે,

"જે સ્વરૂપે જઇ ઢળતા સઘળા, ક્લેશ સમૂલ શમાય".

(નૃ.વા.વિ., પુ.૩, પૃ.૧)

શરણાગત ભક્ત, સાધકો પણ એ જ વર યાચે છે કે,

"આ ક્લેશ સમૂળા ટાળો રે, સદ્‌ગુરુ અંતર્યામી,
આ ત્રિવિધિ તાપ દુઃખ ન્યાળો રે, ભવભયહર્તા સ્વામી".

(નૃ.વા.વિ., પુ.૨, પૃ.૫૧)

અથવા,

"ક્લેશ સમૂલ શમાવો, હો સાચી ભક્તિ".

(નૃ.વા.વિ., પુ.૩, પૃ.૫૩)

એક પદમાં કવિ સ્પષ્ટ કહે છે કે,

"જીવત્વ આ સઉ દુઃખનું મૂળ છે, કાં જે રહે અજ્ઞાન".

(નૂ. વા. વિ., પુ. ૩, પૃ. ૨૨)

કારણકે,

"અજ્ઞાની જન આથડી જગતમાં સંકટો સહાય રે".[૧]

(નૂ. વા. વિ., પુ. ૩, પૃ. ૫)

તેથી કલેશનિવૃત્તિમાં જ્ઞાનસમજની અનિવાર્યતા માટે આચર્યશ્રીએ પદોનાં પદો લખેલાં છે. કેટલીક કાવ્યમય પંક્તિઓ જોઈએ :

"જ્ઞાન ગ્રહ્યા વિના દુઃખ અંત ના'વે."

(નૂ. વા. વિ., પુ. ૧, પૃ. ૧૩૮)

---

૧. "કરો સકળ કલેશ સંહાર, સદ્‌ગુરુરાયા રે ;
જેથી વામું હું ભવભયભાર, સદ્‌ગુરુરાયા રે."

(નૂ. વા. વિ., પૃ. ૧)

"ગુરુ કરો કલેશથી દૂર, મેહેર કરાંવો ;
ફરી ના'વે વારવાર, સમય કહી આવો."

(નૂ. વા. વિ., પૃ. ૧૬)

"હેશ મુખ્ય છે બે જ, બહિર ને અંતર જોતાં,
સુખ સાચું કયાં હોય, શાંતિ જન નિજ બળ ખોતાં,
ખોળે જગજન બહિર, વિવેકી અંતર ખોળે,
કો શાણા સુખ કાજ, ઉભય સ્થળમાં અતિ ડોળે.
પણ સુખનું કારણ શોધીને, સુખસ્વરૂપ કોક જ થતા,
ભ્રમી અન્ય અધમ આ લોકથી, બાસ અધોગતિએ જતા."

(નૂ. વા. વિ., પુ. ૩, પૃ. ૧૪૧)

"જ્ઞાન વિના હે યાર, નથી કંઇ સાર, જુઓ આ જગમાં."

(નૃ.વા.વિ., પુ.૧, પૃ.૧૪૩)

તેજ પદમાં,

"અંતરથી ટળે અજ્ઞાન, તવ થાય સ્વરૂપનું ભાન,
ત્યાં નહિ ધ્યેય ધ્યાતા ધ્યાન, કોઇ વિરલા ધરતા કાન."

(ભજન)

તેમ જ,

"વિન જ્ઞાન ન કહુ સુખ પાયો હો, (૨)"[1]

(નૃ.વા.વિ., પુ.૨, પૃ.૧૫૪)

આમ, વેદપુરાણાદિ શાસ્ત્રોમાં તથા દર્શનગ્રન્થોમાં જે જ્યોતિર્મય જ્ઞાનતત્ત્વનો વિસ્તાર કરવામાં આવ્યો છે તે જ આ અજ્ઞાનરૂપી નિવૃત્તિનો સાધક છે. ભગવદ્ગીતાનું પણ પ્રમાણ છે :

सर्वं ज्ञानप्लवेनैव वृजिनं संतरिष्यसि ॥

તથા

ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा ॥[2]

તે જ પરમાર્થપ્રવણ ઋષિમુનિઓએ સર્જેલા જ્ઞાનમહોદધિનું દોહન કરીને, સમય સમય પર થઇ ગયેલા આચાર્યો અને અન્ય શિષ્ટ પુરુષોએ જગજ્જનોને સરળતાથી સમજાય તે હેતુથી મોક્તિકમણિની માળાઓ સમાં ભાષ્યો, વાર્તિકો અને વિવિધ ઉપદેશગ્રન્થોનાં સર્જન કર્યાં; એટલું જ નહીં પણ પ્રત્યક્ષ બોધ અને આચરણ દ્વારા, અવિદ્યાજનિત ક્લેશના નિર્મૂલનના સત્કાર્યનો

---

૧. "જ્ઞાન વિના નહિ મુક્ત કો, માટે ઉત્તમ એહ,
જ્ઞાનવાનને ધન્ય છે, (જો) જાણ્યું આપ વિદેહ."

(નૃ.વા.વિ., પુ.૧, પૃ.૧૬)

૨. શ્રી ભ૦ગીતા, ૪, ૩૬-૩૭

વિસ્તાર કર્યો. આચાર્ય મહાપુરુષોએ રચેલા સદ્ગ્રન્થોમાં, શ્રુતિસ્મૃતિ પ્રતિપાદિત ગૂઢ સિધ્ધાંતોના રહસ્યની સરળ સમજૂતી ઉપરાંત, અબોધાવરણ દૂર કરવામાં વ્યાવહારિક (Practical)સાધનોનો સદુપદેશ પણ સ્પષ્ટપણે કરવામાં આવેલો છે. જો કે વ્યક્તિ અને સમયના ભેદે કરીને, પૃથક્ પૃથક્ પધ્ધતિઓમાં પ્રવેશેલી સ્વાભાવિક ભિન્નતા અનુસાર, - મૂળ વૃક્ષમાંથી વિવિધ શાખાઓ ફૂટે, પાંગરે તથા તેમાંથી કેટલીક કરમાઇ કે કચડાઇને જીર્ણ-શીર્ણ પણ થઇ જાય, કેટલીક નવીન અંકુરોને જન્મ પણ આપે તેમ - વર્તમાન અનેક પક્ષવિપક્ષોની ઉપસ્થિતિ અર્થે વિવિધ મતમતાંતર ધરાવતી અસંખ્ય સંપ્રદાય - શાખાઓ, તેમ જ સ્વતંત્ર હોવાનો આભાસ કરતી-કરાવતી સંસ્થાઓ પ્રકટી અને પોષણ પણ પામી. તેમાંથી માત્રિક નિયમાનુસાર, ખંડનમંડનપ્રવૃત્તિઓને પણ સારો વેગ મળ્યો, - એ સઘળો ઈતિહાસ આપણે સારી પેઠે જાણીએ છીએ. છતાં આદિ ભિંગના વિશેષ - સવિશેષ સ્પષ્ટીકરણના પ્રયોજનના પરિણામ રૂપે જ આ સઘળો ભિન્નભિન્ન ભાસતો છતાં - શ્રીમન્નૃસિંહાચાર્યજી તેમના ગ્રંથોમાં વર્ણવે છે તેમ - એક જ મૂળમાં આરંભ અને લય પામતો વિસ્તાર હોઈ, આપણને સામાન્ય સંસારીજનોને તો તે લાભદાયી છે એમ સ્વીકાર્યા વિના ચાલે તેમ નથી.

આચાર્યશ્રીએ પણ દુઃખવિહારક આત્મજ્ઞાનથી સાધ્ય અન્તિમ ધ્યેય - આત્યન્તિક મુક્તિનું કૈવલ્યપદ - પ્રાપ્ત કરાવવાના સદ્ઉદ્દેશથી જ, "અધિકારી", "વીર", "સુધીર", "શાણા", "સુજ્ઞ", વગેરે જિજ્ઞાસુ મુમુક્ષુઓને સંબોધી, આત્મદૃષ્ટિથી તત્ત્વોપદેશ કર્યો છે. તે પરમપદને પ્રાપ્ત કરાવનાર શાસ્ત્રનિર્દિષ્ટ સાધનોનો ઉલ્લેખ કરતાં, આચાર્યશ્રીએ તે સાધનોનો દુરુપયોગ કરનારાં પ્રપંચપોષક વંચક તત્ત્વોની પણ ચોખ્ખા શબ્દોમાં

નિખાલસતાથી ઝાટકણી કાઢી છે. સમાજને અધોગતિમાં ઘસડી જનાર અનાચાર અને પાખંડ-પ્રવૃત્તિઓનાં કટાક્ષમય વર્ણનો કવિશ્રીએ તાદેશતાથી કર્યાં છે. આ સંબંધનાં ઉદાહરણોને યોગ્ય સ્થળે વિચારીશું.

દુઃખપ્રધાન વિશ્વપ્રપંચના દુઃખનું કારણ જાણ્યા પછી, તેની નિવૃત્તિનો ઉપાય અને તે ઉપાય સાધવાનાં સાધનો તથા યોગ્ય રીતિ સંબંધી માહિતી મેળવી તે પ્રમાણે ઉપચાર કરવા જોઈએ. કલેશના હેતુરૂપ અજ્ઞાનને દૂર કરવાનો સર્વોત્તમ ઉપાય "જ્ઞાન" છે. આ જ્ઞાન તે સામાન્ય જ્ઞાન information અથવા instruction નહીં પરંતુ વાસ્તવ અથવા સમ્યક્‌જ્ઞાન છે. અને એવા જ્ઞાનની સિધ્ધિ વિશુધ્ધ "વિચાર" વિના શક્ય નથી. પુસ્તકોનું પરિશીલન, પ્રવચન કે અધ્યયન આદિથી પ્રાપ્ત થતું જ્ઞાન જીવને પ્રકૃતિની પરિસીમાથી પર કે પાર લઈ જવાને અસમર્થ નીવડે છે. એટલું જ નહીં પણ તે કલેશની નિવૃત્તિ કરવાને બદલે અભિવૃધ્ધિ કરે છે – કરાવે છે. એવું જ્ઞાન – વાચિક કે પુસ્તકિયા જ્ઞાન – યથાર્થ અનુભવજ્ઞાન નથી પણ બુધ્ધિનો વિલાસ કે તર્કવિહાર હોય છે ; અને તે કલેશની આત્યન્તિક નિવૃત્તિની પ્રાપ્તિના પ્રમુખ સાધન "સત્ય સાક્ષાત્ જ્ઞાન"ની ગરજ સારતું નથી. તે માટે કવિશ્રી કહે છે :

"એથી ન મટતો ખેદ, મનનો, એથી ન મટતો ખેદ.
અષ્ટ વિકૃતિ સહ ભણીએ પાઠે, સ્વરસહ સઘળા વેદ, મનનો.
શાસ્ત્ર સકળ જિહ્વાગ્રે કરીએ, કરી શ્રમ આણી સ્વેદ, મનનો."

{ નૃ. વા. વિ., ખં. ૩, પૃ. ૬૫ }

અનુકૂળ મનમતિ વડે કરાવેલા શાસ્ત્રાદિના અભ્યાસની ચિત્તશુધ્ધિના સાધન તરીકેની ઉપયોગિતાનો આચાર્યશ્રી ઇન્કાર કરતા નથી. બલ્કે પરમાનંદની પ્રાપ્તિની સાધનસીડીમાં તો અધ્યયન એ અત્યંત ઉપકારક સાધન મનાયું છે. પરંતુ અપવર્ગના અથવા આનંદપ્રાપ્તિના કે અપરોક્ષજ્ઞાનના સાક્ષાત્ સાધન તરીકે તે અકિંચિત્કર નીવડે છે. તેનાથી દ્વૈત-ભ્રમનો ઉચ્છેદ થતો નથી. તેથી ગુરુ-પ્રભુપદમાં પ્રીતિપૂર્વક શરણ લઇ - ભલે પછી અધ્યયનસાધનની સહાયની દરકાર કરવામાં આવે કે ન આવે,

"નૃસિંહ પ્રભુપદ પ્રીતિ વધારો, ભ્રમનો કરી ઉચ્છેદ,
મનનો તેથી મટશે ભેદ.
જ્ઞાને મટશે ભેદ, મનનો, જ્ઞાને મટશે ભેદ."

{ નૃ. વા. વિ., પુ. ૩, પૃ. ૬૫ }

આ જ્ઞાન કે વિચારોનો વિષય સમગ્ર દૃશ્ય બાહ્ય જગત નહીં પરંતુ બાહ્ય વિશ્વના અણુએ અણુમાં વ્યાપ્ત અને મનુષ્યમાત્રનો અન્તર્હિત આત્મા છે. એટલે કે આત્મવિચાર, આત્મજ્ઞાન એ જ્ઞાનનો સત્ય વિષય છે. આ સ્વસ્વરૂપાવબોધ (Know Thyself) આત્મ કે વસ્તુ-વિચારના સ્વરૂપનું સંક્ષિપ્ત પણ સુરેખ ચિત્ર જગદ્‌ગુરુશ્રીશંકરાચાર્યજીએ બે જ શ્લોકમાં આપ્યું છે.

કોઽયં કથમિદં જાતં કો વૈ કર્તાસ્ય વિદ્યતે ।
કુપાદાનં કિમસ્તીહ, વિચાર: સોઽયમીદૃશ: ॥

તથા,

નાહં ભૂતમણો દેહો, નાહં ચાક્ષમનસ્તથા ।
ઇત્યન્વિલક્ષણ: કશ્ચિદ્ વિચાર: સોઽયમીદૃશ: ॥

હું કોણ ? કયાંથી અને શા માટે અહીં આવ્યો ? પ્રયોજન શું ? એ પ્રયોજનની સિધ્ધિ શી રીતે થાય ? જગત તેની ઉત્પત્તિ,

---

૧. વાક્યવૃત્તિ:, શ્લોક ૨૨-૨૩.

શાથી ? ક્યાંથી ? કેવી રીતે ? તેની સ્થિતિ-ગતિ શી ? તેનો વિકાસ અને લય એટલે શું ? હું અહીં જગતમાં આવ્યો તે નિરંતર રહેવા માટે ? જન્મ, જરા અને મૃત્યુ તથા તે પછી શું ? પુનર્જન્મ એટલે ? જન્મ-પુનર્જન્મના ચક્રનો અંત ખરો ? કેવી રીતે ? આ સર્વનું નિયંત્રણ કરનાર કોઇ નિયામક સત્તા ખરી ?..... આવા આવા અનેક જટિલ જણાતા પરંતુ સ્વાભાવિક સ્ફુરતા પ્રશ્નોના ઉત્તર અને એવા વિષયોની વિચારણા કે અનુભવના જ્ઞાનને આત્મજ્ઞાન, તત્ત્વજ્ઞાન, વસ્તુજ્ઞાન કે વસ્તુવિચાર કહેવામાં આવે છે. શ્રીમન્નૃસિંહાચાર્યજી અનેક પદોમાં જણાવે છે કે,

"જીવ આત્મસ્વરૂપમાં ન જાગે રે હરિ"
ત્યાંસુધી "ભવદુઃખ નવ ભાગે જી."

એ આત્મસ્વરૂપનું વર્ણન કવિશ્રીએ અનેક પદમાં કર્યું છે. જેની "ગતિ ગુહ્ય તે, સમજવી કઠિન છે", એવા મનવાણીથી પર આત્મસ્વરૂપનું સુંદર શબ્દચિત્ર કવિએ એક પ્રભાત-પદમાં અંકિત કર્યું છે, તેમાં વ્યતિરેક પધ્ધતિ અપનાવાઈ છે :

"છે, એક કે બે કહો, એક ને બે નહિ,
તે નહિ હું, તું ન કોઈ ;
શૂન્ય કે સ્થૂળ છે, શૂન્ય ને સ્થૂળ નહિ,
આપમાં આપ છે આપ સોઈ.

મૂળ કે ડાળ એ, ડાળને મૂળ નહિ,
એક સર્વાંગ આપે જ જાણો ;
જીવ કે બ્રહ્મ એ, જીવ ને બ્રહ્મ નહિ,
ઉભયતા ટાળીને આપ નાણો.

છે કશું કે નહિ, છે કંઈ છે નહિ.
એક કહે તો વળી, દ્વૈતદ્વૈત ભાસે,
આદિ કહે તો વળી, અંત આવે તહીં,
આદિને અંત નહિ મધ્ય પાસે."

{ નૃ.વા.વિ., પુ.૧, પૃ.૬૬ }

તેથી કવિ આ અનુભવગમ્ય વસ્તુને અવર્ણનીય હોવાનું જણાવે છે કે,

"આત્મરૂપને કહો કેમ કરી વર્ણીયે
અકથ એ વસ્તુનો ભેદ ભાઈ;
મિષ્ટ કટુ સ્વાદ તે મુનિ વદ કહી શકે,
પ્રસન્ન થાએ સદા આપ માઈ."

{ભજન}

પણ આવો આત્મવિચાર અલ્પજ્ઞ જીવાત્માથી સિધ્ધ થવો સરળ નથી. તેથી આત્મવિચારના જ્ઞાતા અનુભવી સંતો મહાપુરુષો તથા ગુરુ-આત્માને (macrocosm) આત્મવિચાર (microcosm) થી અભિન્નભાવે ઓળખી બેઠેલા આચાર્યપુરુષોની પાસેથી આ આત્મતત્ત્વને પ્રાપ્ત કરવાની અગત્ય શાસ્ત્રોએ દર્શાવી છે. તેમનાં બોધક વચનામૃતોમાં, તેમના અનુગ્રહપ્રદાનમાં, આત્મવિચાર વહાવનારા આત્મજ્ઞાન {સ્વસ્વરૂપજ્ઞાન} કરાવવાની અદ્‌ભુત શક્તિ રહેલી હોય છે. મહાનુભાવ સત્પુરુષોના સાક્ષાત્ ચરિત્રમાં જ - -વિના ઉપદેશે પણ - આત્મજ્ઞાનના રહસ્યનો સત્ય ઉકેલ કરાવવાનું સામર્થ્ય હોય છે. મતલબ કે, સંત-ગુરુઓનાં જીવન અને વાણીના વ્યવહારમાંથી જ આત્મજ્ઞાનના જિજ્ઞાસુઓને યથાર્થ માર્ગદર્શન મળી આવે છે.

શ્રીમન્નૃસિંહાચાર્યજી પોતે સનાતન ધર્મના સાચા સ્વરૂપના ઉપદેષ્ટા હોઈ આર્યસંસ્કૃતિના પ્રવર્તક અને પોષક સિધ્ધાંતોનું જ સમર્થન કરનારી તત્ત્વવિચારસરણી રજૂ કરે એ સ્વાભાવિક છે. તદનુસાર તેઓશ્રીએ, ચરમ લક્ષ્ય તરીકે, વેદોએ સાંકેતિક ઈંગિતથી - વ્યતિરેક રીતિથી अनन्यावृत्ति રૂપે વર્ણવેલા પરમતત્ત્વની જ પર્યેષણા પ્રમુખપણે કરી છે. શ્રુતિ કહે છે: यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह[1] એ ન્યાયે એ અનિર્વચનીય પરમ પદનું

---

૧. તૈત્તરીય ઉપનિષદ્, ૨, ૩.

સાંકેતિક વર્ણન કરતાં પણ સંકોચ અનુભવે છે,

"એક અખંડ પરબ્રહ્મ અનહદ હૈ, જો ધનીસૌં સબી ખલ્ક હોઈ,
કહે નરસિંહ એ નામકા નાશ હૈ એક અવિનાશ હૈ બ્રહ્મ સોઈ." [૧]

(નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૫૩)

એ અગોચર છતાં, અનુભવી જનથી અવલોકાતા પદનો કવિએ એક પ્રભાત-પદમાં જે જયજયકાર ગાયો છે તે આપણે પાન ૧૬૭ ઉપર જોઈ ગયા છીએ. એ સર્વોચ્ચ પદની સ્થિતિના અનુભવમાં કેવા અભેદભાવ વિલસે છે તેને વર્ણવતી કાવ્યત્વનીતરતી અનેક પંક્તિઓમાંથી કેટલીક જોઇએ :

"નિશદિન ન્યાણું રે, પ્રિયતમ મારાને".

... ...

હું માં હરિ, હરિમાં હું, એમ પરસ્પર જોતાં એક,
હરિ સત્ય તો હું નહિ ને, નહિ હરિ તો હું એક.

(નૃ. વા. વિ.પુ૨, પૃ. ૨૭)

વળી,

"હું પણું જ્યારે હુમાં શોધું રે, હું ન જડું નહિ તું ભાસે રે,
અવિનાશી એક અનુભવે જોતાં, દ્વૈતાદ્વૈત કહેવાશે રે.
એક નિરંજન મુજ મન ભાવે રે, શમી ઉપાધી અવર ખોટી રે."

(નૃ. વા. વિ.પુ. પૃ.)

અન્યપદમાં તો આત્મકુમારીનો લલકાર સંભળાય છે :

"સ્વરૂપ તુમારા શુધ્ધ હૈ, હમ તુમ જૂદે નાહિ,
તુમ હમારે અંતર બસો, હમ હૈં તુમ માંહિ.
સારી ખલક મેં સોહિ રહ્યા, દૂસરા નહિ કોઈ;
સ્થાવરજંગમ સર્વમેં, આપો આપ હૈ સોઈ."

(નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૧૧૬)

---

૧. "અનામ અખંડ જો એક અનહદ રે, નામ એ વસ્ત કહો કોન ગોતા."
(નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૫૧)

આ જ વસ્તુને કવિ શાસ્ત્રીય પરિભાષામાં મૂકતાં કહે છે કે,

"પુરુષત્વ જયાં, ત્યાં અનુભવ છે,
આ જ જગે મુક્તત્વ છે".

{નૃ.વા.વિ., પુ.૩, પૃ.૭૭}

આધુનિક તત્ત્વચિંતક શ્રી કૃષ્ણમૂર્તિ એ ભાવનું વારંવાર ઉદ્‌બોધન કરે છે કે, Salvation is Here and Now, Or Never. તે અર્થચ્છાયા ઉપરની પંક્તિઓમાં રહેલી જણાય છે.

શ્રુતિઓમાં દર્શાવેલાં

{૧} अहं ब्रह्मास्मि। {બૃહ.ઉપ.૧, ૪, ૧૦}
{૨} तत्त्वमसि। {છા-દોગ્ય ઉપ. ૮, ૭}
{૩} अयमात्मा ब्रह्म। {બૃહ.ઉપ.૪, ૪, ૫}
{૪} सर्वं खल्विदं ब्रह्म। {છા-દોગ્ય ઉપ.૩, ૧૪, ૧}
{૫} सत्यं ज्ञानमनन्तं ब्रह्म। {તૈતી.ઉપ. ૨, ૧, ૧}

સુપ્રસિધ્ધ મહાકાવ્યોની બ્રહ્મોપાસનાથી અભિન્નતાનુભૂતિસૂચક સ્વરૂપસાક્ષાત્કારના જ્ઞાનની પરમ સિધ્ધિની અવસ્થાનો આ અનુભવ છે.[૧] તેને हरिरेव जगत् जगदेव हरिः। જેવી સેંકડો સૂક્તિઓથી પુરાણોમાં સ્પષ્ટ કરવામાં આવ્યો છે. તેના પ્રતિ આચાર્યકવિશ્રી પ્રાકૃતજનોને સમન્વય તેવી પણ ગૌરવાન્વિત ભાષામાં નિર્દેશ કરે છે. તેઓશ્રી એ પરમ પદના પ્રદેશમાં આવવા દરેક સાધકને આહ્‌વાન કરે છે. કારણ કે તે પ્રદેશમાં જ અસલ સ્વદેશધામ છે.

---

૧. "વર્ણન જગદુત્પત્તિનું, બહુ કહયું કેમ જાય ;
સાગરના પરપોટડા, તેમ જગ આ ભણાય.
એમ બ્રહ્મવડે જગ ભાસીયું, જાણ્યું બ્રહ્મથી ભિન્ન ;
સ્વરૂપ ભૂલ્યા માયાવડે, જેની મતિ થઇ ભિન્ન.
હરિ એ જગત, જગ એ હરિ, જાણો સંત સુજાણ ;
દેહ દેવળ દેવ બ્રહ્મ છે, {મિથ્યા} શોધો કાષ્ઠપાષાણ."

{નૃ.વા.વિ., પુ.૧, પૃ.૧૧૬}

"જેને જવું નિજદેશમાં, તે થાજો સંગાથી,
ગગનને માર્ગે ચાલવું, પાછા વળવું ન જયાંથી."[૧]
{નૃ.વા.વિ., પુ.૨, પૃ.૩૬}

"અન્ય પ્રકાશ ન ત્યાં, વહો-નિજસ્વરૂપપ્રમાથી,
અખંડ સુખસ્વરૂપમાં, વસવું જ પ્રમાથી".
{ભજન}

આવાં પ્રવાસ-રૂપકનાં પદોમાં વારંવાર એ જ પડઘો પડે છે કે,

"ચલોરી, ચલો કો નિજનંદ વનમેં. ટેક.
જો કોહુ જઈ ગીરે ઉસ વનમેં સો બડભાગી સબનમેં,
તૃપ્ત હોઇ અખંડ સુખ પાવે, સુગંધ લહે નિજ તનમેં,
ધન્ય સો યહ જગજનમેં. ચલો૦
દેહસહિત દુર્ગન ગ્રહી લેવે ધરી રસ સુગુન સદનમેં,
વારવાર બલિહારિ કહો નર-સિંહ રહે જુ ગગનમેં
શબ્દઅમૃત હે વદનમેં. ચલો૦" ૪".
{નૃ.વા.વિ., પુ.૨, પૃ.૧૩૦}

નીચેના હલારી રાગના પદમાં ભવ્યતાના અંશો સ્ફુટ થાય છે :

"અમે રે પ્રવાસી સ્વદેશના હે રે, વિચમાં અગમ વાટડી હે જી."

....

---

૧. સરખાવો :- न तद्भासयते सूर्यो न शशांको पावकः।
{શ્રીમદ્ ભગવદ્ ગીતા, ૧૫.૬}

આદિ નહીં, તો અનાદિ શું, વિચરણ કહેવા માત્ર રે ;
દેશવિના તે પ્રવાસ શો, અન્ય વસ્તુ ન ગાત્ર રે.
અમે રે પ્રવાસી સ્વદેશના૦
સ્વદેશ અમારૂં સ્વરૂપ છે, કોટિ કલ્પી પ્રવાસ રે ;
ના કોઈ કોટિ, અમે નહિ, તો શું આશ નિરાશ રે.
અમે રે પ્રવાસી સ્વદેશના૦
વિણ રે વાણીનું શું બોલવું, શું વિચરે વિણ પાદ રે ;
નરસિંહ અણછત[1] ત્યાં કશો, વિણ વાદીએ વાદ રે.
અમે રે પ્રવાસી સ્વદેશના૦
શુધ્ધ ચૈતન્યસ્વરૂપમાં, કોટિ જીવશિ કલ્પી રે ;
નરસિંહ દ્વૈત અભાવ ત્યાં, કોણ વિલપે તલપી રે.
અમે રે પ્રવાસી સ્વદેશના૦"
{નૃ.વા.વિ., પુ.૨, પૃ.૬}

---

૧. વેદાન્તી કવિ અખાની જેમ શ્રીનૃસિંહવાણીવિલાસનાં અનેક પદોમાં અણછત, અણછતો.....આ શબ્દનો પ્રયોગ વારંવાર આવે છે. તે શબ્દ કવિશ્રી બન્ને અર્થમાં વાપરે છે. {૧} અખાએ વાપરેલા અનતવાદના અર્થમાં - કે જે છે જ નહીં તે અને {૨} જે છતું, રૂપ૮ટ નથી તે - "આપોપું" શબ્દનો પ્રયોગ પણ અનેકવાર થયો છે :-

{અ} અણછતું તે છતવત્ કલ્પાય, {જો} ગુરુગમ ના મળે રે લોલ.
{નૃ.વા.વિ., પુ.૨, પૃ.૨}

{બ} નરસિંહ અણછત ત્યાં કશો
વિણ વાદીએ વાદ રે.
{નૃ.વા.વિ., પુ.૨, પૃ.૬}

{ક} નરસિંહ આપ સદા અણલિંગી,
ચિત્ત ચિદાનંદે માણે રે.
{નૃ.વા.વિ., પુ.૨, પૃ.૨૧}

{ડ} અણછતું એ ઉદય થયું રે, નામવર્ણગુણરૂપ. {નૃ.વા.વિ.પુ.૧, પૃ.૧૦૫}

{ચ} સાધક શૂરા કોઈ રણમાં રમીને, આપોપું અંતર આણે રે.
આપેયકી અળગો નથી જોતે રે, પણ ન્યારો નિજને નાણે રે,
દ્વૈત ગ્રહીને લુખ અણછતું કલ્પી, તલપી તલપી પડતો માણે રે.
{નૃ.વા.વિ., પુ.૨, પૃ.૫૫}

{છ} અણછતવત્ રહી વિશ્વે વિચર તું. {નૃ.વા.વિ., પુ.૨, પૃ.૧૭}

{જ} નરસિંહ તો દૃઢપણે અણછતું એ વદે, બોળતાં તો જડે નાહિ કયાંહિ. {નૃ.વા.વિ., પુ.૧, પૃ.૧૪૦}

આ ધામમાં એકવાર પહોંચ્યા પછી અથવા એ ભાવસ્થિતિનો અપરોક્ષ અનુભવ કર્યા પછી એમ જ થાય છે કે હવે,

"સત્ ચિત્ સુખ સર્વત્ર જ, ત્યજીને ક્યાં જવું.
વિષયોપ્રતિ નથી મન આ જવું, આ સુખ, દુઃખ આ એમ ન થાવું,
અજરામર નિજ પદ નિત્ય ગાવું રે, ત્યજી જ્યાં ત્યાં ધાવું, સત૦ ૧
સ્વર્ગ અને સિધ્ધિ નથી ચ્હાવું, નિદિધ્યાસન નિર્મલ જલ ન્હાવું,
પીયૂષ પી રહેવું મદ માવું રે, અન્ય હવે શું થાવું, સત્૦ ૨
જલસ્થલમાં જ્યાં ત્યાં એ જોતાં, અન્ય ન અનલ અનિલ પ્રતિ પ્રોતાં,
ચિન્મય દશ દિશમાં લહ્યું દહોતાં રે, નથી હવે પીલાવું, સત૦૩
વાણી પરાની પાર પ્રવેશી, અહં સાક્ષિપદે ગયું બેશી,
સુખમયને કહો ચિંતા હવે શી રે, મિથ્યા મન શીદ તાવું, સત્૦ ૪
દ્વૈત પ્રપંચ નવ અંતર આવે, આશાતૃષ્ણા કદી ન નચાવે,
વસ્તુ અવર ઉરમાં નવ ભાવે રે, ભાવે નવ અન્ય ગાવું, સત્૦ ૫
નિર્મલ સ્વરૂપ વિષે નિત્ય નહાતાં, નૃસિંહ નૃસિંહ નૃસિંહ લહાતાં,
સત્ચિત્ સુખમય સહેજે થાતાં રે, રહ્યું હવે ના વાવું, સત્૦ ૬".

{ નૃ.વા.વિ., પુ.૩, પૃ.૬૦ }

એ ઉચ્ચ પદની આનંદમય સ્થિતિની સહજ અનુભૂતિ વ્યક્ત કરનારાં અનેક પદો શ્રી નૃસિંહવાણી વિલાસમાં છે. એક સ્થળે તે એક ગરબીમાં ગાય છે.

"આનંદ આ મુજ હૃદયવિષે ન શમાય,
જ્યાં ત્યાં જગપતિ નજરે જણાય."

{ નૃ.વા.વિ., પુ.૨, પૃ.૧૦૧ }

એ દ્વૈતવેષભ્યના વિલોપનપૂર્વક અભયોદ્ગાર કાઢે છે :

"સમસર્વત્ર સ્વરૂપ રહ્યું વ્યાપી, નિશ્ચય એવો હૃદય વિષે સ્થાપી,
ટાળ્યું મુજ ભિન્નપણું કાપી, શમી રહું સ્વરૂપમાં અધ્યાપિ,
નૃસિંહ હાવે અન્ય કશું ન ભણાય.
જ્યાં ત્યાં જગપતિ નજરે જણાય."

{ નૃ.વા.વિ., પુ.૨, પૃ.૧૦૧ }

તેથી જ, એ ઉચ્ચભૂમિકા પરથી વ્યવહારમાં પ્રત્યુત્થાન થતાં સાધકને વિસ્મયકારક અનુભવ થાય છે,

"હો જીવડા અંગીને જોતાં જગ ખોટું રે જી,
બહિર્ જોતાં જગ સત્યવત્ ભાસે ભાઈ,
આશ્ચર્ય એ જ મોટું રે, હો જીવડા."

: નૃ.વા.વિ., પુ.૨, પૃ.૧૦૧ :

કારણ કે, જાગ્રત સ્વપ્નમાં ન આવે અને સ્વપ્ન જાગ્રતમાં ન આવે ; તથા સુષુપ્તિમાં "અહંઇદમ્ને અભાવે" ઉભયનો લોપ લહાય છે. મૂર્છામાં પણ તનભાન ભૂલાતાં જગતનો ભાસ થતો નથી. છતાં,

"મૃત્યુ આવે ત્યારે સમૂળ શમાવે તો એ બીજમાં બાંધીને
ઝુલાવે રે, હો જીવડા૦"

{ભજન}

આમ કવિ અનૃતવાદના સિધ્ધાંતનો કાવ્યમય પંક્તિઓમાં પુરસ્કાર કરતા હોય છે :

"સમાધિમાં જગનો લય થાતો, જ્ઞેયમાં જ્ઞાતા મળી જાતો રે જી,
ત્રણે કાળ જગ થયું નથી એવો અનુભવ ત્યાંનો ભણાતો રે,
હો જીવડા૦
સદા કાળ જગ પ્રતીત ન થાતું, માટે ન સત્ય ગવાતું રે જી,
સદા અભાવ ન ભાસેતો ભાઈ, અસત્ય તેથી ન થવાતું રે,
હો જીવડા૦
અનિર્વચનીય જગ, ઋષિ બોલ્યા, તદપિ અસાર ઠરાવ્યું રે જી,
નૃસિંહ સ્વરૂપ જેણે સમસર્વત્ર જાણ્યું, તેને નિશ્ચયે જગ નોંધ્યું રે,
હો જીવડા૦"

{ભજન}

અતિપ્રચલિત અને ચર્ચિત શાંકરસૂત્ર ब्रह्मसत्यं जगन्मिथ्या | -ના ઉત્તરભાગ વિશે અખા કવિ પળ આટલી બધી સ્પષ્ટ સમજૂતી

કાવ્યમય વાણીમાં – અને તે પણ સર્વસુલભ સુગેય ગરબીપદમાં – આપી છે તે નોંધપાત્ર છે. સદાકાળ પ્રતીત થતું નહીં હોવાથી જગતને સત્ય ન કહી શકાય, તેમ જ અન્ય સત્તામાં તેનો સતત અભાવ ભાસતો નહીં હોવાથી તેને અસત્ય પણ કહી ન શકાય. આવાં વિરોધાભાસી વચનોથી જગતને તત્ત્વજ્ઞોએ "અસાર" અને "અનિર્વચનીય" ઠરાવ્યું છે, જ્યારે શ્રી શંકરાચાર્યે "મિથ્યા" શબ્દથી બોધ કર્યો છે, તે સૂચક છે.[1]

આમ, નિરાકાર નિર્વિશેષ પરબ્રહ્મપદની પ્રતિષ્ઠા કરી હોવા છતાં, કલિમલથી આચ્છાદિત અંતઃકરણવાળા જીવસમુદાયનો તથા વિકાસક્રમની માનસશાસ્ત્રીય પરિપાટીનો પૂર્વવિચાર કરીને શ્રીમન્નૃસિંહાચાર્યજીએ, સનાતન ધર્મસંસ્કૃતિએ સૂચવેલા ક્રમશઃ અભિવૃદ્ધિ પામતા અધિકાર અનુસાર ચઢાતી સાધનસોપાનની સીડીનો જ, સુંદર રીતે નિર્દેશ કરેલો છે. અને તેથી સાકારવાદી ભિન્નભિન્ન સ્વરૂપથી વિશેષરૂપે ઓળખાતા ઈશ્વરવાદ અને સિદ્ધ કરવાના ઉપાસ્યદેવનો તથા તે દ્વારા પરમપદને પ્રાપ્ત કરવાનાં સાધનોનો અને તેના સંયમસાધક માર્ગોનો તેમણે વિસ્તારપૂર્વક બોધયુક્ત ઉલ્લેખ કરેલો છે. તે અન્વયે ભક્તિ, યોગ અને તેનાં અંગ-ઉપાંગો, કર્મ, જ્ઞાન અને તેના વિભાગો વગેરે સર્વ શિષ્ટ શાસ્ત્રોનાં રહસ્યોનો અમૃત-અર્ક, આચાર્યશ્રીનાં પદોમાં જુદીજુદી પણ સુંદર રીતે રેલાતો જોવામાં આવે છે. સાધન-સાધનાના નિરૂપણ દરમ્યાન જપ, તપ, તીર્થ, વ્રત, ધ્યાન, દાન, પૂજા..... આ અનેક બાબતોનો એ જ રીતે અન્વય કરેલો સમજવામાં આવે છે. કારણકે તે સર્વ, સામાન્ય જીવપદના અલ્પજ્ઞાન અને અલ્પસામર્થ્યના વિચારથી જ યોજાયેલું હોય છે. સરવાળે સમર્થન તો અન્ત્ય સ્વરૂપ અનાદિ-અનંત તત્ત્વનું જ કરવામાં આવેલું છે.

---

૧. આ વિશે વિશેષ ચર્ચા ગ્રંથસમીક્ષાના પ્રસંગે કરવામાં આવશે.

શ્રીનૃસિંહવાણીવિલાસનાં પદોમાં ઘણે સ્થળે ઉપાસનાના પ્રચલિત પ્રકારો પ્રતિ કંઈક કટાક્ષમય – કદી કદી ઉપેક્ષાવૃત્તિના અંશનો આભાસ કરાવે એવી – ઉક્તિઓ જોવા મળે છે. ત્યાં તેઓશ્રીએ સોચ્ચાધિક વિશેષવાદ કે પ્રચલિત સાકાર અવતારાદિથી અલંકૃત ગુરુ-ઈશ્વરોપાસના પ્રતિ ખંડનાત્મક ભાવ સૂચવ્યો નથી, પરંતુ સનાતન ધર્મના કીર્તિસ્તંભ સમા એ આખાય આકારસ્વરૂપને અખંડિત અને અવિકૃત રાખવાના સંરક્ષણ-હેતુથી, તે તે સાધનોનો દુરુપયોગ કરનારા સ્વાર્થસાધુ ધર્મધ્વજી પાખંડીઓ પ્રતિ લાલબત્તી ધરી છે, અગર તો મોહ-અજ્ઞાનથી કે {પોતાની કે અન્યની} ભ્રામક દોરવણીથી કે પોતાની ભૂલથી સત્યનો મિથ્યા આભાસ કરાવનારા કુપંથે ચઢી ગયેલા પામર જીવોને,

"ચેત સવારો કંઈ ચેત સવારો ભુંડા,
આ વિષયો તો તને ના તારે રે."
{નૃ.વા.વિ., પુ.૩, પૃ.૨}

જેવી પંક્તિઓથી વેળાસર જાગ્રત થવા ટકોર કરી છે. તેમાં ખંડનમંડનનો વિચાર સરખો પણ કરવો અનુચિત છે. કારણ કે શ્રીમન્નૃસિંહાચાર્યજી પ્રથમથી છેવટ સુધી એ નિંદ્ય પ્રવૃત્તિથી અલિપ્ત રહ્યા હતા, અને તે પાપપ્રવૃત્તિના પડછાયાથી પણ દૂર રહેવાનો સાધકોને ઉપદેશ આપતા હતા. જે અવિદ્યાવશ માનવીઓની બુદ્ધિ પ્રતિષ્ઠિતા પ્રજ્ઞામયી બની નથી, જે નિશ્ચયાત્મક બન્યા નથી એવા અલ્પજ્ઞ અવિવેકી મૂઢમતિ તો વિવિધ વાદો અને મતોના અસ્તિત્વ-વિસ્તારને જ ડાળપાંદડાંની જેમ, યથાર્થ માની વર્તે છે અને તેથી અનેકવિધતાના કેન્દ્રસ્થ એકલક્ષ્યને – મધ્યબિંદુને – પિછાની કે પામી શકતો નથી.

"આદિ મધ્ય અંતવિષે વિભુ, અનંતાદ્વૈતાકાર ;
નિરાકાર સાકાર કલ્પના, જીવપદે અધિકાર.
વિધવિધ રૂપે ઉપાસ્યસ્વરૂપે, થાતા સાક્ષાત્કાર ;
તે સકળ રૂપતણું મૂળ આપ જ, જિનર્ષિ કરૂં નમસ્કાર."

(નૃ.વા.વિ., પુ.૨, પૃ.૧)

આ સુંદર સૂચક પંક્તિઓ દ્વારા શ્રીમન્નૃસિંહાચાર્યજી સમા પરોપકારપ્રવણ સંતે, નિષ્કામ ભક્તિ કે લક્ષ્યાન્ત સિધ્ધના અન્ય સાધનમાર્ગમાં સહેજે પ્રત્યવાયરૂપ થવા પામતી એક અત્યંત પ્રચલિત અને સર્વ દિશામાં સર્વ સ્થળે વિસ્તરી રહેલી વૃત્તિ તરફ આપણું ધ્યાન ખેંચ્યું છે. સાધક સમક્ષ ઉપાસ્ય દેવ કે ઇષ્ટસ્વરૂપ ગમે તે હોય. તે પસંદગી માટે સાધક સર્વથા સ્વતંત્ર છે. પરંતુ તે પોતાના આરાધ્ય વિશિષ્ટસ્વરૂપની જ સર્વોત્તમતા સિધ્ધ કરવા તેના પોતાના જ વિચાર-વાદને પુરસ્કૃત કર્યા કરે અને તેમ કરતાં તે અન્ય ધર્મ, દેવ, ઉપાસ્ય, વાદ કે વિચારધારાની નિંદા કરવા પ્રવૃત્ત થાય એ ઇષ્ટ નથી. સૈધાન્તિક દૃષ્ટિએ ધ્યેયપ્રાપ્તિના માર્ગમાં (રામ, રહીમ, કૃષ્ણ, કબીર, માતા, મહાદેવ, પીર, પયગમ્બર, - આદિ ગમે તે શબ્દોપાધિથી વર્ણવાતાં) ભાવિક ભક્તોનાં વિવિધ ઇષ્ટ સ્વરૂપો મૂળે તો એક જ પરમતત્ત્વનાં સ્વરૂપો છે. તે સકળરૂપતણું મૂળ તો અનાદિ અનંત અદ્વૈત અને સર્વરૂપોથી પર એવું પરમતત્ત્વ જ છે અને તેથી सर्वदेवनमस्कारः केशवं प्रति गच्छति । ની જેમ સાધક, વિવિધ ઉપાસ્ય સ્વરૂપો દ્વારા તે પરમપદ પ્રતિ જ પ્રણામ અને પ્રાર્થનાનો વિવેક સાદર કરે છે. આમ મિથ્યા નિંદક પ્રવૃત્તિથી દૂર રહેવા અને એ રીતે કૃત્રિમ કલહોને બિલકુલ અવકાશ ન આપવા આચાર્યશ્રીએ આ પદમાં અનુરોધ કર્યો છે. આ આર્ષ્ય પદ "વર્ગ"માં

બહુ પ્રચલિત હતું અને દરેક ઉત્સવપ્રસંગે સેંકડો : કદી હજાર ઉપર પણ : સાધકોના સમુદાયમાં વસંતરાગમાં તંબુરા તથા તબલા-સહ આ પદનું ગાન થતું ત્યારે વાતાવરણ સભર બનતું.

"શ્રીનૃસિંહવાણીવિલાસ"ના તૃતીય પુસ્તકમાં પૃ. ૧૪૬ થી ૧૫૩ સુધી ભાવવાહી લયયુક્ત ૨૦૮ પંક્તિઓમાં કવિશ્રીએ મનહર છંદમાં ૨૬ કડિકાઓ રચી છે. તેમાં લોકો બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર અને શક્તિનાં પ્રતિનિધિરૂપ જુદાંજુદાં દેવદેવીઓને ભજીને નિજ ઉપાસ્યના આધારે ધર્મોપાસનાના નિંદ્ય ભેદભાવો વધારે છે અને પરિણામે રાગદ્વેષજનિત કાદવ ઉછાળે છે, તેનું સુંદર પણ માર્મિક વર્ણન કર્યું છે. વિરલ અધિકારીજનો જ વિવેક અને સદ્‌ગુરુબોધ દ્વારા ક્રમે કરીને, આ ચારેયથી પર અને પરમ છે તે – અનંત મહેશ્વર મહાકાલના પદને પામે, ભજે કે પામે છે. આ વિચાર-ભાવને મનહર છંદનો પ્રવાહી લય અભિવ્યક્તિમાં ખૂબ અનુરૂપ આવી ગયો છે.

"બ્રહ્મા, વિષ્ણુ, રુદ્રને કાં શક્તિને ઉપાસે તોએ,
શુભ ફલ પામી અંતે મહેશને ગાય છે.
પંચ આ ઉપાસ્યને જે નિંદે તે તો હીનમતિ,
ક્લેશ સહી મરી અંતે યમમાર ખાય છે."

....

"અન્ય સર્વ સેવ્યને ઉપાસ્યને ન ભજો તોએ,
ત્યજો સદા ઉર થકી નિંદાની કુટેવને,
લોક પરલોકતણી વ્યથા સહુ ટળે સદ્ય,
મહાકાલ ભજી ત્યજો, દુષ્ટ અહમેવને."

{નૃ.વા.વિ., પુ.૩, પૃ.૧૪૮}

આ મહાકાલ મહેશ્વરપદ (શંકર નહીં પણ નિરંજન નિરાકાર ગુણાતીત બ્રહ્મપદ) ના સ્વરૂપનો અપાર મહિમા તેમણે ૨૦ થી ૨૪ કડિકાઓમાં – ૪૦ પંક્તિઓમાં – આલંકારિક રીતે ગાયો છે. તેમનાં કેટલાંક ઉદાહરણો જોઇએ :

"જેણે ખાંડ સાકર ન દીઠી, નથી સાંભળી તે,
ગોળ ખાઇ ખાઇ તેના સ્વાદને વખાણે છે,
જેણે શુધ્ધ ઘૃતતણો સ્વાદ નથી ચાખ્યો કદી,
તે તો ડોળીયાસમાન આજ્ય નથી ભણે છે,
જેણે નથી પાણીવાળા તુરંગ પલાણ્યા કદી,
તે તો મકલાઇ ખરે ખચ્ચરે પલાણે છે,
તેમ શ્રેષ્ઠ મહાકાલ પ્રિયત્તમ સેવ્ય ત્યજી,
અજ્ઞ જન અન્ય ભજી મિથ્યા સુખ માણે છે."

(નૃ.વા.વિ., પુ.૩, પૃ.૧૫૧)

અધ્યિદર્શનથી વંચિત જન વિશાળ કાસાર જોઇને મોહમુગ્ધ થાય, સુવર્ણમોતીની માળાઓથી અનભિજ્ઞ અંધ કોડીકોડિયાંથી તૃપ્ત થાય, પુષ્પકવિમાનની વાત સાંભળી ન હોય તેનું મન આગગાડીની વાત સાંભળી વિસ્મય પામે, ગરુડની ગતિથી અજાણ ગીધનાં વખાણ કરે, કેસરી કે મૃગની ફાળ ન જોનાર નટના "ઠેકડા"થી રીઝે, કૃષ્ણનો ખરો રાસ ન જોનાર, વેષધારીના રાસ કે "ભવાયાની ભવાઈમાં ધક્કા ખાતા ધાય છે".... વગેરે દૃષ્ટાંતોમાં સમયનું પ્રતિબિંબ પડ્યા વિના રહેતું નથી.

"આગગાડીતણી વાત શુણી મગ્ન રહે છે".

અથવા

"તે તો નટતણા દેખી ઠેકડાને રીઝે છે."

અથવા

"કપાસને પીંજનારી મિલ જેણે ગણી નથી,
તેવા પીંજરાઓ જેમ ગર્વ ધરી પીંજે છે,
તેમ આ મહેશ મહાકાલનો મહિમા નાણ્યા -
વિના ઘણા જન અન્ય ઉપાસીને સીઝે છે."

(નૃ.વા.વિ., પુ.૩, પૃ.૧૫૨)

છેવટે, છેલ્લી કંડિકામાં તાત્ત્વિક ભેદને તથા પોતાના ઉપદેશને કવિ સ્પષ્ટ રીતે જણાવે છે :

"રાગદ્વેષ ત્યજી શુધ્ધ ઉપાસ્યને સેવવાની,
ઇચ્છા હોય જેને, તેણે મહેશને ભણવા,
બ્રહ્મા વિષ્ણુ સૂર્ય આદિ સકલ ઉપાસ્ય તે તો,
અદૃષ્ટવિશેષ છે મહેશના પ્રમાણવા,
અભેદ ગણીને જે કો સેવે કોઇ એક રૂપ,
તોએ પણ મહેશ્વર સેવ્યા એમ નાણવા,
કહ્યાં છે વચન આ તે વિવેકે વિચારી સુજ્ઞ,
મહાકાલ સેવી ત્યજે મિથ્યા મત તાણવા."

(નૃ.વા.વિ., પુ.૩, પૃ.૧૫૩)

અહીં "અદૃષ્ટવિશેષ"[1] એ પારિભાષિક શબ્દ મહત્ત્વનો છે.

આ જ્ઞાનવિષય કૂટસ્થ આત્મા, ગુણકર્મસ્વભાવ-ઇન્દ્રિયાદિથી ભિન્ન છે, ભોક્તાભોગ્ય ઉભયથી રહિત છે. તેનાથી અતિરિક્ત અન્ય કોઇ તેનો દૃષ્ટા, શ્રોતા, જ્ઞાતા કે અનુભવી નથી. તેથી તે પોતે અમર્ત્ય અને અવિનાશી કહેવાયો

---

૧. મુખ્ય અવતારનાં હેતુ-કાર્યમાં સહાયરૂપ થનાર "વિભૂતિ" માટે આ શબ્દનો પ્રયોગ શાસ્ત્રોમાં કરવામાં આવ્યો છે. આ પારિભાષિક શબ્દની શાસ્ત્રીય અને સવિગત સમજૂતી શ્રી નગીનદાસ પુ.સંઘવીએ "મહાકાલ"માં એક લેખમાં કરી છે. જુઓ "મહાકાલ", ચૈત્ર કૃષ્ણ ૧૪, સંવત્ ૧૯૯૩, પુસ્તક ૩૨, દર્શન અંક ૬, પૃ.૨૭.

છે. તે સર્વવ્યાપક નિરુપાધિક તત્ત્વનું જ્ઞાનરૂપે – આત્મસ્થ જ્યોતિસ્વરૂપે જ્ઞાન થવાથી – સ્વસ્વરૂપ તરીકે કવિશ્રીએ અનેક પદોમાં વર્ણન કરેલું છે.

"છો વિશ્વતણા આધાર, જીવની પરમ જ્યોતિ રે,
... ...
પ્રકાશક છો પ્રભુ આપ, સર્વ પ્રકાશ્ય જ પેખું રે.
... ...
પરતંત્ર અને અલ્પજ્ઞ, જીવ આ સઘળે જાણું રે,
જેથી આપ જ એક સ્વતંત્ર, સર્વજ્ઞ નિત્ય પ્રમાણું રે.
... ...
દેશ કાળ કે વસ્તુથી, અંત ન કદીએ આવે રે,
એવા અજરામર એક આપ, કેમ ન ચિત્તને ભાવે રે."

(નૂ.વા.વિ., પુ.૩, પૃ.૬૮)

અનાદિ અનંત ચેતનાત્મા : પુરુષ : તથા તેની સત્તાથી કાર્યકારણ-સંઘાતની જનેતા,[1] અઘટિત ઘટના પટીયસી અનાદિ સાન્ત માયા (પ્રકૃતિ) ; આ પુરુષપ્રકૃતિનો અન્યોન્યાશ્રયી સંબંધ[2] ; ત્રિગુણઉપાધિની પ્રધાનતાનુસાર ત્રિદેવ તથા તેની સૃષ્ટિ અને ત્રિવિધ કાર્યરચના.... અને તેને આનુષંગિક ઇતર નાના પ્રકારના માયાશ્રયી દેવતાઓ અને અવતારોના આવિર્ભાવ ; વિદ્યા-અવિદ્યા.

---

૧. "સ્વજન પરસ્પર કો કોનું જાણો નહિ ;
પય પીતાં પણ વિષ ના છાંડે વ્યાલ જો ;
અણઘટતી પણ ઘટિત સમી થઇને રહી,
દુઃખદાયક આ નામરૂપ જંજાળ જો."

(નૂ.વા.વિ., પુ.૨, પૃ.૨૨)

૨. સરખાવો :-
શ્રીમદ્ ભગવદ્ગીતા – અધ્યાય ૧૩, શ્લોક ૧૯-૨૦-૨૧
તથા અધ્યાય ૭, શ્લોક ૪-૫-૬

શુધ્ધ-મલિન માયાના ભેદપ્રકાર[૧], વિધેાવૃત્ત ઈશ્વરવાદ અને અવિધેાપાધિક જીવવાદ, તથા તેને અંગે જ્ઞાનશક્તિઐશ્વર્યાદિ પરિમાણ-પરિણામેામાં મૂર્ત થતેા જીવ-શિવભેદ....વગેરે સૃષ્ટિક્રમ અને વિશ્વરચના (Cosmogany) આદિ વિષયેાનું નિરૂપણ શ્રીમન્નૃસિંહાચાર્યજીએ, સત્શાસ્ત્રપ્રતિપાદિત ક્રમે તથા અન્ય જેવા પુરેાગામી તત્ત્વજ્ઞ કવિઓની પરિપાટીએ પેાતાની પ્રાસાદિક અને લાક્ષણિક શૈલીમાં વિસ્તારથી કર્યું છે.

તે જ પ્રમાણે अवश्यमेव हि भोक्तव्यं कृतं कर्म शुभाशुभम् | એ નિયતિનિયમાનુસાર પ્રકૃતિવશ રહીને પ્રતિપળે કર્મ કરનાર[૨] મનુષ્ય માત્રને કર્મફલ અવશ્ય ભેાગવવાં પડે છે. એ ન્યાયથી, વિવિધ યેાનિમાં વિવિધ શરીરેા - જીર્ણવસ્ત્રત્યાગપૂર્વક નવવસ્ત્રપરિધાનની પેઠે - ધારણ કરી[૩] જીવેા તે વ્હેારા

---

૧. "શુધ્ધસત્ત્વા માયા આપની રે, તે તેા જીવ સકળની માત રે.
આદિશક્તિ તે આપ સંગ રહયાં રે, કેાણ રક્ષે વિણમાત તાત રે.
આ મલિનસત્ત્વા નાના રૂપની રે, જીવ દીધા તેને હાથ રે.
....
મલિન શક્તિવશ વર્તીને રે, જીવ બનીયા બંધીવાન રે.
ઉન્માર્ગમાં એ ચલાવતી રે, થાવા દેતી ન આપનું ભાન રે.
અજ્ઞાનને જ્ઞાન ગણી ગણી રે, જીવેા ઊંધાં ઉર ધરી ધાય રે.
નિજને ન જાણે ન આપને રે, ન તેા ઉભયાતીત થવાય રે."
{ નૃ.વા.વિ., પુ.૨, પૃ.૬૦ }

૨. શ્રીમદ્ ભગવદ્ગીતા - અધ્યાય ૩, શ્લેાક ૫

૩. શ્રીમદ્ ભગવદ્ગીતા - અધ્યાય ૨, શ્લેાક ૨૨

કર્મપ્રવાહને અવિરત ચાલુ રાખે છે. जातस्य हि ध्रुवो मृत्युः। १
તથા पुनरपि जननं पुनरपि मरणं पुनरपि जननीजठरे शयनम्। २
- ના ધોરણે અને સંચિત પ્રારબ્ધ-કર્મોનાં ફલ ભોગવવાના ધોરણે
ભવભ્રમણનું ચક્ર ચાલ્યા કરે છે.

"શુભાશુભ કર્મ જે પૂર્વનાં, ભોગવે ધરી માત્ર ;
વાસના મીટે નહિ જ્યાં લગી, ફરી ફરે અન્ય પાત્ર.
શુધ્ધ સ્વરૂપ સમજ્યા વિના, વાસના નવ છૂટે ;
એ ઉભય સંયોગ થયા વિના, આવાગમન ન છૂટે."

{નૂ.વા.વિ., પુ.૧, પૃ.૧૧૬}

આ "ભવભ્રમણભાર"ની પીડા વિવેકીને અસહ્ય છે. વિવેકીજનને
જગત દુઃખરૂપ હોય છે. રેશમનો રંગ જોવામાં સુંદર હોય છે,
તેનો સ્પર્શ સુંવાળો અને સુકોમલ હોય છે, પરંતુ રેશમની ઝીણામાં
ઝીણી રજ જો આંખમાં ગઈ હોય તો આખ તેની સામે બંડ
ઉઠાવે છે, તે રજ આંખને અસહ્ય થઇ પડે છે. માટે જ વિવેકી
પુરુષને શાસ્ત્રકારોએ अक्षिपात्रकल्प "આંખના ડોળા જેવો"
હોવાનો વર્ણવ્યો છે. આમ થવાનું કારણ "ભવ" પોતે નથી,
પણ જીવાત્મા પોતે ભવમાં પ્રવેશ પામી ભવથી બંધાય છે અને
પછી તો..... અસંખ્ય દુઃખપરંપરાથી પીડાતો રહે છે, તે છે.

"બ્રહ્મસ્વરૂપ કેમ ઓળખે, જે જન માયાને વળગે ;
માલ કુશળ ક્યાં થકી રહે, મહેલ મધ્યથી સળગે.
માયાવડે સુખ પામીએ, દુઃખસુખનો સાથી ;
સુખઅભની ઇચ્છા કીધી, તો, ખોયો બ્રહ્મરૂપ હાથી.
માર પડે સુખદુઃખનો, જેથી જીવપણું આણ્યું ;
અહંકાર વડે કર્તા થયો, તેથી કર્મ બંધાણું.
ચાર દેહના પડદા થયા, ચાર અંતઃકરણ ;
પ્રાણ, કોશ, દશ ઈંદ્રિયો, એ બધો આવરણ.
સ્વરૂપ ઉપર પડ બહુ થયાં, અષ્ટવિશ પ્રમાણ ;
એ વિણ અન્ય સઉ ટાળીને, શેષ સ્વરૂપને જાણ."

{નૂ.વા.વિ., પુ.૧, પૃ.૧૧૭}

---

૧. શ્રીમદ્ ભગવદ્ગીતા - અધ્યાય ૨, શ્લોક ૨૭
૨. શ્રી શંકરાચાર્ય, चर्पटमञ्जरिका.

અહીં મનુષ્યના બંધારણને સાવ સરળતાથી નિરૂપવા ઉપરાંત કવિશ્રીએ "મહેલ" અને "હાથી"નાં વિચિત્ર લાગે તેવાં ઉપમાન યોજ્યાં છે, તે નોંધપાત્ર અને નવીન છે. બ્રહ્મ અને હાથીના સામ્યનો વિચાર કરતાં અહીં હીનોપમા {૧} જેવું જણાય છે ! સામર્થ્યની દૃષ્ટિએ કદાચ યોગ્ય લાગે તો પણ હાથીનું આત્યંતિક સ્થૂળત્વ સૂક્ષ્માતિસૂક્ષ્મ રીતે સર્વવ્યાપી બ્રહ્મતત્ત્વને કેવી રીતે સૂચવી શકે ? "અજ" શબ્દ પરનો શ્લેષ કદાચ ઉપમાન તરીકે હાથીને પકડી લાવ્યો હોય ! તો પણ ગજરાજ પાસે બકરીનું હંમેશાં દાસત્વ અને દૈન્ય જ હોઇ શકે – હાથીને પરાભવ પામવાનું હોઇ શકે નહીં. તેમ માયા ગમે તેટલી પ્રબળ હોય તો પણ બ્રહ્મને પરાભૂત કરવાનું સામર્થ્ય તેનામાં કદી પણ સંભવી શકે નહીં. બન્ને ઉપમાનો દૂર કરીએ તો તો પદાર્થ–વક્તવ્ય સ્પષ્ટ જ છે કે માયાપ્રભાવિત જીવત્વના કારણે ઉપસ્થિત થતી અહંકારાધીન પડ–પરંપરા ક્લેશનાં કારણોનું સાતત્ય જાળવી રાખે છે. તેથી કવિશ્રીએ સર્વને ટાળીને "શેષસ્વરૂપને જાણ" એવો પ્રબોધ જીવમાત્રને કરે છે.

આ ભવબંધનમાંથી નિવૃત્તિ મેળવવાના માર્ગમાં મોટામાં મોટો કોઇ અંતરાય હોય તો તે "અધ્યાસ"નો છે. અધ્યાસનું સ્વરૂપ સમજાવતાં કવિશ્રી સૌરાષ્ટ્રની એક દેશીમાં મન વિશે કહે છે કે,

"ઇષ્ટમાં અનિષ્ટભાવ સત્વર કરતું જી,
અનિષ્ટમાં ઇષ્ટ ગણી ઠરતું રે હાં."

{નૂ.વા.વિ., પુ.૩, પૃ.૬૮}

....

"દૃઢ દેહાધ્યાસથી દુઃખ, અનુભવ થાય છે,
શૂરવીર તજે જવ તેહ, નિઃશંક છૂટાય છે.
આથી અધિક શું કહેવું મિત્ર ! જગત ચિત્રવત લહો."

{નૂ.વા.વિ., પુ.૨, પૃ.૪૬}

....

"અનિષ્ટને સમયે પણ ઇષ્ટ જ, લહી સુખ માને અપાર,
ઇષ્ટ સમયમાં અનિષ્ટ વિચારી, પાડતા અશ્રુધાર.
ઇષ્ટ શું ને વળી અનિષ્ટ શું તે, જીવ ન જાણે યથાર્થ,
જેથી અનર્થકો પણ માને, સિધ્ધ થયો નિજ સ્વાર્થ."

(નૃ.વા.વિ., પુ.૩, પૃ.૨૨)

અધ્યાસના મૂળમાં જીવાત્માનું અજ્ઞાન જ છે. રજ્જુને સર્પ અને સર્પને રજ્જુ માની તે પ્રમાણે પ્રવૃત્તિ કરવા રૂપ અધ્યાસના અતિજ્ઞાત પણ સચોટ ઉદાહરણનો ઉપયોગ સંત કવિઓ કરતા જ આવ્યા છે. સાંસારિક સુખદુઃખાદિ દ્વંદ્વપ્રતીતિકારક જડ ધર્મોનો ચેતનમાં આરોપ કરવો અને ચેતનના નિત્યાનંદાદિક તત્ત્વોની જડ પદાર્થો કે પ્રસંગોમાં પ્રતીતિ કરવી – આવી ભ્રામક વિપરીત અધ્યાસભાવનાને લીધે જ, જીવાત્માને પ્રતિપળે અને પ્રત્યેક પ્રસંગે આ સંસારમાં દુઃખ અને કેવળ દુઃખનું જ ભાન થયા કરે છે. તેટલા માટે તો આરંભમાં "આત્માની ઓળખ"ની અગત્ય દર્શાવાઈ છે. પોતાના અને તે દ્વારા સંસારના સાચા શુધ્ધ નિત્ય આનંદમય સ્વરૂપની ઓળખ થયા પછી, જીવને, ભવભાવરૂપ વેદન કે બંધનમાંથી નિવૃત્તિરૂપી મુક્તિ અવશ્ય સુસાધ્ય છે. આથી જ જ્ઞાનના સ્વરૂપસંબંધમાં સામાન્ય નીતિગ્રંથોમાં પણ *सा विद्या या विमुक्तये* કહે છે, તે યથાર્થ છે. શ્રીમદ્ ભગવદ્ગીતાએ પણ ૧૩ માં અધ્યાયમાં મુક્ત ક્ષેત્રજ્ઞની જ્ઞાનસ્વરૂપે જ વ્યાખ્યા કરી છે. શ્રીમન્નૃસિંહાચાર્યજી આ સંબંધમાં એક સ્થળે ગાય છે,

"જ્ઞાની જુએ ન દેહને પોતે બ્રહ્મસ્વરૂપ,
માયિક કર્મ કરે સદા, ઇન્દ્રિય જેહ અનૂપ."

(નૃ.વા.વિ., પુ.૧, પૃ.૮૧)

કવિએ નિદાન કર્યું છે કે,

"જગ સઘળું ભયરૂપ આ પણ, બે ભય મુખ્ય ગણાય,
ક્ષુધાતણો ભય આદિમાં, અન્ય-ક્ષયનો અંત ભણાય.
... ...
ભય આ ત્યાં લગી ભાસતો જ્યાં - લગી છે દેહાધ્યાસ,
અહંમમ આ અધ્યાસથી તે, છુટે ન વિણ સંન્યાસ.
સમ્યક્ ત્યાગ ઉપાધિનો થઇ, સ્વરૂપ અનંત લહાય,
તવ ભય દુઃખનો અંત છે, એ ભણે પણ ન વહાય."

(નૃ.વા.વિ., પુ.૨, પૃ.૧૦૬)

શરીર માત્ર ભોગાયતન નથી. ઉચ્ચ લક્ષ્યપ્રાપ્તિ માટેનું તે સર્વોત્તમ સાધન છે.

"આ તનુ તો છે ચિંતામણિ જેવું ;
તે જોતાં તું રહે મુખ વીલે રે.
ઉન્મત્ત થઇ કાં છાકી હીંડે રે.
કળજ થયો છે વિકટ કિલ્લે રે,
અજર અમર રસ આ નથી લહેતો ;
વિષયે હૃદય તુજ કાં ખીલે રે.
શબ્દ સાગરમાં અનુભવી ઝીલે રે,
કષ્ટ કરીને કાયા કાં પીલે રે."[1]

(નૃ.વા.વિ., પુ.૨, પૃ.૨૦)

કવિએ વાપરેલી ઉપમાઓ પરંપરિત છતાં અહીં કેટલી સચોટ લાગે છે !

"અમૃતરસયુક્ત ઈક્ષુ તજીને અન્ય કાષ્ઠ તું કાં છીલે રે."

....

"સત્ય સમજીને શમી ન વેગેરે તેલ ન નીકળે આ તિલે રે."

(નૃ.વા.વિ., પુ.૨, પૃ.૨૧)

---

૧. "મનુષ્યદેહ ધરી શું કમાયો રે,
અમૂલખ હીરો ગુમાયો રે."
(નૃ.વા.વિ., પુ.૧, પૃ.૪૩)

બીજા પણ એક કરાઇ રાગમાં ગવાતા પદમાં કવિશ્રી કહે છે,

"આ સંસાર અસાર ગણાતો રે તજ મથી તું શીદને છાણે રે,
ઉત્તમ આ તનુ ફરી ફરી ના'વે શીદને ભુલે આ રૂડે ટાણે રે."

(નૃ.વા.વિ., પુ.૨, પૃ.૨૧)

તો પછી આ ચિંતામણિ જેવા સર્વોત્કૃષ્ટ સાધનનો સદુપયોગ ન કરતાં, મંદમતિ જીવો દેહાધ્યાસ રૂપ અહંતા-મમતામાં જ રમણ કર્યા કરે છે, એવાઓને કર્તાશ્રી "આત્મઘાતી"માં ગણાવે છે. તેમના પ્રતિ તેઓ લક્ષ્યસૂચન કરે છે.

"મનુષ્યદેહ મહા ઉત્તમ પાયો, સત્ય સ્વરૂપ નહિ ધ્યાવે,
નિજપદ નિવૃત્ત હોઇ ન પેખે, હું પદ નાહિ શમાવે,
આત્મઘાતી સો જનિયે રે, કબ હુ ન ઉતરે પાર -
વચન કોહુ સુનિયોરે સુનનાર."

(નૃ.વા.વિ., પુ.૧, પૃ.૨૦)

પ્રાચીન પધ્ધતિ પ્રમાણે, મૂળાક્ષરો દ્વારા બોધ કરતાં મોહવશ મંદમતિ મનુષ્યોને માર્મિક ઠપકો આપતાં કવિશ્રી કહે છે,

"ડર ભાગે નહિ જ્યાંસુધી, ડહાપણ સઘળું ફોક ;
ઢગ વાગે કુકર્મના, ઢળે હરખ હોય શોક.
તરવાનો આરો નહિ, તરત મળે હો વીર ;
થરથર ત્યારે ધ્રુજશો, થશે સરોગ શરીર."

(નૃ.વા.વિ., પુ.૧, પૃ.૩૬)

એક સ્થળે ચાબખામાં કહે છે,

"આપતણો આદિ ન વિચાર્યો આયુષ સઉ ખોયું ;
જન્મધરીને જનનીનું, શીદ ઉદર વગોવ્યું રે."

(નૃ.વા.વિ., પુ.૧, પૃ.૨૪)

એક દેશીમાં કવિશ્રી "સરવેયું" વિચારવા અનુરોધ કરે છે,

"જન્મધરીને આવો સડો રે,
જગમાં તો, શું રે કમાણા મારા વીર ! વિચારો રે."

{નૃ.વા.વિ., પુ.૩, પૃ.૫૬}

આ અધ્યાસ-અજ્ઞાનનું અનાવરણ કરી કાયમની ક્લેશનિવૃત્તિ કરવા માટે તત્ત્વસાધકની મુક્તિની સિધ્ધિમાં આત્મ-જ્ઞાનને શિરોમણિ સાધન તરીકે વર્ણવેલું છે. તે જ્ઞાનની પ્રાપ્તિ માટે શિષ્ટ ગણાતા વિવિધ સંપ્રદાયો {વિચારધારાઓ} જુદીજુદી સાધન શ્રેણીઓ દર્શાવે છે. તે તમામ પૈકી સારાસારાન્વેષણયુક્ત વિવેકબુધ્ધિને[1] સર્વોપરી ગણાવેલ છે. વેદાન્તવેધ આઠ અંગોમાં પણ "વિવેક" પ્રથમ સ્થાને છે. શ્રીમન્નૃસિંહાચાર્યજીના સત્યસ્વરૂપને પામેલા તેમના પટ્ટશિષ્ય વિધ્વદ્વરિષ્ઠ શ્રીમાન્ વિશ્વવંધે પણ વિચારમાર્ગનો જ ડંકો પ્રધાનપણે બજાવ્યો છે. વિશુધ્ધ વિશિષ્ટ વિચાર એ જ વિવેક. ષટ્સંપત્તિ વિરતિ આદિની સાધનાનો જિજ્ઞાસુને અધિકારી બનાવી મુમુક્ષુપદ માટે સ્વરૂપસાક્ષાત્કારનું સત્વર ભાન કરાવનાર આત્મબોધની ઉપપત્તિનું સર્વોત્તમ સાધન તે વિચાર.

"વિવેક ગ્રહી, લહી અન્યને, - અહિવત્ નિઃસાર ;
સુખરૂપ આપે થઇ રહો, કરી ક્લેશ વિસાર."

{નૃ.વા.વિ., પુ.૨, પૃ.૧૩}

પરંતુ અજ્ઞાનમૂલક ભવબંધનની નિવૃત્તિરૂપ મુક્તિધામની પ્રાપ્તિનું આ સાધન સર્વોત્તમ છતાં સહજસાધ્ય નથી. તે માટે, વિચાર-વિવેક સાધનની ભૂમિકા રૂપ, દેહેન્દ્રિયાદિના વિવિધ દુષિત અધ્યાસોથી

---

૧. "અવિવેક એક આ દુઃખ સકળ, આણી અતિ પીડા આપતો,
પણ નૃસિંહકૃપાપ્રાપ્ત જન, ગ્રહિ વિવેક પીડા કાપતો."

{નૃ.વા.વિ., પુ.૨, પૃ.૨૧૨}

અને ઇતર દુરિતોથી અંતઃકરણની સંપૂર્ણ શુધ્ધિની આવશ્યકતા છે. એવા નિર્મલ અંતઃકરણના અધિકારીજનો જ સાચા જનકવિદેહીપદની રસલ્હાણ માણી શકે છે. તે સિવાય સુખધ્યેય અપ્રાપ્ય છે. તેથી કવિશ્રી કહે છે,

"અનુભવશિખરે જવાની આશા ધરજે
હો જીવ તું અંતરશુધ્ધિ કરજે.
મારા વીરા રે, જગમાંહિ જીવતાં જ મરજે
શીખ માની રે જોઈ જોઈ પગલાં ભરજે."

{નૃ.વા.વિ., પુ.૨, પૃ.૭૫}

તથા,

"વીર હોઈ, જગ મિથ્યા અનત સોઈ,
ઉત્પત્તિ સ્થિતિ લય ભ્રાન્તિનિજ-અંતરસૈં જિન ખોઈ,
જીવન્-મૃતક સો જનીએ, અનુભવી વા બિન ના કોઈ;
નૃસિંહ પદસૈં મન પ્રોઈ."

{નૃ.વા.વિ., પુ.૨, પૃ.૧૪૨}

તેજ પ્રમાણે,

"વારંવાર વિચારી હો વીર ! થઇ મૃતવત્ રહો."

સાચા જીવનમૃતક જ્ઞાની થવા, લિંગદેહનો જ લય કરવા {"જગમાંહિ જીવતાં જ મરવા"} તેઓશ્રી વીરવાણીમાં "વિચારને વશ વર્તાવનાર" ચિત્તશુધ્ધિનું અમૂલ્યતત્ત્વ ઓળખાવે છે. કારણ કે સાધક વેદાધ્યયન, યોગાભ્યાસ, આશ્રમાન્તર આદિ અસંખ્ય પ્રયત્નો કરે તો પણ મનશુધ્ધિ વિના એ બધો ઉધમ નિરર્થક છે. તે કોના જેવું છે ?

"કાચું રસાયન ખાય છે, થાવા નિરામય ચ્હાય છે,[1]
ત્યજી પથ્ય કુપથ્યે ધાય છે, કહો કેમ તે દુઃખને હરે,
મનની ન શુધ્ધિ જો કરે, જીવ તે ન સુખમાં તો ઠરે."

{નૃ.વા.વિ., પુ.૩, પૃ.૬૪}

---

૧. અખાએ દૃષ્ટાંત યોજ્યું છે :
"જયમ પારો મુવો તે રોગ નિગમે, પછે ભોજન બહોળું જમે,
ત્યમ નૈરાશીથી મળે નારાયણ, અખા પહેલે તાં એવું ણ."
{"અખાના છપ્પા", ગુરુચંગ, પૃ.૪}

પરંતુ વિકાસક્રમની કેડીએ જીવાત્મા નિજનિજકર્મશ્રેણીઅનુસાર જુદાં જુદાં પગથિયાંઓ ઉપર ઊભા હોય છે. બધા જ લોકો અંતિમ પદ પર – "શિખર પર" – સત્વરતાથી સ્થિત થવા યોગ્ય ભૂમિકાવાળા હોતા નથી ; અને સૌનો અધિકાર સર્વ સમયે સરખો પણ હોતો નથી. તેથી શ્રીમન્નૃસિંહાચાર્યજી તેમના તમામ ગ્રંથોમાં અધિકારભેદનું ભારપૂર્વક સ્પષ્ટીકરણ કરે છે.

આથી ન્યૂનાધિકારયુક્ત મંદ મતિ, મલિન મન તથા વિવિધ વાસનાઓથી યુક્ત અને વિષયાસક્ત વૃત્તિઓથી આવૃત્ત, સામાન્ય સાધકાવસ્થાવાળા, પામર અને પ્રયોગદશાના – જગતના મોટા ભાગના – જીવો માટે કેવળ વિચાર-વિવેકનો માર્ગ એકદમ સરળ અને સહસા સાધ્ય નથી. તેથી ઇતર માર્ગોનું વિધાન કરેલું છે અને તે પૂર્વોક્ત વિચારમાર્ગનું વિધાયક-ઉપકારક નીવડે છે. આ વિષયનો નિર્દેશ કવિશ્રીએ એક સાખીપદમાં સંક્ષિપ્ત રીતે કરેલો છે,

"પ્રેમ ભલો પરિગ્રહ શું, અન્ય પ્રેમ દુઃખરૂપ ;
અખંડની પ્રીતિ થકી, ટળે શોક ભવકૂપ.
નિર્ગુણસગુણભેદને, સમજ્યા શૂરા સંત ;
વાદ કરી મરતા વઢી, પામર વિષયી જંત
દેહ બન્યો એ સગુણ છે, નિર્ગુણ આત્મા લેખ ;
જ્ઞાન થવે બે મત ટળી, ગુણાતીત પદ પેખ.
સગુણ શમે નિર્ગુણ વિષે, માટે નિર્ગુણ પ્હેલ ;
{પણ} પામરને રુચે નહિ, મુમુક્ષુ જનને સ્હેલ.
માટે પ્રકાર ત્રણ કર્યા, વેદ વિષે નિરધાર ;
કર્મોપાસનજ્ઞાન એ, સમજણ લેવા સાર.
શિશુ અવસ્થા કર્મ એ, મધ્ય ઉપાસન જાણ ;
એથી સાર ગ્રહી ચઢે, વૃધ્ધા જ્ઞાન પ્રમાણ."

{નૃ.વા.વિ., ખુ.૧, પૃ.૧૬}

કર્મમીમાંસાનો વિસ્તાર આચાર્યશ્રીએ તેમના ગદ્યગ્રંથોમાં કરેલો છે. વાણીવિલાસનાં કેટલાંક પદ્યોમાં તેમણે કામ્ય, વિહિત અને નિષિદ્ધ કર્મ સંબંધી ઉલ્લેખ અને યોગ્ય ઉપદેશ કરેલો છે. તેઓશ્રીની વિચારશ્રેણીમાં ક્રિયાકાંડનું બહુ મહત્ત્વ નથી. જ્ઞાન-ધ્યાન વિનાની ક્રિયા અધૂરી અથવા લગભગ નિરર્થક છે, એવી માન્યતા પ્રવર્તે છે. માનવીમાત્રનું જીવનદોરડું કર્મસૂત્રથી ગ્રથિત થયેલું છે.[1] તેમાં પ્રતિજન્મે પોતાનાં કર્મો વધારા વ્યક્તિ ગાંઠ કે ગૂંચો ઉકેલતો જાય છે અથવા તો તેમાં ઉમેરો કરી દોરડાને વધુને વધુ સુદૃઢ બનાવતાં જાય છે. માનવી ભિન્નભિન્ન ભૂમિકાઓ પર, એક ક્ષણ વાર પણ, કર્મ કર્યા વિના રહી શકતો નથી. પોતપોતાના સ્વભાવ પ્રમાણે તે પ્રવૃત્તિપરાયણ રહે છે. નિષિદ્ધ નિંદ્ય કર્મોના પરિત્યાગપૂર્વક વિહિત કર્મોના પાલન વધારા ચિત્તશુદ્ધિના માર્ગે પ્રયાણ કરવામાં, નિરભિમાન વૃત્તિ અને નિષ્કામ બુદ્ધિથી યજ્ઞાર્થે – પ્રભુપ્રીત્યર્થે અથવા લોકસંગ્રહાર્થે – કર્મ કરવાનો અનુરોધ આચાર્યશ્રીએ કર્યો છે. ગદ્યગ્રંથોની ચર્ચા વખતે વિચારવામાં આવશે તેમ ગૃહસ્થાશ્રમધર્મના પાલન માટે તેઓશ્રીએ સવિશેષ આગ્રહ સેવ્યો છે.... અને એ રીતે તેઓશ્રી ગીતામાં વર્ણવેલા પ્રકારના કર્મસંન્યાસયોગ[2] માટે અનુરોધ કરે છે.

"નિષ્કામ કર્મ કરવા થકી શ્રેય થાશે."

{નૃ.વા.વિ., ખંડ ૨, પૃ. ૧૬૨}

---

૧. सुखस्य दुःखस्य न कोऽपि दाता। परो ददातीति कुबुद्धिरेषा॥
अहं करोमीति वृथाऽभिमानः। स्वकर्मसूत्रग्रथितो हि लोकः॥

{વાલ્મિકી રામાયણ ૬, ૬}

૨. શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૩, શ્લોક ૫.

કર્મમાર્ગ તો જીવનમાં આદિથી અંત સુધી અનુસ્યૂત હોય છે. પરંતુ ઉપાસના, ધ્યેયપ્રાપ્તિના માર્ગમાં સુલભ રીતે ઉપકારક નીવડી શકે છે. સગુણ અને નિર્ગુણ ઉભયની બ્રહ્મોપાસના માટે શાસ્ત્રોએ વિસ્તારથી વિધિવિધાનો કરેલાં છે. પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણે યથાર્થ વિચાર-વિવેક કરવાનું સામાન્ય જીવનું સામર્થ્ય અલ્પ હોવાથી, તત્સંબંધી ઉપદેશ, ઉત્તરાધિકારી આત્મનિષ્ઠ અથવા સ્વસ્વરૂપાવબોધથી સંતૃપ્ત એવા તત્ત્વવેત્તા સદ્‌ગુરુ પાસેથી ગ્રહણ કરવાનો શાસ્ત્રોએ આદેશ આપ્યો છે:

तद् विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत् ।
समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम् ॥

અહીં गुरुमेव માં નિશ્ચયાર્થ શબ્દની યથાર્થતા દર્શાવતાં શ્રીશંકર ભગવાન કહે છે : शास्त्रज्ञोऽपि स्यात्तथ्येण ब्रह्मज्ञानान्वेषणं न कुर्यात् ।

જ્ઞાનવિભૂતિ ઉપનિષદોએ જ તેથી તો उप+नि+सद् એટલે કે આચાર્યની ઉપ (સમીપ) બેસવાના આ માર્ગનું વિધાન કરેલું છે. સુપ્રસિધ્ધ શ્લોક છે:

गुरुर्ब्रह्मा गुरुर्विष्णु गुरुर्देवो महेश्वरः ।
गुरुः साक्षात् परब्रह्म तस्मै श्रीगुरवे नमः ॥

પરબ્રહ્મતત્ત્વનું અનાદિ અનંત અગોચર ઇત્યાદિ "नेति नेति" વ્હેરા સાંકેતિક નિરૂપણ શ્રુતિઓએ કરેલું છે. एकोऽहम् बहुस्याम् - ના સર્વવિદિત સિધ્ધાન્ત વ્હેરા, આવિષ્કારની ભૂમિકા પર "त्रिदेव"ની વાસ્તવ કલ્પના બંધબેસતી છે. ત્રણે દેવો અને તેમનાં ત્રણ કાર્યક્ષેત્રો-કાર્યપ્રકારોની - સર્જન-વિસર્જનની તાત્ત્વિક આલોચનાની અત્રે જરૂર નથી. આ બ્રહ્મકાર્યનું અખંડ અને સમગ્રદૃષ્ટિથી - પૃથક્‌પણે નહીં - ચિંતન અને મનન થઇ શકે.

---

૧. मुण्डकोपनिषद्, १-२-१२.

પ્રકૃતિગત મોહમાયાનાં આવરણો અને ઉપાધિથી અનેકવિધ અશુધ્ધિઓ, દોષદુષ્પ્રવૃત્તિઓ તથા વિકારવાસનાથી મનુષ્યનું જીવન અશુધ્ધ બને છે. તેના મનની મલિનતાનું નિવારણ કરવા માટે સદ્‌ગુરુ મહેશ્વર સ્વરૂપે કાર્ય કરે છે. તે પ્રસંગોપાત્ત વાસના-વિકારનો વિનાશ કરવાનું શિષ્ય પ્રતિ સૂચન અને બોધવિતરણ કરે છે.... જરૂર પડે પોતાનાં અપ્રતિમ વાત્સલ્ય વડે તેના દોષોનું નિરસન કરવામાં સહાયભૂત પણ થાય છે.

સાધકના અંતઃકરણમાં દોષવિનાશ પછી સદ્‌ગુણસર્જન અને વિશુધ્ધિવિકાસનું કાર્ય કરવામાં ગુરુદેવ બ્રહ્માનું સ્વરૂપ ધારણ કરે છે. દ્વેષદ્વેષ અને વેરને સ્થાને પ્રેમનું, ક્રોધને સ્થાને શાન્તિનું, ભય, લોભ અને મોહને સ્થાને નિર્ભયતા, સંતોષ અને પ્રેમનું પ્રતિસ્થાન કરવાના સાધકના પ્રયાસોમાં ગુરુદેવનું કૃપાવર્ષણ તથા માર્ગદર્શન અત્યંત ઉપકારક થઈ પડે છે. રજોગુણ અને તમોગુણમાંથી નિવૃત્તિ મેળવી, સત્ત્વગુણમાં સંસ્થિતિ પ્રાપ્ત કર્યા સિવાય સાધક જ્ઞાનનો અધિકારી-મુમુક્ષુ બની શકતો નથી. આ દિશામાં સફળતા મેળવવા અને અધિકારી બનવા તેને ગુરુ સિવાય - ગુરુશિક્ષા કે ગુરુકૃપા સિવાય - અન્ય કંઈ ઉપયોગી નીવડી શકતું નથી એ નિર્વિવાદ છે.

આત્મોન્નતિના ઉચ્ચ શિખર પર પહોંચ્યા પછી અજ્ઞાનવધ અને અપ્રમત્ત રહેનાર સાધકને પતનની ઊંડી ખાઈમાં ગબડતાં વાર લાગતી નથી. પ્રલોભનો અને પ્રતિકારો સામે સાધકને વિષ્ણુ સ્વરૂપે સદ્‌ગુરુ જ ટકાવી રાખે છે. ઉચ્ચસ્થિતિને પ્રાપ્ત કર્યા પછી, ઠગી ન જવાય એવી સાવચેતી રાખવાની પ્રેરણા ગુરુદેવ દ્વારા સાધકને પ્રતિપળ થયા જ કરે છે.

આમ ત્રિમૂર્તિનું કાર્ય ગુરુદેવ કરતા હોવાથી તેમનામાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરનું આરોપણ કરવામાં આવેલું છે. પરંતુ અલંકાર

હંમેશાં સંપૂર્ણ હોતો નથી. પછી તે ઉપમા હોય કે રૂપક. એ તો માત્ર સૂચક જ હોય છે. સત્ય ગુરુત્વ તો આ ત્રણેયથી પર છે. આ ત્રણે ય દેવો જેમાંથી આવિર્ભાવ પામી, જેનું કાર્ય કરે છે તે પરમતત્ત્વથી અભિન્ન ગુરુતત્ત્વ માટે તો કહ્યું છે કે,

તાત્પર્ય કે નિદાન, અહંતાયમતા કામક્રોધાદિ વિકારો અને દૃશ્યવિષયની વાસનાઓથી સંપૂર્ણ વ્યાવૃત્તિ મળતાં સુધી, - આત્મવિચારને યોગ્ય બ્રહ્મોપાસનાનુકૂળ ચિત્તશુદ્ધિની ભૂમિકા પ્રાપ્ત થતાં સુધી - તે પ્રકારની વિશુદ્ધિને વરેલા, આત્મસાક્ષાત્કારની જીવંત ચરિત્રમૂર્તિ શ્રી સદ્‌ગુરુના આશ્રયની અપેક્ષા અનિવાર્ય ગણી છે તે સાર્થક છે.

"ભાન જગતનું જ્યાં લગી
ગુરુઈશ્વરને શાસ્ત્ર પૂજ્ય ગણો,
તે ટળતાં ટળી પોતે,
અભેદ રહીને સદાય સુખ માણો."

{ નૃ.વા.વિ., ખું.૩, પૃ.૧૩૨ }

નરસિંહ પ્રભુનું ભજન કરીને, પોતે પોતાને તારો રે,
માથે છે મોત તણો મારો રે.

{ નૃ.વા.વિ., ખું.૨, પૃ.૮૨ }

પોતે પોતાને ઓળખવા-ઉદ્ધારવા[1] યોગ્ય ભૂમિકા પ્રાપ્ત કરે ત્યાં સુધી તો સદ્‌ગુરુશરણની નિઃસંદેહ અનિવાર્યતા શ્રીમન્નૃસિંહાચાર્યજીએ જણાવી છે. સદ્‌ગુરુચરણ કે સંતશરણનો નિર્દેશ ત્રણેય ભાગમાં મોટા

~~૧. સરખાવો :-~~

૧. સરખાવો : - અધ્યાય ૬, શ્લોક ૫

ભાગનાં પદોમાં છે. કેટલીક સુંદર પંક્તિઓ જોઈએ :

"દરિયો જે આ માયાકેરો, રસરહિત નિરધાર જોને.
સદ્‌ગુરુશરણ જવાથી ભાઈ, નવાણવૈયે થાય જોને."
(નૃ.વા.વિ., પુ.૧, પૃ.૧૧)

"સંતચરણમાં જે જઈ પડશે, પામે પદ નિર્વાણ જોને,
સુવર્ણતોલો તે શીદ ઇચ્છે, જે જન પામે ખાણ જોને.
....
પારસસંગે કંચન થાયે, તુચ્છ લોહની જાત જોને,
સદ્‌ગુરુ તો પારસપૈ અદકા, આપ કરે સાક્ષાત જોને."
(નૃ.વા.વિ., પુ.૧, પૃ.૧૩)

"અનભય ગઢ ચઢવું નહિ સહેલું, વિના સંતની મ્હેર જોને.
....
અંધ ગમન શી પેરે કરશે વિના દૃષ્ટિની સ્હાય જોને,
(તેમ) અગમપંથ મૂરખથી ભાઈ, સદ્‌ગુરુ વિણ ના પમાય જોને."
(નૃ.વા.વિ., પુ.૧, પૃ.૧૪)

"સદ્‌ગુરુ સાચા બેલી રે, શૂરા આ સંસારમાં રે,
સત્ શબ્દોથી હણશે દુષ્ટ વિચાર,
નરસિંહ નિશા ટાળી રે, અભય પદ આપશે રે,
સદ્‌ગુરુસંગે રજની કરો નિસ્તાર,
ગુરુ ગુરુ કરતાં રે, રજની વહી ગઇ રે,
ઉગ્યો જોને રઢિયાળો રે પ્રભાત." ૧
(નૃ.વા.વિ., પુ.૧, પૃ.૩૮)

સદ્‌ગુરુ સંત હેતથી શરણાગતનો હાથ ગ્રહે છે અને "અભયવચન આપે છે". તેને માટે મહાન પુરુષોનાં દૃષ્ટાંતો કવિએ આપ્યાં છે :

અન્ય ભક્તિમાર્ગી કવિજનો ગુરુગૌરવના આલાપ જુદા જુદા સંપ્રદાય પર ગાયા કરે એ સ્વાભાવિક છે. પરંતુ કેવલાદ્વૈત જ્ઞાનવિચારણા જાણી કવિ અખો પોતાની ઉત્કૃષ્ટ કૃતિ 'અખેગીતા'ના પ્રત્યેક કડવાના અંતમાં, "..... તો સેવો હરિપુરુષસંતને" એવા અનુભવોદ્‌ગાર કાઢે છે તે નોંધપાત્ર છે.

"સદ્‌ગુરુસંગ કીયો હે જનકને,
રાજ કીયો તોભી મુક્ત કહયો હે.
રામચંદ્ર રઘુકુલ ભયો, ગુરુપ્રતાપ ત્રિતાપ દહયોહે.
યદુકુલ શ્રીકૃષ્ણ બ્રહ્મ કહાયે, તોભી ગુરુસેં ભેદ ગ્રહયો હે.
બિનસદ્‌ગુરુ જય કિનકો ભયો હે."
(નૂ. વા. વિ., પુ. ૨, પૃ. ૧૩૮)

ગુરુશિષ્યસંબંધ સર્વાંશે પ્રકટ હોતો નથી. ગુરુના શુધ્ધ સાત્ત્વિક વત્સલ હૃદયથી ઉદ્‌ભવતો શુભસંકલ્પપ્રવાહ શિષ્યનું અગમ્ય રીતે શ્રેય સાધે છે. કોઇ તર્ક કરી શકે છે કે સદ્‌ગુરુ-સંતના માધ્યમ વિના અનેકવિધ રીતિથી જ્ઞાન મેળવી શકાય છે. પરંતુ તે જ્ઞાન કેવળ બૌધ્ધિક કે શાબ્દિક જ્ઞાન હોય છે. તેના પેટાળમાં અવિધાની છાયાનો અંશ હોય છે. એવું તર્કવિતર્કનું બૌધ્ધિક બળ વધારનારું દુન્યવી જ્ઞાન પુસ્તકોનાં પઠન-પરિશીલન તથા વ્યાવહારિક શિક્ષકો વ્હોરા પ્રાપ્ત થાય છે. તે ક્લેશનિવારક સત્યસાક્ષાત્કાર કરાવનારું સમ્યક્ જ્ઞાન નથી હોતું. વ્યવહારપરમાર્થને બહિરંતર શુધ્ધ કરનારું, મનની મલિનતા, "ભ્રાન્તિ ભય સંધ સંહારનારું" અને ભ્રમયુક્ત વિકારશીલ ચંચલતાથી વારંવાર અનુભવાતી ચિત્તની અશાંતિ ઉદ્વેગમય સ્થિતિનો અંત આણનારું સાચું નિશ્ચયાત્મક જ્ઞાન, તથા તે માટેની નિર્મલ નિઃસંશય નિષ્ઠા - એ તો યોગ્ય સત્પુરુષ કે સદ્‌ગુરુના સંગ-બોધ અને અનુગ્રહથી જ પ્રાપ્ત થાય છે. આ સર્વ જ્ઞાની સંતોનો નિશ્ચલ અભિપ્રાય છે.

સામાન્ય ભૌતિક વિધાઓના જ્ઞાનની નિરર્થકતા માટે કવિ કહે છે :

"વિદ્યા ભણી ભણી ભાર વહે શિદ, જેમ વાહક ગાડાનો,
ત્યાં તો ખપ છે શુધ્ધ હૃદયનો, નથી શુધ્ધ ચાડાનો.
હરિ લઇ હરિપદ મૌન સદા રહો, નથી ખપ ત્યાં રાડાનો ;
અધીનતા તજી સ્વતંત્ર થાવું, શો ખપ શિશુ ઢાંડાનો."

{નૃ.વા.વિ., પુ.૨, પૃ.૨૮}

વળી, અન્ય પદમાં,

"શાસ્ત્ર સર્વે ભણે કષ્ટ વેઠી ઘણે,
ચપળતાથી ભલે ગ્રંથ વાંધે ;
તોય પણ આત્મ અનુભવ વિના તેહનાં,
હૃદય અતિ અગ્નિથી નિત્ય દાધે."

{નૃ.વા.વિ., પુ.૨, પૃ.૧૭}

{અહીં "દાધે" શબ્દપ્રયોગ "વાંધે" સાથે પ્રાસ મેળવવા માટે થયો છે. પરંતુ દહે, દાહે, દાધે....એક જ અર્થમાં અનેકવાર વપરાયા છે}. એ જ્ઞાન માટે રાડારાડ કે શોરબકોર કરી ભાષણો કરવાની, કે પુષ્કળ પરિશ્રમ વેઠી "સર્વશાસ્ત્રોને જિહ્વાગે" કરવાની કે "ગાડાનો ભાર વહવા"ની પ્રવૃત્તિઓની જરૂર નથી. પણ "શુધ્ધ હૃદયનો જ ખપ છે". અંતરમાંથી રાગદ્વેષના કર્દમ કાઢી ચિત્તશુધ્ધિ કરાય તો જ જ્ઞાનસુખથી વંચિત રહી શકાય.

"કષ્ટે પુરાણોને ભણી, સ્થલ સ્થલ કથાઓ કરી ઘણી,
વદી વાત વેદાગમતણી, નવ રાગદ્વેષ શમ્યા ઉરે,
જીવ તે ન સુખમાં તો ઠરે, મનની ન શુધ્ધિ જો કરે."

{નૃ.વા.વિ., પુ.૩, પૃ.૬૪}

સ્થિર શુધ્ધમતિથી થતું શાસ્ત્રાધ્યયન ચિત્તશુધ્ધિમાં સાધન તરીકે ગણાયેલું હોઇ, તે તદ્દન નિરુપયોગી નથી. પરંતુ તેથી તે અંતિમ ધ્યેયની - ક્લેશની નિતાન્ત નિવૃત્તિ અને પરમ નિર્વૃત્તિ

{આનંદ} ની - પ્રાપ્તિના માત્ર પ્રમુખ સાધન સત્ય સાક્ષાત્ જ્ઞાનની ગરજ સારતું નથી. તે તેનું કદાચ ઉપકારક નીવડે પણ તેનું સ્થાન તો ન જ લઇ શકે. માટે શ્રીમન્નૃસિંહાચાર્યજી જણાવે છે કે ગુરુ-પ્રભુપદમાં કે આત્મતત્ત્વમાં પ્રીતિપૂર્વક શરણ લઇ - ભલે પછી અધ્યયનની સહાય લેવામાં આવે કે ન આવે - ભ્રમોચ્છેદન વ્હારા, સત્ય અપરોક્ષ જ્ઞાનની અનુભૂતિ કરી શકાય છે.

"નૃસિંહ પ્રભુપદ પ્રીતિ વધારો, ભ્રમનો કરી ઉચ્છેદ,
મનનો તેથી મટશે ભેદ."

{નૃ.વા.વિ., પુ.૩, પૃ.૬૫}

માટે અનુભવી સત્પુરુષોના બોધ અને અનુગ્રહથી પ્રાપ્ત થતો જ્ઞાનાનુભવ મેળવવા અખંડ સાધના કરવી પડે છે. અનુભવથી જ અધિકારી થવાય છે. કવિશ્રી પોતે આ સંબંધમાં ઠેરઠેર અનુભવ વાણી ઉચ્ચારે છે.

"અનુભવીની અલ્યા ચોટ છે કારમી,
કોઇ શૂરવીર એ ચોટ સાધે ;
સદ્ગુરુશરણવિણ કંઈક વહેતા થયા,
પુસ્તકે પાર તો નાહિ લાધે."

{નૃ.વા.વિ., પુ.૨, પૃ.૧૭}

આચાર્યશ્રી એક તિથિ-ગરબીમાં સ્વાનુભવનું કથન કરે છે,

"કહું મુજ વીતી સર્વ કહાણી, તિથિસંગે ઉપદેશસમ વાણી,
હું પદ નથી પરમાર્થે ભણી,
હરિજન હર્ષ ધરી મનમાં, સુણો દૃઢ ભક્તિ ગ્રહી તનમાં,
સમજી રહો ઘર કે વસો વનમાં."

{નૃ.વા.વિ., પુ.૧, પૃ.૭૧}

છેવટે, "હું પદ નથી, પરમાર્થે બ્રહ્મ....."માં મિથ્યાભિમાનીનો પણ લય કર્યાનું સૂચન કરે છે. એ જ વસ્તુ બારમાસીમાં વર્ણવતાં છેવટે કહે છે,

"ત્રયોદશીએ ત્રિગુણ નહિ ભાવે,
ગુણાતીત લક્ષ હૃદય આવે,
ઊડે બુધ અધિક ન ત્યાં ફાવે."
{એજન}

એ ચરમ અવસ્થાનો – અચિંતનીય, અવર્ણનીય સ્થિતિની અનુભૂતિનો – કવિ સ્વાભાવિક પ્રાસાદિક વાણીમાં સુંદર રીતે એકરાર કરે છે. અનુભવજ્ઞાન સંબંધી કેવળ વીસ વર્ષની યુવાવસ્થાએ કવિએ કાઢેલા આ ઉદ્‌ગાર મિથ્યા શુકપાઠની પેઠે થતો શુષ્ક વાણીવિલાસ નથી, પરંતુ આત્માનુભૂતિની આનંદલહરીનો સાચો પડઘો પાડતો "શ્રીનૃસિંહવાણીવિલાસ" છે. આવી અનુભવમસ્તીના સ્વયંસ્ફુરિત ઉદ્‌ગારો તેમનાં પદોમાં સ્થળે સ્થળે સ્પષ્ટ સંભળાય છે.

"આ ગગનમંડળમાં અમે ગયાં, નયને નિરખ્યા નાથ;
આ ભવદુઃખ સર્વે વિસરૂયાં, ભેટયાં ભરી બાથ."
{નૃ.વા.વિ., પુ.૨, પૃ.૬૪}

આ યોગક્રમને સૂચવતા પદમાં કવિ કહે છે,

"વળતાં ત્રિવેણીતટમાં નાહીને, વિચરૂયાં ગુહાની માંહ્ય;
જ્ઞાનસ્વરૂપ ત્યાં થઇ રહયાં, {જ્યાં} અજ્ઞાને ના અવાય.
નિરતિશય આનંદ પ્રકટીયો, આવરણ દીસે ન કોય;
નિર્ભયતા ને નિઃશંકતા, પાપ પ્રલય જ હોય."
{એજન}

છેવટે,

"નરસિંહ નિજ સ્વરૂપમાં, થઇ અદ્વૈતાકાર;
{આ} ભિન્ન હતાં તે અમે ટળ્યાં, સિંધુલહરીપ્રકાર."
{એજન}

....

"મન મસ્તાન ભયો, સજન મેરો, મન મસ્તાન ભયો"

: નૂ.વા.વિ., પુ.૨, પૃ.૧૩૩ :

એવા નીડર બ્રહ્મજ્ઞાની જ ખુમારીથી ગાઇ શકે કે,

"અબ મૈં ભિ ભયા જગરાયા, નિશાન ગડાયા, ડંકા બજાયા.
હૃદયમંડલ મેં નાદ જગાયા,
અહં નિજ ગગનમંડલમેં ભગાયા,
વહાં અજરામર આસન પાયા, ઈશ કહાયા. અબ૦ ૧
દશદિશ જયઘોષ સુનાયા,
સબહિ સ્થલ અમલ જમાયા,
શાંતિસે અખંડ મંડલ છાયા, છપ ગઇ માયા. અબ૦ ૨
અરિમિત્રભાવ અલપાયા,
મનપ્રાણ મિલી ઘર આયા,
તાપત્રય જીવત્વ નસાયા, અભય દેઢાયા. અબ૦ ૩
મિથ્યા મૈંપનકો છટકાયા,
દ્વૈદ્વૈત અંતરસેં સબ ઝટકાયા,
નૃસિંહ અભયમેં સદા શમાયા, જેને યશ ગાયા. અબ૦ ૪"

: નૂ.વા.વિ., પુ.૩, પૃ.૧૫૭ :

આ આર્ષ પદ બ્રહ્મકુમારીને વ્યક્ત કરતું ઉત્કૃષ્ટ પ્રકારનું ઊર્મિકાવ્ય છે. હિંદીભાષામાં તેની અભિવ્યક્તિ સબળ અને સચોટ બની છે. આ પદ પણ આચાર્યશ્રી સાધકસમૂહ સમક્ષ, તાનપુરા સહ, લલકારતા ત્યારે સૌ કોઇ ગાયકની સાથે ભાવકસમાધિને અનુભવતા. તેનું મુખ્ય કારણ સ્વાભાવિક શબ્દાવલિમાં વહી રહેલી કવિની સ્વાનુભૂતિ અને બિહાગરાગને અનુરૂપ સ્વરાનુસંધાન છે. કર્તાશ્રીનાં આવાં કેટલાંય પદોમાં કવિતા અને સંગીતનો, શબ્દ અને સ્વરનો સુંદર સુભગ સમન્વય સધાયેલો જોવા મળે છે.

આમ અનુભવથી અધિકારી બનવા ઉપદેશ કરનાર કવિ નિજાધિકારાનુભવને સમેટતાં કહે છે,

"આત્મસ્વરૂપની અકથ કહાણી, વર્ણવી શકે શું તેને વાણી ;
જેમ છે એમ રહેવું ભણી રે.
વેદ વર્ણવતાં થાક્યા જેહને, અન્ય કથન શું કરશે તેને,
સમજાય તો સમજી લેને રે.
સજન કોઈ, શાણા હો તો ધ્યાન દેજો."

(નૃ.વા.વિ., પુ.૧, પૃ.૧૨૪)

કારણ,

"પરમસુખને તે શું જાણે, બુધ બુડી જેની ઉંડી ખાણે ;
મોજ એ નરસિંહ માણે રે."

(એજન)

આમ કવિએ વક્તવ્યનો અંત "જેમ છે એમ રહેવું ભણી" અને "સમજાય તો સમજી લેને રે" જેવાં માર્મિક વચનોથી આણ્યો છે. કારણકે આત્મસ્વરૂપના સ્વાનુભવની આ અકથ્ય વાતો અનધિકારી પાસે કરવામાં અનેક અનિષ્ટો ઉભાં થાય છે. કવિ પુષ્કળ દૃષ્ટાંતો આપતાં કહે છે :

"તે જન સ્વાદ શું કહેશે સંસારી, ચાખ્યું નથી જેણે અમૃત વારી ;
જેણે, સેવી જઇને વહેરી મારી રે.
....
છીપ ગ્રહે જે અપ વિચારી, અહિમુખ જાય તો વિષ જ કારી ;
ઉખ દેતાં નાંખે મારી રે,
વાતો એ છે મર્મકેરી, દુર્જનોથી છે આઘેરી ;
અધિકારી લેશે ઘેરી રે.

જ્ઞાન દિયે તો થાય મુવારી, નરસિંહે જોયું નયન પસારી ;
કો, પામર શું ના કરશો યારી રે.
અનુભવની વાતો ન્યારી, અનુભવીને લાગે પ્યારી ;
મૂઢ નરને છે અકારી રે."[1]

(નૃ.વા.વિ., ખુ.૧, પૃ.૧૨૫)

આટલા વિવેચન પરથી બે મહત્ત્વના મુદ્દાઓ તારવી શકાય છે :-

(૧) મનમતિના ઉચ્ચ અધિકાર પર આધાર રાખનારાં વિચાર-વિવેકાદિ સાધનોના સંપૂર્ણ સામર્થ્ય વિનાના - અથવા તો ન્યૂન સામર્થ્યવાળા - સાધકો, પોતે મધ્યમ કે મંદ અધિકારના હોય છે છતાં એકદમ ઉચ્ચ અધિકારના સાધનને ગ્રહણ કરવા તત્પર થાય છે. ઇન્જેકશનોથી કે કેફી પીણાંઓથી દર્દીઓ જેમ મિથ્યા

---

૧. આ કાફી રાગના પદમાં શ્રીમન્નૃસિંહાચાર્યજીનો અધિકારવાદ વધુ સ્પષ્ટ બને છે. આ સ્થળે કવિ દયારામ કૃત "જે કોઇ પ્રેમઅંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે", એ સુપ્રસિધ્ધ પદ સરખાવવા જેવું છે. તેમાં પણ અનધિકારી પ્રવૃત્તિથી થનારાં અનિષ્ટો સંબંધમાં કવિએ વિવિધ દૃષ્ટાંતો આપ્યાં છે. તેમાંની નીચેની પંક્તિઓ, શ્રીમન્નૃસિંહાચાર્યજીના આ પદમાંની બે પંક્તિઓ સાથે સરખાવી શકાય તેવી છે.

"સક્કરખોરનું સાકર જીવન, ખરના પ્રાણ જ હરે,
ક્ષારસિંધુનું માછલડું જયમ, મીઠા જળમાં મરે - જે કોઇ પ્રેમઅંશ.

(દયારામ)

"અન્ય સકળને શાકર સારી, ગર્દભને પ્રાણ જવાની વારી ;
શેની તેને ખાવા વારી રે, સજન એ તો૦"

(નૃસિંહાચાર્ય)

શક્તિના આવેગનું આભાસિક ભાન અનુભવે છે પણ તે સ્ફૂર્તિ-સામર્થ્ય સાચું અને સ્થાયી હોતું નથી, તેમ મોટા ભાગના (થોડાક અપવાદ સિવાય) આવા સાધકો કલ્પિત કે કદીકદી સ્વભાવસ્ફુરિત - પણ ક્ષણિક - સાક્ષાત્કારના આભાસના અભિમાનનો ભાવ લઈ તેની જાણે મસ્તી માણતા હોવાનું માને છે ; પરંતુ તેથી તેમને ચરમ લક્ષ્યની પરમ શાંતિ પ્રાપ્ત થઇ હોતી નથી ; તેમ જ તેની પ્રાપ્તિનો માર્ગ પણ તેવા મિથ્યા અહંકારથી રૂંધાઇ જતો હોય છે.

અને : ૨ : વિવિધ પ્રકારની સૂક્ષ્મતર વાસનાઓની વિદ્યમાનતાવાળ મધ્યમ અધિકારીઓને સંન્યાસપદનો સ્વીકાર કરતાં, આચાર્યશ્રીએ તેઓશ્રીના ગ્રંથોમાં મૂળ ચેતવ્યા છે. તેનો વિચાર યથાસ્થાને કરીશું.

ચિત્તશુદ્ધિના પ્રાથમિક પગથિયાં તરીકે શાસ્ત્ર અને શિષ્ટ સંતમહાત્માઓએ તન મન અને વચનથી વિહિત કર્મોનું આચરણ અને નિષિદ્ધ કે અવિહિત કર્મોના કુસેવનનો ત્યાગ - એ બેને મુખ્યત્વે દર્શાવ્યાં છે, એ આપણે જોઈ ગયા. તે માટે તથા આચારકર્તવ્યના યથાર્થ પરિપાલનમાં વેગ વધવા માટે "સત્સંગ" ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. કારણ કે સારાસાર વિવેકબુદ્ધિનો ભાવ સત્સંગ વિના પ્રકટતો કે સુદૃઢ થતો નથી એવો સર્વ ધર્મસંપ્રદાયોનો એકમત છે. વાસ્તવમાં તો કેવળ અસંગ કે નિરુપાધિક નિઃસંગ બનવાનો તત્ત્વબોધ છે. પરંતુ મનુષ્ય સામાજિક પ્રાણી હોઇ આ ભયાં ભયાં સંસારમાં ઐકાન્તિક નિઃસંગાવસ્થામાં સ્થિર થવું એ ઘણું જ દુષ્કર અને લગભગ અશક્યવત્ કાર્ય છે. પરંતુ તત્ અથવા પરમ સત્નો સાક્ષાત્કાર કરી ચૂકેલા અથવા સંસારની મધ્યમાં નિર્લેપભાવે વિચરતા સંતોનો સાચા સત્પુરુષોનો સંગ દુષ્કરતાને દૂર કરી માર્ગને સુગમ બનાવવામાં ઉપયોગી નીવડે છે. સંતો, સાચા ગુરુઓ પરમ તત્ત્વને જ આત્મીય તરીકે ઓળખતા હોઈ,

નિત્ય તત્ત્વાનુસંધાન સિવાય અન્ય કશાના વિચાર કે ભાવનો પડઘો તેમના પ્રત્યક્ષ ચરિત્રમાં કે પરોક્ષ વચનામૃતમાં પડવાનો સંભવ રહેતો નથી. તેથી તો કાશ્મીરથી કન્યાકુમારી સુધી – અને ભારત બહાર પણ – પરિભ્રમણ કરતા વિશ્વપ્રેમી વિશ્વહિતૈષી સંતો તો આપણા દેશની દૈવી સંપત્તિ છે. રામાયણ, મહાભારત, ભાગવત, હરિવંશ વગેરે મહાકાવ્યપુરાણોમાં સંતોને પરમ તીર્થ રૂપે વર્ણવ્યા છે. સદ્‌ગુરુનો અને સંતનો સંગ શું કરી શકવા અસમર્થ છે ? યોગ્ય કર્માનુષ્ઠાન વ્હેરા મલ, નિષ્કામ ભાવનાયુક્ત ઉપાસના વ્હેરા ચિત્તચાંચલ્ય રૂપ વિક્ષેપ, તથા સ્વસ્વરૂપજ્ઞાન વ્હારા અજ્ઞાનરૂપ આવરણ–અંતઃકરણના આ ત્રિદોષના હલનથી ચિત્તશુદ્ધિ સધાવવામાં સત્સંગથી પરમ કોઈ સાધન નથી. શ્રીમન્નૃસિંહાચાર્યજી સ્વાનુભવથી એક નાનકડી ગઝલમાં જણાવે છે :

"નૃસિંહ સત્સંગે રહે સોહિ કમાયા રે,"

{નૃ.વા.વિ., પુ.૨, પૃ.૧૨૪}

ભવતરણનું સુદૃઢ નાવ સંતચરણ અથવા સત્સંગ છે, એ ભાવનું સમર્થન કરનારાં તથા દુઃસંગથી બચી સત્સમાગમ સેવવાનો અનુરોધ કરનારાં અનેક પદો પરંપરાગત શૈલીને અનુસરીને કવિશ્રીએ લખ્યાં છે. તેમાં કેટલાંક પદોમાં કવિત્વ ચમકારા મારી જાય છે.

"તજો તજો કુસંગનો છંદ લિયો સંતસંગમકરંદ."

{નૃ.વા.વિ., પુ.૧, પૃ.૩૭}

"સંતચરણમાં જે જઈ પડશે, પામે પદ નિર્વાણ જોને,
સુવર્ણતોલો તે શીદ ઇચ્છે, જે જન પામે ખાણ જોને."

{નૃ.વા.વિ., પુ.૧, પૃ.૧૨}

કારણકે,

"પારસસંગે કંચન થાએ, તુચ્છ લોહની જાત જોને,
સદ્‌ગુરુ તો પારસપેં અદકા, આપ કરે સાક્ષાત્ જોને."

{એજન}

આવી અનેક આલંકારિક પંક્તિઓમાં સત્સમાગમ, સંતચરણ અને દર્શન તથા તેનાથી પવિત્ર થયેલી ભૂમિના ભાગ્યનું વર્ણન કરેલું છે. સત્સંગ સાથે સંતકૃપા, પુણ્યભાગ્ય અને સાચી શ્રધ્ધાનો પણ મહિમા ગાયો છે.

"અનાભય ગઢ ચઢવું નહિ સહેલું, વિના સંતની મ્હેર જોને."

એ ધોળમાં,

"પથ્થ પાળવા વિણ ઔષધનો ગુણ ના આવે અંગ જોને,
તેમ વિનાવિશ્વાસ વચનમાં, ફળે નહિ સત્સંગ જોને."

{નૂ.વા.વિ., પુ.૧, પૃ.૧૪}

પણ આવો ફલપ્રદ સત્સમાગમ સહજમાં પ્રાપ્ત થતો નથી.

"પુણ્ય પાછલાં પ્રગટે જ્યારે, સંતસમાગમ થાય જોને."

{નૂ.વા.વિ., પુ.૧, પૃ.૧૧}

અને પુણ્યબળ કે સંતકૃપાબળ જાગ્યા પછી તો,

"દરિયો જે આ માયા કેરો, રસરહિત નિરધાર જોને -
સદ્‌ગુરુશરણ જવાથી ભાઈ, નવાણરૂપે થાય જોને,
રસહીન દરિયો તરવા કેરૂં, સંત નવાણ ગણાય જોને."

{ભજન}

પૌરાણિક આખ્યાયિકા પ્રમાણે વિશ્વામિત્રે એક પલ્લામાં પોતાનું હજારો વર્ષનું તપ મૂક્યું હતું જ્યારે બીજી બાજુ વસિષ્ઠે, "એક ઘડી આધી ઘડી, આધી મેં ક્ષણ આધ" ક્ષણાર્ધનું સાચા સત્સંગનું ફળ મૂક્યું હતું. શેષના શીર્ષ પરથી તપશ્ચર્યાના પ્રભાવે પૃથ્વી સહેજ પણ ન ડગી પરંતુ પળ માત્રના સાચા સત્સંગના પુણ્યપ્રતાપે પૃથ્વી ખસી. આમ સત્સંગનો મહિમા હજારો વર્ષથી ગવાતો આવ્યો છે. કવિશ્રી અનુપમ ફલશ્રુતિ સંભળાવે છે,

"સંતસંગ જેવું સુખ નહિ સ્વર્ગમાં જો,
નહિ બ્રહ્મ સત્યલોક – અપવર્ગમાં જો."

(નૃ.વા.વિ., પુ.૧, પૃ.૧૦૬)

અપવર્ગ એટલે મુક્તિમાં પણ સત્સમાગમ જેવું સુખ નહિ હોવાનું કારણ ? બીજાં લોક-સુખો કાળને કે સુખહેતુના સામર્થ્ય કે આયુષ્યને અધીન હોઇ જ્યારે જ્યારે તે ઓળપાય છે. પણ

"સંતસંગતથી અખંડ સુખ ઉપજે,
નરસિંહને તજી તે અન્ય શું ભજે જો."

(ભજન)

આમ સંતો પોતાનાં ઉદાહરણોથી, કર્માકર્મનો વિવેક, નિષ્કામકર્મનો મુક્તિમંત્ર વગેરેનો પ્રત્યક્ષરીતિથી સચોટરીતે પ્રબોધ કરે છે. તદુપરાંત સામાન્ય અધિકારીઓને ઉપાસનાનો સાચો વિધિક્રમ બતાવી તેને ધીમેધીમે ઉચ્ચ અધિકારી બનાવે છે.

આ સત્સંગ તથા સદ્‌ગુરુ, અભ્યુદય અને નિઃશ્રેયસના ધર્મને સધાવનારી ઉપાસના, નિષ્કામ કર્મયજ્ઞ, આત્મવિચાર વગેરેનાં અંગો તરીકે ભક્તિ, જ્ઞાન, યોગાદિ શાસ્ત્રીય માર્ગોની પ્રચલિત સાધનશ્રેણીનું શ્રીમન્નૃસિંહાચાર્યજીએ અનેક પદોમાં સૂક્ષ્મતાપૂર્વક પૃથક્કરણ કર્યું છે. તેનું વિહંગાવલોકન પછી કરીશું. પણ આ સર્વ સાધનો વ્હેરા ચિત્તશુદ્ધિ સાધવા માટેનું ઉપકરણ ઇન્દ્રિયાદિ કરણો અને તેનો અધિષ્ઠાતા મન છે, એ વિશેનાં પદો પર ઊડતી નજર નાખીએ. અધોગતિના ગર્તમાં જીવને હડસેલનાર વિષયવિકારાદિનું આક્રમણ મનના દુર્ગ પર જ થાય છે. જીવને વિવેકબોધની જાગૃતિ અનુભવવામાં મન જ પ્રત્યવાય ઉભા કરે છે. મન વ્હેરા જ મનુષ્ય વિવિધ શુભાશુભ વિચારનાં આંદોલનોને ગ્રહણ કરે છે કે તેની નિષ્ક્રાન્તિ કરે છે. ઉન્નતિ કે અવનતિ માટેનું મનુષ્યનું મોટામાં

મોટું માધ્યમ જ મન છે. આ મનસ તત્ત્વના વિકાસ અને વિસ્તારના કારણે જ આજે માનવીએ વૈજ્ઞાનિક સંશોધનોના ઉચ્ચ શિખરો સર કર્યાં છે. અણુ અને અવકાશ આદિના અન્વેષણમાં મન જ કારણભૂત છે. આ કારણથી કેટલાક વિદ્વાનો આજના યુગને "માનસિક યુગ" તરીકે પણ ઓળખાવે છે. માનવજીવનના - જગતના અનેક પ્રશ્નોનું ઉદ્ભવસ્થાન-કેન્દ્ર-મન છે. મનુષ્ય એ પ્રશ્નોનું નિરાકરણ પણ મન દ્વારા જ કરવાનો પ્રયત્ન કરે છે. પરંતુ એ પ્રશ્નોની પરંપરાનો પાર આવતો જ નથી. કારણ કે મનની શક્તિઓ ઉપરાંત મનની મર્યાદાઓનું માપ કાઢતાં માનવી - -માનવીનું મન - થાકી જાય છે. આથી મન ઉપર આક્રમણ કરનાર શત્રુસૈન્યનો સામનો કરી તેને (મનને) આત્મબોધાનુરૂપ નિર્મલ-નિર્લેપ કરવાની અગત્ય પર સર્વ શાસ્ત્રોએ ભાર મૂક્યો છે. તેથી નિપુણ ચિત્તશાસ્ત્રીની પેઠે, શ્રીમન્નૃસિંહાચાર્યજીએ ત્રણેય પુસ્તકોમાં, મનને ઉદ્દેશીને (દરેકમાં વીસ-પચીસ- ઉપરાંત) અનેક પદો રચ્યાં છે. જીવદશાની ઉપસ્થિતિ પર્યંત ચિત્તશુદ્ધિમાં મન બાધક બને છે ; તેની સુધારણા દ્વારા તે જ મન ચિત્તશુદ્ધિમાં સાધક બની શકે છે. મનને મારી નાખવાનું નથી. ધીખતી ધરા કરવાની નથી. પણ અમિત્રને મિત્રવત્ કરી, તેના સર્વસામર્થ્યનો ધ્યેયસિદ્ધિમાં વિનિયોગ કરી લેવાનો છે. તત્ત્વદર્શનની દૃષ્ટિએ વિચારતાં મનની પાર જવું (beyond the mind), અમન થવું, એ જ પરમ લક્ષ્યાર્થ છે. એ લક્ષ્યસિદ્ધિમાં મન જ મોટામાં મોટું સાધન છે.

"આ મનતણી મસ્તી રે, જો ન મોડે જીવ તું રે,
તો ન થાશે કદી એનો અમનભાવ,
અમનસ્ક વિના રે, ચિત્ત પણ ના શમે રે."

(નૃ.વા.વિ., ખું.૩, પૃ.૯૩)

"નૃસિંહ પ્રભુપદ સેવી સુખી થઈ,
ભાવ અમન ધરી રહે પ્રીતે રે."

(નૃ.ત્રા.વિ., પુ.૩, પૃ.૭૨)

"નિર્વિકાર દૃષ્ટા પદ પામી, સમૂલ સંશય ખોજે,
નથી આ પદ વાતામાં મળતું, સર્વે સમજી ઉર ધરજે,
વિવિધ ક્રમે યુક્તિ ગ્રહી શમતાં, ભાવ અમન નિજ કરજે.
હે મન ત્યજી મૂઢત્વ રહેજે, સુખ અચલ અનુભવે લેજે."

(નૃ.વા.વિ., પુ.૩, પૃ.૭૦)

મન સંબંધી પદોમાં કવિએ બેવડી રીત અખત્યાર કરી છે. મનની તરફેણનાં વચનો અને સંબોધનો વડે મનને મનાવી લેવાના વિચાર પણ, ઠીક ઠીક અધિકારે પહોંચેલા જીવો સમક્ષ તેમણે મૂક્યા છે. એક પદમાં તો મનને દેવની કક્ષામાં મૂક્યું છે.

"દેવ દેવીને કો જન સાધે, છું બળિયો એમ વહી વાધે ;
મન દેવનો દેવ ન આરાધે."

(નૃ.વા.વિ., પુ.૨, પૃ.૧૨૨)

અનેક પદોમાં મનને વીર, ધીર, શૂરા, શાણા....જેવાં સંબોધનોથી ઉત્સાહિત અને ઉત્તેજિત કરીને કર્તવ્યસજ્જ બનવાની કવિ પ્રેરણા આપે છે. તેવાં ઉત્કૃષ્ટ વીર્યભાવનાં વચનો ત્રણેય ગ્રંથોમાં છે :

"સાધક શૂરા, જો જીતો તો મનરિપુ એક જ જીતો ;
જેથી પૂરા , પંડિત ને દેવનો સમૂહ રહે બહીતો."

(એજન)

આ મંત્રવત્ પંક્તિમાં અન્યત્ર પરાક્રમ દાખવીને "અહમ્"માં ડૂબી જનારને જીત મેળવવા યોગ્ય પ્રદેશની સાચી દિશા દાખવી છે અને સામાન્ય સાધકો સમક્ષ આ મનને જીતવા – મનાવવા નહીં પણ નમાવવા – મનના સાચા સ્વરૂપને ખુલ્લું પાડ્યું છે.

"હો મન આ જગત્ તો લહેર છે, જેને સ્થિરતા ના દીસે રે,
ભ્રમથી ના સત્યવત્ માનતો, મૃગજલવત્ વસા વિશે રે."

અહીં આલંકારિક રીતે જગતના સ્વરૂપ વિશે આછો ઉલ્લેખ કરતાં કવિ કહે છે કે,

"તું તુજમાં હું પદ જે ધરી રહયો, એ જ માયા છે અંશે રે,
જેને ઇદં કરી ગણતો, તે સઉ છે તુજ વંશે રે. હો મન૦
તું સહ જગ જે આ ભાસતું, તે તો વસ્તુનો વિલાસ રે,
વ્યવહાર યોગ્ય દીસે ખરૂં, પણ ના વસ્તુએ ખાસ રે. હો મન૦"

(નૃ.વા.વિ., પુ.૩, પૃ.૩૧)

આમ, પરોક્ષ રીતે કવિએ મન અને જગતના સંબંધ વિશે તાત્ત્વિક પ્રકાશ પાડયો છે. આધુનિક તત્ત્વજ્ઞો પણ જગતને - અથવા સંસારને - Projection of the mind - મનના કલ્પનાવિસ્તાર તરીકે ઓળખાવે છે. આ સિધ્ધાંતનું મૂળ તો શ્રી શંકરાચાર્યની વિચારસરણીમાં રહેલું જ છે. અખો અને શ્રીનૃસિંહાચાર્યજી જેવા વેદાન્તી કવિઓ એ સિધ્ધાન્તનું જ વિવિધ રૂપકો અને દૃષ્ટાંતો દ્વારા કાવ્યમય શૈલીમાં સમર્થન કરતા હોય છે. કવિ કહે છે,

"જેમ બાજીગર બાજી રચીને,
ક્ષણમાં ભરી થેલે ચાલે રે ;
તેમ જગબાજી નથી રહેનારી
જીવ વૃથા વસશે ભલે રે,
જગમાં મોહ ધરો ના ભાઈ
છે જગ તો માયાની ઠગાઈ."

(નૃ.વા.વિ., પુ.૩, પૃ.૫૧)

"મન કલ્પિત મન મત્ત થઇને રે,
મસ્તી કરે ન રહે ઠેકાણે રે,
આરોપિત સત્ય લહી નિત્ય વહેતો,
સધ ઠરે ન જઈ નિવાણે રે."

(નૃ.વા.વિ., પુ.૨, પૃ.૫૫)

મન વેા૨ા સર્જાતી સૃષ્ટિનો કોઇ અંત જ નથી.

"વટકેરૂં જયમ બીજ, વધી વસુધા ઘેરતું,
તેમ જ મનરૂપ બીજ, મમભાવે વધી હેરતું.
જો મન આ અર્થ, કામ ન આવે કોયને,
તો પણ ઇચ્છી વ્યર્થ, નિત્ય વલોવે તોયને.
ધીમાંણણ નવ થાય, તુચ્છ તક્રમાં મોહય છે,
સત્ત્વહીન આ ગાય, પાત્ર વિના પણ દોહ્ય છે.
વિણપાત્રે રજમાંહ્ય, દોહ્યું પય વહી જાય છે,
હિત ન થાતું કંય, દુઃખદાતા રિપુ થાય છે."

(નૃ.વા.વિ.પુ.૩, પૃ.૧૩૬)

અહીં વટબીજ તથા ગાય, પાત્ર અને પયનાં ઉપમાનો વેા૨ા કવિએ ગંભીર વિચારને વિશદતાપૂર્વક રજૂ કર્યો છે. કવિ વારંવાર અનેક પદોમાં "મન વશ થાતાં વશ સર્વ થશે" એ ભાવનાં વચનોની પુનરુક્તિ કરે છે. એક બીજી સરળ ગરબીમાં કવિ મનને અકલ્પ્ય કલ્પનાવિસ્તાર માટે જાણે ઉપાલંભ આપતાં કહે છે,

"નહિ તે, તે તેં કલ્પી જોયું, માયાવી પદમાંહિ મોહ્યું,
બ્રહ્માંડ તણું બીયું બોયું રે,
વધવામાં પાર નહિ એવું, આપે ન હતું કંઈ એ જેવું,
જ્યાં કાંઈ નહિ ત્યાં કીધું કેવું રે.
મન મોજીલા, આ જગની બાજી તેં મિથ્યા માંડી."

(નૃ.વા.વિ., પુ.૧, પૃ.૪૦)

જે મનને કવિએ આરંભમાં સારાં સારાં સંબોધનોથી નવાજ્યું હતું તે જ મન પ્રતિ પછીતો તેઓ પ્રહાર કરતાં અચકાતા નથી. કેટલાંક સંબોધનો જોવા જેવાં છે :

"શુધ્ધ સત્ત્વદ્રવ્ય તેં હરી લીધું, આ મલિન દુઃખદ સૌને દીધું ;
નાહક વિષ પાઈને પીધું.
નરસિંહ મન તો કલ્પે આવું, મનમાયાથી સૌનું થાવું,
મન મટતાં સ્વરૂપે શમાવું.
મન ધૂતારા, ધૂર્તપણું તારૂં આ સઘળું જાણ્યું."

{ નૃ. વા. વિ., પુ. ૨, પૃ. ૬૩ }

તે જ પ્રમાણે, નીચેના પદમાં અભિમાની મનનાં પાખંડોનેકવિ તારાં. છતાં કરે છે :

"મન પાખંડી, જાણું છું પાખંડો સઘળાં તારાં.
સદ્વસ્તુ વિના, ના મટશે કદીએ આ દુઃખનાં નારાં."

{ નૃ. વા. વિ., પુ. ૨, પૃ. ૬૩ }

મનને ચીમકી આપવા અને જાગ્રત કરવા તેને ભાંડવામાં કવિએ બાકી રાખી નથી. ખલ, શઠ, મૂઢ, પાખંડી, ધૂતારા વગેરે સંબોધનોથી કવિ તેને ટકોરે છે.

"કાકની પેરે હરી ફરી શઠ તું, શું સુખ માને મલમાં,
શું ઝીલે મૃગજલમાં, મન તું, શું ઝીલે મૃગજલમાં."

{ નૃ. વા. વિ., પુ. ૩, પૃ. ૬૩ }

ધીમેધીમે મન કંઈક સમજે છે ; "શાણું" અને "સાવધ" બને છે. ત્યારે કવિ મનને વીર, ભ્રમર આદિ ઉપમાનોથી થાબડી બોધવિતરણ કરે છે. નીચેની ગરબીમાં યોજેલ ઉપમા-રૂપક પણ ચિંતનીય છે :

"આ ભવને બાગ ગણીશ રખે, છે ઈંદ્રજાલસમ ખેલ સખે !
ગણી સાચો તે, તું શીદ ધખે ;..... હે મન૦
ઇચ્છા અનુપમ રસની ધારે, તો આપ સુજનતરુને કયારે,
જે સિંચાયાં છે બ્રહ્મજળધારે,..... હે મન૦
તે તરુફળશબ્દ સરસ જોજે, અનુભવી સર્વે સંશય ખોજે,
અર્થરસસ્વાદે (તું) સદા મ્હોજે,.....
હે મનભ્રમરા, હૃદયકમળમાં પેશી હરિમય થાને."

{ નૃ. વા. વિ., પુ. ૨, પૃ. ૩૮ }

ફરી ફરી કવિ હીંદીપદોમાં પણ એ જ મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરે છે કે,

"યહ સંસાર હૈ મનકા તમાસા,
જિવકો ભયા સો ગલેકા ફાંસા."

(નૃ.વા.વિ., પુ.૨, પૃ.૧૪૭)

આ આશાવરી પદનું પર્યવસાન કવિ સુંદર રીતે કરે છે :

"જ્ઞાની કો દુઃખરૂપ જગ નાહિ, અજ્ઞાનીકો સદા ભવપાશા.
ન્યારા સો ન્યારા ના કોહુ માનત જનત જયોં જલમેંહિ બતાસા.
નૃસિંહ જીવનમુક્ત ભયે સો તો, જનીએ સિંધુમેં લૂનકા નાશા."

(નૃ.વા.વિ., પુ.૨, પૃ.૧૪૮)

મનને આટલી બધી સાવધાનતાથી ઉંચે લઇ જવાનું કારણ મનના સ્વભાવની વિચિત્રતા છે. મનની વૃત્તિઓ અને સંકલ્પ-વિકલ્પોનો નિરોધ કરવા પર જ સકલ શાસ્ત્રોના ઉપદેશનો ઝોક હોય છે. મનની વ્યાખ્યા જ *सङ्कल्पविकल्पात्मकं मनः* | એવી આપેલી છે. *चित्तवृत्तिनिरोधस्तु योगः* એ તો યોગવાસિષ્ઠની પ્રથમ મંગલ કારિકા છે. મનોનિગ્રહની દુષ્કરતા વિશે કયા શાસ્ત્રકારે મૌન સેવ્યું છે ? અગ્નિભક્ષણ, સમુદ્રપાન કરતાં પણ વિષમ એવું લોખંડના ચણા ચાવવા જેવું દુર્ઘટ-કપરું કાર્ય મનોનિગ્રહ અને મનોજયનું છે.[1] સંકલ્પ-વિકલ્પ અને તરંગોનો કોઈ અંત નથી.

"આ મનના તરંગોને કહો કોણ ખાળે જી,
જે તરંગો આ જીવને ઉછાળે રે હરિ."

(નૃ.વા.વિ., પુ.૩, પૃ.૮૬)

---

૧. अप्यब्धिपानान्महतः सुमेरुरुन्मूलनादपि।
अपि वह्न्यशनात्साधो, विषमश्चित्तनिग्रहः॥
(योगवाशिष्ठम्)

મહાજનો પણ તેના દુસ્તર પ્રવાહને પામી શક્યા નથી, તેમાં તણાતા રહ્યા છે.

"ઊંચે ટાંગીને તળે કાષ્ઠ જેમ બાળે જી,
શિખરેથી બાંધી જેમ ઢાળે રે હાં ;
શૂળીએ ભરાવી જેમ નિશદિન ગાળે જી,
તેમ મન જીવને પ્રજાળે રે હાં.
અસંભવનો સંભવ મન આ જણાવે જી,
વ્યર્થ કલ્પનાઓએ ચઢાવે રે હાં."

(ભજન)

"હે મન ! તું આ સંકલ્પ છોડજે, હેજી,
જેથી ઉપજે છે કામ,
અન્ય રિપુઓ પણ જેથી થતા, હેજી,
તેનો ફેડવા ઠામ."

(નૃ.વા.વિ., પુ.૩, પૃ.૧૧૪)

તે માટે શ્રીમન્નૃસિંહાચાર્યજી વિષયોને ગાળો આપતા નથી ; તેમ જ ઇન્દ્રિયોનો વિષયો સાથેનો સંબંધ પણ નિષિધ્ધ હોવાનું જણાવતા નથી. તે તો બલ્કે તેમ સિધ્ધ કરે છે કે તે સંબંધ તો સ્વાભાવિક હોઈ, જીવન્મુક્તો પણ તેનાથી યુક્ત છે. માત્ર મનમહાનાગની દાઢમાં રહેલી રાગદ્વેષરૂપ વિષકોથળી જ ઘાતક છે. એ કોથળી દૂર કરી કે રિક્ત કરી એટલે નાગ ભિન્ન બની રહે છે. કવિશ્રી મનને, જીવને વારંવાર ચેતાવે છે કે, આ દૃશ્ય પ્રપંચના સંબંધનો – કોઈપણ વિષયનો – સંગ નિત્ય નથી. માટે

"ચેત સવારો કંઈ ચેત સવારો ભુંડા,
આ વિષયો તો તને ના તારે રે."

(નૃ.વા.વિ., પુ.૩, પૃ.૨)

અથવા

"ચેત ચેત હો મન તું સવેરા, આખર કાલ હોવેગા તેરા."

{નૃ.વા.વિ., પુ.૧, પૃ.૨૭}

આ મનને વિવિધ પ્રકારે ઉપદેશથી કર્તવ્ય સમજાવતાં, કર્તવ્યસિધ્ધિના માર્ગે નડતી મુશ્કેલીઓ અને પ્રતિકૂળ ઉપાધિઓથી હિંમત ન હારવા જણાવે છે અને દુઃખનો હેતુ કસોટીમાં કસાઈ કંચન શુધ્ધ કરવાનો છે એમ ઈતિહાસપુરાણોમાંથી વિપત્તિ વ્હોરા વિકાસને પ્રાપ્ત થયેલી વીર વિભૂતિઓનાં ઉદાહરણોથી સમર્થન કરે છે. આ જગતમાં અનિષ્ટ આપત્તિની પરાકાષ્ઠારૂપ મૃત્યુને પણ કવિ "જુહારીને મેલવાનો" અનુરોધ કરે છે :

"આ જગમાં મરણથી અનિષ્ટ કો, શુણ્યું ન દેખ્યું ન મોટું રે,
એ મૃત્યુને જુહારીને મેલીયે, ત્યજી સારૂં ને ખોટું રે....
હો મન હવાં હિંમત ન હારજે, ધારજે અધિકી ધીર રે,
આધિવ્યાધિ દુઃખ દેઈને, હરિ તારૂં નિરખે છે હીર રે."

{નૃ.વા.વિ., પુ.૩, પૃ.૨૫}

કવિ બે દૃષ્ટાંતોથી વિપત્તિ પાછળના પ્રયોજનનું સમર્થન કરે છે.

"જેમ કર્તાપુરુષનાં રે ટાંકણાં, નિત્ય અતિ ઘાતા પાષાણ રે,
પ્રભુપદ પામી પીડા વિના, દેવળે પૂજાતા નાણ રે,
જેમ ઘાટ ઘડીને કારીગરો, શોભાવે હીરાને હેમ રે,
તેમ કસી કસી હરિ તો તાવતા, ત્યજી નિજ ન્યારા નેમ રે."

{ભૈજન}

વેળાવળની દેશીમાં ગવાતા આ પદમાં, કવિની કલ્પનાશક્તિ અને સુયોગ્ય ઉપમાન યોજવાની કુશલતાની પ્રતીતિ થાય છે. "જુહારીને મેલીયે" એ પ્રયોગ પણ ઔચિત્યપુરસ્સર હોવા ઉપરાંત અપૂર્વ કહી શકાય તેવો છે. જગતની બાજી-હારજીત સહિત-મન સમક્ષ ખડી કરવાનું અર્થસામર્થ્ય આ પ્રયોગ દાખવે છે. "હરિ તારૂં નિરખે છે

હીર રે" એમાં આશાસ્પદ આશ્વાસન છે. કવિ મનને વીરધીર બનવા નીતિનિર્દેશ કરે છે કે,

"નિર્બળ રિપુ પણ ના ભલો, તેથી ચોકીને ચાલો રે."

(નૃ.વા.વિ., પુ.૩, પૃ.૨૮)

યુધ્ધરૂપકના માધ્યમ દ્વારા મ્હાડ રાગના સુગેય પદમાં કવિ, કામની નેતાગીરી નીચેના અસંખ્ય રિપુઓના દળનું, જુસ્સાભરી વિશદ શૈલીમાં વર્ણન કરે છે. કામક્રોધમદલોભ વગેરેમાં કામને "મહારથી યોધ્ધો" તરીકે વર્ણવ્યો છે.

"કામતણું રણતૂર સુણીને ડગીયા દશ દિગ્પાલ,
શેષ ચલ્યો મેરુ પણ ડોલ્યો, ખળભળીયાં પાતાલ.
સૂર્યાદિ ગ્રહમંડલ ચળીયું ભ્રમીયા સર્વે દેવ,
કોનો ભય ન ધરે એ બળીઓ જેની કરે સહુ સેવ.
સુજનો ઉઠો રે ઉઠો, ઓ આવી રિપુની ધાડ."

(નૃ.વા.વિ., પુ.૩, પૃ.૪૦)

કામક્રોધાદિના[1] દુર્જય સામર્થ્યનું આ નિરૂપણ સમર્થ વક્તવ્યથી બરોબર ઉત્તેજક અને અપૂર્વ છે. એવાં વર્ણનો બીજાં પદોમાં પણ છે. "સુજનો ઉઠો ઉઠો" અથવા "સાધકો જાગો, જાગો".... જેવા પ્રયોગો ઉત્તિષ્ઠત જાગ્રતના પવિત્રપ્રેરક ઉપનિષદ્મંત્રોનું અંતરગુહામાં ગુંજન ઊભું કરે છે. રિપુસેનાનું બળ વર્ણવીને કવિ શૂરા સાધકને તેનાથી ગભરાઈ ન જવાનો પ્રબોધ કરે છે. સાધક પ્રતિની શ્રીમન્નૃસિંહાચાર્યજીની નિમ્નલિખિત પંક્તિઓમાં કેટલો પ્રબળ પુરુષાર્થવાદ-વીર્યભાવ સિંહગર્જનાની જેમ ગાજી ઉઠે છે :

---

૧. काम एष क्रोध एष रजोगुणसमुद्भवः ।
महाशनो महापाप्मा विद्ध्येनमिह वैरिणम् ॥

(શ્રીમદ્ ભગવદ્ગીતા, - અધ્યાય ૩ - શ્લોક ૩૭)

"બળકળ ધારી ધરી ધૈર્યતા, ધ્રુજવવી તે ધરાને રે,
અનંતશત્રુપણે શોભીને, વસવું પાર પરાને રે.
{વળતાં} ભલે ને બ્રહ્માંડ આ ગડગડે, છો અડવડે અવનિ ને
આભ રે,
અખંડ આનંદમય રાજ્યમાં, ના વે હાનિ કે લાભ રે.....
હે સાધક શૂરા રણ ના છાંડીએ,
ધસીએ હિંમત ધારી રે."
{નૂ.વા.વિ., પુ.૩, પૃ.૨૮}

આ પ્રકારની વીરોપદેશવાણીમાં ગમે તેવાં નિરુત્સાહ, વિકલતા અને પામરતાને પામેલા મનને પણ હિંમત નહીં હારવા, ધૈર્ય ધરવા, શ્રધ્ધા સહનશીલતા સાહસ શૌર્ય વડે વીર બની, કર્તવ્યપરાયણ જીવન જીવવાનો આદેશમંત્ર ગ્રહણ કરવા જાગૃત્તિ-જોમ લાવવાનું સામર્થ્ય રહેલું છે. આવી અનેક જોસ્સાદાર પંક્તિઓવાળાં પદો, આચાર્યશ્રીની ઉત્કૃષ્ટ કોટિની શાંતરસ-બોધપ્રધાન વીરરસની કવિતાના ઉત્તમ નમૂના છે.

આમ શ્રીમન્નૃસિંહાચાર્યજીએ મનને, કહી જીવ, સુજન, સાધક, શાણા, બંધુ, વીર, ધીર.....વગેરે સંબોધનો કરી ઉત્તમ પ્રકારનો સૂચક ઉપદેશ આપ્યો છે. ઉપદેશની પધ્ધતિ વિવિધ અને વિચિત્ર છે.

इत्थं इत्थेन संपीड्य वन्तैर्दन्तान् विचूर्ण्य च | વગેરે.

આ પ્રકારનો ગરમીને ગરમીથી કાઢવાનો "शठं प्रति शाठ्यम्"ના જેવો શૌર્યક્રમ સ્વીકારી કવિશ્રી,

"મનને સદા છે મારવું નથી વિષય દઈ દઈ ઠારવું,"
{નૂ.વા.વિ., પુ.૩, પૃ.૭૩}

જેવાં તાડનક્રમનાં તીક્ષ્ણ વચનો એક પક્ષે ઉચ્ચારે છે ; તો અન્ય પક્ષે તેઓશ્રી લાલનક્રમનો આશ્રય લઈ, મનને જ બાલકવત્ સંબોધી, સુકુમાર વચનોથી તેને પ્રોત્સાહિત કરે છે કે,

"શું મન આ વિધિ હારે, ભય ધરી, શું મન આ વિધિ હારે,
ધૈર્ય સજી તું અવિકલ રહેજે, હજી કરવું અતિ તારે."

(નૃ.વા.વિ., પુ.૩, પૃ.૭૮)

એ પદમાં માનસશાસ્ત્રીય ઢબે – બળથી નહીં પણ – કળથી મનને ઊર્ધ્વ સ્થિતિમાં આણવા પ્રબોધ કર્યો છે કે વૃત્તિઓ અને ઇન્દ્રિયો જ્યારે વિહિત વિષયોના સેવન માટે પ્રવૃત્ત થાય ત્યારે જ મન જો વિષયેચ્છાનું વિદારણ કરવા સમર્થ બને તો "સદ્વસ્તુ પ્રતિ પ્રેમ પ્રકટતાં" તે હૃદયમાં શ્રવણ–મનન દ્વારા ધારણ કરેલા સુદૃઢ નિશ્ચયને પોષીને સર્વ સંશયને સંહારે. પરિણામે નિદિધ્યાસનના સેવનની યોગ્યતાવાળું થઈને મન ક્રમશઃ સ્થિર થતાં તેને ભવભારની પીડા દુઃસહ્ય ના લાગે. ત્યારપછી બહિરંતરનો સંગત્યાગ તથા બલવતી વાસનાનો ક્ષય થતાં "મતિ સ્થિર થતાં, જીવ રહે નિર્ભય દ્વારે." પરિણામે નિર્ભય એવા અજરામરત્વની પ્રાપ્તિના સ્થાનના દ્વારરૂપ – સમાધિકક્ષ – બ્રહ્મરંધ્રસમીપ જીવ આવીને રહે. પણ આ બધું વિધવિધ સદ્યુક્તિથી સિદ્ધ કરવાનો કવિ અનુરોધ કરે છે. એ સદ્યુક્તિની ચાવી સદ્ગુરુ પાસેથી જ મળે છે.

"છે સુખ એ સદ્ગુરુની કળમાં
સદ્ગુરુથી યુક્તિ પામીને, તુજમાં લહીને તુજ સ્વામીને,
નૃસિંહ સુખે રહે ભમીને.
હે મન સાધુ ! આપ સધાયે જગ સહુ સાધ્યું જાણજે,
નથી અન્ય કશું, પોતાને પરખી તું નિજ સુખ માણજે."

(નૃ.વા.વિ., પુ.૩, પૃ.૩૦)

પોતાને પોતે પરખવાનો નિર્દેશ કરતા આ સુંદર પદમાં યોગ અને વેદાંતનું સારરહસ્ય મન-જીવને સૂચક રીતે પ્રબોધ્યું છે. સદ્‌ગુરુએ આ "યુક્તિ" અન્ય પદોમાં બતાવી છે.

"સદ્વિચારને ગણજો શસ્ત્ર, અસ્ત્ર ગુરુમંત્રને,
સાધ્ય થાતાં સારે અર્થ, ટાળી યંત્રતંત્રને."

{ નૂ. વા. વિ., પુ. ૨, પૃ. ૪૮ }

આ બે શસ્ત્રાસ્ત્ર વિશે અત્રે વિવેચન ન કરતાં એટલો જ નિર્દેશ કરવાની જરૂર છે કે શ્રીશ્રેયસ્સાધક અધિકારી વર્ગમાં સમસ્ત સાધનશ્રેણીમાં આ બે પાયાના સિધ્ધાંતો ગણાયા છે. આ બે સાધનોથી સુસજ્જ થયેલો સૈનિક અથવા સેનાની જ સમરાંગણમાં ઝઝૂમી શકવા સમર્થ બને છે.... અને અંતે વિજયને પણ વરે છે. આ પ્રકારના રણના રૂપકનો ઉપયોગ કવિશ્રીએ અસંખ્ય પદોમાં સાર્થક રીતે કર્યો છે. કરુણાનિધાન આચાર્યશ્રી પદોમાં, પત્રોમાં, પ્રત્યક્ષ વ્યવહારમાં અને આશ્રમમાં આવનાર દીન દુઃખી હતાશ સાધકો કે સજ્જનો પ્રતિ પણ ભાઈ, વીર, ધીર, શૂર જેવાં આત્મભાવોદ્દીપક અને ઉત્સાહપ્રેરક સંબોધન – વચનોથી બોધ કરતા.

"આ અવિદ્યાતણું બલ ન્યાળો રે, ભવરણના વીરો,
શું વેળ પ્રમાદે ગાળો રે, સમરાંગણધીરો."

{ નૂ. વા. વિ., પુ. ૩, પૃ. ૫૨ }

વળી,

"સાવધ થઇને ચઢો રણ શૂરા, રિપુદલ કરવા ચૂર,
સત્પુરુષો ને શાસ્ત્રોનાં શુણી, રઢિયાળાં રણતૂર રે."

{ ભજન }

જેથી સર્વ શત્રુઓ તેના અનુયાયીઓ સહ ચૌદ લોક છોડીને ભાગી જાય. પરિણામે,

"અનંતશત્રુપણું પામીને, સેવો સ્વતંત્ર સ્વરૂપ,
નૃસિંહ જયજયકાર વદે જન, લો ફળ સુખ અનુપ રે."

{ ભજન }

હવે આપણે સાધનસોપાનના મધ્યમ માર્ગના મુખ્ય ફાંટાઓ વિશેના પૂર્વોક્ત વિષયનું અનુસંધાન કરીએ. સૌ પ્રથમ કવિશ્રીનાં જ્ઞાન-ભક્તિનાં પદોને ક્રમમાં અવલોકીએ. પુરાણોથી ય પુરાણ મહાકાવ્યો, ઉપનિષદો અને તેથી ય પુરાતન શ્રુતિઓમાં, વેદની ઋચાઓ, સ્તોત્રો, પ્રાર્થનાઓ વગેરેમાં જે સનાતન સ્રોત વહી રહ્યો છે તેમાં ભક્તિતત્ત્વ સભર છે. ઋગ્વેદ વગેરેના કર્મકાંડ વિભાગમાં દેવસ્વરૂપ તથા દેવપ્રાર્થના સાથે ભક્તિનું તત્ત્વ અદ્‌ભુત રીતે અનુસ્યૂત રહેલું છે. વેદના જ્ઞાનકાંડ રૂપ ઉપનિષદોમાં મુખ્ય ભાર જ્ઞાન પર અને ગૌણ ભાર યોગ પર મૂકવામાં આવ્યો છે. છતાં તેમાં ભક્તિનો ભાવ સૂક્ષ્મતઃ પરોક્ષ રીતે પ્રકટ થયા વિના રહેતો નથી. ખાસ કરીને, શ્વેતાશ્વતર ઉપનિષદ્‌ માં ભક્તિનો જે મહિમા દર્શાવવામાં આવ્યો છે તે ઉપરથી સિદ્ધ થાય છે કે આર્યતત્ત્વજ્ઞો કોઈપણ પ્રકારે ભક્તિતત્ત્વને તિલાંજલિ આપવા માગતા ન હતા. વેદાંતશાસ્ત્રના ધુરંધર પંડિત સ્વામીશ્રી મધુસૂદન સરસ્વતીએ તો તેમના ભક્તિરસાયન માં એટલે સુધી પ્રતિપાદન કરવાનો પ્રયત્ન કર્યો છે કે જીવન્મુક્તો પણ વ્યવહારમાં ભક્તનું જીવન ગાળે છે – પોતાના જ સ્વરૂપને બહાર કાઢી તેને ભજે છે. વેદાન્તના પરિશીલનથી અને સ્વરૂપસાક્ષાત્કારથી વિશ્વપ્રેમી જીવન્મુક્તોનું જીવન સહરાના રણ જેવું શુષ્ક કે રૂક્ષ બની જતું નથી પરંતુ સદાય દ્રાક્ષ જેવું રસાળ રહે છે. વેદાંતનું આત્મજ્ઞાન અને ભક્તિનો પ્રેમરસ – એ ઉભયના સહકારનો ઉપદેશ શ્રીમન્નૃસિંહાચાર્યજી કરે છે તે યથાર્થ છે અને શાસ્ત્રસંમત છે.

જ્ઞાનના સાધન વિચાર–વિવેક સંબંધી આગળ ઘણું વિવેચન કર્યું છે એટલે અહીં વિશેષ વિસ્તાર કરવાની જરૂર નથી. કવિશ્રી વિચારપ્રધાન વેદવાણી ઉચ્ચારે છે કે,

"જન અજ્ઞાનીને સર્વદા, દુઃખરૂપ આ જગત્‌ છે,
મન બ્રહ્મવિલાસ ગણી સદા, હરખે જે જન ભક્ત છે."

{નૃ.વા.વિ., પુ.૧, પૃ.૮૨}

આમાં ભક્તના જ્ઞાનની અને જ્ઞાનીની ભક્તિની પરસ્પરપૂરકતાની સમાલોચનાનો સુંદર રીતે સમાવેશ થાય છે. ભાવમય શુધ્ધરસ કે જે સુખદુઃખથી પર એવા નિરતિશય આનંદથી ઓતપ્રોત છે તેના મહિમારૂપ ભક્તિવાદ છે. તેના ઉરમાં ઊર્મિઓનું વિશુધ્ધિકરણ છે, તેને તુચ્છ શૃંગારોપભોગપ્રધાન રસાભાસ સાથે સંકળીને કહેવાતા વિતંડાવાદીઓ – વંચકજ્ઞાનીઓ – ભક્તિમાર્ગ પર આક્ષેપો કરે છે. તે જ પ્રમાણે જ્ઞાનનો માર્ગ પણ પ્રાકૃત વિધાકલાઓથી પર એવા વિશુધ્ધ (વિ) જ્ઞાનનો છે.

"જ્ઞાન અજ્ઞાનની અવધ છોડી અલ્યા,
જય વિજ્ઞાનમાં તો જ ફાવે."

(નૃ.વા.વિ., પુ.૧, પૃ.૧૩૬)

તે જ પ્રમાણે,

"આ સુખદુઃખકેરું સ્થાન, તો જ્ઞાનઅજ્ઞાન છે,
એ ઉભયતણું જ અભાન, તે તો વિજ્ઞાન છે."

(નૃ.વા.વિ., પુ.૨, પૃ.૪૦)

આ "વિજ્ઞાન" એટલે આધુનિક "સાયન્સ" શબ્દથી થતો બોધ નથી, પરંતુ ઉચ્ચપ્રકારનું આત્મબોધસાધક સાક્ષાત્કારનું જ્ઞાન છે, જે નિર્મળ આનંદતત્ત્વની પેઠે જ્ઞાન–અજ્ઞાન–વિધા–અવિધાત્મક યુગ્મોથી અતિરિક્ત અને અતીત છે. ત્યાં શુધ્ધ માયાનો પણ સ્પર્શ કે વિહાર શક્ય નથી. જ્ઞાનમસ્ત શ્રીમન્નૃસિંહાચાર્યજી અનેક પદોમાં આ વિજ્ઞાનમય અનુભૂતિના સહજ સુંદર ઉદ્‌ગારો કાઢે છે. પરમાત્મતત્ત્વના સત્ ચિત્ અને આનંદમાં તેનું "ચિત" રૂપે સ્થાન છે. આ ચિન્મય પ્રકાશ અથવા ચિદ્‌ઘન તત્ત્વમાટે શ્રીશ્રેયસ્સાધક અધિકારી વર્ગના સાહિત્યમાં નવો જ શબ્દપ્રયોગ કરવામાં આવ્યો છે. આ જ્ઞાનાનુભવની–ચિદ્રસની અપૂર્વ લહાણ સર્વને કરવા–કરાવવા વર્ગના કવિઓ નિર્ભ્રણ કરતા હોય છે. તેનો પડઘો આચાર્યશ્રીના

પટ્ટશિષ્ય શ્રીમાન્ વિશ્વવંધનાં તથા આચાર્યશ્રીના વરિષ્ઠ પુત્ર શ્રી ઉપેન્દ્રાચાર્યજીના અનેક પદોમાં પડે છે.

(૧) ચિતિજ્યોતિ રમ્ય મૂર્ધમાં પ્રકાશે (૨) આવે આજ રશ્મિ ચિદર્કરશ્મિ આવે (૩) ચિતિતત્ત્વરૂપી સૂર્ય હું છું....(૪) ચિતિદરિયે ગળી જા જે, હે મન.... (શ્રી વિશ્વવંધ, સુધાસ્રોતસ્વિની)

"ચાલો ચિતિધ્રુતિ દર્શન કરીએ,
ઊંડે ઊંડે ઉતરીએ....." (શ્રી ઉપેન્દ્રાચાર્યજી)

જેવાં સેંકડો પદોમાં પાડે છે. "ચિતિ" શબ્દનો આ અપૂર્વ અને અવનવો પ્રયોગ છે – અલબત્ત, શ્રીમન્નૃસિંહાચાર્યજીએ તે રીતે શબ્દ યોજ્યો નથી.

આવું જ્ઞાન સિધ્ધ થયા વિના, મુમુક્ષુતાનાં સર્વસાધનો જીવને ઉચ્ચ અધિકારપદે સત્વરતાથી અને સફળતાથી લઇ જઇ શકતાં નથી. માટે આચાર્યશ્રી અનેક પદોમાં અંતરશુધ્ધિ માટે જ્ઞાનજળમાં અવગાહન કરવાનો વારંવાર પડકાર કરે છે.

"અવર જળે ચિત્ત શુધ્ધ ન થાવું, જ્ઞાનજળે નહાવું,
ઉત્તમ જન્મ મળ્યો તો તૃષિતને, હરિજળ પી પાવું."
(હ્રુ. વા. વિ., પુ. ૩, પૃ. ૩૭)

અહીં જ્ઞાનજલમાં સ્નાન કરવા સાથે હરિજળ પીવાનો ઉલ્લેખ જ્ઞાન અને ભક્તિના સામીપ્યનું સૂચન નથી કરતું ? પરંતુ આ જ્ઞાનપ્રાપ્તિમાં બાધક બીજી કોઇ નહીં પણ ઈશ્વરાશ્રયી માયાની જ પ્રપંચજાળ છે. એ માયાનો વૈભવશાળી મધુર મોહક પ્રલોભક મહિમા કવિશ્રીએ ગદ્યગ્રંથોમાં વિસ્તારથી દર્શાવ્યો છે.

એ માયાનું સ્વરૂપ અને કાર્ય સંબંધી ઉલ્લેખ અનેક પદોમાં આવે છે. અત્રે માત્ર જેમાં માયાનું સુંદર સુરેખ મોહિની ચિત્ર આલેહૂબ

રીતે અંકિત થયેલું છે, તે ભૈરવી પદનું ઉધ્ધરણ કરીએ :-

"માયા મેરી રે, કહો કયા અને સંસાર[1]
યૌવન રૂપ બની હે સુંદરી, કર મેં હે મોહ બર.
અંગ પ્રચંડ મદોન્મત્ત ખેલે, દહુ દિશમેંહી નિહાર.
વસ્ત્ર અલૌકિક ધારત હે નિત્ય, કયા વરને શૃંગાર.
અનંત બ્રહ્મંડ કો અગણિત માનો, અકે શિર હે ભાર.
અકલ કલા માયાકી કહાવે, {કોહુ} વિરલા પાવે પાર.
માયા આવરણ શર નહિ છુટે, જો ગ્રહે શુધ્ધ વિચાર.
કલ્પિત જગ અરુ માયા ન ભાસે, મેંહિ રહા અવિકાર.
નરસિંહ સત્ય સમજ તબ આવે, જબ રહે શરણ હમાર."

{નૂ. વા. વિ., પુ. ૨, પૃ. ૧૩૦}

---

૧. વળી સરખાવો :-

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया।

(श्रीभगवद्गीता - અધ્યાય ૭ - શ્લોક ૧૪)

તેમ જ, સરખાવો અખાની પંક્તિઓ સાથે -

"ઝીણી માયા તે છાની છરી,
મીઠી થઇને મારે ખરી ;
વળગી પછી અળગી નવ થાય,
જ્ઞાની પંડિતને મોહીથી ખાય."

{"અખાના છપ્પા"}

... ...

"શબ્દજળ માયાનું કૂડ
ત્યાં નરપશુ પડે મતિ મૂઢ"

{અખાના છપ્પા}

... ...

"માયા મોટી જગમાંહે નટીજી,
તે આગળ કોઇ ન શકે ખટીજી."

{"અખેગીતા"}

શ્રુતિ ભગવતી પણ વર્ણવે છે કે :-

चानुष्कपर्दा श्रुवति सुपेशा ।
धृतप्रतीका वयुनानि वक्ष्यै॥

એ માયાને જીતી લઇ પોતાને વશ વર્તાવી હોય તો ? કવિ કહે છે,

"માયા નવ થઈ કોઇની, તું કયમ ભૂલે મૂઢ,
કાળે તે નવ છોડિયા, (જે) થાતા ગજઆરૂઢ."
(નૃ.વા.વિ., પુ.૧, પૃ.૭૮)

આ પંક્તિથી શરૂ થતા "કુંડળિયા"માં કવિએ સુંદર શબ્દચિત્ર આલેખ્યું છે. કોઇ એ માયાને ત્યજવાનો વિચાર કરે પરંતુ માયાનો વિસ્તાર એટલો બધો વ્યાપ્ત છે કે તેને ત્યજનારા શું અને કેટલું ત્યજી શકશે ? નીચેની પંક્તિઓમાં આ વિચાર સચોટ રીતે વ્યક્ત થયો છે :

"મૂરખ મન હરખાય, અવાસ તજી જંગલ વસે ;
(પણ) માયા દેહ ગણાય, (તો) શું તજીઉ જંગલ જઈ.
માયા સર્વ ગણાય, દૃશ્ય ગણાયે જેટલું ;
જગ માયા જ ભણાય, (તો) કહોને તજશો કેટલું."
(નૃ.વા.વિ., પુ.૧, પૃ.૯૪)

મોહ-સંગનું અધિષ્ઠાન માયાનું કેન્દ્ર મન છે. તેથી કવિ કહે છે :-

"માયાથી શું થાય, જો મન વશ છે આપણું ;
માયા મને શમાય, મન શમતું જઇ બ્રહ્મમાં,
મન છે માયારૂપ, (તે) દેહસુધી તો નવ ટળે...."
(નૃ.વા.વિ., પુ.૧, પૃ.૯૪)

અને તેથી કવિ કામ,ક્રોધલોભાદિનું કારણ મોહને નિર્મૂળ કરવા પ્રબોધ કરે છે,

"એક મોહ છુટયો ના ત્યાં સુધી, એ ત્રણ પણ છુટયા નથી."

તે માટે,

"મોહરહિત રહીશ, તો સુખ મોટું સર્વદા ;
નિશ્ચળ ચિત્ત થઇશ, જીવનમુક્ત હોશે તદા.
નરસિંહ જગમાં જેહ, રહે નિઃસંગી મન કરી ;
કહાવે તે જ વિદેહ, અદ્વૈતરૂપ બ્રહ્મ હરિ."

{ એજન }

એવા માયાજિત પુરુષો જ કહી શકે કે,

"માયા માયા સબ કહે, મૈં માયાસૈં દૂર,
દૂર સો વ્યાપક હોત નહિ, વાસૈં માયા ફૂર,
વાસૈં માયા ફૂર, નિકટના દૂર કહાવે,
પરતંત્રે મોહાય, સર્વદા સોહિ રહાવે,
નૃસિંહ સમસર્વત્ર, લહે કો ધૂપ ન છાયા,
મૈં માયાસૈં દૂર, કહે સબ માયા માયા."

{ નૃ. વા. વિ., પુ. ૨, પૃ. ૨૨૪ }

આ માયાના સૂક્ષ્મ મારનો અનુભવ જીવમાત્ર પ્રતિપળે કરી રહેલ છે. તે અજગરણી જેવી માયાનું કાર્ય એવું વિચિત્ર અને અટપટું છે કે ભલભલા ઉચ્ચ ભૂમિકાના અધિકારી જ્ઞાનીઓને પણ છેવટે પ્રભુ પ્રતિ પોકાર કરવો પડે છે કે,

"દશદિશ જોતાં માયા દીસે રે, આપ અલોપ થયા છો શિવ રે."

{ નૃ. વા. વિ., પુ. ૨, પૃ. ૬૦ }

એ માયાનાં બે સ્વરૂપ કવિએ વર્ણવ્યાં છે :-

{ ૧ } શુધ્ધ સત્ત્વા માયા, કે જે આદિશક્તિ તરીકે શિવસંગિની બની "જીવ સકળની માત" તરીકે પુજાયાં. પરંતુ -

{ ૨ } મલિનસત્ત્વા માયાએ તો વિવિધ સ્વરૂપો ધારણ કરીને તેની લીલાજાળ વિસ્તારી અને જીવોને ભોળવીને વિષયદાસ બનાવ્યા. પરિણામે,

"મલિનસત્ત્વના સંયોગથી રે, જીવે માન્યું દુઃખને સુખ રે.
કાર્યસમૂહમાં ગુંથાઇ ગયા રે, તેથી દિનદિન વાધી ભુખ રે."

(ભજન)

માયાભ્રમિત જીવો અજ્ઞાનને જ્ઞાન અને જ્ઞાનને અજ્ઞાન ગણી આગળ (!) વધ્યા અને.....ભવભ્રમણચક્રને ગતિવેગ મળ્યો !

પરંતુ શ્રીમન્નૃસિંહાચાર્યજી જેવા નિત્યાનંદમાં મસ્ત રહેતા મહાત્મા તો ખુમારીપૂર્વક ગાઇ શકે છે :

"કહો હમકો કયા કરે, દિવાની ! માયા કહો કયા કરે.
આગે તો કબહુ ના આવે, પીછે પીછે ટરે.
થર થર થર કંપે અંતરમેં, સન્મુખ આતે ડરે.
સ્તવન કરે બાજુપેં ઠાડી, ચરનનમેં ચિત્ત ધરે.
નૃસિંહ ચાહે કૃપા જો હમારી, સો હમકો કયા છરે."

(નૃ.વા.વિ., પુ.૨, પૃ.૧૨૬)

પણ એ માયાનો મીઠો (!) માર એવો હોય છે કે પોતાને જ્ઞાની માનતા ભલભલા મહાનુભાવોને પણ તે ચક્કરમાં નાખે છે. સત્ય જ્ઞાનનો અભાવ જેમ ક્લેશકારક છે તેમ જ્ઞાનોત્તર મિથ્યાજ્ઞાનનો અહંકાર પણ "ભય-ભ્રાન્તિ અને પતન કરાવનાર" છે. તેથી કવિશ્રી લાલબત્તી ધરી અજ્ઞાનના અભાવ ઉપરાંત જ્ઞાનાભિમાનનો પણ અભાવ સેવવા કહે છે.

"નૃસિંહ ગુરુવાસે વસીને, વટાવ જો અજ્ઞાન,
નિર્ભય થાવા ટાળજો, અંતે - જ્ઞાનતણું અભિમાન."

(નૃ.વા.વિ., પુ.૨, પૃ.૬૧)

પરંતુ જ્ઞાનની ઠસકમાંથી ઉગરવું સરલ નથી. માયાનો પ્રતાપ ત્યાં કાર્યરત હોય છે જ. ત્યારે ભક્તિની અનિવાર્ય અંગભૂત શરણાગતિ સહાયભૂત થાય છે. માયાનો પાર પામવાનો ગર્વ ધારણ નહીં

કરનાર મુમુક્ષુ, જ્ઞાનભક્તિ સાથેનો અભેદ ઈષ્ટશરણનો આશ્રય લેતાં, નિખાલસ સમીપવર્તી ભાવથી (Frankness) માયાપતિ પ્રતિ વિનંતી કરે છે,

"દશ દિશ અગ્નિ કરી લોહ તાવે, તેમ માયા તાપ તપાવો,
સુખ સકળ દુઃખમય થઇ ભાસ્યું, એથી અનર્થ શો થાયો,
હજી કાં ન માયાને તાવો ?
વૃષ્ટિ થવે જેમ આ વસુધા પર મેઘ કરે છે ગાનવો,
તેમ સદા મમ શિરપર ગાજી, નૃસિંહ ન સુગુણ સાનવો,
લગાર અાને લાનવો.
પ્રભુ સધ વ્હારે આવો,
અજ્ઞાનની પીડ શમાવો."

(નૃ. વા. વિ., ખુ. ૩, પૃ. ૩૭)

અહીં "લગાર અાને લાનવો" એ પંક્તિ કેવી સહજ આવી ગઇ છે !

કવિશ્રીએ ભક્તિ તથા ભક્તની ઉચ્ચ કક્ષાનું ગૌરવ ઘણાં પદોમાં ગાયું છે. ભક્તિ, જ્ઞાન, યોગ, વિરાગ, કર્મકાંડ આદિ સર્વ સાક્ષાત્કારનાં સાધનો, ચિત્તશુધ્ધિની ભૂમિકારૂપે હોવાથી, – ફલમાં ભેદ ન છતાં – અનુભવ અને પધ્ધતિમાં ભેદ પ્રતીત થાય એ સ્વાભાવિક છે ; અને એમાં જ તેની વિશિષ્ટતા રહેલી છે. આજના કલિકાળમાં યજન-યાજન, યોગ, સંન્યાસ તથા જ્ઞાન અને વૈદિક કર્મકાંડના નિર્વાહને અનુકૂલ સાધનસામગ્રી તથા અધિકારનો અભાવ વર્તાય, એટલું જ નહીં પણ પળે પળે પ્રતિકૂળ પરિવેષ્ટનો ઉપસ્થિત થતાં હોય ત્યારે ભક્તિનું સાધન અન્ય સાધનોની અપેક્ષાએ ઓછું વિષમ કે કઠણ માનવામાં આવ્યું હોય તો તેમાં આશ્ચર્ય જેવું કાંઇ નથી. વિવિધ શાસ્ત્રો પણ ભક્તિને સર્વોપરી સુલભ સાધન હોવાનું જણાવે છે. મહર્ષિ નારદ તો ભક્તિશાસ્ત્રના આચાર્ય ગણાય છે. તેઓ પણ સ્પષ્ટ કહે છે,

"सा तु कर्मज्ञानयोगेभ्योऽप्यधिकतरा।"

અહીં सा એટલે ભક્તિ. શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં તો ભક્તિની સુલભતાની સરસાઇ સ્વયં ભગવાને જ વર્ણવેલી છે એટલું જ નહીં પણ भक्तियोग નામના સ્વતંત્ર ૧૨ મા અધ્યાયની સંકલના કરી છે. અકથનીય, અવ્યક્ત, અચિંત્ય, સર્વવ્યાપી, કૂટસ્થ, અચળ, અક્ષર, અવિનાશી સ્વરૂપે પરમતત્ત્વની પર્યુપાસના કરનારા પણ પ્રભુને જ પામે છે ; પરંતુ તે માર્ગ વિકટ દુર્ગમ અને દુઃખદ છે.

क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥

(श्रीमद् भगवद्गीता, – અધ્યાય ૧૨ – શ્લોક ૫)

કવિશ્રી નૃસિંહાચાર્યજી એક પંક્તિમાં સુંદર અને સચોટરીતે – શબ્દલાઘવથી – ભક્તિનું સર્વોત્કૃષ્ટપણું સ્થાપિત કરે છે. તેઓશ્રી કહે છે :

"ભક્તિ રસાયન સર્વથી મોટું જી...."

(નૃ.વા.વિ., પુ.૩, પૃ.૪)

અહીં રસાયનનું રૂપક સૂચક અને વિશિષ્ટ અર્થદ્યોતક છે. શૂન્ય શિખરાગ્રે વેદાંતવારિધિ છતાં ભક્તશિરોમણિ શ્રીમધુસૂદન સ્વામીજીએ પણ તેમના સુપ્રસિધ્ધ ગ્રન્થ भक्तिरसायन માં જ્ઞાનોત્તર ભક્તિની ઉત્કૃષ્ટતા સિધ્ધ કરતાં ભક્તિ અને ભક્તનાં લક્ષણોનું જે નિરૂપણ કર્યું છે તે શ્રીમન્નૃસિંહાચાર્યજીનાં તેવાં પદોમાંના વર્ણનની સમાંતર છે. "વિણ ભક્તિ જગમાં જોજો કોણ તરીયા જી", એ પદમાં સૃષ્ટિના સ્તંભ જેવા સનકાદિક ભૃગુ બૃહસ્પતિથી માંડી નરસિંહ મહેતા સુધીની પવિત્ર ભક્તમાલાનો નિર્દેશ કરી કવિ કહે છે કે,

"નૃસિંહ પ્રભુભક્તિબળ છે મોટું જી,
શૂરા જન ધારી ધાયા રે હરિ."

(નૃ.વા.વિ., પુ.૩, પૃ.૭)

અહીં અને અન્ય પદોમાં "શૂરા" શબ્દથી કવિ કાયરોના વેવલાપણાથી તેમજ અશુધ્ધ જડ લાગણીવેડાથી સાવચેત કરે છે.[૧] શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન- થી પ્રસિધ્ધ નવધા ભક્તિનો[૨] પુરસ્કાર કરતા છતાં તેઓશ્રી મૂળનો વેદોક્ત વિચાર દૃષ્ટિ સમક્ષ રાખવા સાથે સાથે સૂચવ્યા જ કરે છે.

"નવ સમજ્યા નિજરૂપને
નવધા ભક્તિ નકામ."

(નૃ.વા.વિ., પુ.૧, પૃ.૩૬)

ભક્તિ એટલે અંતરદર્શન, બહિર્પ્રદર્શન નહીં. યજ્ઞવ્રત, તીર્થાટન, દાન, વનવાસ વગેરે વિવિધ ઉપચારવિધિમાં ભક્તિનું રહસ્ય અંતર્ગત થતું નથી. એવી માન્યતા ધરાવતા ભક્તોને (૧) કવિશ્રી સ્પષ્ટવાણીમાં સંભળાવે છે કે,

---

૧. સરખાવો :-

(૧) "હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને,
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામજોને."

(પ્રીતમ)

(૨) "રે શિર સાટે નટવરને વરીએ,
રે પાછું તે પગલું નવ ભરીએ."

(પ્રેમાનંદ)

(૩) "બબરદાર મનસૂબાજી, માંડાની ધારે ચડવું છે,
હિમ્મત હથિયાર બાંધી રે, સત્ય લડાઇએ લડવું છે."

(ધીરો)

૨. श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् ।
अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥

(श्रीमद्भागवत सप्तम स्कंध, अध्याय ५, श्लोक २३)

"ભક્તિવિણ ભેટે નહિં ભગવાન.
આસન પ્રાણાયામ કરે કાં - ધરિ ધરિ બેસે ધ્યાન.
વીણા તાલ ગ્રહી મંડળમાં, બેશી કરે ભલે ગાન.
વક્તાના સમીપે રહી, શ્રવણે - કરે સદા રસપાન.
પ્રાણસમર્પણ કરિ બેસે કાં, - મંત્ર ફુંકાવે કાન
પ્રતિમા સેવા અર્ધિક કરે કાં - વિધિએ સંધ્યાસ્નાન.
ભક્તિવિણ ભેટે નહિં ભગવાન."
(નૃ.વા.વિ., પુ.૨, પૃ.૬૮)

આ નાનકડા દેશરાગના પદમાં તત્કાલીન સમાજનું પ્રતિબિંબ પડે છે. આજે પણ ઉપરોક્ત આચારોમાં જ ભક્તિનું આરોપણ કરવા વિશેની ભ્રમણા વ્યાપક સ્વરૂપમાં જોવા કયાં નથી મળતી ! "પ્રાણસમર્પણ કરિ બેસે કાં - મંત્ર ફુંકાવે કાન," એ પંક્તિમાં કવિશ્રીના વક્તવ્યની ચોટ સામાન્ય જનસમાજના માનસ પર છે, સવિશેષ વૈષ્ણવ પ્રાણસંબંધવિધિ સાથે તેનો અન્વય કરવાની કોઇ જરૂર જણાતી નથી. કારણ કે - અખાના છપ્પામાં છે તેમ - શ્રીમન્નૃસિંહાચાર્યજીનાં પદોમાં કોઇપણ સ્થળે (વારંવાર તો હોય જ કયાંથી!) વૈષ્ણવ કે સ્વામિનારાયણ વગેરે સંપ્રદાયોના સવિશેષ વિધિ-વિચાર વિશે માર્મિક પ્રહાર થયેલો જોવા મળતો નથી. એ તો સર્વસામાન્ય રીતે જ અજ્ઞાન અને અજ્ઞાનીઓની વૃત્તિ-પ્રવૃત્તિ વિશે ટીકા કરે છે કે લાલબત્તી ધરે છે.

આ પૂર્ણ પ્રેમાવેશવાળી ભક્તિ જ પ્રેમસ્વરૂપ પરમાત્માની પ્રાપ્તિનું અમોઘ સાધન હોવાથી આચાર્યશ્રી કહે છે કે, "એક ભક્તિ વિના સર્વ છંદ છંડો." સાચી ભક્તિ કરનાર ભક્તનો અનન્યભાવ સમસર્વત્ર પ્રભુમય હોય છે, એવા ભક્તની વ્યાખ્યા બાંધવી ભક્તકવિ પ્રવૃત્ત થાય છે :-

"પ્રતિક્ષણ પ્રભુ જેના ઉરમાં ભાવે જી,
સાચો ભક્ત તે કહાવે રે હાં."
(નૃ.વા.વિ., પુ.૩, પૃ.૪)

એવા "સાચા સુભાગી હરિજન"ને ઓળખવા પણ અઘરા છે. સાચા ભક્તને તો એક જ લગની લાગી હોય છે :

"તાળી એક લાગી રે, હરિ ફરી હરિમાં ભમે,
ભક્તિ તો જેને ભાવી રે, તેને તો બીજું કાંઇ ન ગમે,
વિષયે વિરાગી રે મન હરિવર શું રમે."

(નૂ.વા.વિ., પુ.૩, પૃ.૪૬)

વળી, બીજા કાફીપદમાં કવિ માર્મિક રીતે કહે છે,

"તાળી જેને હરિશું રે, લાગી તેને કોણ લહે,
આ જગ તો અજાણ્યે રે, જૂઠાને હરિજન કહે."

(નૂ.વા.વિ., પુ.૩, પૃ.૪૭)

આવા પદમાં ભક્તિ અને યોગનો સમન્વય પણ ઝળકી જાય છે :

"હૃદયકમલ જેણે સુલટું કીધું, નિરખ્યું બ્રહ્મરંધ્ર દ્વારે,
હૃદયમુધ્ધને દિવ્ય તંતુએ સાંધ્યાં, કીધો અમૃતનો આહાર,
અજરામર પદમાં રે, સુખ તે અખંડ ગ્રહે."

(જૈનજન)

આવાં અનેક સુંદર પદોમાં સત્સમાગમની અવ્યભિચારિણી વિશુધ્ધ ભક્તિદ્વારા પ્રકટ થતો દૈન્યભાવ, મનુષ્યના સ્વાર્થપ્રેરિત વૈયક્તિક અહમ્‌નું ચૂર્ણ કરી, તેનામાં કેવી રીતે દૃષ્ટિની વિશાલતાનો આવિર્ભાવ કરે છે, તથા हरिरेव जगत् जगदेवहरिः। એ ભાવની સિધ્ધિ શી રીતે થઇ શકે છે, તે દર્શાવી કવિશ્રીએ સાચા ભક્તોનું સ્વરૂપ સ્પષ્ટ રીતે સમજાવ્યું છે. વળી, પ્રત્યેક પળે પ્રભુભાવ લહવાની ભક્તિના વિહિત વિધિને અનુભવનારા ભક્તને તો દ્વૈતાદ્વૈતની અર્થ વગરની અથડામણમાં પડવું પડતું નથી. કારણ કે જૈનો ભક્તિભાવ दासोऽहम् द्वारा सोऽहम् ભાવને પણ અખંડિત રીતે અનુભવી શકે છે. માત્ર એ અનુભવના સ્પષ્ટીકરણની પરિપાટીમાં

કે અભિવ્યક્તિની પરિભાષામાં ભેદ ભાસે છે. તેથી તો કવિ પૂર્વોક્ત ભક્તિપદના અંતમાં સ્પષ્ટતા કરે છે કે ભક્તિમાં પ્રેમનું પાત્ર પલટાતાં,

"આસક્તિ માત્ર આત્મસ્વરૂપ શું સાધે જી,
અજરામર જે અનાદિ રે હરિ,
નૃસિંહ પ્રભુમય એ વિધિ થાતાં જી,
નવ થાવું વાદી પ્રતિવાદી રે હરિ."

(ભજન)

અહીં કવિની શબ્દયોજનાશક્તિ Diction માટે અનહદ આદર ઉત્પન્ન થાય છે. દ્વૈત-અદ્વૈતનું સાવ સીધું ગણિત આ પહેલાં એક પદમાં આપણે જોઇ ગયા છીએ કે જ્યાં બે (એકથી વધુ) ત્યાં કલહ અને એક ત્યાં પરમ શાંતિ અથવા આનંદ. કલહકારક દ્વૈતવાદને સમજાવવા કવિએ ભૌતિક વ્યવહારના કલેશને સૂચવતા ન્યાયમંદિરની પરિભાષાના શબ્દો "વાદી" અને "પ્રતિવાદી" કેટલા ઔચિત્ય વિવેકથી યોજ્યા છે ! – અથવા તો ભક્તિમાર્ગમાં જ પ્રવર્તેલા વિવિધ વાદ પ્રતિવાદો (ઉભય અર્થમાં, વિદ્વાનોના શાબ્દિક મતાન્તરો, અને સંપત્તિની સુરક્ષા કે પદ-અધિકાર અન્વયે ઉપસ્થિત થતા આર્થિક વ્યતિકરો !) પ્રતિ પણ આચાર્યશ્રીનો આ એક માર્મિક કટાક્ષ કેમ ન હોય !

આવી સાચી ભક્તિનો પાયો પ્રેમ છે. ભક્તિ એટલે ઊર્મિની ઉત્કટતા. અંતઃકરણનો નિરતિશય અનુરાગ. સામાન્ય સંસારીજન જો આ તીવ્ર ઉચ્ચભાવનું ભાજન હોય છે તો તેને સ્નેહસંજ્ઞા આપવામાં આવે છે. પરંતુ ભક્તિભાવનું ભાજન અથવા પ્રેમપાત્ર તો પરમાત્મા અથવા એમના અંશ કે પ્રતીકરૂપે આત્મા અને સદ્‌ગુરુસંત જ છે. ભક્તિ તો પ્રેમની પરાકાષ્ઠા છે. આથી તેના બીજકરૂપે સાચા અમર્યાદ પ્રેમને પરમ પાત્ર પ્રતિ વહાવવાની જરૂર છે. એ પ્રેમની પર્યેષણા કરતી કેટલીક પંક્તિઓ આ રહી.

"માર ને તાર એવી હદ્‌ન જેમાં રે,
એવું હરિગુરુપદ ચહાજે રે,
અમર્યાદ આ પ્રેમ વધારી તે,
મહામળહર જળમાં નહાજે રે.

હે મન પ્રેમની ધારા સાધી રે,
હર ઘડી હરિગુરુમાં ધાજે રે,
વિષયવિલાસની ધારા આ કુડી વીરા,
માન કહ્યું તો તું ના સ્હાજે રે."

(નૃ.વા.વિ., પુ.૩, પૃ.૪૨)

"ધારા" શબ્દ દ્વારા પ્રેમની અસ્ખલિત અખંડિતતા અપેક્ષિત છે. પ્રભુ પ્રત્યેનો પ્રેમ અવિરત અને અવિચ્છિન્ન હોવો જોઇએ. અને તેનું અનુસંધાન "હરઘડી" હોવું જોઇએ. પારિભાષિક વિશેષણ વાપરીએ તો આવો ઉત્કૃષ્ટ પ્રેમ "અનન્ય" હોવો જોઇએ.[1] આવા નિત્યયુક્ત અખંડ પ્રેમી તો આંખના પલકારાના અડધા ભાગ જેટલા સમય સુધી પણ પ્રલયકારવૃત્તિ વિના રહી શકતા નથી.[2] કવિએ આ અને બીજાં પદોમાં પ્રેમપાત્ર તરીકે હરિગુરુને ગણાવ્યા છે. તેનાં મુખ્ય બે શાસ્ત્રોક્ત હેતુઓનું કવિએ આ પદમાં ગર્ભિત રીતે સૂચન કરેલું છે.

(૧) "વિષયવિલાસની ધારા કુડી" અને "ક્ષણિક" તથા દુઃખદ છે. ઐહિક વિષયોને ભોગવવાનું જીવનું સામર્થ્ય મર્યાદિત હોય છે. વિશેષમાં, એ વિષયો હંમેશા એકસરખી - સુખદ - સ્થિતિમાં રહેતા નથી. આથી એની ક્ષણભંગુરતા લોકપ્રસિધ્ધ છે. ઇન્દ્રિયો પોતે પણ સ્વભાવતઃ અંતરાભિમુખ ન બનતાં બહિર્મુખ બની બાહ્ય વિષયોના જ સંસર્ગમાં આવી દુઃખપ્રદ અનુભવ આપે છે.

---

૧. સરખાવો :
अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः।
तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः॥
(श्री भगवद्‌गीता, अध्याय ८, श्लोक १४)

૨. સરખાવો : जिमेत्तार्धं न तिष्ठन्ति वृत्तिं कालमयीं विना।
तथा तिष्ठन्ति कालाद्याः सनकाद्याः शुकादयः॥

(૨) વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને તેનો લય કરનાર હરિ જગતમાં પૂર્ણ સ્વરૂપે પ્રકટ થયા નથી. તેઓ અવતાર ધારણ કરી કલાંશના ઐશ્વર્યને પ્રકટ કરે છે. અથવા તો બ્રહ્મવેત્તા મહાન વિભૂતિ કે સંત રૂપે લીલાકાર્ય કરે છે. આમ હરિ અને ગુરુની અભિન્નતા દર્શાવી, તેમના પ્રતિ પરમપ્રેમની ધારા વહાવવાનો કવિશ્રી અનુરોધ કરે છે. સંસારસ્નેહથી અતિરિક્ત એવો આ ભક્તિમૂલક પ્રેમ દેશકાળવસ્તુપરિચ્છેદથી રહિત, અને "હું-તું"ની હદથી હીન અમર્યાદ છે.

"પ્રેમ ભલો પરબ્રહ્મ શું, અન્ય પ્રેમ દુઃખરૂપ
અખંડની પ્રીતિ થકી, ટળે શોક ભવકૂપ."

(નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૧૬)

માટે,

"પ્રેમે નિજપદ ઓળખે, રહે નહિ ત્યાં નેમ,
પ્રેમ આવવો કઠિન છે, કઠિન તજવો નેમ,
પ્રેમે નેમ જ ટાળિયે, તો સંશય રહે કેમ."

(અજ્ઞાત)

આ પ્રેમપર્યેષણામાં કવિશ્રીએ વારંવાર સ્પષ્ટ કર્યું છે કે પ્રેમ પોતે દુઃખદાયક નથી. પ્રેમના પાત્રની પાત્રાપાત્રતા દુઃખબંધન કે સુખમુક્તિના હેતુરૂપ બને છે.

"પ્રીત જગતસૌં કબહુ ન કીજે, બિન પ્રીતિ દુઃખ નાવે,
કરીઓ પ્રીત નૃસિંહસ્વરૂપસોં, સો કબહુ નાહિ જાવે."[૧]

(નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૬૧)

---

૧. સરખાવો :-

"જો મૈ ઐસી જાણતી રે, પ્રીતિ કિયે દુઃખ હોય,
નગર ઢંઢેરા ફેરતી રે, પ્રીતિ કરો મત કોય."

(મીરાંબાઈ)

દૃશ્ય જગતમાં સંસારના ચંચલ વિષયોમાં આસક્તિ રાખવાથી સુખ કેવી રીતે મળી શકે ?

"દૃશ્ય પદાર્થ અચલ કોહુ નાહિ સમજ બીજ પ્રીત દઢાવે,
દૃશ્ય નહિ વા દૃષ્ટા નાહિ, કહો કીસ વિધ સુખ પાવે....
જગતમેં પ્રીત હિ દુઃખ કહાવે."

(ભજન)

આત્મપરમાત્મના પ્રેમ સિવાયનો બાકી બધો મિથ્યામોહ છે. તેનાથી બચવા કવિ કેટલો સુંદર અલંકારયુક્ત બોધ કરે છે.

"ગર્ભના આદિ ને મરણને અંતે રે,
સ્થિરતા ગ્રહીને તું જોજે રે,
મધ્યે પ્રતીતિથી પ્રેમ જ બાંધી,
વંધ્યા ગોને ના દોહોજે રે."

(નૂ. વા. વિ., પુ. ૩, પૃ. ૪૨)

કારણ કે વંધ્યાગોદોહનમાં તો,

"મમત્વ સાધીને મર્યાદા બાંધી રે,
મિથ્યા જગ રચી શું ખેલે રે,
આ મોજ ન લીધી પણ મોત જ લીધું,
તું નિજ હાથે પડીયો જેલે રે."

(ભજન)

અહીં "વંધ્યાગોદોહન"નું રૂપક ઔચિત્યપૂર્વક યોજાયું છે. પણ પછીથી કાવ્યત્વની ઉચ્ચકક્ષા "મોજ" અને "મોત" તથા "ખેલે" અને "જેલે"ની પ્રાસમેળવણીના આયાસમાં સહેજ કથળી જતી હોવાનું જણાય છે. આમ કવિનું પ્રેમમૂલક ભક્તિ વિશેનું કથયિતવ્ય સુસ્પષ્ટ છે કે, સત્યપૂર્ણ પાત્ર પ્રતિના પૂર્ણપ્રેમમાં મુક્તિસુખ છે અને અન્યત્ર સાન્ત

વ્યક્તિ-વિષયો વિશેની મોહાસક્તિમાં તો "નિજ હાથે" જેલમાં પડવા જેવું છે. વળી આવો પ્રેમ નિર્વિષયી, નિર્વિશેષ, નિર્વ્યાજ, નિ:સ્પૃહ, નિર્મળ અને નિર્બન્ધ હોય છે. તે શુધ્ધ સનાતન હોઇ સ્થળસમયના પરિમાણ આદિ ભેદોથી પર હોય છે. તેમાં મનમતિની નિર્ભયતા, નિર્મલતા અને નિશ્ચલતા હોય છે.

આથી વિશુધ્ધ પ્રેમની વૃત્તિ-ગોપી તો નિર્ભય થઇને વહે છે કે,

"પિયુના સુખમાં બુડી રે, હવે કોઇ નવ કહે કુડી રે."

{નૃ.વા.વિ., પુ.૧, પૃ.૧૩૦}

આવી પ્રેમલક્ષણાની પૂર્વોપાસ્ય ભક્તિ, બીનશરતી શરણાગતિથી જ સિધ્ધ થતી હોવાથી એક જિજ્ઞાસુ ભાવક-સાધક પ્રભુ-ગુરુ પાસે અનન્ય પ્રેમભાવ માટે નમ્રતાથી નિવેદન કરે છે :

"જાણું છું પ્રેમ આ જગતનો દુ:ખદ છે,
તદપિ નવ ચિત્ત આ હઠનું પાછું."

{નૃ.વા.વિ., પુ.૩, પૃ.૬૧}

આજને કાલ કરતાં પ્રભુ આજ લગી,
આપપદ પ્રેમ હજી ના જ જાગ્યો."[૧]

{ઐજન}

પ્રપન્નભક્ત દાસભાવે વિનવીને કહે છે કે,

"જાણ્યું ગુરુમુખે સાર, સ્વપ્નસમ છે સંસાર,
તોપણ ચીતરથી પ્યાર, નથી ઘટતો લગાર,
જાણો છો જગરાય.
હવાં દાસ જાણીને કૃપા કરીએ રે,
આ દુ:ખનો સાગર જેથી તરીએ રે હે જી."

{નૃ.વા.વિ., પુ.૨, પૃ.૬૫}

---

૧. સરખાવો :-
जानामि धर्मं न च मे प्रवृत्ति:।
जानाम्यधर्मं न च मे निवृत्ति:॥ {મહાભારત}

જગતના જીવોના ઉધ્ધાર માટે જ્ઞાનભક્તિ ઉભય સાધનોના સુલભ સંયોગની ઉત્કૃષ્ટતા તથા ભક્તિની સુગમતા સૂચવતું આચાર્યશ્રીનું નીચેનું પદ કાવ્યદૃષ્ટિએ અપૂર્વ છે એટલું જ નહીં પણ શૈલીની દૃષ્ટિએ પણ નોંધપાત્ર છે.

"ભક્તિવિનાનું જ્ઞાન મોળું લાગે જી,
જ્ઞાનવિના ભક્તિ ખારી રે હાં ;
ઉભય સંયોગ કરી જે જન ગ્રહેતા જી,
સ્વાદ તેનો છે અતિ ભારી રે હાં."

(નૂ. વા. વિ., પુ. ૩, પૃ. ૫૬)

"મોળું" અને "ખારી" – આ બે પાકશાસ્ત્રીય વિશેષણોથી બન્ને પ્રમેય પદાર્થોની અન્યોન્યોપકારકતાનું કેવું સુંદર રીતે પ્રતિપાદન કરવામાં આવ્યું છે ! આમાં ભક્તના જ્ઞાનનું અને જ્ઞાનીની ભક્તિનું ગૌરવ ગાયું છે. ભોજનની રસપ્રદ વાનગીમાં જેમ લવણહીન ખાણું નીરસ બને છે, તેમ જ્ઞાનમય ભોજનમાં ભક્તિ મીઠાશ પૂરનાર મીઠાની ગરજ સારે છે. માત્ર લવણયુક્ત વાનગી ખારી ખારી ઉસ બની નિરર્થક નિરાસ્વાદ બને છે, તેમ જ્ઞાનવિરોધી અથવા જ્ઞાનવિહીન કેવળ યાંત્રિક ભક્તિનો રસ ખારો લાગે છે. માટે કવિ કહે છે કે, ઉભયનો સુભગ સમન્વય કરી તૈયાર કરેલા ભક્તિજ્ઞાનમયી ભોજનનો સ્વાદ "અતિભારી" એટલે મિષ્ટાનતુલ્ય છે. આ પંક્તિઓ વડે આ સુંદર "દેશી"નો આકર્ષક ઉપાડ થાય છે એટલું જ નહીં પણ તે સમસ્ત પદમાં નિરૂપ્યમાન જ્ઞાન અને ભાવના ગાંભીર્યનું વાચકના ચિત્તમાં સૂચન થાય છે. આરંભની પંક્તિઓ જ ભાવકની કાવ્યાભિમુખતાને ઉત્તેજિત કરે છે. અણસમજુ અનુયાયી અલ્પાધિકારી જનોના મન વિશે ભક્તિ અને જ્ઞાનના બે પંથો વિશે વિરોધાત્મક વિચાર-વલણો જડ ઘાલી બેઠાં હોય તેનું સૂચન કરી, બંને પંથોના પરસ્પર વાદ-કલહનો સુંદર ઉકેલ આપતાં કવિશ્રી કહે છે :

"ભક્તિ નિંદી જે જન જ્ઞાની કહાવે જી,
તે જ્ઞાની નહિ અજ્ઞાની રે હરિ ;
જ્ઞાન નિંદે ને હરિભક્ત થઇ બેસે જી,
તે ઠગ, ભક્તિહીન, અભિમાની રે હરિ."

(નૃ.વા.વિ., પુ.૩, પૃ.૫)

ભક્તિના-ભક્તના નિંદકને અહીં જ્ઞાની નહીં પણ "અજ્ઞાની" કહયો છે, તથા જ્ઞાન-જ્ઞાનીની નિંદા કરનાર ઉપાસક માટે તો કવિશ્રીએ અધમમાં અધમ "ઠગ" શબ્દનો પ્રયોગ કર્યો છે. એવો ભક્તિનો દંભ કરનાર અભિમાની ઠગ તો અજ્ઞાની કરતાં પણ અધિક ભૂંડો છે. વૈષ્ણવ સંપ્રદાયના આચાર્યશ્રીએ એવા દાંભિક ભક્તો માટે "વંચક" શબ્દ વાપર્યો છે. ત્યાં તો એટલે સુધી કહયું છે કે, સત્સંગ ન થઇ શકે તો વાંધો નહીં પણ સાચા વૈષ્ણવે હમેશા વંચકોના દુઃસંગથી બચવા સાવધાન રહેવું. આમ ઉભયમાં પરસ્પરની ઉપેક્ષા એ જ અભિમાનનો હેતુ બને છે. માટે જ્ઞાન અને ભક્તિ બંનેનું અભિમાન ટાળવા કવિએ વારંવાર ટકોર કરી છે. આ બંને પક્ષો વચ્ચેના ઉગ્ર વાદકલહનું કારણ ઉભયનો દૃષ્ટિભેદ છે. એક નિર્ગુણ અદ્વૈતની અપેક્ષા રાખે છે, તો અન્ય સગુણસાકારની ઉપાસના કરતો હોવાથી એકમાં જ્ઞાતાજ્ઞેયભાવ અને અન્યમાં સેવ્યસેવકભાવની ઉપસ્થિતિ રહે છે. કવિશ્રી અત્યંત સરળશૈલીમાં કૌશલપૂર્વક આ વાદ-વઢવાડનું નિરસન કરે છે. તેમાં અનુપ્રાસ લયસાધક નીવડે છે.

"જ્ઞાને અદ્વૈત, દ્વૈત ભક્તિએ ભાસે જી,
એવું સમજી વઢે જન વાદે રે હરિ ;
(પણ) અનુભવી ઉર ભક્તિ જ્ઞાન ન જુદું જી,
અનન્ય ભજે અતિ સ્વાદે રે હરિ.

જ્ઞાતા ને જ્ઞેય બે જ્ઞાનથી ગણીએ જી,
સેવ્ય સેવક ભક્તિભાવે રે હરિ ;
વસ્તુ જાણ્યા વિણ પ્રીતિ ન પ્રકટે જી,
વિણ પ્રીતે વસ્તુ ના વે'દાવે રે હરિ."[1]

(ભજન)

શ્રીનૃસિંહવાણી વિલાસના કાવ્યમંદિરના કનકકળશ જેવી કેટલીક કાવ્યોમાંના આ સુંદર પદમાં કવિએ સંક્ષેપમાં જ્ઞાનભક્તિની મીમાંસા કરી છે. "અનન્ય ભજે" અને "અનુભવી ઉર" વહેરા કવિએ ભક્તિમાર્ગનાં બે મહત્ત્વનાં લક્ષણોનો નિર્દેશ કર્યો છે કે જે જ્ઞાનપંથના પ્રવાસીને પણ લાગુ પડે છે. અવ્યભિચારિણી ભક્તિ પ્રેમપ્રધાન હોઇ તે અનન્ય અને અન્યોન્ય હોવી ઘટે છે. અનન્યભાવે ભજવાની વાત ગીતામાં અર્જુનને વારંવાર કહેવામાં આવી છે. એવા ભક્તનું હૃદય જ જ્ઞાનીની ઉચ્ચ અવસ્થાનો અનુભવ કરી શકે છે. જનક, શુક વગેરેનાં સેંકડો દૃષ્ટાંતો છે. આથી જ શાસ્ત્રમાં જ્ઞાનપૂર્વા ભક્તિ અને જ્ઞાનોત્તરા ભક્તિના બે ભેદ દર્શાવી, જ્ઞાનોત્તરા પ્રેમલક્ષણાનું સર્વોચ્ચ મૂલ્ય આંકયું છે. એને જ ફલાભક્તિ કહી છે. તેમાં જ્ઞાનના અભાવની કે અજ્ઞાનની સંભાવના થઇ શકતી નથી. કવિ સ્પષ્ટ રીતે સત્ય સમજાવે છે કે, કોઇપણ વસ્તુ કે વ્યક્તિના પરિચય વિના તેના વિશે ભાવ શી રીતે પ્રકટે ? અને તે જ રીતે કોઇપણ વ્યક્તિ કે વસ્તુ વિશે ભાવ જાગ્યા વિના તે પદાર્થ પ્રતિ આકર્ષણ કેવી રીતે થાય ? "વિણ પ્રીતે વસ્તુ ના'વે દાવે રે હરિ" માં "વ"ની વર્ણસગાઇ ઉપરાંત "ના'વે - દાવે"ના યમકથી

---

૧. આ પદને સાધકરત્ન શ્રીધૈર્યદાશંકર દેવશંકર મહેતા તથા શ્રી કૌશિકરામ મહેતા જેવા વિદ્વાનોએ ઉત્તમ કાવ્યકલાના નમૂનારૂપ હોવાનું વર્ણવ્યું છે.

કથવિતવ્ય સર્વસ્વ અને સચોટ બને છે. અનુભવ વિના જીવ ગોથાં ખાય છે. તેથી કવિ પદના અંતમાં કહે છે,

"જ્ઞાન ને ભક્તિના ભેદ જન જાણે જી,
જ્ઞાનભક્તિ ભિન્ન ના સ્વરૂપે રે હરિ,
નૃસિંહસ્વરૂપ જાણી તન્મય થાયું જી,
વિણઅનુભવે પડે ભવકૂપે રે હરિ."

(એજન)

ઉપરનિર્દિષ્ટ જ્ઞાનભક્તિની અભિન્નતાનો અનુભવ ન થાય ત્યાંસુધી બિચારા જીવનું ભવભ્રમણ ચાલુ જ રહે છે. માટે કવિ આગળ સ્પષ્ટ કહી ગયા છે કે : દેહ એ સગુણ અને આત્મા એ નિર્ગુણ, એવું અનુભવજ્ઞાન થાય ત્યારે જ ગુણાતીતના પદને પામી શકાય. શ્રીમદ્ શંકરાચાર્યના જ્ઞાનવિહીને सर्वभक्तेन मुक्तिर्न भवति जन्मशतेन એ વચનનું સ્મરણ કરાવતી અનેક મંત્રપંક્તિઓ શ્રીનૃસિંહવાણીવિલાસમાં મળે છે, જેવી કે

"જ્ઞાન વિના નહિ મુક્તિ કો, માટે ઉત્તમ એહ,
જ્ઞાનવાનને ધન્ય છે, (જો) જાણ્યું આપ વિદેહ."

(નૃ.વા.વિ., પુ.૧, પૃ.૧૬)

સગુણ-નિર્ગુણ ભક્તિજ્ઞાનના આ પ્રકારના અભેદનો આચાર્યકવિ "કુંડળિયા"માં પોકાર કરે છે.

"મુક્તિ નહિ નિર્ગુણ વિના, સગુણથી ભવફેર,
સમજ્યો બેઉ એક છે, અણસમજ્યો અંધેર."

(નૃ.વા.વિ., પુ.૧, પૃ.૮૦)

માટે કરવા યોગ્ય કર્તવ્ય એક જ છે કે,

"નૃસિંહ નિર્ગુણ સગુણ સ્વરૂપે, ભજો તજી કાવાદાવા,
જગતમાં ગુણ ગોવિંદના ગાવા."

(નૃ.વા.વિ., પુ.૨, પૃ.૫૬)

અહીં "ગોવિંદ શબ્દ અવતારી કૃષ્ણ કે વૈષ્ણવોના ઉપાસ્યનો સૂચક નથી. પરંતુ તે દ્વારા અધિકારી સાધક (ભક્તિ કે જ્ઞાની) -ના ઉપાસ્ય સગુણ કે નિર્ગુણ ઇષ્ટ તત્ત્વનો અર્થ અભિપ્રેત હોઇ શકે. કવિશ્રીના કથયિતવ્યનો ઝોક એક જ મુદ્દા પર છે કે નિર્ગુણ અને સગુણ, જ્ઞાન અને ભક્તિ.....વગેરે વિષયોની કડાકૂટ ત્યજીને, તમને જે રીતે ફાવે તે રીતે ઇષ્ટતત્ત્વનો સાક્ષાત્કાર કરો ને ? સંબંધ ગમે તે પ્રકારનો હોય, - સેવ્યસેવકનો, જ્ઞાતાજ્ઞેયનો કે ધ્યાતાધ્યેયનો, - પરંતુ પરિણામે તો સાચો અભેદ સિધ્ધ કરવાનો છે. તે શુષ્ક પાંડિત્યપ્રદર્શનથી, વાચિક ચર્ચાવાતોથી કે ઉપલક્યિા વેવલા બાહ્યોપચારથી સિધ્ધ થવાની શક્યતા નથી. એ તો અનુભવથી જ સમજી શકાય છે. વિનઅનુભવી તો ભવકૂપે પડે છે અને વ્યર્થ વાદવિવાદ અને વિખવાદ વધારી આયુષ્યને વ્યર્થ ગાળે છે. તે તો,

"તત્ત્વાનુભવ વિણ વ્યર્થ મત તાણે જી,
દુઃખ ભોગે જન્મી મરી ખાણે ખાણે રે હરિ."

(નૂ.વા.વિ., પુ.૩, પૃ.૫)

આવો જ્ઞાનભક્તિનો - તત્ત્વકવિતા સમો-સુંદર સુભગ સુયોગ વિરલ સ્વાનુભવી કવિઓનાં કેટલાંક પદોમાં જ સધાયેલો જોવા મળે છે.

....

નરસિંહ-મીરાંથી શરૂ કરી છેક દયારામ સુધીના મોટાભાગના કવિઓની કવિતામાં ભક્તિની ભાગીરથી વહેતી હોય છે. નરસિંહનાં ભજનોમાં કદીકદી જ્ઞાનયુક્ત ભક્તિનો તો કદીકદી કેવળ ભક્તિનો પ્રવાહ જોવા મળે છે. ભક્તિની મહારાણી સમી મીરાંબાઇનાં પદોમાં તો નિર્ભેળ ભક્તિની જ નિર્ઝરિણીનાં નિર્મલ નીરમાં સ્નાન કરવાનું પ્રાપ્ત થાય છે.

અખો, ધીરો, ભોજો વગેરેની કવિતામાં ભક્તિના અંશો એટલા પ્રકટ અને ઉત્કટ નથી. દયારામ તો બંસીબોલનો સ્નેહકવિ. તેણે તો પ્રથમવાર ભક્તિમાં સ્નેહનું તત્ત્વ ભેળવ્યું. આમાં નરસિંહ, મીરાં અને દયારામે પુષ્ટિપ્રીતિનો પ્રમુખતઃ પુરસ્કાર કર્યો છે. પુષ્ટિપદ્ધતિથી પ્રેમનિરૂપણ કરવામાં, આરાધ્ય પતિ-દેવ શ્રીકૃષ્ણની વિવિધ લીલાને કેન્દ્રમાં રાખી વર્ણન કરવામાં આવે એ સ્વાભાવિક છે. તેથી વ્રજ, વેણુ, વ્રજરેણુ, રાધા, ગોપિકાઓ..... વગેરે કૃષ્ણભક્તિનાં પોષક નિમિત્તોની આસપાસ પ્રેમભાવનું વર્તુળ વિસ્તરે એ સ્વાભાવિક છે. પુષ્ટિમાર્ગની વૈષ્ણવી છાપ વિનાના અન્ય સંત કવિઓએ પણ આ પરંપરિત ભાવપ્રતીકોનો મર્યાદિત પ્રમાણમાં વિનિયોગ કરેલો જોવા મળે છે. ભક્તિ કે જ્ઞાનની કવિતામાં જ્યાં પ્રેમનો આલંબનભાવ હોય ત્યાં સંયોગ અને વિપ્રયોગ બંને પ્રકારના શૃંગારની રચના જોવા મળે છે. શ્રીમન્નૃસિંહાચાર્યજીના ત્રણે ય કાવ્યસંગ્રહોમાં ઉદ્ધવ-ગોપીના પ્રસંગનું આલંબન લઈને તથા હોરી રાગનાં પદોનો આશ્રય લઈને કવિશ્રીની કેટલીક પ્રેમવિષયક રચનાઓ આસ્વાદ્ય કોટિની ઉપલબ્ધ થાય છે. તેમની આ પ્રકારની કવિતામાં મોટેભાગે વિપ્રલંભ શૃંગારનું નિરૂપણ થયેલું છે. જેમ વિવેચકોએ નરસિંહ અને દયારામની શૃંગારભક્તિની કવિતા માટે સળંગ દલીલો કરેલી છે તે જ હકીકત શ્રીમન્નૃસિંહાચાર્યજીની આ પ્રકારની કવિતાને પણ સર્વાંશે લાગુ પડી શકાય તેમ છે – જોકે આચાર્યશ્રીની કવિતામાં સ્થૂળ કહી શકાય એવું શૃંગારપ્રચુર વર્ણન ક્યાંય આવતું નથી. છતાં વિપ્રલંભની પશ્ચાદ્ભૂ તરીકે તે અનુમાનનો વિષય ન્યૂનાંશમાં પણ બનવાની સંભાવના હોવાથી આ પ્રકારની સ્પષ્ટતા કરવી પડે છે. અહીં જ્યાં પ્રેમનો આનંદ, વિરહની વ્યથા કે પ્રેમની પીડા વગેરે ભાવોનો આવિર્ભાવ અપેક્ષિત છે,

SHRI MAHA SATI MEHTA LIBRARY
THE M. S. UNIVERSITY OF BARODA

ત્યાં ઉચ્ચ કોટિનો અશરીરી અલૌકિક નિર્વિકાર આત્માનુસંધાનને અભીપ્સુ એવો દિવ્ય પ્રેમ જ અપેક્ષિત છે, એ નિઃશંક ઉક્તિ છે. વળી, આપણે થોડાંક ઉદાહરણો તપાસીશું તો જણાશે કે નરસિંહ મહેતાનાં કેટલાંક પદોમાં ઝળકતા અને અખા કવિની સમસ્ત કવિતામાં અનુસ્યૂત રહેલા જ્ઞાનનો જ રંગ, આચાર્યશ્રીનાં આ પ્રકારનાં પદોમાં મુખ્યત્વે જોવા મળે છે. નર્મદ પછીની મોટાભાગની પ્રણયરંગી આત્મલક્ષી કવિતામાં વિરહવ્યથાના વિલાપ કે રોદણાં જોવા મળે છે. (આમાં અપવાદ નથી એમ નહીં પણ એ વિષય અહીં અપ્રસ્તુત છે એટલે વિસ્તાર કર્યો નથી) અનુભવના રણકાર વિનાના મિથ્યા મોહને જ ઘૂંટીઘૂંટીને ગાનારાં કાવ્યોમાં પ્રેમના પ્રલાપો કે લાગણીવેડાને વહાવનારાં રોદણાં જ સાંભળવાં મળે છે. તેમાં આત્મઝંકૃતિના સત્ય અનુભવનો સ્પર્શ ઓછો કે આછો હોય છે. પરંતુ શ્રીનૃસિંહવાણીવિલાસનાં આ પ્રકારનાં વિપ્રયોગને વર્ણવનારાં પદોમાં મોહજન્ય તરંગતલસાટ કે અવિદ્યાવૃત્ત વાસનાવિકૃતિનાં ચિત્રોનો અભાવ હોય એ સ્વાભાવિક છે. તેમાં આત્મસંવેદનની ઉત્કટતા સાથે પ્રેમપાત્ર સાથેની તન્મયતાની તીવ્રતાનાં દર્શન થાય છે. ઉદ્ધવ-ગોપી અને શ્રીકૃષ્ણનાં પરંપરિત પ્રતીકોનો ઉપયોગ છતાં નિરૂપણમાં નિર્વ્યાજ આર્જવ સાથે ભાવોર્મિની ઉત્કટતા અપ્રકટ રહી શકતી નથી. શ્રીનૃસિંહાવાણીવિલાસ, દ્વિતીય પુસ્તકમાં, પ્રભાત રાગમાં ગવાતાં પદો ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯ અને ૨૦માં, ૬૮, ૬૯, ૧૦૦, ૧૦૧માં તથા ૧૨૮, ૧૨૯, ૧૩૦ વગેરેમાં કવિનું કલાકૌશલ એવી આલંકારિક રીતે પ્રકટ થાય છે કે વાચક ગોપીજનોનાં ઉદ્ધવ પ્રતિનાં વચનોનો વાચ્યાર્થ પામવા ઉપરાંત, અભિમાનીના પ્રલાપકાર પરિણામ પામવાના સમયે વિષયાકાર વૃત્તિનાં સચ્ચિદાકાર પ્રતિના ઉદબોધન રૂપે તેનું અન્યોક્તિ દ્વારા સહેલાઈથી અર્થઘટન કરી શકે છે અને કવિને

પોતાને પણ એ જ ભાવ અપેક્ષિત છે. તત્ત્વાકાર ગોપીવૃત્તિ કેવળ પ્રેમ પર જ નિર્ભર છે. તે કેટલી નિષ્ઠાભરી ખુમારીથી નિવેદન કરે છે કે,

"જો વસુધા આ, રસાતળ જાયે, સૂર્ય ઉદય પશ્ચિમમાં થાયે ;
પ્રલયાગ્નિથી દેહ દહાએ, (છો) પ્રાણ મર્મથી છૂટે રે,
પ્રેમયોગ અંતરમાં જાગ્યો, અન્ય યોગનો સંશય ભાગ્યો,
ત્યાગયોગ તે કડવો લાગ્યો, પીધો જાય ન ઘૂંટે રે,
ઉધ્ધવજી, એ પ્રેમ પુરાણો, તોડાવ્યો ના તૂટે રે."

(નૂ. વા. વિ., પુ. ૨, પૃ. ૬)

સાત્ત્વિક વિરહવેદનાને વ્યક્ત કરતાં કરતાં, સુખદ પૂર્વપ્રસંગોનું સ્મરણ થાય અને એ રીતે વિષાદવિહીન મધુર વ્યથાને વાચા મળે....એ આવાં કાવ્યોની વિશિષ્ટતા હોય છે. અર્ધ નિશાએ વેણુનાદ સાંભળતાં ગોપીજનો ગૃહ ને ત્યજીને નીકળી,

"પ્રેમભરી હરિનિકટે ચાલી, વસ્ત્રાભૂષણ અવળાં ઘાલી ;
હરખી, હરિવર નયને ન્યાળી, જાણ્યું કારજ સીધ્યું રે.

....

અધવચ ગુપ્ત થયા તરછોડી, રંક અમે વનવનમાં દોડી,
નરસિંહ મનની મસ્તી મોડી, વળતાં અમૃત પીધું રે."

(નૂ. વા. વિ., પુ. ૨, પૃ. ૬)

સહયોગની પરાકાષ્ઠાએ પહોંચ્યા – પહોંચાડ્યા પછીનો વિપ્રયોગ દુઃસહ બને છે :

"ઉધ્ધવજી અમે પ્રેમરસ પીતાં, જુઓ વા'લે તરછોડ્યાં રે,
રસબસ થઈને રહેતાં રંગે, રજની દિવસ વિચરતાં સંગે ;
એકલડાં અમે રમતાં ઉછંગે, તે સુખ સર્વે તોડ્યાં રે.

....

ઊનકલત્તા શી પ્રેમની પ્યાસી, ગોકુળવાસી હરિની દાસી,
નૃસિંહ નિરાશી કરી છે ઉદાસી, {શું} કર્મ અમારાં ફોડ્યાં રે.'
{નૃ.વા.વિ., પુ.૨, પૃ.૮}

છેવટની પંક્તિઓમાંનો વર્ણ અને શબ્દનો અનુપ્રાસ – ખાસ કરીને "પ્યાસી.....વાસી.....દાસી....નિરાશી....ઉદાસી"માંનો યમક લયવૈવિધ્યના જ ભાવની સઘનતા સાધે છે. ન ધરના, ન ઘાટના – એવી સ્થિતિનું વિશદ ચિત્ર દોરતાં પદ ૧૮ માં ગોપિકા કહે છે કે,

"પ્રેમકૂપમાં અધવચ ધરીયાં, ના નભમાં ના મહીએ રે,
ઉધ્ધવજી એ મનની પીડા, કો આગળ જઇ કહીએ રે."
{નૃ.વા.વિ., પુ.૨, પૃ.૧૦}

આવાં પદોમાં પ્રેમપ્રસંગનિરૂપણ વૈવિધ્યના કહી કહી કટુમધુર કટાક્ષવચનો પણ સ્વાભાવિક સહૃદયતાથી નીકળતાં હોય છે. વિશુધ્ધ વિપ્રલમ્ભ શૃંગારને વિલસવાનો તેમાં અવકાશ રહે છે. કુબડી પ્રતિનો પ્રેમકટાક્ષ કરતાં ગોપીઓ કહે છે :

"સાચો પ્રેમ અમારો કાપ્યો, અધરરસ તો કુબડીને આપ્યો ;
નરસિંહ હરિને નિષ્ફળ અપ્યો, એમ અમે મન લહીએ રે."
{એજન}

વિરહાગ્નિનું સ્વભાવોક્તિભર્યું વિશદ ચિત્રાલેખન નીચેના પદમાં જોવા મળે છે :

"ઉધ્ધવ વિરહાગ્નિ અંતરમાં, અન્ય જળે ના બુજે રે.
નિકટ રહે તો પણ સુખ ના પામે, દૂર જવે ઝાઝું સંતાપે ;
વિષશસ્ત્રે જે નિશદિન કાપે, {તે} ઔષધથી નવરૂઝે રે."
{નૃ.વા.વિ., પુ.૨, પૃ.૧૦}

વિરોધાભાસથી વર્ણન વધારે સચોટ અને સ્પષ્ટ બન્યું છે :

"યોગીજન એ દુઃખ શું માપે, નથી વીંધાયા પ્રીતિચાપે,
રોમરોમ એ અગ્નિ વ્યાપે, {તે} વિરહી જનને સુઝે રે."
{એજન}

નિરાકારના ઉપાસક જ્ઞાની ઉધ્ધવને સાકારની પ્રત્યક્ષતાની પ્રતીતિ ગોપીજનો કેવા સચોટ રૂપક દ્વારા કરાવે છે !

"વિરહ છળી અંતરમાં છાપે, જાણી જશે તે અંતર માપે ;
તે સુખ નાવે અખંડ જપ જાપે, જો સન્મુખ ના ઝુઝે રે.
શીત સમય આવે અણમાપે, અગ્નિસ્મરણ હૃદયમાં સ્થાપે,
નરસિંહ નાહિ પ્રકટ કરી તાપે, ત્યાં લગી તે તો ધ્રુજે રે."
{એજન}

વિરહવેદનાની ઉત્કટતા વધારતી વિચિત્ર કલ્પના નીચેની પંક્તિઓમાં જણાય છે :

"જો ઉધ્ધવ ગર્ભેથી ગળતાં, તો એ દુઃખથી સધ જ ટળતાં,
વિણ અગ્નિએ આજ ન બળતાં, વણીં શું કહે વાણી રે,
વિરહદુઃખ નહિ જેવું તેવું, બોધ દીયો શું જાણી રે."
{નૃ. વા. વિ., ખુ. ૨, પૃ. ૧૦}

જેના અંતરમાં અખંડ પ્રેમયોગ જાગ્યો છે એવી વૃત્તિની અનન્ય ભાવભરી નિષ્ઠા અને નિર્ભયતાની પ્રતીતિ–ઉધ્ધવને તેમ જ વાચકને – થાય છે. આવો પ્રેમવિહાર મંગલ અને ભદ્ર છે. તેથી તેમાં વિષાદની ક્લેશકાલિમાનો અંશ પણ હોતો નથી. તેમાં તો નિર્મલ જ્ઞાનાદ્વૈત સ્થિતિની અથવા તો ભક્તોની પ્રમત્તાવસ્થાની મસ્તીની નરી ખુમારી જ નીતરતી હોય છે. આવી વિરહિણી વૃત્તિ વિપ્રયોગમાં જે ઝૂરતી હોય છે :

"ભાલો મુજ હૃદયે રે વાગે વિયોગનો,
આંસુ ઢાળી નિર્ગમતી જો.
(નૃ.વા.વિ., પુ.૧, પૃ.૨૮)

તે જયારે સંયોગ-સંદેશ સાંભળે છે ત્યારે સુવર્ણસ્વપ્નની સુખદ કલ્પનામાં રાચે છે અને નિ:સંકોચપણે સખી સમક્ષ મનોભાવ વ્યકત કરે છે :

"પ્રેયિયો તે આવ્યો રે, સખી મારા દેશનો રે,
લાવ્યો લાવ્યો આણા કેરી વાત,
પીયુનો મેળાવો રે, થાવા મુને હોંશ છે રે,
રંગે રમતાં નિર્ગમશું દિનરાત....."
(નૃ.વા.વિ., પુ.૧, પૃ.૧૩૪)

અહીં બંને સ્થળે કવિએ સૂચક રીતે "નિસ્+ગમ" ક્રિયાપદનો પ્રયોગ કરેલો છે. તથા પિયર ગયેલી નવપરિણીતાના મનોભાવનું સુયોગ્ય આલંબન લઇને શૃંગારરસને શિષ્ટતાપૂર્વક સુદૃઢ બનાવ્યો છે. પણ આ બધી સંયોગવિયોગની તથા સુખદુ:ખની ભાવનાનો આધાર દ્વૈતપ્રતીતિ પર્યંત જ ટકે છે. જયાં સ્વસ્વરૂપાવબોધ :"સુખ સાધન આપ વિચાર": થાય છે ત્યાં પોતે પોતાના સિવાય અન્ય કોઈ - પતિ પત્નીને કે પત્ની પતિને - ભાળતાં નથી. ત્યાં તો નિજાનંદમગ્ન થઇ રહેવાય છે :

"અંતગતિ જોતાં રે, પિયુપત્ની ટળ્યાં રે,
ત્યારે લીધો નિજાનંદ સુખનો લાભ.....
નૃસિંહ ન્યારાં રહિને રે, નિજ પદે માણશું,
ભૂમિ છાંડી રહીશું જઇને આભ."
(નૃ.વા.વિ., બેજન)

આમ સંયોગવિયોગાત્મક ભૂમિ પરનાં લૌકિક વર્ણનોના આશ્રય દ્વારા, "ભૂમિ છોડી રહીશું જઇને આભ"માં પ્રવર્તતા અભૌતિક પ્રેમતત્ત્વના અલૌકિક આનંદયુક્ત પ્રદેશમાં કરાતા વિહારનું વિશદ વર્ણન કરેલું છે. શ્રીનૃસિંહવાણીવિલાસના તૃતીયપુસ્તકમાંનું કરાઇ રાગનું ૧૪મું પદ, શ્રીમન્નૃસિંહાચાર્યજી પોતે સાધકો સમક્ષ ઘણીવાર ગાતા ત્યારે વાતાવરણ અશ્રુભીનું બની જતું, એમ જાણવા મળ્યું છે. એ પદમાં વિરહોર્મિની ઉત્કટતા આર્જવભરી વાણીમાં વ્યક્ત થઇ છે. તેની પ્રથમ કડી નીચે પ્રમાણે છે :

"દયા કરીને પ્રભુ દર્શન દીજે રે,
દાસ વિનવી વિલપે ઝાઝું રે,
આજકાલ કરતાં વય વહી જાતું,
વિરહાગ્નિએ હૃદય દાઝ્યું રે...."

અહીં "વિલપે" {वि+लप् પરથી} શબ્દપ્રયોગ ધ્યાનપાત્ર છે.

અત્યારસુધી ઉધ્ધૃત કરેલાં ઉદાહરણોમાં, આત્મલક્ષી તત્ત્વ, પ્રધાનપણે દૃષ્ટિગોચર થાય છે. છતાં ય તેમાં ઊર્મિનો અદમ્ય ઉછાળો સભરપણે સર્વત્ર વ્યાપ્ત થતો જણાતો નથી, સંયોગવિયોગ આદિ પ્રેમરસ શૃંગારની વિશુધ્ધ ભાવનાઓને વ્યક્ત કરતાં કેટલાંક "હોરી" પદોમાં, કવિશ્રીની સર્વોત્કૃષ્ટ ઊર્મિકવિતાનાં દર્શન થાય છે. એવાં પદોમાં જ્ઞાન, ભક્તિ અને કવિતાનો ત્રિવેણીસંગમ જોવા મળે છે. મધ્યકાલીન યુગના કવિઓએ ઋતુઓને અનુલક્ષીને પ્રકૃતિવર્ણનનાં કાવ્યો લખેલાં છે. પરંતુ મોટાભાગનાં કાવ્યોમાં સ્થૂળ વર્ણનથી વિશેષ કાંઇ હોતું નથી. વસંત, હોરી, વર્ષા કે શરદને લગતાં કાવ્યો તો નર્મદ-દલપત પછી પણ લખાયાં છે. તેમાં ઊર્મિની અભિવ્યક્તિ કે જ્ઞાનનો રંગ લાગેલાં કાવ્યો અલ્પસંખ્યામાં જ મળી આવશે. શ્રી મહેન્દ્રકુમાર દેસાઇ આ વિષય પર એક સ્થળે લખે છે :

"સામાન્યતઃ હોરીપદોનો ખાસ પ્રચાર વૈષ્ણવ મંદિરોમાં થાય છે. સમય સમય પર ભિન્નભિન્ન ભાવભાવની ચીજો લલકારતા કીર્તનીયાઓ, વસંત ઋતુમાં હોરી-કીર્તનોથી પ્રભુના શૃંગારની સેવા કરે છે. સંગીત અને રંગદર્શી વાતાવરણની મંજુલતા, ભાવિક ભક્તો ઉપરાંત વૈષ્ણવેતર - આસ્તિક અને નાસ્તિક, બન્ને - જનતાને પણ આહ્લાદક લાગે છે. પરંતુ પુષ્ટિમાર્ગીય ભક્તિવાદી "હોરી"માં આવતી એકવિધતા, તથા શ્રીકૃષ્ણ અને ગોપીવૃંદ સાથેના રંગખેલનના સૂક્ષ્મભાવોનું - પણ પ્રધાનતઃ સ્થૂળ ભાસતું - વર્ણન, વીસમી સદીની સંસ્કારી જનતાના બુધ્ધિવાદી સમાજની આંખમાં ખૂંચે છે । કવિ દયારામનાં કાવ્યો પરનાં વિવેચનોએ આ વિષય સંબંધી સારી સ્પષ્ટતા કરેલી છે, એટલે અત્રે ઉંડા ઉતરવાની જરૂર નથી. તાત્પર્ય કે એ તો અલંકાર-વૈભવની એક શોભા છે, ચિત્રવર્ણશૈલીનો એક પ્રતીક-પ્રકાર છે કે જે પુરાતન હોઇ પરંપરાથી પવિત્ર મનાતો આવ્યો છે.

પ્રેમનિષ્ઠ કવિશ્રી નૃસિંહાચાર્યજીનાં "હોરી"નાં તેમ જ ઈતર પદોમાં ભક્તિભાવ સભરપણે વહે છે ; છતાં તેની વિશિષ્ટતા એ છે કે તેમાં મુખ્યત્વે તો જ્ઞાનનો રંગ જ ઓપેલો જણાય છે. ભક્તિમાર્ગે શોભાવેલો શૃંગાર પણ તેમનાં કાવ્યોમાં જ્ઞાનમય બની વિલસી રહે છે - એ સત્યની પ્રતીતિ, તેમની કવિતાને ઊંડાણથી વાંચનારને થયા વિના રહેતી નથી.[1]

શ્રીનૃસિંહાચાર્યજીનાં હોરીપદોમાં હોરી વિષયક પદોનો મર્યાદિત અર્થ કરવાનો નથી. પરંતુ મંદિરોમાં અને સંગીતની મહેફીલોમાં લલકારાતા હોરી રાગનાં પદોનો મુખ્યત્વે સમાવેશ થતો હોય છે. આ પદો મોટેભાગે હિંદીભાષામાં છે. થોડાંક દૃષ્ટાંતો જોઇએ.

---

૧. "ગુણસુંદરી" વર્ષ ૧૯૬૮, માર્ચ.

શૃંગારાનુનયથી અનભિજ્ઞ મુગ્ધા અથવા બાલકિશોરીની વૃત્તિ સાહજિકતાથી હૃદય ખોલે છે :

"બસંત ઋતુ અબ આઇ બિલાસી, દુઃખ ન જાય કહયોરી,
પિયા નહિ મૈં કૈસે રહુંગી, મૈં હું બાલકિશોરી,
ખેલું કિનસૌં હોરી.
પિયા નાહિ સજની મોરી, આઇ હોરી.
મૈં નાહિ જનું પિયાસંગ કૈસો, બાત સુની હે બહોરી,
અબ મન મેરો ભયો હૈં હરામી, બહોત કરત બરજોરી,
બિરહ ના જાય સહયોરી,
પિયા નાહિ સજની મોરી, આઇ હોરી."

{નૂ.વા.વિ., પુ.૧, પૃ.૭૪}

વિપ્રયોગિનીનું કેવું સહાનુભૂતિપ્રેરક સુરેખ શબ્દચિત્ર ઉપસાવ્યું છે !

"ખાનપાન કછુ ભોગ ન ભાવે, નેનમેં નીર બહયોરી,
ઐસો નહિ કો પિયાકૌં મિલાવે, મન મેરો ભ્રમિત ભયોરી,
રંગ સબ તનકો ગયોરી, પિયા નાહિ૦"

{એજન}

આવાં ઊર્મિકાવ્યોમાં કોકસ્થળે વ્યંગ્યાર્થનું સૂચન હોય છે :

"ધિક્ ધિક્ ધિક્ સખી વા ઘટકૌં, ન જ્ઞાનશૃંગાર ધર્યોરી,
હરિરસ તો રસના નાહિ ચાખ્યો, જન્મ સફલ ના કર્યોરી,
જોબન જનુની કો હર્યોરી. પિયા નાહિ૦"

:એજન :

અહીં જ્ઞાનશૃંગાર અને રસનાસ્વાદ્ય હરિરસ જોનારા કવિનું વક્તવ્ય સ્પષ્ટ થાય છે. જ્ઞાનશૃંગારના હોરીખેલનની મસ્તી માણતા જેને ન આવડી તેના આયુની વસંતની વ્યર્થતા સૂચવવા કવિ કેવું સચોટ વેધક પ્રતીક યોજે છે ? જન્મ આપવો એટલે સ્થૂળ શારીરિક દૃષ્ટિએ

માતાના જોબન-જોમનો વ્યય થવા દેવો. જનનીના આવા ઉદાત્ત સમર્પણ પછી મળેલા જીવનને સાર્થક કરવાનો જો મનુષ્ય પુરુષાર્થ ન કરે તો તે ખરેખર-કવિશ્રીએ અન્યત્ર કહ્યું છે તેમ[1] - માતૃઘાતી અથવા જનનીદ્રોહી જ કહેવાય ને ? એક નાના હોરીપદમાં પણ આ ભાવ ઉત્કટતાથી વ્યક્ત થયો છે.

"સજની યહ ફાગુન આયો,
અજહુ ના પ્રિયતમ આયો, સજની૦
અંતર્ તાપ તપત નિશદિન અબ, બહિર્ હિ તાપ તપાયો,
કૌન કસુર રહી યહ ઉરમેં, પ્રિયતમ પ્રેમ ન પાયો,
ન અરિ યહ કામ છિપાયો, સજની૦
ધિક્ ધિક્ પ્રિયતમ વિરહિણીકો, જગમેં યશ ન સધાયો,
સુખ અભિલાષા ન નાશ ભઈ, ન નૃસિંહ અનુકૂલ રહાયો,
વિરાગ ન મનમેં ભાયો. સજની૦"

(નૃ. વા. વિ., પુ. ૩, પૃ. ૧૫૫)

બીજા એક હોરી-પદમાં વિરહાગ્નિમાં ઝૂરતા હૃદયના તાર ઝણઝણી ઉઠે છે :

"પીયા પાયો નહિ સખી મોરી, હો મૈં કિનસે મેહું હોરી.
... ...
બિલાસી બસંત સબૈ જગ અને, અજહુ મૈં તો ન છોરી,
અબતક આઈ મીલે ના મોસોં,
(અનું) પ્રીત અવરસૌં જોરી ; હો મૈં કિનસે."

(નૃ. વા. વિ., પુ. ૨, પૃ. ૧૩૧)

---

૧. "જન્મ ધરીને જનનીનું, શીદ ઉદર વગોવ્યું રે,
દેવળ દેખી થાય હરાયું અંતર નવ ધોયું ;
અસત્યના કોઠાર ભર્યા, બીજ સત્યનું નવ બોયું રે."

(નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૨૪)

"મનુષ્યદેહ મહા ઉત્તમ પાયો, સત્ય સ્વરૂપ નહિ ધ્યાવે,
નિજપદ નિવૃત્ત હોઇ ન પેખે, હું પદ નહિ શમાવે,
આત્મઘાતી સો જનિયેરે, કબ હુ ન ઉતરે પારે."

(નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૨૧)

પ્રતીક્ષામાં ને પ્રતીક્ષામાં દિવસો વીતાવતી વિયોગિનીની વૃત્તિ મનનો અજંપો વ્યક્ત કરે છે :

"સખીરી, પીયા નાહિ મંદિર આયો.
પ્રિયતમહિત વૈરાગન ભઈ મૈં, શ્યામ વિદેશ સિધાયો,
કોન દિશાપૈં રહે નહિ જાનું, ના સંદેશ પઠાયો,
હૃદયઆનંદ હઠાયો. પીયા૦"

(નૃ. વા. વિ., પુ. ૨, પૃ. ૧૩૫)

અને આવાં પદોનો અંત "વિરહદુઃખ સબ હિ દહાયો, પિયુ નિજમંદિર આયો", જેવી સુખદ પંક્તિમાં હોય એ સ્વાભાવિક છે. નીચેની કાફી-હોરીમાં યોગ અને તત્ત્વજ્ઞાનનો સુભગ સમન્વય પ્રકટ કરતું કવિશ્રીની કલ્પનાચમત્કૃતિનું દ્યોતક સુંદર શબ્દચિત્ર છે.

"જગમેં હોરી ખેલત યોગી, સખીરી, જગમેં હોરી ખેલત.
બિન પ્રિયતમ હમ જરત રહત હૈ, નિશદિન જૈસે રોગી,
ખેલ ખૈલાવનહાર ન પાવત, તબલોં કહે કયોં ભોગી ;
સહત દુઃખ અજહુ વિયોગી. જગમેં૦
પતિવ્રતા પિયુસુખ જો ધારત, સો સુખ કયોં લહે ઢોંગી,
નૃસિંહ શામના મિલહી મોકોં, વિરહાગ્નિસૈં જરોંગી ;
વિરહિણી બહોરી ન હોંગી. જગમેં૦"

(નૃ. વા. વિ., પુ. ૨, પૃ. ૧૩૪)

તે જ પ્રમાણે આ જ્ઞાનયોગી કવિ ષડરિ-દુર્ગુણોની હુતાશની પ્રગટાવી પ્રહ્લાદની પેઠે "પ્રલાગ્નિબિચ" પલાઠી વાળીને બેસે છે. કામ, ક્રોધ, મોહ, લોભ, માયા વગેરેનું ઈંધન કરી કહે છે કે,

"નરસિંહ આપ નહિ પર ચાહે દ્વૈતપ્રમાદ સબ છોરી ;
સ્વરૂપ રહો જન મિત હમારે, લિયો નિજ રસકી ઝોરી,
જ્ઞાનગુલ્લાલ બટોરી, કરો દુર્ગુનકી હોરી."

(નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૨૬)

છેવટે,

"નરસિંહ માર દિયે દુષ્ટોકું, અબ બેઠ જરાવે હોરી,
પ્રલઅગ્નિબિચ બોરી, કરો દુર્જનકી હોરી."

(બેજન)

શૃંગારરસથી સિક્ત અને જ્ઞાનભક્તિથી યુક્ત આવાં અનેક પદો ઊર્મિગીતોના ઉત્કૃષ્ટ નમૂનાઓ છે. ઊર્મિની ઉત્કટતા તથા વિવિધ રાગાવલંબનને લીધે તેમાંની લયમાધુરી અને ઋજુ પદાવલિ હૃદયના સાચા ભાવનો યથાર્થ રીતે આવિર્ભાવ કરે છે. નૃસિંહાચાર્યજીનાં કેટલાંક હોરી-પદો કલ્પના અને આલંકારિક વાગ્છટાની દૃષ્ટિએ અતિ સુંદર છે, પરંતુ તેની દીર્ઘસૂત્રિતા સંગીતની દૃષ્ટિએ ખૂંચે છે. ઊર્મિકાવ્યની દૃષ્ટિએ પણ એ ઉણપ નોંધવી ઘટે. હવે આધ્યાત્મિક રૂપકની પરાકાષ્ઠા દર્શાવતાં એક બે હોરી-પદોમાંથી બે ત્રણ ઉદાહરણો જોઈએ. આ શરીરમાં જ હોરી સળગ્યા કરે છે. તે શુધ્ધ વિચારના હુતાશનમાં નિશદિન ઈંધન પ્રજળ્યા જ કરે છે. આ ઈંધન શાખાઓનું મૂળ રજોગુણતરું છે :

"અન્યસ્થાન હમ દેખત જરતી, બરસમેં એક દફેરી ;
હયાં તો નિશદિન જરી જરે, અકો-દાહ ચલત ચોફેરી ;
જરાવૈ સબનકોં ઘેરી....જરેરી, જરે નિજ પુરમેં હોરી."

(નૃ.વા.વિ., પુ.૨, પૃ.૧૩૧)

તે જ પ્રમાણે કલ્પનાની ચમત્કૃતિ સર્જતા અન્ય પદમાં,

"હૈ યહ જગ જૈસી હોરી, દેખોરી, યહ૦
માયાપટ એક અજબ બન્યો, અર્મે-ત્રિગુન રહે કરજોરી,
સૂક્ષ્મ ભૂતકો ભયો અભિમાની, મુખ્ય વિરાટ અજયોરી,
લહોં ગુન સોઇ રજોરી."

(નૃ.વા.વિ., પુ.૨, પૃ.૧૩૩)

ત્રણે ગુણોના સૃષ્ટિવિસ્તારકાર્યના લીલાક્રમને સમજવી છેવટે કવિ કહે છે કે દરેક વસ્તુ જગતને દહે છે :

"ત્રિવિધ તાપ દાતા કામાગ્નિ, જિને સબ જગકૌં દહ્યોરી,
નૃસિંહ એક બચે નાહિ તાતે, હોરી સમાન લહ્યોરી,
જરત તાતે જગત કહ્યોરી."

{એજન}

આમ છેલ્લી પંક્તિમાં કવિએ "જરત" અને "જગત"નો અનુપ્રાસ મેળવી, જરે છે, બળે છે..... માટે જ તે જગત કહેવાય છે, એવી વ્યાખ્યા કરી !

સાંસારિક પદાર્થોમાં કે સંબંધોમાં આસક્ત ન થવાનો બોધ પણ હોરી-પદમાં અપાયો છે :

"સંયોગી સુખ માનત તોભી, અંત વિયોગ લહોરી,
વિયોગીકો સંયોગ હોત હૈ, સોભી અંત પુનિ છોરી,
નૃસિંહ જગરીત નિહોરી.
પ્રીત જગસૌં રખના થોરી, સદા સુખરૂપતા ચહોરી."

{નૃ. વા. વિ., પુ. ૨, પૃ. ૧૪૧}

તે માટે કવિશ્રીએ સંસ્કૃત સાહિત્યમાં પ્રચલિત દૃષ્ટાંતો જ આપ્યાં છે :

"મૃગ માતંગ પતંગ ભૃંગ ઝરુ, મીનપૈં લક્ષ ધરોરી."

{એજન}

અંતમાં વિરાટ વિશ્વનટરાજની અદ્‌ભુતરસપ્રધાન ભવ્ય કલ્પનાને મૂર્ત કરતી, એક પછી એક અવનવી ચિત્રાવલી અંકિત કરતી, સુદીર્ઘ હોરીનાં દર્શન કરીએ :

"દેખોરી, શંકર ખેલત હોરી,
મહાશક્તિ ઉમા હૈ સંગમેં, જટાલિની હે બિખોરી ;
એક એક લટસેં ગંગા બહે, અનો-રંગ પીચકારી છોરી ;
સંગ ભૂતનકી ટોરી.....શંકર૦"

(નૂ. વા. વિ., પુ. ૨, પૃ. ૧૩૭)

સ્થાનિક અલૌકિકતાનું ઉત્પ્રેક્ષાયુક્ત વર્ણન આગળ વધે છે :

"કૈલાસશિખર હૈ સબ જગ અનત, સો નિજહૃદય લહોરી ;
સ્થાન રુધિર કો અજબ બન્યા હૈ, સોઅનો રંગકી ઝોરી ;
નાડી પીચકારી કહોરી..... શંકર૦"

(એજન)

ત્યારપછીના વર્ણનમાં પૌરાણિક કલ્પના પ્રમાણે બ્રહ્મા અધોભાગમાં, વિષ્ણુ નાભિમાં, ઇન્દ્ર હસ્તમાં, ભાનુ નયનમાં, ચંદ્ર બુધ્ધિમાં, વરુણ જીભમાં, મરુત ત્વચામાં, દિગ્પાળ શ્રોત્રમાં, રુદ્ર અહંતામાં, પ્રણવ ત્રિકુટિમાં - એમ સૌ દેવતાઓને સ્થાન લઇ લેતાં વર્ણવ્યાં છે. આ વિશ્વવ્યાપી ખેલ વિશે કવિ કહે છે,

"તિલમાત્ર સ્થાન રહયો ના ખાલી, શેષ આસનસેં ડગ્યોરી,
ખેલ યહ ઐસો જગ્યોરી.
નરસિંહ હોરી ખેલ જગતમેં, શંકરનેહિ રચ્યોરી ;
એક ઉદાસી રહી હૈ અમેં, આખિર ખેલ કયોરી ;
અપ અસેં શિવકો સચોરી.....શંકર૦"

(એજન)

આ પ્રકારની કલ્પનામાં અપૂર્વતા અને દેવ-માનવનાં તથા સૃષ્ટિનાં અન્ય તત્ત્વો-સત્ત્વો સાથેના શાસ્ત્રોક્ત સંબંધને કાવ્યમાં ગૂંથી લેવાની ચતુરાઇ પણ વરતાય છે. આખરે તો આચાર્ય કવિશ્રીનો પ્રધાન હેતુ જ્ઞાનોપદેશનો જ છે ને ? આ સુંદર પદ જો ટૂંકું હોત તો ઉત્તમ કાવ્યનો નમૂનો બની રહેત.

કેટલાંક હોરી-પદોમાં તત્ત્વોપદેશ છે તો કેટલાકમાં આચાર્યશ્રીના આત્મવૃત્તાંતનું પ્રતિબિંબ પણ પડે છે. શ્રીનૃસિંહવાણીવિલાસના તૃતીય પુસ્તકમાંનાં ૨૨, ૨૩, ૨૪, ૨૫ તથા ૪૫, ૪૬ અને ૧૨૬ અને ૧૪૩ – એ બધાં હોરી-પદો (હોરી રાગનાં પદો) ગુજરાતીભાષામાં છે અને તેમાં સંયોગ-વિયોગ કે પ્રેમોર્મિની ભાવનાનું નિરૂપણ નથી પરંતુ જ્ઞાનભક્તિનો ઉપદેશ અથવા પ્રપન્નનાં પ્રાર્થનાવચનો છે. તેમાંથી આપણે કેટલાંક ઉદાહરણો જોઈએ :

(૧) "આપ્તકામ કરો, કાં અકામ જ, – રાખી, ઉપાધિ નિવારો,
સાગરમાં ધરી થકવી હજી કાં, દાખવતા ના ઉવારો,
આણો પ્રભુ દુઃખનો આરો."

(નૃ. વા. વિ., પુ. ૩, પૃ. ૧૭)

(૨) "અંતર રહી આ દુઃખદ વાસના, કાપે કાળે કાળે,
દુર્બળ મનને અમન કરી સ્થાપે, સદ્‌બુદ્ધિને પાળે,
અહં સ્વસ્વરૂપમાં ગાળે.
પ્રભુ નિજ ભક્તને પાળે."

(નૃ. વા. વિ., પુ. ૩, પૃ. ૧૬)

(૩) "તારક ત્રિભુવનપતિ ઉર આણો, પ્રેમદયા પીચકારી,
નૃસિંહ નિજ લહી ધારા કરી, આકર્ષીલો, દુઃખ સંહારી,
દીયો વડવાનળે ઠારી.
હરિ ! હાથ લીજે ઉગારી, ઉગારી રે."

(નૃ. વા. વિ., પુ. ૩, પૃ. ૩૬)

(૪) "રવિકિરણોની પ્રતીતિ પળે તવ, તિમિર કરે જેમ દાવો,
કરુણાકિરણ પ્રવાહ વિના, અજ્ઞાન કરે છે ચઢાવો,
પ્રકટ થઈ કાં ન હઠાવો ?
પ્રભુ સધ વ્હારે આવો."

(નૃ. વા. વિ., પુ. ૩, પૃ. ૩૭)

હવે માત્ર બે જ હોરી-પદોનો ઉલ્લેખ કરીશું કે જેમાં આચાર્યશ્રીની અંતસ્તત્ત્વાનુભૂતિ પ્રકટ થાય છે. આ બંને પદો વિશે, સાધકશિરોમણિ તથા ગુજરાતી સાહિત્યના પ્રખર તત્ત્વજ્ઞ વિદ્વાન શ્રીનર્મદાશંકર દેવશંકર મહેતા અને અન્ય વિદ્વાન શ્રી કૌશિકરામ વિઘ્નહરરામ મહેતાનો ઉચ્ચ અભિપ્રાય હતો, એમ શ્રી યશોધર મહેતા વ્હેારા જાણવા મળેંયું છે. તેઓશ્રી અનેકસ્થળે એ પ્રકારના ઉલ્લેખ કરે છે કે તેમના પિતાશ્રી (શ્રી નર્મદાશંકરભાઇ) જે પુસ્તકો વાંચતાં હતાં તે નકલોમાં તેમણે ઘણે સ્થળે નોંધ કરેલી છે અને કેટલેક સ્થળે પંક્તિઓ નીચે અધોરેખા દોરી છે અથવા હાંસિયામાં કે બાજુ પર પોતાને એ પદ કે પંક્તિ ખૂબ ગમે છે એ અભિપ્રાયને સૂચવતાં ચિહ્ન કરેલાં છે - ઘણુખરું ભૂરી અને વાદળી પેન્સીલથી.[1]

આવાં કેટલાંક મહત્ત્વનાં પદોમાં આચાર્યશ્રીના જીવનની ઝાંખી થાય છે. તે વ્હેારા તેમની આત્મકથાના અંશ પ્રકટ થતા હોય છે. તેવું એક પદ વિચારીએં. આ પણ હોરી-પદ છે.

"પ્રેમરસ કૈસેં પાયો, મન ભાયો રે, પ્રેમરસ કૈસેં પાયો.
સંતસંગતમેં અખંડ ચલ્યોરી, જગમેં મૂઢ કહાયો,
ગુરુકે ચરનમેં પ્રીતિ લગાકેં, શબ્દ હૃદય ઠહરાયો,
મન કછુ નહિ પલટાયો,.....પ્રેમરસ ઐસે પાયો.
ગૃહકુટુંબકી ચહાના તજકે, મન માયાસેં હઠાયો,
ઔર કીસીકા કહા નહિ માના, કિયો અપને મન ભાયો,
ગ્યાન તબ ઘરમેં આયો,....પ્રેમરસ ઐસે પાયો."

(નૃ.વા.વિ., પુ.૧, પૃ.૭૩)

---

૧. શ્રી સદુપદેશકેણી, - ક્રમાંક ૧૦૪, પૃ.૨૧

પ્રકરણ જેમાં વર્ણન કર્યા પ્રમાણેની શ્રીનૃસિંહશર્માની યૌવનારંભકાળની જ્ઞાનોપપત્તિની પ્રવૃત્તિનો તથા તેમની આભ્યંતરિક ઉચ્ચાવસ્થાનો અહીં ધ્યાન-નિર્દેશ છે. શમદમાદિ વૈરા "પ્રેમકૌં સધ જગાયો" અને "સમતાસૌં ઉર છાયો, વિભ્રમકૌં દૂર ભગાયો" કહીને કવિ કહે છે :

"સૂતૌ પિયામૈં લીન ભઈ રે, આનંદ મેઘ બસાંયો,
નરસિંહ મન મોહનસૌં મિલ્યો, તબ અખંડ પદ દશાંયો,
હર્ષસૌં હરિજશ ગાયો.....પ્રેમરસ ઐસે પાયો."

{નૃ.વા.વિ., પુ. ૧, પૃ. ૭૪}

આ પદ વિશે શ્રી યશોધર મહેતા લખે છે કે,

"૬૩મું પદ સ્વ. નર્મદાશંકર મહેતા ઘણું મહત્ત્વનું ગણતા હશે એવું પેન્સીલની નોંધ ઉપરથી સમજાય છે. પદ ઘણું સુંદર છે. બાપજીને પ્રેમરસ કેવી રીતે સાંપડ્યો ? આ પદમાં આવતો "આનંદમેઘ" શબ્દ ધ્યાન ખેંચે તેવો છે. બાપજીનાં અનેક પદોમાં આવા શબ્દો આવે છે. આનંદમેઘ, આનંદહેલી, આનંદધારા ; માનસશાસ્ત્રથી આ શબ્દપસંદગીનો કોયડો ઉકેલી શકાશે ? આનંદસ્વરૂપના વર્ણનમાં "મેઘ", "ધારા", "હેલી" એ શબ્દો શું સમજાવે છે ? મેઘનું જળ સૃષ્ટિને શાંત કરે છે. આ મેઘ અવિરત પડ્યા જ કરે અને ચિત્તસૃષ્ટિને શાંત કરે એવો શું બ્રહ્માનંદનો આસ્વાદ હશે ! આ શબ્દોથી બાપજીના અનુભવનું ભીતર કંઈક વ્યક્ત થાય તો થાય."[૧]

શ્રીનૃસિંહવાણી વિલાસ – પ્રથમ પુસ્તકનાં કેટલાંક મહત્ત્વનાં પદોનો તત્ત્વવિમર્શ કરતાં શ્રી યશોધરભાઇ, {તેમના પિતાશ્રી} વિધ્વદ્વર્ય શ્રીનર્મદાશંકર મહેતાની વિચાર-નોંધને અનુલક્ષીને લખે છે :

---

૧. શ્રી સદ્‌ગુરુદેવ-શ્રેણી , ક્રમાંક ૧૦૪, પૃ. ૨૧

"વાણી વિલાસ ૧લો ભાગ જ્ઞાનના અનુભવના વિષયમાં નિખાલસ, સ્પષ્ટ અને સરળ છે તેથી જ મહત્વનો છે એવું મારી દૃષ્ટિએ સમજાયું છે. બાપજીશ્રીને સ્વરૂપસાક્ષાત્કાર તાજો જ થયો હોય અને તેની મસ્તી વ્યવહારની ભૂમિકામાં આવ્યા પછી હજી ઓછી ઊતરી જ ના હોય એવી પ્રતીતિ થયા કરે છે. કેટલાંક પદો ઓછે એવાં છે કે સમાધિમાંથી પાછા આવી અનુભવના ઉલ્લાસથી પ્રેરાઇને વૈખરીમાં વગર પ્રયત્ને વહે છે. ઉપનિષદનાં મહાકાવ્યો ઓછે ફરીથી એક નૂતન મહર્ષિના અનુભવથી સગર્ભ બની ગુજરાતી શબ્દશરીર ધારણ કરી આપણા હૃદયને સીધાં સ્પર્શે છે.

પદ ૧૩મું :

"હું ઓછે હું રક્ષા કરું, રાખે રાખણહાર ;
આદિએ તું હતો નહિ, અંતે નથી રેહેનાર,
કાળબળ કુટુંબ છે, બણી રહેજે વિરક્ત ;
વૈરાગઉદય સુધી બણજે, કાળરૂપ એ જગત્ ,
વૈરાગથી જ્ઞાન ઉપજે, જ્ઞાને થાશે અબધ્ધ,
આનંદમય જગ ભાસશે, મટે નરસિંહ ~~દુઃખ~~ દ્વંદ્વ."

પ્રકૃત્તિના સિધ્ધ નિયમાનુસાર થનાર થાય છે અને થશે. "હું" રૂપ મમત્વના અધિષ્ઠાનરૂપ પ્રશ્ન જ સત્ય હોવાથી જ્ઞાનના અભાવે જ "હું"ને કાલનું બંધન જણાય છે. "હું"નો વિસ્તાર (extension) તે કુટુંબ છે. વિરક્તિ એટલે "હું"નું મૂળ શોધી તેનો પારમાર્થિક અભાવ બણવો તે. આ પ્રક્રિયાને વૈરાગ્ય કહેવાય અને તેવા વૈરાગ્યના જ્ઞાન થતું નથી. વસ્તુતઃ વૈરાગ્ય અને જ્ઞાન એકમેક ઉપર અવલંબે છે. "હું"નો નિશ્ચય વૈરાગ્યથી થાય છે, અને "હું"ના નિશ્ચય પછી પ્રશ્નનો નિશ્ચય થવો તેનું નામ જ્ઞાન, અંગ્રેજી પરિભાષામાં કહીએ તો Negation Process ના અવધિએ જ Positive સ્વરૂપ જ્ઞાન સમજાય છે.

સ્વ. શ્રી નર્મદાશંકર કહેતા હતા કે બૌધ્ધોના શૂન્યવાદમાં અને કેવલાદ્વૈતના નિર્ગુણ બ્રહ્મવાદમાં માત્ર જુદાં જુદાં Processes યાને પ્રક્રિયાઓ ઉપર ભાર છે. બૌધ્ધો "હું" રૂપી સંતાનીના અંતિમ અભાવમાં જ છેવટનું તત્ત્વ માની શૂન્યવાદ ઉપર આવે છે, જ્યારે અદ્વૈતીઓ તમામ નિષેધાત્મકતાની (Negative) પારનું પારમાર્થિક અધિષ્ઠાન બ્રહ્મસત્ય સ્વીકારે છે."[૧]

આ વાસ્તવ "હું"નો નિશ્ચય અનુભવ વિના થતો નથી. એ અનુભવ પોપટિયા પાંડિત્યના શબ્દાડંબરથી આવતો નથી. એ અનુભવજ્ઞાનને અંતે તો જગ, જીવ અને ઈશ્વરની ત્રિપુટી વિલીન થઇ જતાં, - શાબ્દિક ભેદ ઓગળી જતાં - એકત્વની પ્રતીતિ જ થાય છે. તેથી "મહાપદનો મારગ" છોડીને "માયાસાગરમાંહિ મત્સ્યવત્" મહાલનાર છતે નેત્રે અંધ થઇ ચાલનાર મનને કવિ ઉપાલંભ આપતાં કહે છે કે :

"જગરૂપ ભ્રાન્તિ ભ્રમથી ભમિયો,
સત્ય નિર્ણય અમૃત નવ જમિયો,
વિવૃત થઇ ભિન્નપણે રમિયોરે, મન અપરાધી૦
ભય દ્વૈતપણાનો નવ ખોયો,
વાક્યજાળવિષે મિથ્યા મોહ્યો,
સત્ય અનુભવવિણ નિશ્ચય રોયો રે, મન અપરાધી૦"

(નૃ.વા.વિ., પુ.૧, પૃ.૪૦)

છેવટે,

"નિજ પદ નિર્ણય કરવા ધાશે,
જગ, જીવ, ઈશ્વર ભ્રાન્તિ જશે,
નરસિંહ નિશ્ચળ નિશ્ચય થાશે રે ; મન અપરાધી૦"

(ચેાજન)

---

૧. શ્રી સદુપદેશ શ્રેણી, ક્રમાંક ૧૦૩, પૃ.૭-૮

તેથી જ, સ્વાનુભવરસિક કાફી-હોરીમાં કવિશ્રી ઉપરોક્ત વિરાગસેવનના ભાવનું ગૌરવ ગાય છે :

"નાશ ભયે સબ દુર્ગુન જાસૈં સોહિ વિરાગ કમાયો,
નિર્ભય હોઇ દહોદિશ ખેલે, આનંદપદમેં શમાયો,
વિશ્વકો વિભુત રમાયો.... વિરાગ હૃદયમેં આયો૦
નિર્વિષયી સુખકો અબ પાયો, ભ્રમ સબ દૂર ભગાયો,
નરસિંહ સ્તુતિનિંદા સમ જાને, દ્વૈતાદ્વૈત હૃદયમેં ડગાયો,
અભયસૈં જગત્ જગાયો.... વિરાગ હૃદયમેં આયો૦"

{ નૃ.વા.વિ., પુ. ૨, પૃ. ૧૪૦ }

આ વિરાગની ભૂમિકા એટલે આશા તૃષ્ણાદિનો ત્યાગ. સાચા વિરાગમાં અહંતા-મમતાના દ્વૈતાદ્વૈતની જ મોટી બાધા છે. મોટાભાગના જીવોને મિથ્યા મમતા અને અહંનું પ્રેત અત્યંત આસક્તભાવે વળગેલું રહે છે. વર્ષો પર્યંતના અનુભવો, સત્યગ્રંથોનાં અધ્યયન અને સંતસમાગમનાં સેવન છતાં તે પ્રેતબાધા તેમનો ત્યાગ કરી શકતી નથી....અથવા એમ પણ કહી શકાય કે તેઓ તેનાથી મુક્ત થવા તૈયારી જ બતાવતા નથી. રમુજી રીતે સંક્ષેપમાં સમીકરણ મૂકયું હોય તો આમ મૂકી શકાય કે,

સંસાર = અહંતા * મમતા

અને આનો છેદ જ્ઞાનવિવેકથી ઉડાડતાં જવાબ (૧) અદ્વૈત જ આવે ! આ ભૂતને કાયમને માટે ભગાડવા અથવા ભસ્મીભૂત કરવા માટે આસક્તભાવનું નિઃશેષ નિર્મૂલન કરવામાં મંત્ર પેઠે સચોટ અસર કરનારાં મર્મયુક્ત ઉપદેશવચનો શ્રીનૃસિંહવાણીવિલાસમાં છે. આગળ કેટલાંક અવતરણ આવી ગયાં છે. પુનરુક્તિ અને વ્યર્થ વિસ્તારના ભયે અત્રે વધુ પંક્તિઓ આપવાનું પ્રલોભન જતું કરું છું.

"સત્ય પુરુષને પ્રીછવા, ધરો સદ્ય વૈરાગ,
વૈરાગે ગ્રહી જ્ઞાનને, કરો કામના ત્યાગ."
{નૃ.વા.વિ., પુ.૧, પૃ.૧૫}

કારણ,

"વૈરાગથી જ્ઞાન ઉપજે, જ્ઞાને થશે અબધ્ધ,
આનંદમય જગ ભાસશે, મટે નરસિંહ વૈતદ્વૈત."
{નૃ.વા.વિ., પુ.૧, પૃ.૨૪}

જ્યાંસુધી વૈરાગ્યનો ભાવ ના જમે ત્યાંસુધી કુટુંબથી માંડીને સમસ્ત જગતના સંબંધો કાળજાળરૂપ હોવા બાબત પાછળ ૧૩મા પદમાં વર્ણવ્યું છે. આમ વૈરાગ્ય એટલે દૃષ્ટિપરિવર્તન. વૈરાગી એટલે કુટુંબત્યાગી વનવાસી નહીં. ક્લેશ કે કામના નહીં ત્યજનારા ત્યાગી અરણ્યવાસી કે મિથ્યા દંડધારીઓ પ્રતિ આચાર્યશ્રીના પ્રહારો સૂક્ષ્મ અને માર્મિક છે. ગદ્યગ્રંથોમાં તો આ વિચાર સર્વત્ર પથરાયેલો છે. તે કદાચ તત્કાલીન સમાજમાં પ્રચલિત મિથ્યા ત્યાગ પ્રવૃત્તિના Pseudo-philonthrophy પ્રતિબિમ્બરૂપે પણ હોઇ શકે !

બ્રહ્મચારી, સંન્યાસી, વિરાગી.... વિશેની વ્યાખ્યાઓ કરતી સુભાષિત જેવી સૂત્રાત્મક પંક્તિઓ, ઘણાં પદોની ધ્રુવપંક્તિ તરીકે શોભે છે. દા.ત.

"બ્રહ્માનંદ મૈં રહેવે, સોઇ હે બ્રહ્મચારી, બ્રહ્મચારી ;
બ્રહ્મચારી રે, બ્રહ્માનંદકૉં સેવે, સોઇ હે બ્રહ્મચારી."
{નૃ.વા.વિ., પુ.૨, પૃ.૧૪૩}

એવા બ્રહ્મચારીની વેષભૂષાનું વર્ણન કવિ આલંકારિક ભાષામાં કરે છે. રૂપકગ્રન્થિ પ્રશસ્ય છે અને શબ્દચિત્ર પણ આબેહૂબ છે :

"કષાય બુધ્ધિ વિષયનસૈં કીની, કોપીન નિર્ભયતાકી લીની ;
વિરાગજટા જિને શિર ધરિ દીની રે, હોઇ શુભ સંસ્કારી.
શાંતિ વિભૂતિ તનુપૈં ચઢાઈ, દંભરહિત ધર્મની તિ દઢાઇ,
ષડ્રિપુપૈં જીને કીની ચઢાઈ રે, તાકી હૈ બલિહારી."

{ભૈજન}

વિરાગી બ્રહ્મચારીના આ વર્ણનના અંતમાં ગીતાએ વર્ણવેલા લક્ષણનો પડઘો પડે છે :

"સુખદુઃખમૈં વૃત્તિ સમ હોવે, રાગદ્વેષ આદિ સબ ખોવે,
નૃસિંહ અજરામર હોઇ સોવે રે, નહિ સો સંસારી."[1]

{ભૈજન}

ઉપર્યુક્ત ગુણલક્ષણોથી રહિત માત્ર બાહ્યવેષથી બનેલા બ્રહ્મચારી પ્રતિના કવિના ઉગ્રપ્રહારો પૈકી કેટલાક જોઇએ :

"દંભ ભેખ નહિ લેના, સુન લે બ્રહ્મચારી, બ્રહ્મચારી,
કાષાયચિર તનુપૈં ધરના, ભટક ભટક સારા દિન ફરના ;
સંયમસુખ નિરંતર હરના રે, રહેના વિકારી. દંભ૦"

{નૃ. વા. વિ., પુ. ૨, પૃ. ૧૪૪}

મિથ્યા ભેખધારી બ્રહ્મચારીનું વધુ ઘેરું પણ ઘૃણાસ્પદ ચિત્ર નીચેની પંક્તિઓમાં છે :

"શિર જટા મુખ શ્મશ્રુ ધારે, અર્થહીન શબ્દોકું ઉચ્ચારે,
મૈં મેરા નિશદિન પુકારે રે, {સો} નર નહિ હૈ નારી.
પુત્રકલત્ર ઉરતૈં ના ટારે, ઘર ઘર અઈકે આસન ડારે,
વામા વિલોકી નેત્રકોં ઠારે રે, અધમ સો સંસારી."

{ભૈજન}

---

૧. सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ ||
(श्रीमद् भगवद्गीता- अध्याय २ - श्लोक ३८)

આવા વિકારી દૅષ્ટિવાળા પિંડપરાયણ બ્રહ્મચારીને કવિએ "અધમ" "નર નહિ હૈ નારી" એ શબ્દોથી નવાજ્યો છે ! આવા નિશદિન બહિર્મુખ વૃત્તિ રાખી વિષયરસ ચાખનારા બ્રહ્મચારીથી વિરુધ્ધ એવા સાચા ધર્માવતારી બ્રહ્મચારીનો પણ ખ્યાલ આપતાં કવિ કહે છે :

"યહ સબ દુર્ગુન તૅં દૂર રહેવે, બ્રહ્મસ્વરૂપ અંતર્મુખ સેવે ;
નરસિંહ તાકૌં બ્રહ્મચારી કહેવે રે, ધર્મ કે અવતારી ;
દંભદેખ નહિ ધારે, સોઇ હે બ્રહ્મચારી."

(એજન)

તે જ પ્રમાણે અન્યત્ર પણ સંન્યાસીનું સુંદર વર્ણન મળે છે.

"વાસના સૂક્ષ્મ જિને ત્યાગી, સોઈ હે સંન્યાસી.

... ...

પુત્રદારૈષણા કબહુ ન આવે, લોકૈષણા અંતરતૅં જાવે ;
વિત્તૈષણા મન મારી શમાવે રે, તબ હોવે ન્યાસી."

(નૃ.વા.વિ., પુ.૨, પૃ.૧૪૪)

સંન્યાસીનું સ્વભાવોક્ત અને રૂપકાત્મક વર્ણન સુંદર છે :

"આશારૂપ શિખા જિને ટારી, તૃષ્ણાચૂડ પીયો જિને જારી ;
જ્ઞાનરૂપ દંડ લિયો જિને ધારી રે, મુક્તિ રહે હોઈ દાસી.
ક્ષમારૂપ કમંડલુ સેવે, કટુ વચૅન સબહી પી લેવે,
અભય દાન સબનકૌં દેવે રે, સો નહિ ગૃહવાસી.
ભિક્ષા જ્ઞાનામૃતકી માગે, અહંમમ નિઃસંશય ત્યાગે ;
ષટ્‌પુરીકૌં શત યોજન ભાગે રે, દિક્ષા હે યહ ખાસી."

(એજન)

કવિ આગળ વર્ણવે છે :

"હરિ જગ, જગકો – હરિસમ જાને, દ્વૈતભાવ ઉરમેં ના આને ;
કારનકાર્ય સમાનહિ માને રે, હોઈ રહે ઉદાસી.
ઊંચનીચ અભિમાન મીટાવે, નેન બેન ચિહ્ન સબ પલટાવે ;
રાગદ્વેષાદિ કલેશ હઠાવે રે, તોરી યહ મોહફાંસી."
(એજન)

મોહની ફાંસીની કલ્પના કેવી અપૂર્વ અને અસરકારક છે ! વિશ્વબંધુત્વને વરેલો સંન્યાસી તો "વિશ્વેશ્વર આત્મા નિજ જાને રે, કાયા યહ હૈ કાશી."

આવાં પદોમાં કદીકદી કલ્પના, ભવ્યતા અને વિશાળતાના સ્તરને સ્પર્શી જાય છે.

... ...

એવી જ રીતે અસંખ્ય શ્રેયસ્સાધકો તથા સુજ્ઞ જિજ્ઞાસુઓને યોગના સૂક્ષ્મ રહસ્યનો બોધ આપી તેમાં રચનાત્મક રીતે પ્રવૃત્ત કરાવનાર યોગાચાર્ય શ્રીમન્નૃસિંહાચાર્યજીએ પંચપ્રાણનિરોધ, સૂર્તનું મૂર્ધમાં આકર્ષણ, ધારણા, નાડીનિરોધ, દેહચતુષ્ટય – કોશપંચક – ષટ્ચક્ર – આદિનાં સ્થાનક્રિયાનાં સ્વરૂપનું પૃથક્કરણ, યોગાંગાનુષ્ઠાન, મુદ્રાથી માંડી સુષુમ્ણાસંચાર સુધીનાં યોગસાધનોની પ્રક્રિયાઓ તથા તેથી થતાં લાભહાનિનાં વર્ણનો વગેરેનું નિરૂપણ કેટલાંક પદ્યોમાં કર્યું છે – અને તે પણ ક્રિયાવિધિનો ક્રમ વગેરે સૌને સમજાય એ રીતે સ્વાભાવિક સરળ મિષ્ટ વાણીમાં કર્યું છે.[1] શ્રીનૃસિંહવાણીવિલાસના પ્રથમભાગમાં મુખ્યત્વે સામાન્ય

---

૧. શ્રીમન્નૃસિંહાચાર્યજી સંબંધી પ્રસિદ્ધ જીવનચરિત્રો તથા વર્ગના વિદ્વાનો વગેરે પાસેથી મળતી માહિતી એમ જણાવે છે કે આચાર્યશ્રીએ યોગશાસ્ત્ર કે વેદાન્તશાસ્ત્રનો કોઈપણ ગ્રંથ, તેમની તરુણવય પર્યંત અવલોકયો ન હતો. આ સર્વ સિદ્ધિ તેઓશ્રીને સહજ, સ્વયંસંયમાનુષ્ઠાનના સ્વાભાવિક પરિણામરૂપ હતી.

અધિકારીઓને અનુલક્ષીને રચેલાં પદોમાં યોગના પ્રાથમિક પાઠો તથા મધ્યમ ભૂમિકાની ક્રિયાઓનાં વર્ણન છે. "સદ્‌ગુરુને શબ્દે રે સૂતાં જો ચઢે" એ ગરબીમાં ધ્યાનની ભૂમિકા તૈયાર થતાં પૂર્વે શ્વાસનિરોધનો પ્રબોધ કર્યો છે :

"રેચક કરી વળતો રે પૂરી શ્વાસને,
કુંભક કરતાં થાશે દેઢ અભ્યાસ જો ;
ગગનવિષે સૂતાં રે જઈને ઠેરતાં,
અનહદ ધ્વનિથી પૂર્ણ થશે અવકાશ જો ;
અલૌકિક ઉત્સવ રે અનુભવે આવશે,
પરમાનંદ સુખ આવ્યે નિવૃત્ત થાય જો."

(નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૬૮)

તે જ પ્રમાણે શ્યામકલ્યાણ અને મંગળરાગમાં ગવાતા પદ ૭૪માં યોગીકવિ "અષ્ટકમલ ઘટપટ તજી"ને "ખટચક્રન"માં ખોજ કરવાનું તથા ગુરુગમ-નિયમથી અજપાશ્વાસ કરવાનું જણાવે છે.

"ચક્રકમલદલ હદ સબ જાને, (સો) લહે બેહદ બિચારા હો,
નાડિ બ્હોર સબ બિધબિધ પરખે, નિશદિન સૂરમોજરા હો,
બિનસદ્‌ગુરુ કોહુ પાર ન પાવે, (ઐ) અગમ બેલ અપારા હો,
નવ બ્હોરસેં શમાવે પ્રવાહા, (સો) વહે દસમેં બ્હોરા હો,
નરસિંહ જોર કછુ ના ચલહી, હોવે કાલ બેજારા હો."

(નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૬૬)

આ પદનો ઉપાડ જ કેવો કલાત્મક છે !

"મૂળતેં ઉઠ ગગનગઢ ચઢહી, ગગનગઢ ચઢહી (તો),
દુગ્ધાસેં હો જઈ ન્યારા હો, સાધુ, દુગ્ધાસેં."

(ભૈજન)

ત્યારપછીના પદ ૭૫માં ઈડા-પિંગળા બે મુખ્ય અને પેટામાં સુષુમ્ણા, હસ્તિ, જિહ્વા, ગંધારી, પુશા, યશસ્વિની, અલંબુષા, શંખિની.....વગેરે નાડીભેદની સમજૂતી આપી છે. તેવાં પદોમાં માહિતી મુખ્ય છે, કાવ્યત્વ નહીંવત્ છે. તે જ પ્રમાણે ૧૪ દોહરામાં કવિશ્રીએ શબ્દબ્રહ્મનું સ્વરૂપ વર્ણવતાં તેની પાંચ મુદ્રાઓ – નેત્રમાં ચાચરી, ભ્રકુટિમાં ભૂચરી, રસનામાં ખેચરી, શ્રોત્રમાં અગોચરી અને –

"ઉનમુનિ વસે આકાશમાં, {જ્યાં} જ્ઞાનીનું રહેઠાણ."
{નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૬૩}

વગેરેને સમજાવી છે.

શ્રીનૃસિંહવાણીવિલાસના દ્વિતીયપુસ્તકમાં આ મહામુદ્રાના ક્રિયાવિધિનું સવિગત વર્ણન કર્યું છે.

"આ શુણજો રે, કોઇ શૂરવીર કે ધીર, સ્થિર ઉર સ્થાપી,
કહું મહામુદ્રા જે શકે સકળ ભવપાશ સમૂળા કાપી."
{નૃ. વા. વિ., પુ. ૨, પૃ. ૮૬}

ડાબો અને જમણો પગ વિહિત રીતે ગોઠવી, કુંભકાદિથી સુષુમ્ણામાં પ્રાણ ગ્રહી જપ જપવાનો વિધિ દર્શાવી કવિશ્રી લાલબત્તી ધરે છે :

"આ મહામુદ્રા, કઠિન ભયંકર છે, અધિકારે કરવી,
સદ્‌ગુરુસંગે – રહિ, સાધી, સવિકાર–ચરિતા તરવી,
અજ્ઞાની જો, આસક્ત થઇ ડગ ભરે, દુઃખી થઇ મરે,
તાપ અતિ તાપી, કહું મહામુદ્રા૦"
{નૃ. વા. વિ., પુ. ૨, પૃ. ૮૭}

એક "વેરાવળની દેશી"માં, રૂપક બીજા, "અનંતને માપવાની" પ્રક્રિયાનો ક્રમ વર્ણવ્યો છે.

"હે સાધક શિષ્ય આ શ્રવણ ધરી, અતિ દૃઢ મનને સ્થાપી રે,
ગગનમાં વહેજે કળે કરી, લેજે અનંત આ માપી રે."

(નૃ. વા. વિ., પુ. ૩, પૃ. ૪૪)

તેમાં મૂર્ધ્નિગગનમાં વહેવાનો, દેહનગરીમાં ઈપ્સિત સુખ "વસ્તુ" પરમાત્મસ્વરૂપને પ્રાપ્ત કરવાનો ધ્વન્યાત્મક રીતે ઉપદેશ આપ્યો છે. તે વર્ણનની વાટ વર્ણવતાં...ક્રમશઃ "ચોવટ" "છેવટ" "દશવટી" "બ્હોંદશગઢ" "ષોડશગઢ" "સહસ્રાવધિ ગઢ" ઇત્યાદિ સંકેતશબ્દોથી વિવિધદલયુક્ત પદ્મોનું તથા હૃત્કમલનું ; – તથા ષટ્ચક્રનો "રાજમાર્ગ", અનાહત ધ્વનિનાં "નૃત્ય વાદ્યગીત", "કંઠકૂપ"....અને અન્ય આંતરિક માર્ગોનું ; – તથા ભ્રૂમધ્ય "ત્રિવટી"નું, અને અંતમાં અજરામર ચક્ર "મહામંદિર"માં કરવાના પ્રવેશનું – આમ આખી ય યૌગિક ગહનક્રિયાનું સરળ પ્રવાહી પદ્યમાં યોગસિદ્ધ કવિશ્રીએ વર્ણન કરેલું છે. આચાર્યશ્રીમાં રહેલા કવિ, પોતાનામાં રહેલા યોગીને પ્રકટ કરતાં હોય તેવાં પદો તો, તેની શાસ્ત્રીય પૂર્વાપરસંબંધક્રમવિધ્યાદાને કારણે, જો આખાં જ ઉદ્ધૃત કરવામાં આવે તો જ અવતરણોનો – સ્પષ્ટ તાત્પર્યબોધ દેનારા – અર્થ સરે.

કેટલાંક પદોમાં તો યોગ અને વેદાન્તનો મિશ્રપ્રવાહ વહેતો હોય છે.

"અન્નમયથી ક્રમે ભીતર જતાં રે, આનંદમયની અવકાશે રે,"

થી શરૂ કરી આગળ "કોશાતીત અક્રિય અકળ અનંત અનાદિ"નું નિરૂપણ કરતાં કવિ સંકોચાય છે. કારણ,

"જ્યાં જઈ બુદ્ધિ બળ ત્યજી બેસે,
ત્યાં હું ટળી પ્રભુ પરખાશે રે...."

(નૃ. વા. વિ., પુ. ૩, પૃ. ૨૦)

જ્યાં નાદગ્રહની ત્રણે અવસ્થા પણ,

"વૈખરી મધ્યમા પશ્યંતી વાણી રે,
વેગ કરી જવ નવ ધાશે રે."

(એજન)

ત્યારે પરાત્પર પદમાં

"પરાથી પાર તવ સુખમય થઈને,
શબ્દરહિત પદે શમાશે રે."

(એજન)

પરંતુ જ્યાં સુધી વાણીની એ આદ્ધિમ અથવા શબ્દરહિત પરાવસ્થા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તો યોગને પણ આશ્રય આપતી (સ્મરણ અને સંકલ્પના ચિત્તશાસ્ત્રના સિધ્ધાન્ત અનુસાર) પેલી નવધામાં ય આધે સરળ-સુલભ (!) મનાતી જપાનુસારિણી સ્મરણભક્તિનું જ સુદૃઢપણે સેવન કરવા સૂચવ્યું છે.

"નૃસિંહ નાથ નવ અનુભવે આવે,
તવલગી સ્મરીએ શ્વાસપ્રશ્વાસે રે."

(એજન)

અને સાથે સાથે "સદ્‌ગુરુસંગે રહી"ને, આ પ્રયોગોનો સાવધાનીપૂર્વક સાધનાભ્યાસ કરવા યોગીકવિ ભલામણ કરે છે.

"અષ્ટકમલ ઘટપટ તજી પેખે, (તો) છૂટ હી ભ્રમન વિકારા હો,
મનચ્‌કનમેં ખોજ કરે કોહુ, નિહશે હોઇ નિરાધારા હો...
સાધુ દુગ્ધાસૈં હો જઇ ન્યારા હો."

(નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૬૬)

આ સુંદર કાવ્યમાં કવિએ સાધકને સદ્‌ગુરુ-માર્ગદર્શકના સંગે યૌગિક ક્રમ સાધી, "મૂળતેં ઉડ ગગન ગઢ ચઢહી"નો ઉપદેશ, કલ્પનાની ચમત્કૃતિયુક્ત કવિત્વમય વાણી દ્વારા આપ્યો છે.

આ યોગવિષયક પદમાં, કવિતા તત્ત્વજ્ઞાન અને યોગનો ત્રિવિધયોગ સધાયો છે. આવાં ચૂંટેલાં કેટલાંક પદોની અન્વેષણાથી જ કવિતા-સિધ્ધિનાં સાચાં મૂલ્ય આંકી શકાય. બાકી તત્ત્વજ્ઞાનથી ય અધિક ગૂઢ તથા ક્રિયાત્મક વર્ણન કે ગદ્યાત્મક કથનક્રમ પ્રતિ જ વહવાનો ઝોક સ્વાભાવિકપણે લેતા આવાં યોગવિષયક પદોમાં, ઉચ્ચ કાવ્યત્વની કે નિર્ભેળ રસમય પ્રવાહિતાની જ અપેક્ષા રાખવી શક્ય કે ઉચિત નથી. ક્રિયાપ્રયોગોનાં વર્ણનોમાં, સ્પષ્ટતા કે વિશદતા ખાતર પણ, અતિ સરળતાનો કે કદી કદી શુષ્કતાનો પણ આશ્રય આવી જાય એ સહજ અને ક્ષમ્ય છે. છતાં આચાર્યશ્રીની અનેક પદાવલિઓમાંની રસસિધ્ધિ, જ્ઞાનસિધ્ધિ અને ક્રિયાસિધ્ધિ ધ્યાનપાત્ર અને આસ્વાધ બની રહે છે. બાકી જેમાં કેવળ વર્ણન અને યોગશાસ્ત્રની માહિતી જ છે એવાં ઘણાં કાવ્યો છે.

"ઈડા, પિંગલા, સુષુમ્ણા, હસ્તિગંધારી....શંખિની"
આદિ "નાડિભેદ અબ કહું મેરે સંતો, સમજ સમજનહારા હો..."
(એજન, પૃ. ૧૦૦)

એકડેએકથી માંડીને પ્રારંભિક પ્રાથમિક જ્ઞાનથી અંતિમ લક્ષ્ય સુધીના પ્રયોગોના સાક્ષાત્ શિક્ષણના યોગવિષયને, જુદાજુદા અધિકારીઓ આગળ, તેમની ક્રમવિકાસની ભૂમિકાને અનુસરીને સમજાવવા – કેવળ બોધ આપવાના હેતુથી – રચાયેલાં સામાન્ય કોટિનાં પદોની સંખ્યા પણ સારા પ્રમાણમાં છે.

....

હવે આપણે પૂર્વોક્ત ભક્તિજ્ઞાનયોગ આદિની સિધ્ધિ સધાવનાર અનુભવી "સદ્‌ગુરુ" વિષય પર આવીએ.

સાચા સદ્‌ગુરુ સંત જ્ઞાની કે મહાત્મા યોગી કોને કહેવા, કેમ ઓળખવા એ જ આજે વિકટ કોયડો થઇ પડ્યો છે. ગણ્યા ગણાય નહીં એટલા ગુરુઓની સંખ્યાશક્તિ હોવા છતાં આજે

સત્‌ગુરુનો દુકાળ છે એવું વિપરીત વિધાન કરવાનો વખત આવ્યો છે. સંગ મનુષ્યમાં સારુંખોટું પરિણામ કે પરિવર્તન અવશ્ય ઉપજાવે છે. તેથી તો નિઃસંગ સાધવા પર આર્યપુરુષોએ ભાર મૂક્યો છે. સંગની મધ્યમાં નિઃસંગમનથી નિવસતા શ્રીમન્નૃસિંહાચાર્યજી પણ સ્થળે સ્થળે બોધ કરે છે કે,

"નરસિંહ નિજ કલ્યાણ ચહે તો, સદા રહે નિઃસંગ."

{નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૪૩}

વળી, નિઃસંગી મનથી જ "જગમાં જીવતાં જ તું મરજે" જેવી પૂર્વોક્ત વિદેહાવસ્થા વડે અદ્વૈતરૂપ સધાય છે.

"નરસિંહ જગમાં જેહ, રહે, નિઃસંગી મન કરી,
કહાવે તે જ વિદેહ અદ્વૈતરૂપ બ્રહ્મ હરિ."

{નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૬૪}

પરંતુ ભર્યાભર્યા જગવ્યવહારમાં સંસારી જીવથી નિઃસંગી શી રીતે થવાય ? સંન્યાસ લઈને ? સાચા અધિકાર વિનાના સંન્યાસમાં તો "બકરું કાઢતાં ઊંટ પેસવા" જેવો વિવિધ સંગદોષ પીડા કરવાનો ! – આપણે આગળ જોઈ ગયા છીએ. તેથી જ મનને નિઃસંગમાં સ્થાપવા યોગ્ય સત્સંગ – સદ્‌ગુરુસંગ વિહિત મનાયો છે. એ સદ્‌ગુરુસંત કયાં અને કેવા છે ? એમની સાચી ઓળખ સૌ કોઈને હોઈ શકે નહીં. ચિત્તશુદ્ધિથી આગળ વધેલા ઇષ્ટકરુણાપાત્ર વિરલ અધિકારી જનોની નિર્મલ મતિ જ સંતની અકળ ગતિનો {પૂરો પાર નહીં પણ} કંઈક અણસારો પામી શકે. આચાર્યશ્રી ખુમારીથી પડકાર ફેંકે છે :

"કોઈ હૈ રે શુદ્ધ ઝવેરી, પરખૈ મેરી, હિરદા કેરી."

{નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૧૨૫}

બાકી બીજાઓ તો પોતાનાં સ્વલ્પતુચ્છ તાર્કિક બુદ્ધિબળથી "સંત–ગતિ–કૃતિ" ને સમજવા–સમજાવવાનો પ્રયત્ન કરતાં, વિવિધ

રીતના મિથ્યા દોષારોપો ઉપસ્થિત કરવાને પ્રવૃત્ત થાય છે.[૧] પરિણામે તેઓની પ્રવૃત્તિ સમાજની ઉન્નતિ સાધવામાં સહાયક થઇ શકતી નથી. બહુ બહુ તો તેઓ બાહ્ય કૃતિનું થોડેઘણે અંશે અવલોકન કરી શકવા તત્પર થાય પણ તેની વાસ્તવ ગતિ પારખવી મુશ્કેલ છે. કારણ,

"હસ્તિને દંત ભિન્ન ભાતિના, ભિન્ન ખાવા દાખવવા,
સંતગતિ પણ તેમ છે, સમજી રહેવા રખવવા."

{નૂ. વા. વિ., પુ. ૧, પૃ. ૪૬}

તે જ પ્રમાણે,

"અકલ ગતિ છે રે સંતની, કોઈ વિરલા રે જાણે,
સમર્થ પાર લહે નહિ, મૂઢ નર શું પ્રમાણે."

{એજન, પૃ. ૪૫}

મલવિક્ષેપાવૃત્ત અનધિકારીને માત્ર મૂઢ જ નહીં પણ ગમાર કહ્યો છે,

"નિર્મલ અંતર જાકો ભયો હૈ, સોહિ લહે નિરધાર;
કયાં અનંગે ગવાર, હમકો કયાં અનંગે ગમાર."

{નૂ. વા. વિ., પુ. ૨, પૃ. ૧૨૬}

મહાજનોના અતિસૂક્ષ્મ પદ-પદાર્થને,

"ના શકે જાણી સ્થૂળ સૂક્ષ્મ પદાર્થને,
શું શકે તેથી પર વસ્તુ માપી."

{નૂ. વા. વિ., પુ. ૩, પૃ. ૭૧}

---

૧. "કૃતિ જુએ સંતની, ગતિ કોઇ ન જાણે,
અણજાણ્યે નિંદા કરે, પડે અધોમુખ જાણે."

{નૂ. વા. વિ., પુ. ૧, પૃ. ૪૬}

વળી,

"મહાન સંતતણી રહેણી તે, અજ્ઞાને નવ ગ્રહેશો જી,
વિણ અધિકારે, બેહદ જતાં, દુઃખના ભારા વહેશો."

{એજન, પૃ. ૫૧}

"....મહાજન કેરૂં શું ભણે, પદ લોક રે, પદ લોક રે."

(નૃ.વા.વિ., પુ.૩, પૃ.૧૦૬)

માટે આચાર્યશ્રી ગુણદર્શનવૃત્તિને ઉત્તેજિત કરે છે :

"દૃઢતા જોવા સંતની, જ્ઞાન સદ્‌ગુણ લેવા,
મુક્ત અદા નરસિંહ થવું, કરી સદ્‌ગુણસેવા."

(નૃ.વા.વિ., પુ.૧, પૃ.૪૬)

અન્ય સંતકવિઓની જેમ શ્રીનૃસિંહાચાર્યજી પણ કેટલાંક પદોમાં સાચા સંતોનાં લક્ષણોનું સૂચન કરે છે. પ્રથમ તો કવિ સર્વસામાન્ય સત્ય ઉચ્ચારે છે :

"પરમાત્મા ગુરુ એક છે, સૃષ્ટિ બધી તણો,
તે કહીએ સંતસ્વરૂપ, જેને અનુભવ ઘણો."

(નૃ.વા.વિ., પુ.૧, પૃ.૩૨)

સાચા સાધુનાં લક્ષણો અનેક પદોમાં આવે છે. અત્રે માત્ર એક જ કાવ્યમાંથી જોઈએ.

"જેનો સંગ કરીએ ઘડી એક, તો દુર્ગુણ દૂર પળે ;
તાપ ત્રિવિધ ટળે તત્કાળ, આગામિક કર્મ ટળે.
હોય અહોનિશ આનંદરૂપ કર્મકૂટ ના કરે,
કરે સદા બ્રહ્મવિચાર, અસત્ય ન ઉચ્ચરે.
રાગદ્વેષ નહિ મન સૃષ્ટિ સહુ સમ ગણે ;
આત્મજ્ઞાન કરે ને પ્રકાશ, અજ્ઞાન તિમિર હણે..."

(ભજન)

કેટલાંક પદોમાં તો સૂત્રાત્મક પંક્તિ કે પંક્તિઓમાં સદ્‌ગુરુના સત્યપદના સૂચક પ્રધાન સદ્‌ગુણને દર્શાવેલ છે. તેમાં પ્રશાન્ત પ્રસન્નતા, સમદર્શિતા અને પરોપકાર આ ત્રણ મુખ્ય છે. સંતને ઓળખવાની નિશાની દર્શાવતાં કવિ કહે છે :

"ક્લેશરહિત સમદર્શી નિરંતર, ગુરુપદની ધૅંધાણી."

(નૂ.વા.વિ., પુ.૨, પૃ.૧૦૪)

તથા એક સુંદર પદમાં,

"જિને કિયા ક્લેશકા ચૂરા, સદ્‌ગુરુ પૂરા, અનુભવી પૂરા જી."

(નૂ.વા.વિ., પુ.૧, પૃ.૧૪૮)

અને,

"સ્વાત્માનુભવ જિનકો ભયો હે, તાકી હે સરસાઈ,
જગતમૈં સંત બડા સોહિ ભાઈ."

(નૂ.વા.વિ., પુ.૧, પૃ.૪૪)

આવાં અનેક મંત્રવાક્યોમાં કવિશ્રી ગુરુપદની ઓળખ આપી જાય છે. આવી સૂત્રાત્મક પંક્તિઓમાં મંત્ર સમી મુક્તકકવિતાના ધ્વન્યાર્થને સમાવતી વ્યંજનાની ચમત્કૃતિ રહેલી હોય છે. એવા સમદૃષ્ટિ નિરભિમાની "સદ્‌ગુરુનો પરવાનો" કવિ વર્ણવે છે.

"નહિ જયાં સિધ્ધપદકા અભિમાના,
લહે જો રંકરાવકું સમાના.
લિજે સો સદ્‌ગુરુકા પરવાના,
મિટે અંધેરી."

(નૂ.વા.વિ., પુ.૧, પૃ.૧૨૬)

તથા,

"રખે કોઉસોં રાગ ન દ્વેષા સ્વરૂપ નિજ જનકૈ,
હુવે લવનસિંધુ સમ અભેદ, તત્ત્વ પહેચાન કૈં."

(નૂ.વા.વિ., પુ.૧, પૃ.૪૫)

એ લવનસિંધુની કલ્પના વેદાન્તવિહિત છે. એવા અનુભવી

"સમદર્શી કોઇ સંત શરણમાં લીએ."

(નૂ.વા.વિ., પુ.૨, પૃ.૩)

તે તો,

"સર્વાત્મદશી થઈ રહે, જીવત્વ ટળ્યું જો યહાંય રે."

(નૃ. વા. વિ., પુ. ૨, પૃ. ૩૪)

પછી,

"એવા ગુરુને શરણ થઈ, શીદ ડરીએ."

(નૃ. વા. વિ., પુ. ૨, પૃ. ૭૫)

આમ શરણાગતને અભય આપનારા સમદર્શી નિઃસંગી સંતગુરુજનો, પોતે તો કૃતકૃત્ય અને આપ્તકામ હોવાથી પોતાને વ્યવહાર સંબંધથી કંઈ પ્રયોજન ન હોવા છતાં, કેવળ લોકસંગ્રહાર્થે,

"સંત રહે રે વ્યવહારમાં હે રે, તોએ ક્ષોભ કદિએ ન ઉપજે."

(નૃ. વા. વિ., પુ. ૨, પૃ. ૬)

તેઓ કેવી રીતે રહે છે ?

"સાધુ જન જગમાં-રહે, લિપ્ત કદી નવ હોય,
કમળ રહે છે – જળ વિશે, સ્પર્શ કરે નહિ તોય."

(નૃ. વા. વિ., પુ. ૧, કુંડળિયા, પૃ. ૮૧)

સંતગુરુના સંગથી સાચું નિઃસંગત્વ મળે છે, એટલું જ નહિ પણ તે પોતાનામાં રહેલ સર્વ કંઈ આત્મભાવથી અર્પી દે છે. તેમના જેવા પરોપકારી જગતમાં કોઇ નથી.

"ગુરુ સમ નહિ હિતકારી જગમાં, પરમાર્થી પૂરા."

(નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૮)

તેથી તો તેમને સ્થળે સ્થળે યોગ્ય રીતે "દાતા" ગણાવ્યા છે. આ સંબંધનું ગોડી રાગનું ગીત સુંદર છે.

"ગુરુ બિન નહિ કોહુ દાતા, યા જગમેં ગુરુ બિન૦
યહ ભવજલ બિચ જનત્રાતા, યા જગમેં ગુરુ બિન૦
યહ ભવતરન કઠિન હૈ ભાઇ, જલ બિન સિન્ધુ કહાતા,
મોહરૂપ જલ કલ્પિત ભારૈ, ભ્રાન્તિભ્રમર ઘુમાતા."

{નૂ.વા.વિ., પુ.૧, પૃ.૭}

અને આવા વિચિત્ર વિકટ સિન્ધુમાં,

"જો કોહુ જન નિર્ભયતા ચાહી, સો સંતનહાટ બિકાતા,
સદ્‌ગુરુનાવ ચઢે સો તરહી, અવરહું જરૂર હુબાતા,
યા જગમેં ગુરુ બિન નહિ કોહુ દાતા."

:એજન :

અનેક પદોમાં "દાતા" શબ્દનો પ્રયોગ કર્યો છે. દા.ત.

"હે ગુરુ નિજપદદાતા, ત્રાતા છો સાચા."

{નૂ.વા.વિ., પુ.૧, પૃ.૬}

... ...

"દાન તણા કરનાર છો આપ, છઉં હરિ માગણ હું જ સદાઈ."[૧]

{નૂ.વા.વિ.પુ.૧, પૃ.૩)

....

"હે સદ્‌ગુરુ મુજ ત્રાતા, દાતા તમ સમ નહિ કોઈ જગમાં,
કરો કૃપા નિજ જાણી, ગણિ અધિકારી મુમુક્ષુની લગમાં."

{નૂ.વા.વિ. પુ.૧, પૃ.૪}

---

૧. સરખાવો : અર્વાચીન કવિતામાં :-

(૧) કણ કણનો હું માગણ ને તું દુનિયાનો દાતાર ;
રે હું શું માગું ?"
{શ્રી સુંદરજી બેટાઈ}

(૨) જુગ જુગનો હું ભિક્ષક ને તું દુનિયાનો દાતાર,
રે હું શું આપું ?"
{શ્રી પૂનલાલ દલવાડી}

સાધક દાતાર પ્રતિ દાન માટે હંમેશાં પ્રાર્થે છે :

"ગુરુ મોકૌં દાન હિ દિજે વે, કૃતાર્થ જગત્‌મેં કીજે વે"

(નૃ. વા. વિ., પુ. ૩, પૃ. ૧૫૫)

અને એવાં અલૌકિક દાન ગુરુ અવશ્ય આપે છે :

"નૃસિંહ ગુરુને દાન દિયો, રિપુ-મારક શાસ્ત્ર શિખાયો રે,
આજ ગયો મૈં સત્‌સંગતમેં સદ્‌બુધ્ધિ ગ્રહી આયો રે."

(નૃ. વા. વિ., પુ. ૨, પૃ. ૧૪૭)

પરિણામે ગુરુ-પ્રભુના દાનકર્તૃત્વનો અનુભવી શિષ્ય કૃતજ્ઞતાથી કહે છે :

"(જેથી) આપ અનેક નિમિત્તે - દાતા, જોતાં જણાય રે."

(નૃ. વા. વિ. પુ. ૩, પૃ. ૩)

પ્રશ્ન એ થાય છે કે સદ્‌ગુરુસંત દાતૃત્વનો કયો વિલક્ષણ ધર્મ બજાવે છે ? તેનો ઉત્તર તો શ્રીનૃસિંહાચાર્યજી જેવા સંતોના દાતૃત્વથી કૃતાર્થ થયેલા અધિકારી અનુભવી સાધકો-શિષ્યો જ આપી શકે. ગુ એટલે અંધકાર રુ એટલે કાપવું. જે સાચા અર્થમાં દાતાગુરુ હોય છે તે તો શિષ્યજનનાં અજ્ઞાન અને અલ્પતાયુક્ત અવસ્થિતિનો યુક્તિપ્રયુક્તિથી ગેરલાભ ઉઠાવતા નથી ; પરંતુ સાચી સહાનુભૂતિથી પ્રેરાઇને તેઓ, જ્ઞાનપ્રકાશ અને આનંદાનુભૂતિ દ્વારા સર્વ સૃષ્ટિમાં સ્વસ્વરૂપનો સાક્ષાત્કાર કરવા અધિકારી આગંતુક શરણાગત ભાવિકને સમર્થ બનાવવા સદા પ્રયત્નશીલ રહે છે. પોતે ઉપરના થર પર રહી, શિષ્યોનાં અંતઃકરણમાં પોતે સ્થાપેલો કે અન્યથી સ્થપાયેલો દીનભાવ દૂર કરી, તેમને સદા પોતાના (ગુરુ) ઉપર અવલંબન રાખનારા પરતંત્ર પામર અને હીન દાસ ન બનાવતાં, સાચા સદ્‌ગુરુ તો અધિકારી સાધક-શિષ્યને પોતાના સમાન સ્વતંત્ર આત્માવલંબી સર્વબંધનથી મુક્ત સ્વાયત્ત બનાવે ; - ધીમે ધીમે જ્ઞાનપ્રબોધ અને અનુગ્રહ દ્વારા જીવનમુક્તિનું અપરોક્ષાનુભવનું શાશ્વત

સુખ પ્રાપ્ત કરાવવા સદા પ્રવૃત્ત રહે ; – તથા અનધિકારી શરણાગતને "અતિવર્ણ વગેરેના પક્ષપાત વિના" પરમાર્થ પંથમાં પ્રવેશવાની યોગ્ય ભૂમિકા પ્રાપ્ત કરાવે ; – આવા સ્વકર્તવ્ય-પરાયણ વૃત્તિના निर्मानिमोहा: जितसंगदोषा:સંતો–ગુરુઓ દાતા {શ્રેષ્ઠ દાતા} કહેવાય તેમાં શું આશ્ચર્ય ?

શ્રીમન્નૃસિંહાચાર્યજી પોતે ઉપર વર્ણવેલાં લક્ષણોથી સંપન્ન સમદર્શી સંત–ગુરુ હતા. તેઓ બ્રહ્મનિષ્ઠ, તથા શ્રુતિસ્મૃતિ આદિ ધર્મતત્ત્વના ગૂઢાર્થમર્મને સારી પેઠે સમજાવવામાં સમર્થ અને જીવ–શિવના અભેદને વરેલા હતા. અત્રે અવતીર્ણ કરેલી પંક્તિઓમાં જે અર્થ સુચવાયો છે તેનો સઘળો અન્વય, તેમના શ્રેયસ્સાધકોના જીવન સાથે જડાયેલો હતો તેમાં લેશ પણ સંશય નથી. એક પદમાં તેઓ ગાય છે :

"જગમાં તે જીવ્યો જેણે બ્રહ્મરસ પીધો,
જગમાં તે દીપ્યો જેણે હરિરસ પીધો."

{નૃ.વા.વિ., પુ.૨, પૃ.૧૪}

આ પ્રમાણે "અજરઅમર"થી જીવન દીપાવવા, પોતાના શિષ્યને સાચો રાહ દર્શાવવાના દાતૃત્વધર્મથી પોતે પૂર્ણસિદ્ધ હતા. આ સત્ય હકીકતનું સમર્થન કરનારા સહસ્ત્રની સંખ્યામાં ઉદાહરણો શ્રવણ કરવા મળે છે. શ્રી છોટાલાલ માસ્તર {વિશ્વવંધ}, શ્રી જેકિશનદાસ કણિયા, શ્રી નગીનદાસ સંઘવી, શ્રી નર્મદાશંકર મહેતા, શ્રી કૌશિકરામ મહેતા જેવા વિદ્વાન સાધકશિરોમણિ પુરુષોના સત્સંગના પ્રસંગો તેમાં પ્રધાનપણે છે. છતાં,

"નિષ્પક્ષી કોઈ સંત હોય સો, સત્ય રાહ દશાવે,
નિર્મકર્મકી ભ્રાન્તિ મિટાવે, અમૃતમેહ વરસાવે.
અજર જરાવે સો સહી રે, નિઃસંગ રહે નિર્ધાર..."

{નૃ.વા.વિ., પુ.૧, પૃ.૨૧}

જેવી પંક્તિઓમાં વર્ણવેલી સંતની નિષ્પક્ષતાની પ્રતીતિ કરાવનાર, વિધર્મીઓના પ્રસંગો પણ પુરાવારૂપ છે.* આ પ્રકારના નિષ્કામ નિરપેક્ષ અને નિઃસ્પૃહ ગુરુશિષ્યના આદર્શ સંબંધ જ્યાં હોય ત્યાં ગુરુની ઉચ્ચસત્તા નીચે દીન શિષ્યના મનની પામરદશાની કલ્પના ય સંભવતી નથી. ત્યાં તો ગુરુશિષ્યના આત્માર્પણયુક્ત અભેદભાવથી સ્વાશ્રય અને બુધ્ધિપ્રમાની પ્રગતિ વ્હોરા उद्धरेदात्मनात्मानम् | નો અંતિમભાવ જ પ્રવર્તી રહે છે. શિષ્ય પોતે આરંભમાં અવિદ્યા-તાપક્લેશથી કંગાલ અને અલ્પજ્ઞ બની યાચક-ગ્રાહકની પેઠે, સર્વજ્ઞસમર્થદાતારૂપ સદ્‌ગુરુ સમીપ આવ્યો હતો. એ સંબંધના આદિભાવનું અંતિમ પરિણામ "પોતે પોતાનો ગુરુ છે", પોતાનો આત્મા એ ગુરુ-ઈશ્વરથી અભિન્ન હોઇ, તે સંપૂર્ણ જ્ઞાનસત્તા ઐશ્વર્ય આનંદાદિનો નિધિ છે, ચિત્ સ્વરૂપ છે, - એવા[1] ब्रह्मवित् ब्रह्मैव भवति | ના ઉપનિષદે વર્ણવેલા "યથાર્થજ્ઞાનના અનુભવ"માં આવે છે. અને તે પરિણામ પ્રકટાવવામાં જ, એક પક્ષે શિષ્યનું શ્રધ્ધાયુક્ત શરણ, અને અન્ય પક્ષે સાચા સદ્‌ગુરુનું કરુણાયુક્ત દાતૃત્વ - બન્ને વિજયવંત હેતુરૂપ છે. "એક નરસિંહ સમદર્શી સરદાર છે"ની યથાર્થવાણી વદનાર નૃસિંહાચાર્યજીએ પોતાની સરદારી નીચે આવી રહેલા અને અન્ય સર્વ જિજ્ઞાસુ, મુમુક્ષુ, અધિકારી, અનધિકારી સાધક-સજ્જનો પ્રતિ, આવી સાચી સ્વતંત્રતાનું દાન કરનારી શિક્ષાનો અમલ કર્યો છે.

આદર્શ આચાર્ય કે સદ્‌ગુરુ ધનવિભવ, માનઉપહાર કે પૂજાપ્રતિષ્ઠાની અપેક્ષા રાખતા નથી, તથા તન્નિમિત્તે ગ્રહણશીલ

---

૧. "બ્રહ્મવિદ્ એ જ બ્રહ્મ વેદ કહે છે,
સમજી એમ ગુરુચરણ ચિત્ત રહે છે,
ધર્મ અર્થ કામ મોક્ષ ગુરુ દે છે,
ગુરુ બ્રહ્મ એ."
{ નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૧૩૬ }

યાચકવૃત્તિ કે પ્રતિગ્રહણબુધ્ધિ ધરાવતા નથી. તે તો યથાસ્થિતિ સ્વધર્માનુસાર નિત્યતૃપ્ત અને સિધ્ધસંકલ્પ રહી અન્યને આપવાના પરમ ઔદાર્યવ્રતને આમૃણેાન્ત ધારણ કરવામાં ધુરંધર હોય છે. શિષ્યવિત્તહારી નહીં પણ શિષ્યચિત્તહારી ગુરુની પેઠે શ્રીનૃસિંહાચાર્યજી એવા સંતો પ્રતિ ધન્યવાદની વાણી વહે છે :

"નરસિંહ ધન્ય એવા સદ્‌ગુરુસંતો,
પૂરણ બ્રહ્મ પોતે અનુભવી ચીંધ્યો.
: નૃ. વા. વિ., પુ. ૨, પૃ. ૧૪ :

વળી,

"નૃસિંહ પ્રભુ સત્ય વસ્તુમાં સ્થાપે જી,
ગતિ આપે જે બ્રહ્મરંધ્રહીરે હાં."
{નૃ. વા. વિ., પુ. ૩, પૃ. ૬૩}

એવા ગુરુપદનો આત્મ-અનુભવ, ગુરુપદનાં લક્ષણો પ્રતિ કેટલી દૃઢ નિષ્ઠાથી અંગળી ચીંધે છે.

"જો તુમ પૂછત હો હમકૌં તબ સત્ય કહી અભિમાન તજે હૈં,
જો કછુ આપ અખંડ અનાદિ રહે તિનકૌં હમ નિત્ય યજે હૈં,
ખડ્‌ગ ક્ષમા અરુ ધીરજ ઢાલ સદા શિલનાદિ ગુનોકું સજે હૈં,
ઔર સબે શિરપૈં ધરિ એક નૃસિંહ નૃસિંહ ભજે હૈ."
{નૃ. વા. વિ., પુ. ૨, પૃ. ૨૩૭}

ઈંદ્રવિજય છંદની અનુભવબલાન્વિત આ જોરદાર વાણી આગળ વધતાં કહે છે :

"ના હમ ક્ષત્રિય, વૈશ્ય ન, શુદ્ર ન, શ્રીગુરુને યહ ભેદ બતાયા,
ન્યાસિ નહિ ઘરવાસિ ઉદાસિન જો વનવાસિ વિન લાભ જનાયા,
અન્ય ઉપાય સબે પરિત્યાગી સદા અપને મનકોંહિ સતાયા,
નિત્ય નૃસિંહ નૃસિંહ ભજે અબ આત્મ અનુભવમેં રત આયા.
નામિ ન કામિ ન વામિ ન ધામિ હરામિ ન દામિ ન
સ્વામિ ન પંથિ,
શિષ્ય ન કોહુ કહે હમતો કછુ બાંધિ ન બાંધત હે અબ કંઠી,
તત્ત્વ અખંડ રહે સબ ઠૌર અતત્ત્વ લહ્યો કિ નિકાસત મેંઠી,
એક નૃસિંહ હૃદે હમ રાખત જાકિ કૃપા ગ્રહી છો રત ગ્રંથી."
(એજન)

આ કાવ્ય લાંબું છે પણ અવતરણ પરથી વાચકને, તેમાં રહેલી ગુરુપાવ્રતા અને આત્માનુભૂતિ વગેરે વિશેની ક્રમયાદી, કંઠી-મેંઠી જેવી પ્રાસરચનાની અને ખાસકરીને "ઈ" વર્ણની પુનરુક્તિ વડે સધાયેલી યમકસંકળીની વિશદતા (નામિ-કામિ-વામિ...), તથા પ્રચલિત પાખંડો પ્રતિ મર્મપ્રહાર વગેરે ધ્યાનમાં આવ્યા વિના નહિ રહે.

જેની આગળ સાર્વભૌમ રાજપદ ગૌણ છે (અને પ્રાચીન કાળમાં તો રાજપદને દોરનાર પણ આચાર્યપદ હતું) એવા ગુરુપદનું ગૌરવ-સર્વજ્ઞ - ઈશ્વરપદથી પણ અધિક ગણવામાં આવ્યું છે. શ્રીમન્નૃસિંહાચાર્યજીએ પણ સ્થળે સ્થળે એ સદ્‌ગુરુપદની વિજયગાથા ગાઇ છે. નૃ. વા. વિ. ભાગ ૩ના પ્રથમ પદમાં જ એ પદનું સામર્થ્ય સૂચવ્યું છે.

"પ્રબલ પુણ્યના બલથી જીવથી જે પદ સધ પમાય,
સકલ કલાને વિદ્યા સધળી, જે પદ પ્રતિ ઝળપાય...
જગમાં જય જય સદ્‌ગુરુરાય,
જેના હરિહર અજ ગુણ ગાય."
(નૃ. વા. વિ., પુ. ૩, પૃ. ૧)

તે મહાપદનો મહિમા વર્ણવતાં કવિ કહે છે.

"બ્રહ્મા વિષ્ણુ રૂદ્ર વળિ, શેષ સરસ્વતી સુર,
મોહિત થઇ રે જે પદે, તે જ આપ ભરપૂર."

(નૃ. વા. વિ., પુ. ૨, પૃ. ૧૬૪)

"પ્રબળપુણ્યના બલથી" આ પદ પ્રાપ્ત થવાનું કહ્યા છતાં તે કૃપાસાધ્ય હોવાનો એકરાર સત્શાસ્ત્રોમાં જોવા મળે છે. શ્રીમન્નૃસિંહાચાર્યજીનાં પધોમાં પણ એ જ સૂર આગળ પડતો સંભળાય છે. માટે જ વિવિધરીતે વર્ણવાતા સાધનક્રમોને અંતે સાધક, પોતાની દીનતા દર્શાવી "નૃસિંહને" "નાથને" "નિજ કર ગ્રહવા" "દાન કરવા" વીનવે છે. મંડલાકાર વાધવાદનવૃન્દમાં સતત વાગતા કાયમ સૂરની પેઠે આ પધોમાં પણ શરણાગતિનો સૂર સંભળાયા કરે છે. જેમ જ્ઞાની કવિ અખો તત્ત્વવિચારની દરેક દેશીને અંતે "સેવો હરિગુરુસંતને" લખી સદ્‌ગુરુચરણશરણને નિરૂપે છે. તેમ અત્રે,

"પ્રથમ શરણ ગુરુનું ગ્રહી, વસ્તુ વિચાર કરો સહી,
નૃસિંહ કર્મ ઉપાસના, વિના જ્ઞાન પામો નહિ."

(નૃ. વા. વિ., પુ. ૩, પૃ. ૧૬૯)

જેવાં શરણભાવનાં વચનો મોટાભાગનાં પદોમાં જોવા મળે છે. "શરણ" શબ્દ પણ "ભક્તિ" શબ્દની જેમ અતિ પ્રાચીન છે. ઋગ્વેદ અને શ્વેત. ઉપનિષદમાં "શરણ" શબ્દનો પ્રયોગ આવે છે તે પરથી

શ્રીકૃષ્ણભગવાને ગીતામાં એ શબ્દને ચાર સ્થળે વાપર્યો છે.[૧] આ શરણાગતનું શિખર એટલું ઉચ્ચ દર્શાવ્યું છે કે વિવિધ સાધનોથી મનની ઉચ્ચ ભૂમિકા પ્રાપ્ત કરવા છતાં ય, "નિર્મલ હૃદય"થી સંપન્નસાધક પણ પ્રભુને પ્રકટ થવા અર્થે પ્રભુ તરફથી દાનધર્મની અપેક્ષા રાખતો આર્દ્રસ્વરે વિજ્ઞપ્તિ કરે છે.

"નૃસિંહ નિર્મલ સાધક હૃદયે પ્રકટ હજો દાતાર,
કાપી કલેશ સકલ જીવપદના સફળ કરો અવતાર."

(નૃ.વા.વિ., પુ.૨, પૃ.૧)

અને આવાં અનુગ્રહ, શરણાગતિ, વિજ્ઞપ્તિ તથા આત્મનિવેદનનાં પદોમાં જ વક્તવ્યની નિર્વ્યાજ નિર્બાલસતા, નિકટભાવ, ઊર્મિની ઉત્કટતા આદિ આત્મલક્ષી કવિતાની ચમત્કૃતિનાં લક્ષણો સ્ફુટ થતાં જણાય છે. શરણાગત દીનભાવે કહે છે :

---

૧. (૧) बुद्धौ शरणमन्विच्छ कृपणाः फलहेतवः ॥

(શ્રી ભગવદ્ગીતા – અધ્યાય ૨ – શ્લોક ૪૯)

(૨) गतिर्भर्ता प्रभुः साक्षी निवासः शरणं सुहृत् ।

(એજન, અધ્યાય ૯ – શ્લોક ૧૮)

(૩) तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।

(એજન, અધ્યાય ૧૮ – શ્લોક ૬૨)

(૪) सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।

(એજન, અધ્યાય ૧૮ – શ્લોક ૬૬)

"પણ બલહીન હુંથી તે દોષો, જો કદી હણીયા જતા રે,
તો શીદ આપશરણ આવીને, હીનપણે રહું વ્રાતા રે."

(નૃ. વા. વિ., પુ. ૩, પૃ. ૧૭)

"વિવેક વિરાગાદિ સાધનો"થી ભક્ત કહે છે કે "પ્રાત્મૈક્ય મનના ના કરાયો;" વળી વિધિવત્ યોગની પ્રક્રિયાઓ વ્હારા "સમાધિ ન સિધ્ધ ભઈ", તથા પ્રયત્નથી નવધા અને

"પ્રેમલક્ષણા ઔર પરા ચહ, ભક્તિસ્વરૂપ ન કોહુ પઢાયો".

(નૃ. વા. વિ., પુ. ૨, પૃ. ૧૪૫)

તેમ જ ગુરુએ પ્રબોધેલા જપતપસ્વાધ્યાયતીર્થ આદિ અન્ય અનેક ઉપાયોમાંથી,

"એક હુંજો સ્થિર નાહિ રહાયો ;
પ્રાપ્ત પ્રપંચી કુટિલ અધર્મી સ્વધર્મી નાહિ ચિત્તમેં ચહાયો."

(ભજન)

અને આમને આમ,

"આયુષ્કાલ વૃથા હિ ગુમાવ્યો."

(ભજન)

આમ પોતાની અધમતા-અપાત્રતાનો ખુલ્લા દિલથી એકરાર કરી જીવાત્મા કહે છે,

"નરસિંહ પ્રભુ મૈં વિમુખ તથાપિ, આપકો દાસ જગતમેં કહાયો ;
લાજ રાખો પ્રભુ શરનમેં આયો."

(ભજન)

આવો શરણાગત ભક્ત તો પોતાને પાલ્ય ગણી, પોતાની જવાબદારી પાલક પ્રભુ પર નાંખીને નિર્ભયતાપૂર્વક ઉચ્ચારે છે,

"ભક્ત અભક્ત તથાપિ જણો આપનો,
મારે અંતર અધિક રહે છે ધીર જો,
અણિ ઉપર પણ સંભાળ્યા વિણ ના રહો,
કાં જે છો વાલી છું હું તો સગીર જો."
(નૃ. વા. વિ., પુ. ૩, પૃ. ૨૯)

ભક્ત સગીર બાલકવત્ રહેવામાં પોતાની સલામતી માનતો હોઈ પ્રભુ પ્રત્યેનો પિતૃભાવ કાયમ રાખવામાં જ પોતાની કૃતકૃત્યતા માને છે. અને તેથી તે મહાસરકાર સમક્ષ પોતાની ચોકખી નાદારી નોંધાવે છે.

"મારે આપતણો આધાર, પ્રભુ મારે આપ તણો આધાર,
માતપિતા સુતને વિષ દે તવ, કોણ દેખાડે પ્યાર..."
(નૃ. વા. વિ., પુ. ૩, પૃ. ૩૯)

અને એ તો વિનંતીમાં કબૂલ પણ કરી દે છે કે,

"અલ્પમતિ હું શું વહું છું આ, જણો માયાધીશ,
આપત્તિ સમયે સ્મરી યાચું, રાખો તેમ રહીશ,
નૃસિંહ પ્રભુ છો આપ સ્વતંત્ર જ, ચાહી દીયો બક્ષિસ...
કરજો, જેમ ઘટે જગદીશ."
(નૃ. વા. વિ., પુ. ૩, પૃ. ૧૦)

પ્રભુ-ગુરુની ઈચ્છામાં જ વૈયેક્તિક ઈચ્છાનું વિલીનીકરણ કરતો ભક્ત, આવાં શરણાગતિનાં પદોમાં કદીકદી અત્યંત નિકટભાવ (Frankness) થી નિવેદન પણ કરતો હોય છે.

"ક્યાં જઈ કરીએ વાત, સજની, ક્યાં જઈ કરીએ વાત,
ધીંગો ધણી ગણી જગધણી કીધો, તે જ કરે છે ઘાત, સજની,
મહાજનચરણે મસ્તક ધરીએ, મારે શિર પરલાત, સજની."
(નૃ. વા. વિ., પુ. ૩, પૃ. ૪૦)

એવાં અનેક પદોમાં, વક્રોક્તિ તથા કસોટીની પળોમાં, ભક્તની પ્રભુપદપ્રાપ્તિ માટેની દૃઢતા દર્શાવતી પંક્તિઓમાં શરણાગતિ સિદ્ધ થતી સૂચવવામાં આવે છે.

"સદ્‌ગુરુશરણ ન કર આવત તો, આ દુઃખ કેમ સહાત, સજની ;
નૃસિંહ પ્રભુથી ગુપ્ત કહું કયાં, છે સઘળો સઉ જ્ઞાત, સજની૦"

(એજન)

આવાં પદોમાં ભક્તિમન્દિરના કનકકલશ પર પ્રપન્નતાની પતાકા ફરકાવાતી હોય છે. શ્રીનૃસિંહાચાર્યના સમયથી અર્ધાપિપર્યંત ઉત્સવ વગેરે સમયે આરતી પછી જે સ્તુતિપદ્ય સાધકો વડે ગવાતું આવ્યું છે તે શ્રીનૃસિંહવાણીવિલાસના દ્વિતીય પુસ્તકમાં છે. તે શરણાગતિભાવનું દ્યોતક સુંદર નમૂના રૂપ હોઇ તેને પરિશિષ્ટ ૧ માં આપવામાં આવ્યું છે. તેની પ્રથમ ચાર પંક્તિઓ આ રહી :

"કર્મો ન કામ્ય કરિયાં સુરલોક જવાં,
ના તો નિષિદ્ધ ત્યજિયાં દુઃખમુક્ત થાવાં.
ના પાત્ર, માત્ર વિનતિ શુણિ સુખ આપો,
ટાળો પ્રભો કરી કૃપા પ્રતિબંધ કાપો."

(નૃ. વા. વિ., પુ. ૨, પૃ. ૧૬૨)

શરણભાવ સંબંધી ઉપસંહાર કરી આપણે આગળ ચાલીએ. શરણાગતિના ત્રણપ્રકાર નીચેના શ્લોકમાં દર્શાવ્યાં છે:-

तस्यैवाहं ममैवासौ स एवाहमिति त्रिधा।
भगवच्छरणत्वं स्यात् साधनाभ्यासपाटवात्॥

(૧) દાસ્યભક્તિ तस्य एव (૨) સખ્ય ભક્તિ मम एव અને (૩) અભેદ સાક્ષાત્કાર, सः एव अहम् ના શરણભાવમાં, ભક્તિશાસ્ત્ર

વેદાન્તશાસ્ત્રને ભગિનીભાવથી બંને લેટે છે. આ ત્રણેય પ્રકાર સંબંધી શ્રીનૃસિંહવાણીવિલાસનાં પદોમાં વિસ્તારથી કથન કરેલું છે.

પરંતુ ઘોર કલિકાલમાં સાચા સંતગુરુઓનાં દર્શન દુર્લભ છે. અસલ કરતાં નકલ ચઢે, તેમ મિથ્યા જ્ઞાનભક્તિકર્મધર્મનો ઢોંગ કરનારા, પિંડપોષણપ્રવૃત્તિપરાયણ કુટિલ પુરુષોનો જ્યાં ત્યાં પુષ્કળ પ્રચાર જોવામાં આવે છે. સનાતન ધર્મ કે વૈદિક રહસ્યને સાચા અર્થમાં નહીં જાણનારા કેટલાક અલ્પજ્ઞો તથા મૂઢમતિ પણ સ્વાર્થાંધ પક્ષીય પુરુષોએ પોતાને અનુકૂળ આવે એ રીતે સર્વશાસ્ત્રોનાં સૂત્રોનો અર્થાન્વય કર્યો. સંખ્યાબંધ સ્ત્રીપુરુષોનો સમાજ જેમનામાં શ્રધ્ધાનું આરોપણ કરી જેમની દોરવણી ઝીલવા આંખો મીંચીને દોડી રહ્યો હોય – એવા અનેક કથાકાર, પુરાણીઓ અને પ્રવચનકારોએ તેમાં સાથ આપી, સમાજને તેની સાચી ઉન્નતિથી અવળી દિશામાં દોર્યા કર્યો છે. શ્રીમન્નૃસિંહાચાર્યજીએ પોતાના સમયમાં જોશભેર ચાલતા આવા પ્રવાહો પ્રતિ અંગુલિ ચીંધવા, પોતાના સમય અગાઉના સૈકાઓમાં રૂઢ થઇ ગયેલ વિકૃતિની અસર નીચે આવી ગયેલી વર્તમાનપ્રજાને સચેત કરવા, તથા સર્વસાધારણ રીતે પ્રવર્ત્તમાન અનિષ્ટતત્ત્વોનું સુધારણાર્થે ખંડન કરવાના હેતુથી, સંખ્યાબંધ પંક્તિઓ લખી છે. અને તે એટલી સત્યભાષીપણાથી – અને તેથી સચોટતાથી – લખી છે કે, તેમાંથી અવતરણાર્થે ચૂંટી કાઢવાનું કાર્ય પણ અતિમુશ્કેલ થઇ પડે છે.

સ્વાર્થ અને પાખંડપ્રેરિત પંથો તથા થઈ બેઠેલા વંચક ગુરુઓ માટે તેઓશ્રીએ પોતાની વિલક્ષણવાણીમાં અનેક સ્થળે પ્રહાર કર્યો છે. તેમણે નામરૂપની માત્ર દેહપૂજાને મહત્ત્વ ન આપતાં ગુણની – બ્રહ્મજ્ઞાનોપાસનાની યથાર્થ પૂજા બતાવી છે, જીવશિવની સાચી એકતાનું સૂચન કર્યું છે. પોતે પોતાનું – આત્મતત્ત્વનું – આરાધન કરતાં શીખવ્યું છે, અને તેમાં આગ્રહ, કદાગ્રહ કે માનાપમાનવૃત્તિને

દૂર રાખવા સાવધાનતા સેવી છે. તેઓશ્રી પોતાનો નિજાનુભવ વર્ણવતાં કહે છે,

"પરોપકારી વિશ્રવમાં છે જ્ઞાનીનો દેહ,
સરિતા સમ વારિ વહે, પિયે તૃષિત જન જેહ.
આગ્રહ નહિ જયાં કોઇને, નહિ કોને જ નકાર,
જેને મન પ્રીતિ હશે, ગ્રહે તે જ નિર્ધાર.
માનાપમાન નહિ કદા, નહિ જ્ઞાને અભિમાન,
સાગર વહે જયાં જોશમાં (ત્યાં) ટકે ન કોઇ નિદાન.
હેતે કીર્તન કીજીએ, પ્રેમી જનને કાજ ;
નરસિંહ મન નહિ આપદા, (જ્યાં) નિજાનંદનું રાજ."
(નૂ. વા. વિ., પુ. ૧, પૃ. ૧૭)

જયાં અને જેમાં સંસ્કાર, સુરુચિ અને સંયોગ હશે ત્યાં તેઓ આવશે અને અધિકાર તથા પિપાસા પ્રમાણે સરિતા સમી વહેતી વાણીનાં વારિ પીશે. જ્ઞાનપ્રચાર કે બોધપ્રદાન માટે આચાર્યશ્રીએ પોતે થઇને કોઇસ્થળે પ્રવૃત્તિ કરી નથી ; પણ પોતાના શુધ્ધ ચારિત્ર્યથી આકર્ષાઇ, પોતાની સમીપ આવેલા સર્વને સમદર્શીપણાથી નિષ્કામ અને નિઃસ્પૃહી રહી, પોતાની મૃદુલ, મનોહર સૌમ્યવાણીથી ઉચિત બોધ આપ્યો છે. "નિજાનંદરાજ"નો સુધામય પ્રીતિરસ પોતે પી, સર્વને બંધુભાવ અને ઉદારતાથી પીરસ્યો છે. વાદવિવાદ કે વિતંડામાં ઉતરવાની પોતે જાતે થઈને કદી વૃત્તિને વેગ આપ્યો નથી કે તે માટે ઇચ્છા પણ દર્શાવી નથી. અને તેથી જ, સ્વાર્થી સ્વેચ્છાથી વ્યાખ્યાનો[1] ગોઠવી–ગોઠવાવી, અધિકાર કે અભિરુચિની

---

૧. "સભા ભરી ભાષણો, કરે નવ જયારે ત્યારે,
યદૃચ્છાથી જો સુજન કો, શરણ ગ્રહે પ્રીતિ વડે,
તો શુધ્ધ બોધ આપી સદા, પ્રેમપાશમાં નવ પડે.
મારો તારો પક્ષ, કરી નવ વઢવા પેસે, રાગી દ્વેષીતણા, પંથમાં
ધર્મબોધ દઈ કદી, ધનાર્થી વસ્તુ ન ઇચ્છે, કદી ન પેસે,
અધિક શિષ્યની આશ, દુઃખદ છે એમ જ પ્રીછે."
(નૂ. વા. વિ., પુ. ૩, પૃ. ૧૪૩)

અવગણના કરીને જેને તેને બોધ આપનારા, પણ અનુભવ વિનાની વાતો કરનારા, તક મળે મોહોપચારના ગર્તમાં ગરકી પડવામાં લપસણા રાગદ્વેષમાં કાદવમાં બેદબદતા, સંકડાં વર્તુળો રચી તેમાં જ વસી વારંવાર વાદવિગ્રહ કરતા, તથા ધર્મબોધનો ધન વગેરે વસ્તુઓથી વિક્રય કરતા અને બીજાઓથી શિષ્યસંખ્યાનું વર્તુળ વિસ્તૃત કરવાની કાળજીભરી સ્પૃહાવાળા, – આવા ગુરુઓ, અંધનેતાઓ માટે અને તેઓની બોધપ્રચારની રીતિ માટે શ્રીમન્નૃસિંહાચાર્યજી સ્પષ્ટપણે "પ્રકટપણે સાધક પ્રતિ જ્ઞાન કરી" કહી શક્યા છે.

"વિવિધ થયા આચાર્યને વિધવિધ સ્થાપ્યા વાદ,
તેથી જગજીવ સકલનો, ખોયો સુખનો સ્વાદ."
(નૃ. વા. વિ., પુ. ૩, પૃ. ૧૧૭)

"આ જગતનું ધૂતીને ધન, જુએ સહુ જોડતા,
ગુરુ બણી કરે અર્પણ, સદા નથી છોડતા.
લેખ જુએ જગત જન સર્વ, લક્ષ નથી બણતાં,
ગેરૂ સુતર નથી સંત, જો હોય પ્રમાણતાં."
(નૃ. વા. વિ.; પુ. ૧, પૃ. ૩૧)

વળી એક ચોપાઈમાં,

"ઘણા પંથમાં મેં ન્યાળિયું, પંથપતિનું વચન પાળિયું,
દિન ખોયા પણ જ્ઞાન ન થયું, અજ્ઞાનતિમિર કેમે નવ ગયું.
દ્રવ્ય ગુમાવી મન રહાટિયું, :જેમ: અંધમુખ શ્વાને ચાટિયું,
ઠોગી પંથીનું કપટ જ કળ્યું, નરસિંહ હેત હૃદયથી ટળ્યું."
(નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૭૮)

"અંધમુખ શ્વાને ચાટિયું"માં બનનાર અને બનાવનાર બન્નેને કવિએ ચોટ મારી બનાવ્યા છે ! માટે "શ્રુતિસ્મૃતિઆદિ શાસ્ત્રોનાં યથાર્થ" રહસ્યને જાણવા,

"માટે ગુરુ કેરા ગુણી, સમજી સત્સિદ્ધાન્ત,
કલેશ શમાવી સમસ્તને, થાય જીવ નિર્ભ્રાન્ત.
એ આશયથી સદ્‌ગુરુ, સેવે સઘળા લોક,
પણ અયોગ્ય ગુરુઓ વડે, ઊલટો પ્રકટે શોક."

(નૂ.વા.વિ., પુ.૩, પૃ.૧૧૭)

આ અયોગ્ય ગુરુઓ સંબંધમાં પંક્તિઓ વ્રણેય પુસ્તકોમાં મળી આવે છે. ગેરુસુતર કે ભગવા-શિખા-દંડમાળા-તુલસી-તિલક આદિ ધારણ કરી ફરનારા કેવળ બાહ્યાડંબરવાળા સંતગુરુઓનું આછું કટાક્ષયુક્ત ધ્યાન અહીં કરાવ્યું છે.

"ભાતભાતમેં અંબર રંગે, અંગ પર તિલક લગાઈ,
કંઠમેં માલ જટા શિર ધારે, સો કછુ સંત ન કહાઈ.
આસન માર જંગલમેં બૈઠે, અન્ન તો કબહુ ન ખાઈ,
દ્રવ્યહરણકોં ઢોંગ કરત હૈં, સો હરિજન કૈસે મનાઈ."

(નૂ.વા.વિ., પુ.૧, પૃ.૪૪)

સાચા સંત-ગુરુ વર્ણવવાને બહાને કવિ ઉપેક્ષણીય પાખંડીઓ પ્રતિ નિર્દેશ કરે છે :

"માયા ધન ઇચ્છે નહિ તેહ, ધૂતી ન ભેગું કરે ;
વસ્ત્ર મળે તો ધારે અંગ, નહિ તો નગ્ન ફરે.
દિયે કોઇ ધન અપાર, તો ખપજોગું ગ્રહે ;
અધિક અર્પે જો જંત, તો ના સુખથી કહે."

(નૂ.વા.વિ., પુ.૧ , પૃ.૩૨)

લક્ષ્મી ચાંલ્લો કરતી હોય તો સુખપૂર્વક ધસીને "ના" કહેનારા નિર્લોભી સંત ક્યાં અને કેટલા છે ? આવા ઢોંગી ગુરુ-સાધુઓને યોગ્ય ઉપમા આપી આચાર્યશ્રી કટાક્ષની ધાર વધુ તીક્ષ્ણ કરે છે :

"ઢોંગી ગુરુઓ ફાંસિયા સમ વર્ણાય."

(નૂ.વા.વિ., પુ.૧ , પૃ.૩૮)

અને આવા એક બે હોય તો આંખ આડા કાન કરી ચલાવી લેવાય, પણ આ તો તેમનો રાફડો ફાટયો છે.

"ઠગજન વાધ્યા અપાર; જગતમાં જો જો આજે,
ભટકે ભગવાં કરી, પેટ ભરવાને કાજે."

(નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૮૬)

અને

"ઉદરભરણ કારણે પ્રપંચકરી મન ફૂલ્યા."

(નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૮૮)

વળી,

"સાધુ કહાવી સ્ત્રીને ભજે, એ ભેખને લજવા રે."

(નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૧૧૩)

મનહર છંદમાં લખેલા સ્ફુટ વિષય નિરૂપણમાં તો કવિ "કલિયુગનું કૌતુક" કહી સ્પષ્ટવાણીથી ઘોષણા કરે છે :

"ઘરઘર ગુરુ હોઇ બૈઠત બિચારહીન,
ધ્યાન હિ ધરત સો તો બગ સમ જનીએ,
સેવક ચરનમેં પરત નિજ ગુરુ ગની,
મોહજાર ફિરત હૈ, ગુરુ નિજ બાનીએ,
પ્રપંચરહિત સબ, બાત કહે ઉપરકી,
અંતર કરન કહો, કૈસે પહેચાનીએ,
નરસિંહ બિન સબ, ભ્રમકો બઢાવત હે,
કલિયુગમાંહી યહ, કૌતુક બખાનીએ."

(નૃ. વા. વિ., પુ. ૩, પૃ. ૨૧૮)

એવા પ્રપંચીઓની વંચક વૈષ્ણવતાવાળા ઢોંગીઓની વિકૃત મનોદશાને તેમણે ખુલ્લી પાડી છે. તેમની દુર્બળ દશા અને પામર પાખંડ યુક્તિઓ પર કવિએ ઘણા હળવા-ભારે પ્રહારો કર્યા છે.

કવિ કહે છે કે આમને આમ "તૂતો" ચાલ્યા જ કરે છે. દુનિયા ઝૂકતી હે ઝૂકાનેવાલા ચાહિયે. અંધ ભાવિક અનુયાયીઓનું ટોળું પણ સહેલાઈથી મળી આવે એટલે ચાલ્યું. જેટલા ગુરુ તેટલા પંથ—પેટાપંથની પરંપરા પાછી અને એ પરંપરાની પ્રતિષ્ઠા તથા લોકપ્રિયતા માટે પ્રપંચ-પ્રચાર ! સાચા ધર્મજ્ઞાનનો, સત્યવિચારનો તેમાં છાંટો ન મળે. તે પ્રત્યે કર્તાશ્રીની ઠોક અત્યંત માર્મિક છે.

"સત્ય સમજ કોઈ નહિ લહે, સબ તૂતે તૂત ચલાવે,
પંથ ભાંડ સબ પેટ ભરનકું, જૂઠ પ્રપંચ ચલાવે."

(નૂ. વા. વિ., પુ. ૧, પૃ. ૨૧)

અને એવા,

"પંથ મહંત થઇ ઘણા કંઈ પામર જન અથડાય છે,
નરસિંહ જ્ઞાન વિના જનો, બહુ ઠગ છળથી સપડાય છે."

(નૂ. વા. વિ., પુ. ૧, પૃ. ૮૬)

કવિ એક ગરબીમાં કહે છે,

"જ્યાં જ્યાં જઈ જોયું રે સત્ય પ્રમાણવા,
હરિદર્શને તલખી નિશદિન પ્રાણ જો ;
પથ્થરને પીતળ રે સઘળે ન્યાળીયાં,
જોયાં પામર અથડાતાં અણજાણ જો."

(નૂ. વા. વિ., પુ. ૧, પૃ. ૯૬)

અહીં "પથ્થર"ને "પીતળ" તથા "તલખી" શબ્દપ્રયોગો ધ્યાનપાત્ર છે અને —

"અગણિત મત જોયા રે ધર્મવિચારમાં,
જેને જે ફાવ્યું તે કરતા તેમ જો."

(એજન)

માત્ર "પેઢીધર ગુરુબાળ" નહીં, પણ

"મૂળ પુરુષ ગુરુ થાય, જેણે ગ્રહયું જ્ઞાનને,
વીર્ય ગુરુ નથી તુજ વીર, કયાં ચહે અજ્ઞાનને."

(નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૩૧)

પરંતુ હાલ પ્રવર્તમાન ઘણાખરા વાદ-પંથના મૂળ મહાપુરુષ કે આચાર્ય સત્યજ્ઞાનચારિત્ર્યને ગ્રહેલા સંત હોય છે ; પણ પછી તો

"ગણે એક ધણી, પંથ થયા ઝાઝા,
મૂઢ એકએકની, ગણે ન માઝા.
ગુરુ થઇને દ્રવ્ય, લૂંટવાને બાઝ્યા, મંદમતિને, -
મંદમતિને નહિ જ્ઞાન, મૂકી માન, એવે સ્થાન ધરે કાન,
જે નાદાન, વિના શાન, થઇ શ્વાન, ખરે ખાન, અને પાન, -
તણા તાન, -માં ગુલતાન, જાય જાન, નહિ ભાન, વિના ધ્યાન,
ખર સમાન, ખાય સોટા સોટા.....
ખરે જ્ઞાન વિના, સર્વ મત ખોટા."

(નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૧૦૪)

ઉપરોક્ત પ્રકારનાં સોરઠ રાગનાં પ્રબંધની ચાલનાં અનેક પદો અર્થગર્ભિત હોવા ઉપરાંત શબ્દચમત્કૃતિ અને પ્રાસાદિક વૈભવથી સમૃધ્ધ છે. અલબત્ત તેમની ઘણી પંક્તિઓ શબ્દાન્તરપ્રાસને અનુસરતી હોય છે.

એવા "ફરિસિયા" ગુરુઓથી ભોળી જનતાને કવિ ચેતાવે છે.

"જે કોઇ પંથમાંહિ ભટકે, એ જ ભૂલ્યા,
હૃદયદ્વાર જેનાં, કદિ નહિ ખૂલ્યાં."

(નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૧૦૩)

અને -

"પામર વિષયી સર્વ, પંથમાંહિ ડૂબે,
તેથી હૃદયદ્વારા નહીં ખૂલે."

(નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૧૦૫)

પણ સાચા "મુમુક્ષુ હોય તે તો ભ્રાન્તિમાં ન ભૂલે."

(ભજન)

તેવાઓને કવિશ્રી જ્ઞાન-વિચારથી સમજાવે છે કે "ખરે જ્ઞાન વિના, સર્વ મત ખોટા". અણજાણે[1] નીડરતાપૂર્વક યોજેલાં વક્રોક્તિ-કટાક્ષયુક્ત શસ્ત્રતીક્ષ્ણ વાક્યો શ્રીમન્નૃસિંહાચાર્યજીનાં છપ્પામાં પણ ઠેરઠેર મળી આવે છે.

"ભુલો મારગ શું દેખાડશે, નરસિંહ વિપત્તિમાં પાડશે,
મૂરખ વિચાર મન ન કરે, ડોકે પ્હાણ લઇ કયમ તરે !"

(નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૭૮)

કારણ,

"કેશધારી ધરે માન, ધારે પંથનું અભિમાન,
પણ ના વસ્તુ કેરૂં જ્ઞાન, તે શું દેશે મોક્ષ દાન."

(નૃ. વા. વિ., પુ. ૨, પૃ. ૬૮)

આમ સાચા દાતૃત્વધર્મથી હીન ગુરુઓનાં આશ્રયથી અને વસ્તુ-જ્ઞાન-વિહીન સાધનથી મોક્ષની આશા રાખવી તે ડોકમાં પ્હાણ લઇને કે ભગ્ન નૌકામાં બેસીને ભવપાર તરવાની આશા રાખ્યા બરાબર છે.

"જેમ કો બેસે ભાગી નાવ, પાર જવાનો રાખે ભાવ,
વિચાર વિણ જો સુખ ધારશે, જ્ઞતી બાજી નરસિંહ હારશે."

તેથી તેને કહે છે,

"મિથ્યા મૂરખ ફૂલે મન, ઢોંગીને અર્પીને ધન,
હું જાણે ગુરુસેવા કરૂં, (તો) સહજે આ ભવસાગર તરૂં !"

(નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૭૮)

---

૧. (૧) ઘરડા બળદને ઘાલી નાથ, ગુરુ કર્યા મેં ગોકુળનાથ.
(૨) ગુરુ થઇ બેઠો હોંસે કરી, કંઠે પહાણ શકે કેમ તરી.
(૩) એક મૂરખને એવી ટેવ પથ્થર એટલા પૂજે દેવ.
(૪) કથા સાંભળી ફૂટયા કાન, તો યે ન આવ્યું બ્રહ્મજ્ઞાન.
(૫) ગુરુ થા તાએ તું જ, નથી કોઇ બીજો ભજવા.

આટલાં આટલાં હળવાં અને તીક્ષ્ણ મર્મકટાક્ષો પછી સમદર્શી સંત આચાર્યને તેમના પ્રતિ તિરસ્કાર ઉપજતો નથી. સહાનુભૂતિ અને સમભાવપૂર્વક તેઓશ્રી તેમના પ્રતિ શિક્ષાવચન વહે છે.

"સાધુ થઇને પ્રપંચ કરીને, ધનસંચય નવ કીજે જી,
ભય પેસે ને બુધ્ધિ બગડે, માટે દૂર રહી જે, શિક્ષાસાધુને."

(નૃ.વા.વિ., પુ. ૧ , પૃ. ૫૦)

"ભ્રાન્તિમેં મત પડો, જ્ઞાન ગુંજે લહો, સચ્ચિદાનંદ સોં પ્રીત જોડો,
મત ઔર પંથકા ફેલકું છોડ દો, કપટકા કોટકું તૂર્ત તોડો."

(નૃ.વા.વિ., પુ. ૧, પૃ.૫૨)

કેટલો સ્પષ્ટ અને નીડરતાભર્યો આ વાણીપ્રવાહ છે ! પરંતુ શિક્ષા તો શૂર સાધુજનને હોય. ઉરે ઉપદેશ નહીં કરનારને કવિ કાયર કે અજ્ઞાની અનધિકારી ગણે છે :

"કહે નરસિંહ ઉપદેશ હે શૂરકું,
ગમાર ગાફિલકું કયા કહેના."

(નૃ.વા.વિ., પુ. , પૃ.)

મૂઢ શઠ ગમારના ચિત્તના સમારાધન કે હૃદયપરિવર્તન માટે ઉપદેશપ્રવૃત્તિ વંધ્યાસુત સમાન નિષ્ફળ નીવડે છે, એ નીતિબોધ ઉપરોક્ત વચનમાં સમાયેલો છે.

....

શ્રીમન્નૃસિંહાચાર્યનાં તત્ત્વજ્ઞાનનાં બોધક કાવ્યોની સંક્ષેપમાં છતાં સવિસ્તર ચર્ચા આપણે કરી. તેમાં ગુજરાતી અને હિંદી અથવા મિશ્ર બન્ને ભાષાઓની પંક્તિઓનાં અવતરણો આપણે – નમૂના માટે – લીધાં છે. હવે ઉપસંહારમાં તેમનાં કાવ્યોમાંથી છૂટા છવાયા પણ મહત્ત્વપૂર્ણ વિચારો અને વિષયો સંબંધી તથા તેમની કવિતાના સામાન્ય સ્વરૂપ સંબંધી આપણે સ્વલ્પમાં નોંધ માત્ર કરીશું.

આપણે જોઇ ગયા કે "નૃસિંહવાણીવિલાસ"નાં ત્રણે ય પુસ્તકોમાં હોરી-પદોની પેઠે ચાબખાનાં પદો પણ છે. તે ખાસ કરીને પામર, અજ્ઞાની, વિષયી, ભેદભ્રાન્તિ વધારનારા વંચકોને તથા મૂઢમનને ઉદ્દેશીને લખેલાં છે. આ ચાબખામાં "ચમક" લાવવાની વેધકતા છે, પણ આત્યંતિક તીવ્રતાભરી કઠોરતા નથી. ભોજાના અને ક્વચિત્ અખાના ચાબખા જેવી ઉગ્ર તીખાશ કે કડવાશ તેમાં દેખાતી નથી. ધગધગતા અંગારાની કે ભડભડ બળતી જ્વાળાની દાહકતાનો અંશ પણ ક્યાંય ન હોય એ સ્વાભાવિક છે. અભિવ્યક્તિમાં નીતરતી નિખાલસ સ્પષ્ટતાને કારણે તેની તુલના મોટેભાગે ધીરા ભગતના ચાબખા સાથે થઇ શકે.

"દેવળ દેખી થાય હરાયું, અંતર નવ ધોયું,
અસત્યના કોઠાર ભર્યા, બીજ સત્યનું નવ બોયું રે,
અખંડ આત્માપદે ન ચ્હોટવું, માયાને મોહ્યું,
ગંગાસ્વરૂપી ગૌને મૂકી, ગર્ધવને દોહ્યું રે,
કાજળ લઇને મુખ પર ચોળ્યું, ચંદન પિઠે લોહ્યું,
નરસિંહ કહે આ મુરખ મન, તે પૂઠે બહુ રોયું રે,
મૂરખ મન પથ્થર શું પ્રોયું, જગી ઘટમાં નવ જોયું."

(નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૨૫)

"હરાયું" શબ્દથી માનવવૃત્તિને પશુવૃત્તિ સાથે સરખાવી પ્રહારને સખત કર્યો છે. નીચેની પંક્તિઓમાં તેમનો ઉપાલંભ અધિકતઃ ઉગ્ર અને કાવ્યાત્મક બને છે :

"આપ તણો આદિ ન વિચાર્યો આયુષ સઉ ખોયું,
જન્મધરીને જનનીનું શીદ ઉદર વગોવ્યું રે."

(નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૨૪)

આગળ આવી ગયેલી "જનનીનું જોબન હર્યોરી"ની સમાંતર આ લીટીમાં સુવાળાશ અને ઋજુતા છે. સંતશરણ વિનાના દેવદર્શનની

નિષ્ફળતા માટે કવિ કહે છે :

"અન્ય ઉપાયે નથી તરવું, આ ચરણે હરિરસપાતાને,
દેવળદેવળમાં વહેતો શીદ શોધે મહાદેવ માતાને ?
જીવ ! ભજી લે સદ્‌ગુરુ દાતાને."
(નૃ. વા. વિ., પુ. ૨, પૃ. ૨૫)

વિવેક શૂન્ય બની કેવળ મૂર્તિ પૂજનારા પ્રતિ પણ ચાબખો ચમચમે છે,

"ચૈતન્યપુરુષ આંગણે આવે, અર્ઘ ન એક દાણો,
પાષાણ કાષ્ઠ ને ધાતુની પૂઠે, મિથ્યા અવટાણે રે ;
પ્રાણીઓ ઉપર રહેમ ન રાખે, મૂર્તિ જોઇ મલકાણો,
અસત્યને કાપટ્યતણી તો ભરી બહુ ખાણો રે,
અખંડ એક આત્માને ઓળો,
મૂરખ થઇ શિર પૂજે પહાણો."
(નૃ. વા. વિ., પુ. ૨, પૃ. ૨૫)

વધારે ઉદાહરણોનો મોહ જતો કરીને, છેવટનો ચમકારો ચાખી લઇએ :

"મૂર્ખ થઇને મનમાં ફૂલે, પૈયમાં મૂકે દોટો,
સમજ્યા વિના ના વેપાર ડહોળીયે, અંતે આવશે ટોટો,
રંકને ઠગીને અધર્મે ભરી, પાપનો વાળે ગોટો,
મરણ સુધી સત્યના સમજે તો, બાકી યમનો સોટો.
અજ્ઞાનપણું તેં કેમ ન મૂક્યું, દુનિયામાં થાય ખોટો,
ઇંદ્રિયકેરા વિષયમાં ડુબ્યો, વાળ્યો ન જ્ઞાનક છોટો."
(નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૬૫)

એવા દેહદૃષ્ટિવાળા જીવો પ્રતિ કવિ સ્પષ્ટવાણીમાં કહે છે,

"તનમાં તો તું તપાસી જોને, કુદ વર્ણાશ્રમના કોટો,
નરસિંહ દેહ તો અસત્ય છે, જેવો જળનો પરપોટો રે,
ખેલ સહુ મંડયો છે ખોટો રે,
સહેવી છે કાળ તણી ચોટો."
(નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૬૫)

પ્રપંચમેલ ખોટો છે, દેહ અસત્ય છે, સકલ દૃશ્ય સ્થિર નથી - ઇત્યાદિ ભાવની દેહાદિથી માંડીને સર્વ વિકારશીલ પદાર્થો સહિત જગતની અસ્થિરતા અને ભંગુરતા સંબંધી પંક્તિઓ, આંતરા કવિએ, લગભગ સઘળાં પદોમાં જ્યાં ઉચિત લાગી ત્યાં, ચૂસક દીવાદાંડી જેમ, ગોઠવી છે. કેટલીક આ રહી:

"ક્ષણિક જગત્ છે સર્વદા, ક્ષણભંગુર આ દેહ".
(નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૩૭)

"નામરૂપ આ જગત્ તો, ન સર્વ કાળ જણાય,
માટે નીરપ્રવાહવત્, આવી જાય ગણાય."
(નૃ. વા. વિ., પુ. ૩, પૃ. ૧૧૬)

કારણ કે નિયમ છે,

"જે જન્મ્યું તે જણાતું જાતું, દુઃખ કહો કેનું ગાવું,
સુજન જગ છોડીને જાવું રે, વૃથા શીદ મનમાં મુંઝાવું."
(નૃ. વા. વિ., પુ. ૩, પૃ. ૩૭)

"સંક્ષેપે કહું એ જ, દૃશ્ય જગ માત્ર દુઃખી છે."
(નૃ. વા. વિ., પુ. ૨, પૃ. ૨૧૦)

કવિ દૃષ્ટાંત યોજે છે,

"જેમ બાજીગર બાજી રચીને ક્ષણમાં ભરી થેલે ચાલે છે,
તેમ જગબાજી નથી રહેનારી, જીવ વૃથા વસરો જાલે રે."
(નૃ. વા. વિ., પુ. ૩, પૃ. ૫૧)

આ જાળના સ્વરૂપને કવિ એક બારાક્ષરીમાં "ઠ"ના રહસ્ય દ્વારા સમજાવે છે,

"ઠઠ્ઠે ઠીંમર મોહ જણાય, જગત્ એ જાળ છે રે લોલ,
અલ્પછતું તે છતવત્ કલ્પાય, જો ગુરુગમના મળે રે લોલ."
(નૃ. વા. વિ., પુ. ૨, પૃ. ૨)

માટે તો કવિ વારંવાર શીખ આપે છે કે,

"જગમાં મોહ ધરો ના ભાઈ,
છે જગ તો માયાની ઠગાઈ."

(નૃ.વા.વિ., પુ.૩, પૃ.૧૦)

માયાની ઠગાઇ ! તો શું માયાએ ઠગવા માટે જ જગજાળ પાથરી છે ? તો પછી જેને માટે જીવો રાત્રિદિવસ તડપાપડ થઇ રહે છે, શેકાઈ જાય છે, પ્રવૃત્તિમય રહે છે તે સર્વ સગાંસંબંધી અને જગતનાં સ્વજનો વગેરેનો પરસ્પર પ્રેમભાવ પણ આખરે ઠગાઈ જ છે ?

એ બધો માયાવિલાસ છે. એ બધી મિથ્યા આસક્તિ છે. કોણ કોનું સ્વજન કે સ્નેહી છે !

"સત્ય સગાઈ સ્વરૂપની, હે રે,
જેમાં કદી એ વિનાશ ન નીપજે હે જી."

(નૃ.વા.વિ., પુ.૨, પૃ.૭)

પણ યથાર્થજ્ઞાનના અભાવપર્યંત જીવ વિકારશીલ વિષયોમાં વિવિધ પ્રકારની આશાઓ સેવે છે, અને પરિણામે સંયોગ, વિયોગ, લાભ, લોભ, ક્ષેમ, ક્ષય, વિલયના અનુભવોથી રાગદ્વેષાદિ વિકારો સેવી ક્લેશાધીન રહયા કરે છે. આ સઘળો માર ખવડાવનાર માયાનું (૧) ભાવરૂપ positive (૨) અનિર્વચનીય (૩) ત્રિગુણાત્મક (૪) સમષ્ટિ અને વ્યષ્ટિ સ્વરૂપ (૫) વિક્ષેપ અને આવરણરૂપ અને (૬) જ્ઞાનથી બાધ્ય – એવું શાસ્ત્રોક્ત – શાસ્ત્રીય સ્વરૂપ કેવું હોય છે તેનું કવિશ્રીએ જુદાં જુદાં પદોમાં વર્ણન કરેલું છે તે આપણે આગળ જોઈ ગયા છીએ.

....

અખો, શામળ, દયારામ વગેરે કવિઓની જેમ શ્રીમન્નૃસિંહાચાર્યજીએ પણ પ્રબોધાર્થે સુગમ સંવાદશૈલીનો વિનિયોગ કર્યો છે. અત્રે માત્ર

એક જ નમૂનો જોઈશું. "હરિમય ચિત્તની સૂર્ત્તિ" તથા "માયાને સ્થાપતું મન" – એ બન્નેના સંવાદ દ્વારા મન અને સૂર્ત્તિની પ્રકૃતિનું કવિએ સરળતાથી નિરૂપણ કર્યું છે.

"મન – તીર્થ કર્યાં મેં અતિ ઘણાં, દાન દીધાં જ અનેક,
તો એ હું પદ ના ટળ્યું, નહિ આવ્યો સત્યવિવેક.

સૂર્ત્તિ – જળચર તીર્થ વિષે રહે, વૃક્ષ કરે છે દાન,
એથી હું પદ ના ટળે (એતો) આવાગમનનું સ્થાન."

આગળ જતાં મન કહે છે,

"મન – હરિજન ઘણી સેવીઆ, ભગવા કીધા વેષ,
તો એ નિજપદ ના લહ્યું, નહિ પ્હોંચાયું નિર્ભય દેશ.

સૂર્ત્તિ – કાયર જન ભગવા કરે, સર્વે હરિજન નવ હોય,
એ પ્રપંચપોષણ તણા, (એણે) નિર્ભય થયું નથી કોય."

(નૂ. વા. વિ., પુ. ૧, પૃ. ૩૩–૩૪)

સંવાદની પેઠે પ્રશ્નોત્તરી પણ કેટલાંક પદોમાં છે. કેટલાંક પદોમાં સાધક માત્ર જિજ્ઞાસુની પેઠે પ્રશ્નોની પરંપરા પૂછે છે, અને ઉત્તરની આતુરતા વ્યક્ત કરે છે. કદી કદી પોતાની મતિ પ્રમાણે પોતે જ ઉત્તરાશયથી સંશય–તર્ક વગેરે રજૂ કરે છે અને તેના નિરસન દ્વારા નિર્ણય પણ બાંધે છે. વળી કેટલાંક પદોમાં પ્રશ્નોની જ યાદી હોય છે અને તેના ઉત્તરરૂપે પ્રત્યુત્તર પદો રચાયેલાં હોય છે. તેમાં ગુરુ જિજ્ઞાસુ સાધકના અનેકવિધ સંદેહ તથા વિતર્કોને દૂર કરી તેના મનને સમાધાનમાં સ્થાપનારો સદ્‌બોધ આપે છે. તેમાં ખાસ કાવ્યત્વ હોતું નથી. દા.ત.

"પંચભૂત કહો શાથી ઉપજ્યાં, જેનો આ સહુ વિસ્તાર,
પંચ વિષય તેના કોણ કોણ કહીએ, તે બતાવો સંક્ષેપે સાર."

(નૂ. વા. વિ., પુ. ૧, પૃ. ૫૪)

એ પદમાં સાધકની શરીરક્ષેત્રસંબંધી જિજ્ઞાસા દર્શાવતી પ્રશ્નાવલિ છે. તેના ઉત્તરરૂપે પુ. ૧ પદ ૮૭માં સાંખ્યાદિશાસ્ત્રપદ્ધતિથી પ્રકૃતિના ક્ષેત્રનું સવિગત વર્ણન કરેલું છે. તેમાં પુ. ૧-૪૨માં વાણી, અવસ્થાપ્રકાર, પંચકોશ, તેના ધર્મ વગેરેની પૃચ્છા કરતા પદના ઉત્તરરૂપે, "થાઓ ધીરા નહિ ધાવું રે, ફોકટ ફુલ ન ફરવું" એ કાફીમાં સ્થૂળ, સૂક્ષ્મ, કારણ મહાકારણ વગેરે ભેદસ્થાન તથા વૈખરીથી પરાપર્યંતનો વાણીવિસ્તાર વગેરે સરળતાથી સમજાવેલ છે. તેમાં કયાંક કયાંક કાવ્યદ્યુતિ પણ ચમકારા મારી જાય છે. વળી,

"દેશીઓ મારા આવો રે, અગમદેશ વસનારા,
અનુભવ તો બતાવો રે, જ્ઞાનગુંજ કસનારાં."

(નૂ. વા. વિ., પુ. ૧, પૃ. ૫૬)

એ પદના ઉત્તરરૂપ પાંચ છ પદોમાં સુંદર જ્ઞાનબોધ વહાવ્યો છે :

"ધ્યેય ધ્યાતા ને ધ્યાન જ રે, ત્રિપુટી તો એ કહીએ,
જ્ઞેય જ્ઞાનને જ્ઞાતા રે, કહો કેમ કરી લહીએ."

(નૂ. વા. વિ., પુ. ૧, પૃ. ૫૮)

એ પ્રશ્નના ખુલાસા રૂપે સદ્‌ગુરુ યોગમાર્ગ સમજાવતાં પદો સંભળાવે છે,

"સુણ શિષ્ય અધિકારી રે, સમજ ત્રિપુટી કેરી,
આ મનને બોધી રે, શ્વાસ ઘેરી ફેરી...." વગેરે

(નૂ. વા. વિ., પુ. ૧, પૃ. ૧૧૯)

....

આચાર્યશ્રીના કાવ્યપ્રવહનની પદ્ધતિનો એક વિશિષ્ટપ્રકાર "પ્રવાસ"નો પણ છે. તેઓશ્રીના જીવનમાં પ્રવાસે બહુ અલ્પ ભાગ ભજવ્યો છે. એ આપણે દ્વિતીય પ્રકરણમાં જોઈ ગયા છીએ. પરંતુ તેમનાં કેટલાંય પદોમાં પ્રવાસનાં પ્રતીકો, રૂપકો યોજાયેલાં હોય છે.

કેટલાંક આખાં જ પદો રૂપકપરંપરા કે અન્યોક્તિથી છવાયેલાં છે તો કેટલાંક પદોમાં પ્રવાસસૂચક કલ્પનાની પંક્તિઓ આવતી હોય છે. આપણે થોડાંક જ દૃષ્ટાંતો તપાસીશું.

"મુસાફર યા જગકે સબ પ્રાની, સમજ બીન ફિરે બેહાલ."

(નૂ. વા. વિ., પુ. ૧, પૃ. ૧૦૮)

સીમાબદ્ધ ભૌતિક ભૂમિમાંથી સાધકોને અન્યત્ર વિચરવા કવિ આહ્વાન કરે છે :

"અગમ ભૂમિમાં સાધો સંચરો, હેજી,
જયાં જઈ શકે ના કો અન્ય...."

(નૂ. વા. વિ., પુ. ૨, પૃ. ૧૧૨)

અત્રે આપણે બેત્રણ કાવ્યોની જ કલ્પના જોઈશું :

"ગુરુ ગુરુ કરતાં રે, રજની વહી ગઈ રે,
ઉગ્યો જોને રઢિયાળો રે પ્રભાત...."

(નૂ. વા. વિ., પુ. ૧, પૃ. ૩૬)

નિશા-પ્રવાસના આ રૂપક પદમાં,

"પ્રવાસી મારા વીરા રે, ઘેર બહુ દોહ્યલું રે,
જો વહેવા ઈચ્છો કાળી માઝમ રાત,
નિશાને નિવારો રે, સંગે લેઇ સૂરમાં રે,
શસ્ત્રો તાકી શત્રુને કરશે નિપાત....."

(એજન)

અહીં પ્રભાત શબ્દ નરજાતિમાં યોજ્યો છે તે ખૂંચે છે. આવાં પદોમાં એકબાજુથી ભવરણભૂમિ, અજ્ઞાનનિશા, પ્રવાસી પ્રાણીઓ, વસમી વાટોમાં કંપ ઉપજાવતા અવિચારજનિત વિકાર-ચોરો, ઠોંગી ગુરુરૂપી ફાંસિયાઓ.....વગેરેનાં વર્ણનો હોય છે ; અને બીજી બાજુ પ્રતિકાર રૂપે ઉપશાસ્ત્રોની શસ્ત્રસમ વાણી, સાર શબ્દરૂપી

ભયંકર શરનિપાત, સાચા સદ્‌ગુરુરૂપી શૂરવીર સેનાની વગેરે દ્વારા સત્‌શબ્દોના શસ્ત્રથી "દુષ્ટ વિચાર હણી".

"નરસિંહ નિશા ટાળી રે, અભયપદ આપશે રે,
સદ્‌ગુરુસંગે રજની કરો નિસ્તાર."

(ભજન)

આવાં કાવ્યોમાં રૂપકાદિ અલંકારોથી ચમત્કૃતિ સર્જાય છે. ઉપરનું મેવાડા રાગનું પદ વર્ગના ઉત્સવમાં ગવાતું સાંભળવાનો યોગ પ્રાપ્ત થતાં, પદની શબ્દરચના, આછું કાવ્યત્વ અને સંગીતની અદ્‌ભુત અસર વ્યાપેલી હોવાનું સ્મરણમાં છે. આ પ્રકારનાં કાવ્યોમાં સમાયેલી રજની અને મોહતિમિરમાંથી આત્મપદના પ્રભાત વિશે જાગ્રત થવા ઉદ્‌બોધન રૂપ કલ્પના तमसो मा ज्योतिर्गमय કે उत्तिष्ठ जाग्रत વગેરે મંત્રોનું સ્મરણ કરાવે છે.

કેટલીક વખતે પ્રવાસની કેવળ કલ્પનામાં કથાનો, કવિસ્વપ્નકથાનો પણ અદ્‌ભુતરસ મિશ્રિત થાય છે. કમનીય કથા-કલ્પના દ્વારા અસ્ફુટ રહસ્યવ્યંજનાભાવથી રજૂ કરાતાં પદોમાં, આધુનિક કથાકાવ્યોમાંની બીજ વેરાયેલાં પડ્યાં હોય છે.

"સ્વપ્ન એક મુને લાધ્યું હો ભાઈ, ઘર મૂકી વણ જે ચાલ્યો રે."

(નૂ.વા.વિ., પુ.૧, પૃ.૧૨૮)

તેમાં નગર, ચૌદ માળ, જ્ઞાત મેડી, ઘાટ, શિખર વગેરે વટાવતાં, મુદ્દામાલ મળતાં, સાવધ ભોમિયાની સહાયથી "સીધી સીડીએ ઉતરતાં", અંતમાં,—આધુનિક સૉનેટકાવ્યમાં છેલ્લી પંક્તિઓમાં મૂકવામાં આવે છે તેમ – આખીય કલ્પનાકથાનું રહસ્ય સૂચિત કરી દીધું છે.

"હરમલેળી તો આંખો ઉઘડી, સંકટ સહી સઉ ખેલ પરખ્યો રે.
જાગીને જોયું ત્યારે માલ ન દીઠો રે, મેડીને કામે વ્યોમ
વાસ્યું રે,
નરસિંહ ગુરુગમે જ્યારે જોયું, જેવું હતું તેવું પ્રકાશ્યું રે."

(ભજન)

આવી કથાઓનો રૂપદેહ રૂપકનો તો કહી અન્યોક્તિનો હોય છે. એક કાફીના પ્રવાસ પદમાં તો કવિ વર્ણવે છે કે,

"ગાડું એક છુટ્યું રે, જોજો મુસાફરનું,
વ્યાપારીઓ ઝાઝા રે, ધણીપણું એક ઘરનું."

{નૂ. વા. વિ., પુ. ૧, પૃ. ૧૪૬}

આગળ કવિ ઉપમાનસ્ફોટ કરે છે :

"વાસનાબીજ શકટસિધ્ધાતે, પુણ્યપાપ બેઉબેલ,
જગપ્રવાસે આવીને થંભ્યું, જયાં પંચીકૃત તનમહેલ,
મૂળતો છે ચૈતન્ય રે, સર્વ ચરાચરનું.....ગાડું."

{એજન}

આખા પદમાં ગ્રાહક, ધન, માલ, કરિયાણું, દલાલ વગેરેનો વ્યાપાર-વ્યવહાર અને તેનું પ્રયોજન તથા અંતિમ પરિણામ.... વગેરેનું તાત્ત્વિક નિરૂપણ સુંદરતા અને સરળતાથી કરેલું છે. આખો પદપ્રવાહ ગાડાની ગતિથી અર્થબોધ સ્ફુરાવતો વહયો જાય છે. શ્રીમદ્ ભાગવતમાં આવતી પુરંજનની[1] તથા ભવાટવીની[2] કથાની માફક ઉપમા અને રૂપકની સહાયથી બંધબેસતી કરેલી સમસ્ત કલ્પના રોચક અને કવિની રચનાકલાની ધોતક હોય છે. આવી પ્રવાસની કલ્પનાનો આશ્રય લેનાર અનેક સુંદર પંક્તિઓ તથા આખાં પદો વાંચનારને મળી આવશે.

"અમે રે પ્રવાસી સ્વદેશના હે રે, વિચરું અગમવાટડી હે જી."

{નૂ. વા. વિ., પુ. ૨, પૃ. ૬}

એ હલારી રાગના પદમાં કવિ કહે છે,

"દેશ વિના તે પ્રવાસ શો !".....
"સ્વદેશ અમારું સ્વરૂપ છે, કોટિ કલ્પી પ્રવાસ હે."

{એજન}

---

૧. શ્રીમદ્ભાગવત સ્કંધ ૪, અધ્યાય ૨૫ થી ૨૯, પુરંજન પંચાધ્યાયી
૨. શ્રીમદ્ભાગવત સ્કંધ ૫, અધ્યાય ૧૩-૧૪

વળી,

"મન મહેવાસી ચલો દેશમેં, દેશ ગયે સેં પાર."

{નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૧૦૭}

એ નાનું પણ સુંદર પદ છે પણ પૂર્વતૈયારી માટે કવિ અન્યપદમાં પૂર્વથી ચેતાવે છે.

"વહી દેશકી રાહ બિકટ હૈ, શૂર હોય સો જાઈ,
કાયર જનકો સંગન ચાહિયે, અધબીચ દેવે લુંટાઈ,
કોહુ ચલિયો રે ચલનાર, દેશમેં ચલિયો રે ચલનાર."

{નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૨૧}

આગળ,

"અગમ રાહા બિચ નદી અરનાલા, તારક બિન ના તરાઈ,
સાગર બહે બલજોરસેં રે, દેવે તુરત બહાઈ;
અનુભવી જો મિલ જાયગા રે, સુગમ ઉતાર હિ પાર દેશમેં."

{એજન}

આ દિવ્ય ગન્તવ્ય દેશનું વર્ણન વધુ વિશદ બનાવ્યું છે :

"ઉસી સ્થાનમેં સુર ન ચંદા, તારાગન ના લહાઈ,
વાહન કોહુ ચલે નહિ ભાઈ, :સો: બિન ઘટ ઘાટ કહાઈ,
ઉલટ ચઢાવા જો ચઢે રે, દાખલ હોય નિજ ઘરમાં....દેશમેં.
અખંડ પ્રકાશ, નહિ તમ વાંહી, પરમાનંદ રહાઈ,
અજરામર પદ સોઇ લહે, જાકું સદ્‌ગુરુકી ગમ પાઈ,
નરસિંહ દાસ ભયે વિના રે, કબહુ ન પાવે સાર...દેશમેં."

:એજન:

આવી અર્થસૂચક ભવ્ય સુંદર પંક્તિઓ ઘણી છે. "તરણા ઓથે ડુંગર રે" જેવી ઉલટવાણીમાં પણ શ્રીનૃસિંહાચાર્યજીએ ઉચ્ચ અનુભવનાં વર્ણનો કર્યાં છે. 'ઉલટો ખેલ મુને જાણ્યો જાય રે' એ ઉદાહરણ વાંચતાં અગાઉ

આચાર્યશ્રીના અપ્રકટ અને અપૂર્ણ "અનુભવપ્રદીપ" નામનો કાવ્યગ્રંથ (લાંબુ સળંગ કાવ્ય) નો પરિચય પામીએ.

શ્રીમન્નૃસિંહાચાર્યજીના સ્વરૂપાવસ્થાન પછી, શ્રી વિશ્વવંધે "મહાકાલ"ના સં. ૧૯૬૧ના વર્ષના અકોમાં તેને ક્રમશઃ પ્રસિધ્ધ કરવાનું શરૂ કર્યું હતું. તે કાવ્યની નીચે શ્રી વિશ્વવંધે આ પ્રમાણે નાનકડી નોંધ લખી છે :

"આ ગ્રંથનો આરંભ શ્રીનૃસિંહાચાર્યજીએ આશરે વિશેક વર્ષ પૂર્વે કર્યો હતો. તે પૂર્ણ કરવાનો યોગ આવ્યો ન હતો. તેમના દેહની સ્થિતિ સમયે તે છપાયો હોત, તો આથી ઉત્તમ રૂપમાં તે તે પ્રકટ થાત."

"અનુભવપ્રદીપ" કાવ્યના આરંભમાં કર્તાશ્રીએ વિનમ્રતા પૂર્વક ગ્રંથપ્રયોજન સૂચવ્યું છે.

"નિર્ભયપણે મતિ આદરે, અતિ વિકટ જે છે કામ,
અન્ય કોણ કરી શકે, અગણિત લેઈ દામ.
દામ હામથી નવ બને આ રામકૃપાથી હોય,
જગ જન્મમરણ ન કલેશને, ના જીવપણાને જોય.
જોય નિજપદ મોહજ્ય ના, સર્વાત્મદર્શન થાય,
દૃષ્ટા દૃશ્ય શમાવી જોતાં સત્ય સ્વરૂપ રહાય.
એ અકળ કળને આપવા, સ્થાપવા જગજનધર્મ,
આ ગ્રંથનો આરંભ છે એ સુજન સમજે મર્મ."

તેમાં ચોપાઈના લયથી ઢાળનો આરંભ થાય છે અને તેના છેવટની પંક્તિમાં આવતા શબ્દ, શબ્દો કે વિચારથી, છેવટની બે પંક્તિના વલણનો આરંભ થાય છે. આમ કેટલેક અંશે તે પ્રેમાનંદીય કડવાબધ્ધ આખ્યાનનો ભાસ કરાવે છે. પરંતુ એમાં વસ્તુ કે કથા પ્રસંગ નથી પરંતુ વસ્તુ (તત્ત્વ) નિરૂપણ છે.

o o o

"ઉલટો ખેલ મુને ભાસ્યો ભાઈ રે,"

"ઉલટો ખેલ મુને ભાસ્યો ભાઇ રે, સમજ્યા પૂઠે લાગે મીઠો રે.
દિવસ સમે અંધારૂં ભાળ્યું, રાત્ર વિષે દહાડો દીઠો રે.
મત્સ્ય જ્યારે ગગનમાં હાલ્યાં રે, બગ સઉ ભય પામી ભાગ્યા રે ;
અજાએ ફાળ જ્યારે બળમાં દીધી, સિંહ ડરી કંપવા લાગ્યા રે,
ઘરવાસી જંગલમાં વસિયા રે, જંગલતણા જઈ ઘર પેઠા રે,
કાયર તો જઈ રણમાં રે વઢીયા, શૂરા સર્વ સંતાઈ બેઠા રે.
અંગરહિત કર્મ કરંતો ભાસે રે, સર્પને તો મેંડકે ગળિયો રે,
મગરે વાસ ગગનમાં કીધો, નરસિંહ ખેલ અકળ કળિયો રે."
{નૃ. વા. વિ., પુ. ૧, પૃ. ૧૩૦ }

....

અત્યાર સુધીના વિવેચનમાં આપેલાં અવતરણો ઉપરથી જોઈ શકાય છે કે શ્રીમન્નૃસિંહાચાર્યજીની કવિતાની ભાષા ગુજરાતી, હિન્દી અને મિશ્ર છે. તેમની કવિતાનો દેહાકાર મુખ્યત્વે ગેય ગીત, ગરબી, દેશી કે રાગિણીઓમાં ધારણ કરાયેલો છે. અક્ષરમેળ અને શબ્દમેળ છંદોમાં તથા છપ્પા, દોહરા, સોરઠા, સાખી વગેરેમાં પણ કવિશ્રીએ પોતાના ભાવ-વિચાર વહાવ્યા છે. છંદોબધ્ધ કાવ્યોની વિપુલતા નથી પણ તેથી તેની લોકપ્રિયતા કે સચોટતાનું પ્રમાણ ગેયકાવ્યોની સરખામણીમાં ઓછું નથી. અલબત્ત કેટલાંક છંદકાવ્યોમાં પ્રયત્નશીલતા તરવરતી જણાય છે. તે બધામાં અક્ષર કે માત્રાના મેળની, યતિની, પ્રાસની અને ઘણે સ્થળે ચમકની પણ ચોકસાઈ અને ચીવટ જોવા મળે છે. તેમની કવિતામાં વપરાયેલાં વૃત્તોનો વ્યાસ વિસ્તૃત છે. શાર્દૂલવિક્રીડિત, શિખરિણી, પૃથ્વી, ઉપજાતિ, ઇન્દ્રવજ્રા, વંશસ્થ, હરિગીત વગેરે પ્રચલિત વૃત્તોથી માંડી લલિત, ભુજંગી, અનુકૂલા, મહાલક્ષ્મી, ચંપકમાળ, ચંચલા, નારાચ, રથોધ્ધતા, ચામર, મનહર, દોહરા,

સોરઠા, ચોપાઇ, ખંધણા, છપ્પા, કુંડલિયા, વિજય, તોટક ઉપરાંત હાલ ભાગ્યેજ વપરાતા એવા મોદક, મોતીદામ, ઝગ્વણી, વૈકુંઠધામ, તરલનયન, મદિરા, પ્રતિમાક્ષરી, અંતરપાદ વગેરે વિવિધ વૃત્તો અને લયોનો હથોટીવાળો ઉપયોગ થયેલો જોવા મળે છે. જુદે જુદે સ્થળે બદલાતાં અને વળાંક લેતાં વૃત્તો વગેરેની ઉચિતતાનો વિચાર કરતાં કવિનું પિંગલજ્ઞાન, ભાષાભક્તિ તથા છંદશાસ્ત્રવિષયક વ્યુત્પત્તિ માટે માન ઉપજ્યા વિના રહેતું નથી. આ છંદપ્રવાહમાં, ખાસકરીને "મનહર"ની વિસ્તારવાળી રચનામાં કવિશ્રીએ વિવિધ વિષયો સંબંધી વિચારો જોરદાર શૈલીમાં દર્શાવેલા છે, અને તેમાં મધ્યકાલીન ગુજરાતી કવિતામાં વપરાતી તમામ રીતિઓ–પ્રશ્નોત્તરી, વ્યાજસ્તુતિ, વ્યંગ, શબ્દાર્થરચના, શ્લેષ, પ્રથમ પ્રતિપક્ષને વર્ણવી પછી તેની અયથાર્થતાનું પ્રતિપાદન કરવું વગેરે – યુક્તિરીતિઓનો કવિએ ઓછાવત્તા પ્રમાણમાં અસરકારક રીતે ઉપયોગ કરેલો જોવા મળે છે. તત્ત્વજ્ઞાન અને ધર્મબોધ ઉપરાંત, સમાજનાં–રાષ્ટ્રનાં વિવિધ અંગોની વ્યાખ્યા અને સ્પષ્ટ સાચી સમજ આપતી નીતિ–ઉપદેશની પંક્તિઓમાં કવિતાપ્રવાહ અત્યંત મૃદુતાથી એકધારો વહ્યો જતો હોય છે. દા.ત.

"ધિક્ ધિક્ ધિક્ તે ધામ, વામ જે ઘર નવ શોભે,
ધિક્ ધિક્ ધિક્ તે ધામ, પુરુષ વહે તો અતિલોભે."
(નૂ. વા. વિ., પુ. ૩, પૃ. ૧૧૭)

–થી શરૂ થતા છપ્પયમાં ધામ, દેશ, પુરુષ, સ્ત્રી, મિત્ર, ઘર, રાજા, રાણી, શેઠ, સુરાજય, વીર, માલિક, ન્યાય–સભા વગેરે વિશે સરળ પ્રવાહી શૈલીમાં ઉત્તમ પ્રકારનો માર્મિક નીતિબોધ આપેલો છે. અત્રે માત્ર રાજય–ધર્મ સંબંધી કેટલીક પંક્તિઓ જોઇશું.

"ધિક્ ધિક્ ધિક્ તે રાય, પ્રજની પીડ ન પેખે,
ધિક્ ધિક્ ધિક્ તે રાય, ન્યાય અન્યાય ન દેખે,
ધિક્ ધિક્ ધિક્ તે રાય, દુષ્ટને દિવાન સ્થાપે,
ધિક્ ધિક્ ધિક્ તે રાય, અધમને સત્તા આપે.
વળી ધિક્ ધિક્ ધિક્ તે નૃપ કહો, {જે} રાત્રિ દિવસ
નિજ સુખ ચહે,
નરસિંહ બાળ મુખ તેહનું, {જે} ધર્મ ન લહિ રાજ રહે."
{એજન}

તે જ પ્રમાણે,

"ધિક્ ધિક્ ધિક્ તે રાજય, લાંચીઆ જયાં અધિકારી,..
....નરસિંહ રાજય રોળાઓ તે, નિરપરાધિ જયાં કળકળે."
:એજન:

આવી અસંખ્ય ધિક્-પંક્તિઓમાં, "રાજય રોળાઓ" કે "બાળ મુખ તેહનુ" જેવાં વચનોમાં આચાર્યપદને ઉચિત ન લાગે એવી અસમભાવપ્રેરિત અસહિષ્ણુ વૃત્તિનો પડઘો નથી, પરંતુ સર્વના સુખ-ઉદયની જવાબદારી ક્ષત્રિય વીર રાજમાં અને તેના રામરાજયમાં આરોપિત હોવાની આદર્શ વર્ણધર્મભાવનાની દૃષ્ટિથી જોનારા સમદર્શી સંતના અંત:કરણમાં પીડિત પ્રજના નિ:શ્વાસના પડતા પ્રતિધ્વનિનો પોકાર છે. આ સુદીર્ઘ કાવ્યના અંતમાં કવિ વીર પુરુષ વિશેના વર્ણનમાં અંતે લખે છે,

"વળી ધિક્ ધિક્ વીર તે જગતમાં, {જે} જીવતો રણથી ભાગતો,
નરસિંહ ભણ તે બાયલો, થઈ રૈકચરણ જઇ લાગતો."
{એજન}

આ "સ્ફુટ વિષય" તથા "છપ્પય" વગેરેમાં આ પ્રકારની શામળશાઈ કહી શકાય એવી કવિતામાં સ્પષ્ટ વકતવ્ય અને રચનાકૌશલ પ્રશંસનીય છે. તેમાં તથા વાણી વિલાસના બીજભાગમાં ૫૦૦ ઉપરાંત

પંક્તિઓમાં પથરાયેલા "છપ્પા"માં એકધારો અને જોસ્સાવાળો પ્રવાહ વહે છે. તેમાં કટાક્ષયુક્ત જ્ઞાન, મર્મ તથા વિનોદ પણ વ્યક્ત થતાં હોય છે. તેમાં સત્યજ્ઞાનની સમજૂતી સાથે અનેક પ્રવર્તમાન પ્રશ્નો અને વિષયોની કવિએ મર્યાદિત રીતે, ટીકા-ટકોર કરી હોવાનું જણાય છે. તેમાં વૈષ કે દંશ નથી પણ આચાર્યશ્રીનો સમભાવ વિલસી ઊઠે છે.

આ ઉપરાંત આચાર્યશ્રીનાં બ્રણે ય પુસ્તકોમાં પ્રભાતિયાં, બાર માસ, સાત વાર, માતા-શક્તિના ગરબા, ગરબીઓ, સ્તુતિ-પ્રાર્થનાનાં પદો, આરતીઓ, ઈશ્વર અને તેની સત્તા, અનુકંપા અને ઐશ્વર્ય આદિને વર્ણવતાં-વખાણતાં વિવિધ ભાવયુક્ત કાવ્યો પણ ધર્માચાર્યની લેખિનીને શોભે તે રીતે લખાયેલાં સારી સંખ્યામાં છે. આ પ્રકાર-સ્વરૂપમાં વહાવેલા જ્ઞાનબોધનો તો માત્ર નિર્દેશ કરીને જ આપણે સંતોષ માનીશું. વળી, "પ્રસંગ પરત્વે લખાયેલ" (કૃષ્ણજન્મવિષયક) "કટાવ" કાવ્ય (નૂ.વા.વિ.પુ.૩, પદ ૪૪) પરિચેક પાનમાં વ્યાપ્ત છે તેમાં તથા એવી અન્ય વિશિષ્ટ રચનાઓમાં અનેરો વીર્યભાવ ધસમસી ઊઠે છે.

કવિશ્રીના બોધાત્મક દોહરાઓ, છપ્પાઓ તથા સોરઠાઓ જેમ સંખ્યાબળથી સમૃધ્ધ છે તેમ તેમાં સમાયેલ અર્થાન્વિત લય અને જોમને લીધે તે ભાષાની સરળતા અને પ્રસાદનો ગુણ પામે છે. કેટલેક સ્થળે અતિદીર્ઘતા અને પુનરુક્તિ ટાળી શકાયાં હોત તો તેમનાં આ પ્રકારનાં તમામ કાવ્યોમાં આપણે સરસતા અને સચોટતાની પ્રતીતિ કરી શક્યા હોત. આમ જોમ, ભાષા તથા વિચારતત્ત્વની ત્રિવિધ વિશિષ્ટતાથી તેમાં શામળ, દલપત અને નર્મદની કવિતાનાં લક્ષણો જુદે જુદે સ્થળે જડી આવે છે. ત્રણેયના સુભગ સંયોગવાળી પંક્તિઓ બહુ ઓછી છે. આપણે આરંભમાં કરેલી વાતનું પુનઃ સ્મરણ કરવાની જરૂર છે કે, આચાર્યશ્રીની સાહિત્યપ્રવૃત્તિ નિર્હેતુક અથવા તો મોટેભાગે જનમનબોધના હેતુથી થઇ હતી. સવિશેષ સાહિત્યિક

પ્રયોજનના અભાવને લીધે, દલપતની સભારંજકતા, કે અન્ય કવિઓની કવિતામાં જણાતી માત્ર ઝડઝમક, રસાલંકાર, પદલાલિત્ય, ભાવમાધુર્ય, અર્થચાતુર્ય કે કલ્પના-ઉડ્ડયન આદિ લક્ષણોથી તે કેવળ કવિતા બની રહે, એમ બનવું લગભગ અસંભવિત અને અયોગ્ય પણ છે. આચાર્યશ્રીની કવિતાના પાયામાં જ્ઞાન, નિરોધ અને જીવનશુધ્ધિનું પાથેય રહેલું છે. છતાં આ પ્રકરણમાં આપેલાં કેટલાંક અવતરણો પરથી સ્પષ્ટ થાય છે કે તેમની કવિતામાં જ્ઞાનભાર કે શુષ્ક કથનને લીધે નીરસતા, કૃત્રિમતા કે દુર્બોધતાના અંશો દેખાતા નથી. તેમાં આધુનિક વિવેચનના માનદંડની દૃષ્ટિએ અપેક્ષિત આકારસૌષ્ઠવનાં લક્ષણોની ન્યૂનતાને લીધે કાવ્યકલા કથળતી હોવાનો ભાસ થાય તો તે સ્વાભાવિક છે. તેમાં પણ મુખ્ય આશય તો કેવળ અવાસ્તવ તર્કતરંગ કે કલ્પનાના વિલાસ અને વાગાડંબર વેહ્દારા કાવ્યાનંદ માણવાની વૃત્તિને બદલે નિવ્યાજ નિર્મળતા, અર્થબોધની સરળતા અને શિષ્ટતા-સંયમની ઝળવણીનો રહેલો છે. કારણ આચાર્યશ્રીને મન ધર્મ-તત્ત્વબોધ સાધ્ય છે અને ગદ્ય-પદ્યાત્મક વાણી અથવા કવિતાકલા સાધન છે. આમ છતાંય, કવિતાના રસાસ્વાદને પોષક એવાં બધાં ય લક્ષણો, ન્યૂનાધિકાંશમાં, તેમનાં કાવ્યોમાં હોવાની આપણને પ્રતીતિ થઈ છે જ.

ઉપરોક્ત દૃષ્ટિએ વિચારતાં આચાર્યશ્રીની કવિતામાં કલ્પનાના કે તેની ચમત્કૃતિના અભાવની રખે કોઇ કલ્પના કરે ! કલ્પનાના આશ્રયવાળી કે કેવળ અભાવવાળી કવિતા શું હોઇ શકે ? કલ્પનાની આંખે ઊડવાનો કે કલ્પનાની આંખે અવલોકવાનો તો કવિને સવિશેષ પરવાનો મળેલો છે. મુદ્દો માત્ર એટલો જ છે કે, કલ્પનાનો અતિરેક અથવા આત્યંતિક વ્યોમવિહાર કવિતાના અસ્તિત્વ માટે જોખમકારક ન નીવડે ! તેમાં ય વાસ્તવ સત્યનો નખશિખાનો અનુભવ કરતી વાણી કલ્પનાવિહાર તરફ ન ધસડાય

તો તેથી કલાતત્ત્વને હાનિ થવાનો સંભવ નથી. અલંકાર અને કલ્પનાનું કાર્ય અર્થબોધ અથવા આવિષ્કારમાં કે સમજૂતીને વધુ સચોટ અને સુસ્પષ્ટ કરવામાં સહાયભૂત થવાનું છે. તેથી અતિરિક્ત કલ્પનાની પાંખો પંખી વિનાના ઉડ્ડયન જેવી થઇ રહે, શ્રી નૃસિંહાચાર્યનાં હોરી-પ્રવાસ, ઉધ્ધવ-ગોપી વગેરેનાં કાવ્યોમાં કલ્પનાશક્તિ સરસ અને ઉચિત રીતે કાર્ય કરી રહી છે. ઘણે સ્થળે તો અમર્યાદ આલંકારિક સ્વરૂપમાં કલ્પનાશક્તિનો વિનિયોગ થયેલો જોવા મળે છે. કેટલાંક પદોમાં તો કલ્પનાની તેજસ્વિતા અને ભવ્યતા હૃદયસ્પર્શી બની રહે છે. ઉચ્ચતમ કલ્પનાના શિખરને સ્પર્શવા કરતાં, કાવ્યના રહસ્ય, ભાવ કે વિચારને સમજવામાં પથ્થ અને ઉપકારક નીવડે એટલી મર્યાદામાં રહીને કલ્પનાનો ઔચિત્યપૂર્વક ઉપયોગ કરવાનું આચાર્યકવિ પસંદ કરે છે. સ્વૈરવિહાર કરતાં સત્યસ્પર્શી કલ્પના વધુ ઈચ્છનીય હોય છે. છતાં કેટલેક સ્થળે કવિશ્રીએ યોજેલાં ઉપમાનો ઉચ્ચ કલાશક્તિનાં દ્યોતક બની રહે છે. પ્રેમાનંદે નળદમયંતીનાં રૂપવર્ણનમાં કલ્પનાનો દોર છૂટો મૂક્યો છે તેમ શ્રીનૃસિંહ કવિ પણ સંત અને સંતવાણીનો મહિમા મનહરછંદમાં દર્શાવતાં ઉત્કૃષ્ટ કોટિની ઉત્પ્રેક્ષાઓ કરે છે. બે ત્રણ ઉદાહરણો જોઇશું.

"સદ્‌ગુરુ ગુન ગાનેકું બ્રહ્મા મુખ ચાર કીનો,
રુદ્રનેહી સ્તુતિ કાજ પંચમુખ કીએ હૈ,
ષડાનન આપ ષટ્ મસ્તક કો ભાર વહે
સહસ્ર આનન શેષનાગનેહિ લીએ હૈ...." વગેરે

{નૃ. વા. વિ., પુ. ૨, પૃ. ૨૩૫}

છેવટે,

"નરસિંહ એક મુખ મિલ્યો મૂઢ મનુષ્યકું,
તો ભી સ્તુતિ છાંડી કે વિષયવિષ પીએ હૈ."

{એજન}

એ જ પ્રમાણે જુદા જુદા દેવોનાં અંગોની, ઈન્દ્રિયોની સંખ્યામાં, સદ્‌ગુરુનાં દર્શન-શ્રવણ-ગુણગાન આદિના હેતુને આરોપિત કરતા કવિ "સંતવાણી" વિશે કથન કરતાં પહેલાં "અમૃત"ની ચર્ચા કરે છે :

"કોહુ તો કહત હૈ અમૃત મુખ સ્ત્રી અનેક,
સત્ય યહૈ હોત તો ન વિધવા કો દેખીએ ;
કોહુ તો કહત શશિ અમૃત કે કુંભ જેઓ,
એસો સત્ય હોત તો ન ક્ષીણતાકું પેખીએ."

{ નૂ. વા. વિ., પુ. ૨, પૃ. ૨૩૪ }

એમ ભિન્ન ભિન્ન સ્થળ-પદાર્થોમાં તથા અહિલોક, સાગર વગેરેમાં અમૃતભાવ આરોપી, પછી અનુક્રમે મુખની વિષયયુક્તતા, ક્ષારયુક્તતા વગેરેના સાપેક્ષભાવને લીધે "તાકુંહી ઉવેખીએ" કહી કવિશ્રી અમૃતનું સત્ય સ્થાન બતાવે છે :

"સત્ય તો અમૃત યહ, સંતન કે મુખમાંહી,
જકો પાન કરી જન અમર હો જત હૈ,
સંશય ન આનો યામેં પ્રત્યક્ષ પ્રમાનતામેં,
સંતકે પ્રતાપ વર્ગ અમર વિખ્યાત હૈ.
કીર્તિ કો સુની હૈ ઐસે સંત મૃત્યુલોક માંહી,
સુર નદી સ્પર્શ કાજ આઇકે સુહાત હૈ,
નરસિંહ સંત કો અગાધ હૈ મહિમા જકુ,
પ્રલા વિષ્ણુ રુદ્ર મિલી નિશદિન ગાત હૈ,
સંતનકી કોમલ અમૃત શી મધુર બાની,
જની કે અજ્ઞાની પ્રાની મુનિવ્રત ગ્રહે હૈ..."

{ એજન }

આ પ્રકારે કવિ ઉત્તરોત્તર મનોહર ઉત્પ્રેક્ષાઓ કર્યે જાય છે. તેમાં કવિની કલ્પનાનું સામર્થ્ય સ્પષ્ટપણે સમજાય છે. વળી તેમાં સત્ય

અનુભવનું વર્ણન ઉપરાંત, છંદપ્રભુત્વ અને છેલ્લી બે પંક્તિઓમાં "ઈ" સ્વરની પુનરાવૃત્તિ વ્હેરા સધાતી લયમાધુરી વગેરે કાવ્યલક્ષણોની પણ પ્રતીતિ થાય છે. શ્રીમન્નૃસિંહાચાર્યજી સમા સમર્થ સમદર્શી સંતની "કોમલ અમૃત શી મધુર બાની"રૂપ બોધામૃતનું પાન કરી કૃતકૃત્ય થયેલા અધિકારી શ્રેયસ્સાધકો, "સંતકે પ્રતાપ વર્ગ અમર વિખ્યાત હૈ" (એજન) વગેરે પંક્તિઓમાં પોતાનું જીવનદર્શન જુએ એ સ્વાભાવિક છે.

"શ્રીનૃસિંહવાણીવિલાસ"ના પદપીયૂષની કોમલ મધુરધારાની ખાસ વિશિષ્ટતા તેમની સંગીતસિદ્ધિ છે. કવિતા અમુક મર્યાદા સુધી હોય છે જ, પરંતુ કવિતાનુરૂપ ગેયતા જ્યારે સંગીતની ઉચ્ચકલા સાથે સંયોગ સાધે છે ત્યારે તેમાં રહેલી શબ્દ-સૂરની સંવાદિતામાંથી મનોરમ માધુર્ય રેલાય છે. આગળના પ્રકરણમાં આપણે નિર્દેશ કરી ગયા છીએ કે વડોદરાની સંગીત મહાશાળાના આચાર્ય ઉસ્તાદ મૌલાબક્ષ જેવા સંગીતરત્ન આચાર્યશ્રીના આધ્યાત્મિક વ્યક્તિત્વ ઉપરાંત તેમના શાસ્ત્રીય સંગીતના જ્ઞાનથી, મધુરકંઠથી તથા પદોમાં અનુસ્યૂત રહેલી સંગીતક્ષમતાથી આકર્ષાયા હતા. અને વિદ્યાર્થીઓ માટે નોટેશનપદ્ધતિનો આરંભ કરવા તેમણે આચાર્યશ્રીનાં જ કાવ્યોની પસંદગી કરી હતી. કવિશ્રીએ પોતાની સાદી સરળ અને પ્રવાહીવાણીમાં, મુખ્યત્વે તે સમયમાં પ્રચલિત અને પરંપરાથી પણ પરિચિત એવી ગરબીઓના રાહ, ઢાળમાં તથા શ્રવણમધુર કંઠસુલભ સામાન્યરાગોમાં સાધક સજ્જનોને અનેક પદભજનોની રસલ્હાણ આપી છે. એ પદો વાંચતાં, ગાતાં કે ગવાતાં સાંભળતાં પંક્તિએ પંક્તિએ ભક્તકવિના સંસ્કારસંપન્ન ઋજુ હૃદયનાં દર્શન થયા વિના રહેતાં નથી. શીલ તેવી શૈલીનો સિદ્ધાંત તેઓશ્રીની કવિતાને યથાર્થતઃ લાગુ પડે છે. તેઓશ્રીના અનાવિલ અંતઃકરણનું રસાર્દ્ર આર્જવ તેમના અનુભવકથનને કે બોધવક્તવ્યને વધુ વિશદતાથી

રસસિક્ત અને સુસ્પષ્ટ કરે છે. નાદપ્રહ્લની સૂરસાધનાનો સ્રોત પદ્યપ્રવાહમાં ભળી જઈ માધુર્યની છોળો ઉછાળે છે. આ ગેયતાને લીધે, તત્ત્વચિંતનના બોધનો પ્રમુખ ભાવ સતત તરી રહેતો હોવા છતાં અને કેટલાક ભાવ-વિચાર કે શબ્દોની પુનરુક્તિ થતી હોવા છતાં, એકદેશીય શુષ્કતા કે કંટાળો ઉત્પન્ન કરે એવું રસશૈથિલ્ય ખાસ જણાતું નથી. આનું બીજું કારણ, વિષયની એકાગ્રતાનું સમર્થન કરતી - કહેવાતી એકદેશીયતામાં - તેના નિરૂપણની પદ્ધતિમાં રસભરી વિવિધતા દેખાય છે, તે પણ છે. માત્ર વિચારવસ્તુની વિવિધ બાજુઓથી જ નહીં, પણ તેને મૂર્ત કરવા જુદા જુદા આકારોની મનોહારી ભાત પાડતી અનેકવિધતાથી પદ્યરચનાની આ સુરેખતા, અમુક કક્ષા સુધી, સચવાઈ રહી છે. કેટલાંક કાવ્યોમાં રહેલું આ અનેકવિધતામાં એકતાનું - એકાગ્ર તન્મયતાનું તત્ત્વ, કાવ્યને કેટલેક અંશે (જોકે આધુનિક કાવ્યવિચારની દૃષ્ટિએ સમગ્રતયા તો નહીં જ) કલાની કોટિમાં મૂકી દે છે, એમાં સંશય નથી.

કાવ્યોચિત સંગીત સાથેનો સુભગ કલાયોગ સાચવવાની આ પ્રકારની કુશલતા વિરલ સંગીતપ્રેમી કવિઓને જ વરેલી હોય છે. અંતમાં કવિશ્રીની કાવ્યકલા વિશે શ્રી મહેન્દ્રકુમાર દેસાઈએ કરેલા વિવેચનમાંની નીચેની કંડિકાઓથી આ પ્રકરણ હું સમાપ્ત કરીશ.

"શબ્દપ્રહ્લના શાંત સ્રોતમાં નાદપ્રહ્લની મંજુલ સ્વરસાધના ભળી જઈ, મનોહારી માધુર્યની આકર્ષક રસિકતા ભરી કવિશ્રીની કવિતામાં જ્ઞાનનો શાંતરસ તો અવિરતપણે ઝળકતો જ રહે છે. મીરાંબાઈનાં ભજનોમાં સ્નેણ મૃદુતાવાળું નર્યું મધુસિક્ત માધુર્ય છે. આચાર્યશ્રીનાં પદોમાં અજબ પ્રકારનું ગેયતાનું લય-માધુર્ય છે. તેમાં વિચારતત્ત્વની સાથે સંકલિત થયેલી આખીએ રસધારા, સંયમતટને નજર આગળ નિરખ્યા કરતી હોય એમ ધીરપ્રશાન્તપણે વહેતી હોય છે. અન્યપક્ષે, જ્ઞાનદગ્ધ વિજ્ઞાની અખાની તાત્પર્યપ્રધાન કવિતાની

પેઠે, શ્રીનૃસિંહાચાર્યજીની કવિતાના દુકૂળને જ્ઞાનરંગમાં પૂર્ણપણે ઝબોળી રંગીન બનાવી દેવામાં આવ્યું નથી. અખાજીના જ્ઞાનનો તાપ, કવિતાને દગ્ધ કરી નાંખે છે ; તેમાં કાવ્યત્વ, તડિત્ -સ્ફુરણ જેમ માત્ર ચમકારા મારી જાય છે. પણ, આચાર્યશ્રીની તત્ત્વકવિતામાં, એકના ભોગે બીજું તત્ત્વ ફાવી જતું હોય એમ ભાસ થતો નથી. તે કવિતા વિનાની કેવળ જ્ઞાનમોતીએ મઢેલી પંક્તિઓ બહુધા દેખા દેતી નથી, એમ કહીએ તો પણ ચાલે, વળી અખાજીની વિચાર-વાણીમાં, જ્ઞાનવિરાગ, ભક્તિને જાણે ભરખી જાય છે, અગર તો જ્ઞાનવિરાગ એ જ ભક્તિ, એવો ભ્રમાભાસ સામાન્ય અધિકારીના ચિત્ત સમક્ષ ઊભો થવા પામે છે, તેથી અખાની કવિતામાં શુધ્ધ ભક્તિ-ઉપાસનાને સ્વતંત્ર-યોગ્ય સ્થાન મળ્યું હોય એમ લાગતું નથી. શ્રીનૃસિંહાચાર્યજીનાં પદોમાં ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય સર્વનાં સ્વતંત્ર સ્થાન - ગૌરવ સચવાયાં છે, એટલું જ નહિ પણ સર્વની યોગ્ય કદર અંકાઈ, સર્વનો, અન્યોન્યનો તથા આદ્વિતત્ત્વ સાથેનો સંબંધ પણ સ્પષ્ટપણે સ્થાપવામાં આવ્યો છે.

આ ભક્ત-જ્ઞાની કવિની કવિતામાં, ભક્તિરસની જ્ઞાનયુક્ત કવિતા છે. તેમાં તત્ત્વજ્ઞાનરસ નિર્ભેળપણે અને અવિરતપણે વહેતો હોય છે. કવિ અખાજીની કવિતાની અપેક્ષાએ, આચાર્યશ્રીની કવિતામાં, કટાક્ષની તીવ્રતા, કટુતા આવેશ આદિ તત્ત્વો સહે જ ઓળા - પણ સાવ સૌમ્ય નહિ એવા અંશમાં - છે. અને લાલિત્ય-ઊર્મિ-નિર્ભેળ ભક્તિનો સરળપ્રવાહ પ્રકૃષ્ટ પ્રમાણમાં છે. તેમાં કવિતાનો કે જ્ઞાનના વિચારનો આશ્રય જ, તેના વક્તવ્યને સ્પષ્ટ સરળ રૂપમાં વહતો કરી મૂકતો હોઈ, સંક્ષેટપણા કે સમજૂતી માટે સંધ્યાબંધ ઉદાહરણો કે કલ્પના ભાવપ્રતીક વગેરે રીતિઓનો અતિઆશ્રય લીધો જણાતો નથી. પણ તેમાં નક્કર ભક્તિ, ઊર્મિલતા, તત્ત્વજ્ઞાન કે ભાવપ્રકાશ તરવરે છે.

તેઓશ્રીની શૈલીમાં વેધકતા, હૃદય ભેદવાની કલા છે, સાચી સરળતા છે. પ્રસંગોપાત્ત તેમાં પ્રમાણસર વિનોદ, કટાક્ષ અને માર્મિકતા પણ ભળેલાં છે. સમાજની અનિષ્ટતાઓ, પ્રપંચી ઢોંગી ગુરુ, સંન્યાસ વગેરે પ્રતિ જે કટાક્ષો છે, તેમાં સત્યના જેટલી સ્પષ્ટતા અને સચોટપણું છે ; પણ કવિ અધા સોનીની ભૈરણમાંથી નીકળતા ધખધખતા અંગારા જેવી ઉગ્રતા કે ડંખ સમી વ્રણવેદના ઉપજવનારી તીવ્રતા તેમાં નથી. સમવેદનાનું સાન્ત્વન તેમાંથી વહેતું હોય છે. છતાં, તેમાં વાચકના હૃદય ઉપર પ્રભાવ પાડવાનું સામર્થ્ય છે. કારણ, કવિશ્રીના સત્યશીલ વ્યક્તિત્વની છાપ તેમાં સચોટ રીતે પડતી હોય છે.

ટૂંકમાં પદલાલિત્ય, ભાષાની પ્રભુતાભરી સાદાઈ, સંગીતની મંજુલ મીઠાશ, ભક્તિનું માધુર્ય, જ્ઞાનની પ્રભા, તત્ત્વાત્માની તન્મયતા, પ્રપન્નાંતરની પ્રાર્થનાની ઋજુતા, તત્ત્વકવિતાનું સુભગ મિશ્રણ વગેરે લક્ષણોથી શ્રીનૃસિંહવાણીવિલાસની કવિતા રમણીય મોહક છે. વેદાન્તના ગંભીર વિષયોને તત્ત્વજ્ઞ કવિએ કુમળી કવિતામાં વહેતા મૂક્યા છે, છતાં તેમાં કલ્પના અને તરંગ કરતાં, પ્રજ્ઞા અને જ્ઞાનનો વૈભવ તથા અનુભવનો આનંદ વ્યાપી રહેલો જણાય છે, એ ઓછી સિધ્ધિ નથી ।

આધુનિક વિવેચનાના માનદંડની ચર્ચા અત્રે મુલતવી રાખતાં, એમ નિઃસંકોચપણે કહી શકાય કે, શ્રીનૃસિંહાચાર્યજીનાં કાવ્યોમાં પ્રતીત થતાં દેહ અને આત્માની સંવાદિતા તથા પ્રસાદતત્ત્વ પરથી કવિના ઊર્મિભાવ વિચારોનું શુધ્ધ નિખાલસપણું સહેજે પારખી શકાય તેમ છે. સાચા જ્ઞાની સમાજને માર્ગ દર્શાવે છે ; સાચા કવિ સુંદર શબ્દોનો પ્રયોગ કરે છે. એ અન્વયે, જ્ઞાની તથા કવિનાં બંને લક્ષણો કવિ શ્રીમન્નૃસિંહાચાર્યમાં ઉત્તમપ્રકારે જોવામાં આવે છે. અને તેથી તેમની કવિતાને ઉત્કૃષ્ટ કોટિની કહેવામાં કોઇને પણ સંકોચ થવાનો સંભવ નથી."[૧]

---

૧. શ્રી મહેન્દ્રકુમાર મો. દેસાઈ : "શ્રીમન્નૃસિંહાચાર્યજી", પૃ.૪૩૨, ૪૩૩, ૪૩૪.

પ્રકરણ ૩

શ્રીમન્નૃસિંહાચાર્ય : સાહિત્ય (ગદ્યવિભાગ)

શ્રીમન્નૃસિંહાચાર્યે ગદ્યમાં પણ વિવિધ સાહિત્યસ્વરૂપોને ખેડી, પોતાની તત્ત્વધારાને સરળતાપૂર્વક છતાં સબળતાથી અને સફળતાથી પ્રયોજી છે. સાહિત્યસ્વરૂપોની ભિન્નતા પ્રમાણે કર્તાશ્રીની શૈલી પણ તેને અનુરૂપ વિવિધ આકાર લેતી જોવા મળે છે.

"શ્રીપંચવરદવૃત્તાન્ત", "સતી સુવર્ણા", "શ્રી ત્રિભુવનવિજયી ખડ્ગ" તથા "શ્રીસિદ્ધાન્તસિન્ધુ" જેવા ગ્રંથોમાં રસપ્રદ વાર્તાપ્રસંગો પ્રયોજી, વિવિધ પાત્રો દ્વારા હળવી અને સરળ શૈલીમાં તત્ત્વચર્ચા કરી છે. આડકથાઓ અને પેટાકથાઓથી પ્રસંગો અને પાત્રોની સંખ્યા પ્રમાણમાં વધી જતી હોવા છતાં, સુશ્લિષ્ટ વસ્તુસંકલનાને લીધે કર્તા તેની પાસેથી પણ અપેક્ષિત કાર્ય લઇ શક્યા છે. "ભામિનીભૂષણ"ના પાંચ અલંકારો દ્વારા સ્ત્રીઓના ઘરગથ્થુ પ્રશ્નોને ચર્ચી, સામાન્ય સ્ત્રી પણ ધર્માભિમુખ બની આદર્શ ગૃહિણી કેવી રીતે થઇ શકે તેની રસપ્રદ શૈલીમાં ચર્ચા કરી છે. આમ સ્ત્રીઉન્નતિનું સમાજસુધારકનું કાર્ય અનાયાસે તેમણે બજાવ્યું છે. "સુરેશચરિત્ર" દ્વારા નાટક જેવા લોકમનોરંજક સ્વરૂપને ખેડી, અવિવાહિત રાજા સુરેશનું ચાર ચાર દિવ્યસ્વરૂપવાળી કન્યાઓ સાથે લગ્ન કરાવી અંતમાં કર્તાએ અણકલ્પ્યા રહસ્યસ્ફોટ દ્વારા રાજા સુરેશની ક્રમિક સાધનાવિકાસનો સુંદર પરિચય કરાવ્યો છે. "સન્મિત્રનું મિત્ર પ્રતિ પત્ર" અને "શ્રીસદબોધપારિજાતક"માં પત્રશૈલી દ્વારા તથા "સુખાર્થે સદુપદેશ" અને શ્રીનૃસિંહકિરણાવલિ"માં લેખો દ્વારા ગંભીરતાથી ગહનપ્રશ્નોની ચર્ચા કરી બોધ પાઠવ્યો છે. આવા વિવિધ પ્રયોગોથી કર્તાશ્રીની બહુમુખી સર્જક પ્રતિભાનું આપણને દર્શન થાય છે. વિવિધ ગંભીર અને અગંભીર – વાર્તા,

નાટક, નિબંધ-સાહિત્યસ્વરૂપોને કર્તાશ્રીએ સફળતાથી ખેડ્યાં હોવાથી, સમગ્ર તત્ત્વચર્ચા સર્વને સમજાય તેવી સરળ અને સર્વગ્રાહ્ય બની છે. હવે આ સર્વ કૃતિઓનો સાહિત્યિક દૃષ્ટિએ ક્યાસ કાઢવા આપણે પ્રયત્ન કરીએ.

"ભામિનીભૂષણ" :-

શ્રીશ્રૈયસ્સાધક અધિકારી વર્ગના આદ્ય સંસ્થાપક શ્રીમન્નૃસિંહાચાર્યજી કૃત "ભામિનીભૂષણ" (અલંકાર ૧ થી ૫), સ્ત્રીઓ અને તેમની ગૃહમાં તથા અન્ય સ્વજનો અને વડીલો પ્રત્યે ફરજ વગેરે નીતિને મુખ્યત્વે સ્પર્શતો તથા અવતત્ર જીવ, ઈશ્વર, પુનર્જન્મ, મૃત્યુ વગેરે ગૂઢ વિષયોને હળવી શૈલીમાં ચર્ચતો, વાર્તારૂપે આલેખાયેલો અને પાંચ અલંકાર (Volumes) જેટલા વિશાળ પટ પર પથરાયેલો બોધપ્રધાન ગ્રંથ છે. કર્તાનો આશય આ ગ્રંથ દ્વારા "સ્ત્રિયોના તથા ગૃહસ્થાશ્રમી પુરુષોના અંતરને શુધ્ધ કરી તેમાં સદ્‌ગુણને સ્થાપવાનો"[૧] છે. તે પોતે સૂચવે છે તે મુજબ "પ્રથમાલંકારમાં ગૃહવ્યવહાર તથા ગુણદોષોનાં સ્વરૂપ સ્થળે સ્થળે વર્ણવ્યાં છે, તેમ જ આ વિચિત્ર પાત્ર વડે ભરેલો સંસાર અનેક પ્રકારના સ્વભાવના મનુષ્યોવાળો છે, તેથી એ કલ્યાણકારી ગ્રંથમાં તે ભિન્ન ભિન્ન સ્વભાવનાં ચિત્રો પણ આપ્યાં છે."[૨] આમ કર્તા સુબોધને સુરુચિકર અને સરળ બનાવવા માટે અનેકવિધ કથા, આડકથા, રમૂજી ટૂચકા, ભિન્ન ભિન્ન બોલીમાં પ્રયોજાતા સંવાદો, રોજિંદી લઢવાડો, જળોની જેમ ચોટી રહેલી કેટલીક કુટેવો વગેરે સર્વનો સુશ્લિષ્ટ રીતે પ્રયોજનસિધ્ધાર્થે સમુચિત ઉપયોગ કરે છે. "દુઃખ તો આ સંસારમાં

---

૧. "ભામિનીભૂષણ", પ્રથમ અલંકાર, પ્રસ્તાવના
૨. "ભા.ભૂ.", દ્વિતીય અલંકાર, પ્રસ્તાવના

અનાયાસ આવી પ્રાપ્ત થતું સંસારવૃક્ષનું ફલ છે"[૧] તેથી "પાપનો ક્ષય કરનાર દુઃખભોગ પણ સુખરૂપ માનવો ઘટે છે"[૨] વગેરે તત્ત્વજ્ઞાનને સરળતાથી સમજાવવા લેખક અનેક આડકથાઓ યોજે છે. આથી સામાન્ય જન માટે પણ તે બોધ ગ્રહણયોગ્ય અને ભોગ્ય બને છે. પ્રસ્તુત ગ્રંથ માત્ર સ્ત્રીઓ અને તેમનાં વ્રત, ધર્મ, નીતિ વગેરે સિધ્ધાન્તો પૂરતો મર્યાદિત નથી બનતો પણ પુરુષોને માટે પણ તે એટલો જ ઉપયોગી બને છે. તેઓ શ્રી કહે છે, "આ ગ્રંથ કલ્યાણની ઇચ્છાવાળા ગૃહસ્થ મનુષ્યને જાણવાયોગ્ય સર્વ વાતોનો જણાવનાર છે. તેથી જેવો પ્રધાનપણે સ્ત્રિયોને ઉપયોગી છે, તેવો જ પુરુષવર્ગને પણ ઉપયોગી છે. ઉત્તરોત્તર ભાષામાં તથા વિષયમાં કોઇ કોઇ સ્થળે કઠિનતા જણાય તો ગ્રંથ્યાનુક્રમે ઘટિત ગણી રાખી છે, એમ જાણવું."[૩]

લેખકે કુશળતાપૂર્વક પાંચે અલંકારોનું યથાયોગ્ય વિભાજન કર્યું છે તથા પાંચમા અલંકારની અપૂર્ણ રહેલી આ સુબોધપ્રધાન વાર્તાથી ફલિત થાય છે કે કર્તાના માનસપટપર અન્ય અલંકારોનું પણ પૂર્વયોજિત વિભાજન થયું હશે. પણ સંજોગવશાત્ તેઓશ્રી અન્ય અલંકારો ગુજરાતી સાહિત્યને આપી શકયા નથી એ સાહિત્યની કમનસીબી છે.

એક મહોલ્લામાં બહુશ્રુત વ્યુત્પન્ન અને વિધિપૂર્વક નિયમ પ્રમાણે ચાલતો પ્રતિષ્ઠિત વિદ્વાન મનોહર રહેતો હોય છે. તેની ઓછું ભણેલી પણ સંસ્કારી અને સુવિચારવાળી પત્ની વિજયા, એક કથામાં, સ્ત્રીને માટે નરક સમી, મદિરા સમ મોહ ઉપજાવનારી, ત્યજવાયોગ્ય, બેડીરૂપ, અવિશ્વસનીય વગેરે વિશેષણો વપરાતાં સાંભળે છે ત્યારે તે સર્વનું સમાધાન કરવા તે પોતાના પ્રેમાળ પતિ

---

૧. "ભા.ભૂ.", પંચમ અલંકાર, પૃ. ૨૩૭
૨. "ભા.ભૂ.", પંચમ અલંકાર, પૃ. ૨૪૫
૩. "ભા.ભૂ.", તૃતીય અલંકાર, પ્રસ્તાવના

મનોહરને તત્‌વિષયક પ્રશ્નો પૂછે છે. આના પ્રત્યુત્તરમાં મનોહર એક ધર્મકુટુંબની કથા કહે છે. સર્વગુણસંપન્ન ઈશ્વરભક્ત લક્ષ્મી, પોતાની વયમાં આવેલી સાસરે વિદાય કરવાની છે તેવી સરસ્વતીને અલગ અલગ દૃષ્ટાંતો વ્દારા રોચકશૈલીમાં બોધ કરે છે. એના ફલરૂપ તે પ્રસ્તુત "ભામિનીભૂષણ"ના પાંચ અલંકારો.

આ મુખ્યકથાની આસપાસ લેખકે અનેક આડકથાઓ પણ ગૂંથી છે. બપોરના સમયમાં પુણ્યવાન પ્રતિભાશાળી મનોહરની છાયા સમી પતિવ્રતા વિજયા મહોલ્લાની સ્ત્રીઓને ઉપદેશે છે. તેમાં બીજી મુખ્ય વાર્તા અને તેની અનેકવિધ આડકથા સમી ડાળીઓ અલંકૃત થાય છે. લેખકે આ સર્વનો યથાયોગ્ય ક્રમ પણ રાખ્યો છે. દરેક અલંકાર સાત દિવસમાં વહેંચાઇ ગયો છે અને તેથી ૩૫ દિવસમાં પાંચ અલંકાર સમાપ્ત થાય છે. પરંતુ આ વર્ગીકરણ તો સ્થૂળ અને ઉપલક્ષિયું ગણાય. સૂક્ષ્મ દૃષ્ટિએ તપાસીએ તો તેમાં મુખ્ય પાત્રોનાં માનસનું તથા અધિકારનું પણ સમુચિત પૃથક્કરણ કર્યું છે. "જંગલમાંના રોઝ જેવી" ચંચળા, "વાંદરાને સળી કરે તેવી" વિજળી, કમળા, કાવેરી, ઉજમ, ચંદન, સાંકળી વગેરે પાત્રો શરૂઆતમાં જે હતાં તેવાં જ ચિઢિયાં અને કુથલીખોર અંતમાં રહેતાં નથી. પરંતુ પુનિતપાવન કથાગંગાથી અણિશુધ્ધ પવિત્ર બની તેઓનું સદંતર પરિવર્તન થાય છે. ભાગીરથી સૌમાં આ વાર્તાબોધથી થયેલું આકસ્મિક પરિવર્તન જોઇ કહે છે :

"આ લોઢું છે. પણ તે પારસમણિને અડે છે એટલે સોનું થઇને રહે છે. આપણે બધાંએ વિજળીના જેવાં જ હતાં કે ની ? તે કેવાં ધીમે ધીમે સુધરવા મંડ્યા છીએ ?"[૧]

---

૧. "ભા.ભૂ.", પ્રથમ અલંકાર, પૃ. ૧૮૦

આમ લેખકે સંસ્કારબળથી અને શુધ્ધ આચરણથી થતો પાત્રોની ઉન્નતિનો ક્રમિક વિકાસ બતાવ્યો છે.

"ભામિનીભૂષણ"ના સર્વ ભાગોમાં રહેલી કથા અને આડકથાઓનું એક સામાન્ય સરવૈયું કાઢીએ તો મનોહર ૩૫ દિવસના ગાળામાં જુદા જુદા પ્રશ્નોનું સમાધાન કરવા તથા ગળે ઉતરી જાય તે રીતે સરળતાથી બોધ કરવા નીચેની કથાઓ રજૂ કરે છે :

(૧) ઉદારતા અને કૃપણતા એ બે ક્યારે અને કેવે સ્થળે તથા કેટલે અંશે વપરાય તો તે શ્રેષ્ઠ ગણાય, એ વાતને ન જાણનાર માણસો તિરસ્કારને પાત્ર હોય છે. તે સમજાવવા તે રાજા એકલશૂરાનું દૃષ્ટાંત આપે છે.

(૨) આડા સ્વભાવવાળી હઠીલી સ્ત્રીથી ગૃહસંસાર કેવો નષ્ટ પામે છે તથા દુષ્ટસ્વભાવના ત્યાગથી ઘર કેવું નંદનવન બની જાય છે તે માટે મનોહર, ભૂભારકર અને નિજમતિ (કૌશિકી) ની કથા કહે છે.

(૩) સહનશીલસ્વભાવ સંસારને જીતવા માટે ઉપકારક છે. પ્રતિકૂળના સંબંધથી થતા દુઃખના નિવારણમાં પણ યોગ્ય વિચાર કરવો જોઇએ. તે ચરિતાર્થ કરવા મનોહર, શ્રી દિવ્યમૂર્તિ ઋષિ, તેની રીસાળ પત્ની સરિતા અને વિવિધ સ્વભાવભેદવાળું શિષ્યવૃંદ વગેરેનું આખ્યાન કરે છે.

(૪) સ્ત્રીઓને બ્રહ્મવિદ્યા શ્રવણ કરવાનો અધિકાર છે, તે હકીકતના પ્રમાણ રૂપે દૈવજ્ઞ વ્હેનના યાજ્ઞવલ્કય અને મૈત્રેયીની કથા કહે છે.

તે જ રીતે વિજયા, મહોલ્લામાંની સ્ત્રીઓને બપોરે સુબોધ કરે છે ત્યારે નીચેની કથાઓને વણી લે છે :

૬૧ : યોગ્ય પાત્ર લગ્નમાં ન મળે ત્યારે તે વખતે કેવી રીતે સહનશીલતાથી વર્તવું તે અંગેની કથા વિજયા, મણિપુર નગરના પહ્મંકર બ્રાહ્મણ, તેની ભડભડિયા સ્વભાવની વિકલા નામની પત્ની તથા વૈધેય નામનો તેમનો શિષ્ય તથા તેની મર્કટી નામની પત્ની વગેરે પાત્રોનાં ચિત્રણ દ્વારા કહે છે.

૬૨ : સ્ત્રી વિષયક અનેક પ્રશ્નોને સરળતાથી સમજાવવા વિજયા, શ્રીનગર શહેરના વિદ્વાન બ્રાહ્મણ વિષ્ણુશર્માની વાત કરે છે. વિષ્ણુશર્મા તેના મિત્રો સહ ચિત્રકૂટની યાત્રાએ જાય છે ત્યારે તે ધ્વજપાળ શેઠને જે સુબોધ કરે છે તે પણ અનેકવિધ પ્રસંગોને વણી લઇને વર્ણવે છે.

૬૩ : કર્મબલ વિના ફલ મળતું નથી તે સમજાવવા વિજયા હરદત્ત અને ગિરિજાની તથા ગોકર્ણ ઋષિની કથા કહે છે.

૬૪ : તે કર્મબલનો મહિમા ગાવા ઉંદરડીની નાની રમૂજી વાર્તા મૂકે છે.

૬૫ : લક્ષ્મી અને પાર્વતી વચ્ચે વૈભવ સંબંધી જે વઢવાડ થઇ, તે પ્રસંગને પણ વિજયા રજૂ કરે છે.

૬૬ : તે પ્રબુધ્ધ અને સત્ત્વમતિનું આખ્યાન કહે છે.

૬૭ : સત્કર્મ, પુણ્ય, સત્વચન, સંસ્કાર, કર્મબલ વગેરે જીવનમાં કેવો અદ્‌ભુત ફાળો આપે છે તે સમજાવવા વિજયા, શ્રી રંગશેઠ અને તેના ચાર પુત્રો શ્રી સાગર, શ્રીભદ્ર, શ્રીકંઠ અને શ્રીશૈલની લાંબી કથા કહે છે.

ધર્મ, તત્ત્વજ્ઞાન, અનિર્વચનીય બ્રહ્મ વગેરે ગૂઢ અને ગગનગહન વિષયોને તો શબ્દના માધ્યમથી સમજાવવા મુશ્કેલ છે. કારણ કે તે અનુભવગમ્ય વિષયો છે. છતાં લૌકિક કથા–આડકથા જેવા રસિક લોકભોગ્ય અને મનોરંજકપ્રધાન સાહિત્યસ્વરૂપ દ્વારા જીવનોપયોગી

માર્ગદર્શક સુબોધ કરી શકયા છે. અલબત્ત "કથાભાગમાં પ્રધાનપણે બોધ તથા ગૌણપણે સ્વભાવચિત્ર છે અને આડપ્રસંગમાં સ્વભાવચિત્ર પ્રધાનપણે અને નિયમિત બોધ ગૌણપણે છે."[૧]

"ભામિનીભૂષણ"ની પાત્રસૃષ્ટિ વિશાળ છે.[૨] દરેક પાત્ર આમ તો બીજા સરખા સ્વભાવવાળા લાગતા પાત્ર કરતાં તેની વૈયક્તિક લાક્ષણિકતાને લીધે જુદું તરી આવે છે. પણ તેમ છતાં સમગ્રતયા અધિકાર અને સંસ્કારભેદે આ પાત્રોને સત્ત્વ, રજસ્ અને તમસ્ એમ ત્રણગુણની કક્ષામાં વહેંચી શકાય.

મનોહર, વિજયા, ભાગિરથી, વિઠ્ઠલજી, બાળમુકુન્દદાસ વગેરે મહોલ્લાનાં મુખ્ય પાત્રો તથા વિષ્ણુશર્મા, મુક્તા, ધ્વજપાળ, સખાવતી, ગોકર્ણ ઋષિ, હરદત્ત, શ્રીરંગ, શ્રીમતી, શ્રીસાગર, શ્રીભદ્ર, શ્રીકંઠ, શ્રીશૈલ, ભૂભાસ્કર, દિવ્યમૂર્તિ, દોષજ્ઞ, દૈવજ્ઞ વગેરે કથા તથા આડકથાનાં મુખ્ય પાત્રો સૌને ગમી જાય તેવાં આકર્ષક, આદર્શભેલાં, હર્ષશોક, સુખદુઃખ વગેરે દ્વંદ્વોથી પર રહી ઈશ્વરપ્રીત્યર્થે ઉચ્ચકક્ષાનું જીવન વ્યતીત કરનારાં ધર્મપરાયણ પાત્રો છે. ધર્માભિમુખ જીવન જીવવું એ જ માત્ર તેઓનું ધ્યેય નથી પણ સાથે લોકરુચિને પણ તે પ્રમાણે ઘડવી અને તેઓ કર્તવ્ય માને છે. મનોહર-વિજયાની અમૂલ્ય કથાવાણીથી, વિષ્ણુશર્માના અનુપમ સુબોધથી, શ્રી દિવ્યમૂર્તિ ગુરુના સહનશીલ સ્વભાવવાળા ચરિત્રથી, શ્રીરંગશેઠ અને તેમના પુત્રોની દાનશૂર ધર્માભિમુખ દૃષ્ટિથી તથા દોષજ્ઞ અને દૈવજ્ઞની અમૃતમય વાગ્ધારાથી કેટકેટલાં ભિન્નભિન્ન કક્ષાના પાત્રોમાં પરિવર્તન થાય છે !

---

૧. "ભા.ભૂ.", દ્વિતીય અલંકાર, પ્રસ્તાવના

૨. મુખ્યપાત્રો તથા કથા અને આડકથાનાં પાત્રોનો જો સરવાળો કરીએ તો તે સંખ્યા ૧૨૬ સુધી પહોંચે છે.

ચંચળા, ચકોર, પારવતીબાઇ, ચંદન, સંકળી, વિજળી, ઉજમ, ધનલક્ષ્મી, ગોવર્ધન, મુકુન્દદાસ, કેવળદાસ વગેરે અનેક પાત્રો સહુજન-પરિચિત લાગે છે. સંસારમાં પણ આવા સ્વભાવવાળાં પાત્રો જયાં ત્યાં અથડાય છે. મનમાં કશો મેલ ન હોય તો પણ હાડકા વગરની જીભને હલાવ્યા કરવી અને ઉછીનો કજિયો વહોરવો ; નવરાશ મળે એટલે ઘરકુથલી અને નિંદા કરવી ; મોંમાં મીઠાશ ન રાખવી વગેરે અનેક દુર્ગુણો વિવિધ મનુષ્યોમાં આપણે જોઇએ છીએ. આનાં કેટલાંક રસિક ઉદાહરણો "ભામિનીભૂષણ"માંથી જોઇએ.

"વિજળી – અલી સાચાબોલી સાસરે ના સમાય. જો મનું બોલ્યાવનું રહેવાનું નથી. વળી મારી જોડે વઢીશ નહિ. એને કહે છે પણ તારા ઘરમાંએ તારું જ કર્યું થાય છે કે-ની ? બિચારા ગોકળ તો ગાય જેવા છે. તું તેને વજ્જર જેવા બોલના ઘા મારે છે, પણ કેવા નીચું જોઇને સાંભળે છે ! એ તો બધું એ ઠીક જ છે. ઘેર ઘેર કાદવના ચુલા છે.

કમળા – અલી તને એનું બહુ દાઝતું દેખાય છે તો ! એનું ઉપરાણું લઇને મને મહેણું મારે છે તે જરા લાજતીએ નથી ! તારો ભાયડો તે કયો છયોક છે જે મોં' કાઢીને બોલે છે ? બેશી રહેને છાનીમાની. વળી મને રાંડને બોલાવીને સાર કાઢવાનો નથી. પણ જો ! એ તો સામી ઓળે રહે છે એટલે એને આપણે તો ઓછો વ્યવહાર છે. પણ આપણે તો સાખ પાડોશી છીએ એટલે માથા સાથે કાન જડ્યા છે તેથી વિચારીને બોલ.

વિજળી – અલી કમળી ! તું કંઇ બોલતાં બહેકી શું ? મારો ધણી છયોક નથી તો ચાલ્યું, તારો તો છયોક છે કેની ? કરજે તું પેટીમાં ઘાલીને પૂજા તારા ધણીની મારે શો ઘસી ચોપડવામાં કામ આવશે જે. સઉને પોતપોતાનું માણસ લાખનું છે, પોતાની માને કોણ ડાકણ કહેનાર છે ?

તું તારા ધણીને પજવે છે તારે એ બિચારો મારા ઘરમાં આવીને પોશપોશ આંસુએ રડે છે. તને કંઇ તેની લાજ આવે છે ? બિચારાની લગાર દયા પણ લાવતી નથી, ને વળી ડહાપણમાંથી તો હાથ કાઢતી નથી ? દાયણ આગળ પેટ છુપાવે એ તે રાંડનું કેમ ચાલે ? હું તો તારી જડભોમિયણ હું, ખબર છે કે'ની ?"[૧]

આવું જ બીજું ઉદાહરણ લઈએ. બાળમુકુન્દદાસ હુકાનેથી ઉઠીને ઘેર જાય છે ત્યારે માર્ગમાં આડોશણ પાડોશણ વચ્ચે થતી સ્ત્રીઓની વઢવાડ સાંભળે છે :

"૧ સ્ત્રી – ઓ નમાર મુડી ! તારું સત્યાનાશ જાય ને તારો ઉહરપાટો વળે ! તારી આંખમાં શું રાઇમીઠું મરચું પડયું તે તું આમ બડબડતી ને ફફફતી નીકળી છે !

૨ સ્ત્રી – ઉહરપાટો વળે તારા બાપને ઘેર ને સત્યાનાશ જાય તારા ધણીને ઘેર, રાંડ અભાગણી ! તારું મોં બળે ! કોઇને ગાળો દેતાં તારી જીભે કાંટા કેમ નથી ઉગતા ?

૧ સ્ત્રી – તો રાંડ વાંઝણી ! તારે આગળપાછળ ઓટલો છે તો તારે ઘેર કોઇ રમનાર નથી, પણ જેને પરમેશ્વરનાં આપ્યાં રમનાર છોકરાં હોય તે આંગણામાં ન રમે કે ? ને રમતા છોકરાને મારતાં તને રાંડ શરમ ન આવી ?

૨ સ્ત્રી – તે તારા બાપનું આગણું છે કે ? રાંડ વાંઝણીની સાસુ ! એવાં છોકરાં વધારે હોય તો નાંખ ભસ્તામાં લઇ જઇને ! તેટલા સારુ કંઇ લોકનાં આંગણામાં ખાડ પડવા દેશે ? રડયાં આમો દા'ડો ધૂળ ઉડાડે છે તે મારીને ઘરમાં ધૂળધૂળ થઇ જાય છે ! કોઇ રાંડ માથામુંડી વાળવા આવે છે કે ? વાળતાં જોર પડે છે ખબર છે !

---

૧. "ભા.ભૂ." પ્રથમ અલંકાર, પૃ. ૨૦

૧ સ્ત્રી – અરે છોકરાં હશે તો ધૂળ ઉડાડશે ! તારા જેવી રાંડ નછોરવીને થૈર ધૂળ કે કાંકરા કોણ ઉડાડનાર છે ! અને આજનો દિવસ તો જવા દઉં છું. પણ હવે પછી જો મારાં છોકરાંને આંગળી અડાડી તો તારો હાથ કલમ કરી નાંખીશ ! તું જાણે છે કે મને કે એમ જ ?

૨ સ્ત્રી – અરે જાણી જાણી મોટી હાથ કલમ કરનારી ! (સામી ધસીને) લે આવ જોઈએ ! આ હાથને કલમ કર જોઈએ ! તું આગળ તો આવ. જો તારાં લટીયાં ઉખેડી ના નાંખું તો મારું નામ પાંખડી નહિ ! તું શું મને ધમકાવતી'તી ! એમ ડરી જનારી હું નો હય ! તે બીજી, ખબર છે કે'ની ?

૧ સ્ત્રી – (પોતાના છોકરાનું પગોહું પકડીને આગળ ધરતાં) લે જોઈએ, તું માર તો ખરી, આ છોકરાને, પછી જો ! તારો હાથ કલમ કરું છું કે નહિ ?

૨ સ્ત્રી – હવે મારે આંગણે આવીને ખાડા ખોદીને ધૂળ ઉડાડવા કે જોઈએ ! પછી જો ! એનો ટાંટીયો વાઢું છું કે નહિ.

૧ સ્ત્રી – અરે ઉઠ મોટી ટાંટિયો વાઢનારી દીઠી નહિ હોય તો ! લાંબુ ટૂકું બોલીશ તો તારી જીભ જ ઠાંસી કાઢીશ ! તું હજી મને ઓળખતી નથી !

૨ સ્ત્રી – અરે જા જા મોટી ઓળખવા વાળી ! તું તો જીભ ઠાંસતી રહી જઇશ પણ હું તો તારું આ હોળીના ચૌંડા જેવું લાંબુ નાક છે તે આંગળા બે ભરીને કાપી નાંખીશ ! આવ જોઈએ આધી લગાર જીભ ઠાંસવા, પછી તને તમાસો દેખાડું.

૧ સ્ત્રી – અરે બાળ તારું ખાહડા જેવું મોઢું ! આ તારું રૂપાળું વચ્ચેથી પચડું ફરી ગયેલું ચીબું નાક તો જો ! રાંડ ચીબી ને વળી બુચી છે ને છાક કેટલો છે ! તું તો વઢતી રહીશ પણ આગળ તો આવ, તારું નાક કચડી ના નાંખું તો મારું નામ ગોવડી નહિ, પછી લાવજે તારું લશ્કર હોય તે ચઢાવીને.

૨ સ્ત્રી – (સામે ધસી આવીને) લે કયડ જોઇએ ! લે કયડ જોઇએ."[૧]

"માથામુંડી", "રાંડવાંઝણી", "અભાગણી", "નમારમુંડી", "અંખમાં મરચાં પડવાં", "જીભે કાંટા ઉગવા", "હાથને કલમ કરવું", "ચીબી", "બુચી" વગેરે સ્ત્રીઓની વઢવાડમાં જ ખાસ વપરાતા સંબોધનો અને કેટલીક કહેવતોનો યથાયોગ્ય ઉપયોગ કરી સમગ્ર ચિત્રને લેખકે સુંદરરીતે ઉપસાવ્યું છે. આવાં અને આથી પણ બદતર અપશબ્દો તો આપણે મહોલ્લે મહોલ્લે થતા કજિયામાં સાંભળીએ છીએ. આવાં ઘણાં દૃશ્યો પ્રસ્તુત ગ્રંથમાં કર્તાએ ઉચિત સ્થાને મૂકયાં છે. પણ તેઓશ્રી માટે આવાં રસિક ચિત્રાત્મક દૃશ્યો રજૂ કરવાં એ વર્ણ્યવિષય નથી. તેમાં તેમને ખાસ રસ પણ નથી. સજ્જનોના સત્સંગથી સામાન્ય જીવ પણ મલિન દૂષણોને ત્યાગી નવી જીવનદૃષ્ટિ મેળવી વિશિષ્ટ અધિકાર પ્રાપ્ત કરી શકે છે, એ લેખકને દર્શાવવું છે.

ભૂધર પોતાના ઘરસંસારથી અને માંહોમાંહોના ઝઘડાથી કંટાળી ગયો છે. મનોહરની કથા રૂપી ઇલમની બદુઇ લાકડીથી મહોલ્લામાંનાં બીજાં કજિયાખોર પાત્રોનું પરિવર્તન થયેલું જોઇ ભૂધર, આશ્વાસન મેળવવા મનોહર ભટ્ટ પાસે આવે છે ત્યારે કહે છે,

".....જાણો જ છો કે ની, સંસાર નર્યો દુઃખનો ભરેલો છે. આ અમારાં સામાં રહે છે, તે વિજળી, પ્રાણકોર, કમળા એ મહા નજીસ બરાં હતાં, પણ હું જોઉં છું તો આ આજ દસ દિવસમાં એમના સ્વભાવ જ બદલાઇ ગયા છે, એ સૌ આપના પરતાપ. એ જોઇને મારા મનમાં ખરું પૂછો તો એમ આવ્યું જે આપના પરતાપથી આ અમારા ઘરનો કલેશ મટે તો ઘણું સારું, તેથી કહ્યું લાવ, એકવાર એકાંતમાં જઇને ભટજીને મળી આવું."[૨]

---

૧. "ભા.ભૂ.", ચતુર્થ અલંકાર, પૃ. ૨૨૧

૨. "ભા.ભૂ.", તૃતીય અલંકાર, પૃ. ૬

એ જ મહોલ્લામાં રહેતી કમળા જિદ્દી, હલકી અને ઝઘડાખોર સ્વભાવની સ્ત્રી હતી. પરમેશ્વર સમા પતિને પણ તે ઘણું હેરાન કરતી. તે નિયમિત રાંધતી નહીં, છાશવારે વગર કારણે પતિ સાથે છણકા કરતી તથા કલ્લાં, દાગીના વગેરે માટે ઘરની આર્થિક સ્થિતિનો વિચાર કર્યા વગર હઠ પકડતી. પણ કથાશ્રવણથી સદ્‌વિચારોનું તેને ભાથું મળે છે, પોતાની ભૂલ સમજાય છે તથા કથામાં આવતી આદર્શ પતિવ્રતા નારી થવા તે યથાશક્તિ પ્રયત્ન કરે છે. આથી ગરીબ ગાય જેવો ગોકળ, પત્નીમાં આમૂલપરિવર્તન જોઇ હરખાય છે.

"ગોકળ – હા, હવે તો મને સુખ રહે છે. પહેલાં તો તારો સ્વભાવ જોઇને રાતદહાડો મને બહુ બળાપો થતો. અને હવે તો તું આનન્દમાં રહે છે, એટલે તને ખુશી દેખીને હું પણ ખુશીમાં રહું છું. ભલું થજો એ ભટજી મહારાજનું કે આ આપણને બોધ આપીને સુધારે છે. અરેરે ! આટલા દહાડા તો ફોકટ આવરદામાંથી ઓછા કર્યા. બુધ્ધિ સુધર્યા વિના સુખ થતું નથી, એ વાત સાંભળતાં તે સાચી ખરી, અને સારા માણસની સોબત વગર બુધ્ધિ સુધરતી નથી, એ વાત પણ બરોબર છે.[1]

આમ લેખક અલગ અલગ ભૂમિકા પર ઊભાં રહેલાં ભિન્ન ભિન્ન કક્ષાનાં પાત્રો રજૂ કરે છે, અને મનોહર-વિજયાની બોધપ્રધાન કથાથી ઘડાતી રુચિનો ખ્યાલ આપે છે. સ્વૈરવિહારિણી ચંચળા, તોતડો બાળમુકુન્દદાસ, જિદ્દી કમળા, મરતાને મર કહી શકવા પણ અશક્તિમાન ગોકળ, કાતર જેવી જીભવાળી વિજળી, "તમને કહું" "તમને કહું" કરતા હરકીશન, સમજુ ચંદન, શિક્ષિત પણ અસંસ્કારી

---

૧. "ભા.ભૂ.", તૃતીય અલંકાર, પૃ.૧૦

કૃષ્ણદાસ, ધર્મપ્રિય જયંતી, ઉંધેણસી મુકુન્દલાલ વગેરે સર્વ પાત્રોમાં ન્યૂનાધિક અંશે ગુણદોષ રહેલા છે. પણ એક મોટો અવગુણ વારંવાર દેખા દેતો હોવાને લીધે તેઓના નવ્વાણુ ગુણ ઉપર પાણી ફરી વળે છે. આકરો સ્વભાવ, ધૈર્યની ઊણપ તથા સદ્‌પુરુષની સંગતિના અભાવને લીધે તેઓ સર્વ સમાજમાં પ્રતિષ્ઠાની દૃષ્ટિએ હલકાં પડી જાય છે. પરંતુ મનોહર-વિજયાની કથા-વાર્તાથી તેઓના દોષો આપો આપ નાશ પામે છે અને સદ્‌ગુણો ખીલી ઉઠે છે - જેમ સૂર્યચંદ્રના ઉદયે કમળ કે કુમુદ ખીલી ઊઠે. જીવનથી ભાગીને નહીં પણ તેને માણીને પણ જીવનો સર્વદેશીય પ્રભુ-પ્રીત્યર્થે વિકાસ કરી શકાય છે. ગુરુએ કે અધિકારી સજ્જને ચીંધેલી યોગ્ય કેડી પર ચાલતાં મનુષ્ય સંસારમાં રહીને પણ સ્થિતપ્રજ્ઞ બની શકે છે.

શરૂઆતમાં આ સર્વ પાત્રો વિજયાગૌરીએ શીખવેલાં પ્રભાતિયાં જ ગાતાં, પરંતુ વૃત્તિ પ્રભુ પ્રત્યે કેન્દ્રિત થતાં ધીમેધીમે સર્વ પોતાની શક્તિ પ્રમાણે ઈશ્વરસ્મરણાર્થે પદો જોડી કાઢે છે અને મહોલ્લામાં સવારનું સમગ્ર વાતાવરણ પવિત્ર બની જાય છે. પંદરમા દિવસના સુરમ્ય પ્રભાતે બાળમુકુન્દદાસ વિઠ્ઠલજીને કહે છે -

"ના'વાની ટો ટૈયાડી છે હેથલ, પન જડા બેથો, એતલામાં ટો ચોગડડમઠી કિડટનનો નાડ આવ્યો, ટેના સ્વાડમાં વિચાડ કડટો બેથો કે આહા ! આ આપના ભતજી મ્હાડાજના પુનપડટાપ જેજેકાડ ઠૈ ડહ્યો છે ! બાકી આ સૂડજનાડનના ઉગટા પહેલાં ટો ગાલાગાલીનાં મંગલ ધૈડેધૈડ ગવાટાં જ હોટ ! કેમ ખોટું કહું છું વિથ્થલજી ?"[1]

"ત"ની જગ્યાએ "ટ" અને "ડ"ની જગ્યાએ "ર" તથા તળપદી બોલીનો સાદ્યંત પ્રયોગ કરનાર બાળમુકુન્દદાસ, અડગ પ્રયત્નથી થોડા

---

૧. "ભા.ભૂ.", તૃતીય અલંકાર, પૃ.૫

વખતમાં સ્પષ્ટ બોલતો થઇ જાય છે. તપ વગર સિધ્ધિ નથી, માણસ પ્રયત્ન કરે છે તો તેને તત્‌વિષયક સદ્‌ફલ મળે જ છે. આમ લેખકે ગુણ-અવગુણમિશ્રિત રાજસી પાત્રો મોટી સંખ્યામાં આપ્યાં છે તથા તે દ્વારા બોધ કર્યો છે કે પ્રત્યેકમાં ગૂઢ રૂપે રહેલી સાત્ત્વિક ભાવનાને સદ્‌વિચાર, સદ્‌સંગતિ, સદ્‌ગુરુ દ્વારા ખીલવી ક્રમશઃ ઉચ્ચ ભૂમિકા પ્રાપ્ત કરી શકે છે. સર્વ પાત્રોમાં પ્રેયસ્‌વૃત્તિ પ્રધાન છે પણ નિગૂઢ રૂપે શ્રેયસ્‌વૃત્તિ પણ રહે છે. યોગ્ય માવજત અને ક્રમિક સાધના દ્વારા પ્રેયસ્‌માંથી શ્રેયસ્‌માં સરળતાથી સંક્રાન્તિ થઇ શકે છે.

કૃષ્ણદાસ, કેવડી, નરખી કે રામશંકર પુરાણી જેવા તામસી પાત્રો પણ લેખકે ચીતર્યાં છે. પોતાનો જ કક્કો ખરો કરનાર અને પોતાના જ ચશ્માંથી સમગ્ર દુનિયાને જોનાર કૃષ્ણદાસ કે રામશંકર પુરાણી માત્ર "ભામિનીભૂષણ"નાં પાત્રો નથી પણ જીવાતા જગતમાં પણ તેવાં ઘણાં મનુષ્યો મળી આવશે. "નબળો ધણી બૈરી પર શૂરો" એ ન્યાયે કૃષ્ણદાસનું બહાર કંઇ ઉપજતું નથી. તેથી વગર વાંકે તે શાંતસ્વભાવની સુશીલ પત્ની ચંદન પર છાશવારે ગુસ્સો કરે છે. રામશંકર પુરાણી, મુકુન્દદાસ, કેવળદાસ, ભૂખણદાસ, ગોવિંદરામ વગેરે સામે શાસ્ત્રવચનો મૂકી તડુકયા કરે છે. યોગીરામ વૈદ્ય તેમના અગ્નિ સમા સ્વભાવની ટીકા કરે છે ત્યારે તે દુર્વાસામુનિનું દૃષ્ટાંત લઇ પોતાનો પાંગળો બચાવ કરે છે. પરંતુ ધીરજરામ જોષી જયારે શાસ્ત્રમાંથી પ્રમાણો ટાંકી "શેરને માથે સવાશેર" થાય છે ત્યારે તે મૂંઝાય છે. તો પણ સ્વભાવ પ્રમાણે પુરાણી પોતાનું જ વાજું વગાડયા કરે છે. આમાં તેમનો સ્વભાવ ખુલ્લો પડી જાય છે. આવા જિદ્દી માણસો પણ કયાં આપણને સંસારમાં જયાં ત્યાં અથડાતા નથી !

આમ લેખકની વિભિન્ન પાત્ર સૃષ્ટિ સર્વ વર્ગ, વર્ણ અને સ્વભાવને આવરી લે છે. સંસાર દુઃખનો દરિયો છે તથા એ સંસાર

સુખની ખાણ પણ છે. ધર્માભિમુખ દૃષ્ટિ કેળવાય, ધરાયેલા વાઘ જેવી વૃત્તિ પર સંયમની લગામ નંખાય, વાસનાઓને ભોગવી, ક્ષીણ કરી, ચતુર્થાશ્રમમાં સંસારમાં રહીને કે સંસારને ત્યાગીને સંન્યસ્તજીવન ગુજરાય, દાન, અધ્યયન તથા તપ એ ત્રણેમાં સતત અસંતોષ રહે તો આ માયાવી સંસાર દુઃખરૂપ નહીં પણ સુખરૂપ લાગે – વગેરે તત્ત્વજ્ઞાન લેખકે વિશાળ સંખ્યામાં પાત્રો ખડકી દઈ, જુદી જુદી કથા–આખ્યાયિકા દ્વારા રજૂ કર્યું છે.

"ભામિનીભૂષણ"ના પાંચે અલંકારની વસ્તુસંકલના પૂર્વયોજિત અને સુશ્લિષ્ટ છે. વિજયાની શંકાના સમાધાનાર્થે મનોહર ભટ્ટ એક કથા કહે છે. તેમાં લક્ષ્મી નામની માતા તેની વયમાં આવેલી સાસરે જતી પુત્રી સરસ્વતીને અનેક ઉપદેશવચનો કહેતાં સ્ત્રીવિષયક ફરજોની સમજણ આપે છે. વિશેષમાં મનોહર વિજયાને પ્રભાતિયાં પણ શીખવાડે છે. તેમાં, — "ચંચળ નારીની ચંચળતા, ટાળી શાંતિ ધરજો રે" થી શરૂ થતા પ્રભાતિયાની છેલ્લી પંક્તિ આ પ્રમાણે આવે છે,

"મનહર હે કુળવંતી નારિ, પતિને જમાડી જમીએ રે".

પરંતુ "કાગનું બેસવું ને ડાળનું પડવું" તે પાડોશણ ચંચળા સાથે વિજયાને આગલે દિવસે સહેજ બોલાચાલી થઈ હોય છે. આથી પ્રભાતિયામાં પોતાનો નામોલ્લેખ સાંભળી તથા વિજયાને નિર્લજ્જ થઈ પતિનું નામ બોલતી સાંભળી, ચંચળા નફ્ફટ બનીને આખો મહોલ્લો ગજવી મૂકે છે. પણ સુશીલ વિજયા આનો કશો ઉત્તર આપતી નથી. આથી નાગણનો ફૂંફાડો વ્યર્થ જાય છે. ચંચળાના પતિ બાળમુકુન્દદાસ આનો મનોહર પાસે ખુલાસો માગે છે ત્યારે ચાલતી કથાનો તેમને ખ્યાલ આવે છે. કુતૂહલવૃત્તિથી તેઓ મનોહર ભટ્ટની આજ્ઞા મેળવી કથાવાર્તાનો સદ્‌લાભ ઉઠાવે છે. આમ ધીમે ધીમે મહોલ્લાના લોકો કથા શ્રવણ કરવા દરરોજ એકત્રિત

થાય છે. કેવો સુંદર અને નાટ્યાત્મક બીજનિક્ષેપ !

ભાગિરથી, પારવતી જેવી શુધ્ધ અંત:કરણવાળી સ્ત્રીઓને તો કથા ઘરઆંગણે વહેતી પવિત્ર ગંગા બની જાય છે. પરંતુ ચંચળા, ઉજ્જ્વ, સંકળી, વિજળી, પ્રાણકોર વગેરે આગના ભભૂકા સમી સ્ત્રીઓના સ્વભાવમાં એકદમ પરિવર્તન આવવું શક્ય નથી. આથી ચંચળા અને વિજળી સ્વભાવપ્રમાણે કથાશ્રવણ કર્યા બાદ પણ એકબીજાને ચીડવવાનું છોડતાં નથી. વિજળી કથામાં જાય છે પણ ખૂણામાં રહેતા શિક્ષિત ગોવર્ધન અને ધનલક્ષ્મી શી વાતો કરે છે તેમાં જીવ રાખે છે. ફુયલી, નિંદા, ચાડી વગેરેના વ્યવસનવાળી નખરાળી અટકચાળી સ્ત્રીઓની પ્રતિનિધિ (type-character) વિજળી છે એમ કહી શકાય. વિજળીનો વર હરકીસન તોતડો છે તથા પ્રાણકોરનો વર વ્રજભુખણદાસ વાક્યમાં વારંવાર "તહિંયાડી તહિંવાડી" શબ્દો વાપરે છે. વિજળી અને પ્રાણકોર કથામાં જવાની તૈયારી કરે છે ત્યારે તેઓ બંને એકબીજાના પતિની ખુલ્લી ટીકા કરતાં અને હસતાં અચકાતાં નથી.

"પ્રાણકોર – ....હું એકલી જઉં તે કરતાં આપણે બધાં સાથે જઇશું. કેમ વિજળી ! તારા તોતળિયાને સાથે લેઇશ કે નહી ?

વિજળી – હો તેમાં શું ? તારા તહિંયાડીને મારા તોતળિયા. "અલ્લાને બનાયા જોડા, એક અંધા ને બીજા ખોડા." બંને જોડે જોડે જશે, ને આપણે બધાં પાછળથી જઇશું, કેમ ઠીક કેની ?"[૧]

આવા પ્રસંગોથી વાતાને લેખક વધુ રુચિકર બનાવે છે અને સાથે સાથે સ્ત્રીઓની કુટેવો પર માર્મિક કટાક્ષો કરતા જાય છે.

મુખ્યત્વે પ્રસ્તુત ગ્રંથ સ્ત્રીવિષયક હોવાને લીધે તેમના વિવિધ પ્રશ્નોને કર્તા ચર્ચે તે સ્વાભાવિક છે. કથા, આડકથા, ટૂચકા,

---

૧. "ભા.ભૂ.", પ્રથમ અલંકાર, પૃ.૧૫૮

કહેવતો, રોજિંદી, વઢવાડો વગેરે અનેક પ્રસંગો દ્વારા લેખક મનોહરની કથામાં સ્ત્રીઓને લગતા અનેક પ્રશ્નોને છેડે છે.

સાસરામાં વહુએ દિવસ-રાત્રીનો વખત કેમ ગાળવો તથા સાસુ, સસરા, પતિ વગેરેની સાથે કેમ વર્તવું ? વસ્ત્ર વિના શા માટે કદાચિત્ પણ સ્ત્રીઓને સ્નાન ન કરવું ? ચોટલો છૂટો મૂકીને કેમ ન ફરવું ? અતિથિ સાથે કેમ વર્તવું ? ચાકર સાથે કેવો વ્યવહાર રાખવો ? પાચક કેવો રાખવો ? પતિની પ્રીતિ પ્રાપ્ત કરવા માટેના ઉપાયો કયા ? કન્યાનું લગ્ન કઇ ઉંમરે તથા કેટલી ઉંમરના પુરુષ સાથે કરવું ? કેવા વરને સારાં માબાપે દીકરી પરણાવવી ? કુળવાન સાસુસસરાએ પુત્રવધૂનું શી રીતે રક્ષણ કરવું ? માબાપે પોતાની કુમળી પ્રજા સાથે કેવો વ્યવહાર રાખવો ? નીચકુળની સ્ત્રીઓ સાથે શા માટે સંગતિ ન કરવી ?....વગેરે મુખ્યત્વે ગૃહ તથા સ્ત્રીઓની આવશ્યક ફરજો સંબંધી અલંકારમાં કર્તાએ ઉપદેશ આપેલો છે.

દ્વિતીય અલંકારમાં આડકથાઓ વિશેષ છે. ગૃહ કરતાં ધર્મ સંબંધી ઉપદેશ પ્રધાનપણે છે. ભાષા, વિષય, નિરુપણપધ્ધતિ વગેરેમાં પ્રથમ અલંકાર જેવી ઝળવાશ નથી. પણ શૈલી વિષયાનુકૂળ ગાંભીર્ય ધારણ કરે છે. સુખ ભોગવેલા દુઃખી માણસે દુઃખમાં કેવા વિચાર કરવા તથા કેવા સ્વભાવથી રહેવું ? સારાં અને નઠારાં કર્મો કયાં ? દુષ્ટ સ્વભાવનો ત્યાગ શા માટે કરવો ? લોકવ્યવહારની નીતિ શા માટે ન છોડવી ? ઉદારતા અને કૃપણતા તથા તેનો વિવેક, ધનના ગેરફાયદા, અનિર્વચનીય માયા, દાન અને તેના પ્રકાર તથા તેનું ફળ, ગુપ્ત દાનની અગત્ય, સાચો ધર્મ અને તેનાં લક્ષણો, જીવ, ઇશ્વર, પુરુષ, પ્રકૃતિ, મોક્ષનું સ્વરૂપ, તીર્થના ફાયદા.....વગેરે વિષયો આમાં આવરી લીધા છે.

તૃતીય અલંકારમાં પણ દ્વિતીય અલંકારની જેમ આડકથા દ્વારા સુબોધ કર્યો છે. ખાસ સ્ત્રીઓને જાણવા યોગ્ય અને કેટલીક સર્વોપયોગી એવી વ્યવહાર અને પરમાર્થવિષયક છૂટીછવાયી ચર્ચા કરી છે. ગર્ભ રહ્યા પછી બાળકનું શરીર કેમ બંધાતું હશે તથા જીવની જાળવણી શી રીતે થતી હશે ? ગર્ભવતી સ્ત્રીએ તે સમયે લેવાની યોગ્ય સંભાળ, બાળકને ધવડાવવામાં થતો વિધિ, દૃષ્ટિદોષ અને તેનું નિવારણ...વગેરેથી માંડીને અંતઃકરણચતુષ્ટય, નિરાકાર અને સાકાર પરમેશ્વર, તત્ત્વજ્ઞસ્વરૂપનું જ્ઞાન વગેરે પ્રશ્નોને પણ આ અલંકારમાં સમાવ્યા છે.

ચતુર્થ અલંકારમાં મૂર્ખને કેવીરીતે શિખામણ આપવી ? વર્ણભેદ અને તેની અગત્ય, સુખ અને તેના પ્રકારો, મહામાયા શક્તિ અને સ્વરૂપો, મૃત્યુ, પરમેશ્વરનું સ્વરૂપ વગેરે પ્રશ્નોની ચર્ચા કરેલી છે. પ્રસ્તુત અલંકારમાં આરંભના ત્રણ અલંકારને મુકાબલે ગૂઢ વિષયોની ચર્ચા વિશેષ પ્રમાણમાં કરેલી છે.

પંચમ અલંકારમાં લેખકે શ્રીરંગશેઠના પુત્રોની કથા દ્વારા તથા દોષજ્ઞ અને દૈવજ્ઞાના ઉપદેશ દ્વારા "ભામિનીભૂષણ"ના નિષ્કર્ષરૂપે અનેક કઠીન સમસ્યાઓ રજૂ કરી છે. સારો વક્તા કોને કહેવો ? લોકો સુખદુઃખ શેમાં માને છે ? સાચાં સુખદુઃખ શેમાં છે ? ભિન્ન અધિકારવાળા શ્રોતાઓ; ધર્મ, અધર્મ અને તેનાં સ્વરૂપો; કર્મનો નિયમ ; સ્ત્રીજાતિને પણ ત્યાગનો અધિકાર છે તે માટે યાજ્ઞવલ્કય, મનુસંહિતા, શંખસંહિતા, દક્ષસંહિતા, કશ્યપસ્મૃતિ, વિષ્ણુસ્મૃતિ, ઉપનિષદ્ ગ્રંથો વગેરેમાંથી પ્રમાણ ; સ્ત્રીની મહત્તા ; સંસારનું સ્વરૂપ, જગતમાં પ્રાપ્તવ્યસંબંધ તથા કર્તવ્યસંબંધ....વગેરે પ્રશ્નોને આમાં ચર્ચ્યા છે.

ઉપર જોઇ ગયા તે પ્રમાણે લેખકે, અનેકવિધ પ્રશ્નોની છણાવટ કંઈક ક્રમાનુસાર કરી છે. શરૂઆતના અલંકારમાં તેઓશ્રી હળવા, ઘરગથ્થુ અને રોજિંદા વિષયોની ચર્ચા કરે છે અને ચતુર્થ તથા પંચમ અલંકારમાં તો જીવ, મૃત્યુ, પરમેશ્વર, સુખદુઃખ, માયા, અંતઃકરણ વગેરે તાત્ત્વિક વિષયોની ગંભીરતાપૂર્વક છણાવટ કરે છે. લેખક જાણે વાચકોની – અને "ભામિનીભૂષણ"ની વાર્તા પ્રમાણે મનોહર-વિજયા ભાગિરથી, વિઠ્ઠલ, ચંચળ, બાળમુકુન્દદાસ વગેરે મહોલ્લાનાં સ્ત્રીપુરુષોની – રુચિ ઘડતા જાય છે તથા શ્રોતાઓએ આટલા દિવસ કથામૃત પીધા પછી યોગ્ય અધિકાર પ્રાપ્ત કરી લીધો છે એમ માની ચતુર્થ-પંચમ અલંકારમાં ગહનવિષયોને સ્પર્શે છે.

જેમ સંગમયુગના દૃષ્ટા ગોવર્ધનરામ "બુદ્ધિધનનો રાજકારભાર", "ગુણસુંદરીની કુટુંબજાળ", "રત્નનગરીનું રાજયંત્ર" – એ "સરસ્વતીચંદ્ર"ના ભાગો દ્વારા ગૃહ, સમાજ, રાજય, ધર્મ આદિ વિષયોને વણી લે છે તથા ચોથા ભાગમાં સર્જકને અપેક્ષિત તેવો બોધ મલ્લમહાભવન અને પિતામહપુર જેવાં રૂપકો, સંસ્કૃત અને અંગ્રેજીમાંથી પ્રલંબ અવતરણો, સ્વપ્નદર્શનો, લક્ષ્યાલક્ષ્યની ચર્ચાઓ વગેરે દ્વારા કરે છે તેમ શ્રીમન્નૃસિંહાચાર્યજી પણ છેલ્લા બે અલંકારમાં સર્વોપયોગી અને સર્વોત્કૃષ્ટ સુબોધ કરે છે. અલબત્ત વિવેચકોએ ધિરદાવ્યું છે તેમ "સરસ્વતીચંદ્ર" સમગ્રતયા "મનહર અને મનભર"[1] નવલકથા બની શકી છે. તેમાં "પ્રતિભાપૂર્ણ સર્જનની સાથે પાંડિત્યપૂર્ણ પર્યેષણ" પણ પૂરબહારમાં ખીલી નીકળ્યું છે",[2] તેવું "ભામિનીભૂષણ" વિશે બન્યું નથી.

"ભામિનીભૂષણ"માં છૂટીછવાયી કથા અને આડકથાઓ અમુક સિધ્ધાન્તના પ્રતિપાદનાર્થે રચાયેલી છે. પરંતુ તે કથા રૂપી

---

૧. શ્રી કાન્તિલાલ વ્યાસ, "ગોવર્ધન_શતાબ્દી_ગ્રંથ", પૃ.૪૨૦

૨. શ્રી વિશ્વનાથ ભટ્ટ, "ગોવર્ધનશતાબ્દી_ગ્રંથ", પૃ. ૩૪૬

મણકાઓમાં કોઇ સળંગસૂત્રતા નથી. આથી તેમાં વાર્તારસની અસ્ખલિત પ્રવાહિતા નથી લાગતી. વિરાટ વિષયોને આ મહાકાયગ્રંથોમાં લેખકે સમાવ્યા છે, પરંતુ તેનું સુશ્લિષ્ટ સાંગોપાંગ સંયોજન નથી થયું. વાસ્તવમાં તે લેખકને અપેક્ષિત પણ નથી. આથી "ભામિનીભૂષણ" તત્ત્વચિંતનનો અને સ્ત્રીઓને સુયોગ્ય માર્ગદર્શન આપનો અમૂલ્ય ગ્રંથ બને છે, પણ તે "સરસ્વતીચંદ્ર"ની માફક નવલકથાના સ્વરૂપને વફાદાર રહી શકતો નથી.

મુખ્યત્વે તત્ત્વજ્ઞાનનો સુબોધપ્રધાન આ ગ્રંથ હોવાથી તેમાં વિષયોની થતી પુનરુક્તિ દૂષણરૂપ નથી બનતી પણ ભૂષણરૂપ બને છે. કુશળ વૈદ્યરાજની અકસીર માત્રા માટે જેમ अर्द्धं गुणायलभ्यं કહેવાય છે તેમ આવા ગહન તત્ત્વજ્ઞાનથી ભરપુર ગ્રંથ વિશે પણ કહી શકાય. તેમાં વારંવાર કરવામાં આવતી સમજૂતી અને પુનરુક્તિ માત્ર દૃઢીકરણ માટે જ હોય છે. લેખક પણ એક જગ્યાએ કહે છે,

".....તેથી વિદ્વજનો અર્થપુનરાવૃત્તિ વગેરે દોષોની ત્યાં કલ્પના કરશે ; પરંતુ તે વધારે યોગ્ય નથી. કેમ કે "અભ્યાસ" સમજી એ શૈલિ રાખી છે. આ સ્થાને "અભ્યાસ" એટલે ગ્રંથનો જે પ્રધાનપણે બોધ કરવાનો વિષય હોય, તે આખા ગ્રંથમાં થોડે થોડે અંતરે ફરી ફરી આવવો જોઇએ એવો છે."[૧]

સર્વતંત્રસ્વતંત્ર સર્વજ્ઞ સર્વવ્યાપક એવા પરમતત્ત્વને વેદ પણ સ્પષ્ટ શબ્દોમાં સમજાવી શકયા નથી અને તે "નેતિ નેતિ" જેવા નિષેધાત્મક વલણથી તેને ઓળખાવવામાં સંતોષ માને છે. "ભામિનીભૂષણ"ના કર્તા આ પરમતત્ત્વને સરળતાથી સમજાવવા શકય તેટલો પ્રયાસ કરે છે.

---

૧. "ભા.ભૂ.", પ્રથમ અલંકાર, પ્રસ્તાવના

કથા, ટુચકા, રમૂજ સંવાદ, બોલીવૈચિત્ર્ય વગેરે વ્હેંતારા આવા ગૂઢ વિષયમાં પણ તે સામાન્યજીવને રસ લેતો કરે છે તથા તેમાંથી અનાયાસે હાસ્યરસ પણ નિષ્પન્ન થાય છે.

"જીવતો કોશ" જેવાં પારવતીબાઇ વયોવૃધ્ધ અને જ્ઞાનવૃધ્ધ નારી છે. અધ્યયન વ્હેંતારા નહીં પણ શ્રવણ વ્હેંતારા તે સરળહૃદયા વૃધ્ધાએ ઘણું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું છે. વિજયાગૌરી જ્યારે પોતાના નિત્યકર્મથી પરવાયાં નથી હોતાં અથવા તો શ્રમવશ હોય છે ત્યારે "સંકટની સાંકળ સમાં" પારવતીબાઇ પોતાના અનુભવનાં પાનાં ઉથલાવે છે અને રમૂજ ટુચકા કહે છે. તે ટુચકાઓ બહુધા સ્થૂળ છે પરંતુ માત્ર હસાવવા માટે નથી મૂકાયા. તેની પાછળ લેખકનું ગર્ભિત સૂચન રહેલું હોય છે. "સાસુ-વહુનો ટુચકો", "જ્યાં જાય ત્યાં નસીબ બે ડગલાં આગળ" કહેવતની સમજૂતી, "ઠંઠણપાળ" વગેરે નામ બાબત ટુચકો, સાંભળ્યા-સમજ્યા વગર થતી અવદશાની ડોશીવાળી વાત, "માઇ તેરે ઘરકે દો વડે"વાળા પ્રસંગમાંનો લોભિયો અને બાઉધરો બ્રાહ્મણ જેવા વર્ણનોમાંના પ્રસંગો જીવનમાં પણ બનતા હોય છે. પારવતીબાઇએ તે વ્હેંતારા અનેકવિધ પ્રશ્નો પર માર્મિક કટાક્ષ કર્યો છે અને સમાજનું તાદેશ પ્રતિબિંબ રજૂ કરી દીધું છે.

મનુષ્યમાં કોઇ ગુણ કે અવગુણ વિશિષ્ટ રીતે ફેલાયેલો હોય ત્યારે લોકો તેને અનુસરીને તેનું બીજું નામ પ્રચલિત કરી દે છે. આમાં માનસશાસ્ત્ર પણ કામ કરે છે. દા.ત. પુત્રનું અનુપમ રૂપ હોવાથી પિતા ધર્મદત્તે તેનું નામ દિવ્યમૂર્તિ આપ્યું. બાળપણથી ઘણી ચપળ હોવાથી તથા કામકાજ ઉતાવળથી કરનારી હોવાથી એના પિતાએ એનું નામ સરિતા પાડ્યું. પરંતુ કેટલાંક નામો તો રમૂજ ફેલાવે તેવાં છે. ધીમંતશર્મા ઋષિની પુત્રીનું જન્મરાશિ પ્રમાણે કૌશિકી

નામ હતું પરંતુ "તે છોકરી પોતાના વિચારમાં આવે તેમ કરવાથી જ સંતોષમાં રહેવાવાળી હતી"[૧] તેથી તેનું નામ નિજમતિ રાખ્યું હતું. "કેવડી" નામ કેવી રીતે પડયું તે સમજાવતાં ગોદાવરી કહે છે –

"ગોદાવરી – ગંગા તથા કાવેરીની પાસે આવીને ; એનું નામ તો મૂળી છે પણ જેને તેને વાત આવે એટલે, એવું બોલે કે "અલી તું આમ કેમ બોલે છે ? તું કંઇ મારા જેવડી ? હું કેવડી ને તું કેવડી ?" આવું બધાંની જોડે બોલે. તેથી એનું નામ કેવડી પાડયું છે, બાઇડીઓએ. એને મોંઢે કહયું હોય તો વઢવા બાઝે."[૨]

આ સર્વ પ્રસંગોને વાસ્તવિક, ચિત્રાત્મક અને રસપ્રદ બનાવવા માટે લેખકે કહેવતોનો ઉપયોગ છૂટે હાથે કર્યો છે. મધ્યકાલીન યુગમાં માંડણ બંધારો, અખો કે શામળે છપ્પા કે પદ્યવાર્તામાં કહેવતોને જેવી રીતે સહજતાથી વણી લીધી છે, તેવી રીતે શ્રીમન્નૃસિંહાચાર્યજીએ અર્વાચીન યુગમાં "ભામિનીભૂષણ"માં યથાયોગ્ય સ્થળે અનેકવિધ કહેવતો[૩] પ્રયોજી છે. આથી પ્રત્યેક પ્રસંગ ચોટદાર અને ભાવવાહી બને છે તથા રમૂજ સાથે જ્ઞાન પીરસતો જાય છે.

---

૧. "ભા.ભૂ.", દ્વિતીય અલંકાર, પૃ. ૭૬

૨. "ભા.ભૂ.", દ્વિતીય અલંકાર, પૃ. ૧૩૬
સરખાવો – "સરસ્વતીચંદ્ર"માંનાં બુધ્ધિધન, સૌભાગ્યવતી, કુમુદ, કુસુમ, ગુણસુંદરી, વિદ્યાચતુર, ભૂપસિંહ, સરસ્વતીચંદ્ર, ચંદ્રકાંત, લક્ષ્મીનંદન, ગુમાન, ધૂર્તલાલ, શઠરાય, ખલકનંદા, રૂપાળી, જમાલ વગેરે બધાં જ પાત્રોનાં નામ લેખકે સ્વભાવમુજબ પાડયાં છે ; જ્યારે અન્ને એવું બધે નથી. જ્યાં એ પ્રમાણે છે ત્યાં આવો માનસશાસ્ત્રીય ખુલાસો આપ્યો છે.

૩. કહેવતો માટે જુઓ પરિશિષ્ટ ૨

કેટલીક આડચર્ચાઓમાં પણ રમૂજ સાથે તત્કાલીન સળગતા સામાજિક પ્રશ્નો પર કર્તા નમ્ર પ્રહાર કરે છે. દ્વિતીયાલંકારમાં છાતી ફૂટવા વિશેની ચર્ચા કમળા અને દિવાળીની વાતચીતમાં છે તો પ્રથમાલંકારમાં વિઠ્ઠલજી અને બાળમુકુન્દદાસ સાસરા વિશે મજાક કરે છે. લેખક આ સર્વ ચર્ચામાં સ્વસ્થપણે તટસ્થ રહે છે. પરંતુ તે તખ્તા પર પાત્રોને ધકેલી, તેમની બોલી અને વક્રદર્શનની પધ્ધતિ વ્હારા - ખબર ન પડે તેમ - કટાક્ષ કર્યે જાય છે.

મન જેવા ગહન વિષયને પણ ઉક્તિવૈચિત્ર્ય વ્હારા તથા રમૂજી નિરૂપણપધ્ધતિ વ્હારા કેવો સરળ બનાવે છે !

"બાળમુકુન્દદાસ - જુવો મેંડબાન ! આ મન છે ટે ટો એક બાડસાહ જેવું છે. એને કંઈ કોઈનો ડડ છે ? આ નગડના બાડસાહોને ટો લોકના ડીથાનો પન ભે છે, ને આ મનને ટો કોઈ ડેખી સકટું નઠી, એતલે એ ટો બાડસાહનો પન બાડસાહ છે. માંહે બેથો બેથો ઢાનમાં આવે છે ટેમ ઢારના બાંઢે છે. અડે પંખી ટો સું, પન આ વિજલી કડટાં પન એનો વેગ જબડો છે ! આજ એની બડાબડી કડી સકે એવી કોઈ વસ્તુ હોય ટો બટાવો."[1]

નવલરામે જેમ "મૉક ડૉક્ટર" પરથી રૂપાંતરિત "ભટનું ભોપાળું" નાટકમાં સૂરતી તથા અમદાવાદી બોલી, દેસાઈ ને વાણિયાવર્ગની વાણીની વિચિત્રતા વગેરે દાખલ કરીને બોલીવૈચિત્ર્ય વડે હાસ્યરસ નિષ્પન્ન કરવાનો સફળ પ્રયત્ન કર્યો છે તેમ અત્રે શ્રીમન્નૃસિંહાચાર્યે પણ ઉત્તર ગુજરાત, વીસનગર, અમદાવાદની તથા સૂરતી બોલીના વિશિષ્ટ પ્રયોગો વ્હારા હાસ્યરસ નિષ્પન્ન કર્યો છે. બાળમુકુન્દદાસ તથા હનમવાળી વાત કરતા "૧ પુરુષ"ની

---

૧. "ભા.ભૂ.", તૃતીય અલંકાર, પૃ. ૬૫

સૂરતી બોલી તેમ જ "તેમને કહું", "જે છે તે", "તહીંઆડી તહીંઆડી"નો વાક્યમાં વારંવાર પ્રયોગ કરનારા હરજીવનદાસ, દ્વારકાદાસ, વ્રજભૂષણદાસ વગેરેની બોલીથી સ્વાભાવિક રીતે હાસ્ય ઉત્પન્ન થાય છે.[1] આપણે એકાદ ઉદાહરણ લઈએ –

"હરજીવનદાસ – જુઓ તમને કહું શેઠ ! આ સંસારનું તમને કહું કેવું કામ છે જે તમને કહું મરતાં સુધી પન તમને કહું ઉંચું આવવાનું નથી. સાલો "સઇનો દીકરો જીવે ત્યાં સુધી સીવે" તમને કહું. જુઓ આ સાસતર પુરાન તમને કહું તે પન બામનો રાતદહાડો વાંચે છે. તમને કહું, પન સઉ નસીબ પરમાને સમજે છે, તમને કહું, કેમ દવારકા ! ખોટું છે ?

દ્વારિકાદાસ – આ જે છે તે કહેવત વાલી વાત. "નર દેસ ગયો પરદેસ ગયો, પન ભાયગ વના કોડી ના પાયો." જે છે તે પરમેસરની કિરપા વિના જે છે તે છોને હજાર ઉપાય કરો, પન જે છે તે પથ્થર ઉપર પાની. અરે, આ જુવોની જે છે તે આ પાંચ ઘરનું નથી, પન જે છે તે પાંચ દહાડાથી કથા જે છે તે ચાલે છે, પન આજે સેઠે આવીને કહયું તારે જે છે તે જાણ્યું ; કહયું ચાલો બચ્ચા ! સેઠ જે છે તે કહેવા આવ્યા તો આપને જવું જે છે તે. કેમ બીજભુષન ! મેં જે છે તે તમને એ જ કહયું કેની ?

બ્રીજભુષણદાસ – હાજ તો. તમે તંઇઆડી મને બૂમ પાડી તારે મેંહું તંઇઆડી જવું જ જોઇએ. બાકી તંઇઆડી હું હમના જ વાલુ કરીને તંઇઆડી ઉઠયો. મેંહું ચાલ તંઇઆડી તુંબાકુ ખાઇને

---

૧. પ્રસ્તુત ગ્રંથના કર્તા શ્રી મનસુખરામ સૂર્યરામ ત્રિપાઠી સૂરત તરફના તથા તેમના પત્ની શ્રી [illegible] દેવી ઉત્તર ગુજરાત તરફનાં હોવાને લીધે, આવી બોલીઓનો પ્રયોગ તેમાં અનાયાસે થયો હશે, તેમ અનુમાન કરી શકાય.

બઉ, તંઇઆડી. બં પંચ ત્યાં પરમેસર છે જ. બાકી આજે તંઇઆડી આખો દહાડો રખડપટ્ટી તહીંયાડી પોંકી છે. પન કહ્યું, ધરમનું તંઇઆડી કઠાનું નામ સાંભળ્યું કે તંઇઆડી કહ્યું ગયા પાકી તંઇઆડી ના આલે. કેમ સેઠ બરું કે બોટું ?

દાસ – આમ જુવો, એ બહુંએ બરું, પન સેઠ માડા, ઘડમાં બેથાં બુધ્ધિ ઘતે છે. માતે આ ભતજી બાવા જેવા સટપુડસનું ડડસન કડવું ને ટેમના મોંના બે બોલ સાંભલવા, ટેમનો સમાગમ કડટા જવું. આ માડા જેવા સાલા બણુચક પાસે બેસીને સી કમાની ઠવાની છે ? લોકનાં કડમબંઢન ટો છે. ટેઢી કહું છું કે જુઓ "સાથ ઘેટી ઘડકી ને બે ઘેટી હડકી" સમજયા કેની ? અહિંટો પોટપોટાનું ટપાસવાની વાટ છે ! જુવો, બંસુઢી આપના હુડગુનને સોઢીને મેડાન મૂકયા નઠી, ટાંસુઢી સોલે સોતકી કાચી બનજો. કેમ ડવાડકા ! સમજન પરી કે–ની ?"[1]

અલબત્ત આનો અતિશય ઉપયોગ કયાંક કંટાળાજનક પણ બની જાય છે.

છતાં સમગ્રતયા શ્રીમન્નૃસિંહાચાર્યે "ભામિનીભૂષણ" દ્વારા આપણા હાસ્યરસના સાહિત્યમાં ધ્યાન ખેંચે તેવો ફાળો આપ્યો છે, તેમ નિર્વિવાદપણે કહી શકાય.

અર્વાચીન યુગમાં, "કવિતા કહીએ કલ્પના જનમનરંજન બણ" એમ માનનારા સભાનુરંજની કવિ દલપતરામે અન્યોક્તિઓ, "વેનચરિત્ર" કાવ્ય તથા "મિથ્યાભિમાન" નાટક દ્વારા હાસ્યરસ ઉપજાવ્યો. ત્યારબાદ નવલરામનો આ પરત્વેનો ફાળો નોંધપાત્ર છે. "ભટનું ભોપાળું" નાટક, "જનાવરની બન" જેવી ગરબી તથા "ઓથારિયો

---

૧. "ભા.ભૂ.", પ્રથમ અલંકાર, પૃ.૧૩૦

હડકવા" જેવા નિબંધ વ્રજેરા હાસ્યરસ નિષ્પન્ન કર્યો છે. નંદશંકર કૃત "કરણઘેલો"માં બે વેદાંતી ભાઇવાળા દૃશ્યમાં, મહીપતરામના "વનરાજ ચાવડો"માં કે હરગોવિંદદાસ કાંટાવાળાની ગર્ધવસેન રાજાની વાર્તામાં વિજળીની જેમ હાસ્યરસ માત્ર દેખા દે છે. પંક્તિયુગમાં તો રમણભાઇ નીલકંઠના અપવાદ સિવાય હાસ્યસાહિત્ય આંખે ચઢતું નથી. "હાસ્યમન્દિર" અને "ભ્રમભક્ત"[1] વ્રજેરા રમણભાઇની સેવા ન ભૂલાય તેવી છે. સાક્ષરતાની પાધડી સમા પંડિતયુગમાં રમણભાઇ પછી શ્રીનૃસિંહાચાર્યે હાસ્યરસના સાહિત્યમાં ગણનાપાત્ર ફાળો આપ્યો છે, તે સાહિત્યકારોએ નોંધવું જરૂરી છે.

यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः। વગેરે પ્રાચીન ભાવના અનુસાર સ્ત્રીની પદવી સર્વત્ર ગૌરવશાળી તથા વંદનીય હતી, એ પ્રાચીન આર્યભાવનાને નવા લેબાશમાં રજૂ કરવા લેખકે સ્ત્રીએ માત્ર દાસી નથી પરંતુ આધ્યાત્મિક જીવન પ્રાપ્ત કરવા માટે સહધર્મચારિણી છે, સ્ત્રીઉન્નતિ વગર પુરુષઉન્નતિ મુશ્કેલ છે, વગેરે ચર્ચા અને કથાનો પ્રયોજી છે. સ્ત્રી અને પુરુષનો એકબીજાથી વિભિન્ન સ્વભાવ હોય તો એકે અન્યને અનુકૂળ થવા પ્રયત્ન કરવો જોઇએ.

"જો કુશળ પુરુષ હોય તો તેણે પોતાની સ્ત્રીનો, અને કુશળ સ્ત્રી હોય તો તેણે પોતાના પતિનો જેટલો નઠારો સ્વભાવ હોય તેને ધીરેથી ઓળખી લેવો અને ઝાઝો સહવાસ થતા સુધીમાં તેના ઉપાયો લેવા માંડયા હોય તો થોડે કષ્ટે ને ઓછે કાળે તે છૂટી જાય છે, અને સુખ થાય છે."[2]

આમ હોય તો જ ગૃહસંસાર સારીરીતે ચાલે. પરંતુ સ્ત્રીઓ પણ ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે. તેઓનો ખ્યાલ આપતાં લેખક જણાવે છે,

---

૧. "ભ્રમભક્ત"નું હાસ્ય પણ પાછળથી વ્યક્તિનિષ્ઠ વધુ બની જાય છે તેથી તેમાં પણ સાર્વત્ત શુધ્ધ હાસ્ય સચવાયું નથી.

૨. "ભા.ભૂ.", દ્વિતીય અલંકાર, પૃ. ૮૬

"આપણી સ્ત્રીજાતિમાં કેટલીક સ્ત્રિયો તો પુરુષોની પંક્તિમાં પણ પુરુષો કરતાં પોતે અધિક માન મેળવવાની આશાવાળી હોય છે, અને પોતાને પુરુષ કરતાં પણ અધિક માનપાત્ર સમજે છે. પુરુષો કરતાં પોતાનો અધિકાર ઊંચો માનનારી તે સ્ત્રિયો વિનાની કેટલીક બીજી સ્ત્રિયો તો પોતાનો સર્વપ્રકારે પુરુષના સમાન અધિકાર સમજે છે ; અને પુરુષની પેઠે સર્વ પ્રકારના વ્યવહારમાં પુરુષના સમાન કાર્યભારની યોગ્યતા પોતામાં છે એમ સમજીને સર્વત્ર ભાગ લેવા ઇચ્છે છે. તે વિનાની કેટલીક સ્ત્રિયો તો સર્વ વ્યવહારકાર્યમાં પુરુષોથી પોતાની ગૌણતા માને છે. અને કોઇ કોઇ સ્ત્રી તો વિવિધ વ્યવહારકાર્યના વિવેકથી કોઇ પ્રસંગમાં પોતાની અધિકતા, કોઇ વ્યવહાર કાર્ય પ્રસંગમાં પોતાની સમતા અને કોઇ પ્રસંગમાં પોતાની ગૌણતા માને છે.

આ ચાર પ્રકારમાંની છેલ્લા પ્રકારની સ્ત્રી કે જે વિવેક વડે પ્રસંગવશાત્ પોતાની અધિકતા, સમતા કે ગૌણતાનો નિશ્ચય કરી લેનારી છે તે મતિના ઉત્તમોત્તમ સામર્થ્યવાળી છે."[1]

આવી સ્ત્રીઓ જો પતિને તદ્દન અનુકૂળ બને તો તેમનો સંસાર નંદનવન બની જાય છે અને બંનેની નિષ્ઠાપૂર્વકની તપશ્ચર્યાથી મોક્ષપદ પણ બીજા કરતાં વધુ જલ્દી મળે છે.

યાજ્ઞવલ્ક્ય, મનુસંહિતા, શંખસંહિતા, વિષ્ણુસ્મૃતિ, ઉપનિષદ્ ગ્રંથો વગેરેમાંથી ઉદાહરણો આપી કર્તા આગળ જતાં એવું પ્રતિપાદન કરે છે કે સ્ત્રી પણ પતિની અનુમતિ હોય તો પતિ સાથે સંન્યાસની થઇ શકે છે.

---

૧. "ભા.ભૂ.", પંચમ અલંકાર, પૃ. ૧૪૮

"જે સ્ત્રી પતિ સહ વનવાસ સ્વીકારે છે તે સ્ત્રીના અંતરમાં વિષયવ્યવહાર સંબંધી વિરાગ છે એમ અનુમાન કરવું એ કંઈ અયોગ્ય નથી. આ પ્રકારની વિરાગવાળી સ્ત્રી વનીના કઠીન ધર્મોને પતિ સહ સેવીને ગૃહધનપુત્રાદિની આસક્તિથી મુક્ત થઇને પશ્ચાત્ પતિના સંન્યાસ સમયે પાછી ગૃહપ્રતિ જાય અને પ્રીતિથી ગૃહવ્યવહાર કરે એ તો સંભવતું નથી. તેમ જ પતિ અન્યાશ્રમમાં વિદ્યમાન હોવાથી પૂર્વે ચાલતા વ્યવહાર પ્રમાણે પતિ સહ પોતાના શરીરને બાળવાનું પણ કોઇ રીતે સંભવતું નથી. અને પતિએ ચતુર્થાશ્રમ લેવાના સમયે પતિ સહ વનીના ધર્મને પાલન કરતી રહેલી સ્ત્રીયે કયાં જવું કે શું કરવું એવું સર્વ સ્થલે ધર્મલેખકોએ વર્ણ્યું નથી. તો પરિશેષથી એમ જ નિશ્ચય થાય છે કે પતિના સંન્યાસના સમયે સ્ત્રીયે પણ ત્યાગાશ્રમ લેવો અને સંન્યાસિની થવું આ પ્રકારે પરિશેષાનુમાનથી પણ મેં પ્રથમ કહયું તેમ સ્ત્રિયોને ત્યાગાશ્રમનો અધિકાર છે એમ સિધ્ધ થાય છે."[૧]

મનોહર-વિજયા, વિઠ્ઠલજી-ભાગીરથી, ધનેશ્વર-કાવેરી, બાળમુકુન્દ-દયાલ-ચંચળા, ત્રિભુવન-પારવતીબાઇ, કૃષ્ણદાસ-ચંદન, હરકીસન-વિજળી, વ્રજભુષણદાસ-પ્રાણકોર, ભૂધર-માણેક, વ્રજરકાદાસ-નવલ, હરજીવન-લાડકોર, પન્નાકર-વિકલા, વૈધેય-મર્કટી, વિષ્ણુશર્મા-મુકત્તા, ધ્વજપાળ-સખાવતી, હરદત્ત-ગિરિજા, પ્રબુધ્ધ-સત્ત્વમતિ, શ્રીરંગ-શ્રીમતિ, યજ્ઞપુરુષ-લક્ષ્મી, ભૂધરકર-નિજમતિ, દિવ્યમૂર્તિ-સરિતા, દોષજ્ઞ-દૈવજ્ઞા વગેરે ભિન્નભિન્ન કક્ષાનાં દંપતીનાં ચિત્રાત્મક ચરિત્રો આપી, લેખકે દામ્પત્ય મહિમા ગાયો છે. સ્ત્રી અને પુરુષ એકબીજા વિના અધૂરાં છે. તથા સર્વ આશ્રમમાં ગૃહસ્થાશ્રમ

---

૧. 'ભા.લૂ.', પંચમ ખંડ ૧૨, પૃ. ૧૯૮

સર્વશ્રેષ્ઠ છે. ગૃહસ્થાશ્રમ માણીને પણ મનુષ્ય ઇશ્વર પ્રીતિનો અનુરાગી બની શકે છે. આ સર્વ સિધ્ધિમાં સ્ત્રીનો હિસ્સો નાનોસૂનો નથી હોતો. વિજયા કે દૈવજ્ઞાના અનુકૂળ સ્વભાવવર્તનથી જ મનોહર કે દોષજ્ઞ આવા ઉચ્ચકક્ષાના અધિકારી જીવ બની શકયા છે.

જયારે સમાજમાં રૂઢિગ્રસ્તતા અને વિચારોમાં કૂપમંડૂકતા પુષ્કળ પ્રમાણમાં હતી અને સ્ત્રી-ઉન્નતિ, સ્ત્રીકેળવણી વગેરે વાતોથી સંરક્ષકવર્ગ ભડકતો હતો ત્યારે તેવે સમયે પંડિતયુગમાં ધર્માચાર્ય શ્રીમન્નૃસિંહાચાર્યે સંસાર સુધારો, સ્ત્રીઉન્નતિ તથા સ્ત્રીકેળવણીના પ્રશ્નો ચર્ચવાનું સાહસ કર્યું છે, તે અભિનંદનીય છે.

પરંતુ મુખ્યત્વે પ્રસ્તુત ગ્રંથ ધાર્મિક છે. તેથી ધર્મને કેન્દ્રમાં રાખી સ્ત્રીની ફરજો અને ઉન્નતિનો વિશેષ ખ્યાલ સર્જકે આપ્યો છે. પ્રારંભની પ્રથમ અલંકારની મનોહરની પત્ની વિજયા તથા પંચમ અલંકારમાં શાણી અને ઠાવકી બની નમ્રતાપૂર્વક કથા કરતી વિજયા, – એ બંનેમાં મોટો તફાવત છે. પુરુષ ધારે તો ધીરજ અને શ્રધ્ધાપૂર્વકની યોગ્ય માવજત દ્વારા સ્ત્રીની રુચિને ઘડી શકે છે તથા ધાર્મિકક્ષેત્રે પણ અધિકારી બનાવી શકે છે.

શ્રીમન્નૃસિંહાચાર્યજી આમ ગૃહસ્થાશ્રમને વધુ મહત્ત્વ આપે છે. એક પછી એક આશ્રમો વટાવી, વાસનાનો ક્ષય કરી, જે છેલ્લા સંન્યસ્ત આશ્રમમાં પ્રવેશે છે તે સાચો સંન્યાસી હોઇ શકે છે, આવો ઉલ્લેખ "ભામિનીભૂષણ"માં ઘણી જગ્યાએ આવે છે.

"જે પુરુષ ઉત્તરોત્તર આશ્રમનું સેવન કરીને અથવા વિના ક્રમે પણ અધિકાર તથા વિધિપૂર્વક ચતુર્થાશ્રમનો સ્વીકાર કરે છે તે મોક્ષરૂપ ઉત્તમ ગતિને પ્રાપ્ત કરે છે. ઋષિ, પિતર્ તથા દેવ સંબન્ધી ત્રણ ઋણનો ભાર ઉતારી સંન્યસ્તાશ્રમનો સ્વીકાર કરવો.

જો વિધિપૂર્વક તે ત્રણ ઋણની નિવૃત્તિ કર્યા વિના જ વિવિધ આપત્તિથી સંતાપને પામીને અથવા ઇચ્છિત વિષયપદાર્થની અપ્રાપ્તિના સંભવે મોહવશ વર્તતો છતાં જે પુરુષ વિષયોમાં અસ્પૃહારૂપ વિરાગને પ્રાપ્ત થયા વિના જ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી ચતુર્થાશ્રમી થાય છે, તે પુરુષ મોક્ષરૂપ ઉત્તમફલને ન પ્રાપ્ત કરતાં ધર્મભ્રષ્ટ રહીને અધોગતિને જ પ્રાપ્ત કરે છે. વિધિવત્ વેદનું અધ્યયન કરીને, ધર્મદ્વારાથી પુત્ર પ્રાપ્ત કરીને, અને શક્તિ અનુસાર સાત્વિક યજ્ઞો કરીને પશ્ચાત્ મનને મોક્ષનાં સાધનોમાં સ્થાપવું, અર્થાત આ પ્રમાણે ત્રણઋણથી મુક્ત થઇને પછી વિષય-વાસનાને શિથિલ કરીને જ્યારે આ મન વિષયોની સ્પૃહા કરતું વિષય પ્રતિ વેગ વડે તણાતું ન ભાસે ત્યારે ચતુર્થાશ્રમરૂપ સંન્યાસ લેવો."[૧]

અધિકાર વિના જેઓ સંન્યસ્તાશ્રમમાં સીધા ઝંપલાવે છે, તેઓ તરફ સાધારણરીતે લેખકની વિશેષ પ્રીતિ જણાતી નથી. તે કહે છે,

"જે ત્યાગી ગામમાં ગૃહસ્થ લોકોની પેઠે મઠ માંડી બેઠો હોય તે કાં તો મહાદરિદ્રદુઃખમાંથી ત્યાગી થયો હોય અથવા અજ્ઞાનપણામાં દેખાદેખી લાલચનો માર્યો નીકળી નાઠો હોય કે પછી રીસના બળિયાળો એટલે મહાક્રોધી મૂર્ખ જેવો હોય. તે કંઇ ઘરમાં ક્લેશ થયો હોય કે પછી ઘરમાંથી તાગુ કરીને નીકળી નાઠો હોય. બહાર નીકળ્યા પછી ક્રોધના આવેશમાં વટલ્યાવંઠ્યા પછી તેમને ઘરમાં કે ન્યાતમાં કોઇ સંઘરે નહિ એટલે પછી પસ્તાઇને તમ જેવા ભોળાને ભરમાવીને ધન ધૂતીને મઠ બાંધીને બેસે."[૨]

---

૧. "ભા.ષૂ.", પંચમ અલંકાર, પૃ. ૨૫૭

૨. "ભા.ષૂ.", પંચમ અલંકાર, પૃ. ૬૫

આમ લેખકે મુખ્યત્વે "ભામિની"નાં ઉત્તમ "ભૂષણો" પરત્વે ચર્ચા કરી સ્ત્રીજાગૃતિ, નારીપ્રતિષ્ઠા અને વિધવાઓના પ્રશ્નને સ્પર્શી, કુમારિકાઓ, યુવતીઓ અને પુત્રીઓને ઉત્તમ પ્રકારનો સુબોધ કર્યો છે. તે એક દોહરામાં કહે છે –

– હરિગીત છંદ –

હે કુંવરિઓ ! કુળવાનની વંચી લહો નિજધર્મને,
પતિવ્રતા યુવતિ ! વિચારિ ઉર, ધારો સદા શુભ કર્મને ;
વળી પુત્રવતિ ! સમજી ગ્રહો, બાલકસુધારકમર્મને,
આ ભામિનીભૂષણ ભણી, લો ભવોભવનાં શર્મને.

ભણવા મળે છે તે પ્રમાણે મુંબઇ, અમદાવાદ અને સૂરત ખાતે ચાલતા વનિતાશ્રમોમાં પણ આ ગ્રંથની સૂચનાનુસાર નિયમોનું પ્રતિપાલન કરવામાં આવતું હતું.

પ્રસ્તુત ગ્રંથના ચતુર્થ અલંકારમાં લેખકે શ્રી દિવ્યમૂર્તિનું આખ્યાન મૂક્યું છે. તેમાં ભિન્નભિન્ન પ્રકૃતિવાળા શિષ્યો અને તેઓના અધિકારભેદે વૈયક્તિક રીતે અપાતો ગુરુનો ઉપદેશ – તેનું વિગતે વર્ણન કર્યું છે. શુકલવૃત્તિ, મહાજયોતિ, ધૂર્મલોચન, ઉજ્જવલકીર્તિ, પ્રિયવાદી, પિંગલનયન, શાંતિશર્મા, વિશ્વવંદ્ય, હરિહરમૂર્તિ, વિધાતૃવર એ તેમના પ્રિય અને મુખ્ય શિષ્યો છે. પરંતુ આ સર્વ નામો સાંકેતિક છે. શ્રીમન્નૃસિંહાચાર્યજી સ્થાપિત "શ્રી સિધ્ધેશ્વર સમાજ"માંના ઘણા અધિકારી શિષ્યોને પણ આવાં જ સાંકેતિક નામો અપાયાં છે. દા.ત. સાક્ષર શ્રી નગીનભાઇ સંઘવીને "મહાજયોતિ" તથા સાધક શિરોમણિ શ્રી છોટાલાલ માસ્તર સાહેબને "વિશ્વવંદ્ય" જેવાં સાંકેતિક નામો શ્રેયસ્સાધક અધિકારી વર્ગના આદ્યસંસ્થાપક અને ગુરુ શ્રીમન્નૃસિંહાચાર્યે આપ્યાં છે, તે અતિ પ્રચલિત છે, એમ વર્ગના વિદ્યમાન આચાર્યશ્રી

તથા કેટલાક સાધકો તરફથી ભણવા મળ્યું છે. વળી શ્રીનૃસિંહાશ્રમમાં આવી વ્યક્તિઓના ફોટા નીચે તેઓશ્રીનાં સાંકેતિક નામો મૂક્યાં છે, તે સૂચક છે. શ્રીમન્નૃસિંહાચાર્યજી પણ તેમનાં શિષ્યમંડળમાં પ્રસ્તુત પાત્ર દિવ્યમૂર્તિ ગુરુની માફક સર્વને એકસરખો બોધ આપતા ન હતા, પરંતુ શિષ્યની કક્ષા મુજબ પ્રત્યેકને વ્યક્તિગત રીતે ધીરજથી બોધ કરતા અને તેની ઊણપો ટાળી, પ્રસન્નમધુર માર્ગદર્શન આપતા.

"ભામિનીભૂષણ"ના પાંચે અલંકારમાં થઈને કુલ ૧૬૭ પદો છે. મુખ્યત્વે તે બધાં જ પદો, સ્ત્રીઓની વિવિધ ફરજો અને પતિને પરમેશ્વર માનવાની આજ્ઞાનું પુનરાવર્તન કરતાં પદો છે.

"કઠણ વેણ પતિને નવ કહીએ, પતિ કહે તે માર્ગે વહીએ ;
પતિને પરમેશ્વર લહીએ."[1]

વગેરે ભાવનાં તથા સ્ત્રીઓની ફરજો સંબંધી અનેક પદો લખાયાં છે.

"માતતાત સંબંધી સગાં તારાં, વળગે ગણીને સારાં સારાં,
પછી કેમ મરે કરી અકારાં,"[2]

જેવા પદમાં સૌ સાથે સ્ત્રીએ સંપીને રહેવું જોઈએ તેવી શિખામણ આપે છે.

સ્ત્રીના બે જન્મ મનાય છે. એક માતાપિતાને ત્યાં પિયરમાં અને બીજો સાસરે. જ્યાં બાળઅવસ્થા આનંદપૂર્વક સ્ત્રીએ વ્યતીત કરી હોય અને માતાપિતાનું અપૂર્વ વાત્સલ્ય પામી હોય, તે સ્ત્રી "મહિયર" છોડીને સાસરે જાય ત્યારે તેને સ્વાભાવિક રીતે પોતાનું ઘર યાદ આવે. કેટલીકવાર તો આવી પિયર જવાની હઠ

---

૧. "ભા.ભૂ.", પ્રથમ અલંકાર, પૃ. ૧૫૧
૨. "ભા.ભૂ.", પ્રથમ અલંકાર, પૃ. ૧૮૬

પકડવાને લીધે જ સાસરાની વ્યક્તિ સાથે તેને કલેશ થાય છે. એનાં સંદર્ભમાં લેખક સૂચન કરે છે –

"મરવું પણ મહિયર ના વસવું, એવી નીતિ પેખો."[૧]

"શાણિ ! શિખામણ હેતે સમજી રહીએ....."[૨] જેવા ૧૧૬ પંક્તિઓનાં બંધણામાં તો સ્ત્રીઓની અનેકવિધ ફરજોનો ખ્યાલ અપાયો છે.

સ્ત્રીને માટે પતિ એ પરમેશ્વર છે. પતિના સુખમાં જ તેનું સર્વથા કલ્યાણ સમાયેલું છે. માટે પતિમાં ધ્યાન કેન્દ્રિત કરી, તેને બધી જ રીતે અનુકૂળ થવા સ્ત્રીએ પ્રયત્ન કરવો જોઇએ. સર્વ મંદિરો, તીર્થ, કીર્તન, દાન, વગેરેનું સઘળું પુણ્ય સ્ત્રીને માટે તો પતિની સેવામાં જ સમાયેલું છે.

"સર્પ જેમ સીધો રે દરમાં, તેમ મન સ્થાપીએ હરિહરમાં,
સુખ નવ જોઇએ રે પરમાં, અડસઠ તીર્થ ગણી નિજ નરમાં."[૩]

આવાં અસંખ્ય પદો "ભામિનીભૂષણ"માં છે.

ઉપરોક્ત નીતિ અને બોધવિષયક પદો ઉપરાંત કેટલાંક મન, જીવ, ઇશ્વર, વગેરે તત્ત્વજ્ઞાનને લગતાં પણ પદોનો "ભામિનીભૂષણ"માં સમાવેશ કરવામાં આવ્યો છે.

સમગ્ર સંસાર સર્વજ્ઞ પરમેશ્વરથી જ ચાલી રહયો છે. પરંતુ તેની અમાપ સત્તાને નહીં જાણનાર પામર મનુષ્ય મિથ્યા અભિમાન કરે છે અને તેના અહમ્ ને પંપાળે છે, પોષે છે. આમ તેનો પરપોટા જેવો ક્ષણિક દેહ નષ્ટ પામે છે અને મેળવવાનું તે મેળવતો નથી.

---

૧. "ભા.ભૂ.", પ્રથમ અલંકાર, પૃ. ૨૦૫
૨. "ભા.ભૂ.", પ્રથમ અલંકાર, પૃ. ૧૨૩
૩. "ભા.ભૂ.", દ્વિતીય અલંકાર, પૃ. ૧૧૧

"જીવ હું ને મારું કરી મરતા રે, ભમતા માયાના તારમાં રે."[૧]

અના માટે ચંચળ મન જવાબદાર છે.

"મન સઉ દુઃખનું મૂળ, જો જો, મન સઉ દુઃખનું મૂળ."[૨]

જગત અટપટું માયાવી છે. તેના પાશમાંથી છટકવું કઠીન છે. તેને સુંદર રૂપક દ્વિતીયના કવિ વર્ણવે છે.

"આ જગ બાજીગરની બાજી, જોઇ ચિત્ત અવરનાં ભ્રમે."[૩]

માટે મનને કાબૂમાં રાખવું જોઇએ. જગતની મોહમાયાથી પર થયા પ્રયત્નશીલ થવું જોઇએ અને જન્મમરણના ફેરામાંથી છૂટવું જોઇએ.

"ઉન્મત્ત મનને અંકુશ મારી, ચલવે સીધી વાટ,
ઇંદ્રિયને ઉન્માર્ગ ત્યજવી, ઉતારે ઉજ્જવલ ઘાટ."[૪]

ઇશ્વરને શાખવાળા સાચા શેઠ તરીકે વર્ણવી, વ્યાપારનું એક જગ્યાએ કવિએ રૂપક યોજયું છે, તે પણ આકર્ષક છે.

"અવર હરામી ન જણે કોય ;
માટે જીવ તું કરજે રે, સેવા સાચા શેઠની રે,
શાખ જેની જગમાં સર્વત્ર હોય ;
વ્યાપાર તો ચાલે રે, જેનો દશ દિશ વિષે રે."[૫]

પરમેશ્વરના સાચા સ્વરૂપને સમજવા તથા મોહાતીત થવા માટે તો સાચા જ્ઞાનની જરૂર છે. કવિ કહે છે,

---

૧. "ભા.ભૂ.", દ્વિતીય અલંકાર, પૃ. ૬૧
૨. "ભા.ભૂ.", દ્વિતીય અલંકાર, પૃ. ૧૭૬
૩. "ભા.ભૂ.", તૃતીય અલંકાર, પૃ. ૪૬
૪. "ભા.ભૂ.", તૃતીય અલંકાર, પૃ. ૧૫૧
૫. "ભા.ભૂ.", તૃતીય અલંકાર, પૃ. ૩

"જ્ઞાન જગતમાં સાર સુજનો જ્ઞાન જગતમાં સાર."[૧]

આવાં જ્ઞાનવિષયક પદો પણ પ્રસ્તુત ગ્રંથમાં સંધ્યાબંધ છે.

પ્રભાતિયાં, પદો, ગરબો, ગરબી, ખાયણાં, ધોળ, ઠુમરી, ચોપાઇ, દોહરો જેવા કાવ્યપ્રકારો ઝેડી, શાર્દૂલવિક્રીડિત, શિખરિણી, વસંતતિલકા, મંદાક્રાન્તા, હરિણી, મ્રગ્ધરા જેવા છંદો પ્રયોજી, આશાવરી, વેળાવળ, મેવાડો, દેશ, મ્હાડ, કાફી, ધનાશ્રી, કલ્યાણ, કાર્લરો, દેશાળ વગેરે રાગોનો તેમાં સમુચિત ઉપયોગ કરી "ભામિનીભૂષણ"ના કર્તાએ તેની કવિતાને વૈવિધ્યપૂર્ણ બનાવી છે.

વળી તેમાં સાતવારની ગુંથણીવાળાં[૨], બારમાસનાં[૩] તિથિઓવાળાં[૪], ક્ષ થી જ્ઞ સુધીના પ્રથમ મૂળાક્ષરોવાળાં[૫] પદો યોજી શ્રીમન્નૃસિંહાચાર્યજીએ પોતાનું કાવ્યકૌશલ પણ બતાવ્યું છે.

સ્ત્રીઓને સામાન્ય સમજણ આપવા કર્તા પદ્યમાં પ્રયત્ન કરે છે. ત્યારે તેની અતિશય સરળતા કયાંક ગદ્યાનુતાની પાસે આવતી જણાય છે. તેમાં ખાસ કાવ્યત્વ જણાતું નથી. દા.ત.

"નવ વઢવું કોઇની સાથ રે, મુખડું માંડીને,
કરો ઝીણો દળીને લોટ રે, રોટલી ઝીણીને,
કરો સુંદર દાળ ને ભાત રે, કાંકરા વીણીને,
કરો વિવિધ જાતનાં શાક રે, રુડાં સમારીને,
નાંખી હીંગ મરચાં ને તેલ કે ઘીમાં વઘારીને."[૬]

---

૧. "ભા.ભૂ.", દ્વિતીય અલંકાર, પૃ. ૨૮૨
૨. "ભા.ભૂ.", ચતુર્થ અલંકાર, પૃ. ૨૩૬
૩. "ભા.ભૂ.", ચતુર્થ અલંકાર, પૃ. ૩૦૮, પૃ. ૩૨૮
૪. "ભા.ભૂ.", ચતુર્થ અલંકાર, પૃ. ૨૪૬
૫. "ભા.ભૂ.", દ્વિતીય અલંકાર, પૃ. ૨૪૨
૬. "ભા.ભૂ.", ચતુર્થ અલંકાર, પૃ. ૨૬૪

અથવા પ્રભાતનું વર્ણન કરતું ગીત જુઓ –

"કયાર થકી કાકા કળકળીયા ચળીયા રવિ મેરે થીરે,
તેતર કાબર કબૂતર ચકલાં, નીકળ્યાં નિજ ડેરેથીરે."

"ભામિનીભૂષણ"માંના ગદ્યની શૈલી સરળ છતાં સચોટ છે. વચ્ચે આવતી અનેકવિધ કથા–આડકથાને લીધે તે શૈલી વધુ પ્રવાહી અને પ્રાસાદિક બનતી જાય છે. છતાં સરળ બનતું ગદ્ય કયાંય સામાન્યતામાં સરી જતું નથી. ઉપદેશ કે સુબોધ વખતે આ જ શૈલી યોગીના જેવી ગંભીરતા ધારણ કરે છે. રૂઢિપ્રયોગો અને કહેવતોનો મોટી સંખ્યામાં ઉપયોગ, સામાન્ય સ્ત્રીઓ પણ સમજી શકે તેવી સરળ શૈલી, તર્કશુધ્ધ દલીલો, સૂચક સૂત્રાત્મક વાકયો અને ઉચિત ઉપમા–ઉત્પ્રેક્ષા આદિનો વિનિયોગ – એ સર્વને લીધે "ભામિનીભૂષણ" જેવો ઉપદેશપ્રધાન ગ્રંથ ઘણો આકર્ષક બન્યો છે. સ્ત્રીઓ માટે વિશેષતઃ આ ગ્રંથ લખાયેલો હોવાને લીધે તેમાં શૈલીની સાદાઇ જણાઇ આવે છે. છતાં વર્ણ્યવિષયમાં રહેલું વસ્તુગૌરવ સહેજ પણ ઓછું પડતું નથી.

ગ્રંથ વિશે કર્તા પોતે જે વચનો કહે છે,

"સાદી ભાષા, સરલ વચને, સ્ત્રી તણાં ચિત્ત ચિત્તે,
દેશે શોભા સગુણ વચનો, જે વધે સુજ્ઞ ચિત્તે."[1]

તે યથાર્થ છે.

"વૃત્તિ ધરાએલા વ્યાઘ્ર જેવી થઇ છે",[2] "સુખની પ્રીતિ પાછળ દુઃખની પ્રતીતિ હોય છે";[3] "દાન, અધ્યયન અને તપ એ ત્રણમાં કોઇપણ બુધ્ધિમાને સંતોષ ન રાખવો એવો વિદ્વાનોનો મત છે"[4]

---

૧. "ભા.ભૂ.", તૃતીય અલંકાર – "ગ્રંથમાલા"
૨. "ભા.ભૂ.", દ્વિતીય અલંકાર, પૃ. ૨૮૦
૩. "ભા.ભૂ.", પંચમ અલંકાર, પૃ. ૨૪૧
૪. "ભા.ભૂ.", ચતુર્થ અલંકાર, પૃ. ૧૧૯

વગેરે સુવાક્યો આ ગ્રંથમાં ઠેરઠેર જોવા મળશે.

વિશેષમાં આ ગ્રંથમાંના કઠણ વિષયોને સમજાવવા ઘણી જગ્યાએ કર્તાએ જે દૃષ્ટાંતપરંપરા યોજી છે, તે પણ બોધપાત્ર છે. આથી આવો ગૂઢ વિષય પણ અત્યંત સરળ બની જાય છે. તેમાંથી આપણે કેટલાક નમૂના જોઈએ.

મહાન કાર્યો વીરપુરુષ જ કરી શકે, ગમે તેવા વિષયવશ ભોગી જીવનું કામ નહીં તે સમજાવતાં કહે છે,

"ક્ષુદ્ર જીવોથી આ સંસારમાં મોટાં કાર્યો થતાં નથી. જેમ સહસ્ર આગીઆ એકી વખતે ચમકે પણ કાંઈ સૂર્યના સરખો સમપ્રકાશ પૃથ્વી ઉપર પાડી શકે નહિ. નાની નાની સો શૃંખલીઓનો શબ્દ થાય પણ તે કાંઈ એક મહાશંખના નાદતુલ્ય જણાય નહિ. સો સરિતાના પટ ભેળા કરીએ તો પણ કાંઈ એક મહાસમુદ્રનું સ્વરૂપ થાય નહિ. સો શ્વાન સામટાં ભસે તે કાંઈ એક સિંહની કે મેઘની ગર્જનાને પહોંચે નહિ. તેમ જ રાત્રિમાં સહસ્ર તારા ચમકે છે પણ એક ચંદ્રના સરખો પ્રકાશ પાડી શકતા નથી. આ વગેરે અનેક દૃષ્ટાન્તોથી આપણે સમજીએ છીએ કે ક્ષુદ્ર બલવાળા અનેક જીવો મળે પણ એક વીરપુરુષ કરે તે કાર્ય તેમનાથી થઇ શકતું નથી."[૧]

સર્વવ્યાપક ઇશ્વરની સત્તા સર્વત્ર છે, તે સમજાવતાં કર્તા લખે છે,

"જેમ દૂધમાંથી મથીને ઘી પ્રત્યક્ષ કરાય છે, તલમાંથી પીલીને તેલ કઢાય છે, લાકડામાંથી ઘસીને અગ્નિ પ્રકટ કરાય છે, તથા પથ્થર સાથે ખરું લોઢું અથડાવાથી નહિ જણાતો અગ્નિ પ્રકટ જણાય છે, તેમ આ સંસારમાંથી પણ ખરા ઉપાય વિના ન જણાતા પરમેશ્વર યોગ્ય ઉપાયથી જીવને પ્રત્યક્ષ જણાય છે."[૨]

---

૧. "ભા. ક્ષુ.", ચતુર્થ અલંકાર, પૃ. ૩૨૩

૨. "ભા. ક્ષુ.", દ્વિતીય અલંકાર, પૃ. ૨૭૦

ઉપમા અલંકારનું એક ઉદાહરણ જોઇએ.

"દીવાના છેક સમીપ દેશમાં જેમ છાયાદોષથી અંધકાર રહે છે, તેમ ઘણા વિદ્વાનોમાં છાયાદોષરૂપે અવિદ્યા અજ્ઞાન રહે છે, માટે નિરંતર પોતાના અંત:કરણમાં રહેલા દોષોને ઓળખી ટાળવાના યત્નવાળા થઇ રહો."[1]

સમગ્રતયા, "ભામિનીભૂષણ" જેવો વિશેષત: સ્ત્રીઓ માટે લખાયેલો મહાકાય ગ્રંથ તેની શૈલી, સરળતા અને કથા-આડકથા, આખ્યાન વગેરે ~~વ્હ~~ રા થતા સુબોધથી, વધુ રોચક અને માર્ગદર્શક બન્યો છે. સ્ત્રીકેળવણી, સ્ત્રીજાગૃતિ, સમાજસુધારો વગેરે પ્રશ્નો ~~વ્હ~~ રા પણ તેની સંસ્કાર સેવા નોંધપાત્ર છે.

આ ગ્રંથની અસર તે સમયના ગુજરાતમાં કેટલી બધી લોકવ્યાપક અને પ્રભાવશાળી હતી, તેનો ખ્યાલ નીચેના અવતરણ પરથી આવી શકે તેમ છે -

"'Bhamini Bhushan' soon became popular among the reading and cultured public of Gujarat and went into seven editions. The book brought about a silent and welcome revolution in the social and domestic life of a house-holder in Gujarat and Kathiawar."[2]

---

૧. "ભા.ભૂ.", ચતુર્થ અલંકાર, પૃ. ૨૯

2. H.M.M. - 'Shri Nrusinhacharyaji - A Sketch of his life, work and philosophy', Page No.8.

"સિધ્ધાન્તસિન્ધુ" :-

ગ્રંથનું નામ સૂચવે છે તે પ્રમાણે, જેમ સમુદ્રના મહામંથન બાદ એક એકથી ચઢિયાતાં એવાં ચૌદ રત્નો પ્રાપ્ત થયાં તેમ એક એકથી અદકાં એવાં ચૌદ ભાગમાં ચૌદ રત્નો અર્પી અપૂર્વ તત્ત્વબોધ કરવાનો કર્તાશ્રીનો આશય હતો. પરંતુ પરિપૂર્ણ થયેલો પ્રથમભાગ તથા અપૂર્ણ એવા દ્વિતીય ભાગની અંશતઃ પ્રસાદી જ કર્તાશ્રી પાસેથી પ્રાપ્ત થયાં છે ; ચૌદે ચૌદ રત્નો મળી શકયાં નથી.

"ભામિનીભૂષણ" જેવા ગ્રંથોમાં કર્તાશ્રીએ રસોડાનાં બળાં કાઢવા જેવી ઝીણી અને સૂક્ષ્મ બાબતથી માંડી ગહનગંભીર તત્ત્વજ્ઞાનની પણ પર્યેષણા કરી છે. તેમાં કર્તાએ કુટુંબજીવનના પ્રશ્નોને સીધા સ્પર્શ્યા છે. અનેકવિધ આડકથા કે ઉપકથાથી વાર્તાનું લોકપ્રિય રંજકતત્ત્વ તેમાં સાંપ્રત જળવાઇ રહે છે. પરંતુ "સિધ્ધાન્તસિન્ધુ" ગ્રંથમાં કથા અતિગૌણ બની જાય છે, શાસ્ત્રીય ચર્ચા વિશેષ જોવા મળે છે. કર્તાશ્રી પણ જીવનમુક્તના આનંદને પ્રાપ્ત કરવા માટેના મહત્ત્વના સિધ્ધાન્તોનું જ પ્રતિપાદન પ્રસ્તુત "સિધ્ધાન્તસિન્ધુ"માં કરવા માગે છે.

દિષ્ટભુક્ અને તેની સાધ્વી સ્ત્રી શંપા બંને ભાગમાં મુખ્ય પાત્રો છે. સરસ્વતીના દક્ષિણ તટપરના આશ્રમમાં દિષ્ટભુક્ પવિત્ર અને સંયમિત જીવન વ્યતીત કરતા હતા. આદર્શ પતિવ્રતા સ્ત્રી શંપા એકદિવસ વિનયપૂર્વક પતિ પાસે પ્રશ્ન કરે છે,

"હે ભગવન્ ! આ સંસારના ભોગો ક્ષણેક્ષણે નાશને પામે છે, તથા તે નાશ થયેલા ભોગ પ્રાણીને વારંવાર દુઃખ દે છે, એ વાર્તાનો સર્વને અનુભવ છતાં ફરીથી તેવા પ્રકારના ક્ષણિક ભોગની ઇચ્છા કરી પ્રયત્ન કરે છે, એ મોટું આશ્ચર્ય છે. તો આ સમગ્ર દુઃખરૂપ

વિષયોનો મૂલથી પરિત્યાગ કરીને સદા એકાંતસેવન કરી આયુષ્યના અંતપર્યંત પરમાત્માના ચિંતનમાં કાલવ્યતીત કરવો, એ ઉત્તમોત્તમ વાર્તા નથી શું ?"[૧]

દિષ્ટભુક્ આ શંકાનું સમાધાન કરવા વિરજસ્તમા નામના મુનિએ દેહંભર શિષ્યને જે અપૂર્વ બોધ કર્યો હતો તેની વાત કરે છે. આડકથામાં પણ તે તે કથાના મુખ્ય નાયક સમા પાત્રો બોધને સુસ્પષ્ટ કરવા નવી પેટા આડકથા શરૂ કરે છે. આમ "સિધ્ધાન્તસિન્ધુ", દિષ્ટભુક્ અને શંપાની મુખ્યકથા સાથે (૧) ગુરુ વિરજસ્તમા અને બ્રહ્મચારી શિષ્ય દેહંભર, (૨) ગુરુશ્રીહર્ષ અને શિષ્ય શકુલ તથા તેની પત્ની સંતી, (૩) ગુરુ પૌલસ્ત્ય અને શિષ્ય ભૂતધ્રુક્, (૪) રાજા અંશુમાન અને રાણી મનીષા તથા વિપશ્ચિત્ યોગીશ્વર, (૫) દુરંતવીર્ય અને શિષ્ય તથ્યવાદી તેમ જ દુરંતવીર્ય અને તેની પત્ની, (૬) વિશ્વાધાર અને તેની પત્ની ધરિત્રી, (૭) શ્રીનૃસિંહગુરુ તથા શિષ્યગણ — આટલી આડકથાઓથી પણ અલંકૃત છે. તેમ જ શકુલ સાથેનો બે અતિથિઓનો સત્સંગ અને સદ્વાર્તાલાપ પણ વિસ્તારથી રજૂ કરવામાં આવ્યો છે. આમ રૂપ કરતાં પણ વધુ પાત્રો હોવા છતાં પ્રસ્તુત ગ્રંથ વાર્તાપ્રધાન ન બનતાં વિશેષતઃ સિધ્ધાન્તને પ્રતિપાદિત કરતો શાસ્ત્રીય ગ્રંથ બન્યો છે. કારણ કે દરેક આડકથાનું ધ્યેય પાત્ર દ્વારા રજૂ કરવામાં આવેલી જે તે શંકાનું તાર્કિક સમાધાન કરવાનું છે. વળી, ગ્રંથમાં અનેક મુદ્દાઓની વિગતે શાસ્ત્રીય અને સોદાહરણ ચર્ચા કરી હોવા છતાં તેમાં વારંવાર અનેક પુનરાવર્તન સાથે એક જ પ્રધાન સૂર સંભળાય છે, "ગૃહસ્થાશ્રમ સંપૂર્ણ સુખનો હેતુ છે."[૨] ગૃહસ્થાશ્રમને દુઃખરૂપ અને ભયરૂપ માની જેઓ તે આશ્રમને

---

૧. "સિધ્ધાન્તસિન્ધુ", પ્રથમ રત્ન, પૃ. ૨

૨. "સિ. સિ.", પ્રથમ રત્ન, પૃ. ૫

સંપૂર્ણ વૈરાગ્યવૃત્તિ પ્રાપ્ત થયા વિના ઉવેખે છે, તેઓને ઘણુંખરું માઠાં પરિણામો સહન કરવાં પડે છે. વાસ્તવમાં ગૃહસ્થાશ્રમ એ ઉન્નતિપ્રેરક કલ્યાણદાયક આશ્રમ છે. એ સોપાન પર આરૂઢ થયા વિના ત્યાગાશ્રમને સેવવો તે હવામાં બાચકા મારવા જેવું હાસ્યાસ્પદ દુઃસાહસ છે. આમ કર્તાએ પ્રસ્તુત "સિધ્ધાન્તસિન્ધુ" ગ્રંથ વસ્તારા ગૃહસ્થાશ્રમની અનિવાર્યતા, વિશેષતા તથા મહત્તાનાં મુક્તકંઠે ગુણગાન ગાયાં છે અને સાધકના ક્રમિકવિકાસને આવશ્યક ગણ્યો છે.

શંકાની શંકાના સમાધાનાર્થે દિષ્ટમુક્ ગોમતાચલ નામના ગિરિની એક ગુહામાં સદા નિર્વિકલ્પ સમાધિયુક્ત રહેનારા વિરજસ્તમા મહાત્માની અને બ્રહ્મચારી દેહંભરની વાત કરે છે. તે સ્થળથી થોડે દૂર રહેતો દેહંભર ૨૪ વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળી વેદાદિ શાસ્ત્રનું અધ્યયન કર્યા બાદ વિચારતો હતો કે શાસ્ત્રોમાં સંસારને દુઃખરૂપ કહ્યો હોવાથી, સંસારની આશામાત્રનો પરિત્યાગ કરી તેણે સંન્યાસરૂપ ચતુર્થઆશ્રમ અંગીકાર કરવો જોઇએ, તો જ તે નારાયણસ્વરૂપ થાય. તે સદ્વિચારી બ્રહ્મચારીને પોતાનો અભિપ્રાય ઉચિત છે કે અનુચિત તેની કોઇ શ્રેષ્ઠ પુરુષ પાસે ચકાસણી કરવાનું સૂઝતાં તે વિરજસ્તમાં મુનિ પાસે જાય છે, અને વિનયપૂર્વક પોતાનો પ્રશ્ન રજૂ કરે છે. વિરજસ્તમા મુનિ સ્પષ્ટ બોધ કરે છે કે ગૃહસ્થાશ્રમ એ જ માત્ર આ સંસારનું સ્વરૂપ છે. સંસાર પુરુષાર્થચતુષ્ટયરૂપ ફલનો આપનાર છે. તેથી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો એ જ તેના માટે ઉચિત છે. મહાત્મા તેને ભયસ્થાન બતાવતાં કહે છે કે કદાચિત્ સુખની ઇચ્છાથી જો તે કોઇ વિરક્ત આશ્રમને અંગીકાર કરશે, તો નિર્ધૂમ અગ્નિની પેઠે ક્રમે કરીને તેનું ચિત્ત શાંતિને પામશે નહિ પરંતુ દિન પ્રતિદિન અધિક પરિતાપને અનુભવશે. કારણ કે દુઃખરૂપ સંસારનો અનુભવ થયા વિના તેનો અભાવ થતો

નથી. માટે ગૃહસ્થાશ્રમ કર્યા વિના ત્યાગાશ્રમને ઇચ્છવો એ કોઇપણ રીતે અનુકૂળ નથી. મહાત્મા વિરજસ્તમા દેહભરને, શકલ નામના શિષ્યને તેના ગુરુએ આગ્રહથી ગૃહસ્થાશ્રમ કરાવ્યો હતો, તેની કથા કહે છે. આમ આડકથામાં પણ પેટાકથા શરૂ થાય છે.

શરૂઆતમાં ગૃહસ્થજીવન વીતાવી, પુત્રનું યથાયોગ્ય સ્થળે લગ્ન પતાવી, સ્ત્રીનો કાલ થયા બાદ શ્રીહર્ષ ગોદાવરી નદીના તટ પર કેટલોક કાલ ઉપાસનામાં વ્યતીત કરે છે અને પરિણામે ઉપાસ્યનો સાક્ષાત્કાર પણ થાય છે. ત્યાં વિદ્યાના અધ્યયન નિમિત્તે શિષ્યભાવે શકલ નામનો બ્રહ્મચારી આવે છે. બાર વર્ષ સુધી સમગ્ર વેદવિદ્યાનું અધ્યયન કર્યા બાદ જ્યારે ગુરુ તેને ગૃહસ્થાશ્રમ અંગીકાર કરવાની આજ્ઞા આપે છે ત્યારે શકલ તેમ કરવાની અનિચ્છા દર્શાવે છે. ગુરુ શ્રીહર્ષ કહે છે, "હે શકલ ! એવા દુરાગ્રહને અધીન તું થઇશ નહિ. ગૃહસ્થાશ્રમને ગ્રહણ કર્યા વિના તારા કલ્યાણનો આ ક્ષણે બીજો કોઇ ઉપાય મને યોગ્ય જણાતો નથી."[1] પણ શકલ ગૃહસ્થાશ્રમને દુઃખદાયક માની તેનો અંગીકાર કરતાં ગભરાય છે ત્યારે શ્રીહર્ષગુરુ દુરાગ્રહથી ત્યાગાશ્રમમાં પ્રવેશવા તત્પર થયેલા શકલને ચેતવે છે અને પૌલસ્ત્યમુનિની ના છતાં જે સ્થિતિ ત્યાગાશ્રમમાં પ્રવેશ્યા બાદ ભૂતધ્રુક્‌ની થઇ, તેવી તેની થશે એમ ભીતિ પણ બતાવે છે. આમ શ્રીહર્ષ પોતાના બોધને વધારે સ્પષ્ટ કરવા નવી કથા કહે છે.

ક્ષિપ્રા નદીના તટપરના આશ્રમમાં મુનિ પૌલસ્ત્ય સમગ્ર વેદવિદ્યાનું અધ્યયન કરાવી ભૂતધ્રુક્‌ને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશવાની આજ્ઞા આપે છે ત્યારે ભૂતધ્રુક્‌ તેનો વિરોધ કરે છે અને પોતાની જાતને

---

૧. "સિ. સિ.", પ્રથમ રત્ન, પૃ. ૭

બુધ્ધિમાન માનતો અભિમાની તે ગુરુને એમ કહેતાં પણ અચકાતો નથી,

"હે ગુરો ! કોઇ ગ્રંથમાં એમ પણ કહે છે કે સંસારમાં પ્રવેશ કરવાને બોધ કરનાર ગુરુને વિશે ગુરુપણું પણ ઘટતું નથી. કારણ પ્રાણિમાત્રને પોતાની બુધ્ધિ હિતકર નિશ્ચયને આપે છે, ગુરુની બુધ્ધિ અધિક હિત કરનારી છે, અન્યજીવની બુધ્ધિ વિનાશને કરનારી છે, અને સ્ત્રીથી મળેલી બુધ્ધિ પ્રલયસમાન હાનિનો સંભવ કરે છે. તો આપ સમર્થ શ્રીગુરુને શરણ થયેલા મને આપ મહાદુઃખનો ભોગ થવા આજ્ઞા કરો છો એ આશ્ચર્યની વાત છે. માટે કૃપા કરીને મારી ઇચ્છાને અનુકૂળ આપ આજ્ઞા કરો."[૧]

માયાનો મહિમા કેવો પ્રભાવશાળી છે તથા અનધિકારી જીવ સંસારની ઉપેક્ષા કરતાં તે પ્રલોભક માયામાં કેવો વધુને વધુ ફસાય છે વગેરે અનેક બાબતો સમજાવી ગુરુ પૌલસ્ત્ય, શિષ્યને તેના અનર્થકારી નિશ્ચયમાંથી વારવા પ્રયત્ન કરે છે. પરંતુ શિષ્ય ભૂતબુભુક્ષને સ્વનિશ્ચયમાં દુરાગ્રહી થયેલો જોઇ, પોતે અનધિકારી શિષ્યને અનર્થકારી આજ્ઞા આપી પાપમાં પડવા ન માગતા હોવાથી, તેઓ તેના પરથી શિષ્યબુધ્ધિનો પરિત્યાગ કરે છે અને કહે છે,

"પરંતુ આ તારાં વાક્યથી એમ જણાય છે કે મને પણ બોધ દેવાને સામર્થ્યવાળો હું, તેને મારે શિષ્યબુધ્ધિથી જોવો એ મને કેટલું દુર્ઘટ છે ! માટે હવે તું એ વાતમાં મારી સલાહ ન માગીને સ્વેચ્છાનુસાર પ્રવૃત્તિ કરવી હોય તો કરજે. કારણ કે આ ક્ષણ સુધી પણ મને તો એ જ જણાય છે કે ત્યાગ કરીને તું પાછળથી પરિતાપને પામી પસ્તાઇશ, માટે હું આજ્ઞા કરવા અસમર્થ છું."[૨]

---

૧. "સિ. સિ.", પ્રથમ રત્ન, પૃ. ૬

૨. "સિ. સિ.", પ્રથમ રત્ન, પૃ. ૧૨

પછી તો નર્મદાના ક્ષેત્રમાં વિહરતો ભૂતધ્રુક્ સામાન્ય કોટિના વિરક્ત લાગતા ગુરુ પાસે "શિખાસૂત્રના પરિત્યાગરૂપ દીક્ષાને" ગ્રહણ કરે છે. સ્વતંત્ર બનેલો તે એકાંત સ્થલમાં વિશાલ વૃક્ષ નીચે રાત્રી પ્રસાર કરવા દૃઢ નિશ્ચયથી બને છે. અહીં લેખકે તેના મનમાં ચાલતી લાલસાનું સ્વરૂપ વિગતે વર્ણવ્યું છે, અને અનર્થને માર્ગે દોરતી મિથ્યા પ્રતિષ્ઠામાં તે કેવો ડૂબ્યો છે, તે દર્શાવ્યું છે. ભૂતધ્રુક્ તે ક્ષણથી વિચારે છે કે તેની અડગ તપશ્ચર્યાથી અતિઅલ્પસમયમાં તે જગપ્રસિધ્ધ બનશે અને અનેક લોકો, ધનિક ભક્તો તેમ જ સંતમહાત્માઓ તેના દર્શને આવશે. તે મિથ્યાભિમાની દંભી અને કીર્તિલોલુપ ભૂતધ્રુક એમ પણ વિચારતાં ચૂકતો નથી કે તેની કીર્તિ તેના ગુરુ સમીપ પહોંચતાં તેઓ પણ કદાચ અત્રે આવશે, "તો તે સમયે વિરક્ત સ્થિતિને પ્રાપ્ત થયેલો હું તે પૌલસ્ત્ય ગુરુના સંમુખ ઉઠીશ નહિ, પરંતુ મારા આસન ઉપર બેસી રહીને અત્યંત ગંભીર વાણીથી "નારાયણ" એ શબ્દનો ઉચ્ચાર કરીશ. ત્યારે તે મારો વિદ્યાગુરુ આ મારા વિરક્ત આશ્રમના માહાત્મ્યને નહિ જાણનાર મને અભિમાની અનુમાન કરશે, તો પણ હું તે પૌલસ્ત્ય ગુરુ પ્રતિ અધિક પ્રીતિથી મારી નિઃસંગ અવસ્થાના આનંદને વર્ણન કરીશ. તે શ્રવણ કરીને તે મારી ચમત્કારી બુધ્ધિની મારા સમીપ સ્તુતિ તો કદાચ નહિ કરે પરંતુ પોતાના અંતઃકરણમાં નિશ્ચય કરશે."[1]

અનધિકારી શિષ્ય પર બ્રહ્મસ્વરૂપ સદ્‌ગુરુ પ્રત્યે પણ કેવું વિચિત્ર વિચારે છે અને પોતાને ગુરુ કરતાં પણ સવાયો ગણે છે, તેનો આ એક નમૂનો છે.

---

૧. "સિ. સિ.," પ્રથમ રત્ન, પૃ. ૧૩

પરંતુ આ અજાણ્યા નિર્જન પ્રદેશની પ્રથમ રાત્રીએ જ ધ્યાનને યોગ્ય યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર તથા ધારણા આદિ અંગોની અજ્ઞાનથી તથા વિરક્તસ્થિતિનો સંપૂર્ણતઃ ખ્યાલ ન હોવાથી અનેકવિધ પશુપક્ષીઓના ચિત્કારથી તે ભયભીત બને છે. છતાં ટૂંક સમયમાં જ તે અતિપ્રસિધ્ધ મહાત્મા થવાનો છે એવા વિચારથી જેમતેમ રાત્રીઓ પસાર કરે છે. વર્ષાકાલે પક્ષીઓનાં આનંદકિલ્લોલ તથા મધુર કામકેલિને જોઇ તે અતૃપ્ત ભૂતધ્રુક્ ચિત્તમાં ચંચલતા અનુભવે છે તથા રજોતમોગુણી બને છે. પોતાની કામવાસનાને પરિતૃપ્ત કરવા અશક્ત એવો તે દિનપ્રતિદિન ક્રોધી બનતો જાય છે અને પશુ, પક્ષી, વૃક્ષ, વનસ્પતિથી માંડીને કે કયારેક તે માર્ગથી પસાર થતા પ્રવાસીને પણ નિષિધ્ધ શબ્દો બોલી તેઓ પર પ્રહાર કરતાં અચકાતો નથી. આથી ટૂંક સમયમાં તેને એવી પ્રસિધ્ધિ મળે છે કે "આ ભાગમાં કોઇ કોઇ ચિત્તભ્રમ થયેલો સાધુ છે તે સર્વને મારવા આવે છે." આ વાતની જાણ ગુરુ પૌલસ્ત્યને થતાં પોતે તેના પ્રત્યે શિષ્યબુધ્ધિનો પરિત્યાગ કર્યો હોવા છતાં ગુરુસહજ ઉદારતાથી તેના પ્રતિ પ્રયાણ કરે છે. ગુરુને જોતાં જ ભૂતધ્રુક્ વધુ શરમિંદો બને છે તથા પોતાના દોષને માફ કરવા વારંવાર વિનવે છે અને આજ્ઞા માંગે છે. બહુવિચારને અંતે ગુરુ પૌલસ્ત્ય એક વિશેષ નિયમરૂપ યુક્તિ ગ્રહણકરી ભૂતધ્રુક્ના પુનઃસંસ્કાર કરાવી તેને ગૃહસ્થાશ્રમ ગ્રહણ કરાવે છે.

શકલ ગુરુમુખે આ વચનો સાંભળી ગૃહસ્થાશ્રમનો અંગીકાર કરવાનો નિશ્ચય કરે છે અને ગુરુદક્ષિણા અંગે પૂછે છે ત્યારે શ્રીહર્ષ જણાવે છે,

"તું નિઃશંકપણે ગૃહસ્થાશ્રમને પામ, અને તને યોગ્ય સ્ત્રી મળવાથી તું પરિણામે ઉત્તમ દશાને પામીશ. હે શકલ ! મારી આજ્ઞાનું નિરંતર પાલન, એ જ માત્ર ગુરુદક્ષિણા તારે માટે અધિક માનું છું."[1]

---

૧. "સિ. સિ.", પ્રથમ રત્ન, પૃ. ૨૪

આજ્ઞાંકિત શકુલ જન્મસ્થાન પ્રતિ જઇ પવિત્ર બ્રાહ્મણની પુત્રી સંતી સાથે લગ્નગ્રંથિથી જોડાય છે અને સુખપ્રદ ગૃહસ્થજીવનને તેઓ ભોગવે છે. એકદિવસ અતિથિ પધારતાં તેઓ બંને તેનો વિધિપૂર્વક આદરસત્કાર કરે છે તથા ભોજનાદિ પ્રવૃત્તિથી પરવારતાં ધર્મપરાયણ દંપતિ અનેકવિધ પ્રશ્નો અને શંકાઓ રજૂ કરી સમાધાન પ્રાપ્ત કરે છે. સુખ-આનંદમાં કેટલોક કાલ વ્યતીત થયા બાદ તેઓ અત્યંત દારિદ્ર્યાવસ્થામાં આવી પડે છે. પરંતુ સર્વ સ્થિતિને સુખદ તથા સંતોષકારક માનનાર શકુલના સુબોધથી પતિવ્રતા સંતી પણ આવી કરુણસ્થિતિનો હસતાં હસતાં સામનો કરે છે અને પરમેશ્વરનું વારંવાર સ્મરણ કરાવતી દરિદ્રતા પણ મહાફલ આપનાર છે, તેમ માને છે. સંતીના ચિત્તમાં આશાના પરિત્યાગરૂપ હંસવૃત્તિનો ઉદય થયેલો જોઇ, શકુલ પ્રસન્નતા અનુભવે છે. પરંતુ પ્રથમ ગર્ભને ધારણ કરેલી, પ્રથમાયુવાળી, સંસારનાં સર્વ સુખદુઃખોના અનુભવની અભાવવાળી અનધિકારી સંતીને આશારહિત થવાની ઇચ્છાને પોષવી, તે હાલ યોગ્ય ગણતો નથી. શકુલ મનોમન વિચારે છે.

"માટે સર્વ આશાનો પરિત્યાગ કરવાથી સર્વસુખ પ્રાપ્ત થાય છે, એ એનો કરેલો નિશ્ચય વાસ્તવિક છે, તેમ છતાં પણ કોઇ યુક્તિથી એનો એ નિશ્ચય નિર્બળ કરવો યોગ્ય છે. પરિણામમાં તો એ જ નિશ્ચય સર્વ પ્રાણીને સુખનો દાતા છે પરંતુ અધિકાર ન પ્રાપ્ત થયેથી ઉત્કૃષ્ટ પદાર્થની પ્રાપ્તિ પણ અર્થની સિધ્ધિ કરવા સમર્થ નથી."[૧]

શકુલ સંતી સાથે વિવિધ વિષયો પર ચર્ચા કરતો હોય છે ત્યાં કોઇ તપસ્વી અતિથિ પધારતાં તેમનું તેઓ સ્વાગત કરે છે અને

---

૧. "સિ. સિ.", પ્રથમ રત્ન, પૃ. ૪૯

બાદમાં જ્ઞાનચક્ષુ ખોલનારા સત્સંગનો સદ્‌લાભ ઉઠાવે છે. થોડા વખત પછી વિશ્વંભર પરમાત્માની કરુણાદૃષ્ટિ થતાં તેઓ ઉત્તરોત્તર સુખને પ્રાપ્ત કરવા લાગે છે. તેઓની સુપ્રસિધ્ધિથી આશ્રમમાં એક શત વિદ્યાર્થીઓની સંખ્યા થાય છે. શકલમુનિના દર્શનાર્થે આવેલો પાસેના નગરનો રાજા, તેઓની સદ્‌પ્રવૃત્તિથી પ્રભાવિત થઇ શકલને રહેવા દિવ્યમંદિર, એક સહસ્ત્ર વિદ્યાર્થીઓને રહેવા અનુકૂળસ્થાન, પાસમાં વિસ્તારવાળી ધર્મશાળા, વ્યાખ્યાન માટે સભામંડપ, પાઠશાળા, પાકશાળા વગેરેની યોજના અને વ્યવસ્થા કરે છે. ઐહિક સુખની પરાકાષ્ઠામાં એક છોકું ઉમેરાતું હોય તેમ સંતીને એક પુત્ર પ્રસવે છે. એકવખત, સંતીના પ્રશ્નના અનુસંધાનમાં માયાનો વિચિત્ર મહિમા સમજાવવા શકલ વિપશ્ચિત્ નામના યોગીની કથા સંભળાવે છે. અહીં નવી આકથા આકાર લે છે.

મેધાવતી નગરીનો ચક્રવર્તી રાજા અંશુમાન સત્તા, સંપત્તિ વગેરે સર્વ રીતે સુખી હતો. પરંતુ તેની પત્ની રાણી મનીષા, તેની પ્રજા થવા યોગ્ય વય છતાં ગર્ભસ્થિતિનો સમય પ્રાપ્ત થયો ન હોવાથી, વારંવાર ખેદ કરતી. રાજા અંશુમાન તેને સર્વપ્રકારે આશ્વાસન અને બોધ આપે છે તથા યોગીશ્વર વિપશ્ચિત્ નામના મુનિનો સંતસમાગમ કરી શ્રેયસ્કર કાર્ય કરવાનું તેઓ વિચારે છે. વિપશ્ચિત્ મુનિ મહામાયાની પ્રતિમા સમા આ સંસારસાગરને તરવો કેટલો દુષ્કર અને કઠીન છે તે સમજાવતાં કહે છે કે જે સાગરને જલ્દીથી ઉલ્લંઘવાનો પ્રયત્ન કરે છે તે વધુ દુઃખ પામે છે. "માટે ઇશ્વરનું સ્મરણ કરતો માયામય સંસારના, ન્યાયમાર્ગે પ્રાપ્ત થતા વિવિધ શુભવિભવોને ભોગવી ક્રમે કરી શ્રેયસ્ને સાધ."[૧]

---

૧. "સિ. સિ.", પ્રથમ રત્ન, પૃ. ૯૦

અંશુમાન રાજા માયાના પ્રવાહમાં ફસાયેલા, તેમાંથી બચવા પ્રયત્ન કરતા એવા કોઇ સાધકની થયેલી અવસ્થાને દૃષ્ટાંત રૂપ વર્ણવવા વિનંતી કરે છે, ત્યારે વિપશ્ચિત્ મુનિ દુરંતવીર્યની કથા કહે છે.

કલેશનામન નામના ક્ષેત્રમાં ઘણા કાળથી અનેક વિદ્વાનોની વચ્ચે દુરંતવીર્ય નામનો યોગાભ્યાસી રહેતો હતો. મહામાયાની પ્રેરી યોગસિધ્ધિઓ એક પછી એક ક્રમે કરી આવી તેની સમીપ રહેતી હતી, આથી તપશ્ચર્યા માટે પવિત્ર સ્થાનની શોધ કરતા તથ્યવાદી નામના બ્રાહ્મણને જોઇ દુરંતવીર્ય સિધ્ધિના પ્રતાપે તેનો પૂર્વવૃત્તાંત કહે છે. આશ્ચર્યચકિત બનેલો તથ્યવાદી આથી દુરંતવીર્યને ગુરુ તરીકે ચિત્તમાં સ્થાપે છે અને સાધનાક્રમ કેવી રીતે કરવો તેના ઉપાય પણ પૂછે છે. તથ્યવાદી ગુરુની સૂચનાઓ ધ્યાનમાં રાખી ધ્યાન માટેના સ્થળ પ્રતિ જાય છે. ત્યારબાદ દુરંતવીર્ય આસન ઉપર સ્થિત થઇ વૃત્તિઓનો સંયમ કરી અંતર્મુખ થાય છે. પરંતુ ધ્યેયાકારમાં તેને અનેક વિઘ્નો નડે છે, અને તે વિચારે ચડે છે કે તથ્યવાદી પ્રતિ પોતે શિષ્યબુધ્ધિ સ્થાપી હોવાથી, જો તે શુધ્ધમાર્ગમાંથી ભ્રષ્ટ થઇ પાપાચરણ કરવા લાગશે તો પોતે પણ પાપનો ભોક્તા થશે. વિચારસૃષ્ટિમાંથી નીકળવા તથા દોષોની નિવૃત્તિ કરવા નૌલી, ધૌતિ, બસ્તિ, તેમ જ સ્નાનાદિ ક્રિયાઓ કરી તે જેવો પુનઃ શ્રીસદ્‌ગુરુનું સ્મરણ કરતાં આસન પર બેસે છે ત્યારે મહામાયાશક્તિના પ્રભાવે એક આશ્ચર્યકારક બનાવ બને છે. થોડેક દૂર કોઇ સ્ત્રીનો ભયગ્રસ્ત અવાજ સંભળાય છે. સુરક્ષા કરવાના હેતુથી જેવો દુરંતવીર્ય "અરે ! નિર્ભયતાની યાચના કરનાર નિર્ભય થા ; અને હે ભયના દાતા દુષ્ટાત્મન્ ! તું ભયને પામ"[1] એવો ઉચ્ચાર કરે છે કે તરત જ તે સ્થાન પ્રતિ

---

૧. "સિ. સિ.", પ્રથમ રત્ન, પૃ. ૧૦૪

દોડતી એક રૂપવતી યુવતી તેની સમક્ષ આવીને પાસે જ મૂર્છા ખાઇને પડે છે. તેના સૌષ્ઠવપૂર્ણ કમનીય શરીરને અવલોકતાં અવલોકતાં દુરંતવીર્ય તેને આશ્વાસનવચનો કહે છે, પાણીની અંજલિ છાંટે છે તથા તેનો હસ્ત પકડી જેવો તેને બેઠી કરવા તે પ્રયત્ન કરે છે ત્યારે તે સ્ત્રી તેને કંઠે વળગી, "ઓ મને રક્ષો" શબ્દો બોલી પુનઃ બેભાનવત્ થાય છે. પુનઃ મંત્રપૂર્વક પાણી છાંટી તેને જાગ્રત કરવા તે સગીરથ પ્રયત્ન કરે છે ત્યારે તે સ્ત્રી "હે નાથ ! મને શાંત કરો" એમ વદે છે. પરંતુ તે સ્ત્રીનું કરમાયેલું મુખ અને જીવનરહિત નિશ્ચેષ્ટ શરીર જોઇ વિમાસણમાં પડેલો દુરંતવીર્ય, આસન પર બેસી, વૃત્તિ માત્રને એકાગ્ર કરી સ્ત્રીના પૂર્વવૃત્તાંતને જાણવાના સંકલ્પસહિત અંતર્મુખ થાય છે.

દુરંતવીર્યને જણાય છે કે નગરસમીપ ઉપવનમાં એક સુંદર મહાલય પાસે ચિંતા કરતાં મનુષ્યોનાં ટોળાં આમતેમ ફરતાં દેખાય છે અને પ્રાતઃકાળમાં જે કન્યાનું લગ્ન થવાનું છે તેને રાત્રીના ચતુર્થ પ્રહરમાં ઉપાડી જનાર કોણ છે તેનો પત્તો મેળવવા તેઓ આકાશપાતાળ એક કરતાં જણાય છે.

તે સ્ત્રી હજી જીવે છે કે મરી ગઇ તેની ખાત્રી કરવા દુરંતવીર્ય વૃત્તિને બહિર્મુખ કરે છે તો તે કન્યાના મુખ પર બેઠેલા પક્ષીને જોઇ તેને ઉડાડવા હોકારા કરતો આસન પરથી ઉઠી સ્ત્રી પાસે આવે છે. તે જીવતી હોવાના કોઇ ચિહ્ન જોતો નથી.

તે સ્ત્રીનો અને પોતાનો સંબંધ કાંઇ છે કે નહીં ? તે પૂર્વજન્મમાં કોણ હતી ? – વગેરે પ્રશ્નો ઉદ્ભવતા કુતૂહલથી દુરંતવીર્ય ફરીથી આસન પર બેસી અંતર્મુખ થાય છે, અને સ્ત્રીના તેમ જ પોતાના પૂર્વજન્મોને સ્પષ્ટ જોઇ શકે છે.

(અ) પૂર્વજન્મમાં તેઓ ગરીબ પણ અભયકવ્રતનું નિષ્ઠાપૂર્વક પાલન કરનારાં બ્રાહ્મણ પતિ-પત્ની હતાં. તેઓ જ્યારે ૬૯ અઢાર સંવત્સરે અખંડ સૌભાગ્યવતીના ક્ષેત્રમાં યાત્રામાં જાય છે ત્યારે અનેક વૈભવસંપન્ન સુખી તેમજ સર્વ સાધનો અને સેવકોથી અલંકૃત એવા શ્રીમંતોનાં અને નૃપતિનાં કુટુંબને જોઇ આ સ્ત્રી ખેદ કરે છે અને પોતે કેવી કમનસીબ છે તે વિચારે છે. સ્નાન કરવા નિમિત્તે જ્યારે તે પતિની આજ્ઞા માગે છે ત્યારે બ્રાહ્મણપતિ તેના મનમાં શું ચાલે છે તે જણાવવાનું કહે છે. તેના વિચારો જાણ્યા પછી તેને મનવાંછિત ફળ મળશે એવો આશીર્વાદ પાઠવી, સ્નાન કરવા પ્રથમ તે જાય છે અને નદીમાં જ તે સંકલ્પથી પ્રાણ છોડે છે. પતિ પાછળ સૂર્યસંમુખ પતિવ્રતા સ્ત્રી પણ પ્રાણ ત્યજે છે.

(બ) અખંડ સૌભાગ્યવતીના ક્ષેત્રમાં પ્રાણત્યાગ કરી, તત્કાળ પોતાની વૈભવી વાસના અનુસાર સ્ત્રી પ્રત્યગ્રપુરીના ધારાધર નામના રાજની રોહિણી નામની સ્ત્રીને પેટે જન્મ લે છે. કન્યા બાર વર્ષની થતાં સ્વયંવર નિમિત્તે રાજા અનેક રાજપુત્રોને પ્રતિષ્ઠાપૂર્વક તેડાવે છે. પરંતુ વિવાહમંડપ જોવા જેવી કન્યા મહાલયથી ઉતરતી હોય છે ત્યાં જ એકાએક મૂર્છા આવતાં તે પડે છે અને પ્રાણ ત્યજે છે.

(ક) ત્યાંથી તે શરીરનો ત્યાગ થતાં પુનઃ વર્તમાન શરીરને જન્મ આપનાર માતાના ગર્ભમાં તેણે પ્રવેશ કર્યો તથા તે શરીરે અનેકવિધ વૈભવો ભોગવ્યા. યોગ્ય વય થતાં કન્યાની ઇચ્છા ઇચ્છાવર વરવાની હતી. તેમાં તેની માતાની પણ સંમતિ હતી. પરંતુ તેના પિતાએ એક મોટા રાજ્યના અધિકારી કુલીન પાટવી રાજપુત્રની યોગ્યતા જોઇ તેને આ કન્યા અર્પણ કરવાનો નિશ્ચય કર્યો હતો. પ્રાતઃકાળે સૂર્યોદય સમયે હસ્તમેલાપનું મુહૂર્ત નક્કી કર્યું હોવાથી માતા, પુત્રીને સર્વ વસ્ત્રાલંકારો ધારણ કરી

કુળદેવીની પૂજા કરવા અંગેની સૂચના આપવા આવે છે. પરંતુ સ્વપ્નાવસ્થામાં ભયંકર સ્વપ્નું જોઇને ગભરાયેલી અને જાગ્રત થયેલી કુંવરી માતાને જોઇ તેને કંઠે વળગી પડે છે તથા સ્વપ્નની વાત કરે છે. સ્વપ્નામાં, લગ્નમંડપમાં રાજકુંવરીને પધરાવવાના સમયે કોઇ વિકરાળ ભયંકર સ્વરૂપ જોઇને તે, રાજકુંવર, બ્રાહ્મણો સૌ ભયભીત થઇ જાય છે. કન્યા તો મૂર્છા પામે છે. પેલું સ્વરૂપ કન્યાને ઉપાડી જંગલના નદીકિનારા પર લઇ જાય છે. સ્વપ્નાની વાત સાંભળ્યા બાદ માતા તેને આશ્વાસન આપે છે તથા ચિત્તશાંતિ માટે કુલદેવીના દર્શને જવાનું સૂચવે છે. કુંવરી કુલદેવીને પ્રાર્થના વખતે કહે છે, "હે જગદંબ ! મને મારા કલ્યાણનું જ્ઞાન નથી, તથા શેમાં મારું શુભ છે, અને શેમાં અશુભ છે એ પણ હું જાણતી નથી, માટે આપની ઇચ્છા પ્રમાણે મારાં સર્વ વિઘ્નોની નિવૃત્તિપૂર્વક ભલું થાય એ પ્રમાણે કરજો."[1] રંગમંડપમાં ઉજાગરાને લીધે કુંવરી ઊંઘી જાય છે અને મહાશક્તિ પોતાની માયા વડે તેને ઉપાડીને આ સમીપના સ્થાનમાં મૂકી દે છે.

સ્ત્રીના પૂર્વજન્મના સર્વ વૃત્તાંતોથી વધુ આસક્ત થયેલો દુરંતવીર્ય તે સ્ત્રી જીવે છે કે નહીં તેની ખાત્રી કરવા પુનઃ આંખો ઉઘાડે છે, તથા અનેક આશ્વાસનવચનોની વચ્ચે પણ તેની તે જ સ્થિતિ જોઇ તે હાથમાં પાણીની અંજલિ ભરી કુંવરીનો હાથ સીધો કરી બોલે છે, "હે સમષ્ટિ ઇશ્વર ! જો મેં તમારી એકનિષ્ઠાથી ભક્તિ કરી હોય, આ મારી કરેલી ઉપાસના કંઇ ફળને ઉત્પન્ન કરે એવી હોય, તથા તમે કર્મફલપ્રદાતા વાસ્તવે હો તો આ સમયે ખરા અંતઃકરણથી કહું છું કે તે મારા તપના

---

૧. "સિ. સિ.", પ્રથમ રત્ન, પૃ. ૧૧૫

અર્ધફળથી આ સ્ત્રી તત્કાળ જાગ્રત થજો. હું એને મારું અર્ધ ફળ અર્પણ કરું છું."[૧]

તપના બળથી જીવિત થયેલી કુંવરી એકાંત અરણ્યને જોઇ વધુ ગભરાય છે તથા પોતે નિસ્તલપુરીના નિર્ધનિ રાજા અને કાશ્યપી રાણીની પુત્રી છે તેમ જણાવી, મુનિને તેનાં માતાપિતા પાસે પહોંચાડવા તે વિનંતી કરે છે. દુરંતવીર્ય પૂર્વજન્મોની કથાથી માંડીને કે તેને કેવી રીતે જીવિત કરી તે સર્વ વૃત્તાંત કુંવરીને સંભળાવે છે. આરંભમાં તો આ બધું સાંભળી કુંવરીના મનમાં અનેક શંકા-કુશંકા જાગે છે. પણ ઘણા વિચારને અંતે તે વિનયથી દુરંતવીર્યને કહે છે, "હે ભગવન્ ! તમે મારા પૂર્વજન્મની વાત કહી તે ખરી હશે તો હું આપને જ પતિભાવે ભજીશ. તેથી હવે આપ મારી સાથે મારાં માતાપિતા સમીપ ચાલો."[૨] અનુકૂળ જવાબ મળતાં દુરંતવીર્ય મનમાં વિલક્ષણ આનંદ અનુભવે છે. તે વિચારે છે, "અનેક યુક્તિથી પણ હવે આ કન્યાને અંગીકાર કરી વ્યવહાર તથા પરમાર્થ ઉભય આનંદનો એક સ્થાનાવચ્છિન્ન તથા એક કાલાવચ્છિન્ન ભોગ કરી નિરતિશય સુખ માનવું એ જ કર્તવ્ય છે."[૩] તે કન્યાનાં માતાપિતાને ત્યાં જવાનું નક્કી કરે છે. સિધ્ધિના પ્રતાપે તે માત્ર સંકલ્પથી નિસ્તલપુરી પહોંચી જાય છે. પોતાની પુત્રીને જોતાં માબાપ પણ અતિપ્રસન્નતા અનુભવે છે તથા રાજયની ધુરા અને કન્યા દુરંતવીર્યને સોંપે છે. કર્તા આ કથાનું તાત્પર્ય સમજાવતાં કહે છે, – "જયાંસુધી સૂક્ષ્મ અંતર વાસનાનો નાશ નથી થયો ત્યાંસુધી ત્યાગાશ્રમને ગ્રહણ કરવો નહિ."[૪]

---

૧. "સિ. સિ.", પ્રથમ રત્ન, પૃ. ૧૧૮
૨. "સિ. સિ.", પ્રથમ રત્ન, પૃ. ૧૨૨
૩. "સિ. સિ.", પ્રથમ રત્ન, પૃ. ૧૨૭
૪. "સિ. સિ.", પ્રથમ રત્ન, પૃ. ૧૨૯

વિપશ્ચિત્ મુનિના મુખે કથાશ્રવણ કરી રાજા અંશુમાન અને રાણી મહેલમાં પાછાં આવે છે. થોડે કાળે ઇશ્વરના અનુગ્રહથી રાણી મનીષાને પણ ગર્ભ રહે છે.

શકલ આ સર્વ વાર્તા તેની પત્ની સંતીને સંભળાવતો હોય છે ત્યાં દૂરથી પોતાના સદ્‌ગુરુ શ્રીહર્ષને પોતાના આશ્રમ તરફ આવતા જોઇ બંને જણાં ગુરુનું ઉચિત સ્વાગત કરે છે. કૃતજ્ઞ શકલ તો નમ્રતાથી એમ કહેતાં પણ અચકાતો નથી,

"હે ભગવન્ ! હું અનેક ઉપાયથી પણ આપનો ઉપકાર વાળવાને સમર્થ નથી. આપે મને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ ન કરાવ્યો હોત તો હું દુર્બુધ્ધિ કેવળ અનર્થને પ્રાપ્ત થાત, અને તેથી પણ અધિક શું હાનિને ન સહન કરત, એ આ ક્ષણે અનુમાનથી પણ બાહ્ય છે. હે ગુરો ! આપના પ્રતાપથી આજદિન સુધીનો સર્વકાળ સુખમાં જ ગયો છે, એમાં કોઇ સંશય નથી."[1]

સદ્‌ગુરુનું માહાત્મ્ય ગાતાં તે કહે છે,

"આ જગતમાં આપ શ્રીસદ્‌ગુરુના ચરણપ્રતાપ વિના કોઇ પણ પ્રાણી દુઃખના અંતને પામ્યો નથી એ નિશ્ચય છે."

ત્યારબાદ શ્રીશકલના પ્રશ્નોના અનુસંધાનમાં ગુરુશ્રીહર્ષ અનેક વિષયો પર જ્ઞાનચર્ચા કરે છે. બંનેને આશીર્વાદ આપી, શ્રીહર્ષ ચાલ્યા જાય છે. શકલ-સંતી પોતાનાં ઉત્તમ પુત્ર-પુત્રીને યોગ્ય પ્રકારે ધર્મજ્ઞાન આપી, સમય થતાં લગ્ન કરાવી, પુત્રને બધો ભાર સોંપી, ઉત્તમ સ્થળે વિચરે છે. પરિણામે તેઓ અતિવર્ણાશ્રમી થઇ સુખસ્વરૂપ થાય છે.

---

૧. "સિ. સિ.", પ્રથમ રત્ન, પૃ. ૧૩૦

દિષ્ટભુક્ પોતાની પત્નીને કહે છે કે સર્વજ્ઞ વિરજસ્તમા ઉપરોક્ત વૃત્તાંત સંભળાવી દેહંભર બ્રહ્મચારીના સંમુખ જોઇ પ્રસન્નતાપૂર્વક મૌન રાખીને બેઠા હતા. દેહંભર પોતાની સર્વ શંકાઓનું સમાધાન થયું છે. તેમ જણાવી, અશ્રુ સહ સર્વ અપરાધોની ક્ષમા યાચે છે. ગુરુ તેને પણ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશવાની આજ્ઞા આપે છે. દેહંભર તેમને સાષ્ટાંગ પ્રણામ કરી, ગુરુના આશીર્વાદ મેળવીને જાય છે.

આમ વિરજસ્તમા અને દેહંભરથી કથા અહીં પૂરી થાય છે.

દિષ્ટભુક્ તેની પત્ની શંપાને તેની શંકાનું સમાધાન થયું કે નહીં, તેમ પૂછે છે તથા જણાવે છે, – "હે સ્ત્રી ! પૂર્વે તારી પેઠે શ્રધ્ધાભક્તિ વડે પૂછનાર ધરિત્રી નામની સાધ્વી સ્ત્રીએ પોતાના પતિ વિશ્વાધારને સંપૂર્ણ અવિધાદિ કલેશની નિવૃત્તિ અર્થે પ્રશ્ન કર્યો હતો, ત્યારે તે સર્વજ્ઞ વિશ્વાધારે તે સતીને સર્વશક્તિમાન્ શ્રીનૃસિંહ નામના ગુરુએ પોતાના અનેક શિષ્યોને જે આશ્ચર્યકારક બોધ તથા યુક્તિ ~~વડે~~[દ્વારા] પરમાનંદને પ્રાપ્ત કર્યા હતા તે સંપૂર્ણ વાર્તા, કથા ~~વડે~~[દ્વારા] શ્રવણ કરાવીને તેને કૃતકૃત્ય કરી હતી, અને તે જ પ્રમાણે વિવિધ વ્યતીત વૃત્તાંતને શ્રવણ કરતાં તારા ચિત્તની યથાર્થ શાંતિ થશે ત્યાંસુધી હું તને નાના આખ્યાન કહીશ, એમ નિઃસંશય જાણી આ ક્ષણે તો પ્રસન્નતાપૂર્વક તું તારા ગૃહકાર્યને કર."[1]

– તેના પરથી કર્તા, [દ્વિ]તીય રત્નમાં વિશ્વાધાર-ધરિત્રીની તથા ગુરુ શ્રીનૃસિંહ તથા અનેક શિષ્યોની કથા કહેવા માગે છે, તેનું સૂચન કર્યું છે. ઇષ્ટદેવને નમસ્કાર કરી કર્તાએ પ્રથમ રત્નની અહીં સમાપ્તિ કરી છે.

---

૧. "સિ. સિં.", પ્રથમ રત્ન, પૃ. ૧૮૪

"સિધ્ધાન્તસિન્ધુ"ના પ્રથમ રત્નને કેન્દ્રમાં રાખીને તેની વસ્તુસંકલનાની ચર્ચા કરીએ તો સમગ્ર વાર્તા-કથાની ગતિ પૃથ્વીના જેવી કે ભમરડાની જેવી છે. જેમ પૃથ્વી પોતાની ધરીની આસપાસ આંટા મારે છે અને સાથે સાથે સૂર્યની પ્રદક્ષિણા પણ કરે છે અથવા ચાકદાર ગતિશીલ ભમરડો પોતાની કેન્દ્રીય ધરીને ત્યજતો નથી અને સાથે સાથે નવાં નવાં વર્તુળો ઊભાં કરે છે, તેમ "સિધ્ધાન્તસિન્ધુ"નાં મુખ્ય બે ગૃહસ્થી પાત્રો - દિષ્ટભુક્ અને તેની સાધ્વી પતિવ્રતા સ્ત્રી શંપા - ની ચર્ચાને અંતે ગૃહસ્થધર્મનું માહાત્મ્ય ગાયું છે અને શંપાની શંકાના અનુસંધાનમાં વિરજસ્તમા-દેહંભર, શ્રીહર્ષ-શકલ, પૌલસ્ત્ય - ભૂતધ્રુક્, વિપશ્ચિત્ યોગીશ્વર - રાજા અંશુમાન, દુરંતવીર્ય - તથ્યવાદી વગેરે ગુરુ-શિષ્યોની દિષ્ટભુકે કહેલી રસપ્રદ કથા પણ અનેકવિધ તાત્વિક અને શાસ્ત્રીય ચર્ચા બાદ નિષ્કર્ષ રૂપે એવો જ બોધ કરે છે કે "સર્વ આશ્રમ કરતાં ગૃહસ્થાશ્રમ શ્રેષ્ઠ છે."

આ સિધ્ધાન્તને સરળ અને સચોટરીતે સમજાવવા કર્તાએ અહીં ભિન્નભિન્ન કક્ષાના શિષ્યોનું સુંદર ચિત્રણ કર્યું છે. જુદા જુદા શિષ્યોની સાધક અવસ્થાની કથા સાંભળતો અને અંતે ગુરુ-આજ્ઞા પ્રમાણે ગૃહસ્થાશ્રમ અંગીકાર કરતો દેહંભર ; ગુરુ-આજ્ઞાને માથે ચઢાવી, વેદાધ્યયન કર્યા બાદ સંતી જેવી ધર્મિષ્ઠ સ્ત્રી સાથે લગ્ન કરી, ગુરુસ્મરણ અને ઈશ્વરસ્તવન કરતાં માયાનાં વિવિધ પ્રલોભનો ઉદાસીન ભાવે માણતો તથા અંતે ઐહિક અને આધ્યાત્મિક સુખ પામતો શકલ ; ગુરુ-આજ્ઞાનું ઉલ્લંઘન કરી અવિચારપણે સીધો ત્યાગાશ્રમને ગ્રહણ કરતો અને એકાંત અરણ્યપ્રદેશમાં વિરક્તસ્થિતિથી અનભિજ્ઞ એવો ગભરાતો અને વિહ્વળ બનતો પરંતુ સદ્ગુરુની કૃપાદૃષ્ટિથી છેવટે ગૃહી બની પ્રસન્નતા પામતો ભૂતધ્રુક્ ; વિપશ્ચિત્ યોગીશ્વર પાસેથી, માયાના

અકલ્પ્ય પ્રવાહમાં અથડાતા-કૂટાતા અનેકવિધ્નો પાર કરતા, અંતે સાચી અવસ્થાને પ્રાપ્ત કરતા સાધકની કથા સાંભળતો અને તેમાંથી અપૂર્વ લાભદાયી બોધ ગ્રહણ કરતો રાજા અંશુમાન ; સૂક્ષ્મ અંતરવાસના શેષ રહી હોવા છતાં ત્યાગાશ્રમને ગ્રહણ કરનારો અને મહામાયા પ્રેરિત અલ્પ યોગસિધ્ધના બળે પોતાને સિધ્ધ માનનારો દુરંતવીર્ય ; - આ સર્વ પાત્રો જીવનમુક્તાવસ્થા પ્રાપ્ત કરવા માટે પુરુષાર્થી બનનારા સાધકો તો છે જ, પરંતુ તેઓ સર્વ જુદાંજુદાં સોપાનો પર ઊભેલા સાધકો છે. પૂર્વજન્મસંચિત પ્રારબ્ધબલ તથા આદર્શ ગુરુના અનુગ્રહથી તેઓ સર્વ કપટી બહુરૂપિણી માયાના પાશમાંથી બચી શકે છે તથા તેમની કક્ષા પ્રમાણે સત્વરે યા વિલંબે ઉચ્ચકક્ષાની - શકલ-સંતીના જેવી - બ્રહ્મવિધ્વરિષ્ઠ અતિવર્ણાશ્રમીની દશાને પણ પામે છે.

આશ્રમપ્રથાને અણીશુધ્ધ રીતે વળગી રહેનારો ધર્મપરાયણ સદાચારી પ્રાચીન જમાનો આજના કળિયુગથી વિભિન્ન છે. પ્રથમનાં રાજા, પ્રજા, આચાર્યો, શિષ્યો વગેરે સર્વ મહદંશે ધ્યેયપ્રાપ્તિને માટે ભગીરથ પ્રયત્નો કરતા હતા છતાં ઘણીવાર મોહક માયાના પ્રભાવમાં ફસાઇ જતા હતા, તો આજના વિચિત્ર વિકારપ્રેરક યુગમાં વિવિધ પ્રલોભનોથી ઉદાસીન રહેવું અને સજ્જન-દુર્જનનો ઉચિત વિવેક કેળવવો, તે કેટલું બધુ મુશ્કેલ કાર્ય છે ! પહેલાંના વખતના ત્યાગીઓની નીતિને સમજાવી આજના કહેવાતા ત્યાગીઓની નીતિ પર પ્રકાશ પાડતાં કર્તા બંને વચ્ચે ભેદરેખા આંકે છે અને કડક ટીકા કરતાં કહે છે.

"આ કાલે તો ઘણા ત્યાગી પુરુષો નગરના મધ્યે ગૃહસ્થાશ્રમીઓના સહવાસમાં રહે છે. સ્ત્રીઓને બોધ કરવાના નિમિત્તથી એકાંતને સેવન કરે છે, ષડ્સયુક્ત સ્વાદિષ્ટ અન્નાદિકનું ભોજન કરે છે. આજના ત્યાગીઓ સુશોભિત વસ્ત્રને ધારણ કરવા ઇચ્છા રાખે છે, અને અનાયાસે ન મળે તો યુક્તિપૂર્વક મેળવવા

પ્રયત્ન કરે છે. તેઓ પોતાનાં રહેવાનાં મંદિરોને ગૃહસ્થપુરુષોના કરતાં પણ સુશોભિત કરવાનો પ્રયત્ન કરે છે તથા તે શોભાવાળા આશ્રમસ્થાનમાં ગૃહસ્થ સ્ત્રીપુરુષોને મોહની ઉત્પન્ન કરે, એવા નાનાવિધ સુશોભિત વિભવી પદાર્થોનો પ્રયત્ન વડે ભેળા કરી રાખે છે. આ ત્યાગીઓ પોતાની શય્યાને ગૃહસ્થ કરતાં પણ અધિક સુકોમલ પ્રયત્ન કરે છે, તેવી શયન કરવા યોગ્ય સુશય્યા આદિ અનેક મોહક પદાર્થોને પોતાની સમીપ રાખે છે અને તેથી અન્ય પ્રાણીઓને મોહોત્પત્તિ કરે છે. તેઓ ધર્મનો બોધ કરવાના નિમિત્તથી સ્ત્રીઆદિકના સહવારાવાળા હોવાથી, અવર્ણનીય દુરાચારમાં પ્રવૃત્તિ કરે છે, તથા અન્યને સ્વધર્મથી ભ્રષ્ટ કરીને અનાચારમાં પ્રવર્તાવે છે."[1]

તેવી જ રીતે ગુરુ શ્રીહર્ષ શકલને બોધ કરતાં કર્મફળપ્રદાતા ઇશ્વરમાં અશ્રધ્ધાવાળી, "કામ"માં રચીપચી આજની ભોગપરાયણ પ્રજાનું ચિત્ત વિગતે વર્ણવે છે તથા અંતે કહે છે,

"હે શકલ ! સંક્ષેપમાં એટલું જ કહું છું કે આ પ્રજા શરીરબળ, ધનબળ, ગુરુબળ, રાજબળ, ધર્મબળ, તપોબળ, બુધ્ધિબળ તથા શ્રધ્ધાબળ આદિ સંપૂર્ણ બળથી રહિત થઇ છે અને થતી જાય છે. તેથી દીનપણાને પામેલી તે સંપૂર્ણ સુખથી રહિત દુઃખી જ દેખવામાં આવે છે."[2]

તેવા સંજોગોમાં ગૃહસ્થી સ્ત્રીપુરુષોએ પોતપોતાના ધર્મને પ્રામાણિકપણે બજાવવો જોઇએ. ગમે તેવા કપરા સંજોગોમાં અસત્યનો કે અધર્મનો આશરો ન લેવો જોઇએ. કુલવતી સ્ત્રીએ પતિ, પરમેશ્વર તથા પરમેશ્વરના સ્વરૂપને જણાવનાર અને સધ્ધર્મનો

---

૧. "સિ. સિ.", પ્રથમ રત્ન, પૃ. ૧૮

૨. "સિ. સિ.", પ્રથમ રત્ન, પૃ. ૧૭૬

બોધ કરનાર સદ્‌ગુરુ એ ત્રણને નમસ્કાર કરવા જોઈએ. કારણ કે "જે ઘરમાં પુરુષ સાચું બોલનાર છે, અને સ્ત્રી પાતિવ્રત્ય પાળનાર છે, તે ઘર મોટું તીર્થરૂપ મનાય છે."[૧]

પ્રસ્તુત ગ્રંથમાંનું શકુલ-સંતીનું ઉદાહરણ આદર્શરૂપ હોવાથી અનુકરણીય છે. અનેક વૈભવોની વચ્ચે તેઓ અભિમાની બની છકી જતા નથી અને ઇષ્ટસત્તાનું વિસ્મરણ કરતા નથી, તેમ જ દુઃખની અવધિએ પણ તેઓ ધીરજ અને ઈશ્વર-શ્રદ્ધા છોડતા નથી. બલ્કે ઉત્તમ ફલ આપવાની પૂર્વે તે પ્રાણીના દૃઢ વા અદૃઢ નિશ્ચયને નિર્ણય કરવાના હેતુથી અથવા પૂર્વાવશેષ દુષ્ટકર્મનું ફલ દુઃખ ભોગવાવી તે કર્મોનો ક્ષય કરવા રૂપ હેતુથી ઇષ્ટસત્તા મનુષ્યને દારિદ્ર્ય વગેરે દુઃખો આપે છે, તેવું આ અધિકારી પાત્રો વિચારે છે. ભયંકર દુઃખ અને ગરીબીના દિવસોમાં શકુલ સંતીને સમજાવે છે કે દરિદ્રતાને લીધે સ્વાર્થી સ્વજનો તેમને બોલાવતા નથી, તેથી સાચા સગાનો ખ્યાલ આવે છે ; દરિદ્રતાને લીધે અન્ય સામાજિક ઉપાધિ ઓછી થતાં ઈશ્વરસ્મરણ કરવાનો વારંવાર મોકો મળે છે. આથી દરિદ્રતા પણ સરવાળે મહાફલ આપનારી નીવડે છે.

"સિધ્ધાન્તસિન્ધુ"માં ગુરુનું માહાત્મ્ય પણ મુક્તકંઠે ગવાયું છે. જીવનપથદર્શક ગુરુ સાધકના માર્ગમાં દીપકનું કાર્ય બજાવે છે. ગુરુ વગર સાચી દિશા સાધકને સૂઝતી નથી. ગુરુનાં વારંવારનાં સલાહ-સૂચનોથી આજ્ઞાંકિત શિષ્ય પોતાની ભૂલો સુધારી શકે છે, અને યોગ્ય માર્ગે સાધના કરી શકે છે. સાચા અને અધિકારી ગુરુ આજના કળિયુગમાં મળવા દુર્લભ છે. પણ જે સદ્‌ભાગીને પ્રાપ્ત થાય છે તે શ્રેયસ્‌ના પંથે ઉચ્ચતમ વિકાસ સાધી શકે છે. ભૂતધ્રુક,

---

૧. "સિ. સિ.", પ્રથમ રત્ન, પૃ. ૨૭

જેવો અનધિકારી શિષ્ય ગુરુની મહત્તા સમજતો ન હોવાથી ત્યાગાશ્રમમાં સીધો પ્રવેશ મેળવવાની અનર્થકારી આજ્ઞા ગુરુ પૌલસ્ત્ય પાસે માગે છે. પરંતુ તેવી અનુકૂળ આજ્ઞા ન મળતાં, ગુરુ પ્રત્યે લઘુભાવ ધારણ કરી, થોડાક જ સમયમાં ભયંકર પરિણામને નોતરે છે ત્યારે ઉદારચરિત પરોપકારી ગુરુ સર્વ અપમાનોને ગળી જઇ પોતાના શિષ્યનો ઉધ્ધાર કરે છે. દેહભર, શકલ, ધુતધ્રુક્, અંશુમાન વગેરે સતત સાધનાને અંતે ઉચ્ચકક્ષાને પામી શકે છે તેમાં તેમના ગુરુની કૃપા પણ તેટલી જ મહત્ત્વની અને જવાબદાર છે. ગુરુશ્રીહર્ષ પુનઃ શકલને મળે છે ત્યારે આનંદવિભોર બનેલો શકલ સવિનય કહે છે, "હે ગુરો ! આપના પ્રતાપથી આજદિન સુધીનો સર્વકાળ સુખમાં જ ગયો છે, એમાં કોઇ સંશય નથી."[૧]

તેવી જ રીતે આ ગ્રંથમાં "યોગ્ય ક્રમ" પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ, સંન્યસ્તાશ્રમ....એ ચારે આશ્રમોને જે સાધક ક્રમથી ભોગવે છે તે સર્વોત્તમ સુખ પ્રાપ્ત કરી શકે છે, પરંતુ જેઓ આ આશ્રમવ્યવસ્થાના ક્રમને ઉવેખી સીધા અન્ય આશ્રમમાં પ્રવેશે છે તેઓનું ભારે અહિત થાય છે. પ્રસ્તુત ગ્રંથનાં સર્વ મુખ્ય પાત્રો આરંભમાં પોતાના ગુરુને સીધો ત્યાગાશ્રમમાં પ્રવેશ આપવા વિનંતી કરે છે. પરંતુ અનુભવવૃધ્ધ અધિકારી વિવેકી ગુરુજનો - વિરજસ્તમા, શ્રીહર્ષ, પૌલસ્ત્ય, વિપશ્ચિત્ વગેરે - પોતાના શિષ્યોને એવા દુરાગ્રહ માટે સ્પષ્ટ ના પાડે છે તથા ગૃહસ્થાશ્રમમાં પ્રવેશવા અત્યાગ્રહ કરે છે. શિષ્યોના સમાધાન માટે કેટલાક ગુરુજનો તો આવી

---

૧. "સિ. સિ.", પ્રથમ રત્ન, પૃ. ૧૩૦

અનર્થકારી પ્રવૃત્તિથી કેવાં વિપરીત ફળ પ્રાપ્ત થાય છે તે સમજાવવા દૃષ્ટાંત રૂપે કથા પણ કહે છે અને આજ્ઞાંકિત શિષ્યો તે પ્રમાણે ગૃહસ્થાશ્રમ અંગીકાર પણ કરે છે. ધૂતધ્રુક્ તથા દુરંતવીર્યનાં દૃષ્ટાંતોથી કર્તા એમ ફલિત કરવા માગે છે કે ક્રમથી આશ્રમવ્યવસ્થા ભોગવવામાં ન આવે અને સીધો ત્યાગાશ્રમ ગ્રહણ કરતાં વાસનાનો સૂક્ષ્મ અંશ પણ શેષરૂપ જીવિત રહે તો ભવિષ્યમાં તે વાસના કે કામના રૂપી કીડો તેવા સાધકને હેરાન-પરેશાન કરી મૂકે છે અને ધ્યેય પ્રાપ્તિમાં વિઘ્નો ઊભાં કરે છે. વિપશ્ચિત્ યોગી રાજા અંશુમાનને બોધ કરતાં સ્પષ્ટ આદેશ આપે છે, "માટે ઈશ્વરનું સ્મરણ કરતો માયામય સંસારના ન્યાયમાર્ગે પ્રાપ્ત થતા વિવિધ શુભ વિભવોને ભોગવી ક્રમે કરી શ્રેયઃ ને સાધ."[1] અતિથિ શકુલને વિવિધ પ્રકારનો બોધ આપતાં, છેવટે સાધક મુક્તાવસ્થા કેવી રીતે ભોગવી શકે તે જણાવતાં કહે છે, "આશ્રમક્રમથી અધિકારી સ્વધર્માચરણનું પાલન કરે તો આશ્રમાતીત અવસ્થાને પામે. તે અતીતાવસ્થા જ આ આનંદમાં મુખ્ય હેતુ છે."[2]

પરંતુ સામાન્ય જીવો સ્વલક્ષ્યને પ્રાપ્ત કરવાનું ભૂલી જઈ, માયાએ ફેલાવેલી વિવિધ પ્રલોભક જાળમાં ફસાઇ જાય છે અને તેમાં જ ફૂલી-ફાલી તથા રાચી મોંઘેરો મનુષ્યદેહ વેડફી નાખે છે. તેથી માયાના પ્રવાહમાંથી બચવા જીવે દૃઢ મનોબળવાળા અને માત્ર ધ્યેય પ્રાપ્તિને માટે જ પુરુષાર્થી અને જાગ્રત બનવું જોઇએ. માયા આપણને કેવી રીતે છેતરી જાય છે તથા ઇષ્ટસત્તા જીવથી કેવી

---

૧. "સિ. સિ.", પ્રથમ રત્ન, પૃ. ૮૬

૨. "સિ. સિ.", પ્રથમ રત્ન, પૃ. ૬૦

વિમુખ થતી જાય છે, તે સમજાવવા કર્તાએ સુંદર, વ્યવહારું અને મૌલિક દૃષ્ટાંત આપ્યું છે,

"કોઇ દેશપતિ મહારાજાએ પોતાની પતિવ્રતા પ્રિય સ્ત્રીને આજ્ઞા કરી સત્તા આપી હોય કે હું અંત:પુરમાં છું, અને મને મળવાને કોઇ પણ પ્રાણી આવે તો તેને પ્રયોજન પૂછવું, અને જો તે ક્ષુદ્રાભિલાષી હોય તો તેને તે તે પદાર્થ દઈને તૃપ્ત કરી વિદાય કરવો, અને ખાસ મને જ નિરપેક્ષપણે મળવા ઇચ્છે, તેને મારા પ્રતિ આવવા રોકવો નહિ. પશ્ચાત્ તે રાજા સમીપ નાના કાર્યની ઇચ્છાવાન પ્રાણીઓ આવવા ઇચ્છતાં હોય તેમને, જે જે પદાર્થથી સંતોષરૂપ તૃપ્તિ થાય તે તે પદાર્થ આપી પ્રસન્ન કરી તે સ્ત્રી વિદાય કરે, અને પોતાની સત્તાના પ્રમાણમાં પદાર્થ આપ્યા છતાં સંતોષને ન પામે, તો તેને રાજા પ્રતિ જવા દેવા, આજ્ઞા પ્રમાણે અવિરોધી થાય, તેમાં તે રાજા કિંવા રાણીનો દોષ કોણ વિચારવાન પુરુષ અંગીકાર કરશે ? કોઇ જ નહિ. સહસ્ર દ્રવ્યની ઇચ્છાવાનને સહસ્ર દ્રવ્ય આપે, લક્ષ દ્રવ્યની ઇચ્છાવાનને તેમ, અને તે જ પ્રમાણે જે જે, જે પ્રકારે સંતોષને માને તેને તે જ પ્રમાણે સંતોષને પમાડે, એમાં જેમ તે સ્ત્રી નિર્દોષ છે, તેમ જ આ સર્વ લોકપતિ મહારાજા શ્રી ઇશ્વર પોતાની માયાશક્તિ દઈને પોતાના પ્રતિ આવનારને સંતોષ પમાડે છે, અને તે રાણીરૂપ માયાશક્તિ પોતાની મર્યાદાના પ્રમાણ સુધીના પદાર્થો આપ્યા પછી અસંતોષને પ્રાપ્ત રહેલા પ્રાણીને સાક્ષાત્ ઇશ્વરસંમુખ થવા કિંચિત્ પણ વિરોધ કરતી નથી. તેથી હે રાજન્ ! ઇશ્વરની પ્રાપ્તિમાં પ્રાણીનો અનધિકાર જ કારણ હોય છે ; માયાનો દોષ નથી."[1]

---

૧. "સિ. સિ.", પ્રથમ રત્ન, પૃ. ૬૫

પ્રસ્તુત કથાનું એક પાત્ર દુરંતવીર્ય યોગાભ્યાસી અને તપસ્વી હતો. પરંતુ તે એટલો બધો અહંકારી અને અનુગ્રત કે મહામાયાએ તેને ચલિત કરવા પ્રેરેલી યોગસિધ્ધિઓને પ્રાપ્ત કરી, પોતાને યોગી કે સિધ્ધ જ માનતો થઇ ગયો હતો. મહામાયાએ નાનું સરખું છિદ્ર પાડી તેનાં તન-મનમાં કેવો પ્રવેશ કર્યો છે, તેનાથી તે તદ્દન અજ્ઞાત હતો. આથી સિધ્ધિના બળે તે તથ્યવાદીના સ્વભાવનું અને તેના જીવનમાં બની ગયેલા પૂર્વપ્રસંગોનું તે વ્યાન કરે છે અને તેથી પ્રભાવિત થયેલો તથ્યવાદી દુરંતવીર્યને પોતાના ગુરુ તરીકે સ્થાપે છે. શિષ્ય દ્વારા પોતાને પણ પ્રતિષ્ઠા મળશે, તેવી વાસનામાં દુરંતવીર્ય ધ્યાનસ્થ પણ થઇ શકતો નથી અને શિષ્યને કેવી રીતે સહાયભૂત થઇ પોતે કીર્તિવંત બને તેના જ વિચારો કરે છે. મહામાયાશક્તિના પ્રભાવથી બનતા બીજા એક આશ્ચર્યકારક પ્રસંગમાં તે અરણ્યમાં આવેલી સુંદર સ્ત્રીને જોઇ તે એટલો બધો તેના વિચારોમાં તલ્લીન બની જાય છે કે સિધ્ધિના અને તપના પ્રતાપે તે તેના પૂર્વજન્મના વૃત્તાંતને ઉકેલે છે અને અડધું તપોબળ તેને પુનઃ જીવિત કરવામાં જ ખરચી નાખે છે. તેની તીવ્ર તપશ્ચર્યા તો એક પક્ષે બાજુએ રહે છે પણ મેળવેલી સિધ્ધિનો તે કેવી ઐહિક બાબતોમાં ઉપયોગ કરે છે અને અંતે એક તપસ્વી સંસારી કે ગૃહસ્થી બની જાય છે ! આમ કર્તાએ માયાના અકલ છતાં સર્વવ્યાપી પ્રભાવનું આ દૃષ્ટાંત દ્વારા રસમય નિદર્શન કર્યું છે. જીવનમુક્તાવસ્થા પ્રાપ્ત કરવી અથવા સ્વસ્વરૂપાનુભવ કરવો એ સાધકનો ઇષ્ટ અને ફલપ્રદ હેતુ હોય છે પરંતુ આવી અનર્થકારી અને ચમત્કારિક સિધ્ધિઓ તો સાધકને અવળામાર્ગે લઇ જઇ ચલિત કરે છે. આવી સિધ્ધિઓ પ્રાપ્ત કરવી એ સરળ અને સહજ છે. તેનાથી કદાચ સામાન્ય જીવોને આંજી શકાય પણ તે ચરમધ્યેયને કદી આંબી શકતો નથી, વગેરે ભાવ તેમાંથી નિષ્પન્ન થાય છે.

પૂર્વજન્મમાં દુરંતવીર્યની પત્ની, મૃત્યુસમયની તેની શેષવાસના પ્રમાણે રાજકુટુંબમાં જન્મ લે છે અને અનેક સુખવૈભવો ભોગવે છે. પરંતુ તેનું લગ્ન કોઇની પણ સાથે થતું નથી. પ્રત્યેક જન્મમાં લગ્નસમયે જ તેનું આકસ્મિક મૃત્યુ થાય છે. વાસનાઓને સંતોષ્યા બાદ કુદરતી રીતે તે તેના પૂર્વજન્મના પતિ દુરંતવીર્ય સાથે જ લગ્નગ્રંથિથી જોડાઇ શકે છે. કર્તા તે દ્વારા ગીતાનો સિધ્ધાંત જાણે સૂચવવા માગે છે કે મૃત્યુસમયે જે પ્રકારનો વિચાર આકાર લે છે, તેને અનુરૂપ તેનો બીજો જન્મ થાય છે. આમ જન્મપર્યંત રહેલી-ટકેલી શેષ વાસના મનુષ્યને અનેક જન્મોના વિષચક્રમાં હડસેલી દે છે. પરંતુ સદ્‌વિચારનું પરિણામ શુભકારી આવતું હોય છે. વળી નિયતિના નિયમ પ્રમાણે લગ્ન પણ જે તે વ્યક્તિ સાથે જ થાય છે. આમ કર્મણાનુબંધનો સંબંધ અને જન્મ જન્માંતરમાં શેષ રહેલી વાસના વિશે કર્તાએ આ કથા દ્વારા સુંદર પ્રકાશ પાડ્યો છે.

માયાના મારમાંથી બચવા ભક્તિમાર્ગ, વિચારપ્રધાનમાર્ગ કે યોગમાર્ગ દ્વારા સ્વસ્વરૂપાનુભવ કરી શકાય. કર્તાએ ત્રણે ય માર્ગનું વિશદ વિવરણ કરી અંતે જીવનમુક્ત તથા અતિવર્ણાશ્રમીના સ્વરૂપનું વિગતે વર્ણન કર્યું છે.

દુરંતવીર્ય પોતાના શિષ્ય તથ્યવાદીને જે મંત્ર આપે છે તે પણ અહીં ગુહ્ય રાખ્યો છે. કારણ કે આવી સાંકેતિક કે માંત્રિક બાબતો આમજનતા સમક્ષ ખુલ્લી મૂકવાનું "વર્ગ"ના આચાર્ય ઇષ્ટ માનતા નથી. અધિકારી સાધક સમક્ષ તેની કક્ષા મુજબનો જે તે માર્ગ આપવો અને તે રીતે તેની ક્રમિક સાધના કરાવવી એ સર્વથા સાનુકૂલ અને નિર્દોષ માર્ગ છે.

માણસનું જીવન ક્ષણભંગુર છે. કાળ ક્યારે જીવને ભરખી જશે તેની કોઇને ખબર નથી. માટે અલ્પકાળમાં પણ સત્વરે જીવે કલ્યાણકારક

પ્રવૃત્તિ કરવી જરૂરી છે – વગેરે સમજાવતાં કર્તા જે વ્યાવહારિક દૃષ્ટાંત આપે છે, તે પણ નોંધપાત્ર છે.

"આ સંપૂર્ણ જગત કાળનું ભોજન છે. ત્યાં જેમ મનુષ્યના સમીપ આવેલા ભોજનપાત્રમાં અનેક પદાર્થો હોય છે, તેમાંથી પ્રથમ ગ્રાસ કયા પદાર્થનો કરશો, એ નિશ્ચય નહિ હોવાથી પાત્રમાં રહેલા સર્વ પદાર્થને સરખું ભય હોય છે, તેમ આ કાળના ભોજનાપાત્રમાં આપણે પ્રાણીઓ આદિ ભોજનના પદાર્થરૂપ છીએ, અને આપણામાંથી એ કાળ પ્રથમ કોનું ભોજન કરશે, એ વાર્તાને નિશ્ચય કરી શકતો નથી. તેથી સર્વ પ્રાણીઓએ સરખું ભય ધરવું જોઇએ. એટલું જ નહિ પરંતુ નિરંતર પ્રાણીપદાર્થના ભક્ષક એ કાલનું ભય રાખી આપણા કલ્યાણના ઉપાય રૂપ પરમેશ્વરના સ્મરણ તથા ચિંતનમાં તત્પર રહેવું, અને આ સંસારના પરિણામી સારરહિત વિષયભોગોમાં જ કેવલ આસક્ત થઇ ન જવું."[1]

"સિધ્ધાન્તસિન્ધુ"ના દ્વિતીય રત્નમાં, કથાનું મુખ્ય પાત્ર શંપા પોતાના પતિ દિષ્ટભુક્ને વિશ્વાધાર-ધરિત્રી તેમ જ શ્રીનૃસિંહગુરુ અને તેમના શિષ્યોની કથા કહેવાનું યાદ કરાવે છે. પ્રસ્તુત દ્વિતીય રત્નમાં કર્તાએ પ્રથમ દ્યુતિ અને દ્વિતીય દ્યુતિ એવા બે વિભાગો પાડયા છે.

પ્રથમ દ્યુતિમાં કર્તા વિશ્વાધાર-ધરિત્રીના એકાન્તસેવનની કથા કહે છે. મધ્યમાયુ નગરમાં વીતાવી સંસાર સારરહિત છે એમ જણાયું ત્યારે મહર્ષિ વિશ્વાધાર અને તેની સ્ત્રી ધરિત્રીએ

---

૧. "સિ. સિ.", પ્રથમ રત્ન, પૃ. ૨૭

ચૂર્ણદેહાના તટ પર પવિત્ર મનકામેશ્વર નામના ક્ષેત્રમાં પર્ણકુટી રચી આશ્રમ કર્યો હતો.

શંપા વચ્ચે શંકા કરે છે કે મોહરૂપ સંસારસમુદ્રથી જીવો મરણપર્યંત પણ મુક્ત થઇ શકતા નથી તો આ સ્ત્રીપુરુષ કેવા પ્રકારના વિચાર કરીને તે પ્રેમબંધનથી મુક્ત થઇ એકાંતસેવન કરવા ગયાં હતાં ?

દિષ્ટભુક્ આથી વિશ્વાધાર-ધરિત્રીની એકાન્તસેવન પૂર્વેની કથા કહેતાં જણાવે છે કે ગૃહસ્થાશ્રમના આરંભ પછી ધરિત્રીને ક્રમશઃ નવ બાલક પ્રગટ થયાં પરંતુ તેમાંથી કોઇને કોઇ કારણે એક પણ બાળક જીવિત રહ્યું નહિ. વયની અધિકતાએ ગર્ભધારણની સંભાવના ન રહેતાં ધરિત્રીએ પતિને પુનર્લગ્ન કરવા તથા તે રીતે પુત્રપ્રાપ્તિ દ્વારા શાસ્ત્રોક્ત મોક્ષ મેળવવા જણાવ્યું તથા પોતાને સંસારનો પરિત્યાગ કરવાની આજ્ઞા આપવા કહ્યું.

માયાના પ્રવાહથી પરિચિત વિશ્વાધાર તેની સ્ત્રીને સંસારના સાચા સ્વરૂપનો ખ્યાલ આપવા આત્મવૃત્તાંત કહે છે. યોગ્ય વય થતાં, વિદ્યાના અધ્યયન દરમ્યાન વિશ્વાધારને સુશય્યા, ષડ્રસયુક્ત ભોજન, સ્વતંત્રપણે સંસારના વિવિધ ભોગોને ભોગવવા યોગ્ય સ્ત્રી વગેરે વિષયી વિચારો પજવવા લાગ્યા. આથી વિશ્વાધારે લજ્જાશીલ બની ગુરુને પોતાના મનની વાત કહી, ઘેર જવાની આજ્ઞા માગી.

વિદ્વાન પણ મોહાસક્ત વિશ્વાધાર સાક્ષાત્ કૈવલ્યમોક્ષ, વિદેહ, કૈવલ્યમોક્ષ, ક્રમમોક્ષ અથવા અવાંતર મોક્ષ અથવા પુનરાવૃત્તિરહિત ક્રમમોક્ષ, લોકમોક્ષ, ઉપાસના વડે પ્રાપ્ત થતો મોક્ષ વગેરે ત્રિવિધ પ્રકારના મોક્ષનો વિચાર કરી છેવટે નક્કી કરે છે, "એક આશ્રમથી

અન્ય આશ્રમમાં પ્રવેશ કરતાં મોક્ષપર્યંત જવાનું શ્રુતિમાં પણ વિધાન છે તો આ બ્રહ્મચર્ય આશ્રમ પછી ગૃહસ્થાશ્રમ જ કરવો ઉચિત છે."[૧]

પછી તેનાં માબાપ વિશ્રવાધારનો વિવાહ દ્રયબંક નામના કુળવાન બ્રાહ્મણની સુરૂપ સુલક્ષણા કન્યા સાથે કરે છે અને તેને પણ વિવિધ ભોગો માણતાં લાગે છે કે, "શાસ્ત્રમાં કલેશની નિવૃત્તિ તથા આનંદની પ્રાપ્તિને મોક્ષ કહ્યો છે, તથા સ્ત્રીને મુક્તિનું સાધન કહ્યું છે, તો એ બંને વાતો સાચી છે."[૨] તે સ્ત્રીને જ જગતમાં સારરૂપ માનીને તેમાં નિરંતર આસક્ત રહેવા લાગ્યો પરંતુ થોડા કાળ પછી અચાનક તે સ્ત્રીને વ્યાધિ ઉત્પન્ન થઇ અને તે મૃત્યુ પામી.

દુઃખમાં દિવસો પસાર કરતા વિશ્રવાધારે અનુકૂલ સમય પ્રાપ્ત થતાં બીજું લગ્ન હાલની વર્તમાન સ્ત્રી ધરિત્રી સાથે કર્યું. પરંતુ નવે નવ બાળક થાય ત્યારે તેની પત્નીને સુખ અનુભવતી અને ક્રમે ક્રમે તેનું મૃત્યુ થાય ત્યારે તેનું કરુણ રુદન સાંભળી વિશ્રવાધારને થયું કે પોતે મંદમતિ છે. કારણકે એક સ્ત્રીના મરણથી દુઃખનો અનુભવ કર્યો હોવા છતાં પુનઃ આ લગ્ન કરી ગૃહસ્થાશ્રમ રૂપી અગ્નિની જવાલામાં તેણે પ્રવેશ કર્યો છે.

વિશ્રવાધાર તેની પત્નીને આશ્વાસન આપતાં કહે છે કે હવે માત્ર તેણે એકલીએ જ એકાંતસેવનના ઉગ્ર તપ વડે ઉત્તર વય ગાળવાની નથી. પોતે પણ તેની સાથે ગૃહત્યાગ કરશે.

બંને ગૃહત્યાગ કરતાં પહેલાં ધન આદિ વૈભવી પદાર્થો સાથે ન રાખતાં તેની યોગ્ય સોંપણી કરવાનું વિચારે છે. કારણ કે વિકારના મૂલરૂપ ધનનો સંગ તીર્થપ્રસંગોમાં કે એકાન્તસેવનમાં અનર્થકારી નીવડે છે.

---

૧. "સિ. સિ.", દ્વિતીય રત્ન, પૃ. ૧૬૨
૨. "સિ. સિ.", દ્વિતીય રત્ન, પૃ. ૧૬૨

કર્તા કહે છે,

"શાથી જે બ્રહ્મભાવની પ્રાપ્તિ અહંમમરૂપ અભિમાનની નિવૃત્તિ થયા વિના થતી નથી, અને આ અભિમાનની નિવૃત્તિ, દુઃખરૂપ વિષયોમાં સુખબુધ્ધિરૂપ અવિદ્યા–અજ્ઞાનની નિવૃત્તિ થયા વિના થતી નથી. અજ્ઞાનની નિવૃત્તિ વિવેકવૈરાગ્યાદિ સાધન વિના તથા યથાર્થ તત્ત્વજ્ઞાન થયા વિના થતી નથી, અને વિવેકવૈરાગ્યાદિ સાધન, વિષયમાં અત્યંતાસક્તિવાળા પુરુષ કરી શકતા નથી. માટે ધનાદિ સંપૂર્ણ પદાર્થની આસક્તિ અર્થાત્ સંગ એ સર્વ અનર્થનું મૂલ છે."[1]

તેઓ પોતાનાં સગાંસંબંધીઓને બોલાવી, વડીલબંધુ ધૈર્યધરને બધી વસ્તુઓ સોંપી, સર્વની વિનયવચનો સહ રજા માંગે છે. ત્યારબાદ એકાન્તસેવન માટે સૂર્યદેહાના પવિત્ર તટ પર શેષકાળ વ્યતીત કરે છે.

પ્રથમ રત્નની કથા અને દ્વિતીય રત્નની પ્રથમ દ્યુતિની કથામાં સારભૂતતત્ત્વ તો એક જ છે કે ક્રમથી આશ્રમ પ્રવેશ કરવો. પરંતુ પ્રથમ રત્નમાંનાં સર્વ પાત્રો બ્રહ્મચારી શિષ્યો હતા તથા સદ્‌ગુરુને ત્યાગાશ્રમ માટે રજા આપવા વિનવતા હતા. પરંતુ વિવેકી સદ્‌ગુરુ તેઓને આગ્રહપૂર્વક ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરાવી પરમસુખપ્રાપ્તિનો સાચો માર્ગ ચીંધતા હતા. પ્રસ્તુત દ્વિતીય રત્નનો વિશ્વાધાર આરંભમાં બ્રહ્મચર્યાવસ્થામાં અનેક વિકારોના મોહક વિચારોથી પીડાતો હોવાથી, ગુરુની આજ્ઞા માગી પોતે જ ગૃહસ્થાશ્રમ અંગીકાર કરે છે. પ્રથમ પત્ની સાથે વૈભવી સુખો માણી, વાસના સંતોષી તે આપ્તકામ બનતો નથી પરંતુ વધુ મોહાસક્ત થાય છે. પરિણામે ધરિત્રી નામની કન્યા સાથે

---

૧. "સિ. સિ.", દ્વિતીય રત્ન, પૃ. ૨૦૩

બીજું લગ્ન કરે છે. પરંતુ ત્યાં પણ નવ નવ પુત્રો જન્મ પામીને મૃત્યુ પામતાં તથા પત્નીની આરંભમાં ક્ષણિક સુખાવસ્થા અને પછીનું કરુણ રુદન સાંભળી, તે પોતે પણ વ્યથિત થાય છે, અને અંતે ધરિદ્રી સાથે એકાન્તસેવનના ઉગ્ર તપ વડે તે પરમાનંદને પામે છે. આમ કર્તાએ – "વર્ગ"ના આચાર્યે – आश्रमात् आश्रमम् गच्छेत् નો વિરવાધાર-ધરિદ્રીના ઉદાહરણથી રસપ્રદ ખ્યાલ આપીને પણ ચેતવણીરૂપ બોધ કર્યો છે કે ગૃહસ્થાશ્રમને પણ ઉદાસીન ભાવે માણવો જોઇએ.

"સિધ્ધાન્તસિન્ધુ"ના દ્વિતીય રત્નની દ્વિતીય ધ્રુતિ તો વધુ શાસ્ત્રીય અને સિધ્ધાન્તાત્મક બની છે. એકાંતસેવન કરતાં શંપા દિષ્ટભુક્‌ને કેટલીક શંકાઓ રજૂ કરે છે ત્યારે દિષ્ટભુક્‌, શ્રીનૃસિંહગુરુએ પોતાના શિષ્યોને તથા જિજ્ઞાસુવર્ગને આવી શંકાના પ્રસંગે જે પ્રત્યુત્તર આપ્યા હતા તે જણાવે છે.

સર્વ માન્યજનો વડે વેષ્ટિત થઇ બેઠેલા શ્રીનૃસિંહગુરુને મુક્તિના સ્વરૂપ વિશે નિઃશંક થવા એક તપસ્વી પ્રશ્ન કરે છે, "મોક્ષ અથવા મુક્તિનું સ્વરૂપ શું છે ? વળી એ મુક્તિ એક છે કે અનેક છે, આ વાર્તાને પણ જાણવા ઇચ્છું છું. કારણ કે કોઇ સ્થલે પ્રાણીઓનાં આચરણ પરસ્પર વિરોધી છતાં તેઓ પોતાને મુક્તિના સાધક માને છે."[1]

શ્રીનૃસિંહગુરુ મુક્તિના મુખ્ય મુખ્ય સ્વરૂપ રજૂ કરતાં એકદંડી, વેદાંતી, ત્રિદંડી વેદાંતી, સાંખ્યશાસ્ત્રવાળા, પતંજલી, મીમાંસક, ભટ્ટપાદ મીમાંસક, ભટ્ટપાદના અનુયાયીઓ, પ્રભાકર મીમાંસક, મુરારિમિશ્ર મીમાંસક, પાશુપતવાળા, હૈરણ્યગર્ભ, વ્યકારણશાસ્ત્રીઓ, દેહાત્મવાદી ચાર્વાક, અર્હત્ મતવાળા, વિજ્ઞાનવાદી યોગાચાર,

---

૧. "સિ. સિ.", દ્વિતીય રત્ન, પૃ. ૨૧૯

વૈષ્ણવો, શૂન્યવાદી માધ્યમિક, મધ્વમતવાળા, રામાનુજ મતવાળા, વલ્લભમતવાળા, રસેશ્વરવાદી, નૈયાયિક - વગેરેના મુક્તિવિષયક મતો રજૂ કરે છે અને છેવટે એક પરિણામ પર આવતાં તેઓશ્રી જણાવે છે કે, "સર્વ પુરુષોએ મુક્તાવસ્થામાં દુઃખની નિવૃત્તિ કથન કરી છે. કોઇએ પણ દુઃખરૂપ ફલને મુક્તિ માની નથી. અર્થાત્ સંપૂર્ણ દુઃખની નિવૃત્તિ એ મોક્ષનું સ્વરૂપ સર્વમાન્ય સમજવે છે."[૧] વિવેકી સાધકે તો સદ્‌ગુરુ દ્વારા મોક્ષમાર્ગને સિધ્ધ કરવો જરૂરી છે. કારણ કે તે અધિકાર પરત્વે નિઃસંદેહ કરીને યુક્તિ વડે મુક્ત કરે છે.

મોક્ષને પામવાનાં સાધનોને વર્ણવતાં તેઓ શ્રવણ, મનન અને નિદિધ્યાસનના સ્વરૂપનું વર્ણન કરે છે. ક્રમથી મોક્ષ કેવી રીતે સધાય તેનું તાર્કિક વિવરણ આ પ્રમાણે કરે છે - "પ્રથમ નિષ્કામ કર્મથી આત્મશુધ્ધિ (અંતઃકરણની શુધ્ધિ) થાય છે, તે આત્મશુધ્ધિથી વિષયમાં વૈરાગ્ય પ્રકટે છે અને વૈરાગ્યથી શ્રવણાદિમાં પ્રવૃત્તિ થાય છે અને એ પ્રવૃત્તિથી શ્રવણ, મનન, નિદિધ્યાસન સિધ્ધ થાય છે; અને તે સિધ્ધ થયેથી તત્ત્વજ્ઞાન થાય છે, અને તે તત્ત્વજ્ઞાનથી નિશ્રેયસ્‌રૂપ મોક્ષ મળે છે. એ મોક્ષ પણ પર મોક્ષ તથા અપર મોક્ષ એમ બે ભેદવાળો છે. ત્યાં જીવન્મુક્તિનું નામ અપર મોક્ષ છે અને વિદેહમુક્તિનું નામ પર મોક્ષ છે."[૨]

મુક્તિના માર્ગ વિશે ચર્ચા કરતાં તેઓશ્રીએ આર્હતજનોના મતનું સ્વરૂપ, બુધ્ધભગવાનના માધ્યમિક શૂન્યવાદીના મતનું સ્વરૂપ, ક્ષણિક વિજ્ઞાનવાદી યોગાચારના મતનું સ્વરૂપ, સૌત્રાંતિકના મતનું સ્વરૂપ, વૈભાષિકના મતનું સ્વરૂપ તથા ચાર્વાકના વિભિન્ન મતોનું સ્વરૂપ વિગતે વર્ણવ્યું છે.

---

૧. "સિ. સિ.", દ્વિતીય રત્ન, પૃ. ૨૨૪
૨. "સિ. સિ.", દ્વિતીય રત્ન, પૃ. ૨૨૬

ત્યારબાદ શ્રીનૃસિંહગુરુ પોતાના મુખ્ય ૩૨ શિષ્યોનાં નામો ગણાવી, પ્રત્યેકને કેવા પ્રકારનો બોધ કરી મુક્તસ્થિતિને પમાડતા અને શિષ્યો કેવા સામર્થ્યવાળા થતા, તે સમજાવતાં સૌથી પ્રથમ ઉરુવિક્રમ પ્રત્યે સદ્‌ગુરુ મૌન સેવે છે. પરંતુ તેનાં અડગ શ્રધ્ધા ધૈર્ય અને પુરુષાર્થ જોઇ, ગુરુ તેને એકાન્તસ્થલમાં લઇ જઇ, અધિકાર પ્રમાણે મંત્રાક્ષરનો ઉચ્ચાર કરાવે છે તથા યથાક્રમે ઇષ્ટ સાધનો બતાવે છે. જપના પ્રકાર બતાવી યોગ માટેનાં પ્રતિકૂલ અને અનુકૂલ સ્થલ, કાલ અને વિધિની પણ વાત સમજાવે છે. પરંતુ અહીંથી ગ્રંથ અપૂર્ણ રહેવાથી ઉરવિક્રમ શિષ્યની વાર્તા પણ અધૂરી રહે છે.

આમ કર્તાએ પ્રથમ રત્નમાં ગૃહસ્થાશ્રમનું માહાત્મ્ય, દ્વિતીય રત્નમાંની પ્રથમ દ્યુતિમાં ગૃહસ્થાશ્રમને ઉદાસીનભાવે માણવાની ચેતવણી અને દ્વિતીય દ્યુતિમાં શ્રીનૃસિંહગુરુએ કરેલો તાત્ત્વિક બોધ – એમ યથાક્રમે પ્રસંગોની યોજના કરવામાં આવી છે. આમ શરૂઆતના કથાપ્રધાન તત્ત્વબોધથી અંતમાં શાસ્ત્રીય સિધ્ધાન્તચર્ચા દ્વારા પ્રસ્તુત ગ્રંથનું સમાપન કરવાની સુંદર યોજના વિચારી લાગે છે. ગ્રંથ અપૂર્ણ હોવાથી તેનો મહત્ત્વનો તાત્ત્વિક બોધનો ભાગ કર્તા પાસેથી મળી શકયો નથી.

પ્રસ્તુત ગ્રંથ અંગે શ્રી તારાચંદ્ર પોપટલાલ અડાલજ નોંધે છે,

"પોતાને જે કહેવાનું હોય તે સચોટ રીતે રસભરી શૈલીમાં લખવાની એમની આવડત અજબ છે. તેમના "સિધ્ધાન્તસિન્ધુ" ગ્રંથમાં તેમણે "ગૃહસ્થાશ્રમ પછી ત્યાગ"ના સિધ્ધાન્તને વાર્તા દ્વારા અને વળી એ વાર્તા–અંતર્ગત દૃષ્ટાંતો રૂપી બીજી વાર્તાઓ મૂકીને એવી કુશળતાપૂર્વક પ્રતિપાદન કર્યો છે કે સાધારણ જ્ઞાનવાળા માનવીના ગળે પણ એ હકીકત સરળતાપૂર્વક ઉતરી જાય."[૧]

---

૧. શ્રી તારાચંદ્ર પોપટલાલ અડાલજ – "અધ્યાત્મવિદ્યાના પ્રબળ પ્રણેતા શ્રીમન્નૃસિંહાચાર્યજી", પૃ.૪૫, "શ્રીમન નૃસિંહાચાર્યજી શતાબ્દી – સ્મૃતિ–ગ્રંથ".

"શ્રી ત્રિભુવનવિજયી ખડ્ગ" :-

શ્રીમન્નૃસિંહાચાર્યજીના "શ્રીપંચવરદવૃત્તાંત" "સન્મિત્રનું મિત્ર પ્રતિ પત્ર", "ભામિનીભૂષણ" આદિ ગ્રંથોની માફક "શ્રી ત્રિભુવન-વિજયીખડ્ગ" નામનો ગ્રંથ પણ "મહાકાલ" નામના વર્ગના અતિપ્રચલિત પત્રમાં અવકાશાનુસાર ક્રમશઃ પ્રગટ થતો હતો અને તત્કાલીન અધ્યાત્મવિષયનો જિજ્ઞાસુ વિશાળ વાચકવર્ગ તેનો સદ્‌લાભ ઉઠાવતો હતો. પછી તેને ગ્રંથાકારે પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

સુંદર અને સુશ્લિષ્ટ વસ્તુસંકલનાને લીધે આ ગ્રંથ રસમય નવલકથા જેવો જરૂર આકર્ષક અને આસ્વાધ લાગે, પરંતુ કર્તાનો હેતુ તે વાચકોના જનકલ્યાણનો છે અને તેથી રૂપકશૈલીમાં ઘણા ગહન અને ગૂઢ વિષયોની તાત્ત્વિક અને શાસ્ત્રીય ચર્ચા શ્રીમન્નૃસિંહાચાર્યજીએ આ ગ્રંથમાં કરી છે. "આ ગ્રંથ કેવલ સાહિત્યશાસ્ત્રને લગતો નથી, પરંતુ તેમાં સર્વવિદ્યાશિરોમણિ અધ્યાત્મશાસ્ત્રનાં રહસ્યો ગુપ્ત રહેલાં છે, અને તે રહસ્યો લક્ષણાવૃત્તિ વડે અથવા તાત્પર્યવૃત્તિ વડે સ્ફુટ થઇ શકે તેમ છે."[1]

આથી તેમાં રાગ, ત્યાગ, આશા, સુખની તૃષ્ણા, અનર્થકારી ધન, મોહની માયાવી જાળ, મૃત્યુ, સંગ, અકળ ઇશ્વર લીલા, ભાગ્ય, દૃઢ નિશ્ચયબળ, અધિકાર વગરનો ત્યાગ, ગૃહસ્થાશ્રમ વગેરેથી માંડીને બ્રાહ્મણ, ક્ષત્રિય આદિ વર્ણની ફરજો પર્યંત સર્વ વિષયોની વિશ્લેષણાત્મક વિગતવાર ચર્ચા કરી છે તથા શ્રી ત્રિભુવન-વિજયીખડ્ગ રૂપી સદ્‌બોધ વાચકોના સર્વને "કલેશમાત્રના ઉચ્છેદપૂર્વક સમગ્ર ભયથી મુક્ત થઇ નિરતિશય અખંડાનન્દાનુભવ" કરાવવાનો પ્રયત્ન કર્યો છે.

---

૧. "શ્રી ત્રિભુવનવિજયીખડ્ગ", પૃ. ૬, પ્રસ્તાવના

"ઘણા મનુષ્યો કલેશથી, અજ્ઞાનથી કે મન્દમતિ ત્યાગના વેશવાળા અવિવેકીઓના સંસર્ગથી આ સંસારી સ્થિતિના ત્યાગને સેવવા ઇચ્છે છે, અને તે અઘટિત કૃત્ય કરીને મિથ્યા ત્યાગના વેશ ધરીને અને ગૃહત્યાગી ઉભયની યોગ્ય સ્થિતિથી ભ્રષ્ટ થઇને પોતે દુઃખ ભોગવે છે અને પોતાના સંબન્ધીઓને તેમ જ અન્ય સજ્જનોને અનાચારથી દુઃખ આપે છે. અવશ્ય ત્યાગના વેશની કલ્યાણમાં અપેક્ષા છે એમ નથી, તથા અધિકાર વિના ત્યાગ અનર્થ આપે છે તેમ જ અનધિકારીએ વ્યવહાર ત્યજવો યોગ્ય નથી, હિતની ઇચ્છાવાળાએ આગ્રહથી શુધ્ધ વ્યવહાર ત્યજવો યોગ્ય નથી. હિતની ઇચ્છાવાળાએ આગ્રહથી શુધ્ધ વ્યવહારસિધ્ધિ અર્થે નિર્દોષ પ્રવૃત્તિ કરવી અને તેની યોગ્ય પ્રકારે સિધ્ધિ અનુભવ્યા પછી અવશ્ય ભાસે તો અધિકાર પ્રાપ્ત થયે એકાન્તદેશ સેવવો ઇત્યાદિ જણવાયોગ્ય સર્વ હિતકર વાતોને હસ્તામલકવત્ અસ્પષ્ટ પ્રત્યક્ષ કરનાર આ ગ્રંથ છે તેથી સર્વ પ્રકારથી કલ્યાણની ઇચ્છાવાળાએ અવશ્ય સેવવા યોગ્ય છે."[1]

વિશિષ્ટ હેતુથી પ્રસ્તુત ગ્રંથ એક વર્ગના આચાર્યશ્રીની કલમે આલેખાયેલો હોવાથી, "શ્રી ત્રિભુવનવિજયીખડ્ગ"ને સમજવા માટે ભાવકપક્ષે પણ ચોક્કસ પ્રકારના અધિકારની અપેક્ષા રહાય છે. કર્તાએ પોતે પણ કથાપ્રસંગોમાં આના અંગે સ્પષ્ટ અંગુલિનિર્દેશ પણ કર્યો છે. વીરવિજય જંગલમાંથી પસાર થઇ રહયો હોય છે ત્યારે સામેથી એક પ્રવાસી આવે છે. પરસ્પર બંનેની દૃષ્ટિ સામસામે સ્થપાતા છતાં નિઃસ્પૃહપણે તે વીરવિજયની પાસે બેસે છે. તેના નેત્રમાં કોઇ વિલક્ષણ ખુમારી છે. મુખમુદ્રા જોતાં તે ચિત્તની પ્રસન્નતાવાળો જણાય છે. તે પ્રવાસ કરતો આવે છે, પણ પ્રવાસના થાકથી કે તાપથી વિકલ થયેલો ભાસતો નથી. આથી કુતૂહલવશ વીરવિજય

---

૧. "ત્રિ.ખ.", પૃ.૭, પ્રસ્તાવના

સવિનય પેલા દિવ્યપ્રવાસીની પૃચ્છા કરે છે અને તેમનું ચરિત્ર વર્ણવવા વિનંતી કરે છે ત્યારે તે આગંતુક પ્રવાસી અધિકારભેદ સમજાવતાં કહે છે કે મનુષ્યને ત્રણ દશા પ્રાપ્ત થવાનો સંભવ છે. (૧) એક તો જીવદશા અર્થાત્ અજ્ઞાન દશા કે કનિષ્ઠ દશા, (૨) બીજી સાધકદશા અર્થાત્ જીવદશાની વ્યવહારમાં પ્રતીત થતા છતાં તેમાં નીરસપણાના ભાનવાળી અર્ધજાગ્રત દશા કે જ્ઞાન-અજ્ઞાન મિશ્રિત મધ્યમદશા, અને (૩) ત્રીજી સિધ્ધ દશા અર્થાત્ જાગ્રત દશા કે ઉત્તમ દશા. એ દશામાં યથાર્થ-અયથાર્થ વસ્તુનું નિઃસંદેહપણે જ્ઞાન હોય છે.

ત્યાં પ્રથમ જીવદશા ત્રણભેદવાળી હોય છે - વિવેક વતી જીવદશા, અવિવેકવતી જીવદશા અને વિવેકાવિવેકવતી જીવદશા. બીજી સાધકદશા પણ ત્રણભેદવાળી છે - અરાગવતી સાધકદશા, રાગવતી સાધકદશા અને રાગા રાગવતી સાધકદશા. તે જ પ્રમાણે સિધ્ધદશા પણ પ્રધાનપણે ત્રણ ભેદવાળી છે - બહિર્વ્યાપારવતી સિધ્ધદશા, અન્તર્વ્યાપારવતી સિધ્ધદશા અને બહિરન્તર વ્યાપારવતી સિધ્ધ દશા.


પ્રવાસી ચેતવણી આપતાં જણાવે છે કે આ ત્રણપ્રકારની દશાવાળાનું તે તે દશાનું ચરિત્ર પણ તે તે પ્રકારની દશાના અધિકારસમીપ કથન કરવું સાર્થક ગણાય છે. ઇતરનું ચરિત્ર ઇતર આગળ પ્રકટ થયેલું અર્થને ઉપજાવતું નથી, પણ અનધિકારના સદ્ભાવે ઘણે પ્રસંગે અનર્થને ઉપજાવનારું થાય છે અને તેથી તે કથન નિરર્થક ગણાય છે.

અને પછી વીરવિજયની કક્ષા નક્કી કરતાં તે જણાવે છે,

"હે ભાઇ ! રાગારાગવતી સાધકદશાના એક ભેદમાં તમારો સમાવેશ થાય છે. તમે દૃઢ પ્રતિજ્ઞાવાળા છો, તેથી વિજયની સ્પૃહાવાળા છતાં તથા વિષય પ્રાપ્ત થતાં છતાં પણ પ્રતિજ્ઞાની

હાનિ કરીને સ્પૃહાને વશ થઇ વિષય સેવતા નથી, એટલી વિલક્ષણતાથી તમે તે રાગારાગવતી સાધક દશાના ઉત્તમભેદમાં સ્થિત છો, એમાં સંદેહ નથી."[1]

આ નવશાખાયુક્ત અધિકારનિરુપણનું વૃક્ષ વેદોક્ત અધિકારીના પ્રકારનો જ વિસ્તાર છે. આને વધુ સરળતાથી સમજવા નીચે પ્રમાણે કોઠો પાડી શકાય.



૧. "વિ.ખ.", પૃ. ૨૨૧

આમાં રાગારાગવતી સાધકદશાના મનુષ્યો એટલે છઠ્ઠાવર્ગના મનુષ્યો પ્રસ્તુત કથાશ્રવણના મુખ્ય અધિકારી છે, રાગીસાધકો મધ્યમાધિકારી છે, અને વિવેકીજીવદશાના મનુષ્યો મંદાધિકારી છે, જ્યારે અન્યકક્ષાના મનુષ્યો કાં તો બિલકુલ અધિકારી જ નથી – જેમ કે બીજા-ત્રીજા વર્ગના અવિવેકી અને વિવેક તથા અવિવેકવાળા મનુષ્યો – અથવા આવા અધિકારની મર્યાદાનું અતિક્રમણ કરી ચૂકેલા તેવા વીતરાગી (૪), બહિર્વ્યાપારવાળા (૭) અન્તર્વ્યાપારવાળા (૮) તથા બહિરંતરવ્યાપારવાળા (૯) સિધ્ધપુરુષો માટે આ ગ્રંથ જરૂરી નથી. સાધક દશામાંથી જીવે સિધ્ધ દશા પ્રાપ્ત કરવાની છે, પણ જેઓ સિધ્ધાવસ્થામાં જ આરૂઢ છે તેમને માટે ગ્રંથની ઉપયોગિતા નહિવત્ જ છે. ભૂતાત્મામાંથી – જીવાત્મા – મહાત્મા અને પરમાત્મા થવું હોય, તો અધિકારક્રમનો સ્વીકાર – સભાનપણે કે અનાયાસે – કર્યા વિના છૂટકો જ નથી. આ અધિકાર ક્રમેનું સમ્યક્ જ્ઞાન પ્રાપ્ત કરી, સમજપૂર્વક જો કોઇ સાધક ઉપરોક્ત ક્રમને સિધ્ધ કરવા પ્રયત્ન કરે તો તેને વિનિપાત, પ્રત્યાગમનાદિ અનેકવિધ પ્રતિકૂળતાઓ ન નડતાં, સરળતાથી સફળતા મળે છે.

સમગ્ર ગ્રંથ પ્રાચીન પધ્ધતિથી લખાયેલો છે. ચંદ્રની આસપાસ ટમટમતા તારલાઓનો સમૂહ શોભે તેમ અહીં મુખ્યકથાની આસપાસ અનેક આખ્યાયિકાઓ અથવા આડકથાઓ લેખકે ગૂંથી છે. વચ્ચે વચ્ચે ઉપદેશાત્મક અથવા નાયકના મનોમંથનને વાચા આપતાં "સોરઠા" રૂપ પદ્યો પણ ઠેરઠેર વેરાયેલાં છે. ભિન્નભિન્ન સ્વભાવ અને રુચિ ધરાવતા મનુષ્યોનાં ચરિત્રો રજૂ કરી, સારું અને નરસું, ગ્રાહ્ય અને ત્યાજ્ય, ઉન્નતિરૂપ અને અવનતિરૂપ વગેરે વિરોધાભાસી લક્ષણો અને વર્તન ~~દ્વારા~~ દ્વારા વિવેકશક્તિનો કુશળતાથી પરિચય કરાવ્યો

છે. વિલક્ષણ વ્યતિકરો સૂચવતી લાક્ષણિક પ્રકારની પ્રસ્તુત કથાવાર્તા રજૂઆતની દૃષ્ટિએ જોઇએ તો આધુનિક નવલકથા કરતાં પ્રાચીન પધ્ધતિનું કથાનું સ્વરૂપ વિશેષ પકડે છે.[૧]

તેમાં વસ્તુની ફૂલગુંથણીની દૃષ્ટિએ છ કથાને લેખકે આવરી લીધી છે.

(૧) વીરવિજયની કથા
(૨) ભદ્રસેનની કથા
(૩) દિવ્ય પ્રકાશવાળા મહાત્માની કથા
(૪) દિવ્યપ્રકાશથી જાગૃત થઈને તે મહાત્માના મઠ પર આવતા બ્રાહ્મણ પ્રવાસીની કથા
(૫) શ્રીમદ્ ભગવચ્ચન્દ્ર મહારાજની કથા
(૬) મહીપાલેન્દ્રની કથા

વીરવિજયચન્દ્ર એ સમગ્ર કથાનો ધીરોદાત્ત પ્રધાન નાયક છે. ગુણસંપન્ન હોવા છતાં તે અભિમાની નથી ; ધરિત્રીની જેમ ક્ષમાયુક્ત છે ; સાગરના જેવી તેનામાં ગહન ગંભીરતા છે. તેના પ્રવાસનું મુખ્ય પ્રયોજન સ્વપ્નાવસ્થામાં દીઠેલી કન્યાને પ્રાપ્ત કરવાનું છે. એ ધ્યેયની સિધ્ધિ અર્થે માર્ગમાં અનેકવિધ અવરોધો ઊભા થાય છે. તો તે વીરધીર નરશ્રેષ્ઠ તેને મારી હઠાવે છે. કયારેક વિવિધ પ્રલોભનો પણ તેને લલચાવે છે. છતાં તેમાં મોહવશ ન થતાં પોતાની અભિલાષા પ્રતિ ધ્યાન કેન્દ્રિત રાખે છે. પોતાના મનને સાબદું કરતાં તે કહે છે,

"રે મન ! આ સંસારમાં, દુઃખથી તું ન ડરીશ,
છે આશા ત્રિભુવન ફરી, ધારયું તે જ કરીશ."[૨]

---

૧. સરખાવો –
कथायां सरसं वस्तु गद्यैरेव विनिर्मितम् ।
क्वचिदत्र भवेदार्या क्वचिद्वक्त्रापवक्त्रके ।
आदौ पद्यैर्नमस्कारः खलादेर्वृत्तकीर्तनम् । (साहित्यदर्पण, ६.४८७)

૨. "વિ. ખ.", પૃ. ૨

આમ તે દૃઢ નિશ્ચયવાળો છે. વચ્ચે માર્ગમાં ભાગ્યવશાત્ કોઇ વિશિષ્ટ સંકેતથી દિવ્યરૂપના ભંડાર સમી શ્રીમદ્ ભગવચ્ચંદ્ર મહારાજની સુપુત્રી સાથે તેનું લગ્ન થાય છે અને ત્યાંની વિશાળ રાજસત્તા પણ મેળવે છે. છતાં આ સર્વ પ્રલોભનોથી વિવશ થઇ, પોતાનો પ્રવાસ તે અટકાવતો નથી. પરંતુ ખડ્ગસ્થાપનવિધિ કર્યા બાદ અને રાજ્યમાં યથાયોગ્ય અધિકારીઓને તથા પ્રધાનને સૂચનો કર્યા બાદ સ્વપ્નમાંની સુંદરીને સદેહે મેળવવા તે પાછું પરિભ્રમણ શરૂ કરી દે છે. અંતમાં દિવ્યભવન આગળ દિવ્ય ખડ્ગ સહિત ઇપ્સિત કન્યાને તે પ્રાપ્ત કરે છે.

આમ લેખકે તેનું રાગી-વિરાગી એવા અધિકારી સાધકનું પાત્ર ચીતર્યું છે. તેનામાં રાગ અથવા કામ છે. પરંતુ તે નિશ્ચિત લક્ષ્મણરેખામાં જ વિહરે છે. તત કામની સિધ્ધિ અર્થે આવાં પાત્રો આકાશ-પાતાળ એક પણ કરે છે. પરંતુ તેની પ્રાપ્તિ-તૃપ્તિ બાદ તે કામના ક્રમશઃ નષ્ટ પામતી જાય છે. પછી અધિકારી વ્યક્તિમાં સાચો વિવેકદીપ પ્રગટે છે. પછી જે વ્યક્તિ અત્યાર સુધી એક સ્થૂળ પ્રકારની નષ્ટપ્રાય માયાવી ક્ષુદ્ર કામનાની પાછળ જિંદગીને હોડમાં મૂકતી તે જ વ્યક્તિ સાચું જ્ઞાન અને અધિકાર પ્રાપ્ત થતાં, સત્સ્વરૂપનો સાક્ષાત્કાર કરવા અવિરત પ્રયત્ન કરે છે. રાજપાટ, પુત્ર, દારા, સત્તા સર્વને ત્યજીને અંતમાં તે નિર્મોહી છતાં તેજસ્વી જીવન જીવે છે.

વીરવિજયની માફક ભદ્રસેન પણ ચિત્રમાં જોયેલી દિવ્યરૂપવાળી કન્યા માટે પ્રવાસ ખેડે છે. ત્યાં માર્ગમાં ઓચિંતા ચાર ચોરો ધનની આશાથી તેનો જાન લેવા તેને ઘેરી લે છે, ત્યારે રાજનીતિજ્ઞ ભદ્રસેન યુક્તિ અને ધૈર્યથી ચારે ચોરને મારી નાખે છે. આથી તે નગરનો રાજવી ભદ્રસેનનું ભવ્ય સન્માન કરે છે. પરંતુ ભદ્રસેનની પ્રવાસપ્રવૃત્તિનો ભેદ જ્યારે તે જાણે છે, ત્યારે તે ઠપકો આપતાં કહે છે,

"કોઇ રાજપુત્રે સ્ત્રીની શોધ માટે ગ્રામેગ્રામ ભટકવું ઉચિત નથી. વળી આ જગતમાં પ્રાણીપદાર્થ અચલ નથી. જેથી વિનાશી વિષયો અર્થે આપણા અમૂલ્ય આયુષનો વ્યય કરવો ઘટતો નથી. તમે વિચાર કરો કે આ પ્રમાણે પચ્ચિ વર્ષે કષ્ટ કરીને તમે એ સ્ત્રી પ્રાપ્ત કરશો, અને દૈવગતિથી કદાચિત્ તેનું આયુષ્ અલ્પકાળ રહ્યું તો પછી આવડે કષ્ટે પ્રાપ્ત કરેલ તે સ્ત્રીના વિનાશથી તમને કેટલો ખેદ થવો સંભવે છે ? અને એ પ્રકારના વિષય સમ્બન્ધી કલેશોમાં ગ્રસ્ત થયેલો ક્ષિતિપતિ પોતાની પ્રજાના રક્ષણાર્થે શો ઉદ્યોગ કરનાર છે ? કોઇ જ નહીં. અને સ્વાર્થપરાયણ તે રાજા ખાનપાનમાં તથા અન્ય વિવિધ વિષયમાં નિમગ્ન રહેવાથી દુર્બલહૃદ્યવાળો થઇને પોતાના રાજયને પણ ખોઇ બેસે છે."[1]

આગળ જતાં તે નીતિવાકય સંભળાવે છે :

"જે પુરુષ વિષયોમાં જ આસકત્ત રહેનારા છે, તે પોતાના ધર્મથી ભ્રષ્ટ થાય છે એટલું જ નહિ પણ તેમને હાથે કોઇ પ્રકારનું પણ દૈવી પરાક્રમ થવું સંભવતું નથી. આ કારણથી જ ક્ષત્રિયપુરુષો પોતાના ધર્મના પાલનાર્થે આ સ્ત્રિયાદિ વિષયોમાં અધિક મોહ ધરી બંધાઇ રહેતા નથી."[2]

ક્ષુદ્ર વાસનાની સિધ્ધિ અર્થે, પ્રકૃતિના દાસ બની, જીવન ગુજારવું તે નિરર્થક છે. પરંતુ રાગારાગવતી સાધકદશાના મનુષ્યો પ્રારંભિક અવસ્થામાં વાસનાના દાસ બની ક્ષુલ્લક જીવન જીવતા હોય છે. પણ જેમ જેમ યોગ્ય ગુરુ દ્વારા તે સાધકનું સિધ્ધાવસ્થા પ્રતિ સંક્રમણ થતું જાય છે તેમ તેમ તે પ્રકૃતિ અને વાસનાનો સ્વામી બનતો જાય છે.

---

૧. "ત્રિ.ખ.", પૃ. ૨૫

૨. "ત્રિ.ખ.", પૃ. ૨૬

આપણે લેખકની સિસૃક્ષાવૃત્તિના હેતુથી પરિચિત હોવાને લીધે, વીરવિજયની પશ્ચાત્ જીવનયાત્રા કેવી હોઇ શકે, તેનું અનુમાન કરી શકીએ તેમ છીએ. વીરવિજયે પણ ભદ્રસેનની માફક અથવા મહીપાલેન્દ્રની માફક સિધ્ધપુરુષોની બહિર્વ્યાપારવાળી, અંતર્વ્યાપારવાળી કે બહિરંતરવ્યાપારવાળી સ્થિતિમાં જીવન વ્યતીત કર્યું હોત. પરંતુ પ્રસ્તુત ગ્રંથ અપૂર્ણ હોવાથી ઉત્તરધારાનો ઘણો જ અલ્પભાગ કર્તા પાસેથી મળી શકયો છે. એટલે પ્રધાન નાયક વીરવિજયની સંપૂર્ણકથા આપણે મેળવી શકતા નથી.

વીરવિજય વિવિધ સંકટો પાર કરતો, પોતાની દૃઢ નિશ્ચયને અડગતાથી વળગી રહેતો, પ્રથમભાગના અંતમાં સ્વપ્નદૃષ્ટ સુંદરીને અને દિવ્યખડ્ગને પ્રાપ્ત કરી શકે છે. આમ તેનું લગ્ન બે કન્યા સાથે થાય છે – રાજકન્યા અને દિવ્યકન્યા. પોતાના નગરમાં આવી, ભયાભાદરા દરબારમાં સૌપ્રથમ તે પ્રજાજનોને વિવિધ ફરજો અંગે સમજૂતી આપે છે. અહીંથી ઉત્તરધારા અપૂર્ણ રહે છે.

પણ આ ગ્રંથ સદ્ભાગ્યે પરિપૂર્ણ થયો હોત તો વીરવિજયને પણ અંતે આપ્તકામ બનતો કર્તાએ રજૂ કર્યો હોત, એમ સરળતાથી કહી શકાય તેમ છે. વિશેષમાં સરખી જ પ્રકૃતિવાળા ભદ્રસેનનું દૃષ્ટાંત આ વાતને પૂરતો ટેકો આપે છે.

મહાપદ્મસેન રાજાનો યુવાન રાજકુંવર ભદ્રસેન ચિત્રાંકિત દિવ્યકન્યાના રૂપથી અંજાઇ જાય છે, તથા તે જ કન્યાને ગમે તે કષ્ઠ વેઠી મેળવવા પ્રવાસ આરંભે છે. તે શૂરવીર રાજકુમાર ઘણો ચતુર પણ છે. સૈનિકોથી સંજોગવશાત્ વિખૂટો પડતાં તે યુક્તિથી પોતાની મુદ્રિકા વેચી વાટખર્ચી માટે પૈસા મેળવી લે છે. પ્રારંભે ઠગલોકોની જાળમાં અને પછીથી તે રાજયના

અધિકારીની બળમાં ફસાતાં, તે ક્ષત્રિય તેને મારી નાખતાં અચકાતો નથી. ક્ષાત્રતેજ તેની રગેરગમાં વહેતું હોવાથી "બાણ"માં પકડાયેલી અબળાનું અસંખ્ય માણસો સામે રક્ષણ કરે છે અને ઘોડા પર તેને બેસાડી બચાવી લે છે. પરંતુ એ રાજકન્યા શૂરવીર ભદ્રસેનને જ પરણવાની હઠ પકડે છે ત્યારે તે પોતાના નિશ્ચયથી બિલકુલ ડગતો નથી. ધર્મસંકટમાંથી બચવા તેનું લગ્ન બીજા સાથે થાય છે અને પાંચ વર્ષની તે અવધિ આપે છે તથા ચિન્હાંકિત કન્યાની શોધમાં પાછો નીકળી પડે છે. ભાગ્ય પણ તેને ઇચ્છાનુકૂળ હોય છે. તેથી વચ્ચે માર્ગમાં કોઇ નગરના ઉદાર દિલવાળા રાજા તેને ચમત્કારિક મૃત્તિકાનું પાત્ર આપે છે. આથી તેની આહાર અંગેની ચિંતા દૂર થાય છે. અરણ્યમાં જંગલી સ્ત્રીઓની વચ્ચે ઘેરાય છે તેમાંથી તે માંડ છટકી શકે છે. મૃત્તિકાનું પાત્ર ચોરાઇ જાય છે, વળી પાછું કુદરતી સંકેતાનુસાર યથાયોગ્ય સમયે તે પ્રાપ્ત પણ થાય છે. એમ કરતાં તે શોભાસમૃધ્ધ એવા વિશાલ નગરમાં પ્રવેશે છે. ત્યાં તે પ્રધાનની દોરવણીથી અને સહાયથી ભાગ્યબલ જોર કરતાં ઇપ્સિત કન્યાને પ્રાપ્ત કરી શકે છે.

આમ ભદ્રસેનનું પણ બે કન્યા સાથે લગ્ન થાય છે : રાજકન્યા અને દિવ્યકન્યા.

પરંતુ પ્રથમ ભાગમાં જ ભદ્રસેનનો સમગ્ર વૃત્તાંત વર્ણવ્યો હોવાથી, વીરવિજયની માફક ભદ્રસેનનું પશ્ચાદ્જીવન અન્ને અપ્રાપ્ય નથી બનતું.

ભદ્રસેન તેમ જ વીરવિજય પોતાના ઇષ્ટધ્યેયને પ્રાપ્ત કરવામાં જે જે કષ્ટ પડે છે તે સહન કરી, સાદૈશ્યવાળા અર્થથી તેઓ મોહિત કે પ્રભાવિત થતા નથી. વીરવિજય પ્રવાસના મધ્યમાં કહે છે,

"રે મન ! મિથ્યા આમ, કાં ચેષ્ટા વધતી કરે,
નિરખ્યાં વદન તમામ, પણ એકે ઉર નવ ઠરે.
વીરવિજય મુજ નામ, તુજવશ હું વર્તું નહિ,
મિથ્યા ધરિશ ન હામ, મુજને મોહ પમાડવા.
ગ્રહી કર મોહક પાશ, તું આગળ આગળ ધસે,
લહી તુજ મિથ્યા આશ, વીરવિજય ઉભો હસે."[1]

વીરવિજય પોતાની ધ્યેયસિધ્ધિને માટે શરૂઆતથી જ સચિંત છે. પોતાના લક્ષ્યના ઉંડા સ્વરૂપને ઉદ્દેશીને તે કહે છે,

"જે આ સઉ દેખાય, તે નથી સુખ એ જાણીયું,
પણ જેથી પેખાય, તે ગુણ સ્વરૂપ પ્રમાણીયું."[2]

ભદ્રસેનનો પરમાર્થ પ્રતિ પ્રવેશ કેવી રીતે થયો, તેનો કડીબધ્ધ ઇતિહાસ પણ આપણને જાણવા મળે છે, જે દ્વારા સાધકની ક્રમિક સિધ્ધિ કેવા પ્રકારની હોઇ શકે તેની ઝાંખી કરાવી છે.

ભદ્રસેનનું બંને કન્યા સાથે ધામધૂમથી વિધિપૂર્વક લગ્ન થાય છે. ભદ્રસેન ત્યારબાદ સતત વિષયમગ્ન રહે છે. તેમાં આવશ્યક ધર્મકર્મનું પણ તેને વિસ્મરણ થાય છે. બંને સ્ત્રિયોને એક એક પુત્ર પ્રસવ થતાં તેને પુત્રસુખ પણ મળે છે. એવામાં ભદ્રસેનના પિતા તેને સાવધાન કરવા એક દિવસ એકાંતમાં બેસાડી ઉપદેશવચનો કહે છે. વળી પોતે હવે ગૃહનો ત્યાગ કરી ઉત્તમ પ્રકારનું સાધુજીવન જીવવા માગે છે, તે જણાવે છે. પિતાના ઉપદેશથી તેની આંખ ઉઘડે છે. ધર્મ, ગૃહ, રાજય આદિ પ્રત્યે તે જાગ્રત રહે છે. પિતાને પણ જવા માટેની સર્વ તૈયારી નમ્રતાથી કરી આપે છે. આ જ દિવસથી તેના હૈયામાં

---

૧. "દ્વિ.ખ.", પૃ. ૧૫૮
૨. "દ્વિ.ખ.", પૃ. ૨૬૩

વૈરાગ્યની દૃઢ પ્રતિમા આરૂઢ થાય છે. કાલાન્તરે તે વાસના તથા તજ્જન્ય કામકર્માદિને નિર્મૂલ કરી, એકાન્તસેવન માટે ગૃહ, નગર અને રાજ્યસત્તાને ત્યજે છે. ત્યારથી તે સિધ્ધાવસ્થામાં મસ્ત બનીને ફરે છે.

હવે મહીપાલેન્દ્રની કથાની આલોચના કરીએ. કારણ કે તે પાત્ર પણ વીરવિજય અને ભદ્રસેનની માફક પ્રારંભમાં રાગારાગવતી કક્ષાનું હોય છે.

વીરવિજયનું ધ્યેય જેમ સ્વપ્નદૃષ્ટ કન્યા પ્રાપ્ત કરવાનું છે, ભદ્રસેનનું ધ્યેય જેમ ચિત્રદૃષ્ટ કન્યા મેળવવાનું છે, તેમ મહીપાલેન્દ્રની પણ તીવ્ર ઇચ્છા વનમાં તાળી આપી, મંદ મંદ હસતી અને પડકાર ફેંકતી દિવ્યરૂપવસ્ત્રવાળી દૃષ્ટનષ્ટ યોગિની પ્રાપ્ત કરવાનું છે.

ધર્મજ્ઞેન્દ્ર નામના ક્ષત્રિય રાજાને ત્યાં મહીપાલેન્દ્રનો જન્મ થયો હતો. પરંતુ જ્યારે તેની વય માંડ પાંચ વર્ષની હતી ત્યારે શત્રુઓના અચાનક હુમલાથી બચવા માટે તેના પિતાને ગુપ્તવાસ સેવવો પડયો. આમ તેમનું કુટુંબ મહાસમર્થ ઋષિના આશ્રમનું આશ્રિત બન્યું. ૧૬ વર્ષની વય સુધી આશ્રમમાં જ તેના વિધિવત્ શેષ સંસ્કાર થતા રહયા. પરંતુ તે રાજ્યનો રાજા નરેન્દ્ર એકવખત ફરતાં ફરતાં ત્યાં આવી પહોંચ્યો અને પોતાના મિત્રને તથા મિત્રકુટુંબને આશ્રમમાં જોઇ આશ્ચર્ય પામ્યો. તેણે સન્માનથી તેઓને રાજમહેલમાં આણ્યા. મહીપાલેન્દ્રની બુધ્ધિ-શક્તિ-કાંતિ જોઇ પોતાની દીકરીનું લગ્ન તેની સાથે ધામધૂમથી કર્યું. મહીપાલેન્દ્રે ત્યારબાદ પોતાનું મૂળરાજ્ય પાછું પણ મેળવી લીધું.

એકસમયે તે હિંસક પશુની ભાળ કાઢતાં તેની પાછળ ગયો. ત્યાં રાતના એક વાવમાંથી સુંદર વસ્ત્રાલંકારનુપૂરવાળી દિવ્યરૂપ ધરાવતી સ્ત્રી પ્રગટી અને મહીપાલેન્દ્રને સ્મિત વેરતાં કહેતી

કહેતી ચાલવા માંડી, – "હે રાજન્ ! જો તું સુભાગ્યવાન હોય અને શૂરવીર હોય તો મને પ્રાપ્ત કરી સુખી થા."[1] આથી રાજા તેની પાછળ દોરાયો. પરંતુ તે દિવ્યસ્ત્રી વનમાં ભડભડ બળતા અગ્નિ વચ્ચેથી પસાર થઇ ગઇ. દૃઢ નિશ્ચયવાળો રાજા સહેજ પણ અચકાયા વગર તે અગ્નિમાંથી નીકળી ગયો. પરંતુ થોડે જ અંતરે તે કન્યા પૃથ્વીમાં ગરકી ગઇ – સાથે કહેતી ગઇ, "આ પૃથ્વી મને ગ્રસે છે, માટે હે રાજન ! જો તું શૂરવીર તથા ધૈર્યવાન હોય તેમ જ સુભાગ્યવાન્ હોય તો પ્રયત્ન વડે મને પ્રાપ્ત થઇ સુખી થજે."[2] ત્યાં થોડો વખત આરામ કરી, તે પોતાના સાથીની શોધમાં નીકળી પડ્યો. પણ વચ્ચે દુશ્મનોના સૈનિકોએ તેને ઘેરી લીધો. પોતે એકલો હોવા છતાં તે શૂરવીર ક્ષત્રિયે અંત સુધી લઢવાનું નક્કી કર્યું. પણ પોતાના સૈનિકની સમયસર મદદ મળતાં તે દુશ્મનોને સરળતાથી પરાજિત કરી શક્યો. દિવ્યકન્યા જે સ્થળે પૃથ્વીમાં ગરકી ગઇ હતી ત્યાં રાજાએ ખનન્ ખનન્ ખનન્ એવો અવાજ સાંભળ્યો. આથી ત્યાં ખોદકામ કરતાં એક ભારે શિલા નીચે રાજાને લક્ષ્મીનો ભંડાર પ્રાપ્ત થયો. પરોપકારી રાજાએ ઉત્તમ શોભાવાળું "શ્રીનગર" નામનું શહેર ત્યાં રચ્યું.

તેઓ પોતાના રાજ્ય પ્રતિ પાછા વળી રહ્યા હતા ત્યારે તેમના જ રાજ્યના નાગરિકો સમુદ્રના તીર પર મળ્યા. તે વેપારીઓ વિશાળ વહાણો સાથે પ્રવાસ કરી ઘેર તરફ જઇ રહ્યા હતા. તેઓ બેટ પર ફરતા હતા ત્યારે કોઇ મોટા શરીરવાળો વિલક્ષણ પુરુષ સામેથી આવતો દેખાયો. તેના આગમનથી સર્વે ભયભીત થયા હતા. પરંતુ રાજા તે સર્વને ધૈર્ય આપતો સ્વસ્થ હતો. દિવ્યબલવાળા પુરુષે રાજાને કેટલોક બોધ કર્યો તથા સમુદ્રના ઉદરમાં

---

૧. "દ્વિ. ખ.", પૃ. ૨૪૦

૨. "દ્વિ. ખ.", પૃ. ૨૪૩

શું છે તે સદેહે રાજા જોઇ શકે તેવી યુક્તિ પણ કહી,

".....માટે હે રાજન્ ! તારે અપ્રમાદયુક્ત ધૈર્યબલ વડે આ મોહને વશ વર્તાવીને આ સમુદ્રના ઉદરને નિઃશંકપણે જોઇને પાછા વળવું. જો તું મોહને વશ વર્તીશ તો આ સમુદ્રના ઉદરને જોઇ શકીશ નહિ. અને પાછો અત્રે પણ આવી શકીશ નહિ. આ મારાં વચનોનું વિસ્મરણ લેશ પણ કરીશ નહિ. આ મનુષ્યશરીર સ્વભાવથી જ જલચર પ્રાણિની પેઠે જલમાં વિચરી શકે એવો નથી, તો પણ આ તારા શરીરથી હું આ સમુદ્રના જલમાં વિચરી શકીશ, એવો પ્રયોગ હું કરું છું."[1]

અને તે વિલક્ષણ મહાત્માએ રાજાના કંઠમાં કંઇક પહેરાવ્યું. તેની સાથે ગુપ્ત બાંધેલો પદાર્થ હતો. પછી કોઇ પદાર્થ ભૂમિ ઉપરથી લઈ, રાજાના નેત્રમાં આંજી, આશીર્વાદ પાઠવી તે દિવ્ય મહાત્માએ તેનો સમુદ્રમાં પ્રવેશ કરાવ્યો.

જળચર પ્રાણીની માફક તે સમુદ્રમાં સરળતાથી વિચરવા લાગ્યો. કયાંક તેણે માથાના વાળ ઊભા કરાવી દે તેવા ભયંકર બનાવો જોયા, તો કયાંક નયનપ્રિય રમ્ય સૃષ્ટિ જોઈ. વચ્ચે બે ભયંકર પુરુષોએ તેને પકડી એક ખાડામાં નાખ્યો. આમ કોઇ અકળ દિવ્ય ગતિથી તેમાં તેનું વહન શરૂ થયું. રૂપલાવણ્યવતી યુવતીના યુથે તેનું ભાવભર્યું સન્માન કર્યું તથા પ્રત્યેક સ્વગૃહે પધારવા વિનંતી કરી. પરંતુ મહાત્માના આદેશને ધ્યાનમાં રાખી તેણે સર્વને સવિનય ના પાડી આગળ જતાં તેણે દિવ્યમંદિરોનાં દર્શન કર્યાં. બંને બાજુ હારમાં ગોઠવાયેલી સુંદરીઓ જાણે તેનું સ્વાગત કરી રહી હતી ! ત્યારબાદ આગળ એક ભીંત આવતા તે ગુફામાં

---

૧. "દ્વિ. ખ.", પૃ. ૨૬૧

પ્રવેશવું તેને મુશ્કેલ થઇ પડયું. પરંતુ અદૃશ્ય હાથની સહાયથી તેનો ત્યાં પ્રવેશ થયો. ત્યારબાદ એક પ્રવાહ વહેતો જણાયો. આસપાસ અનેક યુવતીઓ અને તેમાં ઘેરાયેલી એક દેવી સમ સ્ત્રી એ પ્રવાહમાં વહેતાં હતાં. આવી ટોળામાં વિચરતી બીજી દેવી જ્યારે તેની પાસે આવી ત્યારે તેણે મંદ સ્મિત સહ કહ્યું, "હે પ્રવાસિન્ ! જેમ તું ભૂતલ ઉપર એક સ્ત્રીની પાછળ દોડ્યો તેમ આ લોકમાં કોઇની પાછળ દોડીશ નહિ. જો તું કલ્યાણની ઇચ્છાવાળો છે તો મોહરહિત રહીને આ પ્રવાસના અન્તને પામજે."[1] દેવીના દિવ્ય વચનને ધ્યાનમાં રાખી સ્વસ્થ બની તે અન્ય લીલાઓ નીરખવા લાગ્યો. એવામાં આવી બીજી દેવીને જોઇ તે અતિશય આનંદ પામ્યો. કારણ કે તે જ હાથતાળી દઇ પૃથ્વીમાં અદૃશ્ય થઇ ગયેલી દિવ્ય સ્ત્રી હતી. પરંતુ તે સ્ત્રીએ તો તેની સામે પણ ન જોયું. વિચક્ષણ સાધુપુરુષ અને આગળની દેવીના વચનને ધ્યાનમાં રાખીને તે બિલકુલ મોહવશ ન બન્યો. રસ્તામાં તેણે સુવર્ણ, રત્ન, મણિ અને કિંમતી ઝવેરાત વગેરે અસંખ્ય મૂલ્યવાન્ પદાર્થો જોયા. છેક ઉંડાણમાં જતાં તેણે દિવ્યકાંતિવાળા અસંખ્ય પુરુષોને જોયા. તે સર્વ પોતાના વાહન ઉપર બેસી ઉતાવળમાં જતા હોય તેમ જણાયું. એવામાં એક દિવ્ય પુરુષે તેને હાથથી ઊભો રાખ્યો તથા તેના નેત્ર પર હાથ મૂકયો. આથી તેણે બહુ પ્રબલ વેગથી નીચેથી ઉપર આવતો સૂક્ષ્મ દ્રવ્યનો પ્રવાહ જતો જોયો. અલગ અલગ વખતે તે દિવ્યપુરુષે તેના નેત્ર પર હાથ મૂકયો, તો ક્રમશઃ તેણે વિવિધ અને મોટા સ્વરૂપના અણુમાંથી થતા આકારો જોયા. આવું ભવ્ય દૃશ્ય જોઇને તેને આશ્ચર્ય થયું તથા પરમશાંતિ પણ મળી.

જ્યારે તે સમુદ્રના જલમાંથી બહાર નીકળ્યો ત્યારે તેના વસ્ત્ર જેવાં ને તેવાં કોરાં હતાં. સાત દિવસ સુધી તેણે સમુદ્રનિવાસ કર્યો હતો.

---

૧. "વિ. ખ.", પૃ. ૬૬૯

કિનારા પર તેના સાથી-સેવકો તેની જ પ્રતીક્ષા કરી રહ્યા હતા. પેલા વિલક્ષણ સાધુપુરુષ વિશે પૂછતાં તેના સાથી માણસે કહ્યું કે, "આપના સમુદ્રમાં પ્રવેશ પછી પેલા મહાત્મા એવું કહીને ગયા છે કે તમારા રાજા આવે એટલે એને તેડીને તમે તમારા સ્થાને જજો. અને હું કોઇ સમયે એકવાર ફરીથી મળીશ એટલો સંદેશો કહેજો."[1]

આથી રાજા તે મહાત્માના દર્શનાર્થે તેની શોધ ચલાવી રહ્યો હતો ત્યારે વનમાં જતાં કોઇ વિશાળ પર્વતની નાની ગુફામાં તેણે એક તપસ્વીને બેઠેલા જોયા. જ્યારે રાજાએ સામેની મોટી ગુફામાં જવાની ઇચ્છા પ્રગટ કરી ત્યારે તપસ્વીએ તે ગુફાની ભયંકરતા વિશે અંગુલિનિર્દેશ કર્યો; છતાં રાજાનો દૃઢ આગ્રહ જોઇ થોડે સુધી માર્ગ બતાવીને તે પાછો વળ્યો. મોટી ગુફામાંથી વિષની જવાળા નીકળી રહી હતી. તેથી તેમાં પ્રવેશવું તે મૃત્યુને આહ્વાન આપવા બરાબર હતું. એવામાં કોઇ સ્ત્રીનો રડવાનો અવાજ સાંભળી ક્ષત્રિયધર્મને વફાદાર રહી, રાજા કોઇપણ ભયને ન ગણકારતાં અવાજની દિશા તરફ ધસ્યા. પરંતુ તેને બચાવવા તે જેવો તત્પર થયો તેવામાં જ તે ગુફામાંથી વિકરાલ સરખો ધાતકી પુરુષ ખડ્ગથી તેને હણવા બહાર નીકળ્યો. પરંતુ રાજકુમાર યુક્તિથી બચી ગયો અને બધાએ ભેગા થઇ ધાતકી રાક્ષસને હણી નાખ્યો. તેણે રડતી રાજકન્યાને બચાવી તથા તેને ઘેર સુધી પહોંચાડવાની સર્વ વ્યવસ્થા કરી.

વિકરાલ ગુફામાં પ્રવેશતાં પહેલાં મહીપાલે રાજાએ મહોદધિના અંતરાલનું દર્શન કરાવવા શક્તિમાન એવા મહાત્માનું સ્મરણ કર્યું. તત્કાળ તે સિધ્ધપુરુષ પ્રગટ થયા. આમ મહાત્માની

---

૧. "દ્વિ. ખ.", પૃ. ૨૭૫

સાથે રાજકુમારે ગુફામાં પ્રવેશ કર્યો. મહાત્માએ ગુફામાં વિષધરનું ભયંકર જોડું, પિશાચિકા, સિધ્ધાશ્રમ, પંચ શિષ્યો વચ્ચે શોભતા મહાત્મા, તથા ગુપ્ત બારી વગેરે પ્રતિ યોગ્ય નિર્દેશ કરી બતાવ્યો.

આ સર્વ દર્શનથી મહીપાલેન્દ્રને પરમસંતોષ અને આનંદ પ્રાપ્ત થયાં. ઘેર ગયા બાદ પેલી રાજકન્યા સાથે પણ તેણે લગ્ન કર્યું. સમય આવતાં, સ્ત્રી મૃત્યુ પામતાં તેણે રાજય અને ગૃહ છોડયાં. આમ અખંડાનંદમગ્ન બની સુખદુઃખાતીત થઇ હવે તે રાજકુમારમાંથી સિધ્ધમહાત્મા બનેલા દિવ્યપરમાનંદમાં આમતેમ ફરી રહયા છે.

આમ સમગ્ર કથામાં મુખ્ય નાયક વીરવિજયનું ધ્યેય સ્વપ્નમાં જોયેલી કન્યા, ઉપનાયક ભદ્રસેનનું ધ્યેય ચિત્રમાં જોયેલી કન્યા તથા વીરવિજયના સિધ્ધ ઉપદેષ્ટા મહીપાલેન્દ્રનું ધ્યેય દૃષ્ટનષ્ટ યોગિની પ્રાપ્ત કરવાનું છે. આમ સ્ત્રીપ્રાપ્તિ એ પ્રસ્તુત કથાના નાયક અને ઉપનાયકનો ધ્યેયવિષય હોવાને લીધે "શ્રી ત્રિભુવનવિજયી-ખડ્ગ" કદાચ કોઇને શૃંગારરસપ્રધાન કથા લાગે. પરંતુ આવી કથાઓ દ્વારા સર્જકનું ધ્યેય વાચકોની વૃત્તિ અધ્યાત્મવિધા તરફ વાળવાનું છે. શૃંગારિક કથાના ગર્ભમાં અનેકવિધ રૂપકો અને રહસ્યો સમાયાં છે, અને તેથી જનરુચિની સહજ સામાન્ય મર્યાદામાં કર્તા પોતે રાચતા નથી, પરંતુ જનરુચિને ઘડવાનો આ દ્વારા સબળ પ્રયત્ન કરે છે.

કથાનું શીર્ષક "શ્રી ત્રિભુવનવિજયીખડ્ગ" પોતે જ સૂચક અને રહસ્યમય છે. તથા તેમાં આવતાં રૂપકો, રહસ્યો, દિવ્યશાસ્ત્ર, દિવ્યકન્યા એ બધું જ યોકકસ પ્રકારના અર્થના અનુસંધાનમાં છે. આ સર્વને યથાશકિત સમજવા પ્રયત્ન કરીએ.

વેદ તથા ઉપનિષદમાં જે વાત કરવામાં આવી છે તે જ વાતને ૧૬મી સદીના એક પ્રતિષ્ઠિત "વર્ગ"ના આચાર્યશ્રીએ તત્કાલીન દેશ અને કાળના મનુષ્યોને સરળતાથી ગળે ઉતરે તે રીતે કથાશૈલીમાં

વણી લીધી છે. પ્રબળ ઇચ્છા શક્તિને ઉપનિષદોમાં "ઉમાહૈમવતી"[૧] એવી રહસ્યમય સંજ્ઞાથી ઓળખવામાં આવી છે. તેનામાં જે સંપૂર્ણપણે એકાગ્ર થાય તે "વીર" ઉપાસક કહી શકાય. આવા વીર કોઇપણ આપત્તિ કે અવરોધથી ડગતા નથી. મનમાં જન્મેલી અદમ્ય ઇચ્છાને પોતાના અપૂર્વ ઉત્સાહથી અને અવિરત પ્રયત્નથી પરિપૂર્ણ કરવા તે થનગનતો હોય છે. અશક્તિનો પડછાયો પણ તેનામાં રહેતો નથી. તે તર્ક કે બુધ્ધિને પણ બાજુએ મૂકે છે અને માત્ર પોતાની સહજ સંકલ્પવૃત્તિને પ્રાધાન્ય આપે છે. આવા દૃઢમનોબળથી[૨] તે પ્રચંડ શક્તિ પણ પ્રાપ્ત કરે છે અને સિધ્ધિ પણ હાંસલ કરે છે. સિધ્ધિથી તે ભોગશક્તિ મેળવે છે, સાથે તેનું નિયંત્રણ પણ કરે છે. ૐ મોહ, માયા, રાગ, દ્વેષ, ધન વગેરેથી તે લોભાતો નથી, બલ્કે તે સર્વ કામનાનો સ્વામી બને છે. બૃહદારણ્યક ઉપનિષદમાં કહયું છે – यथत् कामयते तत् तदेव भवति। – અર્થાત્ પોતે જે જે વસ્તુની કામના કરે તે તે વસ્તુમય તે બની જાય છે, એટલે કે તે વસ્તુ તે સિધ્ધ કરે છે.

વીરવિજય, ભદ્રસેન તથા મહીપાલેન્દ્ર – ત્રણેયના હૃદયમાં દિવ્યકન્યા પ્રાપ્તિનું સ્વપ્નું સાકાર કરવાનું ધ્યેય હોય છે. ત્રણેયને વચ્ચે અઢળક સંપત્તિ, સત્તા અને સુંદર રૂપગુણયુક્ત રાજકન્યા પણ પ્રાપ્ત થાય છે. પરંતુ તેમાં મોહવશ બની તેઓ પોતાની મંજીલ ચૂકતા નથી. મનગમતી કન્યા મેળવવા તેઓ પ્રાણની આહુતિ આપવા પણ તત્પર હોય છે. આમ ત્રણેયને માટે દિવ્યકન્યા એ "ઉમાહૈમવતી" છે.

---

૧. સરખાવો – इच्छाशक्तिरुमाकुमारी। (શિવસૂત્ર, ૨,૧૨)

૨. જેને આજનું માનસશાસ્ત્ર will Power શબ્દથી નવાજે છે.

પરંતુ આવી અલૌકિક શક્તિ સહેજમાં નથી મળતી. સાધકે તેને માટે તપ, સંયમ અને કર્મ ત્રણેનો સતત પરિશ્રમ કરવો પડે છે.

વીરવિજય અને ભદ્રસેન રાગારાગવતી કક્ષાના સાધકો છે. પરંતુ મહીપાલેન્દ્ર મુક્તની કોટિના છે. આથી પ્રથમ બે સાધકો વિરક્તોની કોટિમાં પ્રવેશ કરવા મથી રહ્યા હોય તેવા પ્રયત્નશીલ જણાય છે, મુક્તાત્મા જણાતા નથી. પરંતુ મહીપાલેન્દ્રની પાછળની સિધ્ધ અવસ્થા એ ઉચ્ચકોટિના આનંદમાં મસ્ત રહેતી અવધૂતની છે. આથી તે ચેતનાનાં ઊંડાં સ્તરોમાં અવગાહન કરી શકે છે. સમુદ્રના ઉદરમાં – અતીવ ઊંડાણમાં – પ્રવેશી તે વિવિધ સૃષ્ટિ જોઇ શકે છે તથા एकोऽहम् बहु स्याम्।[1] – એકમાંથી અનેકનું સ્વરૂપ ધારણ કરતા અથવા અણુમાંથી વિરાટનો આકાર પ્રાપ્ત કરતા સૂક્ષ્મ ચેતનપ્રવાહને પણ જોઇ શકે છે. ત્યાં તે વિવિધ પ્રલોભનોથી પર છે. દિવ્યસુંદરીઓથી તે પ્રભાવિત થાય છે પણ મોહિત થતો નથી અને જેનો વારંવાર પીછો પકડયો હતો તે દૈષ્ટનષ્ટયોગિનીને ત્યાં સાક્ષાત્ નિહાળે છે, છતાં આપ્તકામ મહીપાલેન્દ્ર બીજા બે વાર્તા-નાયકની માફક, તેને પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ નથી થતો.

કામના નકામી નથી. તેની સિધ્ધિ પણ વ્યર્થ નથી. પરંતુ કામના પૂરી થતાં, તેને ભોગવ્યા બાદ આપ્તકામ થવું એ પ્રત્યેક સાધકનું કર્તવ્ય છે, તેવો ધ્વનિ સ્ફુટ થાય છે. અકામ હોવું – કામના જ ન હોવી, તે અતિમુશ્કેલ છે. વેદો અને ઉપનિષદો પણ કામના ના ઉપજો એવું કહી પ્રબોધતાં નથી. પરંતુ અહીં કર્તા આપ્તકામ થવાની એટલે કે કામના સિધ્ધ કરવાની શક્તિવાળો થવાની વાત કરે છે.

---

૧. સરખાવો – रूपं रूपं प्रतिरूपो बभूव
तदस्य रूपं प्रतिचक्षणाय।
इन्द्रो मायाभिः पुरुरूपईयते
युक्ता ह्यस्य हरयः शता दश ॥
(ऋग्वेद, ६, ४७, १८)

આવા વીર સાધકોમાં અવિરત ચાલતા પુરુષાર્થની પાછળ ભવ્ય ખુમારી હોય છે. ભાગ્યબળથી સિધ્ધિ પ્રાપ્ત થાય તેમાં તો નરી પરવશતા રહેલી છે. નદીના પ્રવાહમાં તણખલું ખેંચાય તેમ તે કાળના પ્રવાહમાં પોતાના દૈવ અનુસાર ઘસડાતો હોય છે. અને આપોઆપ મળી રહેલા ફળને પ્રાપ્ત કરે છે. પરંતુ સાચો વીરસાધક ઈષ્ટ સિધ્ધિની પ્રાપ્તિ અર્થે ભાગ્યની અવગણના કરી, સંપૂર્ણ સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરી, અલૌકિક બળ બ્રહ્મચર્યદ્વારા તે અર્થને પોતાની મર્યાદામાં ખેંચી લાવવા પ્રયત્ન કરે છે. સાચું શૂરાતન અકામ થવામાં અથવા આપ્તકામ થવામાં છે. તેમાં ય વીરસાધક આપ્તકામની કોટિને શ્રેષ્ઠ ગણે છે. દૈવબળથી મળતી સિધ્ધિમાં સાધકના પુરુષાર્થનો અભાવ હોય છે અને પરવશતા રહેલી હોય છે, જ્યારે પ્રચંડ પરસેવાથી મેળવેલી સિધ્ધિમાં સ્વાતંત્ર્યની ખુમારી હોય છે. કેનોપનિષદ્માં પ્રકાશ ફેલાવનારી આ શક્તિને "હિરણ્યમયી" એટલે કે દેદીપ્યમાન કહી છે. તેનું ઉગમસ્થાન હૃદયમાં છે – જેને ઉપનિષદ્ "હિરણ્યમયપાત્ર" શબ્દથી ઓળખે છે. "હિરણ્યમય પુરુષ", "હિરણ્યમય કોશ", "હિરણ્મયપાત્ર" એ શબ્દો રહસ્યમય અને ગૂઢ અર્થના સૂચક છે.

क्रतुमयो हि पुरुषः। – મનુષ્ય કર્મમય છે, એમ છાંદોગ્ય ઉપનિષદ્ પણ કહે છે. પાંચ ઈન્દ્રિયો અને છઠ્ઠું મન એટલાં પરિમિત સાધનો ઉપરાંત પણ વિશેષ સાધનો સમુત્ક્રાંતિના માર્ગ માટે જરૂરી છે. આ સર્વ સાધનો પ્રાણનિરોધ, યોગાભ્યાસ વગેરે બ્રહ્મચર્યદ્વારા મેળવી શકાય તેમ છે. ઉપાસનામાં દૈવીબળ રહેલું છે અને ઉપાસનાની સિધ્ધિ યોગ વગર પામી શકાતી નથી. આવા અલૌકિક યોગબળથી તે મહામાનવ બની શકે છે.

પ્રસ્તુત કથાના અંતે વીરવિજય તેમ જ ભદ્રસેનનું બે કન્યા સાથે લગ્ન થાય છે : (૧) ભૌતિક રાજકન્યા સાથે અને (૨) અલૌકિક દિવ્ય કન્યા સાથે.

આ બંનેની કન્યા પ્રાપ્તિ માટેની આ સાહસકથા નથી, પરંતુ તે હેતુગર્ભિત રહસ્યમય કથા છે.

રાજકન્યા તે ભૌતિક વ્યક્તિ છે – જે રાગારાગવતી અવસ્થામાં "અવિદ્યા" સંજ્ઞાથી ઓળખાય છે, દિવ્યકન્યા તે તેની પીઠમાં રહેલી અભૌતિક શક્તિ છે – જે "વિદ્યા" સંજ્ઞાથી ઓળખાય છે. પ્રત્યેક સાધકને આવી ઈષ્ટ શક્તિ અપેક્ષિત હોય છે. દિવ્યશક્તિ પ્રાપ્ત કર્યા બાદ વીરવિજયની સિધ્ધ દશાનું અરાદિગ્ધ વર્ણન, ગ્રંથ અપૂર્ણ હોવાને લીધે, ઉત્તરધારામાં સર્જક આપી શકયા નથી. પરંતુ પ્રથમ ભાગના અંતમાં વીરવિજય દિવ્યખડ્ગ સહિત દિવ્યકન્યાને પ્રાપ્ત કરે છે ત્યારે તે મર્મયુક્ત વચનો કહે છે –

"જેણે મને સ્વપ્નમાં પોતાનું દિવ્યરૂપ દેખાડી મોહવશ કરી આટલો કાલ આ ભવાટવીમાં ભ્રમણ કરાવ્યું છે તે આ સમયે આવી પ્રાપ્ત થયેલી હું દેવીને હું સ્વીકારીશ. જેને પામવાના દૃઢ સંકલ્પને વશ વર્તતો હું રાજય, ગૃહ તથા વિભવાદિને ત્યજીને અને માર્ગમાં પ્રાપ્ત થતાં સુખાદિને પણ ન સ્વીકારીને આ સ્થલે કષ્ટને સહન કરતો આવ્યો છું તે મારા સંકલ્પની સિધ્ધિ અર્થે આજે હું તેને સ્વીકારીશ. કોઈપણ ઉપાધિરૂપ પદાર્થ મારે આ વિશ્વમાં પામવા યોગ્ય નથી એવો મારો દૃઢ નિશ્ચય હવે પછીના સમ્બન્ધમાં બંધાઇ ચૂકયો છે ; તો પણ મેં પ્રયત્ન વડે પ્રાપ્ત કરેલા બલરૂપ અથવા આજપર્યંત આ સંસારચક્રમાં ભમીને સાધેલા મારા ગૈરવર્ય વડે મને અવશ્ય પ્રાપ્ત થવા યોગ્ય સ્વભાવસત્તા રૂપ હે દેવિ ! ખડ્ગ સહિત હું તને આજે સ્વીકારીશ. જેને પામવા વડે હું ત્રિભુવનને વશ વર્તાવવા સમર્થ થનાર છું, જેના વડે હું આ ત્રિલોકીમાં મારે માટે વિદ્યમાન એવાં સર્વ પ્રકારના ભવદુઃખને નિવારવા સમર્થ થનાર છું, જેની પ્રાપ્તિથી હું આ અનન્ત સરખા જણાતા સંસાર પ્રવાસને ગોક્ષુરમાત્ર અન્તવાળા પ્રદેશના પ્રવાસ સમ અન્તવાળો

અનુભવનાર છું અને જેના સમ્બન્ધથી હું અન્તમાં કૃતકૃત્ય થવાની સાક્ષાત્ યોગ્યતાને પામનાર છું તે સર્વ સામર્થ્યની અધિષ્ઠાત્રી રૂપ દેવિ ! હું તને આજે સ્વીકારીશ. યોગ્ય સમયે પ્રાપ્ત થનારી અને યોગ્ય સમયે નિયમથી નિવૃત્ત થનારી હે દેવિ ! હું કે જે આ સંસારમાં નિયમથી વર્તનાર, નિયમથી વ્યવહાર કરનાર, અને નિયમથી જ પરમપ્રાપ્તવ્યની સિધ્ધિ અર્થે આ પ્રપંચથી નિયમિત સમયે નિવૃત્ત થનાર છું તે મારા કર્તવ્યની નિઃશેષ સિધ્ધિ અર્થે યોગ્ય સમયપર્યન્ત તારા સહવાસ અર્થે આજે નિઃશંકપણ તને સ્વીકારીશ."[૧]

ઉપરોક્ત વાકયોથી સ્પષ્ટ થાય છે કે દિવ્યકન્યા એ સાધકની સ્વભાવસત્તા રૂપ ઇચ્છાશક્તિ છે.

તેવી જ રીતે "ત્રિભુવનવિજયીખડ્ગ" અંગે પણ કર્તાએ પ્રસ્તુત ગ્રંથમાં જે ઉલ્લેખ કર્યા છે તે પરથી સ્પષ્ટ થાય છે કે પ્રથમ આ દિવ્ય ખડ્ગને પ્રાપ્ત કરવા પરમેશ્વરની પ્રસન્નતા માટે પ્રચંડ યજ્ઞ આરંભાયો હતો. યજ્ઞના તપે પરિણામમાં આ ખડ્ગ પ્રાપ્ત થયું હતું. તે જગદારંભે પ્રકટ થયેલું એક સત્ત્વ છે. પછીથી તે સત્ત્વ આયુધનો આકાર લે છે. એ સત્ત્વ પ્રકટ થયું ત્યારે તેને ધારણ કરવા કોઇ સમર્થ ન હતું. દેવોની પ્રાર્થનાથી શ્રીરુદ્ર ભગવાન તે ખડ્ગને અખંડ ધારણ કરે છે. આમ આયુધના સ્વામી શ્રીરુદ્રભગવાન હોવાથી તે આયુધ ઉપાસકને તેમના આશીર્વાદથી મળી શકે તેમ છે. પરંતુ ઋષિના કથન મુજબ કોઇ યક્ષિણીએ આશુતોષ શ્રીરુદ્રભગવાનને પ્રસન્ન કરી વરદાન માગી લીધું હતું કે તેમના પ્રસાદથી યક્ષિણી પોતાના ઉપાસકને પણ તે ખડ્ગ આપવા સમર્થ થઇ શકે. આમ કોઇપણ ઉપાસક રુદ્રભગવાન અથવા યક્ષિણીની

---

૧. "ત્રિ.ખ.", પૃ. ૩૦૨

પ્રસન્નતા પ્રાપ્ત કરી તે આયુધ પ્રાપ્ત કરી શકે છે. પરંતુ ગ્રંથકાર સૂચવે છે તેમ યક્ષિણીની ઉપાસના કરનાર ખડ્ગ સાથે અંતે યક્ષલોકને પામે છે, જ્યારે શ્રી સદાશિવની ભક્તિ કરનાર ખડ્ગ સાથે સદ્ગતિ પણ પામે છે. આથી યક્ષિણીની સેવા વડે[1] રા મેળવેલું તે શસ્ત્ર ઉત્તમ ગતિ આપનારું નથી. પરંતુ રુદ્રભગવાનના આશીર્વાદથી મેળવેલું શસ્ત્ર ઉપાસકને ત્રિભુવનવિજયી બનાવવા પણ સમર્થ થાય છે.

સમગ્ર ગ્રંથ રૂપકશૈલીમાં રચાયેલો હોવાથી તેનો વાચ્યાર્થ અને તેનો વ્યંગ્યાર્થ બંને ભિન્ન છે. અહીં પણ કર્તા આ વિગત વડે[1]રા નવા જ રહસ્યનો સ્ફોટ કરી રહયા છે.

લૌકિક દૃષ્ટિએ તીક્ષ્ણ ધારવાળું અને ચોકકસ આકારવાળું જે આયુધ ગણાય છે તેવું આયુધ નથી. પરંતુ આ આયુધ તે "બલવત્તમ સત્ત્વ" છે. તે સત્ત્વના પ્રાદુર્ભાવના અર્થે ઉપાસકને રુદ્રભગવાનનો માનસયજ્ઞ કરવો પડે છે. આથી આંતરિક માંત્રિક પ્રક્રિયા વડે[1]રા તે શસ્ત્રનો ઉદય થાય છે.[1]

શ્રીમન્નૃસિંહાચાર્યજી માટે એમ કહેવાય છે કે તેઓશ્રી સર્વ શિષ્યોને એકીવખતે એકસરખો બોધ ન કરતા, પણ પ્રત્યેકની અધિકારભૂમિકા ચકાસી, તેને યોગ્ય પ્રબોધ કરતા. પ્રસ્તુત ગ્રંથ મુખ્યત્વે રાગારાગવતી સાધકો માટે જ રચાયેલો છે – જેથી તેમાંથી સદુપદેશ પ્રાપ્ત કરી, વિવેકશક્તિ વડે[1]રા તેઓ સિધ્ધકોટિને પ્રાપ્ત કરી શકે. આમ પ્રસ્તુત ગ્રંથ સર્વ સાધકોને સામાન્યતઃ ધ્યાનમાં રાખીને લખાયો હોવાથી શ્રીમન્નૃસિંહાચાર્યે, આ શૈવમંત્ર કર્યો,

---

૧. મંત્રશાસ્ત્રમાં તેનું "પિનાક" અથવા "પાશુપતાસ્ત્ર" એવું નામાભિધાન કરેલું છે. ભારવી કૃત "કિરાતાર્જુનીય"માં પણ તેનો ઉલ્લેખ મળી આવે છે. મહાવીર અર્જુને તે પ્રાપ્ત કરવા ઉગ્ર તપશ્ચર્યા કરી હતી. ~~તે શસ્ત્ર મેળવવા તથા અર્જુનને પ્રોત્સાહન આપવા ઈન્દ્રાણી કહે છે.~~

દિવ્યશસ્ત્ર કેવી રીતે પ્રકટ થાય છે વગેરે રહસ્યોને સપ્રયોજન ગુપ્ત રાખ્યાં હોય તેમ જણાય છે. મહાત્મા પણ મહીપાલેન્દ્રને ઉપદેશના અન્તમાં સ્પષ્ટ કહે છે,

"તે સર્વ જણવાયોગ્ય મેં જાણ્યું છે ; અને જે મેં જાણ્યું છે તે સર્વ તમે પણ તમારા યોગ્ય અધિકારના સમયમાં જાણશો. તેથી મારે આ ક્ષણે તે કથન કરવા યોગ્ય નથી."[૧]

આમ શિષ્ટનીતિને અનુસરી કર્તા શસ્ત્રની પ્રાપ્તિના ક્રમને જણાવતા નથી. યોગ્ય અધિકારીને કદાચ તે સ્વતઃ સ્ફુટ થતું હોય.

દિવ્યકન્યા સાથે દિવ્યશાસ્ત્ર જેને પ્રાપ્ત થાય છે તેનું સામર્થ્ય ત્રિભુવનને વશ વર્તાવનારું જણાવ્યું છે. **भूर्लोक**, **भुवर्लोक**, અને **स्वर्गलोक**ને સામાન્ય રીતે **त्रिभुवन** સમજવામાં આવે છે. આવા રહસ્યમય ગ્રંથોમાં દરેક ભાષ્યકાર પોતાની ઢબે ભિન્નભિન્ન અર્થો સૂચવતા હોય છે. આવા ગૂઢ વિષયો જો અનુભવગમ્ય હોય તો વિશેષ સરળ પડે છે. શ્રીશ્રેયસ્સાધક અધિકારી વર્ગના અગ્રગણ્ય સાધકો પ્રસ્તુત ગ્રંથના "ત્રિભુવન" શબ્દની ચર્ચા કરતાં જણાવે છે.

"જેમ દિવ્યકન્યા અને દિવ્યશાસ્ત્રના વ્યંગ્યાર્થ જુદા છે તેમ આ ત્રિભુવનનો વ્યંગ્યાર્થ જુદો છે.

વેદાન્તશાસ્ત્રમાં પ્રત્યેક અભિમાની અથવા જીવની કારણ શરીરની સામગ્રીને (૧) અવિદ્યાપુરી (૨) કામપુરી અને (૩) કર્મપુરી એવાં નામ આપવામાં આવે છે. કર્મપુરીના દ્રવ્યમાં કર્તૃત્વનાં બીજ હોય છે. કામપુરીમાં ભોક્તૃત્વનાં બીજકો હોય છે અને અવિદ્યાપુરીમાં જ્ઞાતૃત્વનાં વાસનાબીજકો હોય છે. જીવના

---

૧. "ત્રિ. ખ.", પૃ. ૨૮૭

આ કર્તૃત્વ, ભોક્તૃત્વ અને જ્ઞાતૃત્વનાં બીજકોને ધારણ કરનારા આ કોશોને આગમાન્ત શાસ્ત્રમાં મલ, માયા અને કર્મ – એવાં નામ આપવામાં આવે છે. પોતાના પૂર્ણ શિવભાવને પલટાવી અપૂર્ણ જીવભાવે જણાવનારો આદ્યે અણુદોષ તેને મલ કહે છે. તે વડે જીવ પોતાને શિવના સર્વજ્ઞત્વાદિ છ સ્વભાવધર્મોથી, અલ્પજ્ઞત્વાદિ અવળા ધર્મવાળો માની લે છે. આ ગર્ભરૂપ મલ માયા વડે વેષ્ટિત થતાં "જે છે તે નથી અને જે નથી તે છે" એવા ભ્રમના પાશને શરણ થાય છે ; અને આ અણુભાવવાળો અને માયાના જરાયુજવેષ્ટનવાળો જીવ તે તે મર્યાદાથી બંધાયેલાં કારણો અને શરીર વડે ચેષ્ટા કરી શુભાશુભ કર્મના સંસ્કારો મેળવી જન્મમરણની પરંપરામાં પડે છે. આ પ્રમાણે વેદાન્તશાસ્ત્રની પરિભાષાવાળાં અવિદ્યા, કામ, કર્મ અને માહેશ્વરશાસ્ત્રની પરિભાષાવાળાં મલ, માયા અને કર્મ – એ જીવોનાં ઘણાં ઊંડાં "ગુહાહિત" ત્રિભુવનો છે. તેના ઉપર, ઉપર કહેલું દિવ્યશસ્ત્ર સર્વાંશ અંકુશ મૂકે છે. એટલે તે કર્મસત્તામાંથી સ્વભાવસત્તામાં જાય છે, તે પરશક્તિમાંથી સ્વતંત્રતામાં જાય છે. આ વિજયનાં ત્રણ ફલો હોય છે :- (૧) હૃદ્યગ્રન્થિભેદ, (૨) સંશયભેદ, (૩) કર્મપાશભેદ. પ્રથમ ફલ વડે અવિદ્યાનાં વાસનારૂપ બીજકો ભેદાય છે અથવા દગ્ધ થયેલાં અનુભવાય છે તેથી કરીને અવિદ્યાનો આત્યન્તિક લય થાય છે. બીજા ફલ વડે આ વિશ્વમાં માયાની ગૂંચો રહેતી નથી, સર્વેણું વિશ્વ જેવું છે તેવું સ્પષ્ટ સમજાય છે. ત્રીજા ફલ વડે પાપપુણ્યનો સંશ્લેષ રહેતો નથી, જેથી પ્રારબ્ધનાં પાપકર્મનાં ફલ ભોગવવાં પડતાં નથી એટલું જ નહિ પણ અજ્ઞાનઅવસ્થામાં કરેલા પાપનો પશ્ચાત્તાપ પણ થતો નથી. કરેલાં પુણ્યકર્મ વડે ઉત્પન્ન થનાર સુખમાં મોહ થતો નથી, અને ભાવિપુણ્યનો હું સંચય કરતો નથી તેથી મારું શું થશે એવા ભયને પણ તે ધરતો નથી."[1]

---

૧. "ત્રિ. ખ.", પૃ. ૨૧ પ્રસ્તાવના

પ્રસ્તુત રહસ્યગ્રંથમાં આવાં અનેક રૂપકો કર્તાએ મૂક્યાં છે. તેમાંથી કેટલાંક રૂપકોની આલોચના કરીએ.

(૧) પ્રવાસમાં વીરવિજય જેમ જેમ આગળ જતો જાય છે તેમ તેમ શુભ શકનના અનુકૂળ સંકેત થતા જાય છે. એક સમૃધ્ધ નગરના પૂર્વ તરફના દરવાજાને, સૂર્યોદયનો સમય થઇ ગયેલો હોવા છતાં, બંધ રહેલું જોઇને તે આશ્ચર્ય પામે છે. પરંતુ એટલામાં તે વિશાળ દરવાજા ઉઘડે છે અને મોટો મનુષ્યપ્રવાહ આનંદકિલ્લોલ સાથે ધસે છે. વીરવિજયનું ભવ્ય સન્માન કરવામાં આવે છે તથા તેને અનાયાસે ભાગ્યબલથી રાજયસત્તા અને સ્વરૂપવાન રાજકન્યા પ્રાપ્ત થાય છે. છતાં એક ધ્યેયને – જળોની જેમ – વળગી રહેલો વીરવિજય આવા સુભગ અકસ્માતથી મોહવશ થતો નથી. પરંતુ યોગ્ય ગંભીર્ય અને ધૈર્યથી પ્રજાજનને પોતાની પ્રતિજ્ઞા સંભળાવે છે. અને આમ તેની ઇચ્છાનુસાર રાજકુંવરીનું લગ્ન તેના ખાંડા સાથે થાય છે. પ્રધાનની વિનંતીથી તે ત્યાં પંચરાત્રી ગાળે છે.

પ્રસ્તુત પંચરાત્રીનો ઉલ્લેખ ઉપનિષદ્‌ની વિદ્યાના અનુસંધાનમાં હોય તેમ શકય છે. પાંચ રાત્રી એટલે હૃદયનાં પાંચ દરવાજા. "ચિત્તવૃત્તિર્નિરોધસ્તુ યોગ :" એ સુપ્રસિધ્ધ પ્રથમ યોગસૂત્ર તરફ શ્રેયસ્સાધકઅધિકારીવર્ગનો પણ સવિશેષ ઝોક છે. પ્રાણનિરોધ અથવા યોગની ઘણી રસપ્રદ ચર્ચા આચાર્યશ્રીએ અનેક ગ્રંથોમાં કરી છે. પ્રાણ, અપાન, વ્યાન, સમાન અને ઉદાન એ પંચ પ્રાણ છે. તેનો યોગ્ય નિરોધ કરવો પ્રત્યેક સાધકને માટે આવશ્યક છે. છાંદોગ્ય ઉપનિષદ્‌માં પણ પ્રાણ તે આંખ, અપાન તે વાણી, વ્યાન તે કાન, સમાન તે મન અને ઉદાન તે નિયામકશક્તિ, એ રીતનું વર્ણન છે. ઉપરોક્ત પ્રસંગમાં પણ વીરવિજય દ્વારા, સત્તા, સંપત્તિ જેવાં કોઇપણ સામાન્યજનને લુબ્ધ કરાવે તેવાં ઐહિક પ્રલોભનો પ્રાપ્ત કરવા છતાં, પોતાના દૃઢ મનોબળને લીધે તેમ જ ઈપ્સિત ધ્યેયને

મેળવવામાં તેની શક્તિ કેન્દ્રિત હોવાને લીધે, તે સર્વની ઉપેક્ષા કરે છે. કામનામય ન થવું પણ તેના સ્વામી થવું અથવા મોહવશ બની તેની સત્તામાં ન રાચવું, પણ પ્રેયસ્ અને શ્રેયસ્માંથી શ્રેયસ્ની પસંદગી કરી, મોહાતીત થવું તે પણ એક પ્રકારનો યોગ છે.

(૨) રાજા મહીપાલેન્દ્ર સમુદ્રના ઊંડાણમાં પ્રવેશી, મોહાતીત થઇ, સર્વ દૃશ્યો નિહાળે છે. મહોદધિના ઉદરનું વર્ણન પણ સાંકેતિક છે. મહીપાલેન્દ્ર મુક્તકોટિનો આત્મા છે. કામનાને તે સંયમ, તપ અને કર્મ વડે પાર કરી જતી શકયો છે. સિધ્ધહસ્ત યોગી હોવાને લીધે તે ચેતનાના ઊંડા પ્રદેશમાં જઇ શકે છે. તેમાં આવતી વસ્તુઓનું વર્ણન અનાહત પછી વિશુધ્ધ, આજ્ઞા અને સહસ્ત્રાર નાડીચક્રોનાં વર્ણનો હોય તેમ જણાય છે.

(૩) મહીપાલેન્દ્ર, સમુદ્રપ્રદેશ કરાવવા શક્તિમાન્ એવા સમર્થ વિચક્ષણ મહાત્માની શોધ કરતો કરતો એક ભયંકર ગુફા આગળ આવી પહોંચે છે. તે વિશાળ ગુફામાંથી વિષની જ્વાળાઓ પ્રગટી રહી છે. તથા પાસેની નાની ગુફામાં બેઠેલા તપસ્વીના કથન મુજબ તે ગુફામાં પ્રવેશ પામતો કોઇપણ મનુષ્ય જીવતો પાછો આવતો નથી. ગુફાની આવી ભયંકરતા શ્રવણ કર્યા છતાં તે તેમાં પ્રવેશ કરવા તત્પર બને છે. મનમાં વિચક્ષણ મહાત્માનું સ્મરણ કરી તેમને નમસ્કાર કરે છે. પરંતુ ગુફામાં જેવો તે પ્રવેશ કરે છે, અભ્રમાંથી એકાએક વીજળી પ્રગટે તેમ તે ગુફાના મુખમાં તે મહાત્મા પ્રગટ થાય છે. મહાત્મા મહીપાલેન્દ્રને ગુફામાં લઇ જાય છે ત્યારે વચ્ચે મોટું વિષધરનું જોડું વિષજ્વાલાઓ ફેંકતું પડયું હોય છે. પરંતુ મહીપાલેન્દ્ર પર કાંઇ અસર ઉપજાવી શકતું નથી. થોડુંક આગળ ચાલતાં ભયંકર રાક્ષસી જેવી સ્ત્રી – વિશાચિકા – તેનું વિકરાલ મુખ ઉઘાડી બંનેનું ભક્ષણ કરવા ધસે છે. પરંતુ મહાત્મા તેના પ્રતિ આંગળી ધરે છે, આથી તે સ્વસ્થાને બેસી જાય છે. વળી આગળ વધતાં તેઓ અમૂલ્ય રત્નો તથા વિશાળ ધનનો ભંડાર જુએ છે.

મહાત્મા મહીપાલેન્દ્રને ઇચ્છા હોય તેટલું તેમાંથી ધન લેવા જણાવે છે. પરંતુ મોહાતીત મહીપાલેન્દ્ર તે લેવાની સ્પષ્ટ ના પાડે છે. આથી મહાત્મા જણાવે છે,

"આ સ્થલે આવીને આ ધનને મોહથી ઇચ્છનાર યોગબલ વિનાનું દુર્બલ મનુષ્ય પાષાણ રૂપ થાય છે."[૧]

મહીપાલેન્દ્ર આવી બધી કસોટીમાંથી ઉત્તીર્ણ થયા બાદ તે એક સુંદર અને શાંતિપ્રેરક સ્થાન પર આવી પહોંચે છે. તે સિધ્ધાશ્રમ હોય છે અને ત્યાં પંચશિષ્યોની વચ્ચે બિરાજેલા એક મહાત્માનું દર્શન થાય છે. ગુફામાં ઉપર ચઢતાં ચઢતાં તેઓ બંને છેલ્લા શિખર પર આવી પહોંચે છે. ત્યાં એક ગુપ્ત બારી હોય છે. એમાંથી તેઓ બહાર નીકળે છે. મહાત્મા તેને કહે છે,

"જો નરેશ ! આ દ્વારે આપણે નિકળ્યા એટલે હવે કોઇપણ ભયનું સ્થલ નથી. આ શરીરરૂપ ગુહામાંથી પણ જે પુરુષ ગુપ્ત રહેલી ઊર્ધ્વમાર્ગમાંથી નિકળે છે તેને પછી ભયદુઃખનું કંઇપણ કારણ આ વિશ્વમાં રહેતું નથી.[૨]

ઉપરોક્ત વાર્તાપ્રસંગની પડછે સજીને ગૂઢ રહસ્ય વણી લીધું છે.

જગતમાં જે અનેક અનર્થો ઉત્પન્ન થાય છે તે કામના ના જોરે જ થાય છે. આ સંસારમાં જીવોને સુખની આશા જ સંપૂર્ણ દુઃખને આણનાર કારણરૂપ છે. આશાના એકમાત્ર તંતુથી કરોળિયાની જેમ પોતાની માયાજાળને વિસ્તૃત કરતો જાય છે અને તેમાં તે જીવ ફસાતો જાય છે. પરંતુ કરોળિયાની જેમ તે માયાને સંકેલતાં મોહવશ આશાબધ્ધ રાગીજીવને આવડતું નથી. આથી,

---

૧. "ત્રિ.ખ.", પૃ. ૨૮૬

૨. "ત્રિ.ખ.", પૃ. ૨૮૭

"બલવાન્ મનુષ્ય આશા વડે દુર્બલ થાય છે, ધનવાન નિર્ધન થાય છે, નીરોગી રોગી થાય છે, અને એ જ પ્રમાણે સુખી આશાવાન દુઃખી થાય છે. આ જગતમાં ઘણા જીવો તો બરા કારણ વિના જ આશામાં બંધાઇને દુઃખ વ્હોરી લે છે. પોતાના તથા પોતાની વિદ્યમાન પ્રજ્ઞનાં સુખભોગનાં સાધનોની પ્રાપ્તિ છતાં પણ અધિક આશાથી દુઃખ ભોગવે છે. અપ્રાપ્તની ઈચ્છાથી પ્રાપ્ત સાધનો વડે પણ સુખાનુભવ કરતા નથી. આ જીવો અલ્પજ્ઞ હોવાથી સુખભોગના સાધનરૂપ વિષયોની પ્રાપ્તિ કરાવનાર કારણોને જાણતા નથી. તેથી તે જીવોને તે તે સુખભોગ પ્રાપ્ત થવાનો અદૃષ્ટ કારણથી અસંભવ હોય તો પણ અજ્ઞાનતાથી મિથ્યા આશા ધારી વ્યર્થ યત્ન કરે છે."[1]

આશા સમાન આ દુનિયમાં અન્ય કોઇ રિપુ નથી. તેથી પ્રત્યેક જીવે આશાથી બચવા સાવધાન રહેવું જરૂરી છે.

પરંતુ તે સર્વ યોગબળથી શક્ય બને છે. કામના અથવા વાસનાનો ત્યાગ યોગશક્તિથી આવી શકે છે.

આ સંસાર પણ એક વિકરાલ ગુફા છે. તેમાં વાસના તથા કામરૂપ વિષધરનું જોડું રહેલું છે. એ ગુફાને વટાવવી અત્યંત મુશ્કેલ છે. વાસનાલોલુપ જીવ ક્રમશઃ આ વિષની જ્વાલાથી હણાય છે અને છેવટે મૃત્યુ પામે છે. આથી મહાત્મા મહીપાલે ઋષભને સ્પષ્ટ કહે છે,

"યોગબલના પ્રભાવથી જ અહીં તને તથા મને આ વિષધરનું વિષ બાધ કરી શક્યું નથી એમ હું જાણજે."[2]

વાસના અને મોહ જેવાં વિષધર પ્રાણીમાંથી કદાચ જીવ છટકી જાય, તો આશારૂપી ભયંકર પિશાચિકા તેને હણવા ઊભી જ

---

૧. "વિ. ખ.", પૃ. ૫૭

૨. "વિ. ખ.", પૃ. ૨૮૬

હોય છે. કારણ કે આશા અનેકવિધ મોહને ઉપજવનારું મૂળ છે. આમ આશા જીવને જન્મમરણનાં દુઃખચક્રમાં ચઢાવે છે. પરંતુ જેણે આશા જીતી છે તે સર્વપ્રકારના વિવિધ પ્રલોભનોથી પર છે, અવિદ્યાના સર્વ પાશોથી મુક્ત છે.

જીવની કસોટી અર્થે તેને અનેકવિધ લોભ-લાલચોથી વશ કરવા પ્રયત્ન કરવામાં આવે છે. જીવ જો તેમાં આસક્ત થઇ જાય - અર્થાત્ તે પૂર્ણકક્ષાએ આશા, વાસના, કામનાને જીતી ન શક્યો હોય - તો પાછો તે લપટાઇ જાય છે. મહીપાલેન્દ્રને અઢળક ધન લેવાની લાલચ અપાય છે. પરંતુ વાસનાતીત રાજા તે નકારે છે. જો એમ ન કર્યું હોત તો તે ક્ષુદ્ર જીવ પાષાણરૂપ બની જાત. અર્થાત્ આવા કામી-રાગી જીવો મનુષ્ય જેવો પવિત્ર અવતાર પામવા છતાં તેનો સદ્‌લાભ ઉઠાવી શકતા નથી.

ત્યારબાદ મહીપાલેન્દ્ર પાંચ શિષ્યો સહ શોભતા મહાત્મા પાસે સિધ્ધાશ્રમમાં આવે છે. આમ જીવ આવી ક્રમિક સિધ્ધિ પ્રાપ્ત કર્યા બાદ સિધ્ધલોકમાં વિચરે છે. કર્તા તે રૂપકને સમજાવતાં કહે છે,

"આ સ્થાન પણ સિધ્ધાશ્રમ ગણાય છે. વાસના તથા કામનો જય કરનાર, આશાપાશથી મુક્ત રહેનાર તથા ધનના મોહથી રહિત રહેનાર નિર્ધિરૂપ ઐશ્વર્યને તે પામે છે અને તેમાં આસક્તિથી ન બંધાય તે યોગબળવાળો પુરુષ અષ્ટસિધ્ધિરૂપ ઐશ્વર્યનો અધિકારી થાય છે અને ત્યારે જ તે પાંચ જેને વશ વર્તે છે, અર્થાત્ પંચતન્માત્રાસહિત પંચભૂત જેને વશ વર્તે છે એવા સિધ્ધના પદને તે પામે છે. તે સિધ્ધના પદને પામેલા આ લોકના સિધ્ધાશ્રમોમાં રહેતાં કાલે કરીને સ્વતંત્ર એવા સિધ્ધલોકમાં મળી જ્યાં જ્યાં ત્યાં વિચરે છે."[1]

સંસારરૂપી ગુફામાં આરોહણ કરતાં કરતાં છેક છેવટને શિખરે આવી પહોંચે છે અને ગુપ્ત બારી દ્વારા તેમાંથી તેઓ નીકળે છે.

---

૧. "વ્રિ.ખ.", પૃ. ૨૮૬

અર્થાત્ આવાગમનના ફેરાને જીવ યોગબળથી ટાળે છે. મોહ, માયા, મદ, મત્સર, લોભ વગેરે વાસનાતત્ત્વોનો તે સ્વામી બને છે. પોતાની ઇચ્છાથી તેને યથાયોગ્ય નિયંત્રિત રાખી શકે છે. અંતે તે મસ્તાનંદમાં આરૂઢ એવો સિધ્ધાત્મા મોક્ષપદને પ્રાપ્ત કરે છે.

આમ આ રૂપક દ્વારા તથા મહીપાલેન્દ્રની ઉચ્ચકોટિની ગતિ દ્વારા, વાર્તાને અંતે, લેખક યોગશક્તિ પર અત્યંત ભાર મૂકે છે.

(૪) ભદ્રસેનની શૂરવીરતા તથા નિષ્કપટતાને પ્રશંસતા રાજા તેને વસ્ત્રની ઝોળી અને ઢંકવાના રૂમાલ સહ એક મૃત્તિકાનું પાત્ર આપે છે. તે ઉપાસ્ય દેવતાના પ્રસાદ રૂપ હોવાથી જ્યારે અન્નજલની ઇચ્છા થાય ત્યારે તે સમયે તે અમૃત સમાન પકવાન તથા જલ આપી શકે તેવું શક્તિશાળી હોય છે.

આ દૈવીપાત્ર અનાહતચક્ર (હૃદય) નું રૂપક હોય તેમ સમજાય છે.

(૫) શરૂઆતમાં શ્રમિત થયેલો વીરવિજય પોતાનો થાક ઉતારતાં મનોમન બોલે છે –

"રે મન ! આ સંસારમાં દુઃખથી તું ન ડરીશ,
છે આશા ત્રિભુવન ફરી, ધાર્યું તે જ કરીશ."

ત્યારે વૃક્ષના પાછળના ભાગમાંથી કોઇ વૃધ્ધ તપસ્વી આવે છે અને પ્રવાસીની પૃચ્છા કરે છે. પ્રવાસી વીરવિજય પોતાનો વૃત્તાંત સંભળાવે છે. ત્યારબાદ વીરવિજયની ઇચ્છાથી વૃધ્ધ તપસ્વી આત્મવૃત્તાંત જણાવતાં પોતે સિધ્ધપુરમાં કેટલાય સમયથી જે પ્રાચીન વટવૃક્ષ પાસે રહેતા હતા, તેનું વિસ્તૃત વર્ણન કરે છે.

ઉપરોક્ત વૃક્ષ અને થડની વાત, ઉપનિષદ્માં વર્ણવેલા અશ્વત્થવૃક્ષની કલ્પના જેવી લાગે છે.

(૬) પ્રકાશમય મુખમુદ્રાવાળા દિવ્યમહાત્માની વાર્તામાં પણ રૂપક સમાયેલું જણાય છે.

ઉચ્ચ બ્રાહ્મણકુલમાં જન્મેલા તે પુરુષે એક મઠમાં આરૂઢ થઇ સૂર્યનારાયણની તીવ્ર ઉપાસના કરી, તેમને પ્રસન્ન કર્યા તથા વરદાન માંગ્યું, "હે ભગવાન્ ! મને માત્ર અંધકાર દેખાય નહિ પણ બીજા વ્યવહારના સર્વ પદાર્થોને જેવા છે તેવા હું દેખું અને એ મર્યાદામાં આવેલાં મનુષ્યાદિ પ્રાણિઓ મને દેખાતા પ્રકાશને તથા મારી પેઠે પદાર્થને દેખે એવું આપો."[1] બ્રાહ્મણે આવું વરદાન પ્રાપ્ત પણ કર્યું.

પરંતુ આવા ક્ષુદ્ર અને ક્ષણિક વાસનાને સંતોષે તેવા ફળથી જીવન યથાર્થ રીતે સાર્થક થતું નથી. મેળવવા યોગ્ય તે મેળવી શકતો નથી અને કામવશ જીવ ફરીથી તે માયાના ચક્રમાં અટવાય છે. સાધકને પણ જો યોગ્ય જ્ઞાન અને અધિકાર પ્રાપ્ત ન થાય તો તે તીવ્ર ઉપાસનાથી બીનઉપયોગી અને કયારેક અનર્થકારી ફલ પ્રાપ્ત કરે છે. "સામર્થ્યનો પ્રકાશ તે અજગરનું અથવા ક્ષુદ્ર મનુષ્યનું લક્ષણ છે. પ્રાપ્તસામર્થ્યનો ત્યાગ અથવા લય એ વીર મહાપુરુષનું લક્ષણ છે."[2] વિવિધ તાંત્રિક કે માંત્રિક શક્તિ પ્રાપ્ત કરવાથી અન્યને આંજી શકાય છે કે ભયભીત પણ કરી શકાય છે. પરંતુ જીવનમુક્તની સિધ્ધ અવસ્થાનો પરમ સંતોષ તો તેમાંથી પ્રાપ્ત થતો નથી. તેથી તે વિપ્ર તપસ્વી પોતાની ભૂલ સમજતાં પશ્ચાત્તાપ કરતાં કહે છે,

"મેં મન્દભાગીએ પ્રકાશક પરમાત્મા શ્રીસૂર્યનારાયણને કષ્ટે પ્રસન્ન કરીને પણ તુચ્છ ફલ જ ભાગ્યાનુસાર માંગ્યું. મેં મારા અજ્ઞાનનો નિઃશેષ નાશ માગ્યો નહિ, જીવોનાં દુઃખોનો નાશ

---

૧. "વિ.ખ.", પૃ. ૧૪૫
આ તેણે ફરીથી માગેલું વરદાન છે. સૌપ્રથમ સૂર્યભગવાન પાસે એવું વરદાન માંગ્યું હતું, "જ્યાં પર્યન્ત મારાં નેત્રને જોવાની શક્તિ હોય ત્યાં પર્યંત મને કદાચિત્ પણ અન્ધકાર દેખાય નહિ"(પૃ. ૧૪૪) પરંતુ સર્વ પ્રકાશમય જણાતાં તેણે ફરીથી સૂર્ય ભગવાનની ઉપાસના કરી અને નવું વરદાન માગ્યું.

૨. "વિ.ખ.", પૃ. ૧૪ પ્રસ્તાવના

માગ્યો નહિ, પરમેશ્વરના સ્વરૂપની અભેદભાવે પ્રાપ્તિરૂપ મોક્ષ પણ માગ્યો નહિ, અને સ્વલ્પમાં કહું તો માગવા યોગ્ય કંઈ જ મેં માગ્યું નહિ."[1]

એક દિવસ તે કૃષ્ણપક્ષની ઘોર અંધકારમય રાત્રીમાં વનયાત્રા કરવા નીકળ્યો ત્યારે જ્યાં તે જતો ત્યાં તેની આસપાસ પ્રકાશ પણ દશ દિશ ચાલતો. આથી વનમાં જાણે ભયંકર દાવાનળ કોપ્યો છે એમ સમજી પશુપક્ષીઓ ભયભીત થઇ નાસવા માંડયાં. અને રાત્રે પણ વનમાં ભયંકર શોરબકોર શરૂ થયો. એતરના રખેવાળોને અને ગ્રામજનોને પ્રકાશ ચાલતો જોઇ "ભડકા કરતા ભૂત"નો આભાસ થયો અને તેઓ પણ આકુળવ્યાકુળ થઇ ગયા.

આ બ્રાહ્મણ તપસ્વી વીતરાગ સાધુ હતો. જાદુ, મંત્ર, તંત્ર કે એવા ક્ષુલ્લક પ્રયોગોમાં તે રાચતો ન હતો. અંધકાર અને પ્રકાશની પોતાની સમજ પ્રમાણેની ફિલસૂફીથી આવા દિવ્યપ્રકાશને ઉપાસનાથી પ્રાપ્ત કર્યો હતો. પરંતુ આવું વરદાન પ્રાણીમાત્રને રક્ષણ આપવા કરતાં ભયભીત કરી મૂકે છે, એવું જાણી તે અંતે પસ્તાવા લાગ્યો. કારણ કે પરોપકારાર્થે પ્રવૃત્તિ કરવી, એ વીતરાગ સાધુનું અનેરું આભૂષણ હોય છે. અજાણતાં પણ કોઇને મનઃ દુખ ન થાય તેની તેઓ સતત ચિંતા કરતા હોય છે.

ઉપરોક્ત દિવ્યપ્રકાશવાળી વાત મણિપુર ચક્રને લગતી હોય એમ જણાય છે.

આવાં બીજાં પણ રૂપકો તેમાંથી ધ્વનિત થઇ શકે તેમ છે. આધ્યાત્મિક ભૂમિકા પર વિશિષ્ટ સાધકને લક્ષમાં રાખીને લખાયેલા આવા રહસ્યમય ગ્રંથની ખૂબી જ એ હોય છે કે તેમાંથી પ્રત્યેક સાધક આતમની સૂઝ પ્રમાણે ગૂઢ અર્થછાયાઓ નિષ્પન્ન કરી શકે તેમ છે.

---

૧. "દ્વિ.ગ.", પૃ. ૧૪૫

પ્રસ્તુત ગ્રંથમાં શ્રધ્ધાને ઘણું મહત્ત્વ અપાયું છે. કથાના સર્વનાયકો - વીરવિજય, ભદ્રસેન, મહીપાલે૬ વગેરે - શ્રધ્ધાના સૂક્ષ્મ પણ સર્વશક્તિમાન્ તંતુને આધારે જીવતા હોય છે. આપત્તિની ઘડીમાં તેઓ અત્યંત મૂંઝાય છે, પણ હૃદયમાં પ્રસ્થાપિત થયેલી પ્રછન્ન પણ પ્રકૃષ્ટ શ્રધ્ધાશક્તિને આધારે પ્રવાસયાત્રા પુનઃ આરંભે છે. સમર્થ શૂરવીર રાજવી હોવા છતાં કેટલીકવાર વિચિત્ર સંજોગોમાં અને નિરાધાર દશામાં તેઓ ફસાઇ જાય છે. છતાં ઈષ્ટસત્તાના મહદાશ્રયને તેઓ કદી વિસરતા નથી. સફળતા કે નિષ્ફળતા, વૈભવ કે વિપત્તિ, સન્માન કે અપમાન..... તે સર્વ વિધિપ્રેરિત છે એવો દૃઢ આત્મવિશ્વાસ તેઓ ધરાવતા હોય છે.

પોતે તો માત્ર બનતા પ્રસંગોનું જડ સોગઠું છે ; સૂત્રધારના હાથમાં રમાતું રમકડું છે. તેઓના મનમાં ઈચ્છા પ્રગટે છે તો તેને પણ ઇશ્વરનો જ પ્રસાદ સમજે છે. સફળતામાં તેઓ ફૂલાતા નથી કે નિરાશામાં તેઓ ભાંગી પડતા નથી. સર્વ જશ-અપજશ નિયંતાને શિરે જ રાખે છે. વિશાળ પેઢીના આજ્ઞાધારક મુનીમની પેઠે તે માત્ર પોતાની ફરજ બજવે રાખે છે.

વીરવિજય અનાયાસે રાજયસત્તા અને રાજકન્યા પ્રાપ્ત કરે છે. પરંતુ સામાન્યજીવની માફક આકસ્મિક સિધ્ધિથી તે રીઝાતો નથી. પ્રભુનો તેમાં સાંકેતિક અનુગ્રહ સમજી તે સવિનય કહે છે,

"હે સર્વાધિપતિ ! આપ જ જયાં ત્યાં મારો આશ્રય હો જો. આ સ્થલથી મારે હવે પછી કયાં જવું છે અને કેવે પ્રકારે મારી આશા પૂર્ણ કરવી છે એને હું જાણતો નથી. પણ આપ મારા પ્રેરક તે સર્વ જાણો છો તેથી હું સદા ચિન્તામુક્ત છું. જગતમાં આ જીવોની

દૃષ્ટિથી જે કંઇ ઈષ્ટ હોય છે તે પ્રસંગે આપને અધીન વર્તતા નિત્યક્રમથી અનિષ્ટ હોય ; અને જે આ જીવોની દૃષ્ટિથી અનિષ્ટ હોય, તે પ્રસંગે આપના ઐશ્વર્ય પ્રભાવમાં ઈષ્ટ લેખવામાં હોય તો પણ તે માત્વિક ભેદને ન જાણનાર આ અલ્પજ્ઞ જીવો યથાપ્રાપ્તથી અન્તરમાં સંતોષને પ્રાપ્ત રહેતા નથી, એ અમારો જીવદશાને પ્રાપ્ત થયેલા તથા રહેલાનો મોટો દોષ છે. એથી હું તો આશાવાન્ છતાં પણ આપને એ જ નિવેદન કરું છું કે કલ્યાણસ્વરૂપ ! આપ સદા મારી આશાને ન જોતાં મારા કલ્યાણને જ જોજો. અને કદાચિત્ મારી અન્તરાશાને જુઓ અને પૂર્ણ કરવા યોગ્ય ગણો તો જે આશા કલ્યાણની વિરોધી નહિ હોય તેને જ પૂર્ણ કરજો."[1]

આવો વિવેક અને નિરહંકાર હોવાને લીધે આદરેલો યજ્ઞ તે પૂરો કરી શકે છે, સ્વપ્નદૃષ્ટ દિવ્યસુંદરી અને ત્રિભુવનવિજયીખડ્ગ પ્રાપ્ત કરવાની અદમ્ય અને અસરળ ઈચ્છાને તે સંતોષી શકે છે.

ઈશ્વર પર ભરોસો રાખનાર શ્રધ્ધાવાન જીવ અંતે ઇપ્સિતફલને જરૂરથી મેળવી શકે છે. ઈશ્વરવાદી કદી નિરાશ થતો નથી. તે ફૂલપ્રાપ્તિ કદાચ જલ્દી ન પણ થાય, આપત્તિરૂપી કસોટીના વ્યૂહચક્રને ભેદવો પણ પડે, પણ અંતે તે વિજયને જ વરે છે. તે વિજયમાં વાસનાયુક્ત ચંચળ ઉન્માદનો અભાવ હોવાને લીધે તથા નિયંતા પ્રતિ શુધ્ધ નિર્ભેળ અને નિર્બાલસ શરણાગતિ હોવાને લીધે તે ઇપ્સિતફલને લાંબા સમય સુધી ભોગવી શકે છે.

પાંથશાલામાં અનાયાસે દૈવીશક્તિવાળું મૃત્તિકાપાત્ર પાછું મળતાં ભદ્રસેન જે વિચારે છે તેમાં દૈવ પ્રતિ તેની શ્રધ્ધાનો સબળ રણકો સંભળાય છે :

---

૧. "ત્રિ. ખ.", પૃ. ૧૯૫

"દૈવની ગતિ વિલક્ષણ છે. ફલમાત્રની પ્રવર્તક સત્તા પોતાના નિયમમાં કેવી સાવધાન છે તેને આ અલ્પજ્ઞ જીવો શું જાણે ? અનિષ્ટ ફલથી ત્રાસેલા પ્રાણિઓ પોતપોતાના પાપરૂપ અદૃષ્ટ ન જાણીને ઈશ્વરને દોષ આપે એમાં પણ તેમનો શો દોષ છે ? અત્યન્ત અન્ધકારવાળી ગુહા સમ આ વિશ્વમાં પ્રવેશીને જીવો અકળાય એમાં શી નવાઇ ? કંઇ જ નહિ. લોકમાં કહેવાય છે કે, "પુરુષનું પ્રારબ્ધ પાંદડા તળે ઢંકાયું છે, તે પાંદડું ખસે તો નિમેષમાં ઉઘડે." એ વાત પણ સાચી જેવી છે. હું દુઃખમાં સુતેલો અને સુખમાં જાગ્યો, એ જગદીશ્વરની વિચિત્ર સરણી કલાને પામર જીવ શું કળી શકે ? જયારે દુઃખ આવે છે ત્યારે એમ ભાસે છે કે જાણે આ દુઃખ ઘણે કાલે પણ ટળનાર નથી ; પણ જયારે સુખ આવનાર થાય છે ત્યારે જણાતું નથી કે એ દુઃખ કેવે પ્રકારે અને કયાં જતું રહયું. આ પ્રકારે દુઃખસુખને અનુભવ કરનાર જાણે છે. આ જીવને જીવદશામાં ભાસતાં સુખદુઃખ સ્થિર નથી."[1]

મહીપાલેન્દ્ર દિવ્યસુન્દરીનો પીછો કરતાં વનમાં લાગેલા ભડભડતા દવમાંથી પસાર થયો તે કોના જોરે ? અજાણ્યા પણ વિચક્ષણ મહાત્માના આદેશથી એકદમ તે સમુદ્રપ્રવેશ કરવા તત્પર થયો, તે કયા બલે ? તથા વિકરાલ ગુફામાં સ્વસ્થપણે તે વિહરી શકયો તે કોની સત્તાએ ?.....આ સર્વનો એકમાત્ર પ્રત્યુત્તર હોઇ શકે અને તે તેના અંતરાત્મામાં પરમાત્મા પ્રત્યે રહેલી અદમ્ય અવિચળ શ્રધ્ધાબળે.

"અધિકાર" પર પણ કર્તાએ ખાસ ભાર મૂકયો છે. યોગ્ય અધિકાર વિના કોઇપણ કાર્યની સિધ્ધિ સરળ નથી બનતી; બલ્કે ઘણીવાર તેમાંથી અનર્થો પણ પેદા થાય છે. રમકડાંની દુનિયામાં

---

૧. "વિ.ખ.", પૃ.૫૯

રાચતું બાળક વડીલોની વ્યવહારું વાતોમાં રસ લઇ શકવા અશક્તિમાન નીવડે છે તેમ વિવિધ રાગોમાં રાચતો અનધિકારી જીવ પોતાની મર્યાદા સમજ્યા વગર સિધ્ધિનાં સોપાન સર કરવા પ્રયત્નશીલ થાય છે તો નાહકનો પછડાય છે. તેથી યોગ્ય ક્રમમાં સિધ્ધિ પ્રાપ્ત કરવી હિતાવહ છે.

કર્તા પોતે સ્પષ્ટ આદેશ કરે છે કે જૂની આશ્રમવ્યવસ્થા ઘણી જ સુંદર અને સાત્વિક સ્વરૂપની છે. પ્રથમ આશ્રમમાં જ્ઞાનવૃધ્ધિ કરવી, દ્વિતીય આશ્રમમાં સંસારને સમ્યક્ રીતે વ્યવસ્થિત કરવો, તૃતીય આશ્રમમાં સંતાનોને પૂરતી તાલીમ આપી જવાબદારી સોંપીને આસક્તિમુક્ત થવું અને ચતુર્થ આશ્રમમાં વીતરાગી અથવા આપ્તકામ થવું અને જીવનમુક્તની સિધ્ધાવસ્થા ભોગવવી, એવો પધ્ધતિસરનો ક્રમ છે. આ ક્રમનું સમજપૂર્વક પાલન કરવામાં આવે તો સર્વપ્રકારની સાત્વિક સિધ્ધિ હાથવેંતમાં જ છે.

પરંતુ આશ્રમક્રમનો ઉચ્છેદ કરી કે તેની ઉપેક્ષા સેવી સંન્યસ્તાશ્રમમાં પ્રવેશવાનો જે કોઇ અનધિકારી હનુમાનકૂદકો મારે છે, તે અવ્યવસ્થા અને વર્ણસંકર્ય ઉપસ્થિત કરે છે.

"આચાર્યશ્રીના અભિપ્રાય અનુસાર, જેની સૂક્ષ્મતમ વાસનાનું બીજક પણ અશેષતઃ નિત્યદગ્ધ થતું હોય છે તે જ સાચા ચૈકાંતિસેવનનો અધિકારી થાય છે. તેની જ વિરક્તાવસ્થા – વેષયુક્ત કે વેષવિહીન – વિજયી નીવડે છે."[૧]

કામના અથવા વાસના ઓછેવત્તે અંશે પ્રત્યેક જીવમાં રહેવાની. પણ તેને ભોગવી, જીતી, ક્ષય કરી, સર્વ શક્તિઓ ઈશ્વરપ્રીત્યર્થે કેન્દ્રિત કરવી, એ સર્વનું પવિત્ર કર્તવ્ય છે. આ કૃતિનો વિશિષ્ટ

---

૧. શ્રી મહેન્દ્રકુમાર દેસાઇ – "શ્રીમન્નૃસિંહાચાર્યજી", પૃ.૪૪૭

હેતુ પણ સાધકને રાગારાગવતી દશામાંથી વીતરાગ દશામાં લઇ જવાનો છે. મહત્ત્વની કોઇપણ સિધ્ધિ પ્રાપ્ત કર્યા પછી એને જ પુનઃ પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ રહેવાની સાધકની વૃત્તિ નથી હોતી. પણ તેનું મન એથી પણ ઉચ્ચત્તમ અને ચઢિયાતી સિધ્ધિ પ્રાપ્તિમાં કાર્યરત હોય છે. ત્રિભુવનને વશ વર્તાવવાનું ઇપ્સિત સામર્થ્ય પ્રાપ્ત કર્યા પછી તે જ દુન્યવી કે અદુન્યવી પદાર્થોને મેળવવા, એ સાધકદશાનો સ્વભાવ નથી, પણ જીવદશાનો સ્વભાવ છે. આથી કોઇપણ અધિકારીસાધક સ્વભાવસત્તાના પ્રતાપે ક્રમશઃ અપર વૈરાગ્યની છેલ્લી ભૂમિકા સુધી પહોંચે છે. પણ આશ્રમોની નિયતવ્યવસ્થાને અતિક્રમથી એ અનર્થો અને આપત્તિને નોતરવા બરાબર છે.

વાસનાયુક્ત પામર જીવ આવેશમાં આવી જઇ સંન્યાસીઓ અંચળો ઓઢી લે છે તો તેની સ્થિતિ સૂડી વચ્ચે સોપારી જેવી કપરી અને કષ્ટમય થઇ જાય છે. વાસનાનો સંપૂર્ણ છેદ ઉડાવી શકયો ન હોવાને લીધે, તથા ચતુર્થ આશ્રમમાં લૌકિક દૃષ્ટિએ જોતાં તે સુષુપ્ત વાસનાને સંતોષી શકતો ન હોવાને લીધે, તેની સ્થિતિ શેરડીના સાંઠાની ગાંઠ જેવી થાય છે, જેની બંને બાજુ - ગૃહસ્થાશ્રમમાં તેમ જ સંન્યસ્તાશ્રમમાં - ભર્યોભર્યો રસ હોવા છતાં ગાંઠમાંથી નીચોવો તોય ટીપું સરખું નીકળી શકતું નથી. આવા અનધિકારી વિકારી જીવોનો મનુષ્યદેહ એળે જાય છે.

વળી, કર્તાએ પ્રસ્તુત ગ્રંથમાં અને અન્યત્ર આપેલો અમૂલ્ય ઉન્નતિદાયક બોધ, મૂળ વેદોપનિષદથી અભિન્ન હોવા ઉપરાંત, તત્કાલીન દેશકાલાનુરૂપ પણ છે.

કલિકાલ દોષપ્રધાન હોઇ, આજે સંન્યસ્તને કે એકાંતસેવનને અવકાશ નથી. વાસનાનો અશેષ લયકરીને, સંન્યાસીનો વેશ પરિધાન કર્યા વગર પણ, ગૃહસ્થાશ્રમી સાચો સંન્યાસી બની શકે છે.

તેથી ઊલટું, વિષયોમાં યોગ્ય અસ્પૃહા કેળવ્યા વગર કરેલો ત્યાગ – સંન્યાસીનો વેશધારણ કરવા છતાં પણ – તેને દુઃખમુક્ત કે રાગમુક્ત નથી કરતો. તેથી જિતેન્દ્રિય બનવું, સર્વપ્રકારની વાસનાના દાસ ન બનતાં તેના સ્વામી થવું અથવા આપ્તકામ બનવું, એ સંન્યસ્તની સાચી દિશા છે,

"ઘણા મનુષ્યો ઇન્દ્રિયોના વિષયોમાં યોગ્ય અસ્પૃહા ઉદય થયા વિના જ, તથા ઇન્દ્રિયોને ચલાવનાર મનને નિયમમાં વર્તાવનાર સામર્થ્ય પ્રાપ્ત કર્યા વિના જ, અને વાસના વડે ઉઠતી અસંખ્ય આશાઓના પ્રવાહમાં તણાતા છતાં ત્યાગને આશ્રય આપે છે, અને ત્યાગના વેષમાત્રને ધારણ કરે છે. પછી અન્તરવાસનાના બલથી ઊલટી અધિક અધિક કામના પ્રકટાવાથી નિરન્તર પ્રજ્વલિત અગ્નિમાં રહ્યા પ્રજળતા હોય તેની પેઠે પ્રજળે છે, અને ઉભયભ્રષ્ટ થઇ રહે છે. એવા પુરુષોને દુઃખની સીમા દેખાતી નથી."[૧]

તેથી સિધ્ધ દશા મેળવતા પ્રત્યેક જીવની પ્રથમ ફરજ એ છે કે અન્તરમાં ઉદ્ભવતાં સર્વ વિકારોને – રાગ, દ્વેષ, મોહ આદિને – ત્યજવા અવિરત પ્રયત્ન કરવો જોઇએ. તેમાં ય મનુષ્યનો સૌથી મહાન્ રિપુ મોહ છે. નાશવંત ક્ષણિક એવી કોઇપણ ભૌતિક આસક્તિ ન રાખવાનું સંપૂર્ણ જ્ઞાન હોવા છતાં પણ ચંચળ મન વારંવાર મોહવશ થાય છે. વિષયોમાં અનાસક્તિ કેળવવી એ લોઢાના ચણા ચાવવા જેવું કપરું કામ છે.

"આ મોહ સ્ત્રીધનાદિ સમગ્ર વિષયપદાર્થના સમ્બન્ધથી વિસ્તરે છે. એ વિષયમાત્રનું વિસ્મરણ થઇ જાય તો જ આ મોહ નિર્મૂલ થવો સંભવે છે."[૨]

---

૧. "વિ. ધ.", પૃ. ૨૦૮

૨. "વિ. ધ.", પૃ. ૨૦૮

પરંતુ વિશ્વપ્રપંચ ચલાવનારી વિલક્ષણ સત્તા એવી અદ્‌ભુત અને અજબ પ્રકારની છે કે તે જીવને આશામાં ને આશામાં રાખી સતત દગ્ધ કરે છે. આથી સમજુ સાધકને વિષયલાલસા પીડતી હોવા છતાં પણ મોહક આશાથી સંપૂર્ણ સ્વતંત્ર કે મુક્ત બની શકતો નથી. વળી જીવોની બધી જ આશાઓ સર્વથા સંતોષાઇ હોય તેવું કદી સંભવતું નથી. આમ આશાના માયાવી વિષચક્રમાં પામર જીવ વધુને વધુ અટવાતો રહે છે. તેથી વાસ્તવમાં "ખરો ત્યાગ તો આશામાત્રના ત્યાગથી સિધ્ધ થયો ગણાય છે". [1]

આશા અથવા મોહને નિર્મૂળ કરવા માટે દૃઢ નિશ્ચયબળની અત્યંત આવશ્યકતા છે. વીરવિજય કે ભદ્રસેન અનેક પ્રલોભનો વચ્ચે પોતાના એકમાત્ર ધ્યેયને કદી વીસરતા નથી તથા દૃઢ નિશ્ચયબળથી ઇપ્સિત કન્યાને ખડ્‌ગ સહિત મેળવીને જ જંપે છે. મહીપાલેન્દ્ર સમુદ્રપ્રવેશ સમયે અનેકવિધ રત્નભંડારો અને સુવર્ણમહેલો જોઇ અંજાઇ જાય છે, દિવ્યરૂપવાળી મુગ્ધાઓથી પ્રભાવિત થાય છે, પણ જયાં તે મોહવશ બને છે ત્યાં તે સમુદ્રમાં વધુ ઊંડે ને ઊંડે ડૂબવા માંડે છે, પણ વિચક્ષણ મહાત્માના શબ્દોને યાદ કરી, સાવધાન થઇ, વાસનામુક્ત બને છે કે તરત જ તે સ્વાભાવિક રીતે વિના પ્રયત્ને સમુદ્રમાં તરી શકે છે. તેવી રીતે દૃઢ નિશ્ચયી મહાત્માઓ સુખદુઃખાતીત થઇ ચૈતનાના ઊંડા સ્તરોમાં રમમાણ રહે છે. વાસનામય દુનિયામાં રહેવા છતાં તેઓ કોઇ નિરાળી સૃષ્ટિમાં બ્રહ્મમય જીવન ગુજારે છે. જેમ મગર પાણીની સપાટી પર ફરતો હોવા છતાં, તેનો આવાસ ઘણો ઊંડો હોય છે, અથવા સાપ કાંચળી ત્યજે છે ત્યારે ત્યજેલી કાંચળીનો તેની સાથેનો સંબંધ નહીંવત્ હોય છે, તેમ આવા જીવન્મુક્તો – જેને ભગવદ્‌ગીતામાં "સ્થિતપ્રજ્ઞ" શબ્દથી ઓળખવામાં આવ્યા છે – સંસારી હોવા છતાં પણ ઉચ્ચ-પ્રકારનું સાચું સંન્યાસી જીવન જીવી રહયા હોય છે.

---

૧. "વિ. ખ.", પૃ. ૩૩

સાધકકક્ષાએ પહોંચેલો જીવ – મહીપાલેન્દ્રની માફક – મુક્તત્વની કોટિએ યોગ્ય ક્રમે અને સમયે પહોંચી શકે છે, પરંતુ જો તે પુનઃ મોહવશ બને તો સંસારસમુદ્રમાં પાછો ડૂબકાં ખાવા મંડી પડે છે. કારણ કે મોહનો કિલ્લો અભેદ્ય કે દુર્જેય ભલે નથી, પણ તે સરળસાધ્ય તો નથી જ.

મોહના દાસ બનવામાં કદીક સત્સંગનો અભાવ પણ કારણભૂત હોય છે. "જેવો સંગ તેવો રંગ" એ કહેવત તર્કયુક્ત અને યથાર્થ છે.[૬] સત્સંગના વિલક્ષણ પ્રભાવથી અનેક જીવોનો ચમત્કારિક ઉધ્ધાર થયો છે તો નીચના આશ્રયથી કેટલાય જીવોની વિચિત્ર અધોગતિ થઇ છે. વળી સંસારમાં રહેતો વિષયી જીવ પણ પત્ની, પુત્ર, સત્તા, ધન વગેરે સંગથી પણ વિમુખ ન થઇ શકે, અને તે મર્યાદામાં જ તેનો મૂલ્યવાન મનુષ્યદેહ વેડફી નાખે, તો તેનો કદી ઉધ્ધાર થતો નથી. જન્મપુનર્જન્મના ફેરામાં તે ઘાંચીના બળદની જેમ અટવાયા કરે છે. સંગવિરક્તિનું લક્ષણ પણ મોહાતીત થવા માટે તેનામાં હોવું જરૂરી છે.

ભારતીય આર્યસંસ્કૃતિ, પ્રાચીન પ્રણાલિકા, ધાર્મિક માન્યતાઓ વગેરેને મૂળભૂત પાયારૂપ સિધ્ધાન્તને વિશિષ્ટ ઢબે આલેખતી આ કૃતિ હોવાને લીધે તેમાં દૈવી ચમત્કારો, શકુન-અપશકુનો તેમજ ભવિષ્યવાણીનો પણ છૂટથી ઉપયોગ કરવામાં આવેલો છે.

ગરુડપક્ષીની વાતચીતમાં ભદ્રસેનના ભાવિનો ગુહ્ય ઉલ્લેખ, ચમત્કારી મૃત્તિકાપાત્ર, ભદ્રસેન અને રાજકુંવરીને આવતાં ઉન્નતિસૂચક શુભ સ્વપ્નાં, મઠમાંથી વીરવિજયને સંભળાતી અલૌકિક દૈવવાણી,

---

૬. ~~सत्संगत्वे~~ –

મહાત્માને ઉગ્ર તપશ્ચર્યામાંથી પ્રાપ્ત થયેલો દિવ્યપ્રકાશ, મૃત્યુવેળાએ શ્રીમદ્ભગવચ્ચન્દ્રે ઈષ્ટસંકેતાનુસાર પોતાની પુત્રી અને રાજ્યસત્તા માટે આપેલી ભાવિ માટેની સૂચનાઓ, વાવમાં, પૃથ્વીમાં અને આગમાં દિવ્યસ્ત્રીનું અદૃશ્ય થવું, પૃથ્વીમાંથી ઘનન્ ઘનન્ ધ્વનિ સંભળાવો, મહીપાલેન્દ્રનું ગજબ પ્રકારનું વિશિષ્ટ સમુદ્રગમન, વિકરાલ ગુફામાં મહાત્માનું આકસ્મિક પ્રાગટય વગેરે અનેકવિધ પ્રસંગો અદ્ભુત તથા ચમત્કારપૂર્ણ છે. વીસમીસદીના આજના વાચકને તે પ્રસંગો સાહસકથા કે પરીકથા જેવા કાલ્પનિક અને મનોરંજક લાગે. પરંતુ આગળ ચર્ચા કરી ગયા તેમ, તે સર્વ સાંકેતિક ગૂઢાર્થના અનુસંધાનમાં વિશિષ્ટ રીતે પ્રયોજાયેલા છે.

પ્રસ્તુત ગ્રંથમાં કર્તાએ અનેકવિધ પ્રશ્નોની રસપ્રદ અને સયુક્તિક ચર્ચા કરી છે. માત્ર અધ્યાત્મવિષયક પ્રશ્નો નહીં પરંતુ વ્યાવહારિક જગતના પ્રશ્નોની પણ યથાયોગ્ય સ્થળે સવિગત છણાવટ કરી છે. અનર્થકારી ધન, ભાગ્યબલ, પુત્રની ફરજો, પત્ની અને પતિનું પરસ્પર કર્તવ્ય, મૃત્યુ વગેરે વિવિધ વિષયો પર તેઓશ્રીએ યોગ્ય પ્રકાશ પાડયો છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર – એ ચારે વર્ગની લાક્ષણિકતાઓ અને ફરજો વિશે પ્રસ્તુત ગ્રંથમાં વિવિધ સ્થળે ઉલ્લેખ આવે છે. પરંતુ વાર્તાના નાયક અને ઉપનાયકો જન્મે ક્ષત્રિય હોવાને લીધે ક્ષત્રિયધર્મ, રાજાનું પ્રજા, પ્રધાન, મંત્રીઓ, અગ્રગણ્ય નાગરિકો, દાતાઓ, દુશ્મનો, સંત–મહંતો વગેરે સાથે કેવું સાવધાન અને પ્રસંગોચિત વર્તન હોવું જોઈએ, તેની અતિલંબાણથી – સ્વતંત્ર વિષયના નિબંધરૂપ – ચર્ચા કરી છે.

આમ શ્રીમન્નૃસિંહાચાર્યજીએ ઐહિક અને પારલૌકિક, વ્યાવહારિક અને આધ્યાત્મિક, પ્રેયસ્ અને શ્રેયસ્.... બંને પ્રકારના પ્રશ્નોને પોતાની લાક્ષણિક ઢબે છણ્યા છે. તેમાં ય ગૂઢ રહસ્યમય તત્ત્વજ્ઞાનની શાસ્ત્રીય છણાવટ પણ શુષ્ક નથી બનતી. કારણ કે

તેમની શૈલી આવા ગંભીર વિષયો પરત્વે સરળ, સ્વાભાવિક અને સદૃષ્ટાન્ત બનતી હોય છે. ઉપમા, દૈષ્ટાંત, રૂપક વગેરેથી તે કઠણ વિષયોને પણ સરળ શૈલીમાં રજૂ કરી શકયા છે. આપણે તેમાંથી કેટલાક નમૂના જોઇશું.

દા.ત. નિવૃત્તિનો માર્ગ જ શ્રેયસ્કર છે, તેનો ખ્યાલ આપતાં જણાવે છે :

"આ સંસારમાં જેમ પથિક પુરુષો સ્થલે સ્થલે જલાશય તથા પાંથશાલાદિ વિશ્રામસ્થાનવાળો અને કંટકાદિથી રહિત વસતિવાળો માર્ગ પંથ કરવામાં સારો ગણે છે, તેમ મોક્ષમાર્ગમાં વિચરવાને સજ્જ થયેલા મારા સ્મરણને પરમાત્માનું સ્મરણ, ચિન્તન, કથન કે શ્રવણ કરવામાં વિશેષ અનુકૂલ એવો અને જે વડે અન્તમાં પરમાત્મામાં અભેદ થઇ રહેવાય એવો જે નિવૃત્તિનો માર્ગ એ જ સુમાર્ગ છે. અને જેવી રીતે તે પથિક પુરુષો ચોરવ્યાઘ્રાદિના સંચારવાળા માર્ગને ભયંકર ગણી ત્યજે છે તેમ હું સરખાએ પણ હવે ચિત્તમાં વિક્ષેપ ઉપજાવનાર અનેક વ્યવહારના પ્રવેશવાળા પ્રપંચને ભયંકર માર્ગ ગણી ત્યજવો યોગ્ય છે."[1]

વર્ણ્યવિષયને વધુ સરળ છતાં સચોટ બનાવવા કર્તા વાસ્તવ વ્યવહારમાંથી પણ ઘણાં ઉદાહરણો ઉપાડી લે છે અને તેનો ઉપમા તરીકે ઉપયોગ કરી ઉપમેયને સુસ્પષ્ટ અને હૃદ્યંગમ બનાવે છે.

(૧) "જેમ બાલકો કાષ્ઠમૃત્તિકાદિનાં રમકડાં વડે રચેલી રમતમાં તથા અન્ય વિવિધ તુચ્છ ગમતમાં નિમગ્ન થવાથી ખાનપાનાદિ આવશ્યક વ્યવહારનું પણ સ્મરણ કરતાં નથી તેમ હું પણ તે વસ્તુતઃ સુખના હેતુરૂપ નહિ એવી વિષયવિલાસની ચેષ્ટાઓમાં નિમગ્ન થયેલો હોવાથી મારા આવશ્યક ધર્મકર્મનું પણ વિસ્મરણ કરી રહ્યો હતો."[2]

---

૧. "દ્વિ.ખ.", પૃ. ૧૦૭

૨. "દ્વિ.ખ.", પૃ. ૧૦૧

(૨) "આ સંસારમાં ઘણાખરા જીવો તો ક્ષણિક સુખપ્રદ વિષયોની આશામાં બંધાયલા, જેમ કોઇ ભયંકર જઠરાગ્નિવાળો ખાય ને વળી ભૂખ્યો, ખાય ને વળી ભૂખ્યો, એવું ભાન થવાથી ક્ષણે ક્ષણે સંતાપવશ વર્તે છે, તેમ ક્ષણે ક્ષણે આશાઓથી છૂટતાં અને બંધાતાં રહીને સુખદુઃખના અનુભવને કરતા સંતાપને વશ વર્તે છે. એવા પુનઃ પુનઃ આશાના અને સંતાપના ભોગરૂપ થઇ રહેનાર પશુની પંક્તિથી, હે પશુપતિ ! મને સદૈવ મુક્ત રાખજો."[1]

સંસારને અંધારા કૂપ સાથે સરખાવતાં કર્તા પ્રતિપાદન કરે છે,

"આ સંસાર અજ્ઞ મનુષ્યોને અંધારા કૂપ જેવો છે, અને આપને ન જાણનાર સર્વ અધમ મનુષ્યો નેત્રહીન અન્ધ પ્રાણીસમ છે એમાં સન્દેહ નથી. આપ પ્રતિનો શુધ્ધ પ્રેમ જ આ મનુષ્યોને ખરાં નેત્ર આપનાર છે, અને તે સાચા નેત્ર જ આપને પ્રત્યક્ષ અર્થાત્ જેમ છો તેમ અનુભવવા સમર્થ કરે છે. હે દેવાધિપતિ ! આપને જે જે વિધિથી જાણવા ઘટે છે તથા જે વિધિથી આપની સ્તુતિ કરવી ઘટે છે તે વિધિને હું જાણતો નથી, માટે મારા અવિવેક માત્રને આપ ક્ષમા કરજો."[2]

અથવા એ જ સંસારને આંધળાઓના મેળા સાથે સરખાવતાં જણાવે છે,

"આ સંસાર એક પક્ષથી જોતાં અન્ધના મેળા જેવો છે. જેમ અન્ધ પ્રાણી બીજા અન્ધ પ્રાણીને પોતાનો દોરનાર ગણીને ચાલે અને તે અન્ય અન્ધ પણ ખલતાથી પોતે દેખતો તથા પ્રથમ અન્ધને દોરનાર છે એમ જણાવી પોતે તે અન્ય અન્ધને દોરીને અન્તે પોતે તથા તે બંને ખાડામાં પડે છે, તેમ આ જગતમાં સર્વ સ્થલે હોય એમ ભાસે છે."[3]

---

૧. "દ્વિ. ખ.", પૃ. ૧૯૬
૨. "દ્વિ. ખ.", પૃ. ૪૪
૩. "દ્વિ. ખ.", પૃ. ૪૩

શ્રીમન્નૃસિંહાચાર્યજીની શૈલી વિશે એમ કહી શકાય કે ગૂઢ રહસ્યમય વિષયોને સમજાવતાં તે સોદાહરણ, સરળ છતાં વેધક બનતી હોય છે ; ઉપદેશ કે પ્રતિબોધના સમયે તે ગંભીર છતાં પ્રસન્નપ્રવાહી બને છે ; તથા સ્મૃતિશ્રુતિવેદ આદિમાંની કોઇ વિગતને સાધાર અને સંપૂર્ણ સમજાવતાં સ્વલ્પતઃ ક્લિષ્ટ છતાં તાર્કિક બનતી હોય છે. રહસ્યમય વિધાને સમજાવતા શબ્દો તો બધે પારિભાષિક છે જ, પરંતુ કર્તાએ "સૂક્ષ્મ"[1] વગેરે શબ્દોને આગવા અર્થમાં પણ પ્રયોજયા છે.

શ્રી હરિપ્રસાદ છ.મહેતા પ્રસ્તુત ગ્રંથ અંગે નોંધે છે,

"શ્રીમન્નૃસિંહાચાર્યજી એક આર્ષદૃષ્ટા હતા. તેમણે પોતાના સમકાલીન સમાજની નાડ પારખી હતી. તેનું ઔષધ પણ તેમને પ્રાચીન ભારતના સંસ્કારોને પુનરુજ્જીવિત કરવામાં જ જણાયું હતું. આ કાર્ય તેમણે એક સ્મૃતિકારની કક્ષાએ રહીને કરવા પ્રયત્ન કર્યો છે. ફેર માત્ર એટલો છે કે સ્મૃતિકારોએ તે વખતની શિષ્ટ ગણાતી ભાષામાં પોતાના વિચારો રજૂ કર્યા છે જ્યારે શ્રીમન્નૃસિંહાચાર્યજીએ

---

૧. અત્રે "સૂક્ષ્મ" શબ્દનો પ્રયોગ "સંક્ષેપ"માં અથવા "ટૂંકમાં" એ અર્થમાં કર્તાને અભિપ્રેત છે.
ઉદા.(૧) : "આપ સરખા એકાન્તસેવન કરનાર મહાત્માને પારકું શ્રવણ કરવાની ભાગ્યે જ ઇચ્છા થાય છે. એમ છતાં આપને થઇ છે તો હું સૂક્ષ્મમાં કહું છું." (પૃ. ૩)
(૨) : "સર્વજ્ઞ સ્વરૂપના અનુભવથી પ્રાપ્યપ્રાપક ભાવ શમી ગયો છે અને સૂક્ષ્મમાં કહીએ તો હવે અમે કૃતકૃત્ય થયાં છીએ." (પૃ. ૧૩૩)
(૩) "સૂક્ષ્મમાં એજ કહું છું કે સર્વને સર્વ પ્રકારના અનર્થની પ્રાપ્તિનું મુખ્યકારણ આ જગતમાં શોધી જોઇએ છીએ તો જયાં ત્યાં માત્ર આશા જ આગળને આગળ આવી ઉભી રહે છે."

તે જ વિચારોને પોતાના સાધકની ભાષામાં ઘણી જ રોચકશૈલીમાં વાર્તા રૂપે રજૂ કર્યા છે. આપણે તેમના "ત્રિભુવનવિજયીખડ્ગ" તરફ નજર નાંખીશું તો આપણને જણાશે કે તે ગ્રન્થ માત્ર નવલકથા નથી પણ સાથે સાથે ધર્મશાસ્ત્રનો પણ એક અમૂલ્ય ગ્રંથ છે."[૧]

"ઉમાહૈમવતી" :-

"શ્રી ત્રિભુવનવિજયીખડ્ગ"નો શ્રી યશોધર મહેતાએ "ઉમાહૈમવતી" નામથી સંક્ષેપ કર્યો છે, તો હવે આપણે મૂળ કૃતિના અનુસંધાનમાં આ સંક્ષેપની ચર્ચા કરીશું.

શ્રી યશોધર નર્મદાશંકર મહેતાનું નામ ગુજરાતી સાહિત્યમાં સુપ્રસિધ્ધ છે. વિવિધ સાહિત્યસ્વરૂપો અને ભિન્નભિન્ન વિષયો તેમણે આગવી શૈલીમાં ખેડ્યા છે.[૨] તેમાં કેટલેક સ્થળે તેમની રસિક

---

૧. શ્રી હરિપ્રસાદ છ. મહેતા, "શ્રીમન્નૃસિંહાચાર્યજી - એક સદ્‌ગુરુ તરીકે", પૃ. ૮૮ "શ્રીમન્નૃસિંહાચાર્યજી - શતાબ્દી - સ્મૃતિ-ગ્રંથ."

૨. "મળો જોગો", "ઘેલોબબલ", "રણછોડલાલ અને બીજાં નાટકો" ૬૮।૨। નાટક, "વહી જતી જેલમ" (પ્રથમ તરંગ) & "ત્રુંગનાથ"(વહી જતી જેલમ"નું અનુસંધાન), "સરીજતી રેતી" ભાગ ૧-૨, ૬૮।૨। નવલકથા, "કીમિયાગરો", "નવસંતો", વગેરે ૬૮।૨। રેખાચિત્રો - વગેરે સાહિત્યસ્વરૂપો ખેડી, તથા "પ્રેમગંગા"માં મશહૂર પ્રેમકિસ્સાઓ વર્ણવી, "સરી જતી કલમ" ૬૮।૨। હળવા લેખો આપી, "અગમનિગમ", "રસનંદા" વગેરે ૬૮।૨। અધ્યાત્મવિષયક લેખો રજૂ કરી, તથા "ભાવિનાં ગૂઢ રહસ્યો", "મહારાત્રિ", "યશોધારા", "શિવસદનનું સ્નેહકરણ", "શ્રીનંદા", "શૂન્યતા અને શાંતિ", "નદીઓ અને નગરો" વગેરે વિવિધ વિષયો પર કૃતિઓ રચી, શ્રી યશોધરે ગુજરાતી સાહિત્યમાં માતબર ફાળો નોંધાવ્યો છે. "સરી જતી રેતી"ના પ્રથમ ભાગે ગુજરાતના યુવાનવર્ગને ઘેલો કરી મૂક્યો હતો એ ઘણી નવી બીના છે.

રમતિયાળ શૈલીનાં આપણને દર્શન થાય છે તો ગૂઢ અધ્યાત્મવિદ્યા વિશેના અભ્યાસલેખમાં તેમની આધ્યાત્મિક વૃત્તિનાં દર્શન થાય છે. આ બંને તત્ત્વોનો સુંદર સમન્વય તેમની વૃત્તિ તેમ જ શૈલીમાં અજબ રીતે સધાયો છે, તે નોંધપાત્ર છે.

વેદ, ઉપનિષદ્, દર્શનશાસ્ત્રો વગેરે ભારતીય તત્ત્વજ્ઞાન તરફના તેમના આધ્યાત્મિક વળાંક માટે તેમનો કૌટુમ્બિક વારસો પણ ઓછેવત્તે અંશે જવાબદાર છે. તેમના પિતાશ્રી નર્મદાશંકર મહેતા સુપ્રતિષ્ઠિત વ્યુત્પન્ન વિદ્વાન હતા. અમદાવાદ મ્યુનિસિપાલિટીના ચીફ ઓફિસર તરીકે જેમ તેઓ સામાજિક ઉચ્ચ હોદ્દો ધરાવતા હતા તેમ સાહિત્યના ક્ષેત્રમાં પણ તેમનું સ્થાન અગ્રગણ્ય ગણાતું. તેઓ નવમી ગુજરાતી સાહિત્યપરિષદમાં "તત્ત્વજ્ઞાન" વિભાગના પ્રમુખ પણ થયા હતા. "હિંદ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ", "અખો", વગેરે તેમનાં સુપ્રસિધ્ધ પુસ્તકો છે. શ્રીમન્નૃસિંહાચાર્યજીના "શ્રીશ્રેયસ્સાધક-અધિકારી વર્ગ"ના એક સક્રિય, અગ્રગણ્ય, વિદ્વાન સાધક તરીકે તેઓશ્રી વધુ સુપ્રતિષ્ઠિત છે.

આ સર્વ સંસ્કારવારસો શ્રી યશોધરે પણ ઝીલ્યો છે. વિલાયતમાં અભ્યાસ કર્યો હોવા છતાં તથા "અર્વાચીન વિજ્ઞાનાભિમાની" હોવા છતાં પણ તે ભારતીય સંસ્કૃતિ અને ગ્રંથોમાં રહેલાં રહસ્યોની સૂઝ પ્રાપ્ત કરવા જે અથાગ પ્રયત્ન કરે છે તેમાં તેમનાં સુરુચિ અને સંસ્કારનાં સુભગ દર્શન થાય છે.[૨] વિશેષમાં તેમના પિતાશ્રીની પ્રવૃત્તિને લીધે શ્રી યશોધર પણ "શ્રીશ્રેયસ્સાધક અધિકારી વર્ગ"ના પ્રત્યેક પ્રસંગ – જપ, વિધિ, યજ્ઞ, ઉત્સવો, રસદર્શનો, કીર્તનો,

---

૧. શ્રી મગનભાઇ દેસાઈ, પૃ.૫ "અગમનિગમ"ની પ્રસ્તાવના.

૨. તેમણે "અગમનિગમ" નામનું મંડળ આવાં ગૂઢ રહસ્યો અને રૂપકો સમજવા અને તેની ચર્ચા કરવા માટે અમદાવાદમાં સ્થાપ્યું છે.

પ્રવચનો – થી માહિતગાર છે. "વર્ગ" અને તેના આદ્યસંસ્થાપક શ્રીનૃસિંહાચાર્યજી પ્રત્યે ઉચ્ચપ્રકારની તેમની શ્રધ્ધા–ભક્તિ છે. આથી જ "અગમનિગમ" નામનું અધ્યાત્મવિષયક લેખો ધરાવતું પુસ્તક તે શ્રીમન્નૃસિંહાચાર્યજી પ્રતિ ભક્તિભાવથી આ પ્રમાણે અર્પણ કરે છે :

"શ્રીમન્નૃસિંહાચાર્યજીને
ગાઢ અંધકારમાં મારે માટે
એક જ માત્ર પ્રકાશ."

"એક જ માત્ર પ્રકાશ" અથવા માર્ગદર્શક સદ્‌ગુરુરૂપે શ્રીમન્નૃસિંહાચાર્યજીને ઓળખાવતા શ્રી યશોધરે "વર્ગ"ના તત્ત્વજ્ઞાનને તથા સાહિત્યને પોતાની ઢબે સારીરીતે પચાવ્યું છે.

આથી શ્રી યશોધર મહેતાએ શ્રીમન્નૃસિંહાચાર્યજીના "શ્રી ત્રિભુવનવિજયીખડ્‌ગ" નામના ગ્રંથનો "ઉમાહૈમવતી" નામથી જે સંક્ષેપ કર્યો છે, તે સર્વથા ઉચિત છે.

મૂળ આ ગ્રંથ રૂપક, રહસ્યો અને તપ, યોગ, સિધ્ધિ વગેરે અધ્યાત્મવિષયક તથા સુખ, દુઃખ, આશા, કામના, ભાગ્યફળ, નિશ્ચયબળ, બ્રાહ્મણક્ષત્રિયાદિ વર્ણની ફરજો વગેરે અન્યવિષયક ચર્ચાઓથી સભર છે. આથી અધિકારી વાચક કે સાધક સિવાયના અન્ય વાચકોને કેટલેક અંશે તે નિરુપયોગી અથવા ક્લિષ્ટ ગ્રંથ લાગે તે સ્વાભાવિક છે. અખૂટ અને ગૂઢ રહસ્યભંડારોને સમજવા સૌ શક્તિમાન્ નથી હોતા. વિશેષમાં વાર્તાતત્ત્વ હોવા છતાં, તેમાં કથાનિરુપણપધ્ધતિ પ્રાચીન શૈલીની હોવાને લીધે તથા કથાવસ્તુના તંતુની ગળવણી કે ભાવજગત તરફ ખાસ લક્ષ ન અપાતાં, ચર્ચા, મનોમંથન કે રહસ્યવર્ણન પ્રધાનતઃ હોવાને લીધે સામાન્ય કથારસ–પટુવાચકને મૂળ ગ્રંથ આસ્વાદ્ય ન પણ લાગે.

આવા રહસ્યવિદ્યાથી સભર મૂલ્યવાન્ ગ્રંથથી આ યુગની સામાન્ય જનતા અલિપ્ત ન રહે તે માટે શ્રી યશોધરે વાર્તાતત્ત્વ સાધંત જળવાય તે રીતે "ઉમાહૈમવતી" નામથી તેનો સરળ લોકગમ્ય સંક્ષેપ કર્યો છે. શ્રી યશોધર પોતે કહે છે તેમ, "અનેક પ્રકરણોમાં વહેંચાયેલા મૂળ વાર્તાના પ્રવાહની વચ્ચે કેટલાય અવાંતર પ્રવાહો વહે છે અને આધ્યાત્મિક ચિંતનોનાં વમળો પણ ઘુમરાય છે. એ બધા અવાંતર પ્રવાહો અને વમળોને છોડી દઈને વાર્તાના મુખ્યપ્રવાહને જ હું વળગી રહયો છું અને તેમાં પણ વાર્તાકલાને ઉચિત એવા ફેરફારો કર્યા છે. માત્ર કોઈક સ્થળે જ મેં મૂળ વાક્યો રહેવા દીધાં છે."[૧]

શ્રી યશોધર મહેતા રસિક, લોકપ્રિય, સિધ્ધહસ્ત વાર્તાકાર છે તેમ જ અધ્યાત્મવિદ્યાના ઊંડા અભ્યાસી છે. વિશેષતઃ તેઓએ શ્રીમન્નૃસિંહાચાર્યજીના તત્ત્વબોધને પોતાની રીતે પચાવ્યો છે. આથી આવા ગગનગહન ગંભીરવિષયને તે પ્રવાહી રસળતી શૈલીમાં નિરૂપી શકયા છે.

પરંતુ બે ભાગમાં પથરાયેલી "શ્રી ત્રિભુવનવિજયીખડ્ગ" કૃતિનો નાનકડી આવૃત્તિસમો આ સીધો સંક્ષેપ નથી. અથવા મૂળના વિસ્તારનો જ માત્ર અહ્રે સંકોચ કરવાનો પ્રયત્ન કર્યો છે એમ નથી. પરંતુ "ઉમાહૈમવતી" એવા નામાભિધાનથી માંડીને, લેખકે તેની ભાષા પણ બદલી નાખી છે. વાર્તારસને અસ્ખલિત વહેતો રાખવા તથા તે રીતે વાચકોની જિજ્ઞાસાવૃત્તિને સાધંત ઉત્કંઠિત રાખવા શ્રી યશોધરે કેટલાંય અવાંતર પ્રસંગો, રૂપકો, ચર્ચાઓ, રહસ્યો, મનોમંથનો છોડી દીધાં છે. કથારસને અતિઉત્કટ બનાવવા, કયાંક

---

૧. "ઉમાહૈમવતી" – પ્રસ્તાવના

વાર્તાનાયકને વધુ ધીરોદાત્ત ચીતરવા, કયાંક પ્રસંગનો સાંગોપાંગ અને તર્કયુક્ત ખ્યાલ આપવા મૂળ પ્રસંગોમાં પણ ફેરફાર કર્યો છે. આને લીધે પ્રસ્તુત "ઉમાહૈમવતી" સિધ્ધની શોધમાં ફરનાર સાધકની, રોમાંચ ખડા કરી દે તેવી સાહસકથા બની છે. એક સાહસિક નાયક અનેકવિધ અંતરાયોને કેવી રીતે દૂર કરે છે અને ઇપ્સિત કન્યાને પોતાના પૌરુષથી પ્રાપ્ત કરે છે, તેનું રસમય બાનીમાં અત્રે વર્ણન કરવામાં આવ્યું છે.

મૂળમાંથી શ્રી યશોધરે કરેલા કેટલાક ફેરફારો નીચે પ્રમાણે છે:-

શ્રી ત્રિભુવનવિજયીખડ્ગ	ઉમાહૈમવતી
૬૧ "..... ત્યારપછી આ વટવૃક્ષની શાખા ઉપર ગરુડ પક્ષીનું જોડું શબ્દ કરતું સંભળાયું. તેમની પરસ્પરની વાર્તા સાંભળીને મારા ગુરુએ મને આ પ્રકારે કહયું, "હે સાધક ! આ પક્ષીની વાર્તાને તું શ્રવણ કરે છે, પણ સમજી શકતો નથી. એ પક્ષી પરસ્પર એવી વાર્તા કરે છે કે, "આ સ્થલે કાલે રાત્રે એક પુરુષ આવશે. તે ભાગ્યવાન્ છતાં હાલ દુઃખમાં છે ને હવે અહિંથી જો ઉત્તરદિશામાં જશે તો તે પોતાનું ધારેલું કરી શકશે." જો ! આ પ્રકારની ભૂતભાવિવાર્તાને આ પક્ષિઓ જાણે છે, પણ આ સર્વ મનુષ્યો જાણતા નથી." આટલું બોલીને શ્રી ગુરુ મૌન રહ્યા." પૃ. ૮	"..... એટલું કહી ગુરુદેવ ચાલ્યા ગયા અને હું અંદર જતો હતો ત્યાં ઝાડ ઉપરથી પંખી બોલ્યું કે, "આ સ્થળે આવતીકાલે એક પુરુષ આવશે, જે ઘણો ભાગ્યશાળી છે. છતાં હાલ દુઃખમાં છે. અહીંથી જો તે ઉત્તરદિશામાં જશે તો પોતાનું ધાર્યું કરી શકશે." પૃ. ૨૩

મૂળમાં "વૃધ્ધ તપસ્વી" પક્ષીઓની ભાષા સમજતો જ નથી. ગુરુના કથનથી તે આ સર્વ જાણે છે, જ્યારે "ઉમાહૈમવતી"માં ગુરુએ તેને પક્ષીની વાણી શીખવી દીધી છે, તેવો ઉલ્લેખ છે. એટલે કે તે પક્ષીઓની વાણીનો જાણકાર છે.

(૨) "ત્રિ. ખડ્ગ"	"ઉમાહૈમવતી"
".....એટલામાં ઠેઠ જઇને સમાચાર લાવેલા મનુષ્યો સ્થલે સ્થલે પૂછનારને આ પ્રમાણે ઉત્તર વાળતા જતા હતા કે ભાઇ ! આપણાં રાજકુંવરીને આજે મધ્યરાત્રિ પછી દેવે પ્રસન્ન થઇને કહ્યું કે, "હે પુત્રિ ! તારો પતિ આ નગરમાં આવીને રહ્યો છે તે કાલે તને મળશે." આ વાર્તા કુંવરીએ જાણીને પોતાનાં માતાપિતાને જણાવી અને તેથી તે સમયથી રાજ-મન્દિરોમાં સ્થલે સ્થલે ઉત્સવનો આરંભ થયો છે." પૃ. ૭૪	".....રાજકુંવરી યુવાન હતી.....આજરે તેને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેણે નગર બહાર એક વાડીમ કોઇ યુવાનને જોયો. યુવાનમાં તેનું મન ચોટી ગયું. એની શોધ કરવા પેલો દરબારી નીકળ્યો હતો, જેનો હું મહેમાન હતો." પૃ.૪૬

આમ મૂળમાં રાજકુમારી જેને ઇચ્છી રહી હતી તે રાજકુમાર બીજે દિવસે મળશે તેવો જ ઉલ્લેખ છે, જ્યારે "ઉમાહૈમવતી"માં તે સ્વપ્નમાં તેને ઠેઠ વાડીમાં બેઠેલો જુવે છે !

(૩) "ત્રિ. ખડ્ગ"	"ઉમાહૈમવતી"
રાજકુમાર ભદ્રસેન પોતાના યજમાન સાથે અશ્વ પર આરૂઢ થઇ નગરશોભા જોવા નીકળે છે, ત્યારે રસ્તામાં રાજકુંવરીના નિવાસસ્થાનને	આ જ વાતને ઘણી સંક્ષેપમાં તથા જુદા જ વળાંકથી શ્રી યશોધરે પતાવી છે. ભદ્રસેનને

"ત્રિ. ખડ્ગ"

પણ જુએ છે. ત્યાં પ્રવાસીઓ માટે નીચેના મંદિરમાં રાજકુંવરીના ઇપ્સિત પતિદેવનું ચિત્ર જોવા માટે મૂકયું હોય છે.

"....(પેલા શસ્ત્રધારી રક્ષકે) પછી મને કહયું કે એમાં કોઇ પુરુષનું ચિત્ર મૂકયું છે. અને તેને માટે એમ કહેવાય છે કે જેનું તે ચિત્ર છે તે પુરુષને પતિ કરવા રાજકુંવરીએ નિશ્ચય કર્યો છે, અને તેથી કોઇપણ પ્રવાસી ક્ષત્રિય પુરુષ આવે છે તેને રાજકુંવરીની આજ્ઞા લઇને આ ~~ભ્ર~~ ઇરપાલ જોવા દે છે." (પૃ. ૬૮)

ભદ્રસેન પણ તે ચિત્ર જુએ છે અને

".....યથાર્થ દૃષ્ટિ નાંખીને મેં પુનઃ પુનઃ નિશ્ચય કર્યો કે નિઃસંશય આ ચિત્ર મારું છે. પછી તત્કાલ હું મારા મનને નિયમમાં રાખીને બહાર નીકળ્યો અને સ્વાર સહિત અશ્વારુઢ થઇને મારા ઉતારા પર આવ્યો." (પૃ. ૬૯) ત્યારબાદ ભદ્રસેન પોતાના યજમાન ~~ભ્ર~~ ઇરા પોતાની ઇપ્સિત રાજકન્યાનું ચિત્ર રાજમહેલમાં મોકલાવે છે. ત્યાં રાજારાણીને ખાત્રી થાય છે કે તે ચિત્ર તેમની કન્યાનું છે.

"ઉમાહૈમવતી"

રાજમહેલમાં તેડી જવામાં આવે છે, ત્યાં તેનું સુંદર સ્વાગત થાય છે. તેના અંગે તેઓ વિગતવાર પણ સવિનય પૂછપરછ કરે છે.

".....જયારે તેમના મીઠા આગ્રહને માન આપી મેં મારો તમામ વૃત્તાંત કહયો ત્યારે તેઓ આનંદ અને આશ્ચર્યમાં ડૂબી ગયા. વધુ કંઇ પૂછયું નહિ અને મને પાલખીમાં બેસાડી મારે ઉતારે વિદાય કર્યો.

ઉતારે આવીને હું આવાસમાં આવતો હતો ત્યાં બે દાસીઓ અને એક પોકીદાર ઊભાં હતાં. તેમણે મને ઝૂકીને નમન કર્યું અને રેશમી કાપડમાં વીંટાળેલી એકવસ્તુ આપી.

"રાજકુમારીએ આ ભેટ મોકલી છે."એક દાસીએ કહયું.

ભેટ સ્વીકારી કપડું ખોલી જોયું તો તે એક સુંદર ચિત્ર હતું. ચિત્ર એક અત્યંત ખૂબસૂરત યુવાન સ્ત્રીનું હતું. ચિત્રમાં હું લીન થઇ ગયો, ચમકયો અને દાસીઓ તરફ જોઇ રહ્યો.

"ત્રિ. ષડ્ગ"

".....પણ રાજરાણી આદિએ આ ચિત્ર જોયું અને પોતાની પુત્રીનું ચિત્ર છે એમ જયારે તેમણે જાણ્યું ત્યારે તે ઘણાં પ્રસન્ન થયાં. આ આદિ સર્વ રાજાન્તરમાં થયેલ વાતાને જણાવી. એથી હું ઘણો પ્રસન્ન થયો. અને તે ચિત્ર મેં (યજમાને) તે ગૃહપતિને જોવા આપ્યું. ચિત્ર જોતાં જ તેમણે કહયું કે આ ચિત્ર રાજકન્યાનું જ છે, અને એ ચિત્રની બીજી પ્રતિ પણ અત્ર છે." (પૃ.૭૮)

"ઉમાહૈમવતી"

"એ ચિત્ર રાજકુમારીનું પોતાનું છે". બીજી દાસીએ હસતે વદને ઘણા ધીરા અવાજે કહયું.

મારી પાસે હતું તે ચિત્ર અને આ ચિત્ર એક જ હતાં." (પૃ.૪૬)

વાતાને પ્રવાહી બનાવવા માટે સંવાદનો સચોટ ઉપયોગ કરી શ્રી યશોધરે ઉપરોક્ત પ્રસંગમાં આમ ઘણા ફેરફાર કર્યા છે.

(૪) વૃધ્ધ તપસ્વી વીરવિજયને ભદ્રસેનની સમગ્ર વાર્તા સંભળાવે છે. ત્યારબાદ તે તપસ્વીની રજા લઈ પાછો પ્રવાસ ખેડે છે, તે વખતનો સંવાદ બંનેમાં નીચે મુજબ છે.

"ત્રિ. ષડ્ગ"

".....મહાત્મા કહે છે :
"હે રાજપુત્ર ! હવે તમારા અન્તરમાં ઉઠતી પ્રથમ વૃત્તિને અનુસરીને વિચરો. એથી અધિક આ ક્ષણે કંઈ પણ કહેવા યોગ્ય નથી.

વીરવિજયજી કહે છે : આ ક્ષણે પ્રથમ વૃત્તિ તો એવી સ્ફુરી છે કે જો આપ કંઈ ભાવિમાં કરવા યોગ્ય નહીં કહો તો અત્રથી પૂર્વમાં પ્રયાણ કરું.

"ઉમાહૈમવતી"

".....આપે કહેલી વાર્તાથી હું પાવન થયો છું. હવે હું મારું કાર્ય પૂરું કરવા આગળ ધપીશ."

"પધારો !"

"કંઈ દિશાએ ચાલ્યો જઉ

"પૂર્વ તરફ વહ્યા ભવ."

(પૃ. ૬૫)

"દ્વિ. ખડ્ગ"

મહાત્મા કહે છે : તો હવે ઈષ્ટ સ્મરીને તેમ જ કરો."

(પૃ. ૧૩૬)

"ઉમાહૈમવતી"

મૂળમાં વીરવિજય પોતે જ પૂર્વદિશા તરફ જવાનો સંકલ્પ કરે છે અને તપસ્વીના આશીર્વાદ મેળવે છે, જ્યારે "ઉમાહૈમવતી"માં તપસ્વીની સૂચનાથી વીરવિજય પૂર્વદિશા તરફ જાય છે.

(૫) પ્રસંગને પ્રવાહી અથવા રસમય બનાવવા તથા વાર્તાનાયકને વધુ ઉજ્જવલ ચીતરવા શ્રી યશોધરે નાના નાના ફેરફારો કર્યા છે.

રાજા નરેન્દ્ર ફરતાં ફરતાં ઋષિના દર્શનાર્થે આશ્રમમાં આવી ચઢે છે તથા પોતાના જૂના મિત્રને ત્યાં જુએ છે તેથી તેને ઘણું જ આશ્ચર્ય થાય છે. ઋષિની આજ્ઞા લઇ પોતાના મિત્રકુટુંબને મહેલમાં લાવવાની વ્યવસ્થા કરે છે. તેનું વર્ણન બંનેમાં નીચે પ્રમાણે છે.

"દ્વિ. ખડ્ગ"

"... ઋષિમહાત્માને તે રાજાએ ધન્યવાદ આપ્યો અને અમારું તેમના આશ્રમમાં રક્ષણ થયું તે નિમિત્ત તે રાજાએ ઋષિનો મોટો ઉપકાર માન્યો. પછી અમને સર્વને પોતાને ઘેર આવવા દેવાને તે રાજાએ ઋષિને પ્રાર્થના કરી, અને સાચો પ્રેમ જાણીને ઋષિએ તે સ્વીકારી."

(પૃ. ૨૨૯)

"ઉમાહૈમવતી"

"તેઓએ ગુરુદેવને વિનંતી કરી કે અમને બધાંને પોતાને મહેલે મોકલી આપવાં ગુરુદેવે મારી સામે જોયું. મારી તો આશ્રમ છોડવાની જરા પણ ઇચ્છા નહોતી. મેં અનિચ્છા બતાવી.

"બેટા, તું ક્ષત્રિય છે. મેં તને વિદ્યા શીખવી છે. તારા પિતાના મિત્ર તારા પિતાતુલ્ય છે. તમારું ગયેલું રાજ તેમની મદદથી મેળવવું એ તારી ફરજ છે. તું હવે

"ત્રિ. ખડ્ગ"	"ઉમા હૈમવતી"
	તેની તૈયારી કર. મારા તને આશીર્વાદ છે." ગુરુજીના શબ્દો મારે માટે આજ્ઞા હતી. મેં તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા." (પૃ. ૮૯)

૬૬) મહીપાલેન્દ્રનું લગ્ન રાજા નરેન્દ્રની પુત્રી સાથે થાય છે. તે પ્રસંગનું વર્ણન આ પ્રમાણે છે :-

"ત્રિ. ખડ્ગ"	"ઉમા હૈમવતી"
".....તે રાજાને એક સરૂપગુણસંપન્ના કન્યા હતી, તે મને અર્પવાનો તેમણે પોતાનો નિશ્ચય મારાં માતાપિતાને જણાવ્યો. તે જાણવાથી મારાં માતાપિતાને અન્તઃકરણમાં અપૂર્વ હર્ષ પ્રતીત થયો, અને આગ્રહયુક્ત કરેલો તે રાજાનો આ નિશ્ચય મારાં માતા-પિતાએ અમિતમ આનંદ જણાવી સ્વીકાર્યો." (પૃ. ૨૩૦)	".....રાજાને પુત્ર હતો નહિ. એક સુંદર પુત્રી હતી. એમણે પોતાની પુત્રીનું લગ્ન મારી સાથે કરવાની ઇચ્છા મારાં માબાપને જણાવી. માબાપ માટે એ વાત સદ્ભાગ્યના સૂરજ સમી હતી. રાજપાટ વગરના એક નિસ્તેજ રાજાના ગરીબ કુંવરને વળી રાજકુંવરી કયાંથી ? વિધિનો સંકેત મને અનાયાસ રાજય આપવાનો હતો. રાજકુંવરી અને હું પરસ્પરને ઓળખતાં અને ત્રણચાર વખત મળેલાં. અમારાં હૃદયોમાં પ્રીતિના કોમળ અંકુરો રોપાઇ ગયા હતા." (પૃ. ૬૦)

મૂળમાં મહીપાલેન્દ્ર અને રાજકન્યાને લગ્ન પહેલાં પરિચય હતો તેવો કયાંયે ઉલ્લેખ નથી. પરંતુ વાર્તાકાર યશોધરને તો વાચકોને બુધ્ધિથી

જયે અને ન્યાય જેવું લાગે તેવું પ્રસંગવર્ણન કરવું હતું. તેથી બંનેનો લગ્ન-પહેલાંનો પરિચય પણ કરાવ્યો અને પરસ્પર પ્રીતિના અંકુર ફૂટયા હતા તેવો પણ ઉલ્લેખ કર્યો. મૂળમાં મહીપાલેન્દ્રને રાજયસત્તા તથા રાજકન્યા ભાગ્યબલથી મળે છે, તેવો જ ઉલ્લેખ છે.

(૭) "ત્રિ. ખડ્ગ."

મૂળમાં સામે દર્શાવ્યા પ્રમાણેનો કોઇ ઉલ્લેખ નથી.

"ઉમાહૈમવતી"

"....ગયેલું રાજય પાછું મેળવી હું ગુરુદેવના આશ્રમે ગયો અને મારી તલવાર એમના ચરણોમાં મૂકી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.

"બેટા, આ રાજય મેળવ્યું. હવે આત્માનું રાજય મેળવ."

આશીર્વાદ લઇ હું પાછો ફર્યો."

(પૃ. ૬૧)

મહીપાલેન્દ્રના પાત્રને વધુ ગૌરવવંતુ, વિનયી અને વાચકોનો સંપૂર્ણ સમભાવ મેળવે તેવું રજૂ કરવા શ્રી યશોધર મહેતાએ કરેલો આ એક વધુ ફેરફાર છે.

(૮) "ત્રિ. ખડ્ગ"

મૂળમાં સાપે દર્શાવ્યા પ્રમાણે ઉલ્લેખ નથી. પ્રથમ મિલને તે વિચક્ષણ મહાત્મા તેને સમુદ્રપ્રવેશ કરાવે છે, તેટલો જ ઉલ્લેખ છે.

"ઉમાહૈમવતી"

".....તેવામાં એક વિકરાળ શરીરનો શ્યામવર્ણનો કદાવર પુરુષ બાજુની ભેખડમાંથી મારા તરફ આવતો દેખાયો. તેના શરીર પર ફકત એક લંગોટી હતી. અને એક હાથમાં ખોપરી હતાં. એને જોતાં જ કંપી ઉઠયો, પરંતુ તરત સ્વસ્થ થઇને તાકીને ઊભો રહ્યો. મારી નજીક આવી તે સ્હેજ હસ્યો અને જોતજોતામાં સમુદ્રમાં ઉતર્યો.

"ત્રિ. ખડ્ગ"

"ઉમા હૈમવતી"

ઉતરતાંની સાથે જ ઉછળતાં મોટાં મોજાંઓની અંદર તે અદૃશ્ય થઇ ગયો. મારો અર્ધ્યો માતો નહોતો."

(પૃ. ૧૦૨)

કથારસને ઉત્કટ બનાવવા શ્રી યશોધરે આમ કર્યું હોય !

(૯) સમુદ્રપ્રવેશ થયા બાદ મહીપાલેન્દ્રને થતા અનુભવોમાંના એકનું વર્ણન બંનેમાં આ રીતે છે :-

"ત્રિ. ખડ્ગ"

"....એ ભીંત તરફ મારી ગતિ થઇ. આગળ જતાં તે ભીંતમાં જાણે મોટું વ્હેર હોય એમ ભાસ્યું. તે વ્હેરમાંથી કોઇજાતનો પદાર્થ જાણે મોટા વેગથી વહ્યો આવતો હોય એમ જણાવા લાગ્યું. આ વ્હેરસંમુખ હું ગયો એટલે તો જેમ જલમાં સામે પ્રવાહે પડેલાને તે પ્રવાહ પાછો ઠેલી નાંખે તેમ આ પ્રવાહ મને પાછો કાઢતો હતો. એ સમયે મારી સ્થિતિ મને વિલક્ષણ ભાસી. પાછળથી મને કોઇપ્રકારનો વેગ તે વ્હેર પ્રતિ મોકલતો હતો, અને વ્હેરમાંથી આવતો પ્રવાહ મને પાછો કાઢતો હતો. આ સ્થિતિમાં હું અકળાયા

"ઉમા હૈમવતી"

"આગળ જતાં એક મોટી દીવાલ દેખાઇ. હું મૂંઝાયો, કે આગળ જવાશે કે કેમ ? મેં સિધ્ધનું સ્મરણ કર્યું. દીવાલના બે ભાગ થઇ ગયા. હું અંદર પેઠો." (પૃ. ૧૦૯)

"દ્વિ. અઙ્ગ"

સરખો થયો. પણ મારા અન્તઃકરણને હું સ્વસ્થ રાખતો પરવશપણે વહેતો ત્યાં ને ત્યાં રહ્યો. એટલામાં તે વહાણમાંથી કોઇએ લાંબો હાથ મારા પ્રતિ કાઢ્યો, ને મને ઝીલીને ભીતર તાણી લીધો. ત્યાં હાથ વિના બીજું કંઇપણ મને જણાયું નહિ. તે હાથે મારો હાથ ઝાલી મને અન્તરના ભાગમાં લીધો, અને તે પ્રવાહ ટાળીને એક બાજુએ જ્યાં બહાર જતા પ્રવાહનો વેગ ન હતો, પણ જ્યાં ભીતર જતા પ્રવાહનો વેગ હતો ત્યાં મૂકી મારો હાથ તે હાથે છોડી દીધો. આ હાથ બહુ સુકોમલ પણ ઘણા મોટા કદનો હતો. તે હાથ કોનો હતો, એ મને જણાયું નહિ, અને હું તો ભીતર ચાલવા લાગ્યો." (પૃ. ૨૬૬)

"ઉમા હૈમવતી"

મૂળના અતિલંબાણને ઓછું કરી તથા વાર્તાકલામાં સિદ્ધ્યનું ચમત્કારિક મહત્ત્વ ગાઇ, કેવો સંક્ષેપ કર્યો છે !

તો પછી પ્રશ્ન એ ઉદ્ભવે છે કે આવા ફેરફારો શું મૂળકૃતિને અન્યાય તો નથી કરતા ને ?

વાર્તાકાર શ્રી યશોધરની આવી કાપકૂપથી સમગ્ર કૃતિ રસાત્મક બની છે. મૂળના ભારેખમ, અર્થઘન અને દીર્ઘવાક્યોને બદલે અહીં ટૂંકા, સચોટ અને પ્રવાહી વાક્યો વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. અવાંતર પ્રસંગોનો સંપૂર્ણ છેદ ઉડાડ્યો હોવાથી, આજના યુગની ધમાલિયા

ધીરજને કૃતિના વાતાંપ્રવાહમાં રસ પડે તેમ બન્યું છે.

તેમની રમતિયાળ અને પ્રસન્નપ્રવાહી શૈલીએ કૃતિને ઘણી જ સરળ અને જનગમ્ય બનાવી દીધી છે. કારણ કે, "એમની કલમમાં જોઈએ તેવું ભાષાકીય જોમ પણ છે. તેમના શબ્દો લક્ષવેધી હોય છે. વાક્યો ટૂંકા અને વાતને ઠેઠ પહોંચાડી દે એવાં સોસરાં છે."[૧] "ઉમાહૈમવતી"માંથી થોડાંક ઉદાહરણો તેમની શૈલીને સમજવા પૂરતાં થશે.

(૧) "બગાસું મરડી સૂઈ જતા સૂરજને તેણે નમન કરી "આવજો" કહ્યું અને એને ઊંઘતો રહેવા દઈ એકલવાયો વીરવિજય આગળને આગળ ધપવા લાગ્યો, વખત પણ વહેવા લાગ્યો અને કૃષ્ણપક્ષની કાળી રાત્રિએ પોતાનું ભયંકર રૂપ પ્રગટાવવા માંડ્યું. પશુપંખીઓ બોલતાં બંધ થઈ ગયાં અને વૃક્ષો પણ પત્રલોચનો બંધકરીને નિદ્રાના ઉત્સંગે વિરામ પામવા લાગ્યાં. એવી કાજળઘેરી ઘોરતી રાત્રિમાં અભયથી ભરેલો વીર ઉત્સાહથી ધપી રહ્યો."[૨]

(૨) "આખરે પૂર્વની ક્ષિતિજે ઉષાનો ગુલાબી હોઠ ફરક્યો. હોઠને જોઈ ગેલમાં આવ્યાં હોય તેમ વૃક્ષોનાં પર્ણો આઘુપાછું ડોલવા લાગ્યાં. થોડું ચાલ્યા હશે ત્યાં એકલે મૃગલાં ખેલતાં દેખાયાં. હૃદયમાં તેણે નિયંતાની આરતી ઉતારી."[૩]

(૩) "તે હસી હસીને તેણે વીરના કપોલે મધુરું ચુંબન કર્યું.
'ક્યાં લઈ જશો મને ?' તેણે વીરને પૂછ્યું.
તે ફરીથી હસી. ના, ચંદ્રનું બિંબ જાણે તેના અધરે ઊતરી આવ્યું.
ગાઢ આશ્લેષમાં રાત્રિ પોતે જ ઊંઘી ગઈ. દિશાઓ સંકોચાઈ ગઈ અને કાળ થંભી ગયો."[૪]

---

૧. શ્રી મગનભાઈ દેસાઈ, "અગમનિગમ", પ્રસ્તાવના પૃ. ૯
૨. "ઉમા૦", પૃ. ૬૫
૩. "ઉમા૦", પૃ. ૮૧
૪. "ઉમા૦", પૃ. ૧૧૪

પરંતુ આમાં મૂળ સર્જક શ્રીમન્નૃસિંહાચાર્યજીનો કૃતિ પાછળનો હેતુ કેટલો સચવાયો છે તે એક પ્રશ્ન છે. વાચકોને આશ્ચર્યમાં ગરકાવ કરવા કે તેમનું સસ્તું મનોરંજન કરવા કે સાહસકથા આપી "ઢીલીધોતી"વાળા વાણિજ્યશૂરા ગુજરાતીમાં શૌર્ય પૂરવા આ કથા મૂળમાં નથી લખાઇ. કર્તાનો હેતુ તે વ્હેરા વાચકોની વૃત્તિને અધ્યાત્મવિદ્યા તરફ વાળવાનો છે. શ્રી યશોધરના પ્રસ્તુત સંક્ષેપથી વાર્તાકલાની યોગ્ય અને કલાત્મક માવજત થઇ છે પણ અંદર રહેલાં રહસ્યો વિશે પ્રસ્તુત સંક્ષેપકૃતિમાં યોગ્ય ચિંતન કે મનન કરવાની ખાસ દરકાર નથી રખાઇ.

ચલબત્ત, "વાર્તાનું રહસ્ય : ફલશ્રુતિ" એ પ્રસ્તાવનાસૂચક પ્રવેશમાં શ્રી યશોધરે મૂળવાર્તાનાં રહસ્યોની વિશ્લેષણાત્મક, શાસ્ત્રીય -- અને પોતાને સૂઝે તેવા – અર્થો સહિત તુલનાત્મક ચર્ચા કરી છે. એ પ્રવેશ – શ્રીમન્નૃસિંહાચાર્યજીના ગર્ભિત ધ્વનિને સમજવાનો એક સાધકનો પ્રયાસ – તત્વિષયક જિજ્ઞાસુ માટે ઉપકારક થઇ પડશે, તેમાં શંકા નથી. પરંતુ "ઉમાહૈમવતી" નામક સંક્ષેપમાં એ રહસ્યોનો ક્યાંક અછડતો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તો વિશેષતઃ તેઓને પડતાં મુકાયાં છે. આથી આજના જમાનાને કંટાળાજનક કે ક્લિષ્ટ લાગતી પ્રસ્તાવનામાં ગળાબૂડ ન ડૂબનાર કથારસિયો સામાન્ય વાચક શું પ્રસ્તુત સંક્ષેપમાંથી મૂળસર્જકના કે સર્જનના હાદને પામી શકશે ?

મહીપાલેન્દ્ર વિચક્ષણ મહાત્મા સાથે ગુફામાં પ્રવેશ કરે છે. ત્યાં વિષધરનું ભયંકર જોડું, પિશાચિકાનું સ્થાન, સિધ્ધાશ્રમ, તેમાં પાંચ શિષ્યો વચ્ચે શોભતા એક મહાત્મા, ગુપ્તબારી વગેરેનો ઉલ્લેખ આવે છે, તે આ વાર્તાકલાના રહસ્યની દૃષ્ટિએ પરાકાષ્ઠારૂપ, ગૂઢ અને સાંકેતિક છે. તેનો સંક્ષેપમાં ઉલ્લેખ સરખો પણ કરવામાં ન આવે તે શું અજુગતું નથી ?

શ્રી જયોતીન્દ્ર દવેનું આ અંગેનું વિધાન સૂચક છે,

"એમણે (શ્રી યશોધરે) જે રીતે કથામાં આવતાં બધાં રૂપકો ઘટાવ્યાં છે, તે જ શ્રીનૃસિંહાચાર્યને પણ અભિપ્રેત હતાં કે નહિ તે કહેવું મુશ્કેલ છે. એમણે આલેખેલી ફલશ્રુતિ એ સૂત્રગ્રંથ પરના ભાષ્ય સમી છે. જુદા જુદા ભાષ્યકારો એમાંથી જુદા જુદા અર્થો કાઢવા હોય તો કાઢી શકે, પરંતુ આવા રહસ્યગ્રંથોની ખૂબી જ એ હોય છે કે એના વાંચનારાઓ પોતપોતાના અધિકાર પ્રમાણે એમાંથી અર્થ તારવી શકે."[1]

શ્રી યશોધર આ કૃતિના મર્મને સમજાવતાં વાર્તામાં આવો ઉલ્લેખ કરે છે.

" ઋષિએ પોતાના શિષ્યોને દૂર જવા કહ્યું અને પછી વીરવિજયને નજીક આવવા ઇશારો કર્યો. તે નજીક આવ્યો.

"રાજકુમાર ! દેહ એ યજ્ઞની વેદી છે. એ વેદીમાં અગ્નિ ઉત્પન્ન કરવાનો છે. અગ્નિને પ્રાણથી સતેજ કરવો પડે છે. યજ્ઞના દેવતા પ્રસન્ન થઇ યજ્ઞના કુંડમાંથી એક અપાર શક્તિ પ્રકટાવે છે. આ શક્તિ તે જ ઉમાહૈમવતી. વેદો આ જ શક્તિની ઉપાસના કરવાનું કહે છે. ઉપનિષદ આ જ શક્તિનાં ગૂઢ વર્ણનો કરે છે. આ શક્તિથી બધું વશ થાય છે. આ શક્તિ જેને પ્રાપ્ત થાય છે, તે સંમોહ પામતો નથી, કશાથી ડરતો નથી. તે આપ્તકામ બને છે, પોતાનું ધાર્યું મેળવી શકે છે.... આ શક્તિ મેળવવી તે તમારું કર્તવ્ય છે, સૌનું કર્તવ્ય છે ; ઉપાસના કર્યા વગર તે પ્રાપ્ત નથી."[2]

છતાં એટલું તો સ્પષ્ટ છે કે, મૂળ વિશિષ્ટ અધિકારવાળા સાધકોને દૃષ્ટિ સમક્ષ રાખીને લખાયેલી "શ્રી ત્રિભુવનવિજયીખડ્ગ" જેવી અમૂલ્ય રત્ન સમી કૃતિનો શ્રી યશોધરે જે સરળ અને ધારાવાહી સંક્ષેપ કર્યો છે, તે બદલ પણ તેમણે ગુજરાત અને ગુજરાતી સાહિત્યની પ્રશસ્ય સેવા બજાવી છે.

---

૧. શ્રી જયોતીન્દ્ર હ. દવે, "ઉમાહૈમવતી", પ્રસ્તાવના
૨. "ઉમાહૈમવતી", પૃ. ૮૩

"શ્રીપંચવરદવૃત્તાન્ત" :-

અન્ય ગ્રંથોની જેમ આ પણ અપૂર્ણ રહેલો ગ્રંથ છે. શ્રીમન્નૃસિંહાચાર્યજીએ "શ્રીપંચવરદવૃત્તાન્ત"ના પ્રથમ સમાગમ અને દ્વિતીય સમાગમ એમ બે ભાગ પૂર્ણ કર્યા છે અને તૃતીય સમાગમનો ભાગ અપૂર્ણ રહેવા પામ્યો છે. પરંતુ વર્ગના વર્તમાન આચાર્યશ્રી અને કર્તાના અર્ચનીય આત્મજ શ્રીમાન્ સુરેશ્વરાચાર્યજીએ પોતાની રીતે તૃતીય સમાગમ સંપૂર્ણ કર્યો છે, તે આ ગ્રંથની વિશિષ્ટતા છે.

अतिथिदेवो भवः। એ આપણું પ્રાચીન સનાતન સૂત્ર અતિપ્રચલિત છે. અતિથિને હૃદ્યપૂર્વક સન્માનવાની, તેની બધી જ સુખસગવડો સાચવવાની તથા નમ્રતાપૂર્વક સેવા કરવાની ભાવના પાછળ, સત્સંગનો સદ્‌લાભ ઉઠાવવાની વૃત્તિ રહેલી છે. નિર્મળ નદીના પવિત્ર પ્રવાહ જેવો સત્સંગનો મહિમા પુનિત અને વિશિષ્ટ છે. તેમાં સ્નાન કરનાર સામાન્યજીવ પોતાના મળને, દોષોને, દુર્ગુણોને નષ્ટ કરે છે અને વિવિધ સંસ્કારો તથા સદ્‌ગુણોથી અલંકૃત પુણ્યશાળી જીવ બને છે. તુરીય અવસ્થામાં કે પંચમી, છઠ્ઠી કે સાતમી ભૂમિકામાં આરૂઢમાન એવા તપસ્વી સંતો પાસે અમૂલ્ય જ્ઞાનભંડાર પડયો હોય છે. સાધના, તપશ્ચર્યા અને દિવ્યાનંદની અનુભૂતિને લીધે તે મુક્તાત્માઓ સંસારથી વિરક્ત રહી જ્યાં ત્યાં મસ્તીમાં વિચરતા હોય છે. આત્મકુમારીમાં સંલગ્ન એવા તે પુણ્યશાળી આત્માઓમાં લોકેષણા કે વિત્તેષણાનો ન્યૂનાધિક અંશ પણ હોતો નથી. તેથી તેઓ કદી પણ જિજ્ઞાસા કે રસ વગરના કોઇપણ અનધિકારી સામાન્ય જીવ આગળ પોતાનું જ્ઞાનપ્રદર્શન કરતા નથી. અધિકારી મુમુક્ષુ જીવની અનેકવારની વિનંતી બાદ આત્મમસ્તી મુજબ તેઓ જ્ઞાનપ્રસારણ કરતા હોય છે. આવો સંતસમાગમ થવો એ પણ સદ્‌ભાગ્યની ઉત્કૃષ્ટ નિશાની છે.

શ્રીપંચવરદ અનેક દૈવી લક્ષણોથી વિભૂષિત ચક્રવર્તી નરેન્દ્ર હતા. સત્તા, પ્રતિષ્ઠા, ધન, વિષયસુખ સર્વરીતે તે સર્વગુણસંપન્ન રાજ સુખસ્વરૂપ થયા હતા. અને હાલ જીવનમુક્તાવસ્થા ભોગવંતા હોવા છતાં શ્રી પંચવરદ મહાત્માએ પોતાની સત્વશ્રવણેચ્છારૂપ સત્સંગની શુભ વાસના જાણી જોઇ શેષ રાખી હતી. તેથી તેમણે પોતાના નિપુણ સેવકોને આજ્ઞા કરી હતી કે, "અષ્ટદિશા પ્રતિ સ્વેચ્છાએ વિચરનાર વિરક્ત સરળ પુરુષોને પોતાના એકાંતગૃહમાં સન્માનપૂર્વક પધરાવવા."[1]

આમ તો વડીલોએ તેમના સ્થૂલદેહની મુખ્ય સંજ્ઞા "ત્રિપતિ" રાખી હતી પરંતુ નગરમાં જેમનો કોઇ સંબંધી કે સ્નેહી ન હોય એવા નિરાશ્રિત પ્રવાસી માત્રને યોગ્ય પ્રકારે સ્થલ, જલ, અન્ન, આવશ્યક વસ્ત્ર તથા ધન વડે સેવતા હતા. જગતમાં શ્રેષ્ઠ ગણાતા એવા આ પાંચ વ્યવહારોપયોગી પદાર્થના દાતા જાણીને તેમને પ્રજા મૂળથી જ "પંચવરદ" નામથી ઓળખતી.

સંસારની મધ્યે રહી, સર્વ પ્રકારના વ્યવહાર ઉદાસીન ભાવે ભાળવી, ઉચ્ચસ્થિતિમાં વિહરનાર શ્રી પંચવરદ સાથેના ત્રણ વિવિધ મહાત્માઓના સમાગમનો આ ગ્રંથમાં વિગતપ્રચુર વૃત્તાંત આપવામાં આવેલો છે.

શ્રી પંચવરદ શરૂઆતમાં પ્રથમ સમાગમમાં આ જ્ઞાનગંગાનો લાભ પોતે એકલા લેતા હતા પરંતુ "મહાત્માઓના મુખથી શ્રવણ કરેલી નાના પ્રકારની કથા પાપથી મૂકાવનાર તથા સર્વોત્તમ અને અચલ પદને પ્રાપ્ત કરનાર હોય છે,"[1] એમ જાણી બાકીના શેષ સમાગમોમાં કુટુંબનાં પુત્રપૌત્રાદિ સર્વને બેસાડે છે.

---

૧. "શ્રીપંચવરદવૃત્તાન્ત" પ્રથમ સમાગમ, પૃ. ૩

૨. "પં. વૃ.", પ્રથમ સમાગમ, પૃ. ૫૭

અતિથિ મહાત્માઓનું પ્રેમપૂર્વક સ્વાગત કરતા શ્રીપંચવરદ પોતે તો જ્ઞાની સિધ્ધપુરુષ હતા. તે તો ઐહિક કર્તવ્યનો પાર પામી, સંયમતત્ત્વને સંપૂર્ણ રીતે સિધ્ધ કરી, આધ્યાત્મિક કર્તવ્યની પરિસીમાએ પહોંચી જીવનમુક્ત દશાના અનવદ્ય આનંદને ભોગવી રહયા હતા. તૃતીય સમાગમમાં આગંતુક અતિથિ મહાત્મા પોતે રાજા પંચવરદને સ્પષ્ટ કહે છે,

"આપ સર્વ સંબંધીવર્ગના વ્યવહારપરમાર્થ ઉભયપક્ષે ગુરુ છો."[1]

પરંતુ સત્સમાગમના પુનિત પ્રવાહમાં સતત સ્નાન કરી પોતાનાં કુટુંબીજનોને પણ ત્યાં જ ઉપસ્થિત રાખી, રાજા પંચવરદ આત્મકલ્યાણની સાથે સ્વસ્વભાવ મુજબ પરકલ્યાણની પ્રવૃત્તિ કરતા હોય છે. કુટુંબનો વડીલ આધ્યાત્મિક માર્ગ પ્રતિ અભિમુખ હોય, મનોક્ષય તથા વાસનાક્ષય ભણી સંયમિત જીવન ગુજરતો હોય તથા મહાત્મા અતિથિઓની સહેતુક આગતાસ્વાગતા કરતો હોય તો વડીલને લીધે કુટુંબના અન્ય સભ્યોમાં પણ ઉત્કૃષ્ટપ્રકારનું સંસ્કાર-સીંચન થતું હોય છે.

પ્રથમ સમાગમમાં ઉરસ્વાન્ નામના યોગતત્ત્વવિત્ મહાપુરુષનો ચિત્રારણ્ય નામની પવિત્ર ભૂમિ પર થયેલો દિવ્ય અનુભવ વર્ણવવામાં આવ્યો છે. ચિત્રારણ્યમાં ઉરસ્વાન્ મુનિને જવાનું શા માટે ઉપસ્થિત થયું, તેનું અનુસંધાન તેમના ભૂતકાળના પ્રસંગો સાથે જોવા મળે છે. તે મહાસમર્થ મુનિ ઇચ્છા પ્રમાણે વિચરતાં વિચરતાં સિધ્ધલોકમાં આવે છે, સર્વના નમસ્કાર ઝીલે છે. સિધ્ધલોકના ઈશને મુનિ શબ્દ ભણી નમન પાઠવે છે પરંતુ તે સિધ્ધેશ્વર મૌન જ રહે છે. આથી ઉરસ્વાન્ મુનિ કહે છે,

---

૧. "પં. વૃ.", તૃતીય સમાગમ, પૃ. ૧૬૬

"હે સિધ્ધેશ્વર ! આપણા ઘરની પ્રતિ આવેલા દુર્બલ અતિથિનું પણ અપમાન ન કરવું, જે સંપૂર્ણલોકની પ્રધાનનીતિ છે.... આપની આ કૃતિ અવિવેકની છે, માટે આ પ્રકારનો અવિવેક જયાં અત્યંત કરીને નિંદ્ય ગણાતો નથી, તથા અવિવેકી પ્રાણીઓનો પણ જયાં સમાવેશ થાય છે એવા મૃત્યુલોકમાં આપ પધારો. આ ઉત્તમલોકના નિયમને પાલન કરવા અસમર્થ તથા ઉત્તમ અધિકારીથી ભ્રષ્ટ થયેલને તેમ જ કેવલ નીચ અધિકારીને ન પ્રાપ્ત થયેલને એ ભૂલોક વિના અન્ય યોગ્ય સ્થાન કોઇ નથી."[૧]

સિધ્ધેશ્વર પણ આ વચનો સાંભળી મંદ મંદ હસે છે અને કહે છે,

"હે મહામુનિ ! હું સ્વતંત્ર તથા નિત્યમુકત છું એ આપ જાણો છો, તે છતાં કોઇ ઈષ્ટસંકેતને વશવર્તી આપ ઇચ્છાનુસાર વચનોને બોલ્યા છો, તેને હું પ્રેમપૂર્વક સ્વીકારું છું.....તેવા જ સંકેતાનુસાર હું બોલું છું કે આપ પણ મોહમોહાદિ નિમિત્તો વડે વ્યાકુલીભાવને પ્રાપ્ત થતા ભ્રમણ કરતાં એ લોકમાં મને એકવાર દર્શન આપજો. કારણકે ત્યાર વિના આપણી નિવૃત્તિ થનાર નથી."[૨]

ભૂલોકના અધિપતિ પાસે સિધ્ધેશ્વરે રહેવા યોગ્ય સ્થાન માગ્યું. ભૂપતિએ તેઓને યોગ્ય લાગે ત્યાં નિવાસ કરવા જણાવ્યું. આથી સિધ્ધેશ્વરે મૂલ ત્રિભુવન કરતાં અનેક વિશેષતાવાળું રમણીય ત્રિભુવન ચિત્રારણ્યમાં રચ્યું.

આ બાજુ ઉપરોકત શાપવચનોને કારણે ઉરસ્વાન્ મુનિનો જન્મ કામાવતી નગરીમાં વૈશ્રવણ નામના પવિત્ર બ્રાહ્મણને ત્યાં થયો. યોગ્યકાળે તેમણે વેદાધ્યયન કર્યું. પિતાએ યથાસમયે તેનું લગ્ન પણ કરાવ્યું. પરંતુ ઉજ્જવલ સંસ્કારબળે તેમની મતિ ત્યાગવૃત્તિવાળી

---

૧. "પં.વૃ.", પ્રથમ સમાગમ, પૃ.૪૬

૨. "પં.વૃ.", પ્રથમ સમાગમ, પૃ.૪૭

રહેવા લાગી. માતાપિતાનો ક્ષય થયો તેથી તેમની પણ તેઓએ ઉત્તરક્રિયા કરી. બાદ ઘેરે પુત્રજન્મ થયો. તેનું પણ યોગ્ય સમયે લગ્ન કરાવ્યું. પત્ની મૃત્યુ પામતાં તેઓ તપ નિમિત્તે ક્ષેત્રમાં જઇ, સદ્‌ગુરુ પાસે સર્વ અભ્યાસ તથા યોગક્રિયા સંપાદન કર્યાં. આમ તે જીવનમુક્તાવસ્થામાં વિચરતા હતા ત્યાં કોઇ વૃધ્ધ મહાત્માના મુખથી એક અતિવર્ણાશ્રમી પુરુષની વાર્તા શ્રવણ કરી. આથી સહજવૃત્તિથી દોરાઇ તેમણે ચિદ્‌ારણ્યમાં પ્રવેશ કર્યો.

ચિદ્‌ારણ્યમાં વિવિધ વ્યતિકરો અનુભવી ઉરસ્વાન્ મહામુનિ સિધ્ધેશ્વરને મળે છે. બંને એકબીજાને પ્રેમપૂર્વક આલિંગે છે. શાપ પૂરો થાય છે. રમ્ય અને ભવ્ય ચિદ્‌ારણ્ય તથા સિધ્ધેશ્વર અદૃશ્ય થાય છે. જીવનમુક્તાવસ્થા ભોગવતા સંત વિચરતાં વિચરતાં પંચવરદના નગર પાસે આવી પહોંચે છે. પંચવરદના મનુષ્યો મહાત્માનું આદરપૂર્વક સન્માન કરે છે તથા શ્રી પંચવરદની નમ્ર વિજ્ઞપ્તિથી ઉરસ્વાન્ મુનિ ચિદ્‌ારણ્યનો અનુભવ સંભળાવે છે.

સિધ્ધલોકના અધિપતિએ જાતે જ આવું સુંદર ઉપવન ઊભું કર્યું છે તેથી એમાં અન્યલોક કરતાં વિશેષ રમ્ય અને દિવ્યસ્થળો તથા વિશિષ્ટ વ્યતિકરો દૃષ્ટિગોચર થાય તે સ્વાભાવિક છે. ચિદ્‌ારણ્યમાં ફેલાયેલો વિલક્ષણ પ્રકાશ, રાત્રીના સમયે સંભળાતો સુંદર સ્ત્રીઓનો મધુર કંઠ, આજુબાજુનાં વૃક્ષોની પંક્તિ વડે ચક્રાકાર શોભતો સુંદર ચોક, સ્નાન કરતી અનેક સ્ત્રીઓથી શોભતું જલાશય, આકાશપૃથ્વીને એકકરીને ઘડો રહેલો મોટો વિશાળ પહાડ, અસંખ્ય દિવ્ય વિચિત્ર વસ્ત્રાલંકારવાળા પુરુષો અને તેઓનું ભિન્ન ભિન્ન સીડીઓ પરથી ચઢવું-ઊતરવું, આગળ જતાં દેખાતાં ઠેઠ નાના કદના અને અત્યંત મોટા કદના પુરુષો, બંધ કરેલી આંખને ઉઘાડતાં સ્થળનું બદલાવું અને રમણીય ઉપવનમાં ત્રિભુવનમોહક દિગ્‌વસ્ત્રા સ્ત્રીનું દેખાવું, દિવ્યપુરુષની સહાયથી શાપિત

સિધ્ધેશ્વરના સ્થાનને માર્ગે જવું, તેજસ્વી પુરુષોની સભામાં સિધ્ધેશ્વરને મળવું અને તેમની જ કૃપાથી ચિત્રારણ્યના વિશિષ્ટ વિલક્ષણ વ્યક્તિકરોને સમજવું....વગેરે અનેક અલૌકિક પ્રસંગો પ્રથમ સમાગમમાં લેખકે સહેતુક મૂકયા છે. આ બધા જ પ્રસંગો વ્હાનરા કર્તા શરીરરૂપી ચિત્રારણ્યમાં રહેલા ત્રિભુવનને સૂચવવા માગે છે અને આમ આખું રૂપક અહીં સ્પષ્ટ થાય છે. આ રૂપકને આ પ્રમાણે સમન્વી શકાય –

ચિત્રારણ્યમાંનું ત્રિભુવન	શરીરરૂપી ચિત્રારણ્યમાંનું ત્રિભુવન
(૧) ચિત્રારણ્યમાં પ્રવેશ કરતાં ભયંકર સર્પાદિ પ્રાણીઓનો અનુભવ થાય છે.	(૧) આવો અનુભવ શરીરાંતર્ગત ત્રિભુવનમાં રહેલા કટ્યાવકાશમાં સ્થિત નાગલોકના સ્થાનમાં તથા કુંડલિની શક્તિના સ્થાનપર્યંતમાં થાય છે.
(૨) આગળ ચાલતાં સ્ત્રીઓના ભારે સમુદ્વયવાળું જલાશય સમીપનું દિવ્યસ્થાન – શ્રી ભુવનેશ્વરીનું સ્થાન – હતું.	(૨) ભુવનેશ્વરીનું દિવ્ય સરખું પ્રતીત સ્થાન શરીરના ઉદરાકાશમાં સ્થિત સમુદ્રના સ્થાન સમીપ છે.
(૩) ભુવનેશ્વરી તે સમગ્ર પ્રાણીઓને પોતાને વશ વર્તાવનાર જે મહાવાસના અથવા મૂલાવિદ્યા છે.	(૩) શરીરમાં પણ મહાવાસના છે, જે વિવિધ કામનાની જનેતારૂપ છે.
(૪) ચિત્રારણ્યમાં સ્ત્રીઓનો ચિત્તાકર્ષક સમુદાય હતો.	(૪) તેવો જ સમુદાય નાભિસ્થ દશદલપદ્મના સમીપના ઉદરાકાશમાં છે.

ચિત્રારણ્યમાંનું ત્રિભુવન	શરીરરૂપી ચિત્રારણ્યમાંનું ત્રિભુવન
(૫) તે વખતે સૂર્યાદિના પ્રકાશ જેવો પ્રકાશ જણાતો હતો.	(૫) શરીરમાં પણ નાભિના સમીપ સૂર્યમંડલનો પ્રભાવ છે.
(૬) ભુવનેશ્વરીના સ્થાનથી થોડેક અંતરે ઊર્ધ્વલોકનો માર્ગ હતો – અનેક સીડીઓવાળો એ સ્વર્ગનો માર્ગ નિરંતર ખુલ્લો જ રહે છે.	(૬) શરીરમાં રહેલા ત્રિભુવનમાં પણ ઊર્ધ્વલોકમાં સુખાનુભવ કરવા જવાના માર્ગરૂપ અનેક સીડીઓ સ્પષ્ટ છે. આ મૂલસ્થાનથી વિતસ્તિ (એક વેંત અથવા બાર અંગળા) માત્ર ઊંચે નાભિ તથા મેઢ્રના મધ્યમાં કંદનું સ્થાન છે, જ્યાંથી નીકળતી અનેક ઊર્ધ્વપ્રદેશમાં વહેતી શિરાઓ આદિ તો નાની સીડી રૂપ છે. તે નાના વૃક્ષરથી નાના સ્થાનમાં જવાય છે. તેમાં એક સુષુમ્ણા માર્ગ જે ઉપર જતાં પૂર્વપરિચમ બે ભેદવાળો થાય છે, જે માર્ગો મૂર્ધમાં રહેલા ચંદ્રના સ્થાનનો સંબંધ કરી ગયા છે, આ માર્ગથી યોગીઓ ઊર્ધ્વગમન કરે છે અને સુખાનુભવ કરે છે.
(૭) તે સીડીઓપર અસંખ્ય પ્રાણીઓ ચઢતાં-ઊતરતાં હતાં.	(૭) આ નાડીમાંથી પણ અસંખ્ય શુભાશુભ સંસ્કારને ધારણ કરનારા પરમાણુઓ વેગ વડે ચઢતાં-ઊતરતાં હોય છે.
(૮) ત્યાંથી આગળ ચાલતાં નીચા પ્રદેશના પ્રાણીઓનાં સ્વરૂપો જોવા મળ્યાં. તે આ ત્રિભુવનની તમસ્પ્રધાનાદિ મધ્યમ અધિકારની ઉત્તરોત્તર અધોગતિને પ્રાપ્ત થતી પ્રજા હતી.	(૮) શરીરરૂપી ત્રિભુવનમાં પણ આ ચતુર્દલ તથા ષડ્દલ પદ્મસમીપવર્તી મર્યાદામાં રહેલા છે. તેઓ ત્યાંથી ગલિકરીને રસરુધિરના સ્થાનરૂપ કુંડોમાં પ્રવેશીને ઉત્તરોત્તર અધોમાર્ગને પ્રાપ્ત થતા હોય છે.

ચિત્રારણ્યમાંનું ત્રિભુવન	શરીરરૂપી ચિત્રારણ્યમાંનું ત્રિભુવન
(૯) ત્યાં અરુચિકર પ્રાણીઓ હતાં.	:૯: આ શરીરમાં રહેલા ત્રિભુવનમાં પણ એવી આસુરી સંપત્તિ છે. આ જીવોને ઉન્માદાદિ મહારોગોના તથા તેવા જ અપ્રિય શારીરિક તથા માનસિક દુઃખના પ્રસંગના સાક્ષાત્ કારણભૂત સંસ્કારવાળા જે અનેક પરમાણુઓ છે, અને જેમનું આ શરીરમાં પ્રધાનસ્થાન પૃષ્ઠદંડના સમીપમાં જ હોય છે, તે સર્વ આસુરીસંપત્તિરૂપ છે.

આમ કર્તાએ શરૂઆતમાં મહાત્મા ઉદ્દાલક ભયાનક અરણ્યમાં પ્રવેશ કરે છે, અનેકવિધ અલૌકિક વસ્તુઓ જોઈને તે દિગ્મૂઢ થાય છે વગેરે વર્ણન કરીને શરીરરૂપી ત્રિભુવનનો તથા બ્રહ્મગ્રંથિ, વિષ્ણુગ્રંથિ અને રુદ્રગ્રંથિનો પરિચય કરાવ્યો છે. યોગાભ્યાસી પુરુષ આ ત્રણ ગ્રંથિના ભેદન પછી ગુરુઈશ્વરના અનુગ્રહથી બ્રહ્મરંધ્રરૂપ બ્રહ્મરંધ્રમાં પ્રવેશીને સહસ્રદલ-પદ્મરૂપ અજરામર ચક્રમાં સ્થિત પરમાત્માના સ્વરૂપમાં ભળે છે.

તપસ્વીનું શરીર એ જ ત્રિભુવન છે. સિધ્ધેશ્વરે સ્વસંકલ્પથી જે સૃષ્ટિ રચી, જે વ્યતિકરો, મૂક્યા, તે સર્વ તપસ્વીના શરીરમાં પણ છે. આમ જે બ્રહ્માંડમાં સ્થિત થયેલું છે તેનું જ દર્શન પિંડમાં પણ થતું બતાવ્યું છે. નાગલોક, કુંડલિની શક્તિ, મૂલાવિદ્યા, અથવા મહાવાસનારૂપ ભુવનેશ્વરી, ઉદરાકાશ, નાભિસમીપ આવેલું સૂર્યમંડળ, જીવનની વિવિધ ગતિઓની સૂચક શિરાઓ, આસુરી સંપત્તિ, અસંખ્ય સંસ્કારો, અષ્ટ પ્રકૃતિઓ, તેમના અધિષ્ઠાનરૂપ હૃદ્યપદ્મ, દિવ્યગંધ, દિવ્યસ્વર, પુરાતતિ નાડી, અનાહતનાદ, બ્રહ્મગ્રન્થિ, વિષ્ણુગ્રન્થિ તથા રુદ્રગ્રન્થિ – સર્વ વ્યતિકરો ચિત્રારણ્યમાં અને શરીરમાં બતાવ્યા છે.

ખુદ ઉરસ્થાન્ મુનિ શરીરાત્મા આ રહસ્યને જાણતા નથી, પોતે પૃથ્વી પર શા માટે જન્મ લીધો તે વાતને અને શાપને પણ જાણતા નથી. અને વાર્તાને અંતે સિધ્ધેશ્વરની કૃપાથી પોતે જાણી શકે છે કે તે પોતે જ ઉરસ્વાન્ મુનિ છે ત્યારે રહસ્યસ્ફોટન થાય છે. આવા તત્ત્વજ્ઞાનના ગૂઢ રહસ્યમય પ્રસંગોની ગૂંથણી પણ કર્તાએ કલાત્મક કરી છે.

પ્રથમ સમાગમમાં કર્તાએ શરીરસ્થ ચિદ્રારણ્યનો ખ્યાલ આપી બ્રહ્માંડની પ્રચંડશક્તિ નાના સરખા પિંડમાં પણ કેવી સામર્થ્યવાળી છે તેનો પરિચય કરાવ્યો છે, પરંતુ દ્વિતીય સમાગમ તો એકરીતે જોતાં શ્રીશ્રેયસ્સાધક અધિકારી વર્ગના સન્માન્ય સદ્‌ગુરુનો આત્મવૃત્તાંત જેવો છે. ગ્રંથમાં શ્રી પંચવદન અને મહાત્માનાં નામાભિધાન દ્વારા જુદાં પાત્રો રચ્યાં છે. એટલું જ, પરંતુ વાસ્તવમાં શ્રીમન્નૃસિંહાચાર્યજીએ પોતાના અંગત જીવન પર પ્રકાશ નાખી, આચાર્યપદવીને તેઓ કઇ દૃષ્ટિથી અવલોકે છે તેનો વિસ્તૃત ખ્યાલ આપ્યો છે. શિથિલ અભિમાની વૃત્તિવાળા તથા સોપાધિક પ્રારબ્ધવાળા સદ્‌ગુરુ ગૃહસ્થી સંન્યાસી બની પિતૃભાવ અને સમભાવથી શિષ્યોનો નિરંતર આદર કરતા. વર્ગને અને શિષ્યસમુદાયને વિસ્તૃત કરવા તેઓ કદી પણ સભાન પ્રયત્ન કરતા ન હતા. પરંતુ પોતાની મૂંઝવણ વ્યક્ત કરતા અધિકારી સાધકોને અથવા માત્ર કુતૂહલથી તો ક્વચિત્ કસોટી કરવાના ઉદ્દેશથી પ્રશ્ન પૂછવા આવતા જિજ્ઞાસુઓને તેઓ હંમેશાં યોગ્ય નમ્ર પ્રત્યુત્તર આપી તેઓની શંકાનું સમાધાન કરતા. સમગ્ર સમૂહને સંબોધી, સુંદર વાક્‌છટાથી પ્રભાવિત કરી તેઓ શ્રોતાઓને આકર્ષવા કદી પ્રયત્ન ન કરતા પરંતુ પ્રત્યેકના અધિકાર મુજબ દરેકને સ્વતંત્ર યુક્તિ બતાવતા અને તેનું સમાધાન કરવા પ્રયત્ન કરતા.

પ્રસ્તુત ગ્રંથમાં પણ દ્વિતીય સમાગમમાં મહાત્માના અધિકારી શિષ્યો અંદર અંદર ચર્ચા કરતા કહે છે,

"આપણે સ્પષ્ટ જાણીએ છીએ કે આપણા ગુરુ અધિકાર પ્રમાણે બોધ કરે છે, તથા યોગ્ય યુક્તિ, ઉપાયો સર્વને આપે છે. જે માણસના અંતઃકરણમાં પાપકર્મરૂપ મલનાં અધિક અંશ હોય છે, તેમને તો કર્મ પ્રધાનપણે અને ઉપાસના ગૌણપણે કરવા આપે છે....."[1]

વળી, શ્રીશ્રેયસ્સાધક અધિકારી વર્ગ પ્રતિ સમાજની ઉપેક્ષાબુદ્ધિથી માંડીને પ્રકટ પ્રશંસા પર્યંતના વિવિધ ભાવોનું ગર્ભિત સૂચન પણ આ સમાગમ દ્વારા થાય છે.

કર્તાએ આ સમાગમને કથાવાર્તા દ્વારા આરીતે વણી લીધો છે –

શ્રી પંચવરદની વિનંતીથી મહાત્મા સ્વવાર્તાનો આરંભ કરે છે. ઉચ્ચ બ્રાહ્મણકુલમાં જન્મેલા તેઓએ યથાસમયે ગુરુની સેવામાં તત્પર રહી યથાશક્તિ વેદાધ્યયન કર્યું અને શાસ્ત્રમાં પ્રવેશ કર્યો. ગુરુની આજ્ઞા પ્રમાણે તેમણે તીર્થયાત્રા કરી, પછી માબાપ પાસે આવ્યા. સંસારમાં ગૃહસ્થાશ્રમીઓની સુખલીલા જોઇ તેઓ નિશ્ચય કરવા લાગ્યા –

"ગૃહવાસીના વિશેષ સહવાસથી મને એ જ નિશ્ચય દૃઢ થતો ગયો કે આપણા શાસ્ત્રકર્તા પુરુષોએ ब्रह्मचर्याश्रमं गच्छेत् આદિ વચનો વડે બાંધેલા નિયમ જ આ લોકને પાલન કરવા શ્રેષ્ઠ છે. આ બ્રહ્મચર્યના અંતમાં હું સંસારનાં સુખદુઃખનો યથાર્થવેત્તા ન હોવાથી કેવલ ત્યાગનો પણ અધિકારી નથી, કારણ કે મારું ચિત્ત એક ક્ષણમાં તો વિષયમાં સુખનાં અનુમાન કરે છે, અને અન્યક્ષણે તો તેમાં દુઃખનાં અનુમાન કરે છે, માટે જેનો વિશ્વાસ કરવો મોટા પુરુષોએ યોગ્ય ગણ્યો નથી, એવા આ અયથાર્થ નિશ્ચયવાળા અદૃઢમનનો મારે પણ વિશ્વાસ કરવો યોગ્ય નથી. જેથી શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે મારે હવે યોગ્ય સમય થવાથી ગૃહસ્થાશ્રમમાં જ પ્રવેશ કરવો ઉચિત છે. તેમાં યથાર્થ અનુભવ વડે નિશ્ચય કરીને પછી આગળ ચાલવું યોગ્ય છે.

---

૧. "પં. વૃ.", દ્વિતીય સમાગમ, પૃ. ૧૩૫

આપણા મૂલ પુરુષોએ તીવ્ર વિરાગ થયા વિના ત્યાગાશ્રમને માટે યોગ્યતા ગણી નથી. તેમ જ મને પણ આ સમગ્ર વિષયમાં દૃઢ અસ્પૃહા બુધ્ધિ પણ થઇ નથી. માટે અધિકાર વિના ઉત્તમ વસ્તુ પ્રાપ્ત થાય તો પણ તે ઈષ્ટફલને આપનાર નથી, એ નિયમાનુસાર મને સ્વરૂપથી ઉત્કૃષ્ટ છતાં પણ ત્યાગાશ્રમ શ્રેષ્ઠ ફલ આપનાર નહિ જ થાય."[1]

આમ તેઓ શાસ્ત્રાજ્ઞા પ્રમાણે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશે છે. પૂર્વાશ્રમ કરતાં આ આશ્રમમાં તેઓ વિલક્ષણ સુખાનુભવ પ્રાપ્ત કરે છે. પુત્રપુત્રીને પણ લગ્નપર્યંત સર્વ યોગ્ય ક્રિયા વિધિપૂર્વક પતાવે છે, પરંતુ અનુભવને અંતે તેમને જણાય છે,

"વિષયજન્ય સુખ કરતાં વિષયજન્ય દુઃખનું પ્રમાણ ગૃહીમાત્રને અધિક હોવું ઘટે છે."

મહાત્મા સંસારી પુરુષોની વિષયાસક્તિને પણ સારી રીતે સમજી શકે છે. તેઓ વિચારે છે,

"ઘણા વિરાગના વેષવાળા પુરુષોને તો વિષયસુખની લાલસા ઘણી છતાં તેમને તે તે વિષયોની પ્રાપ્તિ થયાના અસંભવ જણાયાથી તેઓ કુડે પ્રકારે ગૃહસ્થાશ્રમી થઇ શકયા નહિ, તેથી નિરૂપાયે તેવાઓ કેવલ વિષયસંપાદન કરવાની આશાથી જ વિરાગના મનાએલા લોકપ્રસિધ્ધ વેષમાત્રને ધારણ કરી વિચરતા થયા છે. તેઓ જયાં ત્યાં અનેક છલપ્રપંચ વડે વિષયસુખની જ પ્રાપ્તિ કરવા મચ્યા છે. એવા દુર્ભાગી પાપાત્માઓને વિષયસુખની અસ્પૃહા વડે પ્રાપ્ત થનાર સુખ કયાંથી પ્રાપ્ત થવું સંભવે ? ન જ સંભવે."[2]

---

૧. "પં. વૃ.", દ્વિતીય સમાગમ, પૃ. ૬૫
૨. "પં. વૃ.", દ્વિતીય સમાગમ, પૃ. ૬૮

તો પછી અલ્પજ્ઞ, પરતંત્ર તથા અલ્પશક્તિશાળી જીવે શું કર્તવ્ય કરવું જોઇએ તેનો વિચાર કરતાં કર્તા ઇશ્વરોપાસનાનું મહત્ત્વ સમજાવે છે. ઉપાસનાના સગુણસાકાર, સગુણ નિરાકાર, નિર્ગુણ સાકાર, નિર્ગુણ નિરાકાર એવા ભેદો દર્શાવી, ક્રમ પ્રમાણે ઉપાસના કરવી જોઇએ, તેમ જણાવે છે. મહાત્માએ પણ શરૂઆતમાં સગુણ સાકાર અને પછી સગુણ નિરાકાર ઉપાસનામાં દૃઢતાથી ઉત્તમ પ્રકારે પ્રવેશ કર્યો. મહાત્મા પરમાર્થ નિમિત્તે ઈષ્ટોપાસનામાં તત્પર રહે છે તે વાર્તા સર્વ જાણતા, ક્રમે કરી સજ્જનો તેમની સ્તુતિ કરવા લાગ્યા અને જગત ગુણદોષવાળી પ્રકૃતિનું કાર્ય હોવાથી દુર્જનો તેમની નિંદા કરવામાં પણ પ્રવૃત્ત થયા. પછી તો ભક્તોએ મહાત્માને સદ્‌ગુરુ તરીકે સ્થાપ્યા. મહાત્મા જિજ્ઞાસુ શિષ્યોને પ્રશ્નો પૂછતા –

"પ્રશ્ન ૧ : તમે આ પંચભૂતનું દૃશ્ય શરીર જેમાં મૂળમૂત્રાદિ દોષરૂપ પદાર્થો છે, તેને ઉપાસ્ય દેવને સ્થાને કેમ ગ્રહણ કરો છો ?"

"પ્રશ્ન ૨ : જે શરીરમાં તમે ઉપાસ્યબુદ્ધિ સ્થાપો છો, તે શરીરી ઇશ્વરાભિમુખ છે, તથા ઉત્કૃષ્ટ અધિકાર પ્રાપ્ત છે, એવો નિશ્ચય કયાં પ્રમાણોથી કર્યો છે ?"[૨]

ભક્તો તરફથી યોગ્ય જવાબ મળતાં મહાત્માએ મૌન સેવ્યું. મહાત્મા તરફનો અવિરોધ જણાયાથી પશ્ચાત્ પરસ્પરમાં વિચાર કરી, નિશ્ચય કર્યા પ્રમાણે ભક્તો પ્રસંગવશાત્ ઈષ્ટદેવ તથા નિરાધિપતિ સમીપ રહેતા દંડ, છત્ર, ચામરાદિ ચિહ્ન સહિત મહાત્માના શરીરનું વિધિવત્ પૂજન કરવા લાગ્યા.

ત્યારબાદ મહાત્મા અનેકવિધ વિષયો પર લંબાણથી ચર્ચા કરે છે. મહાત્મા બે પ્રકારના હોય છે – નિરુપાધિક પ્રારબ્ધવાળા અને સોપાધિક પ્રારબ્ધવાળા. બંનેની વ્યાખ્યા તેઓ આ પ્રમાણે આપે છે –

---

૧. "પ. વૃ.", દ્વિતીય સમાગમ, પૃ. ૬૨
૨. "પ. વૃ.", દ્વિતીય સમાગમ, પૃ. ૬૩

જેમને ગૃહસ્થાશ્રમની નિવૃત્તિ ૩ે પ્રકારે થાય અર્થાત્ યોગ્ય સમયે એટલે ઉત્તરાવસ્થાએ સ્ત્રીનો કાલ થાય, માતાપિતાની પણ ત્યાં પર્યંતમાં નિવૃત્તિ થાય, પુત્રો પણ પોતાના વ્યવહારને ચલાવવા યોગ્ય થાય અને એ વિના પ્રબલ પ્રતિબંધ હોય તે શમે એવે અવસરે સંસારદશાનો ત્યાગ થઇ એકાંતસેવનમાં પ્રવેશ થાય તથા પશ્ચાત્ જેમને જનસંગ રૂપ ઉપાધિનો સંસર્ગ રહેવાનો સંભવ ન જ આવે એવા પુરુષો નિરુપાધિપ્રારબ્ધવાળા મહાત્મા ગણાય છે.

જેમને ઉપરનાં સઘળાં કારણોમાંનું કોઇ બળવાન કારણ વિદ્યમાન રહીને ગૃહસ્થાશ્રમની સમાપ્તિ ઇચ્છાના ત્યાગમાં કે એકાંતસેવનમાં પ્રવેશ કરવાનો સ્વાભાવિક પ્રસંગ ન જ આવે અને તેથી ગૃહસ્થાશ્રમમાં જ જેમનું આયુષ્ય ખપે તથાપિ જે જ્ઞાનારૂઢ હોય, શિથિલાભિમાનમાં સ્થિતિ હોય, જનસંગમાં રહેવા છતાં દોષમાત્રથી મુક્ત રહેવા સમર્થ હોય, એવા મહાત્મા પુરુષ સોપાધિપ્રારબ્ધવાળા ગણાય છે.

ત્યારબાદ મહાત્મા કડક ચેતવણી આપતાં કહે છે,

"જેઓ સ્ત્રી, માતાપિતા કે પુત્રાદિ પ્રતિના સ્વધર્મનો લોપ કરીને સર્વોત્કૃષ્ટ પ્રકારે વિરાગની પ્રાપ્તિ વિના જ ત્યાગી થઇને ગૃહક્ષેત્રધનાદિની લાલસાવાળા રહીને, સ્ત્રીપુરુષના સંસર્ગને સેવતાં જયાં ત્યાં જનસમુદાયમાં વિચરતા રહે છે એવા ત્યાગીઓ તથા સ્વધર્મના અજ્ઞાનવાળા અને સદાચરણથી રહિત એવા ઇચ્છાનુસાર વિચરનારા ગૃહીઓ એ બંને નેષ્ટ છે. એવા પુરુષો ઉપાધિગ્રસ્ત હોવાથી અધમ ગણાય છે અને તેમનો સંસર્ગ પણ સુજ્ઞ પુરુષોએ કરવો અનુચિત છે."[૧]

---

૧. "પં.વૃ.", દ્વિતીય સમાગમ, પૃ.૬૮

આમ કર્તાએ આદર્શ ગૃહસ્થાશ્રમનો મુક્તકંઠે મહિમા ગાયો છે તથા મહાત્માના મુખે પોતાના જ વિચારો વહેતા મૂક્યા છે.

તદુપરાંત કર્તાએ પ્રસ્તુત દ્વિતીય સમાગમમાં ચર્ચા, તેનું સ્વરૂપ અને તેનો અધિકાર, જીવનમુક્ત, અધિકારભેદે અપાતું સ્વતંત્ર જ્ઞાન, સાધકોના પ્રકારો, વાસનાનું સ્વરૂપ, સત્પુરુષના સંગનું માહાત્મ્ય, મહાત્મા સાથે સંબંધમાં શિષ્યરૂપે, ભક્તરૂપે તથા તટસ્થરૂપે રહેનારો સમુદાય, આત્માનું સ્વરૂપ, નવવિધ્નો, નક્ષત્રુંભર પ્રજ્ઞા, સપ્તભેદવાળી ભૂમિકા, પુર્યષ્ટક, વર્ણાશ્રમના સામાન્ય ધર્મો વગેરે ગંભીર-અગંભીર, મહત્ત્વની અને સામાન્ય એવી સર્વ બાબતોની પર્યેષણા કરેલી છે.

"વર્ગ"ના સાધકો તો "વર્ગ"ની નીતિરીતિથી તથા આચાર્યની કૃપાદૃષ્ટિથી પરિચિત હોય છે જ, પરંતુ આ ગ્રંથથી "વર્ગ" બહારના લોકોને પણ "વર્ગ"ની વિશિષ્ટતાનો ખ્યાલ આવે છે. પ્રસ્તુત સમાગમના મહાત્માની માફક સદ્‌ગુરુશ્રી કદીપણ કોઇ શિષ્ય પ્રતિ "અમુક મારો શિષ્ય છે" જેવું વચન ઉચ્ચારતા ન હતા. પરંતુ "અમુક ભાઇ આપણે ત્યાં આવે છે" એવી નમ્રતા અને નિરભિમાનતાથી વિભૂષિત વાણી એમની હતી. શિષ્યો પાસે ચરણચંપી અને એવી સેવા કદી પણ ન કરાવતા. શિષ્ય પ્રતિનો તેમનો પ્રેમ તો ભૂલ કરતાં બાળકને યોગ્ય રાહે ચઢાવનાર પિતા જેવો હતો, મીઠાશથી વારંવાર ટકોરતા અને મિત્રને મૂંઝવણમાં યોગ્ય સહાય કરતા નિઃસ્વાર્થી સખા જેવો હતો. "ભામિનીભૂષણ"[1] વગેરે ગ્રંથોની માફક આ સમાગમમાં વર્ગવિષયક વાતોનો ઉલ્લેખ જોવા મળે છે.

દ્વિતીય સમાગમને અંતે કર્તાએ જે દોહરો મૂક્યો છે, તેમાં જણાવે છે :

---

૧. સરખાવો -
"ભામિનીભૂષણ"માં દ્વિતીય અલંકારમાં "દિવ્યમૂર્તિનું આખ્યાન".

"જીવન્મુક્તિપર્યંતનાં, સાધન તણું સ્વરૂપ ;
વર્ણ્યું છે બહુ સ્વલ્પમાં, તો પણ કહ્યું અનુપ."

આગળ જતાં કવિ કહે છે,

"અધિકારીને સુણ દિયે, સાધકને અધિકાર,
મતિમંદને સુમતિ દિયે, ટાળી પ્રબળ વિકાર."[૧]

તે પ્રમાણે કર્તાએ જીવનમુક્ત થવા માટેનાં સાધનોનું અને તેની સાધનાનું સંક્ષેપમાં સચોટ વર્ણન કર્યું છે. તેમાં મંદમતિથી માંડીને તે ઠેઠ અધિકારી કક્ષાના મુમુક્ષુને પણ યોગ્ય જડીબુટ્ટી, ઉપાય કે યુક્તિ મળી આવે તેવું વિશદ વર્ણન આ ભાગમાં કરેલું છે.

તૃતીય સમાગમની શરૂઆતમાં જ કર્તા કહે છે –

"જેવી રીતે પ્રથમ બે સમાગમ ઉત્તમ તાત્પર્ય વડે હૃદયમાં સ્થાપવા યોગ્ય છે તેવી રીતે આ તૃતીય સમાગમ પણ તેના અપૂર્વ અર્થતાત્પર્યથી સર્વ પુણ્યવન્ત અધિકારી પુરુષોએ નિર્દોષ પ્રેમ વડે સદા હૃદયમાં સ્થાપવા યોગ્ય છે."[૨]

– અને કર્તા કથાની શરૂઆત કરે છે. શ્રી પંચવરદ મહારાજની આજ્ઞા પ્રમાણે વિવેકી રાજસેવકોએ વિનય વડે પ્રાપ્ત કરેલા મહાત્મા પુરુષને મન્દિરના સમાગમ મંડપમાં પધરાવ્યા. શ્રી પંચવરદે તેમની સાદર સ્તુતિ કરી અને પ્રાર્થના કરી, "આપ કૃપા કરી જીવનું સ્વરૂપ, તેને કરવા યોગ્ય પુરુષાર્થથી થતી જીવના સ્વરૂપની વિલક્ષણતા તથા જીવના કર્તવ્યના અવધિ સાથે તેની પ્રાપ્ત થતી અન્તિમ સ્થિતિ આદિના સ્વરૂપનો કથન કરો, અને અનુગ્રહ વડે અમને સન્દેહરહિત કરો."[૩]

---

૧. "પં. વૃ.", દ્વિતીય સમાગમ, પૃ. ૧૮૭
૨. "પં. વૃ.", તૃતીય સમાગમ, પૃ. ૧૮૮
૩. "પં. વૃ.", તૃતીય સમાગમ, પૃ. ૧૯૦

"પૂર્ણપ્રભુ શ્રીનરહરે ! પ્રેરો પ્રતિભાસ્ફુર્ણ ;
કે હું તમ શિશુ કરી શકું, બીજો સમાગમ પૂર્ણ." [૧]

રાજ પંચવરદ સરલ ભાવે પોતાની જિજ્ઞાસા પ્રગટ કરે છે અને મહાત્માને વિનંતી કરે છે કે, "જે વિવિધ યુક્તિઓથી પરિચિત તથા અપરિચિત મનુષ્યોને ઉક્ત ગુરુજનોએ અને સત્પુરુષોએ મનુષ્યત્વને પ્રાપ્ત કરવાનો તેઓનો શાસ્ત્રોક્ત ધર્મ છે, તે યુક્તિઓ શી શી છે, અથવા કેવા પ્રકારની છે, તે આપશ્રીના મુખારવિંદથી જાણવાની ઇચ્છા ઉપજી છે." [૨] મહાત્મા આ પ્રશ્નનું સમાધાન કરતાં જણાવે છે કે ઈષ્ટભૂમિકાએ પહોંચતાં લગી સાધકે ધર્માનુષ્ઠાન છોડવું નહીં. પ્રાપ્તવ્ય સ્થાનરૂપ નિર્વિકલ્પ દશા પ્રાપ્ત થતાં એની મેળે જ ધર્મપ્રતિબંધ પણ છૂટી જવાનો. આ મુદ્દાને વધુ અસંદિગ્ધ રીતે સમજાવતાં કર્તા કડિયાનું અને હોડીનું દૃષ્ટાંત આપે છે અને કહે છે,

"ધર્માચરણમાં સાધન અને તેમનો પ્રયોગ એ મોક્ષના ઉમરા આગળ આવતાં લગી મનુષ્યને અનિવાર્ય આવશ્યકતાવાળાં છે." [૩]

તૃતીય સમાગમના મહાત્માનો આત્મવૃત્તાંત આ પ્રમાણે જાણવા મળે છે – વિદ્યોપલ્લી નામના એક બ્રાહ્મણોના અગ્રહારગામમાં તેમનો જન્મ થયો હતો. સાતમા વર્ષે વિધિપૂર્વક યજ્ઞોપવિત ધારણ કરી તેઓ ગુરુકુલમાં પ્રવેશ્યા. ગુરુકુલના કુલપતિ શ્રુતપર્વા નામે શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ મહર્ષિ હતા. તે ગૃહસ્થાશ્રમી હતા. આચાર્યકુલમાં પ્રવેશ કર્યા બાદ એકાદ વર્ષમાં તેમનાં માતાપિતા પરલોકવાસી થયાં. પરંતુ ગુરુકુલમાં તેમનો ઉછેર સારો થયો. ત્યાં મનન–અધ્યયન બાદ તેમણે સંસારના વિષયો પ્રતિ નિઃસારતાનો ભાવ અનુભવ્યો. પોતે શું કરવું તે અંગે ગુરુજીને પૂછતાં, ગુરુજીએ સામો પ્રશ્ન કર્યો, "વત્સ, તને સંન્યસ્ત લેવું રુચે છે ?"

---

૧. "પં.વૃ.", તૃતીય સમાગમ, પૃ. ૨૦૧
૨. "પં.છૂ.", તૃતીય સમાગમ, પૃ. ૨૦૩
૩. "પં.વૃ.", તૃતીય સમાગમ, પૃ. ૨૦૪

પ્રત્યુત્તરમાં મહાત્માએ જણાવ્યું, "....મારી વયને લીધે હું મારા પોતાના વિચાર ઉપર વિશ્વાસ રાખવો યોગ્ય ગણાતો નથી. ત્યાગ એ અધ્યયન કે તપ ઉપર આધાર રાખતો નથી, ત્યાગ એ મનની સંપૂર્ણ વૈરાગ્યમય અવસ્થા વિશેષ ઉપર જ અવલંબે છે. સંસારનાં સુખદુઃખનો મને પોતાને સાક્ષાત્ અનુભવ નથી.....આપ કૃપાળો ! જે પ્રમાણે દિશા બતાવશો તે પ્રમાણે વર્તવું એવો જ મેં નિશ્ચય કર્યો છે."[1]

આથી ગુરુદેવે સૂચના કરી તે મુજબ (૧) આશ્રમમાં ત્રણ વર્ષ સુધી તે નૈષ્ઠિક બ્રહ્મચારી તરીકે રહ્યા અને (૨) ત્યારબાદ ગુરુ-આજ્ઞા પ્રમાણે ચતુર્થ આશ્રમ પાળવામાં ખામી ન આવે તે માટે પરિવ્રાજક તરીકે જુદાં જુદાં તીર્થોની યાત્રા કરતાં - સ્થાનાંતર કરતાં - ફરવાનું નક્કી કર્યું અને તેમાં સંન્યસ્તના નિયમો ચુસ્તપણે પાળવા ગુરુએ આદેશ કર્યો.

આ પ્રમાણે ફરતાં ફરતાં તેઓશ્રી પંચવરદના રાજ્યમાં આવી પહોંચ્યા.

પંચવરદની વિનંતીથી મહાત્મા ઉપદેશ કરે છે તથા અનેક દૃષ્ટાંતો સહ અતિવિસ્તારથી "દૃશ્યપ્રપંચનું સ્વરૂપ" સમજાવે છે. અંતમાં જીવ અને ઈશ્વરનું સ્વરૂપ, પાંચ પ્રકારના મનુષ્યો, બ્રહ્મજ્ઞાનના બે સંપ્રદાયો - બ્રહ્મર્ષિ સંપ્રદાય અને રાજર્ષિ સંપ્રદાય - વગેરે વિષયોની પણ છણાવટ કરવામાં આવી છે.

મહાત્માની આવી મધુરવાણી સાંભળીને પંચવરદ મહાત્માને રાજર્ષિ સંપ્રદાયની પરમ્પરાના કોઇ ક્ષત્રિય મહાત્મા તેઓના અત્યારલગીના તીર્થાટનમાં જોવામાં આવ્યા હોય તો તે જણાવવાની વિનંતી કરે છે.

---

૧. "પં.વૃ.", તૃતીય સમાગમ, પૃ. ૨૦૮

મહાત્મા આથી માહિતી આપતાં કહે છે, "હે સ્વધર્મનિષ્ઠ રાજેન્દ્ર ! એવા રાજર્ષિ સંપ્રદાયના જ્ઞાનયોગના રહસ્યદાતા આપના જ આશ્રિત મહારાજાઓ પૈકીના એક શ્રી સોરભ સંસ્થાના-ધીશ્વર શ્રીવ્રજધન્વા મહારાજ છે. તેઓ આપને ઉક્ત પરંપરાના જ્ઞાન સંબંધે સંપૂર્ણ સંતોષ આપી શકે એવા સમર્થ છે."[1]

પંચવરદ કબૂલે છે કે ક્ષાત્રધર્મની મૂર્તિ સમા તે રાજા તેઓના ભાયાતવર્ગના છે પણ તેઓ રાજર્ષિ પરમ્પરાના તત્ત્વવેત્તા છે, તે વાત કોઇ જાણતું નથી.

આથી મહાત્મા પુનઃ સ્પષ્ટ કરે છે કે પંચવરદ તેઓશ્રીને આમંત્રણ આપી સમાગમ કરશે તો સંતોષ થશે. "કારણ કે મહાપુરુષો આવી મહાવિદ્યાઓ ગુપ્ત જ રાખે છે."

મહાત્મા વિદાય થાય છે. રાજર્ષિ સંપ્રદાયનો પત્તો લાગવાથી પંચવરદ પણ પ્રસન્નચિત્તે મહાલયમાં જાય છે.

આમ આ છેલ્લા પ્રસંગથી આપણને સ્વાભાવિક રીતે અનુમાન કરવાનું પ્રાપ્ત થાય છે કે પ્રસ્તુત કથાભાગના કર્તા શ્રી સુરેશ્વરાચાર્ય હજુ પણ રાજર્ષિ સંપ્રદાયના તત્ત્વવેત્તા શ્રી વ્રજધન્વા મહારાજનો શ્રીપંચવરદ સાથેનો સમાગમ અને તે દ્વારા થયેલી જ્ઞાનચર્ચા રજૂ કરવા માગતા હોય. એટલે આ ગ્રંથ અહીંથી સંપૂર્ણ થયો છે તેમ કહી શકાય નહીં.

"શ્રી પંચવરદવૃત્તાન્ત"ના ત્રણે સમાગમોને લક્ષમાં રાખી આપણે તેમાંથી ધ્વનિત થતી ઉપદેશધારા આ પ્રમાણે જુદી તારવી શકીએ –

---

૧. "પં. વૃ.", તૃતીય સમાગમ, પૃ. ૨૨૮

કર્તા, અન્યગ્રંથોની જેમ "શ્રી પંચવરદવૃત્તાન્ત"માં પણ ગૃહસ્થાશ્રમનો મહિમા મુક્તકંઠે ગાય છે. "વર્ગ"ના આચાર્યશ્રીનું સ્પષ્ટ માનવું છે કે आश्रमादाश्रमं गच्छेत् એ શાસ્ત્રોક્ત આજ્ઞા પ્રમાણે ન વર્તતાં, જે કોઇ જીવ બ્રહ્મચર્યાશ્રમમાંથી સીધો સંન્યસ્તાશ્રમમાં - યોગ્ય અધિકાર પ્રાપ્ત થયા વિના - ક્રમ ઉલ્લંઘીને પ્રવેશે છે, તે પરમાત્માના સ્વરૂપને પામવામાં પૂરતો સફળ નથી નીવડતો. અકામ અથવા આપ્તકામ થયેલા વિરલ મહાત્માઓ જ આ સ્વરૂપને ઓળખી-પામી શકે છે.

"શ્રીપંચવરદવૃત્તાંત"માં પ્રથમ સમાગમમાં કામવતી નગરીમાં વૈશ્રવણ નામના બ્રાહ્મણને ત્યાં જન્મેલા ઉરસ્વાન્ મુનિ ગૃહસ્થાશ્રમ પૂર્ણપણે ભોગવી, પોતાની બધી સાંસારિક જવાબદારી અદા કરી, એ આશ્રમનો ત્યાગ કરે છે તથા આપ્તકામ ઉરસ્વાન્ સદ્‌ગુરુના સહાનુભૂતિપૂર્ણ માર્ગદર્શનથી ટૂંક સમયમાં જીવનમુક્તાવસ્થા ભોગવે છે. દ્વિતીય સમાગમમાં આચાર્યપદે આરૂઢ થયેલા મહાત્માની આત્મકથામાં પણ સદ્‌ગુરુ પાસે શાસ્ત્રોક્ત અને અનુભવજન્ય જ્ઞાન પ્રાપ્ત કરી તેઓ ગૃહસ્થ બને છે અને વિલક્ષણ સુખાનુભવ પ્રાપ્ત કરતાં તેઓ નોંધે છે - "વિષયજન્ય સુખ કરતાં વિષયજન્ય દુઃખનું પ્રમાણ ગૃહીમાત્રને અધિક હોવું ઘટે છે." સંસારના સુખદુઃખાત્મક અનુભવો નિર્લેપ ભાવે માણી પછી તે મહાત્મા ક્રમશઃ ઈશ્વરની સગુણ સાકારોપાસનાથી શરૂઆત કરે છે અને અંતે અનાયાસે આચાર્યપદે સ્થિત થાય છે. તૃતીય સમાગમમાં વિદ્યોપલ્લી ગામમાં જન્મ પામેલા મહાત્માના સદ્‌ગુરુ તથા ગુરુકુળના કુલપતિ શ્રુતર્ષિવર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ મહર્ષિ છે અને ગૃહસ્થાશ્રમી પણ છે. વાસનાવિશુદ્ધિ તથા વાસનાવિલોપન દ્વારા - ગૃહસ્થાશ્રમના ધર્મનું યથાર્થ અને સાંગોપાંગ પરિપાલન કરી - જેઓ ઉચ્ચ અધિકારીને પામ્યા છે અને હવે કામનાનો નાનો સરખો અંશ પણ અશેષ છે એવા મહાત્માઓની અનેકવિધ પ્રક્રિયાઓમાં વાસના પુનઃ જાગ્રત થવાની

કોઇ સંભાવના નથી. પ્રથમ સમાગમમાં અષ્ટ દિશા પ્રતિ દિગ્વસ્ત્રા સ્ત્રીઓને જોઇ મહાત્મા ઉરસ્વાન્ શરૂઆતમાં કુતૂહલવશ બને છે અને પછી ઈષ્ટદેવને પ્રાર્થના કરી તથા ગુરુસ્મરણ કરી વૃત્તિઓને સંયમવતી બનાવે છે. મહાત્માના અનેક પ્રશ્નોના તે સ્ત્રીઓ પ્રત્યુત્તર નથી આપતી ત્યારે નિર્ભય સિંહની પેઠે સ્વસ્થ ઊભી રહેલી તપારૂઢ સ્ત્રીઓ પાસે તે જાય છે. તેમને સર્વ સ્ત્રીઓનું શરીર પાષાણનું જણાય છે. આથી મહાત્મા મનોમન વિચાર કરે છે,

"અરેરે ! આ પાષાણની સ્ત્રીઓએ પણ જ્યારે મારા અંતઃકરણમાં આવડો મોટો ફેરફાર કરી નાંખ્યો, તો ખરી સ્ત્રીઓ જ હોત તો શું અનર્થ ન કરત, એ કળી શકાતું નથી. આ કારણથી જ વિરક્તના ધર્મમાં પાષાણકાષ્ટની મૂર્તિને પણ દૃષ્ટિ માંડીને જોવાની મના કરી છે."[1]

પ્રસંગો ઊભા થતાં આપ્તકામ મહાત્માઓની પણ આવી વિહ્વળ સ્થિતિ અલ્પ સમય માટે પણ પેદા થતી હોય છે તો પછી જેઓ સંસારરસને માણ્યા વગર આ પથ પર પ્રવેશે છે તેની કેવી વિચિત્ર દયાજનક સ્થિતિ થતી હશે ?

કર્તા સદ્વિચાર, સદ્ગુરુ અને સ્તવનનું માહાત્મ્ય પણ ગાય છે. સદ્વિચારી જીવનમુક્ત ઉરસ્વાન્ મુનિ આવા પ્રસંગે સદ્ગુરુનું ધ્યાન ધરે છે તથા ઈષ્ટદેવની નમ્રતાપૂર્વક પ્રાર્થના કરે છે. સ્તુતિ અથવા સ્તવન સાધકને યોગ્ય સંસ્કાર તથા સદ્વિચારનું પાથેય હંમેશાં પૂરું પાડે છે.

સત્પુરુષનો સંગ પણ મનની વિચલિત અને વ્યથિત અવસ્થાનું અતિક્રમણ કરવા અત્યંત આવશ્યક છે. સત્પુરુષ અને તેના સંગ સંબંધી કર્તાની ચર્ચા ઘણી વ્યાપક છતાં સૂક્ષ્મ છે. તેઓ કહે છે,

---

૧. "પં. વૃ.", પ્રથમ સમાગમ, પૃ. ૩૦

"સત્પુરુષનો સંગ મનોજયમાં મુખ્ય ઉપાય રૂપ છે, અને સાધનાદિનું યોગ્ય જ્ઞાન તેમના દ્વારા જ પમાય છે. ઘણા મનુષ્યો એમ સમજે છે કે સત્પુરુષો મુખથી બોલી બોધ આપ્યા કરે અથવા શાસ્ત્રગ્રંથોનું શ્રવણ કરાવ્યા કરે તો જ તેમના સમીપ જવાથી આપણું હિત થાય છે, પણ વસ્તુતઃ એમ જ નથી. કારણ કે સત્પુરુષની પ્રત્યેક સ્થિતિ, અનુકૂલ મતિથી તેમના સમીપ રહેનારના હિતની સાધક છે. તેમનું સ્વાભાવિક બોલવું તથા વિવિધ સ્વાભાવિક ભાવમાં વર્તવું એ બોધરૂપ જ હોય છે. આમ છતાં તે સત્પુરુષો સમયાનુસાર બોધ આપે જ છે, જેથી સત્પુરુષના સમીપ જવું સદા હિતકર જ છે. વળી જ્યાં સત્પુરુષનો નિવાસ છે તે સ્થાન પણ પવિત્ર ગણાય છે, તેમ જ તેમની સ્વભાવસિધ્ધ સત્તામર્યાદામાં રહેવાથી આપણા યત્ન વિના પણ અનુકૂલ ફલ મળવાનો સંભવ હોય છે. જેથી સત્પુરુષના સમીપ સ્વલ્પ કાલ શ્રવણાદિ નિમિત્ત વિના પણ નિવાસ નિરર્થક ગણાય એમ નથી."[૧]

કર્તા આંદોલનની ભાવાત્મક સૂક્ષ્મ શક્તિને સારી રીતે બીરદાવે છે. પ્રથમ સમાગમમાં ઉરસ્વાન્ મુનિ પ્રાર્થનાથી જ ભવ્ય આંદોલન ઊભું કરી ચિત્તવૃત્તિનો નિરોધ પ્રાપ્ત કરે છે. અહીં પણ કર્તા સત્પુરુષનો નિર્હેતુક અને નિર્વાચ્ય સંગ પણ ફલદાતા છે, તેમ જણાવે છે.

કર્તાએ આ ઉપરાંત અનેકવિધ વિષયોની રસપ્રદ છણાવટ કરી છે. સામાન્ય લાગતા વિષયો પણ તેમણે આગવી ઢબે સમજાવ્યા છે. દા.ત. ચર્યા કયારે ઉપાધિરૂપ અને કયારે ઉપકારક થાય તે અંગે તેઓ જણાવે છે,

---

૧. "પ.વૃ.", દ્વિતીય સમાગમ, પૃ. ૧૬૨

"યથાર્થના નિયમને જાણનારા, બલવત્તર પ્રમાણને સમજનારા તથા દુરાગ્રહ વિનાના સુજ્ઞ પુરુષો નિર્વિવાદ નિશ્ચય કરવાને સમર્થ થાય છે. પણ યથાર્થના યથાર્થ નિયમને ન જાણનારા, પ્રમાણની યોગ્યતાને ન જાણનારા, પોતાનાં વચનને જ ખરાં કરવાની ઈચ્છાથી દુરાગ્રહને કરનારા, અને તત્ત્વપદાર્થ કે વસ્તુવિવેકવિનાના અલ્પજ્ઞ જીવો નિર્વિવાદ નિઃશંક નિર્ણય કરી સમાધાનને પ્રાપ્ત થઇ શકતા નથી."[1]

અધિકાર પ્રમાણે દરેકને સ્વતંત્ર બોધ કરનારા છતાં શિથિલ અભિમાનવાળા "દ્વિતીય સમાગમ"ના આચાર્યશ્રી શિષ્યો પ્રતિ બોધ કરતાં સ્પષ્ટ કહે છે,

"કદાચિત્ અસદ્ભાવધપણે ગુરુબુધ્ધિ સ્થાપ્યા પછી તમને દોષ જણાય, અને તમારી મતિ શ્રધ્ધાથી તે પુરુષને ન અનુસરે તો તત્કાલ ગુરુબુધ્ધિનો ત્યાગકરીને તેમનાથી મુક્ત થઇ અન્ય સ્થલથી આપણા કલ્યાણને સાધવું. કારણ કે જેના વચનમાં આપણને વિશ્વાસ હોતો નથી, તેમના દ્વારા આપણે આપણું હિત સાધી શકતા નથી."[2]

તેઓશ્રીએ આપેલી જીવનમુક્તની વ્યાખ્યા પ્રમાણમાં લાંબી છતાં કેટલી સ્પષ્ટ અને સૂચક છે !

"જે પુરુષને આ ઇન્દ્રિયો વડે અર્થરૂપ વિષયના જ્ઞાનરૂપ અગ્રદવસ્થાનો અભાવ હોય છે, અને વળી જે પુરુષને શુભાશુભ સંપૂર્ણ વાસનાઓથી રહિત થયે સ્વસ્વરૂપનો અખંડ એકરસ આનંદાનુભવ છે તે જીવનમુક્ત છે."[3]

---

૧. "પં. વૃ.", દ્વિતીય સમાગમ, પૃ. ૧૦૩
૨. "પં. વૃ.", દ્વિતીય સમાગમ, પૃ. ૧૪૫
૩. "પં. વૃ.", દ્વિતીય સમાગમ, પૃ. ૧૪૩

પંડિતયુગની ભારેખમ, આડંબરી, સંસ્કૃતમય છતાં શિષ્ટ અને તત્ત્વજ્ઞાનસભર શૈલીથી ઘડાયેલા ગોવર્ધનયુગમાં શ્રીમન્નૃસિંહાચાર્યજીએ વિપુલ સાહિત્યસર્જન કર્યું હોવાથી તેમની શૈલીમાં પણ તત્કાલીન પંડિતયુગની છાંટ દેખાય એ સ્વાભાવિક છે.

"શ્રીપંચવરદવૃત્તાન્ત"ના પ્રથમ સમાગમમાં ઉરસ્વાન્ મુનિ દિગવસ્ત્રા રમ્ય સ્ત્રીઓનાં દર્શને વિહ્વળ બનેલી વૃત્તિઓને આર્જવભરી પ્રાર્થનાઓ ~~દ્વારા~~ રા શાંત સરોવર જેવી અકામ અને શાંત કરી શકે છે. એ વૃત્તિશમનના પ્રસંગને આચાર્યશ્રીએ પંડિતયુગની પધ્ધતિ પ્રમાણે ઉપમાપરંપરાથી વર્ણવ્યો છે.

"આ આદિ વચનો નેત્ર બંધ કરીને હૃદયમાં વૃત્તિ સ્થાપીને બોલી રહયા પછી આ અંતઃકરણ પ્રતિ મેં જોયું તો તમામ વિષમપણું, જેમ સૂર્યના ઉદયથી સમગ્ર અંધકારનિવારણ થાય છે તેમ, શમી ગયું, અને તે દોષરૂપ વિરોધી વૃત્તિ તો જેમ સિંહના ભયંકર શબ્દને શ્રવણ કરીને મૃગજંબુકાદિ શાંત રહી છુપાઇ જાય છે, તેમ છુપી ગઈ. જેમ અસાવધ રાજાના રાજયમાં ચોર ધનવાન્ આદિ પ્રજાને ભયની ઉત્પત્તિ કરે છે, અને પશ્ચાત્ જયારે સાવધાન થયેલો રાજા, પ્રજાના પોકારથી દુષ્ટનો નિગ્રહ કરવાને તત્પર થયેલો જણાય છે કે તત્કાલ તે મંદમતિ ચૌરકર્મ કરનાર બલરહિત થઇ ગુપ્ત થઇ જાય છે, તેમ મારા અંતઃકરણમાં પ્રાપ્ત યોગબલરૂપ ધનને હરી લેવાને તત્પર થયેલા કામમોહાદિક મને ગુરુ.ઈશ્વરથી વિમુખ સરખો જોઇને, તે મારા નિરંતર રક્ષણ કરનાર ગુરુઈશ્વરના અસાવધાનપણાનું અનુમાન કરીને, પ્રબલ થયા હતા !"[1] પ્રસંગ અને ભાવની ધાર્યા કરતાં પણ વધુ સ્પષ્ટતા થતી હોવા છતાં વાકયરચના કેટલી ક્લિષ્ટ તથા નિરર્થક લંબાણવાળી લાગે છે !

---

૧. "પં. વૃ.", પ્રથમ સમાગમ, પૃ. ૨૬

તેમજ, ઉરસ્વાન્ મુનિ ચિત્રારણ્યમાં અનેક વ્યક્તિકરો જોઇ થોડાક ભયભીત થાય છે અને એક ગુહાના મુખ સરખું જોતાં જે વિચારે છે,

"આજુબાજુ કોઇ નથી જણાતું માટે લાવ સૂર્યોદય થતા પર્યંત જેમ સૂર્યના અસ્તની વાટ જોતાં ઘુવડ પક્ષી ખાઇની ખોમાં ભરાઇ બેશી રહે છે, તેમ બેશી રહું."[૧]

જેવી ઉપમા કેવી વિરોધાભાસી લાગે છે ! ઉરસ્વાન્ મુનિ જે ગુફામાં સૂર્યોદય થતાં સુધી બેસી રહેવાનું વિચારે છે અને તે માટે ઉપમાન યોજે છે કે જેમ સૂર્યના અસ્તની વાટ જોતું ઘુવડ પક્ષી કયાંક સંતાઇ જાય તેમ તેઓ સૂર્યના ઉદયની વાટ જોતા બેસી રહે !

આ બધું હોવા છતાં એકંદરે કર્તાશ્રીની શૈલી સરળ સુવાચ્ય, પ્રવાહી અને સફોટ છે. કર્તાશ્રી અનુભવ-સમૃધ્ધ હોવાથી તથા વર્ગના આચાર્યપદે બિરાજતા બ્રહ્મનિષ્ઠ મહાત્મા હોવાથી, તેમના મૂળ વિચારનો તંતુએ તંતુ અત્યંત સુસ્પષ્ટ અને અનુભવગમ્ય છે. તેથી અલંકારોનો ઉપયોગ જે તે ભાવને પુષ્ટિકર્તા જ નીવડે છે.

ચિત્રારણ્યમાં અનેક અદ્‌ભુત પ્રસંગો વચ્ચે ગૂંચવાઇ ગયેલા અને એકલાઅટૂલા બની ગયેલા ઉરસ્વાન્ મુનિની કોઇ ખબરઅંતર પણ પૂછતું નથી. પરંતુ લાંબા કાળ પછી અત્યંત તેજસ્વી જટાધારી વૃક્ષની છાલનું કૌપીનમાત્ર પહેર્યું છે તેવી દિવ્યકાયાવાળા મહાપુરુષ તેમને પૂછે છે, "હે સાધો ! ઊભો રહે, તું કોણ છે ? કયાંથી આવ્યો છે ને કયાં જવા ઇચ્છે છે ?" – ત્યારે પોતાના જ પ્રતિ ઉચ્ચારાયેલા આવાં વચનો સાંભળી, ઉરસ્વાન્ આનંદવિભોર બને છે. એ દિવ્યાનંદાનુભૂતિનું વર્ણન કેવું ભવ્ય, પ્રતીતિકર અને કાવ્યાત્મક છે !

---

૧. "પ. વૃ.", પ્રથમ સમાગમ, પૃ. ૨૧

"તે સમયે જેમ જન્માંધને નેત્ર આવવાથી તથા વંધ્યા સ્ત્રીને માનેલી પત્નીને વૃધ્ધાવસ્થામાં તથા તે સ્ત્રીની મધ્યમાવસ્થાના મધ્યમાં જેમ પુત્રનો પ્રસવ થવાથી, તથા અત્યંત નિર્ધન પુરુષને એકાએક વસુધામાં અખૂટ ધનનો ભંડાર મળવાથી, તથા વૃધ્ધાવસ્થાના અંતને પહોંચેલા, અનેક દુષ્ટ વ્યાધિના બલે મરણની અણી ઉપર આવી રહેલા જીવવાની આશાવાળા પુરુષને કોઇ દૈવી ઔષધ વડે નીરોગ યુવાવસ્થાયુક્ત અત્યંત રૂપવાન્ દેહની પ્રાપ્તિ થવાથી, તથા પતિ આદિ વડિલ સ્વજનોના અભાવવાળી એક જ પુત્રની વૃધ્ધ માતાને મરણની શય્યામાં સુતેલા પોતાના પુત્રના નીરોગ થઇ ઊઠવાથી જેવો અનવધિ આનંદ થાય તેવો આનંદ મને આ પુરુષને જોતાં જ થયો."[1]

પ્રસ્તુત ગ્રંથ "શ્રીપંચવરદવૃત્તાન્ત"ને બબ્બે કર્તાઓનો લાભ અનાયાસે મળયો છે એટલે સ્વાભાવિક રીતે પિતા-પુત્રની શૈલી તથા અભિવ્યક્તિને સરખાવવાનું મન થાય છે.

શ્રીપંચવરદવૃત્તાન્ત"માં મૂળ તો કર્તાએ આતિથ્યમહિમાને ગાયો છે, એમ જણાય છે. ત્રણે ભાગમાં ઉપસ્થિત રહેલા પંચવરદને કેન્દ્રમાં રાખીને કર્તાએ ગ્રંથનું આમ નામાભિધાન કર્યું હોય તેમ લાગે છે. પરંતુ વાસ્તવમાં ત્રણે ભાગમાં શ્રી પંચવરદનું વૃત્તાન્ત નથી પણ પંચવરદ રાજાની આજ્ઞા પ્રમાણે તેમના સેવકો નમ્રતાથી જે જે મહાત્માનું સ્વાગત કરતા, તે તે મહાત્માએ રાજાની વિનંતીને માન આપી રજૂ કરેલી જ્ઞાનચર્ચા અહીં "વૃત્તાન્ત" રૂપે જોવા મળે છે. ત્રણે ભાગમાં રાજા પંચવરદ તો વિશેષતઃ -
- "શ્રીમદ્ભાગવત"ના રાજા પરીક્ષિતની જેમ - મૂક અને મુખ્ય શ્રોતા છે. વચ્ચે વચ્ચે તે પણ પ્રશ્નો પૂછતો હોય છે પરંતુ તે તો કુતૂહલવશ સાધક કે મુમુક્ષુએ પૂછેલા માત્ર પ્રશ્નો જ છે.

---

૧. "પં.વૃ.", પ્રથમ સમાગમ, પૃ.૩૯

મહાત્માઓએ પ્રત્યુત્તર રૂપે તેમની શંકાનું સમાધાન કરતાં વહેતો મૂકેલો જ્ઞાનપ્રવાહ આ ગ્રંથનો મોટો ભાગ રોકે છે.

શરૂઆતના પ્રથમ સમાગમની રચના કંઈક નાટ્યાત્મક અને તેથી કલાત્મક લાગે છે. અજાણ્યા પ્રવાસી તરીકે કુતૂહલવશ ઉરુવાન્ મુનિનું ચિત્રારણ્યમાં જવું, વિવિધ વ્યક્તિકરો જોવા, સિધ્ધેશ્વરને મળવું અને તેમના જ આશીર્વાદથી પાછલો વૃત્તાંત તથા શાપની કથા જાણવી...વગેરેમાં વાર્તાગૂંથણી કલામય છે. તો એ જ ચિત્રારણ્યના વિવિધ વ્યક્તિકરોને ઉરુવાન્ના શરીરમાંથી રૂપકધ્વનિથી સ્પષ્ટ કરવામાં કર્તાએ સહજરીતે ગંભીર તત્ત્વજ્ઞાન રજૂ કરી દીધું છે. દ્વિતીય સમાગમમાં વિશેષતઃ આચાર્યશ્રીનો આત્મવૃત્તાંત ધ્વનિત થાય છે. તૃતીય સમાગમનો મોટોભાગ શ્રી સુરેશ્વરાચાર્યજીએ રચ્યો છે (છતાં તે પણ અપૂર્ણ જેવો લાગે છે !) અને તેમાં મહદ અંશે "દૃશ્યપ્રપંચનું સ્વરૂપ" સમજાવવા પ્રયત્ન કર્યો છે. આમ "શ્રીપંચવરદવૃત્તાન્ત"માં કથાતત્ત્વ નહીંવત્ છે, તત્ત્વજ્ઞાન જ ઠાંસી ઠાંસીને ભર્યું છે. ગ્રંથની આવી શિથિલ રચના હોવાથી, શ્રીસુરેશ્વરાચાર્યજીએ પણ ગ્રંથનું અનુસંધાન મુક્ત રીતે પોતાની ઢબે કર્યું છે. શ્રીમન્નૃસિંહાચાર્યજી આ ત્રણ સમાગમ દ્વારા ત્રણે ભાગ વચ્ચે કેવો સૂક્ષ્મ તંતુ જોડવા માગતા હતા તથા અધૂરા રહેલા ત્રીજા સમાગમમાં તેઓને કયા મુદ્દાઓ અપેક્ષિત હતા તેનો ખ્યાલ મેળવવો અત્રે મુશ્કેલ બને છે.

પરંતુ ગંગાજમનાનાં નીરની જેમ આ બંને કર્તાની શૈલી આપોઆપ જુદી તરી આવે છે.

શ્રીમન્નૃસિંહાચાર્યજી કોઈપણ વિચારને સમજાવતાં તેનું સૂક્ષ્મ પૃથક્કરણ કરે છે અને સૂત્રાત્મક તો કયારેક સંજ્ઞાત્મક પરિભાષામાં વક્તવ્યની સમાપ્તિ કરે છે, જયારે તેમના સુપુત્ર શ્રીસુરેશ્વરાચાર્યજી વિચારને અત્યંત સ્પષ્ટ કરવા યોકબંધ ઉદાહરણો મૂકે છે. આવી

ઉદાહરણપ્રિય શૈલીમાં કયારેક અતિલંબાણ પેસી જાય છે, પરંતુ તે શૈલી વક્તવ્યને અસંદિગ્ધ રીતે મૂકી શકે છે, તે એનું જમાપાસું છે. પણ આવી પ્રસાદગુણવાળી શૈલી એટલી બધી સરળતા ધારણ કરે છે કે તે કયારેક ભવ્યતા પણ ગુમાવે છે. શ્રીમન્નૃસિંહાચાર્યજી પંડિતયુગમાં થઇ ગયા હોવા છતાં, તેમની શૈલી પ્રસંગાનુસાર નવા નવા સ્વાંગ ધારણ કરે છે ; કયારેક ક્લિષ્ટ અને ભારેખમ બને છે, તો કયારેક નિર્દોષ બાળકના મુક્ત હાસ્ય જેવી નિખાલસ અને સરળ પણ લાગે ; કયારેક સાત્ત્વિક રોષવાળી સ્પષ્ટવક્તા પણ બને, તો કયારેક તત્ત્વચર્ચામાં બરછટ અને અર્થક્ષમ પણ બને. શ્રીસુરેશ્વરાચાર્યજીના લખાણમાં અનેક દૃષ્ટાંતો હોવાથી તે શૈલીમાં એકતાનતા કે એકવિધતા પણ આવી જાય છે.[1] છતાં ગાંધીયુગે

---

૧. (૧) "હવે એક ઉદાહરણ લઈએ – એક માણસનો છોકરો પરદેશ કમાવા ગયો છે, તે ત્યાં કમાઇને ધનવાન્ થયો છે અને સુખી છે. પણ કોઇ દ્વેષી દુર્જને તે છોકરાના બાપને એવો પત્ર લખ્યો કે તે છોકરો અમુક તારીખે વિશૂચિકાના રોગથી એકદમ મરી ગયો છે....."

("પં.વૃ.", તૃતીય સમાગમ, પૃ. ૨૧૧)

(૨) "હવે આમાં વિચાર એ કરવાનો છે કે આ દૃશ્યપ્રપંચ જે છોકરાઓનાં માબાપને શોક કે હર્ષ, દુઃખ કે સુખ આપનાર નથી, કેમ કે પ્રથમ દૃષ્ટાંતમાં છોકરો જીવતો છે, અને બીજા દૃષ્ટાંતમાં મરી ગયો છે. ત્યારે પ્રથમ દૃષ્ટાંતમાં કોણ મરી ગયું ? અને બીજા દૃષ્ટાંતમાં કોણ જીવે છે ?....."

("પં.વૃ.", તૃતીય સમાગમ, પૃ. ૨૧૨)

અર્પેલી સરળતા, સુબોધ્યતા અને સૂત્રાત્મકતા તેમની શૈલીમાં પણ ડોકાય છે.

"સતી સુવર્ણા" :-

"શ્રીશ્રેયસ્સાધક અધિકારી વર્ગ"ના આદ્યસંસ્થાપક સદ્‌ગુરુ શ્રીમન્નૃસિંહાચાર્યજીએ વર્ગના સાધકોના ઉત્કર્ષ માટે તથા ઉચ્ચ જીવન જીવવાની અભિલાષા સેવતા સામાન્યજનો માટે વિશિષ્ટ હેતુથી રચેલી "સતી સુવર્ણા" નામની રસપ્રદ કથા સંવત ૧૯૫૩ માં (ઇ.સ. ૧૮૯૭) પ્રગટ કરી. ભેરુંડા નગરી, ઉત્પુલકા નગરી, ભૂયીષ્ઠા નગરી, દંભન નગર તથા કુકકુર નગર એમ કુલ પાંચ સ્થળોને આવરી લેતી "સતી સુવર્ણા"નો કથાપટ ઘણો વિસ્તૃત છે અને સાથે સાથે કથાવસ્તુના સંકલનમાં ગુંફિત કરેલું કુતૂહલપ્રેરક રહસ્ય પણ તેટલું જ ગહન છે. પરંતુ તે જ વર્ષમાં કર્તાશ્રીનો દેહવિલય થયો હોવાથી "સતી સુવર્ણા"નો ઉત્તરવિભાગ તેઓશ્રી પાસેથી પ્રાપ્ત થઇ શકયો નથી. તેથી વાર્તાના રહસ્ય અને અંત ચંગે માત્ર અનુમાનો કરવા સિવાય કોઇ વિકલ્પ નથી.

ભારતમાં ૧૯મી સદીનો ઉત્તરાર્ધ વિશેષતઃ બ્રિટીશશાસનની સત્તા તળે પસાર થયેલો છે. ભારતના અન્ય પ્રાંતોમાં તેમ જ ગુજરાત-કાઠિયાવાડમાં મોટાભાગનાં દેશી રાજ્યો કાં તો પરોક્ષ રીતે બ્રિટીશસત્તાને ખંડણી ભરી અથવા પ્રત્યક્ષરીતે તેમની આજ્ઞાને અનુસરી, જાણે મરવાને વાંકે શ્વાસ લેતાં હતાં. કેટલાંક સ્વમાની સ્વાતંત્ર્યપ્રેમી દેશી રાજ્યો સ્વતંત્ર રીતે પોતાની હકુમત ચલાવતાં હતાં. પરંતુ તેમાં ય અંદરોઅંદરના રાગદ્વેષ અને કાવાદાવાને લઇને, વૈયક્તિક રીતે ઘણાં સમર્થ હોવા છતાં સંગઠિત બળના અભાવે તેઓ અંગ્રેજોની વિશાળ સત્તા સામે સંગીન જમીર દાખવી શકતાં ન હતાં. રજવાડાંઓનાં ખટપટ અને કાવાદાવાનું પંડિતયુગના સમર્થ પ્રતિનિધિ ગોવર્ધનરામે ઇ.સ. ૧૮૮૭માં પ્રગટ થયેલી નવલકથા

"સરસ્વતીચંદ્ર-૧"માં સુંદર ચિત્રણ કર્યું છે. સત્તાલોભી, કામાંધ, કાવાદાવામાં નિષ્ણાત ખટપટી શઠરાય, સત્ય અને નીતિને પંથે ચાલનારા ઈશ્વરભક્ત ધર્મપરાયણ વિચક્ષણ બુધ્ધિધનનું તેમ જ ભૂપસિંહનું કાટલું કાઢવા કેવા મલિન પ્રયત્નો કરે છે અને અંતે ખોદેલા ખાડામાં પોતે જ પડે છે, તેનો સંગમયુગના દૃષ્ટા ગોવર્ધનરામે રસપ્રદ પરિચય કરાવ્યો છે. શ્રીમન્નૃસિંહાચાર્ય પણ એ જ યુગના સંતાન છે. તેથી સ્વાભાવિક રીતે તેમણે પણ "સતી સુવર્ણા"ની કથામાં પ્રાપ્ત પરિસ્થિતિને અનુલક્ષીને રજવાડાંઓની ખટપટ અને તેઓની મેલી મુરાદને પ્રધાન વિષય બનાવ્યો હોય, તે સંભવિત છે.

શૂરવીર ક્ષત્રિયો, શ્રીમંત વૈશ્યો, સશક્ત શૂદ્રો તથા દેવમંદિર, પાંથશાળા વગેરેથી શોભતી ઉત્પુલકા નગરીમાં મુદિમન્ નામનો ધર્માચરણી રાજા રાજ્ય કરતો હોય છે. "પંચમુખી મહાદેવ"સમા રાજા મુદિમન્, વિજયંત શેઠ, ખાનગી કારભારી દઢિમન્, પુરોહિત નિષ્કલંક તથા સર્વકલાકુશલ એવા પ્રધાન સંધિવિચક્ષણ જેવી પ્રજાહિતચિંતક વ્યક્તિઓને લઈને નગરજનોને કોઈપણ પ્રકારનો ભય નથી. તે નગરીમાં જ રૂપગુણવયમાં સમાન એવી છ સુંદરીઓ - —સ્ત્રીરત્નો - વસતી હોય છે. નગરશેઠ વિજયંતની આદર્શ પતિવ્રતા ચતુર સર્વવિદ્યાકુશલ એવી સતી સ્ત્રી સુવર્ણા પણ તેમનું એક અમૂલ્ય રત્ન છે.

ભેરુંડા નગરીનો કામાંધ સ્વાર્થપરાયણ શઠ રાજા શ્યેન, રાણી વિકલ્મષા અને બહેન ચારુલોચનાની વિનંતીને અવગણીને તથા ધર્માભિમુખ પ્રજાની પણ ચિંતા કર્યા વગર, દુષ્ટ મંત્રી મુહિરની સાથે વાટાઘાટો કરી "શામ, દામ, દંડ, ભેદ"માંની સર્વ યુક્તિઓને પ્રયોજી સતી સુવર્ણાનું અપહરણ કરવાની દુષ્ટ યોજના ઘડે છે તથા અમલમાં મૂકે છે. પરંતુ માર્ગમાં ભૂચીષ્ઠા નગરીનો પ્રજાપાલક

શૂરવીર રાજા ભીષણ, સતી સુવર્ણાની શિબિકાનું રક્ષણ કરે છે અને શ્યેનરાજાના માણસોને બંદીવાન બનાવે છે. આમ શ્યેનની યોજના પર પાણી ફરી વળે છે. પરંતુ કુકકુર નગરના દુષ્ટસ્વભાવના છલપ્રવીણ રાજા એનસ્‌ના ચિત્તમાં કામનો કીડો સળવળે છે તથા સુવર્ણાને હાથ કરવા તે પણ આકાશપાતાળ એક કરે છે.

આમ અત્યંત સ્વરૂપવાન પણ પતિવ્રતા ધર્મપરાયણ સતી સુવર્ણાની રક્ષા માટે રાજા મુદિમન્, પ્રવૃધ્ધ શેઠ, વિજયંત શેઠ, બલસૂદન, રાજા ભીષણ વગેરે ભગીરથ સંરક્ષણાત્મક પ્રયત્નો કરે છે, તો સામે પક્ષે પોતાની દુષ્ટ વાસના સંતોષવા વિષયી રાજા શ્યેન, મંત્રી મુહિર તેમ જ રાજા એનસ્ છલકપટથી ઝઝૂમે છે. બીજા શબ્દોમાં કહીએ તો સદ્ અને અસદ્, નીતિ અને અનીતિ, પુણ્ય અને પાપ વચ્ચેનું યુધ્ધ તે સતી સુવર્ણાનો કથાવિષય છે.

'ધર્મે જય, પાપે ક્ષય'એ સિધ્ધાન્તને પ્રતિપાદન કરવા તેજસ્વી પ્રતિભાથી વિદ્વાન આચાર્યે અપૂર્વ કલાત્મક વસ્તુસંકલન કર્યું છે. પરિચ્છેદે પરિચ્છેદે[1] વાચકની જિજ્ઞાસા સુદના ચંદ્રની જેમ વધતી જ જાય તેવી મનોહર યોજના કર્તાએ કરી છે.

પરિચ્છેદ ૧માં વિશાળ લેરુંડા નગરીનો પ્રજાજનો સહિત પરિચય કરાવી લેખક વાચકોનું ચિત્ત અજાણ્યા પ્રવાસી પર કેન્દ્રિત કરે છે. અશ્વવારોને વણિકના ઘર પાસેથી પસાર થતા જોઇ, તે પ્રવાસી અચાનક તેઓની પાછળ પલાયન થઇ જાય છે. પ્રવાસીના મૂલ્યવાન્ પદાર્થો વચ્ચે મૂઝાયેલા વણિકને થતી પારાવાર ચિંતા જોઇ, વાચકના મનમાં પણ પ્રવાસી કોણ હશે, તેની જિજ્ઞાસા બળવત્તર બનતી જાય છે. રસ્તામાં પ્રવાસીને ઓળખતો દેશી પણ તેવું જ રહસ્યમય પાત્ર છે.

---

૧. પ્રત્યેક પ્રકરણને કર્તાએ "પરિચ્છેદ" નામ આપ્યું છે.

પરિચ્છેદ ૩થી વાર્તામાં એક નવો મોડો ઉમેરાય છે. શૂરવીર અને ધીર ભીષણ રાજ શિબિકા વહનારા અપહરણ કરાતી સ્ત્રીને બચાવે છે તથા આશ્રય આપે છે. શિબિકાવાળી સ્ત્રી અંગે વાચકોમાં નવું કુતૂહલ ઉત્પન્ન થાય છે.

પરિચ્છેદ ૪માં પરિચ્છેદ ૧ અને ૨ ની વાર્તાનું અનુસંધાન જળવાય છે. રાણી વિકલ્મષાના શોકોદ્‌ગાર પરથી તથા અનીતિમાન મંત્રી મુહિરની દુષ્ટ યોજનાથી કંઈક અમંગળ થઇ રહ્યું છે, તેની વાચકોને પ્રતીતિ થાય છે.

પરિચ્છેદ ૫થી વાર્તા પાછો નવો વળાંક લે છે. દુષ્ટ સ્વભાવના ઠગોથી વસાયેલા દંભન નગરની છળકપટલીલા જાણવા મળે છે. પરંતુ ત્યાં આદરાયેલું યુધ્ધ, છૂટો પડેલો એક નાની વયનો શ્રવવાર વગેરે વિગતો વધુ રહસ્યમય બનતી જાય છે.

પરિચ્છેદ ૬ના બે અજાણ્યા પ્રવાસી પણ તેવા જ છે.

પરિચ્છેદ ૭થી કથાવસ્તુ બદલાય છે. જાણે નવી જ વાર્તા મંડાતી હોય તેમ ઉત્પુલકાનગરીનો, પ્રજાજનોનો, "પંચમુખીમહાદેવ" સમા રાજપુરુષોનો, છ સ્ત્રી રત્નોનો લેખક વિગતે પરિચય આપે છે. એક દિવસ ઉદ્યાનમાં છ સ્ત્રી રત્નો પાસે એક વિરાગના વેષથી શોભતી તપસ્વિની સ્ત્રી આવીને કહી જાય છે, "તમારામાંથી પાંચને કંઈક કષ્ટના દિવસ આવે છે, ને તે કષ્ટ આ સુવર્ણાબાઇના નિમિત્તથી આવવું જોઇએ."[1] તપસ્વિની સ્ત્રી ચાલી જાય છે અને પાછળ પોતાના વિશેનું રહસ્ય અસ્પષ્ટ મૂકતી જાય છે. સુવર્ણાની આત્મકથાથી, દુષ્ટ શ્યેનની સુવર્ણા પ્રતિ બીજભૂત રહેલી મેલીવાસનાનો સૌપ્રથમ ખ્યાલ આવે છે.

---

૧. "સતી સુવર્ણા", પૃ. ૩૮

પરિચ્છેદ ૮ અને ૯મા ફરી પાછી પરિચ્છેદ ૪ની શ્યેનરાજની વાર્તા સંકળાય છે. રાણી વિકલ્મષા અને બહેન ચારુલોચના, શ્યેનરાજ અવિચારી પગલું ભરી મોતને ન આમંત્રે માટે યોજના ઘડે છે અને એક સુશીલ બ્રાહ્મણી સ્ત્રીને તપસ્વિનીના રૂપમાં ઉત્પુલકા નગરીનાં સ્ત્રીરત્નો પાસે મોકલે છે. આમ તપસ્વિની સ્ત્રી વિશેનું રહસ્ય સ્પષ્ટ થાય છે. પરિચ્છેદ ૧માંનો ગભરાયેલો વણિક પોતાના જ્ઞાતિભાઇ શ્રીમંત પ્રબુધ્ધશેઠને મળે છે અને પ્રવાસીની વાત કહયા પછી મૂલ્યવાન્ પદાર્થોની સોંપણી કરે છે. પરિચ્છેદ ૧માં લેખકે પ્રવાસીના મુખે પ્રબુધ્ધશેઠનો ઉલ્લેખ કરાવ્યો છે. પરિચ્છેદ ૭માં સુવર્ણા પોતાની કથા કહે છે ત્યારે પોતાના પિતા રાજાઓ કરતાં પણ અતિશ્રીમંત વૈશ્ય શેઠ છે તેમ સખીઓને જણાવે છે. પરંતુ તે જ પ્રબુધ્ધ શેઠ સતી સુવર્ણાના પિતા છે, તેવો ખ્યાલ તો પરિચ્છેદ ૬માં જ આવે છે. આમ સાર્થંત જિજ્ઞાસાને ઉદ્દીપ્ત કરી, યથાયોગ્ય સ્થાને રહસ્યનું નાટયાત્મક રીતે ઘટસ્ફોટન કરી, કર્તા વાર્તાકલાના કુશળ પ્રયોજક તરીકે માન મેળવી જાય છે.

સુવર્ણાની ભૂતકાલીન કથાનો દોર લેખક લંબાવે જાય છે તથા રાજા મુદિમન્, વિજયંત શેઠ વગેરેની સર્વોત્તમ સંરક્ષણાત્મક વ્યવસ્થા હોવા છતાં પણ સતી સુવર્ણાનું અપહરણ શા માટે થયું, તેનું સ્ફોટન કરે છે. પરિચ્છેદ ૧૦માં ભાવિના ભયથી આકુળવ્યાકુળ બનેલા અને પૂરતી ઊંઘ ન પામેલા વિજયંત શેઠ તેમ જ સુવર્ણાને વૈદ્ય ઊંઘની પડીકી આપે છે.

પરિચ્છેદ ૧૧માં દુષ્ટ મુહિરની વ્યૂહરચનાનો લેખકે વિગતે પરિચય કરાવ્યો છે. લલજ્જિહ્વની ઉત્પુલકાનગરીથી ભેરુંડા નગરીના માર્ગ સુધીની વિવિધ વ્યવસ્થા, વિચેતસ્‌ની વનયાત્રાના મહેલમાં માનપાનવિભવથી યુક્ત ઉત્તમવ્યવસ્થા, દૌષ્કુલે વિજયંતના મહેલમાં જ છળકપટથી પોતાના માણસો, સેવકો, મહલ્લિકા,

સ્ત્રીઓ વગેરેને ચાકર તરીકે ઘૂસાડીને ખેલેલો ભયંકર પ્રપંચ, વિડારકે રાજવૈદ્યને ત્યાં પોતાના માણસને વિદ્યાર્થી તરીકે મૂકી રચેલું ષડયંત્ર તથા મહેલના ગુપ્તમાર્ગની કરેલી વ્યવસ્થા તેમજ શાષ્કલ વ્હેરા મળેલી નગરચર્યાની માહિતી.....વગેરે મુદ્દારની વિગતપ્રચુર યોજનામાં વસ્તુસંકલનાની દૃષ્ટિએ કર્તાશ્રીની દીર્ઘદૃષ્ટિનો આપણને પરિચય થાય છે. લેખકે નાનામાં નાની વિગતનો કે વ્યક્તિનો ઉલ્લેખ સહેતુક કરેલો છે.

પરિચ્છેદ ૧૨માં પ્રધાન ધીરચેતસ્ રાજશ્યેનને દુષ્કાર્ય કરતાં વારે છે. રાજા જો તેની વિનંતીને માન્ય નહીં રાખે તો શ્યેનરાજના પિતાના શબ્દોને[1] યાદ કરી, તે પણ રાજા શ્યેનને સહકાર નહીં આપે તેવી ધમકી આપે છે. રાજા શ્યેન મીઠાં વચનોથી પ્રધાનને તત્કાળ શાંત કરે છે.

પરિચ્છેદ ૧૩માં સતી સુવર્ણાનું અપહરણ થાય છે. દુષ્ટ રાજાના સેવકો પણ સંગદોષથી મલિન વૃત્તિવાળા હોઇ, બલક અને જગલ જેવા સૈનિકો પણ અપવિત્ર વિચારો કરતાં અટકાતા નથી.

પરિચ્છેદ ૧૪માં મુદ્દિમન્ રાજા તથા વિજયંત શેઠ, સુવર્ણાનું અપહરણ થતાં તેની શોધ માટે વિવિધ સ્થળે પોતાના સૈનિકોને મોકલે છે. આ ધમાલમાં કોમલ અંતઃકરણવાળી પણ યુધ્ધકલામાં નિપુણ એવી શૂરવીર ચાર સખીઓ પણ સુવર્ણાની શોધમાં નીકળી પડે છે.

પરિચ્છેદ ૧૫માં, શિબિકામાં સૂતેલી સુવર્ણા વૈદ્યની પડીકીની અસર દૂર થતાં જાગ્રત થાય છે અને પરિસ્થિતિ જાણતાં શોકમય બની પ્રભુને પ્રાર્થના કરે છે કે તેનું તે રક્ષણ કરે. અચાનક ભીષણ રાજા તેની

---

૧. "આ મારો પુત્ર જો અધર્મથી ઉન્નતપણે વર્તે તો તારે એને મારો પુત્ર જાણવો નહિ. અને એને યોગ્ય શિક્ષા આપીને એનું તથા પ્રજાનું જે પ્રકારે હિત થાય તે કરવું."

વહારે ધાય છે અને માનસહિત સુવર્ણની શિબિકાને પોતાના અંતઃપુરમાં પધરાવે છે.

પરિચ્છેદ ૧૬થી મૂળવાર્તાનું અનુસંધાન જોડાય છે. પરિચ્છેદ ૪થી પરિચ્છેદ ૧૫ સુધી, લેખક મૂળવાર્તાને સ્થગિત કરી, ભૂતકાળના પ્રસંગોમાં વાચકોને ખેંચી જાય છે અને વાર્તાની પ્રત્યેક વ્યક્તિનો તેના સ્વભાવ સહિત સાંગોપાંગ પરિચય કરાવી, વાર્તાના તંતુએ તંતુને કુશળતાપૂર્વક નાટ્યાત્મક રીતે સુસ્પષ્ટ કરે છે. પરિચ્છેદ ૧૬નું શીર્ષક "સ્પષ્ટીકરણ" સૂચવે છે તેમ પ્રસ્તુત પ્રકરણમાં તો નાનામાં નાની રહસ્યમય વિગતનો કર્તાએ ઘટસ્ફોટ કર્યો છે.

પરિચ્છેદ ૧૭માં શ્યેન રાજા, પોતાની મલિન વાસના સંતોષવા તત્પર બને છે, તો અન્ય પક્ષે પ્રધાન ધીરચેતસ્, રાણી વિકલ્મષા અને બહેન ચારુલોચનાની સંમતિ લઈ, રાજ્ય અને પ્રજાના વિશાળ હિતમાં દીર્ઘદૃષ્ટિયુક્ત પગલાં ભરે છે.

પરિચ્છેદ ૧૮માં ઉત્પુલકાનગરીથી આવેલાં સૈનિકોનાં ટોળાંને લીધે, પોતાના પ્રધાન તેમ જ પ્રજાજનોનો વિરોધી સૂર સાંભળીને તથા ષડયંત્રના પ્રખર પ્રયોજક મંત્રી મુહિર કેદ પકડાવાથી, શ્યેનરાજા સમય સમજી વનયાત્રાના મહેલમાંથી પલાયન થઈ જાય છે.

શરૂઆતનાં પ્રકરણોથી જ ભેદભરમથી ભરપૂર બની ચૂકેલું રહસ્યમય "પ્રવાસી"નું પાત્ર પરિચ્છેદ ૧૬માં અત્યંત સ્પષ્ટ થાય છે. દંભનનગરના રાજસેવકોથી ઘેરાયેલો અને "પાંજરામાં પડેલા સિંહ" જેવો તે પ્રવાસી, વિજયંત શેઠનો વિશ્વાસી ગૃહરક્ષક બલસૂદન છે. દંભન નગરનો ઠગરાજ મરાલ તેને વિના કારણે કેદ કરે છે.

પરિચ્છેદ ૨૦થી અત્યંત સરળ બનતી કથા કુકકુર નગરના વિલાસી, સ્વાર્થી અને દ્વેષી રાજા ચેનસ્‌ના પ્રસંગથી પાછી વધુ અદ્‌ભુતરસિક બનતી જાય છે. તે છલપ્રવીણ રાજા સ્વભાવે અને બળે બીકણ અને ડરપોક હોવા છતાં, અત્યંત બાહુબલવાળા પરાક્રમી ભીષણરાજ પાસેથી પ્રપંચદાવથી સ્ત્રીરત્ન સુવર્ણા ચોરી લાવવાની દુષ્ટ યોજના ઘડે છે.

પરિચ્છેદ ૨૧માં શોકવિહ્વળ બનેલી પતિવ્રતા સુવર્ણા વિજયંત શેઠને યાદ કરી પ્રલાપ કરે છે.

પરિચ્છેદ ૨૨માં, સુવર્ણાના કે બલસૂદનના કોઇ જ સમાચાર પ્રાપ્ત ન થતાં વિજયંત શેઠ અને રાજા મુદિમન્, શિબિકા પકડવાની નવી યોજના ઘડે છે. આમાં પ્રધાન અને વિજયંત શેઠ પોતે પ્રયાણ કરે છે. શુભ શુકનો થતાં સર્વને આશા બંધાય છે.

અહીંથી વાર્તા અપૂર્ણ રહે છે.

આ અપૂર્ણ રહેવા પામેલી રસમય અને પ્રધાનતઃ અદ્‌ભુતરસિક કથા "સતી સુવર્ણા"માં લેખકે પ્રત્યેક પ્રસંગ યોજનાબદ્ધ યથાસ્થાને ગોઠવેલો છે. વાર્તાનો પૂર્વવિભાગ[1] સૂચવે છે તેમ ઉત્તરવિભાગની કથા વધુ રસપ્રદ અને કુતૂહલપ્રેરક બની હોત. પૂર્વવિભાગમાં નિર્દેશાયેલાં સૂચનોને લેખકે ઉત્તરવિભાગમાં કોઇ નવો જ ઉઠાવ અને વળાંક આપ્યો હોત. નીચે દર્શાવેલાં કથામાંનાં સૂચનોને લીધે આવાં અનુમાનો તારવવાનું સહજ રીતે પ્રલોભન થાય છે.

(૧) પરિચ્છેદ ૨માં તપસ્વિની માતાની આજ્ઞાથી આશ્રમમાં મોટી ગુહામાં આશ્રય લેતો પ્રવાસી, પરિચ્છેદ ૫માં દંભનનગરની બહાર વૃધ્ધ યતિના આશ્રમમાં રહેતો પ્રવાસી તથા પરિચ્છેદ ૬માં ધર્મશાળામાં સ્વતંત્ર નિવાસ કરતા બે પ્રવાસી – તે પુરુષવેશે શસ્ત્રસજ્જ તથા અશ્વારૂઢ થઇ પોતાની પ્રાણપ્રિય સખી – સુવર્ણાના શીલની સુરક્ષા અર્થે દુષ્કર પ્રવાસ ખેડતી સુવર્ણાની સખીઓ છે. ઉત્પુલકાનગરીનાં અત્યંત સ્વરૂપવાન આ ચાર સ્ત્રીરત્નો રણે ચઢ્યાં છે તે સમાચાર માત્ર રાજા, રાણી, એક દાસી તથા એક પ્રમુખ સૈનિક સિવાય અન્ય કોઇ જાણતું નથી. વળી ચારે સખીઓ

---

૧. "સતી સુવર્ણા"ની આ કથાને કર્તાએ પૂર્વવિભાગ તરીકે ઓળખાવ્યો છે.

વિખૂટી પડી ગઇ છે. ઉત્તરવિભાગમાં આ ચારે સાહસપ્રિય સખીઓની કથા કોઇ નવો જ વળાંક લેત, તેમ આ સૂચન પરથી કલ્પી શકાય તેમ છે.

(૨) કુકકુર નગરનો છલકપટપ્રવીણ રાજા ભેનસ્ સતી સુવર્ણાનું અપહરણ કરવાની મેલી યોજના પોતાના સાથીઓની સહાયથી ઘડે છે. એ યોજનાને ઉત્તરવિભાગમાં અમલમાં મુકાવી કર્તાએ પ્રસ્તુત કથાને વધુ ચમત્કારિક અને અદ્‌ભુત બનાવી હોત.

(૩) મુદિમન્ રાજાનો પ્રધાન તેમ જ વિજયંત શેઠ સૈન્ય સાથે સતી સુવર્ણાની શોધ માટે પ્રવાસ આરંભે છે ત્યારે શુભ શુકનો થાય છે. એ શુકનો પણ વાર્તાના મંગલ વળાંક અંગે સૂચન કરતાં જાય છે.

(૪) પરિચ્છેદ ૧૧માં મંત્રી મુદિરને તેના માણસો પોતે પાથરેલી કપટયુક્ત જાળનો ખ્યાલ આપે છે, ત્યારે દ્વૌષ્કુલ કહે છે,

"તમારાં સોંપેલા મહલ્લિકા તથા સેવકોને વગ લગાડીને વિજયંતના ઘેરમાં રખાવ્યાં છે. તેમને આપણી મતલબની જે જે વાત છે, તે સર્વ સમજવી છે. તેમણે પોતાનાં શેઠશેઠાણીનો વિશ્વાસ પોતાના ઉપર તેમની મરજી ઉઠાવીને બરાબર બેસાડયો છે. ઘેરના ખૂણાખોચરા તથા જવા આવવાના માર્ગોની માહિતી મેળવી છે. પાછળનાં દ્વારોએ જ્યાં જ્યાં તાળાં રહે છે, ત્યાં ત્યાંના તે તે તાળાંની કુંચીઓ જ્યાં જ્યાં રહે છે, ત્યાં ત્યાંની માહિતી તેમણે મેળવી છે. ઘેરની સ્ત્રીસેવકોમાં આપણી મૂકેલી સ્ત્રિયો તથા મહલ્લિકાઓ આગળ પડી કામ કરનારાં થયાં છે. અને ઘેરના પુરુષ સેવકોમાં પણ આપણા સેવકો આગળ પડતા થયા છે, તેથી તેમની સેનાના દ્વારપાલો વગેરે સર્વ તેમને ઓળખે છે. માત્ર એક કામ બાકી રહ્યું, તે એ કે તેમના શસ્ત્રધારીઓમાં

આપણાં માણસોની ભરતી થઇ શકી નહિ. કારણ કે હાલમાં એકપણ નવું માણસ રાખવાનો સમય ન હતો. એ વિના બીજું સર્વ કામ થયું છે."[૧]

આમ અણીશુધ્ધ સંપૂર્ણ વ્યવસ્થા હોવા છતાં એક નાની બારી ઉઘાડી રાખી, કર્તા અધર્મી શ્યેનના પરાજય માટે કલાત્મક રચના કરે છે. ઉત્તરવિભાગમાં વિશ્વાસુ અને વફાદાર શસ્ત્રધારીઓની મદદથી જ વિજયંત શેઠ મુહિરની દુર્ભેધ ગણાતી છળકપટલીલાને છિન્નભિન્ન કરી શકયા હશે. તેવું મંગલ સૂચન પણ આમાંથી કલ્પી શકાય.

કુશળ શિલ્પી કે ચિત્રકારની પેઠે કર્તાના મન સમક્ષ "સતી સુવર્ણા"ની કથાનું સંપૂર્ણ ચિત્ર પૂર્વયોજિત અને સુશ્લિષ્ટ છે. વાર્તાની શરૂઆતથી તે ઠેઠ અંત લગી જિજ્ઞાસા જળવાઇ રહે તેવા પ્રકારની રસિક અને અદ્‌ભુત વસ્તુસંકલના છે. યથાયોગ્ય સ્થળે રહસ્યતત્ત્વનો બીજનિક્ષેપ કરી, કર્તા પાછળથી તેનો વિકાસ કરવાનું પણ ચૂકયા નથી. પાંચ પાંચ વિશાળ નગરોની બહુસંખ્યપાત્રોવાળી કથા હોવા છતાં પ્રત્યેક વાર્તાનો પ્રવાહ લાક્ષણિક છે અને મુખ્ય વાર્તાપ્રવાહ સાથે સમ્મિલિત થઇ ભળી જાય છે.

પરંતુ કરોળિયાનાં જાળાંની માફક ભેદભરમથી ભરપૂર રહસ્યમય પ્રસંગો પ્રયોજી કર્તા વાચકોનું હળવું મનોરંજન કરવા માગતા નથી. ઉન્નતગામી અને ચારિત્ર્યવિશુધ્ધ જીવન જીવવાનો સંદેશો આપવા કર્તાએ પ્રસ્તુત કથાને માત્ર નિમિત્ત બનાવ્યું છે. શરૂઆતમાં તે એક દોહરામાં કહે છે,

"અનીતિમાં દુઃખો અતિ, સુનીતિ સુખનું ૯૬ઘર,
સતી સુવર્ણા વાંચીને, ગ્રહે સુજન એ સાર."[૨]

---

૧. "સતી સુવર્ણા", પૃ. ૬૧
૨. "સતી સુવર્ણા", પૂંઠા ઉપર

તે મુજબ ઉચ્ચ અને નીતિશુધ્ધ ચારિત્ર્ય એ જીવનની મહામૂલી મૂડી છે. ગમે તેવી આપત્તિમાં અને મલિનવાસનાબધ્ધ દુર્જનોની વચ્ચે પણ ઈષ્ટસત્તા ચારિત્ર્યશીલ વ્યક્તિઓની સદા સર્વદા સુરક્ષા કરે છે. પાપથી ડરનારા અને નીતિમય પવિત્ર જીવન ગાળનારા સજ્જનોનો સર્વ પર અનોખો પ્રભાવ પડતો હોય છે. આવી વ્યક્તિઓ સર્વનું માન પામતી હોય છે. પરંતુ અનીતિથી મેળવેલી સત્તા કે લક્ષ્મી કદીપણ સ્થિર રહેતી નથી, બલ્કે તે વિનાશને નોંતરે છે. અનીતિમાન ચારિત્ર્યહીન દુર્જનોનો સંગ કરવો કદીપણ હિતાવહ નથી.

"ધનેશની અલકાપુરી" જેવી વિશાળ નયનરમ્ય ભેરુંડા નગરીમાં મહાસત્તા ભોગવતા શ્યેન રાજાને કોઇપ્રકારનું દુઃખ નથી, રાણી વિકલ્મષા જેવી પતિવ્રતા ધર્મપરાયણ સ્ત્રી છે, ચારુલોચના જેવી સ્નેહાળ ભગિની છે, પ્રજાહિતચિંતક જાગ્રત પ્રધાન ધીરચેતસ્ છે તથા સ્વપ્રવૃત્તિમાં કાર્યરત રહેતી ધર્માભિમુખ પ્રજા છે. પરંતુ તેની વિષયવાસના અમર્યાદિત હોવાને લીધે તથા સ્વાર્થપરાયણ મંત્રી મુહિરના દુઃસંગને લીધે તે પોતાની બહેન સમી સુવર્ણા પ્રતિ કુદૃષ્ટિ કરે છે અને વિનાશને નોંતરે છે. ઉત્પુલકા નગરી, વિજયંત શેઠનો મહેલ, ત્યાંના સેવકો, રક્ષકો, વૈદ્યો વગેરેથી માંડીને ઠેઠ ભેરુંડાનગરી - સુધી સર્વપ્રકારની ઉત્તમ વ્યવસ્થા હોવા છતાં તે પોતાની મલિન વાસનાને સંતોષી શકતો નથી, અને સતી સુવર્ણાને ઈષ્ટસત્તા પ્રેરિત આકસ્મિક સહાય મળી રહે છે. આવી પ્રપંચજાળના પ્રયોજકો તથા સહાયકો મંત્રી મુહિર, જગલ, બલક, વગેરે સર્વનું કરુણ મૃત્યુ થાય છે. જો આ કથા અપૂર્ણ ન હોત તો અંતે સર્વ અનર્થના મૂળ શ્યેન રાજા તેમ જ ગેનસ્ રાજાના-કવિન્યાય પ્રમાણે - ભૂંડા હાલ જ થયા હોત !

આમ કર્તા, આપત્તિને નોંતરનારી અનીતિથી દૂર રહેવાનો તથા નીતિમય વિશુધ્ધ જીવન જીવવાનો પ્રસ્તુત કથા વાંચનારા બોધ કરે છે.

સતી સુવર્ણા એ કથાની સર્વગુણસંપન્ન સ્વરૂપવાન તથા શસ્ત્રવિદ્યામાં કુશલ એવી શૂરવીર મુખ્ય નાયિકા હોવા છતાં તે અ-બલા છે, નિષ્ક્રિય છે. વૈધની પડીકીથી નિરુપાય બનેલી સુવર્ણાનું અપહરણ સરળ બને છે, પરંતુ રાજા શ્યેનના સેવકોથી શિબિકા વાટે લઇ જવાતી અટકતી સુવર્ણા પણ તેઓનો કશો જ પ્રતિકાર કરતી નથી. પ્રજાપાલક ભીષણરાજાથી રક્ષાયેલી છતાં પણ સુવર્ણા લાંબા શોકવિહ્વળ પ્રલાપો કરવા સિવાય કોઇ નવી યુક્તિ રચતી નથી. ઊલટું તે હંમેશાં, પોતાના આકસ્મિક અપહરણથી સ્નેહાળ પિતા પ્રબુધ્ધ શેઠને તથા સંવેદનશીલ પતિ વિજયંતશેઠને કેવું કારમું દુઃખ થયું હશે તેના વિચારો કરી હૃદ્યદ્રાવક આક્રંદ કરે છે, તથા કહે છે,

"આ સંસારમાં સ્ત્રીજાતિમાં જન્મ થવો એ બહુ દુઃખદ છે. તેમાં પણ રૂપગુણયુક્ત થવું, એ અત્યંત કષ્ટપ્રદ છે. આ કારણથી ગૃહમાં કન્યાનો જન્મ થવાથી કુલીન માતાપિતા તથા સ્વજનો ખેદવશ થાય છે."[1]

સુવર્ણાને તેના ભાગ્ય પર છોડી દેવામાં આવી છે. સાહસ કે યુક્તિથી નહીં પરંતુ શીલવતી સુવર્ણાનું રક્ષણ તેના સતીત્વથી થાય છે. મન, વચન અને કર્મથી વિજયંત શેઠ સિવાય તેણે કદી પણ કોઇનો અપવિત્ર વિચાર સરખો પણ કર્યો નથી અને આદર્શ પતિવ્રતા નારીની જેમ નિષ્કલંક જીવન વ્યતીત કર્યું છે. તેથી સર્વજ્ઞ સર્વવ્યાપક ઇશ્વર તેની સહજ રીતે સુરક્ષા કરે છે.

નીતિમય જીવનના ઉદ્દેશને પ્રબોધવાનો હોવાથી સપ્રયોજન લખાયેલી "સતી સુવર્ણા" કથામાં સુવર્ણાનું પાત્ર આમ પ્રવૃત્તિવિહીન, નિષ્ક્રિય અને ચિંતનશીલ જણાય છે. કુદરત જ્યાં લઇ જાય ત્યાં અબળા દોરાતી હોય તેમ લાગે છે.

---

૧. "સતી સુવર્ણા", પૃ. ૧૧૨

પરંતુ સુવર્ણાની રૂપગુણવયમાં સમાન એવી ચાર સખીઓ સુવિક્રાંતા, સુનીતા (સાહસિકા), સુસ્મિતા અને સુનેત્રા અનુજ્ઞી તપસ્વિની સ્ત્રીની ચેતવણીથી, સુવર્ણાની સર્વપ્રકારે સંરક્ષા કરવા, કટિબધ્ધ થાય છે અને ઉત્તમ વ્યવસ્થા માટે યોજના ઘડી કાઢે છે. સાહસિકા કહે છે,

"હે સખિ ! જો અમે ચાર તારી સખીઓ શસ્ત્ર ધરી રણે ચઢીશું, તો સો શસ્ત્રધારીની ગરજ સારશું. તું ચિંતા કરીશ નહિ. અને હાલ તો થોડા દિવસ થયાં આ તારા નિવાસસમીપ સુવિક્રાંતાના મંદિરમાં જ અમે ત્રણ તથા ચોથાં એ, એમ ચારે, રાત્રિએ રહીએ છીએ, તેથી આજથી જ અમારા અશ્વ તથા શસ્ત્રકવચાદિ રણસાહિત્યને તૈયાર રાખી રહીશું, તું નિર્ભય રહેજે."[1]

રાજા સ્થેન અને મંત્રી મુહિરના છળકપટના દાવથી આવી પ્રચંડ વ્યવસ્થા હોવા છતાં પણ જ્યારે સતી સુવર્ણાનું અપહરણ થાય છે ત્યારે રાજા મુદિમન્, વિજયંત શેઠ, સૈનિકો વગેરેની સાથે ચાર સખીઓ પણ સાવધાન બની જાય છે તથા સુવર્ણાને દુઃખમુક્ત કરવા રણે ચઢવાની તૈયારી કરે છે. પ્રધાનપુત્રી સાહસિકા પોતાની સખીઓને તરત જ સંબોધન કરે છે,

"હવે વિચાર કરવાનો સમય નથી. આપણે એના પ્રતિ બોલી ચુકયાં છીએ કે અમે તારું રક્ષણ કરીશું. માટે હવે આપણે વિલંબ કર્યા વિના કવચ અને શસ્ત્ર ધારણ કરો, શૂરવીર યોધસમાન બનો અને પ્રાણને વેર મૂકીને અશ્વે ચઢી ચાલો."[2]

સર્વોત્તમ સુદૃઢ કવચો ધારણ કરી, નાનામોટાં સર્વ શસ્ત્રો સજી, હસ્તમાં લાંબા ભાલા લઇ, અશ્વારૂઢ થઇ પુરુષવેશે સર્વસખીઓ

---

૧. "સતી સુવર્ણા", પૃ.૪૩
૨. "સતી સુવર્ણા", પૃ.૭૫

પોતાની પ્રાણપ્રિય સુવર્ણાની શોધ અર્થે નીકળી પડે છે. રાણી સુવિક્રાંતા પોતાની દાસી મારફત તેઓના પ્રયાણના સમાચાર રાણી સૂનૃતાને કહેવડાવી દે છે.

શત્રુઓને કુશળતાપૂર્વક વીરતાથી હણતાં ચારે સખીઓ સૈન્યથી અને એકબીજાથી વિખૂટી પડી જાય છે, છતાં પણ લેશમાત્ર ગભરાતી નથી. સ્ત્રીસહજ કોમળતા, ચંચળતા અને નિર્બળતાને ત્યજી, શૂરવીર ક્ષત્રિય પુરુષની માફક તેઓ અજાણ્યા પ્રદેશમાં પુરુષવેષમાં ઘૂમે છે અને રાત્રે યથાયોગ્ય નિર્ભય અને સ્વતંત્ર સ્થાને આશ્રય લે છે. સ્ત્રી તરીકે છતા ન થવું, પોતાના શીલનું રક્ષણ કરવું અને પુરુષસહજ સ્વસ્થતા અને ધીરજ કેળવવી, એ પણ જેવું તેવું સાહસ ન કહેવાય !

વાર્તા અપૂર્ણ ન હોત તો વાચકોનાં રૂવાડાં ઊભાં કરે તેવા ચારે સખીઓના સાહસપ્રસંગો પણ કર્તા પાસેથી ઉત્તરવિભાગમાં મળી શકયા હોત, તેમ પૂર્વવિભાગની વાર્તા પરથી કલ્પી શકાય છે.

આમ સખીઓના જેટલી જ શસ્ત્રવિદ્યા, અશ્વવિદ્યા વગેરે સર્વવિદ્યામાં નિપુણ સુવર્ણા આપત્તિની મધ્યે સ્વરક્ષાનો પ્રયત્ન પણ કરતી નથી અને પ્રભુકૃપા પર જ દૃઢ અવલંબન રાખે છે, જ્યારે પોતાના આત્મા સમી સુવર્ણાને બચાવવા તેની સખીઓ આકાશપાતાળ એક કરે છે અને ભયંકર સાહસોને હસતા મુખે આવકારે છે. આવા વિરોધાભાસી ચિત્રની પડછે બોધક, નીતિઉપદેશક અને ઈશ્વરપરાયણ કર્તા વધુ દર્શન દે છે. માત્ર રંગદર્શી વાર્તાતત્ત્વને બહેલાવવાનો કર્તાનો કોઇ હેતુ નથી. આમાંથી માત્ર એક જ કેન્દ્રીય સૂર ધ્વનિત થાય છે કે ચારિત્ર્યશીલ ધર્મપરાયણ વ્યક્તિનો કોઇ વાંકો વાળ પણ કરી શકતું નથી.

"સતી સુવર્ણા"ની પાત્રસૃષ્ટિ સંખ્યાની દૃષ્ટિએ ઘણી વિશાળ છે, પરંતુ વૈવિધ્યસભર નથી. એકંદરે આ બધાં જ પાત્રો બે ભાગમાં

વહેંચાઇ જાય છે : (૧) નીતિમાન્ ચારિત્ર્યવિશુધ્ધ સદાચરણી શૂરવીર એવાં સદ્‌ગુણી પાત્રો અને (૨) અનીતિમાન વિષયી દુરાચરણી એવાં છલકપટપ્રવીણ પાત્રો. મુદિમન્ રાજા, ભીષણરાજા, પ્રધાન ધીરચેતસ્, વિજયંત શેઠ, બલચૂડન, પ્રબુધ્ધ શેઠ વગેરે નીતિ અને ધર્મને કેન્દ્રસ્થાને રાખી સર્વ પ્રવૃત્તિ કરે છે. તેઓ આમજનતા અને સેવકોની મુશ્કેલીઓ જાણી તેઓનાં દુઃખ ફેડવા હંમેશાં કર્તવ્યપરાયણ રહે છે. અધર્મીને શિક્ષા કરતાં પણ તેઓ અચકાતા નથી. પરંતુ રાજા શ્યેન, મંત્રી મુહિર, જગલ, બલક, રાજા મરાલ, રાજા એનસ્ અને તેના સાથીઓ વગેરે સર્વપાત્રો છલકપટ અને કાવાદાવામાં કુશળ હોય છે. માત્ર પરધન કે સત્તાને ઝૂંચવી લેવા જ તેઓ તત્પર છે એમ નથી, પરંતુ વિષયવાસનામાં ચકચૂર એવા તે વિલાસીપુરુષો પરાઇ સ્ત્રીનું અપહરણ કરતાં પણ અચકાતા નથી. તેઓના રાજયમાં કોઇપણ પ્રજાજન સુખશાંતિથી સ્વસ્થ નિદ્રા ભોગવી શકતો નથી. આમ ઉન્નતિના સોપાન પર ડગ માંડતાં સાત્ત્વિક પાત્રોનું અને અવનતિની ખાઇમાં પળેપળે ડૂબકી મારતાં તામસી પાત્રોનું લેખકે ચિત્રણ કર્યું છે. પરંતુ પાપપુણ્ય કે તેજછાયામિશ્રિત સદ્‌ગુણદુર્ગુણયુક્ત રાજસી પાત્રોનું દર્શન તો અત્રે દુર્લભ બને છે. એવાં વિકારવશ પણ સારી કેડી લાધતાં પરિવર્તનશીલ અને વિકાસશીલ બનતાં પાત્રો પણ લેખકે સર્જયાં હોત તો વધુ યોગ્ય લેખાત.

અત્રે પ્રત્યેક પાત્રનું લેખકે સ્થૂળ અને બાહ્યવર્ણન ભાગ્યે જ કર્યું છે. પરંતુ પાત્રની મૂળભૂત પ્રકૃતિનો – સ્વભાવગત લાક્ષણિકતા કે વિચિત્રતાનો – પરિચય કરાવતાં પણ વિશેષતઃ એકવિધતા આવી ગઇ છે. પાત્રભેદે પ્રત્યેક પાત્રનું આગવું વિશિષ્ટ વ્યક્તિત્વ હોવું જોઇએ તે આમાં જણાતું નથી.

પ્રસ્તુત કથાની મુખ્ય નાયિકા સતી સુવર્ણાનો પરિચય પણ કર્તા તેના જેવી સ્વરૂપવાન અન્ય પાંચ સખીઓની સાથે એકસરખો આપી દે છે. પરિચ્છેદ છમાં કર્તા લખે છે,

"એ સમયમાં આ ઉત્પુલકા નગરીમાં સ્ત્રીરત્નરૂપે એ છ રત્ન ગણાતાં હતાં અને રાજા આદિ ગણાવેલા પાંચ પુરુષો તે સમયના પુરુષોમાં રત્નરૂપ ગણાતા હતા. સુવિક્રાંતા, સુનીતા, સુસ્મિતા, સુનેત્રા, સુવર્ણા અને પદ્મરાજ્ઞી સુનૃતા, એ છ સુંદરીઓ સમાનવયવાળી હોવાથી, રૂપગુણથી પણ અધિક અંશે સમ હોવાથી તેમ જ વ્યવહારપક્ષથી એકબીજાના ગૃહનો નિકટ સંબંધ હોવાથી નાનપણથી જ એમનો સ્નેહસંબંધ થયો હતો. સ્ત્રીજાતિમાં પ્રધાનપણે ક્ષત્રિયની અને ગૌણપણે અન્ય જેની ઇચ્છા હોય તે બ્રાહ્મણ તથા વૈશ્યની સ્ત્રિયોને યુધ્ધકલા એ રાજ્યમાં શીખવવામાં આવતી હતી. તે યુધ્ધકલા શીખવામાં આ છ સુંદરીઓ સર્વમાં પ્રથમા હતી. એ છ યુવતીઓએ પોતાને યુધ્ધભૂમિમાં જવા યોગ્ય ગણીને યુધ્ધકલાનો તેમ જ શસ્ત્ર બાંધવા તથા વાપરવાનો અભ્યાસ કરેલો હતો. આપત્કાલ વિના સ્ત્રિયોને રણમાં કે કોઇપણ સ્થલે શત્રુસંમુખ થઇ યુધ્ધ કરવાનો સંભવ ન હતો, તો પણ આપત્કાલે તેમણે પોતાના રક્ષણાર્થે શસ્ત્ર ધારણ કરવાં પડતાં, તથા વાપરવાં પણ પડતાં, તે પૂર્વનિયમાનુસાર તેમણે યુધ્ધકલાનો ઉત્તમપ્રકારના યુધ્ધકલાકુશલ પુરુષસમ અભ્યાસ કરેલો હતો."[1]

અત્રે ઉપરોક્ત છ સ્ત્રીરત્નો એકબીજાથી રૂપ, ગુણ કે વયમાં કે અન્યરીતે જુદાં તરી આવતાં નથી કે પોતાનું સ્વતંત્ર વિશિષ્ટ વ્યક્તિત્વ દાખવી શકતાં નથી. તે છ સખીઓ સદાચરણી, શૂરવીર અને યુધ્ધકલામાં નિપુણ છે, તેવી જ એકસરખી છાપ વાચકો પર પડે છે.

---

૧. "સતી સુવર્ણા", પૃ. ૩૭

આ એકવિધતાનો દોષ અન્ય પાત્રાલેખનમાં પણ સ્પષ્ટ દેખાય છે. સુવર્ણાના અપહરણથી વ્યથિત થયેલા પિતા પ્રબુધ્ધ શેઠ કે પતિ વિજયંત શેઠ ; અન્યાય કે અધર્મથી પીડાતાને રક્ષતા પ્રજાપાલક રાજા ભીષણ કે રાજા મુદિમન્, સતીના શીલનું માહાત્મ્ય સમજતા રાણી વિકલ્મષા કે રાણી સુનૃતા ; રાજ્યનું અને પ્રજાનું સદા રક્ષણ કરતા નીતિમાન્ પ્રામાણિક પ્રધાન ધીરચેતસ્ કે ગૃહરક્ષક બલસૂદન ; કુવિચારો પર અંકુશ ન મૂકી શકતા દુઃસંગી વિષયી જગલ કે બલક ; વિલાસી રાજા શ્યેન કે રાજા એનસ્ ; છળકપટલીલા અને કાવાદાવામાં પ્રવીણ ઠગરાજ મહાલ કે મંત્રી મુહિર..... આ સર્વ પાત્રો એકસરખી અભિન્ન વિશેષતા કે વિચિત્રતા ધરાવતાં હોવાથી તથા અન્ય પાત્રથી કોઇ અસમાન જુદું તત્ત્વ ધારણ કરતાં ન હોવાથી, એકવિધ અને ક્વચિત શુષ્ક અને નીરસ પણ લાગે છે.

તેવી જ રીતે લેટુડા નગરી, ઉત્પુલકા નગરી, ભૂચીષ્ઠા નગરી, દંભન નગર, કુક્કુર નગરનાં વર્ણનોમાં પણ વૈવિધ્ય સધાતું નથી. વળી વાર્તાની વચ્ચે વચ્ચે આવતાં શ્યેનરાજ, મુદિમન્ રાજા, વિજયંત શેઠ, સતી સુવર્ણા, પ્રબુધ્ધ શેઠ, યશસ્યા....વગેરેનાં લાંબાં આત્મસંભાષણો પણ વાર્તાપ્રવાહને સ્થગિત કરે છે.

આ બધી મર્યાદાઓ હોવા છતાં, નામ પ્રમાણે ગુણ ધરાવતાં વિવિધ પાત્રોની પ્રસ્તુત કથા વ્યંજના દ્વારા નીતિમાહાત્મ્ય સફળરીતે ગવાયું છે અને કર્તાનો ઈષ્ટ ઉદ્દેશ પાર પડયો છે. "સરસ્વતીચંદ્ર"ના અપવાદ સિવાય જે યુગમાં વિશેષતઃ ઐતિહાસિક નવલકથાઓ લખાતી હતી, તે પંડિતયુગમાં "સતી સુવર્ણા" જેવી અદ્‌ભુતરસિક વીરરસથી સભર નીતિની મહત્તા ગાતી મૌલિક કથા રસપ્રદ શૈલીમાં આલેખાયેલી છે, તેની નોંધ લેવાવી જરૂરી છે.

"સુરેશચરિત્ર" :-

શ્રીમન્નૃસિંહાચાર્યજી કૃત "સુરેશચરિત્ર", કુલ ૪ અંક અને ૪૬ પ્રવેશમાં વહેંચાયેલું અનેકવિધ પ્રસંગોથી સમૃધ્ધ છતાં શિથિલ રચનાવાળું વીનતખ્તાલાયકી નાટક છે. નાટકની શુભ શરૂઆત કરતાં પહેલાં 'अर्पणपत्र' માં પ્રયોજેલી ઈશ્વરસ્તુતિ સમી નાન્દી -

"આ નાટ્યકાર્ય કરવા મતિ પ્રેર સ્વામી !
નિર્વિઘ્ન થાય સુખને યશ અંત પામી,
આવે સુશાંતિ જનને, દુઃખને વિરામી,
દેજો ગ્રહે સુમતિ, યાચું છું, મોક્ષ ધામી";[1]

નેપથ્યમાંથી 'त्राहि माम् त्राहि माम्'[2]નો અવાજ સંભળાતાં રક્ષણાર્થે પ્રવાસીનો પ્રવેશ થવો તથા યજ્ઞનારાયણકુંડ અને સદ્‌ગૃહસ્થોનું મંડળ જોઈ પ્રવાસીના પ્રશ્નના અનુસંધાનમાં ઋષિનો ખુલાસો થવો - "આ સૃષ્ટિમાં જન્મધારણ કરી મનુષ્ય પ્રાણીમાં શ્રેષ્ઠ વિચારવાન્ પુરુષ તથા સ્ત્રી, વ્યવહાર તથા પરમાર્થ એ ઉભય પક્ષની સિધ્ધિ કેવે પ્રકારે કરે છે, તેનું તાદેશ ભાન દૃષ્ટાના હૃદયમાં કરવા, આ સ્થળે નરભૂષણ મહારાજાધિરાજ સુરેશનું સુબોધકારક, મંગળમય અદ્‌ભુત ચરિત્ર નિરૂપણ કરાશે"[3] તેમાં "સુરેશચરિત્ર" નાટકની બંધાયેલી બીજભૂત માંડણી ; અને બાદમાં નાટકની પધ્ધતિસરની થતી શરૂઆત ; પ્રવાસીની હાજરીમાં "ચરિત્ર"ની ભજવણી થવી તથા

---

૧. "સુરેશચરિત્ર", પૃ. ૨

૨. "त्राहि माम् त्राहि माम्" એવા નેપથ્યમાંથી આવતા અવાજથી નાટકનો આરંભ કરવામાં કર્તાએ કાલિદાસના "अभिज्ञानशाकुन्तलम्" નું અનુકરણ કર્યું હોય તેમ લાગે છે. પરંતુ કાલિદાસના એ નાટકમાં રાજા "મૃગયા"ની રમત રમતાં નિર્દોષ એવા આશ્રમવાસી હરણોને હણી ન નાખે, માટે તપસ્વીઓ આવો અવાજ કરતા. પરંતુ પ્રસ્તુત નાટકમાંના ઋષિઓનું "त्राहि माम् त्राहि माम्" ઉચ્ચારણ અને તે નિમિત્તે પ્રવાસીનો થતો પ્રવેશ નાટયવસ્તુ જોતાં પ્રયોજનશૂન્ય અને અતાર્કિક લાગે છે.

૩. "સુરેશચરિત્ર", પૃ. ૫

પ્રવાસી અને ઋષિઓના વાર્તાલાપથી નાટકનો અંત થવો – વગેરે તત્ત્વો સંસ્કૃત નાટ્યપધ્ધતિને અનુસરતાં હોય એમ ભાસે છે એટલું જ, પણ સમગ્રતયા પ્રસ્તુત નાટકની ગતિ પરંપરાગત નાટ્યનિયમોથી સ્વતંત્ર અને સ્વેચ્છાનુસારી બની છે.

કર્તાની ઇચ્છા શુધ્ધ સાહિત્યિક કે તખ્તાલાયકી નાટક આપવાની નથી, પરંતુ લોકપ્રિય બનેલા નાટ્યસ્વરૂપમાં ગુહ્ય અને ગંભીર રહસ્યોને સમાવી લઇ સાધકને ઉપકારક એવી ચિંતનશીલ તથા વ્યવહાર અને પરમાર્થમાં ઉભયક્ષેત્રે સિધ્ધિ અપાવનારી સામગ્રી તેમાં સમ્મિલિત કરી લોકોનું તે તરફ ધ્યાન કેન્દ્રિત કરવાની છે. આમ કર્તા લોકભોગ્ય નાટ્યસ્વરૂપ લઇ તેમાં ભિન્નભિન્ન મનોરંજક તત્ત્વો ભેળવી, તેમાંથી પોતાને ઈષ્ટ તેવો સુબોધ આપવા તત્પર બન્યા છે. અહીં સુશ્લિષ્ટ પ્રસંગમાળા કે નાટકમાં અપેક્ષિત સંઘર્ષ, પરાકાષ્ઠા વગેરે તત્ત્વોને બળવવાનો સભાન પ્રયત્ન થયો હોય, તેમ જણાતું નથી. લેખકનું તેમ કરવાનું કોઇ ચોક્કસ પ્રયોજન પણ નથી. એથી શુધ્ધ નાટકની દૃષ્ટિએ પ્રસ્તુત ગ્રંથ સાવ શુષ્ક લાગે પરંતુ આમજનતાને કેન્દ્રમાં રાખી કર્તાએ હળવી શૈલીમાં ગંભીર સિધ્ધાન્તોને સરળરીતે રજૂ કર્યાં છે, તે દૃષ્ટિએ જ "સુરેશચરિત્ર"ની ચર્ચા થઇ શકે તેમ છે.

નાટ્યારંભે પ્રસ્તુત નાટકનો મુખ્ય નાયક રાજા સુરેશ અવિવાહિત હોય છે અને ચાર અંકને અંતે તે ચાર ચાર ગુણવતી શીલવતી સ્ત્રીઓનો પતિ બને છે. દરેક અંકમાં એક એક સ્ત્રીને સુરેશ સાથે પરણાવવાનું પ્રયોજન હોય તેમ ચારે અંકની યોજના જોતાં લાગે છે. વળી પ્રથમ અંકમાં સુરેશ રાજાની નગરીમાં અવ્યવસ્થા, અંધેર, લાંચરુશ્વત વગેરેનું ભારે પ્રમાણ જોવા મળે છે. પરંતુ રાજાની જાગૃતતા અને દક્ષતાને લીધે તથા સર્વ મુખ્ય સરદારો, મંડળેશ્વરો અને પ્રજાજનોના ઉમદા સહકારને લીધે રાજા સુરેશ સર્વ

ગુનેગારોને કડક શિક્ષા કરી, લોકોનો વિશ્વાસ પ્રાપ્ત કરી, છેવટે આદર્શ રાજય સ્થાપે છે. પ્રજ્ઞાવતી, દેવી, વિલાસિકા તથા છેવટે મહાદેવીની સાથે લગ્ન થતાં રાજા સુરેશ સર્વપ્રકારના દુન્યવી વૈભવી સુખો પ્રાપ્ત કરે છે પરંતુ તે સાથે તેઓ સર્વ પૂર્વજન્મ અને પ્રારબ્ધની સત્તાથી લગ્નગ્રંથિથી જોડાયાં છે અને તેમાં દિવ્ય ઈષ્ટસત્તાની કોઇ ગૂઢ રહસ્યમય યોજના છે વગેરેનો પણ કર્તાએ નાટ્યાંતે રહસ્યસ્ફોટનમાં ઉલ્લેખ કર્યો છે. મહામાયાની વિચિત્ર લીલાઓનો ખ્યાલ આપતાં કર્તાએ રાજા સુરેશના વ્યાવહારિક અને પારમાર્થિક વિકાસનો અને તેની સિધ્ધિનો પરિચય આપ્યો છે. "યથા રાજા તથા પ્રજા" એ ન્યાયે ધર્મિષ્ઠ, નીતિવાન્, ન્યાયી અને પરોપકારી રાજાની કાર્યદક્ષતા અને કુશળતાને લીધે પ્રજા પણ તેવી જ ધર્માભિમુખ બને છે. તદુપરાંત કર્તાએ ભૂતપ્રેત, વહેમ, જયોતિષશાસ્ત્ર, મંત્રશાસ્ત્ર, સંગીતવિદ્યા વગેરેની પણ ચર્ચા યથાયોગ્યસ્થળે કરી છે.

પ્રથમ અંકમાં સઘનપુરી નગરીના વિષ્ણુસેન રાજાની પુત્રી પ્રજ્ઞાવતી પલંગ સહ પોતાને ગાઢ અરણ્યમાં ચાર પ્રેત અને એક અઘોરી બાવાની વચ્ચે પડેલી જોઇ ગભરાઇને ઈષ્ટદેવની સ્તુતિ કરે છે, ત્યારે "હે પુત્રિ, નિર્ભય થા, દુષ્ટનો પરાજય થશે"એવી આકાશવાણી સંભળાય છે અને ઠીક સમયમાં પ્રારબ્ધનો પ્રેર્યો આવી પહોંચેલો રાજા સુરેશ અઘોરી બાવા સાથે યુધ્ધે ચઢે છે. શક્તિનું ખડ્ગ અને વર પામેલા રાજા સુરેશ પાસે અઘોરી બાવાના માંત્રિક પ્રયોગો નિષ્ફળ જાય છે. શિવ-શક્તિ પ્રગટ થઇને સુરેશ-પ્રજ્ઞાવતીને આશીર્વાદ આપે છે, પાતાળમાંથી વીણાનાદ કરતાં પ્રગટેલા નારદમુનિ બંનેનો હસ્તમેળાપ કરાવે છે. ત્યારબાદ રાજા સુરેશ મંત્રી-ઉપમંત્રીને આજ્ઞા કરે છે કે તેઓ સર્વ સરદારો અને મંડળેશ્વરોને તૃતીય પ્રહરના અંતમાં સભામંડપમાં બોલાવે. સભામંડપમાં રાજયની પ્રજા અને અધિકારીઓની વર્તણૂક તથા ફરિયાદો સાંભળવા તથા

રાજ્યની અંતર્ગત અને બહાર રહેલા દુશ્મનોને ઓળખી કાઢવા મુખ્ય સરદારોને કાર્યની યોગ્ય વહેંચણી કરી રવાના કરે છે. થોડાદિવસ બાદ રાજાને ચારેદિશામાં મોકલેલા અનુચરો પાસેથી પૂરતી માહિતી મળી રહે છે. ધર્મશાળામાં ઉતરેલા અને કોઇ ગૃહકલેશ જેવા અંગત કારણથી પ્રવાસે નીકળેલા બે ક્ષત્રિયોની મુલાકાતમાં, તેઓની શૂરવીરતા અને કુશળતા નાણી, તેઓના સ્વમાનને છાજે તેવું રાજયકાર્ય સોંપે છે, તો બીજી બાજુ પચીસ માણસોના ટોળામાંથી તેઓના પ્રતિનિધિ સમા બે વેષધારી ઠગોને બોલાવી તેઓને ધમકી આપી રાજસેવાના કાર્યમાં સાવચેતીપૂર્વક જોડે છે. તે લોકો શા માટે આવા છેતરપીંડીના ધંધા કરે છે તે જણાવતાં પેલો વેષધારી ઠગસાધુ કહે છે, "અમારા રાજ્યમાં અધિકારીઓ પોતાના સંબંધી વિના અન્યને લાંચ લીધા વિના નોકરી આપતા નથી, રાજા અસાવધ છે, પ્રજા અન્યાયથી પીડાય છે, સુખ સંપાદન કરવા અમને કોઇ ઉપાય ન જણાયાથી આ કાળમાં "પાખંડાः પૂજિતા લોકે સાધુર્નૈવચનૈવચ" એ કહેવત પ્રમાણે વિચિત્ર વેષધરી પ્રજામાં ફરવું અને પ્રસંગ આવ્યે હરેક યુક્તિથી દ્રવ્યપ્રાપ્તિ કરવી એમ વિચારી આ વેષ ધર્યો છે."[1]

તેવી જ રીતે ધર્મશાળામાં ઉતરેલા બે મહાત્માઓ સાથેનો સત્સંગનો લાભ પણ લેવાનું સુરેશ ચૂકતા નથી. માંત્રિક, તાંત્રિક અને યાંત્રિક એમ ત્રિવિધ પ્રયોગની સિધ્ધિને વરેલા મહાત્મા સાથે મારણાદિ પ્રયોગ વિશે ચર્ચા ઉદ્‌ભવે છે, તેમાં તે મહાત્મા કહે છે,

"સાધારણ માણસો જે મારણાદિ પ્રયોગ વિષે ભય દાખવે છે તે મિથ્યા છે ; કારણ મારણાદિ પ્રયોગ સિધ્ધ કરાવવા

---

૧. "સુરેશચરિત્ર", પ્રથમ અંક, પૃ. ૨૬

પ્રથમ ગુરુ અનેક પ્રતિજ્ઞાથી શિષ્યને બંધન આપે છે, તેમ જ પાત્રપરીક્ષા કર્યા વિના તેવા પ્રયોગ શીખવતા જ નથી ; કારણ કે તે સાધક તેવા પ્રયોગ સિધ્ધ કરીને અનેક જીવનું હિત વા અહિત કરવા સામર્થ્ય મેળવે છે. તેથી આ કાળમાં એ વિદ્યા કવચિત્ જ હોય છે."[૧]

– તો રાજા સુરેશ, ભોજનશાળામાં વિલંબ થતાં રાણી પ્રજ્ઞાવતી સાથે વર્તમાન રાજ્યવ્યવસ્થાની ચર્ચા કરતાં ભોગવૃત્તિની વાત પર ઉતરી પડે છે. આજે સર્વત્ર દુઃખનાં જ દર્શન થાય છે. તેનું મૂળ કારણ અજ્ઞાન છે. જે પ્રાપ્ત છે તેને જીવ સુખસંતોષથી માણતો નથી અને જે અપ્રાપ્ત છે અથવા મેળવવું દુષ્કર કે અશક્યવત્ છે, તેની વાસના સેવે છે. પ્રાપ્તભોગ સમીપ છે તેને દૃષ્ટિથી જુએ છે અને ચિંતન અન્ય ભોગનું કરે છે. તે પ્રાપ્તભોગ અપ્રીતિ છતાં પણ ભોગવે છે, તેથી ક્લેશ તથા રોગોત્પત્તિ થાય છે, તેમ જ અન્ય ભોગનું પ્રીતિપૂર્વક ચિંતન કરે છે. પણ તે પ્રાપ્ત નથી.

પ્રજા અને પ્રધાનોની હાજરીમાં – ભરી રાજ્યસભામાં – મુખ્ય સરદારો જ્યારે તપાસનો હેવાલ રજૂ કરે છે ત્યારે રાજા સુરેશ સમજી – વિચારીને તરત જ તેઓનું નિવેદન બંધ કરાવે છે અને પ્રધાનો કે પ્રજાની હાજરીમાં તે હેવાલ ન સાંભળતાં તેમની ગુપ્તસભામાં સાંભળવાનો આગ્રહ રાખે છે, તે સુરેશની રાજનિપુણતા અને વ્યવહારકુશળતા સૂચવે છે.

પ્રથમ અંકમાં, શક્તિદેવીના આશીર્વાદનો કૃપાપાત્ર રાજા સુરેશ પ્રવૃત્તિશીલ પરોપકારી શૂરવીર છે તેમ જ પોતાની હદમાં રહેતા ભિન્નભિન્ન પ્રકૃતિવાળા પરદેશીઓ પાસે યથાસન્માનથી કામ લેવામાં કાર્યકુશળ રાજનીતિજ્ઞ છે, તો તે સત્સંગી સંતોની

---

૧. "સુરેશચરિત્ર", પ્રથમ અંક, પૃ. ૩૧

સાથે જ્ઞાનચર્ચા કરવાનો મોકો કદી જવા દેતો નથી અને પ્રસંગે રાણી સાથે પણ ગંભીર તત્ત્વચર્ચામાં ડૂબી જાય છે. આમ અત્રે સુરેશનું બહુમુખી પ્રતિભાવાળું તેજસ્વી પાત્ર જોવા મળે છે.

દ્વિતીય અંકમાં, વનયાત્રા નિમિત્તે નીકળેલો રાજા, વૃક્ષ પર લટકતી અને તત્ત્વજ્ઞાનના પ્રશ્નો પૂછતી પંદર વર્ષની સુંદર તાપસી બાળાને જોઇ આશ્ચર્ય પામે છે. તેજસ્વી પ્રકાશની વચ્ચે "તું તારા હસ્ત વૃક્ષથી મુક્ત કર, તારી તપશ્ચર્યાનું ફલ સમીપ છે" – આકાશવાણી થતાં, રાજા પેલી કન્યાને દિવ્ય આસન પર ધ્યાનમુખમુદ્રામાં બે હસ્ત જોડી મહેશ્વરની પ્રાર્થના કરતી ઊભેલી જોઇ વધુ આશ્ચર્ય અનુભવે છે અને તેને કુતૂહલથી પ્રશ્નો પૂછે છે ત્યારે તે જણાવે છે કે તેને હાલ ચાર જન્મની સ્મૃતિ છે તથા શક્તિમાતાના આશીર્વાદ મુજબ તે સર્વલોકમાં સતીમાં શ્રેષ્ઠ છે. કારણ કે દરેક જન્મમાં તેને એક જ પતિ નવા સજાતીય જન્મ લઇ વરે છે. તાપસી કન્યા રાજાને તેના ચારે જન્મની વિગતે વાત કરે છે.

ચતુર્થ જન્મમાં તે દેવકન્યા તેના દિવ્યસ્વરૂપવાળા પતિ સાથે અનેક ભોગો ભોગવતી હતી ત્યારે એકવાર આનંદ વાટિકામાં નંદી સહ શિવશક્તિ ઉતરતાં તેઓ તેમની પ્રેમપૂર્વક સ્તુતિ કરે છે. પ્રસન્ન થયેલાં શિવશક્તિ બંનેને વર માગવાનું જણાવતાં પતિદેવ વિનંતી કરે છે, "~~મારો વાસ્તવસ્વરૂપમાં પુનરાવૃત્તિ રહિત થાય~~ દરેક જન્મમાં જ્યારે જ્યારે ઇચ્છા થાય "તે તે સમયે આપ કૃપાળુ એ દર્શન આપી સહાય થવું."[1] ત્યારબાદ શક્તિદેવી પાસે પત્ની વર માગે છે, "હવે પછી થનારા, સ્વરૂપે લય પર્યંતના, દરેક જન્મમાં પૂર્વજન્માદિનું યથાર્થ સ્મરણ રહે એ, અને બીજો વર એ આપો કે મને કોઇપણ મોહક પદાર્થ મારી ઇચ્છા વિના તેની પ્રબળ સત્તાથી મોહની ઉત્પત્તિ કરે નહીં,

---

૧. "સુરેશચરિત્ર", દ્વિતીય અંક, પૃ.૪૮

અર્થાત્ મોહ કે જેણે આખા વિશ્વને લીન કર્યું છે તે ઉપર મારી સત્તા ખરી, પણ મારી ઉપર તેની સત્તા નહીં ; અને સંકટવેળા સ્મરણ કરું ત્યારે આપનું વિઘ્નહર દર્શન હે કૃપાળુ માતા ! મને આપજો." શિવશક્તિ મુક્ત હાસ્ય સાથે વરદાન આપી ચાલ્યાં જાય છે. એકવખત તેઓના સુખમંદિરમાં એક પ્રહર રાત્રી વ્યતીત થયા પછી, સંગીતનિપુણ ગંધર્વો તથા નૃત્યપ્રવીણ ગંધર્વકન્યાઓએ હાવભાવથી પ્રકટ કરેલા સંયોગશૃંગારમાં આ બંને લીન થઇ ગયાં હતાં ત્યારે ભ્રમણ કરતાં એક વાતાહારી ઋષિ દેવમંદિરમાં આવી ચઢે છે અને નાદલુબ્ધ સ્ત્રીપુરુષને જોઇ સંકલ્પ કરે છે કે આ બંને એ નાગલોકમાં જન્મ લેવો જોઇએ.

આથી તત્ક્ષણ તેઓનાં શરીર નાગલોકને ઉચિત એવાં યુવાવસ્થાવાળાં અને દિવ્ય થયાં. આ તૃતીય જન્મમાં નાગલોકાધિપતિ શેષભગવાને પણ તેઓનું અધિક સન્માન કરી ઉત્તમ ભવન, આકર્ષક વસ્ત્રો, સેવકો, તેજસ્વી મણિ વગેરે વિભવો આપ્યા. સ્ત્રીને પૂર્વજન્મની સ્મૃતિ હોવાથી તે તેના પતિને આમ થવાનું કારણ સમજાવતી. અહીં પણ તેઓ એકસમયે નાચગાનમાં તલ્લીન હતાં ત્યારે માનની અપેક્ષાએ આચાર્યના તપસ્વી પુત્રનું આગમન થયું. પરંતુ આ બંને મોહવશ અને અવિવેકી જણાતાં તેણે સંકલ્પ કર્યો કે તેઓ બંનેનો જન્મ ગંધર્વલોકમાં થાય.

દ્વિતીય જન્મમાં તેઓ તે લોકને અનુકૂળ એવું દિવ્ય યુવાન શરીર ધારણ કરી પ્રવેશે છે ત્યારે ગંધર્વલોકનો રાજા વિતીશુ તેઓનું અનેક વૈભવો આપી સન્માન કરે છે. તેઓને વાદ્ય, નૃત્ય, ગીત વગેરેમાં આ લોકની સર્વોપરિતા જણાવા લાગી. તેથી તેઓ વધુ મોહવશ અને આનંદવિભોર બનવા લાગ્યાં. એક દિવસ તેઓ અત્યંત પ્રશંસાપાત્ર એવા વ્યંકટાચલ નામના ગિરિમાં વિમાનમાં બેસીને ગયાં. ધાતુમય એકવીશ શિખરોથી શોભતા

એ ગિરિમાં પ્રત્યેક શિખરની નીચે વિશાળ ચોક હતો. તેની આસપાસ નાનાં નાનાં વસોથી પણ વધારે શિખરો હતાં. શિખરની મહાગુફામાં પ્રત્યેક સિધ્ધનું અંતરે અંતરે સ્થાન હતું. આસપાસનાં સ્થાન જોતાં તેઓ શીતળ અને સુગંધમય જળવાળા તથા ચોપાસથી વ્યવસ્થિત બાંધેલા અને અંદર ઉતરવા માટેની પથારની વ્યવસ્થાવાળા મણિમય જળના કુંડ પાસે સ્નાનની ઇચ્છાથી ઉતર્યાં.[1] પછી તો શૃંગારમય આહ્લાદક વાતાવરણમાં પતિએ તેને આજ્ઞા કરી કે,

"તું તારે અનુપમ આલાપયુક્ત ગાયન કરી પ્રથમ વિરહિણી સ્ત્રીની, કામપ્રવેશના આરંભથી પતિવિયોગની દુઃખદ સ્થિતિ સુધીનું યથાર્થસ્વરૂપ દર્શાવ ; પછી કામદેવના સંપૂર્ણ પ્રવેશથી અધૈર્યને પ્રાપ્ત થયેલી સુશીલાને તત્કાળ તેના પતિના સંયોગથી થતી સુખમય સ્થિતિનું યથાર્થ ભાન થાય એ પ્રમાણે હાવભાવ દેખાડી મને આનંદની ઉત્પત્તિ કર. વિશ્વમોહિનિ ! આ લોકને પામી મને આ તારા સુસ્વર ગાયનથી ઉત્પન્ન કરી મારી કામના સંપૂર્ણ કર, એ જ મારી અવશેષ ઇચ્છા છે."[2]

સિધ્ધાશ્રમોના સમીપ આવી અનવધિ કામમોહાદિકની અમર્યાદ ઉત્પત્તિ કરનાર આવાં સંગીત-નૃત્યથી તેનું પરિણામ કેવું ભયંકર આવશે, તેની સ્ત્રી કલ્પના કરી શકતી હતી, પરંતુ બીજી બાજુ પતિ-આજ્ઞા હતી. એટલે સાવચેતીપૂર્વક તેણે નૃત્ય શરૂ તો કર્યું પણ અતિ અલ્પસમયમાં સમગ્ર વાતાવરણ માદક બની ગયું. વિલાસને અર્થે આકાશમાર્ગે એક સ્થાનથી બીજે સ્થાને

---

૧. કુંડની શોભાનું વર્ણન જુઓ – "સિધ્ધ પુરુષોના શિષ્ય કમંડલું લઇ એ કુંડમાં જળ લેવા આવતા, ત્યારે પાછા ગુરુ સમીપ જતી વેળા વૃત્તિયોએ બળાત્કારે પાછી વાળતા ; અર્થાત્ એ સ્થાન નિર્વિષયિત્યાગિને પણ મોહ ઉત્પન્ન કરનાર હતું, તો અન્ય સંયોગિવિષયાસક્તને અતિપ્રિય હોય એમાં આશ્ચર્ય શું ?" (પૃ.૫૮)

૨. "સુરેશચરિત્ર", દ્વિતીય અંક, પૃ.૫૯

ભ્રમણ કરનારા યક્ષ, ગંધર્વ, કિન્નર, નાગ, દેવ, વિદ્યાધર આદિ અનેક લોકનાં પ્રાણી સ્ત્રીના નાદમાં લુબ્ધ થઇ ત્યાં જ સ્થિત થયા. શિખરોમાં નિવાસ કરતા વ્યુત્થાનદશાના સિધ્ધોની સુતાં પણ સ્ત્રીના નાદમાં આકર્ષાવા લાગી. અને આ બાજુ પતિ પણ વધુ વિહ્વળ અને કામાતુર બની સ્ત્રીને આલિંગવા ધસવા લાગ્યો. ભયંકર ભાવિ પરિણામના ખ્યાલથી સ્ત્રી તેને દૂરને દૂર રાખવા પ્રયત્ન કરતી, તેમ છતાં પુરુષ તેનો પીછો ન છોડતો. પવિત્ર સ્થાનમાં આવી અમર્યાદ વર્તણૂક જોઇ એક સિધ્ધે ક્રોધમાં સંકલ્પ કર્યો કે, "હે દુર્બુધ્ધે ! કામાસક્તિ વડે, બ્રહ્માદિકથી પણ રક્ષાએલી એવી ઈષ્ટ મર્યાદાનો લોપ કરી આ સિધ્ધોના પવિત્ર સ્થાનમાં સ્ત્રી સહ પ્રવેશ કરી સંપૂર્ણ વિરક્ત પુરુષોના ચિત્તને ક્ષોભની ઉત્પત્તિ કરનાર કાર્યની ઉત્પત્તિ કરતો છતો સ્ત્રીમાં આસક્ત થઇ, સૂર્યાદિક દેવોની મર્યાદાનો પણ ભંગ કરવા ઈચ્છતો એવો તું મૃત્યુલોકમાં સ્ત્રીના ગર્ભમાં આ ક્ષણે પ્રવેશ કર, અને ત્યાં જન્મી યથેષ્ટ ભાવી ભોગને ભોગવ."[૧]

તે જ ક્ષણે તે સ્ત્રીનો પતિ સિધ્ધના શાપબળથી મૃત્યુલોકમાં ગર્ભાવસ્થાને પામ્યો. સિધ્ધના ભયથી સર્વ દેવો પણ વિમાનમાં ચૂપકીદીથી ચાલ્યા ગયા. એકલી પડેલી તે સ્ત્રીએ સદાશિવના પરમભક્ત નારદમુનિનું સ્મરણ કર્યું. તેમણે પ્રગટ થઇ આશ્વાસન આપ્યું કે મૃત્યુલોકમાં પણ એ જ પતિ સાથે તેનો તે વિવાહ કરાવશે. મહાશક્તિનું સ્મરણ કરતા તેઓ પ્રગટ થયા અને તેનો પતિ કયારે પ્રાપ્ત થશે, તે સમજવતાં તે ત્રિકાળજ્ઞાની દેવીએ જણાવ્યું કે પૂર્વે અનેક જન્મમાં તેની સાથે પ્રધાન સખી ભાવથી રહેનારી એક કન્યાએ મહેશ્વરની આરાધના કરી એવો વર માગ્યો હતો કે અમુક પુરુષનું

---

૧. "સુરેશચરિત્ર", દ્વિતીય અંક, પૃ. ૬૧

તેને પતિભાવે સ્વતંત્ર સુખ મળે. આસુતોષ શિવે તેને આવું વરદાન તો આપ્યું પણ ભાવિનો ખ્યાલ રાખીને કહ્યું કે મૃત્યુલોકમાં તેને સ્વામીનું સંપૂર્ણ સુખ તો મળશે પરંતુ તેમાં સ્વતંત્ર સુખ તો થોડો કાળ જ મળશે. મહાશક્તિ પેલી સ્ત્રીને જણાવે છે કે તેનો પતિ હવે મૃત્યુલોકમાં જન્મી ચૂકયો છે, પેલી કન્યા પણ અવતરી ચૂકી છે. તેથી તેને અલ્પસમય માટે કૈલાસમાં તેમની સાથે રહેવું. થોડોક સમય બાદ તે મહામાયાશક્તિ તે સ્ત્રીને અમૃતમય વૃક્ષની ડાળી પર પતિસ્મરણ કરતાં લટકી રહેવાનું જણાવે છે. અને આકાશવાણી થાય ત્યારે જ તે વૃક્ષની ડાળી છોડવાનું પણ કહે છે.

મૃત્યુલોકમાં રાજા સુરેશ સાથે પોતાના પૂર્વજન્મનો વૃત્તાંત સંભળાવતી સ્ત્રી, કોઇ દિવ્ય હર્ષને અનુભવે છે. એવામાં તેજસ્વી પ્રકાશ સાથે આકાશવાણી થાય છે – "હે પુત્રિ ! એ જ તારો પતિ છે, તું નિઃસંશય થા." બંનેનાં શરીર પર ઉત્તમ વસ્ત્રો જણાય છે તથા આકાશમાંથી પુષ્પવૃષ્ટિ પણ થાય છે. એવામાં વીણાનાદ કરતા નારદમુનિ પધારે છે, બંનેનું લગ્ન કરાવે છે તથા આશીર્વાદ આપીને જાય છે. જે વૃક્ષને સ્ત્રી વળગી રહી હતી, તે વૃક્ષ પણ હવે તો અદૃશ્ય થયેલું જણાય છે. બંને જણાં માંગલિક ઉચ્ચારણ સાથે રાજમહેલમાં પ્રવેશે છે.

રાજા સુરેશ એટલો બધો વ્યવહારકુશળ અને સ્ત્રીદાક્ષિણ્યવાળો છે કે બંને રાણીઓમાંથી કોઇને પણ ખરાબ ન લાગે અને તેઓ વચ્ચે નાહકની હુંસાતુંસી ન થાય એ રીતે એકસરખું સન્માન આપે છે. પરંતુ ઉદાર પ્રજ્ઞાવતી તો નવી આગંતુક રાણીનું "દેવી" નામાભિધાન પણ કરે છે તથા આત્મીયતાથી કહે છે, "અંતઃપુરમાં મારે તમારી સરખી સખી નહોતી ; તે મારી ઇચ્છા સંપૂર્ણ થઇ."[1] યોગ્ય સમયે

---

૧. "સુરેશચરિત્ર", અંક ૨, પૃ. ૬૬

નગરપ્રવેશ કરવા માટે રાજા જ્યોતિષીને મુહૂર્ત કાઢવા બોલાવે છે ત્યારે બંને વચ્ચે જ્યોતિષશાસ્ત્ર, તેનું પ્રામાણ્ય, લોકોમાં તે શાસ્ત્ર વિશે શ્રધ્ધા વગેરેની ચર્ચા ચાલે છે. હવે તો જ્યારે જ્યારે રાજા અને બંને રાણીઓ ભેગાં થાય છે ત્યારે વિચારવિનિમય કરતાં તેઓ કાવ્યકલ્લોલ પણ કરે છે. આ બાજુ રાજાની ઇચ્છા પ્રમાણે સમગ્ર નગરીને સુશોભિત કરવામાં આવી છે. પ્રવાસી ચારણ રાજા સમક્ષ સુવર્ણમય કળશો, સ્તંભો, વિવિધ વાદ્યો, રંગબેરંગી અટારીઓ, બારીઓ, પુષ્પના હાર....વગેરેનું કવિતામાં વર્ણન કરે છે તેના પરથી નગરીની શોભાનો ખ્યાલ આવે છે. ઉત્સવઘેલી પ્રજાનું પણ ચારણપ્રવાસી અચ્છું ચિત્ર દોરે છે. વળી,

> "અરે કહું શોભા શી પુરની, દુઃખિયા જન પણ મ્હાલે,
> નવો સાડલો પેહેરી ડોશી, લાકડી ઝાલી ચાલે.
> વૃધ્ધો પણ રંગીલા થઇને, મોં મલકાવી ફરતા,
> નિજ બાળકના વિવાહથી, પણ ઉમંગ અધિકો ધરતા."[1]

જેવી પંક્તિઓમાં તો પ્રેમાનંદીય હાસ્યરસ પણ ડોકાય છે ! સભાગૃહમાં રાજા સુરેશના પ્રવેશ બાદ પ્રધાનની આજ્ઞાથી ગાયક "પિયુ બિન કોન હરે, પીરા, પિયુ બિન કોન હરે" ગીત ગાય છે. પછી રાજા ગાયક સાથે સંગીતશાસ્ત્રની સૂક્ષ્મ ચર્ચા કરે છે તેમાં સુરેશ "સંગીતપ્રવીણ" પણ લાગે છે.

દ્વિતીય અંકમાં, ઘટનાની દૃષ્ટિએ તેનું મહત્ત્વ રાજા સુરેશની બીજી રાણી "દેવી"નો ચાર જન્મ સહ પરિચય કરાવ્યો છે, તે સિવાય અન્ય નથી. દેવીના ચમત્કારપૂર્ણ શૃંગારિક પૂર્વજન્મોના વૃત્તાંતથી રાજા સુરેશના પૂર્વજન્મો પણ સ્પષ્ટ થાય છે તથા પૂર્વજન્મમાં દેવીની એક પ્રધાન સખીએ મહેશ્વરની પ્રસન્નતા પ્રાપ્ત કરી,

---

૧. "સુરેશચરિત", અંક ૨, પૃ. ૮૨

સ્વતંત્ર પતિગુણ માગ્યું, તે સણી તે પ્રજ્ઞાવતી એમ રહસ્યસ્ફોટન પણ થાય છે. પ્રજ્ઞાવતી અને દેવીનું રાજા સુરેશ સાથે લગ્ન થવું એ કોઇ સુભગ અકસ્માત નથી પરંતુ પૂર્વજન્મના પ્રસંગો તે સવને માટે જવાબદાર છે.

ત્રીજો અંક પ્રમાણમાં વધુ ગતિશીલ અને વિગતપ્રચુર છે. સુરેશ રાજાના પૂર્વ દિશાના સંસ્થાનમાં કોઇ અનિષ્ટ તત્ત્વ ત્યાંની પ્રજાને પીડે છે, એવી ફરિયાદ આવતાં રાજા મંત્રશાસ્ત્રીને બોલાવે છે. મંત્રશાસ્ત્રી કરેણની કલમથી ભૂર્જપત્ર ઉપર એક યંત્ર લખી, જમીન પર ઊંધું મૂકી, તે પર ભારે વજન રખાવી ત્યાં મંત્ર ભણતા જાય છે. પરિણામે બે ઘટિકા પછી ભારે ગડગડાટ સાથે પ્રચંડ શરીરવાળો એક પિશાચ "મને મુક્ત કરો, અરે ! મને છોડો"ની બૂમો પાડતો રાજસભામાં હાજર થાય છે. મંત્રશાસ્ત્રી તેને શાંત કરે છે તેથી રાજા પિશાચ સાથે તે લોકોની સૃષ્ટિ, વ્યવહાર, કાર્યપધ્ધતિ વગેરેની ચર્ચા કરે છે. પ્રેતપિશાચનો ઉપાસક લુપ્તાવતીનો રાજા વિબુધનો પ્રેરેલો તે પિશાચ પ્રજાને હેરાન કરતો હતો તેમ કબૂલે છે. મંત્રશાસ્ત્રી પિશાચને આઠ દિવસે રાજાના દર્શને આવવાનું તથા રાજાની આજ્ઞા પાળવાનું ફરમાવી, વિદાય કરે છે.. મંત્રશાસ્ત્રીની સૂચના પ્રમાણે રાજા ભોજન, દાન વગેરે વિધિ પણ કરે છે. આ અંકમાં પણ રાજા અને બંને રાણીઓ વચ્ચેના કાવ્યકલ્લોલ તથા જ્ઞાનચર્ચા ઠીકઠીક ભાગ રોકે છે.

એવામાં પર્યટનપુરીનો રાજા વિપર્યયવમાં છત્રપતિ સુરેશનાં કેટલાંક સંસ્થાનોમાં લૂટ ચલાવે છે તેવા સમાચાર મળતાં રાજા યુધ્ધની તૈયારી કરે છે. પોતે પહેલી જ વાર યુધ્ધમાં જતો હોવા છતાં તેને તેનો ક્ષોભ-સંકોચ કે ડર નથી પરંતુ સામે પક્ષે વિપર્યયવમાં છળકપટવાળો તથા અધર્માચરણી છે તેથી શુદ્ધ પરાક્રમી ક્ષત્રિય યોધ્ધા સાથે લડવાનું નથી, તેનું સુરેશને દુઃખ છે. તે રાણીઓને આશ્વાસન

આપતાં સ્વસ્થતાથી કહે છે, "રણભૂમિ ક્ષત્રિયપુત્રને રંગભૂમિથી પણ અધિક પ્રીતિપાત્ર અને સુખકર છે."[૧] વળી મંત્રશાસ્ત્રી કે દૈવીશક્તિની આમાં સહાય લેવાની રાણીઓની દરખાસ્તને પણ તે નકારી કાઢે છે. બીજે પક્ષે મદોન્મત્ત રાજા વિષયંધવમાને રાજ્યના આચાર્ય યુદ્ધે ન ચઢવાની સલાહ આપે છે તથા રાજા સુરેશની મહત્તા, શૂરવીરતા, ધર્મપરાયણતા અને દેવોની સહાયતાને વર્ણવે છે, તો પણ ગર્વિષ્ઠ વિષયંધવમાં આચાર્યનું ભયંકર અપમાન કરી, "બ્રાહ્મણ તે બ્રાહ્મણ, તમે માત્ર ભોજન કરવામાં જ નિપુણ છો" કહેતાં અચકાતો નથી. રાણી ઉન્મતિ પણ પતિદેવને અનર્થકારી પ્રવૃત્તિ કરતાં રોકે છે તથા દક્ષિણ અંગનું ફરકવું, હૃદયનું કંપવું વગેરે માનશુકનો પણ પોતાને થાય છે તેમ જણાવે છે ત્યારે અભિમાનમાં ચકચૂર સત્તાલોભી રાજા તેને પણ સંભળાવી દે છે, "અંગનું ફરકવું એ પ્રકોપને પામેલા અર્ધાંગ વાયુનું લક્ષણ છે, અને રણના શ્રવણથી હૃદયકંપ થવો, એ સ્ત્રીના કોમળ હૃદયનો સ્વભાવ છે."[૨] નગરજનો પણ યુદ્ધના ભણકારાને પોતાની ઢબે જે રીતે વર્ણવે છે તે દૃષ્ટિકોણ પણ રસપ્રદ લાગે છે. પર્યટનપુરીના વેપારીઓની ચર્ચા તેનું આ એક દૃષ્ટાંત છે –

"૩ પુરુષ – ઓ સાહુકાડો ! સી ભંજગર ચાલી છે ?
૨ પુરુષ – (તેનો હાથ ખસેડતાં) જાવું હવે, ઢીરે બોલ ઢીરે.
૧ પુરુષ – એટો આ જુઢનું કામ ચાલે છે, ટેની સહેજ વાટો.
૩ પુરુષ – હા, હા સમજયો ; પન આ વખટનું કામ વિપડીટ છે.
૧ પુરુષ – હા, વિપડીટ છે ! ટાડા બાપનું ટોચરૂ. સાહુ સમજ પાકીની વાટ કડે ઠે ના ગમે.

---

૧. "સુરેશચરિત્ર", તૃતીય અંક, પૃ. ૧૦૫
૨. "સુરેશચરિત્ર", તૃતીય અંક, પૃ. ૧૦૮

૩ પુરુષ – અરે ! બહુંએ સમજીએ છ. ચારે ડારે સંભલશો.
૨ પુરુષ – અરે આજે સંડેસો આવ્યો છ. છટ્ટરપટ્ટીની ટોપો ગોઠવાઇ છે.
૧ પુરુષ – ટારે ઘેર કાગલ આવ્યો છે ? સાલા ગપ થોકતાં બીહીટો નહીં ?
૪ પુરુષ – કેટલીક વાત સંભળ્યા પછી ? અલ્યા ઓ મૂલસા ! સાલા ટારા ભાનામાં હુલ નંખવા બેઠો છ ? આ તો સાલા લુચ્ચા ચોત્તા છે.
૩ પુરુષ – અલ્યા ઓ સાહુકાડના ! ટાડા પેતમાં હુએ છે ?"[1]

"ર" ને બદલે "ડ", "ત"ને બદલે "ટ", "ળ"ને બદલે "લ", "સાલા " શબ્દનો છાશવારે થતો પ્રયોગ, વાતચીતમાં જ વપરાતી કહેવતો અને રૂઢિપ્રયોગો તથા રમૂજી હાસ્યને લીધે વાતોનાં વડાં કરતી વેપારી વાણિયાની બોલી કર્ણપ્રિય લાગે છે.

છત્રપતિ રાજા સુરેશ યુધ્ધે ચઢવાની તૈયારી કરે છે ત્યારે વિરહવેદના માટે બિલકુલ અતત્પર રાણીઓ – વિશેષતઃ દેવી – તેઓને પણ સમરાંગણમાં લઇ જવા આગ્રહ કરે છે. આથી સુરેશ મધ્યમમાર્ગ કાઢે છે કે તેઓને રણભૂમિ પાસેના પોતાના સંસ્થાનમાં ઉતારો કરાવશે, જેથી પાછા વળતાં માર્ગમાં વધુ વિરહ સહન કરવો ન પડે. આ નિર્ણયથી બંને રાણીઓ પ્રસન્ન થાય છે તથા વિધિપૂર્વક રાજા સુરેશને વિદાય કરે છે. આ બાજુ વિપર્યયવર્માને તેનો ગુપ્તમંત્રી શત્રુની સર્વ તૈયારી જોયા બાદ યુધ્ધ ન કરવાની સલાહ આપે છે. વિપર્યયવર્મા તેની સલાહ માનતો નથી અને બે પ્રહર સુધી પોતાના સ્થાન પર ન આવવાની આજ્ઞા આપી, તેને વિદાય કરે છે. પરંતુ વાસ્તવમાં તો તે પણ અંદરથી ગભરાતો હોય છે.

---

૧. "સુરેશચરિત્ર" તૃતીય અંક, પૃ. ૧૨૧

"અરેરે ! ધારેલો મનસુબો મનમાં જ રહ્યો. એને રણમાં મારવો કઠિણ તો છે, પણ જો પાછા નાસું છું, તો મારી હાંસી થાય છે ; અને યુધ્ધે ચઢું છું તો પ્રાણ જાય છે. અરે ! મેં સ્ત્રીનું પણ ન માન્યું, આચાર્યનું પણ ન માન્યું અને ઉન્મત્તપણે આ કાર્ય આરંભ્યું. હવે શું કરવું ? કાંઇ સુજતું નથી."[૧]

છેવટે તેના સ્વભાવ પ્રમાણે તે છળનો ઉપયોગ કરવાનું વિચારે છે અને રાત્રેને રાત્રે પાસેના જંગલમાં સિધ્ધ પાસે જઇ, જૂનું વચન યાદ દેવડાવી સહાય કરવા તેને વીનવે છે. સિધ્ધ આવાં કાર્યોમાં પડવાની ના પાડે છે ત્યારે વિપર્યયવર્મા રડી પડે છે અને "પ્રાણત્યાગ કરશે" તેવી ધમકી પણ આપે છે. આથી દયા આવતાં સિધ્ધ તેને એક પાતરામાં પડીકું વાળી આપીને કહે છે, "બચ્ચા ઇસકા એકાંતમેં જાકે ધૂપ દેના. જબ ધૂપ જલેગા તબ એક દેવતા તેરે સમીપ આવેગા. સો એક હી કામ કરેગા. તેરી ઇચ્છા હોય સો તિનકું સોપના."[૨] આભારવશ બનેલો રાજા સિધ્ધને બદલામાં મોતીનો હાર ધરે છે, ત્યારે સિધ્ધ મર્માળુ હસતાં કહે છે કે તે બધું તો તેમને માટે મિટ્ટી બરાબર છે. આમ રાજા વિપર્યય ઉંફાસી અને ડરપોક છે પણ સાથે મૂર્ખ છે. સિધ્ધને મોતીનો હાર આપતો તે હાસ્યાસ્પદ લાગે છે. વિપર્યય એકાંતમાં જઇ સિધ્ધ પુરુષે કહયું હતું તે પ્રમાણે એકાંતમાં ધૂપ કરે છે, એટલે કોઇ અદ્રેશ્ય અવાજ "કયા કામ હૈ" સંભળાતાં વિપર્યય સુરેશરાજાની બંને રાણીઓને ધન્વિપ્રાંતના જિહ્મનગર પાસેના જંગલના ઉજ્જડ કિલ્લામાં મૂકી આવવાનું કહે છે. પ્રજ્ઞાવતી અને દેવી આંખ ખોલતાં પોતાને એકાંત ભયાનક જંગલમાં જુએ છે ત્યારે વધુ ભયભીત બને છે. મહેલમાંથી

---

૧. "સુરેશચરિત્ર", "તૃતીય અંક", પૃ. ૧૨૮
૨. "સુરેશચરિત્ર", "તૃતીય અંક", પૃ. ૧૩૦

અદૃશ્ય થયેલી રાણીઓને જોઇ, રાજા સુરેશની પણ તેવી જ વિહ્વળ સ્થિતિ થાય છે અને તેની "પ્રિયાઓને અભય આપીને સંધ્યાકાળ પર્યંતમાં જે દુષ્ટ વિપર્યયનું હૃદય વિદારવાની" તત્કાળ પ્રતિજ્ઞા લે છે. આઠ દિવસની અવધિએ રાજાના દર્શન નિમિત્તે આવેલો પિશાચ રાજાને સહાયભૂત થાય છે તથા પોતાની શક્તિથી રાજાને જિહ્મનગર પાસેના ઉજ્જડ કિલ્લામાં મૂકી આવે છે, અને બંને રાણીઓ તથા રાજાને તે કિલ્લામાંથી તેઓના મહેલમાં પાછાં લઇ આવે છે. આ પક્ષે વિપર્યય રાજાની ગેરહાજરીમાં રાણી ઉન્મતિ તથા પુત્રી વિલાસિકા રાજાને યુદ્ધે ન ચઢવાની વારંવાર વિનંતી કરે છે. પરંતુ તે માનતો નથી. આથી યુદ્ધમાં તે મૃત્યુ પામે છે. વિધવા બનેલી રાણી ઉન્મતિ સુરેશને પોતાને પણ ખડ્ગથી મારવા જણાવે છે ત્યારે તે વિનયવચનો ઉચ્ચારે છે, "મહાઅપરાધવાળી પણ સ્ત્રીજાતિને ન મારનાર હું તમો નિરપરાધ અબળાને શા માટે મારૂં ?"[1] ખિન્ન રાજા તો અનાથ બનેલી ઉન્મતિને જે કંઇ માગવું હોય તે માગવા જણાવે છે. પ્રતિજ્ઞાવશ બનેલા રાજા પાસે વ્યવહારકુશળ ઉન્મતિ પુત્રી વિલાસિકાનો હસ્ત ગ્રહણ કરવા જણાવે છે. વિલાસિકા પણ રાજાને પતિભાવથી જુએ છે અને અન્યને ન પરણવાનો નિશ્ચય કરી બેસે છે. આથી રાજા મૂંઝાય છે. પરંતુ વિલાસિકા રાજાની બંને પ્રિયારાણીઓની સંમતિ લઇ આવે છે, તેથી પ્રતિજ્ઞાવશ સુરેશ બીજી સ્ત્રીને – વિલાસિકાને – પરણવા તૈયાર થાય છે. રાણી ઉન્મતિ પુત્રીને આશીર્વાદ આપે છે,

"સુખરૂપ રહેજે હું બેહેન ! આ ઋણીના સંગમાં,
ઋણી સહ કરજે પતિસેવ, સદા વસી રંગમાં."[2]

આવા શુભપ્રસંગે સુરેશ તથા દેવી શિવ-પાર્વતીની સ્તુતિ કરે છે ત્યારે મહામાયાસહિત મહાદેવ સર્વને દર્શન આપવા પધારે છે.

---

૧. "સુરેશચરિત્ર", તૃતીય અંક, પૃ. ૧૬૮
૨. "સુરેશચરિત્ર", તૃતીય અંક, પૃ. ૧૭૩

મહાદેવ પોતાના હાથની છડી મારીને મૃત્યુ પામેલા રાજા વિપર્યયને જીવંત કરે છે તથા શુધ્ધભાવને પણ પમાડે છે. વિપર્યય પોતાની ભૂલનો પસ્તાવો કરે છે અને પોતાના જ નગરમાં ધામધૂમથી પુત્રી વિલાસિકાનો લગ્નવિધિ પતાવે છે. આમ કરુણાંત બનવા જતો તૃતીય અંક રાજા વિપર્યયના પુનર્જીવનથી સુખાંત બને છે.

તૃતીય અંક, ચારે ય અંકમાં વધુ વિસ્તારવાળો - ૨૬ પ્રવેશવાળો - અને ઘટનાપ્રધાન બન્યો છે. પ્રથમ બે અંકમાં આવતા જ્યોતિષશાસ્ત્રી કે સંગીતશાસ્ત્રી અથવા ગાયકની માફક આ અંકનો મંત્રશાસ્ત્રી માત્ર તેના શાસ્ત્રની શુષ્ક ચર્ચા કરવા માટે જ દેખા દે છે, તેવું નથી બનતું. પરંતુ મંત્રથી વશ કરેલો પિશાચ નાટકની ગતિને કમનીય વળાંક આપે છે. આથી મંત્રશાસ્ત્રી અને પિશાચ બંનેનો ઉલ્લેખ અહીં સહેતુક તથા નાટકને ઉપકારક નીવડે છે. અલબત્ત પિશાચ, તેની સૃષ્ટિ તથા તે લોકનાં દુઃખો વગેરે બીનજરૂરી ચર્ચા અત્રે પણ જોવા મળે છે. આ અંકમાં રાણી પ્રજ્ઞાવતીનું પાત્ર વધુ સ્વાભાવિક, સ્ત્રીસહજ અને માનવીય લાગે છે. "દેવી"ને શોક્ય તરીકે ન જોતાં, પ્રજ્ઞાવતી તેનું સખીભાવે સન્માન કરે છે તથા દેવી વિશે અભિપ્રાય આપતાં કહે છે,

"હે ભગવન્ ! દેવીનું વાક્ચાતુર્ય, વિનય, પ્રામાણિકપણું, નમ્રતા, જનપ્રિયસ્વભાવ, ચિત્તની પ્રસન્નતા વડે સુશોભિત મુખકળા એ વિગેરે સદ્ગુણો અપ્રતિમ છે, તથા નિઃસંશય મોહક છે. ગમે તેવા મનુષ્યની પ્રીતિ પ્રાપ્ત કરવાની અપૂર્વકળા એમનામાં છે."[૧]

પરંતુ જ્યારે વિપર્યય રાજાની સૂચનાથી બંને રાણીઓ ઉજ્જડ કિલ્લામાં કેદ થાય છે અને જાગ્રત થતાં પોતાને એકલીને જ વિશાળ મહેલમાં નિરાધાર બનેલી જુએ છે, ત્યારે પ્રજ્ઞાવતી

---

૧. "સુરેશચરિત્ર", તૃતીય અંક, પૃ. ૧૦૦

સ્વાભાવિક રીતે અનેકવિધ શંકા-કુશંકા કરે છે. ભયભીત હરિણી શી તે બબડી ઉઠે છે,

"અરે ! આ કોણે કર્યું ! આ બીજી વારનું કિયા દુષ્ટે વૈર વાળ્યું ?"

અહીં પ્રજ્ઞાવતી પોતાની પ્રાપ્ત પરિસ્થિતિને "બીજીવારનું" વૈર તરીકે ઓળખાવે છે. હાલ તેને કોઇ દુષ્ટે ઉજ્જડ કિલ્લામાં કેદ કરી છે, તે જો બીજીવારનું વૈર ગણાતું હોય તો પહેલીવારનું વૈર કર્યું ? રાજા સુરેશ પ્રજ્ઞાવતીને પરણ્યા હોવા છતાં, તેનું સ્વતંત્ર પતિસુખ છીનવી, શોકય તરીકે દેવીને લાવ્યા, એને પ્રજ્ઞાવતી શું પ્રથમ વેર તરીકે ગણતી હતી ? અને ખુલ્લીરીતે તો તે રાજા કે દેવીનો આ અંગે વિરોધ કરી શકતી ન હતી, પરંતુ વિચિત્ર સ્થિતિમાં મૂકાતાં જે હૈયે હતું તે જ હોઠે આ રીતે આવી રહયું છે ! આમ રાજા સુરેશ, દેવી વગેરે મુખ્યપાત્રોની માફક એકસરખા બીબામાં ઢાળેલા સાત્ત્વિક, પરોપકારી, તત્ત્વજ્ઞાનની ચર્ચા કરનારા, કાવ્યકિલ્લોમાંથી બૌધ્ધિક વિનોદ પ્રાપ્ત કરનારા પાત્રો જેવું પ્રજ્ઞાવતીનું પાત્ર નથી. પરંતુ પ્રસંગે અસૂયા કરતું સ્ત્રીસહજ મર્યાદાથી શોભતું તે પાત્ર વધુ સ્વાભાવિક લાગે છે. તે ફરિયાદ કરતી હોય તેમ કહે છે,

"રે રે ! હે પતિ ! તમે બેને બરાબર ગણતા હતા, અને આ શું થયું ? અને હું નિરપરાધને – (બારી તરફ જોતાં) ઓ ભગવન્ ! આ જંગલને આ ભયંકર બાઇ ! તમને દયા ન આવી શું ? સાથે આવવાની હઠ તો દેવીની હતી, ને મારો આવડો શો અપરાધ ?"[1]

પતિસુખને ખાતર સર્વસ્વ ન્યોછાવર કરનારી, નિજસુખનો પણ વિચાર ન કરનારી નિર્દોષ અબળા, વિના કારણે આવી ભયંકર શિક્ષા પ્રાપ્ત કરે તો પછી તે શીલવતી સ્ત્રી પણ પતિ સામે આવી જ

---

૧. "સુરેશચરિત્ર", તૃતીય અંક, પૃ. ૧૩૬

ફરિયાદ કરે ને ? – પરંતુ એ જ કિલ્લામાં થોડેક દૂર મૂર્છિત થયેલી દેવીને જુએ છે કે તરત જ પ્રસંગને જુદા જ દૃષ્ટિકોણથી જોતી તે, વયમાં ઘણી નાની અને સંસારના દુઃખદ અનુભવોથી તદ્દન અલિપ્ત એવી દેવી પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરે છે,

"અરે રે ! આ બિચારી દેવી તમારા દર્શનની ભૂખી, – એની મારા મરણ પછી કોણ સંભાળ રાખશે ? વિશ્વપતિ ! એણે હજી કશું સુખ દીઠું નથી, ને આ શો ગજબ ?"[1]

આવું સદ્‌ગુણદુર્ગુણના પૂતળા સમું તેજછાયામિશ્રિત રજોપ્રધાન પ્રજ્ઞાવતીનું પાત્ર વધુ વાસ્તવિક અને સ્વાભાવિક લાગે છે.

રાણી ઉન્મતિ અને તેની પુત્રી વિલાસિકાનાં પાત્રો પણ કંઈક અંશે સુરેખ ચીતરાયાં છે, એમ કહી શકાય. છળકપટનિપુણ દંભી–ડોળી સત્તાલોભી વિપર્યયને છત્રપતિ સુરેશ સાથેના યુધ્ધમાંથી પાછા વાળવા ઉન્મતિ અને વિલાસિકા ભગીરથ પ્રયત્ન કરે છે. પરંતુ પોતાની છળવિદ્યા પર મુસ્તાક વિપર્યય એકનો બે થતો નથી. રાણીનું તે વારંવાર અપમાન કરે છે. તેનાં વિનયવચનોનો તે ઉપહાસ કરે છે. અને સમરાંગણ પાસેની છાવણીમાં તેઓ તેને મળવા આવે છે, તો પણ આશ્વાસનના બે શબ્દો બોલવાને બદલે તેની ઠઠ્ઠાસમાંથી તે ઊંચો આવતો નથી. આ સર્વમાં પતિવ્રતા સતીને છાજે તે રીતે, રાણી ઉન્મતિ પતિ સાથે વર્તે છે. તંબુમાં પતિ આજ્ઞા વિના પલંગ પર બેસતી નથી અને પતિસમીપ ઊભા રહીને જ તે વિપર્યયને પાછા વળવાની વિનંતી કરે છે, તેમાં તેની અડગ સ્વામીભક્તિનાં આપણને દર્શન થાય છે. સ્વામીના મૃત્યુના સમાચાર સાંભળી તેની આંતરિક વ્યથા આ રીતે પ્રગટે છે –

---

૧. "સુરેશચરિત્ર", તૃતીય અંક, પૃ. ૧૩૮

"જગ રડાવ્યું રે પતિ ! તેં માની ન કોની શીખ,
શત્રુને સુખ સોંપિયું રે, સુતાને સોંપી ભીખ."[૧]

પરંતુ આવો શોકસભર ઠપકો આપીને પણ છેવટે તે પતિની ચિતામાં બળી મરવાનું પસંદ કરે છે.

નાની વયની પણ મેધાવતી વિલાસિકાની વિનંતી પણ એટલી જ અસરકારક લાગે છે. પિતા યુધ્ધમાંથી પાછા વળવાનું સ્વીકારતા નથી ત્યારે તે વીરાંગના પિતાને બદલે પોતે યુધ્ધ જવા અને દુશ્મનોને કેદ કરવા તૈયાર થાય છે.

આમ તો "કાવ્યકલ્લોલ"[૨] ને નામે અને અન્યત્ર બીનજરૂરી કવિતા સમગ્ર નાટકમાં પુષ્કળ પ્રમાણમાં મૂકાઇ છે અને તેથી પણ અંશતઃ ગતિશીલ બનતું તત્ત્વપ્રધાન નાટક કાવ્યપંક્તિઓને લઇને સ્થગિત થઇ જાય છે. પરંતુ "યોગી ન થા રાજા ભરતરીજી" એ રાગમાં ઉન્મત્તિ, વિલાસિકા અને વિપર્યયનો વાર્તાલાપ સુંદર અને નાટયાત્મક હોવાથી આસ્વાધ્ય લાગે છે.

---

૧. "સુરેશચરિત્ર", તૃતીય અંક, પૃ. ૧૬૫

૨. અહીં મોટાભાગની કાવ્યપંક્તિઓ નાટકની દૃષ્ટિએ બીનજરૂરી લાગે છે. નાટકનાં મુખ્ય પાત્રો સહેજ નિવૃત્ત થાય એટલે "કાવ્ય-કલ્લોલ" કરવા મંડી પડે છે, જેને નાટકના કથાવસ્તુ સાથે કશો જ સીધો સંબંધ નથી. આવા વિનોદ પાછળનો હેતુ માત્ર સમય પસાર કરવાનો છે, તેવું પ્રજ્ઞાવતી દેવીને કહે છે પણ મરા.ટ"જો તમારી ઇચ્છા હોય તો આપણે તે દિવસની પેઠે કંઇ આનંદ કરીએ. કહ્યું છે કે કાવ્યશાસ્ત્રવિનોદેન કાલોગચ્છતિ ધીમતામ્", તૃતીય અંક, પ્રવેશ ૨, પૃ. ૬૫ ; વળી કાવ્ય અંગેની સૂઝ પણ નાટકના પ્રમુખ પાત્રની એટલી બધી પરિપક્વ નથી. આવો કાવ્યકલ્લોલ કર્યા પછી એકસ્થળે રાજા સુરેશ પ્રજ્ઞાવતી અને દેવીને ખુશ થઇને કહે છે, "અહો ! આજ વિશેષ આનંદ થયો. એ જ પ્રમાણે જો દરરોજ થોડો વખત અભ્યાસ રહે તો આપણે ઉત્તરોત્તર સારી કવિતા રચી શકીએ." (દ્વિતીય અંક, પ્રવેશ ૪, પૃ. ૭૮) - પરંતુ આવી શીઘ્ર રચનામાં કાવ્યતત્ત્વને બદલે પધાળુતાનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. જીવનું અલ્પજ્ઞપણું, પરમેશ્વરની સત્તા, મનુષ્ય, સ્ત્રીના ધર્મ વગેરે અનેક વિષયો પર રચાયેલી મોટાભાગની આવી પંક્તિઓ પધાળુ જણાય છે.

-પાછળ જુઓ-

"ઉન્મતિ – બે કર જોડી વિનવું, માનો હે પ્રિય નાથ !
પાછા વળો, ન તો લ્યો મને, રણમાં હી સંઘાથ,
યુધ્ધે ન જશો એકલાજી.

વિપર્યય – હઠ ન કરીશ પ્રિયે ! આવવા સ્ત્રીનું રણમાં ન કામ
આવું હું જય રણમાં કરી, ઘર મનમાં વિરામ.
સ્વસ્થાને જ તું, સુંદરિ !

ઉન્મતિ – શુક તો ગરુડને શું ભતશે રે, ભતે મહિષ શું વચ્છ
અજ વ્યાઘ્રને શું ભતે, ભતે મગર ન મચ્છ – યુધ્ધે૦
વિપર્યય – નેષ્ટ ઉપમા મને દઈશ ના રે, હું છું સિંહ સમાન,
(આ) વિશ્વે કોનો મને ભય નથી, પ્રિયે !
નિશ્ચયમાન.
–સ્વ૦

ઉન્મતિ – રે રે પતિ ! નથી ભોગવ્યા રે સુખે નૌતમ ભોગ,

ઉન્મતિ – માનશુકન સર્વ થાય છે, ધૈર્ય ધારે શું ઉર ?

અશ્વ આપો મને નાથજી રે, પહેરું પુરુષનો વેષ
શસ્ત્ર બંધાવો મને શોભિતાં કરી રે રણમાં પ્રવેશ.

વિપર્યય – કંચુકી મેં પહેરી નથી રે, નથી વણિકની જાત,
ષંઢપણું નથી મુજમાં, મિથ્યા વદીશ ન વાત,
અવની આભ બે એકઠાં રે, કરું બળથી હે નારી
સૂર્ય ભલે પશ્ચિમ ઉગે, પણ નથી ફરનાર !"[1]

---

૧. "સુરેશચરિત્ર", તૃતીય અંક, પૃ. ૧૫૫–૧૫૬

રાણી ઉન્મતિ, રાજાને શરૂઆતમાં વિનંતીથી, ભયથી, "માનશુકન" વગેરે યુક્તિથી અને છેવટે પોતે પણ અશ્વ પર આરૂઢ થઇને આવશે, તેવી છેલ્લી વાતથી એમ સર્વ રીતે વારવા પ્રયત્ન કરે છે, પરંતુ રાજા નથી માનતો. આથી પુત્રી વિલાસિકા પિતાને ન જવાની વિનંતી – તે પણ કાવ્યમાં – કરે છે.

"વિલાસિકા – જરા ધૈર્ય ધરો હે તાત ! માતા મુજ વલવલે,
શું દયા નવ આણો આજ, તજી શું વહો બળે ?
– – – – – –
આપ આજ્ઞા કરો જો તાત ! તો હું રણમાં ચડું,
વશ કરી લાવું રિપુ સધ, પાછી કદી ના પડું."

પુત્રીની નાની વયમાં પણ રહેલી હિંમત, સમયસૂચકતા, વિવેક, પ્રેમ વગેરે જોઇ પિતા પ્રસન્ન થાય છે અને પુત્રીને કહે છે –

"વિપર્યય – મુજવત્ તુજ માતને હેત, દાખવિ સુખ આપજે,
મુજ વિયોગ દુઃખના બંધ, સુબોધથી કાપજે."

છેલ્લે આશીર્વાદ આપે છે,

"તુજ મસ્તક મુકી આ હાથ, કહું શુધ્ધ ચિત્તથી,
તું ચક્રવર્તી ભર્તાર, પામીશ અતિ પ્રીતથી."[1]

ખુદ વિપર્યયને પણ ખબર નથી કે તેની પુત્રી વિલાસિકા સાચે જ તેના દુશ્મન છત્રપતિ ચક્રવર્તી સુરેશ રાજા સાથે જ પરણશે. એ આશીર્વાદમાં રહેલી નાટ્યાત્મક વક્રોક્તિ – Dramatic Irony – પણ કર્તાએ ખૂબીથી વણી લીધી છે.

સત્તાલોભી, દંભી, છળકપટપ્રવીણ, પત્ની ઉન્મતિ તથા પુત્રી વિલાસિકાની વિનંતીને અવગણતો તેમ જ આચાર્યનું પણ

---

૧. "સુરેશચરિત્ર", તૃતીય અંક, પૃ. ૧૫૭

અપમાન કરનારો અભિમાની વિપર્યય રાજા તથા પ્રજાપ્રેમી, પરોપકારી, ધર્મયુધ્ધમાં આસ્થાવાળો, યુધ્ધ સમયે પત્નીથી માંડીને કે આચાર્ય સુધી સૌની વિધિપૂર્વક રજા માગતો ધર્મપરાયણ છત્રપતિ સુરેશ રાજા – એ બંનેનાં વિરોધાભાસી ચિત્રોને લીધે રાજા સુરેશનું તેજસ્વી વ્યક્તિત્વ જુદું તરી આવે છે. સમરાંગણમાં જેટલો તે શસ્ત્રનિપુણ અને શૂરવીર છે તેટલી જ તેની સ્ત્રીસન્માનની ભાવના પણ પ્રશસ્ય છે. વિરહવેદનાના વિચારોથી વ્યથિત થતી રાણીઓને ઠેઠ સમરાંગણ પાસેનાં શસ્ત્રાગારોમાં લઈ જતાં તે અચકાતો નથી, તો શત્રુપત્ની ઉર્મિલા પ્રત્યે તેટલું જ વિવેક અને માનભર્યું વર્તન દાખવે છે. ઉન્મત્તિની પ્રતિજ્ઞાથી બંધાયેલો રાજા સુરેશ, પોતાની પત્નીઓની પૂર્વસંમતિ બાદ જ, વિલાસિકા સાથે લગ્નગ્રંથિથી જોડાય છે. રાજા સુરેશ આમ રસિક અને વિષયી જીવ છે પરંતુ વિષયાંધ નથી. ધર્મથી પ્રાપ્ત એવી સ્ત્રીઓ પ્રત્યે પૂરતાં આદર અને સંયમ રાખી, તેઓને તે ભોગવે છે પરંતુ તે સિવાયની સર્વ સ્ત્રીઓ પ્રત્યે તેનું વર્તન વિવેકભર્યું છે. ખુદ પોતાની પત્નીઓમાં પણ એક પ્રત્યે વધુ પડતી આસક્તિ અને અન્ય પ્રત્યે ઔપચારિક પ્રેમ જેવું વલણ ન રખાય તેની પણ તે પ્રસંગે પ્રસંગે કાળજી રાખતો હોય છે. સમરાંગણમાં દેવીની સાથે આવવાની હઠ જોઈ સુરેશ સાવધાનીપૂર્વક કહે છે,

"હે પ્રિયે ! મારા પ્રથમ વાક્યનું સ્મરણ કર. તમને બેને અધિકન્યૂન ન ગણવા મારો નિશ્ચય છે ; તો તેને બેકલીને કેમ આજ્ઞા કરું ? વિચાર કર."[1]

તો બીજી બાજુ રાજ્યવહીવટમાં પણ પૂરતાં ખંત અને ધીરજથી સુવ્યવસ્થા કરવા મંડી પડે છે. પ્રથમ તો રાજ્યમાં લોભી

---

૧. "સુરેશચરિત્ર", તૃતીય અંક, પૃ. ૧૧૮

કારભારીઓ હોવાથી લોકોને ન્યાય પણ વિલંબથી અને પક્ષપાતથી મળતો. એક નગરજન બીજાને માર્મિક પ્રશ્ન પૂછે છે –

"તમે શું રૂપાળાં બેરાં છો ? કે નાણાની કોથળીવાળા છો ? અહીં તો બેનું થવાનું. બીજાં બધાં બે મરો."[1]

પરંતુ પૂરતા પુરાવાઓ બાદ રાજયમાં વ્યાપેલો સડો દૂર કરવા જયારે રાજા સુરેશ રાજયના અધિકારીઓ જેવા ફોજદાર, ઇમારતવાળો તથા મામણીવાળાને કેદ પકડે છે, ત્યારે પ્રજા પણ પ્રસન્નચિત્તે આ ખબરને વધાવે છે અને તેઓની રાજા પ્રત્યેની નિષ્ઠા-શ્રધ્ધા અડગ બને છે.

વિવિધ પાત્રો અને પ્રસંગોથી અલંકૃત તૃતીય અંક સમગ્ર નાટકમાં સૌથી વધુ ગતિશીલ જણાય છે.

ચતુર્થ અંકમાં, રાજા સુરેશ મહારાણી પ્રજ્ઞાવતી, દેવી તથા વિલાસિકાની પરસ્પર અનુકૂળ મતિ અને સ્વામીભક્તિ જોઇ, પોતાને સદ્‌ભાગી ગણે છે. હવે તે રાજય તરફ ધ્યાન કેન્દ્રિત કરે છે અને રાજયદ્રોહી લોકોને કડક શિક્ષા કરી, અનેક પ્રજોપયોગી સુધારા દાખલ કરે છે.

એક દિવસ વનમાં મૃગયા અર્થે ફરતો ફરતો તે ઋષિનો આશ્રમ જોઇ આશ્ચર્ય અનુભવે છે. સો કદમનું અંતર રહેતાં વાહનત્યાગ કરી પગે ચાલી આશ્રમના ગુરુ પાસે આવી, તેમને પ્રણામ નિવેદન કરે છે. ગુરુ તથા ત્યાં ઉપસ્થિત અષ્ટ શિષ્યોની નમ્રતા જોઇ સુરેશ પણ પ્રસન્નતા અનુભવે છે. ઋષિ સાથે જ્ઞાનચર્ચા કરતાં તેમની વિદ્વત્તાથી પ્રભાવિત થઇ સુરેશ તેમને વિનંતી કરે છે કે તે નગરમાં ધર્મવિષયક શાળાઓ સ્થાપવા માગે છે. તેમાં તેઓ પ્રમુખ આચાર્ય બની, દરેક શાળામાં યોગ્ય ધર્માચાર્ય મૂકે. શાળા, વિદ્વાનો

---

૧. "સુરેશચરિત્ર", તૃતીય અંક, પૃ. ૧૧૧

વગેરેના નિર્વાહની સર્વવ્યવસ્થા સુરેશ પોતે ઉપાડી લેશે. આશ્રમના ગુરુ તેમાં સંમતિ આપે છે. ત્યારબાદ સુરેશ આમંત્રિતોની હાજરીમાં એક મોટી સભા ભરે છે. તથા તેમાં પ્રજાને શાં શાં દુઃખ પડે છે અને તે દૂર કરવા તેમણે કેવા પ્રયત્નો કર્યા છે વગેરેની જાહેરાત કરે છે. સરદારો અને રાજયના અધિકારીઓને ઉપદેશવચનો પાઠવે છે તથા પ્રજાને જણાવે છે કે તેઓ કોઇપણ રાજસેવકને કામ માટે દ્રવ્ય ન આપે ; માત્ર કર જ ભરે. તથા જાહેરમાં તે ચેતવણી પણ આપે છે,

"હવે પછી ક્ષણે ક્ષણે પ્રજા તથા રાજયાધિકારીઓના વ્યવહારોની પ્રસિધ્ધ તથા ગુપ્તપણે અનેકરીતે ચોકસી રાખવામાં આવશે."[1]

આમ રાજા સુરેશ રાજયની ઉત્તમ વ્યવસ્થા કરે છે.

એકદિવસ સમુદ્રતટ પરના મહેલમાં રાજા તેની ત્રણ રાણીઓ સહ બેઠો હોય છે. ત્યાં તેઓ સમુદ્રનાં પાણી પર પ્રારંભમાં ત્રણ મનુષ્યોના આકાર જેવું, પછી બે મનુષ્યાકાર જેવું અને અંતે એક સ્ત્રીઆકાર જેવું કાંઈક અતિવેગથી તેઓના તરફ જ આવતું જુએ છે. રાજાની આજ્ઞાથી દેવી અને વિલાસિકા તે સ્ત્રી-આકારનું સ્વાગત કરવા કિનારા પર જાય છે. તે અતિદિવ્યગતિવાળા સ્ત્રીને સમુદ્રના અગાધ જળમાંથી આવતી હોવા છતાં કોરાં વસ્ત્રવાળી જોઈ સૌ આશ્ચર્ય અનુભવે છે. રાજા-પ્રજાવતી પણ તેનું સ્વાગત કરે છે, છેવટે રાજા સુરેશ તેના રૂપની પ્રશંસા કરતાં કહે છે,

"તમારા સાદૃશ્યે વર્ણવવા યોગ્ય પદાર્થના અભાવથી તમે અનુપમ છો ; અર્થાત્ આ વિશ્વમાં શ્રેષ્ઠપણે તમારા સમાન તમે જ છો, એમ કહેવામાં કોઈ અપવાદ જણાતો નથી."[2]

---

૧. "સુરેશચરિત્ર", ચતુર્થ અંક, પૃ. ૨૨૦

૨. "સુરેશચરિત્ર", ચતુર્થ અંક, પૃ. ૨૨૭

સ્તુતિવચનો સાંભળી તે દિવ્યસ્ત્રી ગંભીરવાણીથી પોતાનો સઘળો વૃત્તાંત સંભળાવે છે.

આદિપુરુષ બ્રહ્માએ દૃશ્યસૃષ્ટિના સ્વરૂપ અને સ્વભાવનો વિચાર કરીને ત્રણ ત્રણ વિવિધ વર્ણનાં મસ્તકવાળી ચાર સ્ત્રીઓને તથા ત્રણ વિવિધ વર્ણનાં મસ્તકવાળો એક પુરુષ ઉત્પન્ન કર્યાં. આમ ચાર સ્ત્રી અને એક પુરુષ એમ પંચને જોઈને પ્રસન્નતા અનુભવતા બ્રહ્મદેવે તેઓને પાલકપિતા વિષ્ણુ પાસે મોકલ્યાં. વિષ્ણુએ તેઓને રુદ્રભગવાન જેમની સમીપ સતત રહે છે એવા મહેશ્વર શ્રી શંકરનાં દર્શન કરી, તેમની આજ્ઞા પ્રમાણે વર્તીં, પુનઃ પાછા આવવાનું જણાવ્યું. શ્રી મહેશ્વર પણ બ્રહ્માની અનિર્વચનીય શક્તિ જોઈ પ્રસન્ન થયા. શ્રી મહેશ્વરની આજ્ઞા પ્રમાણે રુદ્રભગવાને દિવ્યશસ્ત્ર વડે તે ત્રણ ત્રણ મસ્તકવાળા પંચ શરીરમાંથી એક એક મસ્તકયુક્ત પંચદશ વિભાગને કર્યાં. વળી શુક્લ, રક્ત તથા કૃષ્ણ એવાં ત્રણ પ્રકારનાં ભેદવાળાં મસ્તકો પંચ શરીરમાંથી પૃથક્ પૃથક્ થવાથી ચાર ચાર સ્ત્રી તથા એક પુરુષ મળીને પંચ સમાન આકારને પ્રાપ્ત થતાં હતાં, તેમ જ સજાતીય શરીર પ્રતિ પ્રીતિવાળાં હતાં. વિષ્ણુભગવાન પાસે આવતાં તેમણે જણાવ્યું કે શુક્લ વર્ણવાળી ચાર પુત્રીએ શુક્લવર્ણવાન્ પુરુષાકૃતિનો પતિભાવ અંગીકાર કરવો. વળી તે સર્વને તેમની અનુકૂળતાવાળાં સ્થાનમાં અધિક ગુણનું ભાન થશે. અંતે વિષ્ણુ ભગવાન વરદાન આપે છે,

"સંસારમાં જે જે સ્થળે તમે સજાતીય પંચ પંચનો સંયોગ થશે, તે સમયે તે તે સ્થાનમાં તમારા સૌને ઈષ્ટનું તમને દર્શન થશે."[1]

વિષ્ણુભગવાનની આજ્ઞા પ્રમાણે માયાપ્રવાહમાં પ્રવેશવા સર્વ નેત્રો મીંચે છે અને તત્કાળ પૃથક્ પૃથક્ સ્થાને વિષ્ણુભગવાનની સત્તા

---

૧. "સુરેશચરિત્ર", ચતુર્થ અંક, પૃ. ૨૩૦

વૈકુંઠ પહોંચી જાય છે. પરંતુ શુક્લવર્ણવાળી આ દિવ્ય સ્ત્રીનાં નેત્રો બંધ ન જોતાં વિષ્ણુભગવાન તેને તે અંગે પ્રશ્ન કરે છે ત્યારે દિવ્ય સ્ત્રી વિષ્ણુભગવાન પાસેથી બે વરદાન માગી લે છે કે તે ક્ષણથી તે વિષ્ણુભગવાન પ્રતિ પાછી આવે ત્યાંસુધી તેને ઉત્તરોત્તર પૂર્વસ્મરણ રહે તથા કષ્ટના પ્રસંગે ભગવાનની સહાયતા મળે. વિષ્ણુભગવાન પાસેથી ઉપરોક્ત વરદાન મળતાં તે નેત્ર મીંચે છે અને પૂર્વવૃત્તાંતથી અજાણ એવી રક્તવર્ણની અને કૃષ્ણવર્ણની સ્ત્રીઓ પાસે પહોંચી જાય છે. સર્વપુરુષોને પતિભાવથી નીરખતી બંને સ્ત્રીઓ પર્વત પાસેની એક ખાઈમાં રતિસુખ માણવા ઝંપલાવે છે પરંતુ દિવ્યસ્ત્રી તે દિશા તરફ ન જતાં આકાશમાર્ગે ઊર્ધ્વલોકમાં જવા લાગે છે. તેનો જે લોકમાં પ્રવેશ થતો ત્યાં તે લોકનિવાસી પ્રાણીના સમાનાકાર દિવ્યશરીર પ્રાપ્ત કરતી.

(૧) ઊર્ધ્વલોકમાંનાં સર્વ સ્ત્રીપુરુષો સતત વિષયમાં જ મગ્ન રહેતાં હતાં. દિવસ અને રાત્રીના કાળનો પણ ભેદ ન રાખનારાં તેઓ સ્ત્રીપુરુષ એક ક્ષણ માટે પણ એકબીજાંથી જુદાં પડતાં ન હતાં. વળી તે લોકમાં પુત્ર પુત્રી આદિ પ્રજાની ઉત્પત્તિ તથા ગર્ભધારણાદિ પ્રકાર ન હતો. આવા વિચિત્ર વ્યતિકરવાળા લોકના અધિપતિ પાસે જતાં, તેમણે જણાવ્યું – "હે સ્ત્રી ! આ લોકમાં તો માત્ર વિષયાસક્ત પ્રાણી જ આવે છે. તેમાં પણ જે કેવળ સ્ત્રીની આસક્તિથી જ સ્ત્રીની અપ્રાપ્તિથી અથવા વિયોગકાળે પોતાના પ્રાણને છોડે છે, તે સ્ત્રી પ્રીત્યર્થ પોતાનાં પુણ્યકર્મના વિપાકથી આ લોકમાં આવે છે, અને માત્ર સ્ત્રીવિષયને ભોગવી અંતે નીચા લોકમાં પડે છે."[૧] લોકપતિની સત્તાથી આકર્ષાઈ તે દિવ્યસ્ત્રી લોકબહાર ઈંકાઇ તથા સૂક્ષ્મશરીરે અન્યલોકમાં પ્રવેશવા ભ્રમણ કરવા લાગી.

---

૧. "સુરેશચરિત્ર", ચતુર્થ અંક, પૃ. ૨૩૬

(૨) અન્યલોકમાં પ્રવેશતાં તેણે જોયું કે સ્ત્રી વગરના તે લોકમાં કૃષશરીરવાળા, મોટા ઉદરવાળા, એકનેત્રી કુરૂપ પુરુષો કુતૂહલથી તેને ઘેરીને ટીકીટીકીને જોવા મંડયા. ત્યાં લોકપતિ પાસે જતાં તેણે જાણવા મળ્યું કે ઉદર નિમિત્તે જ સર્વ પાપી પ્રવૃત્તિ કરનારા, પોતાની પાસે અધિક હોવા છતાં અન્યને ન આપનારા, દ્વેષીલા પાપી અને નાસ્તિક લોકોનો – અન્ય ઉત્તમ વિષયોથી રહિત – તે લોકમાં પ્રવેશ થાય છે. લોકપતિની આજ્ઞા પ્રમાણે તે સ્ત્રીએ પૂર્વદિશા તરફ ભ્રમણ કરવા મંડયું.

(૩) અન્ય દિવ્યલોકમાં પ્રવેશ કરતાં ત્યાંના લોકપતિની સત્તાથી આકર્ષાઈ તે તેની પાસે પહોંચી ગઈ. લોકપતિએ તેને કહયું કે તેના પતિને તે નહીં પામી શકે. કારણ કે તે દિવ્યસ્ત્રી વિષ્ણુભગવાનના વરદાનથી પૂર્વવૃત્તાંત જાણે છે પરંતુ પતિને ઓળખવાનું તેનામાં સામર્થ્ય નથી. લોકપતિ કહે છે કે તે પણ તેના પતિને ઓળખે છે. પરંતુ તે પત્નીરહિત નથી માટે પતિભાવે તેને તે લોકમાં પ્રાપ્ત થનાર નથી. કારણ કે ત્યાં નિયમ છે કે લોકમાં પ્રવેશેલો પુરુષ એકવાર તેની પ્રસન્નતાથી એક કન્યાને પરણે છે. પછી કોઇપણ સ્ત્રીને પત્નીભાવથી તે જોઇ શકતો નથી. છતાં પણ જે સમયે તે પુરુષ પત્ની સિવાયની અન્ય સ્ત્રી પ્રતિ કામદોષયુક્ત જુએ છે તે જ સમયે તત્કાળ તે પુરુષ આ લોકથી ભ્રષ્ટ થાય છે. આમ તેનું આગમન પણ તેના પતિને ભ્રષ્ટ કરનારું છે. લોકપતિની સત્તાથી અનેક રમ્ય મંદિરોને ઉલ્લંઘીને તે પતિના મંદિર પાસે આવી પહોંચે છે. દ્વારપાળની રજા મળતાં દિવ્યઆસન પર પત્નીસહ બેઠેલા પતિ પાસે તે આવે છે. પાસે પત્નીની સખી પણ હોય છે. બંને જણાં તેને પણ સખી તરીકે અપનાવે છે. એકદિવસ પત્ની અને સખી અન્ય દિવ્યસ્થાનો જોવા બહાર ગયાં હોય છે ત્યારે પત્નીને મળવા તે દિવ્યસ્ત્રીના સ્થાને આવે છે. આથી

તે સ્ત્રી "પતિ"નું સ્વાગત કરતાં મધુર વાતાલાપ કરે છે. પતિ તેને દોષયુક્ત નેત્રે જોતાં સુખદ સ્પર્શ કરવાની ઇચ્છા સેવે છે. આથી તે લોકના નિયમ પ્રમાણે તે પુરુષનો દિવ્યદેહ નષ્ટપ્રાય થઈ જાય છે. આવો અણધાર્યો બનાવ થતાં દિવ્યસ્ત્રી ભય પામે છે. તેની પત્ની જ્યારે સર્વવૃત્તાંત જાણે છે ત્યારે તે આઘાતથી બોલી ઉઠે છે, "રે ! તેં મારી સખી થઇ મને પતિવિયોગ કરાવ્યો, અર્થાત્ તારા નિમિત્તે મને થયું, તેવી જ રીતે તને પણ એકવાર થશે."[1] અને તે મૂર્છા ખાઇને પડે છે. તેની પ્રિય સખીની પણ એ જ અવસ્થા થાય છે. આ બનાવ અન્ય લોકો પણ આ દિવ્યસ્ત્રીનો તિરસ્કાર કરે છે. આથી તે પણ પડતું નામે છે. લોકપતિ તેની પ્રબળ સત્તાથી તે બન્નેને લોકમર્યાદાની બહાર કાઢે છે.

(૪) અન્યલોકમાં પણ એક પુરુષે એકથી અધિક સ્ત્રી ન કરવી એવો નીતિરૂપ નિયમ આગ્રહથી પળાતો હતો. આથી સ્ત્રીનો તે પ્રદેશમાં ઉદય થતાં બાહ્યપ્રદેશે તે ફરતી. તે લોકમાં પ્રવેશેલા પુરુષો પણ તે ઉપવનમાંથી પ્રીતિપાત્ર લાગતી ગમે તે સ્ત્રીને પત્ની તરીકે સ્વીકારતા. પછી જ તેઓ દિવ્યલોકમાં પ્રવેશી શકતા. આથી દિવ્યસ્ત્રી આસપાસ વિચરતી હતી ત્યાં કોઈ સ્ત્રીનો કર્ણપ્રિય સ્વર સંભળાતાં ત્યાં ગઈ. તે પણ તેની માફક વિરહિણી હોવાથી બંને સખીભાવે સાથે રહેવા લાગ્યા. એકદિવસ દિવ્યસ્ત્રી વૃક્ષ તળે એકલી બેઠી હતી અને તેની સખી કોઈ પદાર્થ નિમિત્તે પાસેની વાટિકામાં ગઈ હતી. તેવામાં એક વિમાનમાંથી દિવ્યદેહધારી પુરુષ ઉતર્યો અને દિવ્યસ્ત્રીને જોઈ તે પ્રેમવચનો બોલવા લાગ્યો, "હે પ્રિયે ! પ્રસન્નતાપૂર્વક મારા ધામમાં પ્રવેશ કરવા આ વિમાને આરૂઢ થા."[2] તે સ્ત્રીએ પણ એ જ તેનો પતિ છે

---

૧. "સુરેશચરિત્ર", ચતુર્થ અંક, પૃ. ૨૪૨

૨. "સુરેશચરિત્ર", ચતુર્થ અંક, પૃ. ૨૪૪

એમ માની તેની સાથે જવા તત્પર થઈ. પરંતુ પોતાની પ્રિય સખી યાદ આવતાં તેઓ તેને મળવા ગયાં. સખીનો સુસ્વર સાંભળી તેના પતિનું દિલ તેનામાં પણ આકર્ષાયું હોય તેમ દિવ્યસ્ત્રીને લાગ્યું. સખીએ ઠપકો આપતાં અને આંખમાં જળ લાવતાં જણાવ્યું કે દિવ્યસ્ત્રીએ તેને દગો કર્યો છે. કારણ કે તે પોતે તે જ સમયે બહાર ન ગઈ હોત અને દિવ્યસ્ત્રી ગઈ હોત તો તે પતિને પામત. પતિહીન દશા હવે તો તેને કારમી લાગે છે. આવા પ્રેમવિષયક પ્રલાપો સાંભળી પતિનું ચિત્ત દ્વિધા અનુભવવા લાગ્યું અને છેવટે તેણે દિવ્યસ્ત્રીનો હસ્ત છોડી દઈ જેવો સ્નેહથી સખીનો હસ્ત પકડયો કે તરત જ તે લોકની નિયમિત મર્યાદાને રક્ષણ કરનાર શક્તિ ક્રોધિત બની પ્રગટ થઈ તથા તેણે પતિને અને સખીને મૃત્યુલોકમાં જન્મ લેવાનો શાપ આપ્યો. પછી તે શક્તિ દિવ્યસ્ત્રી પ્રતિ બોલી,

"હે સ્ત્રી ! તું અન્ય સ્ત્રીના પતિને તારા વિષે આસક્તિની ઉત્પત્તિદ્વારા તે અન્ય સ્ત્રીને સુખથી ભ્રષ્ટ કરવા રૂપ પૂર્વપાપથી આ ફળને પામી છે. માટે જ, તું પણ તારા પતિનું સુખ નિઃશંક તથા નિર્ભયપણે સંપાદન કરવા અર્થે જ્યાં એકથી અધિક સ્ત્રીને ગ્રહણ કરનાર પુરુષને તથા એક સ્ત્રીના પતિ પ્રતિ પતિભાવના કરવા ઇચ્છનાર અન્ય કન્યાને, તત્કાળ ભ્રષ્ટ કરવાનો મુખ્ય નિયમ જણાતો નથી એવા મૃત્યુલોકમાં લોકલોકાંતરમાં ભ્રમણ કરતી પ્રવેશ કર." [1]

આવાં શાપવચનો સાંભળી સખી અને પતિ બંને ઉતાવળથી ભૂલ કરવા માટે દિવ્યસ્ત્રીની માફી માગે છે તથા છૂટાં પડતાં પહેલાં દિવ્યસ્ત્રીની વિનંતીથી સખી અને પતિ તેને આલિંગન

---

૧. "સુરેશચરિત્ર", ચતુર્થ અંક, પૃ. ૨૪૭

આપવા જાય છે કે તત્કાળ બંનેનાં શરીર નષ્ટિવત્ થઇ જાય છે. પોતે નિર્દોષ હોવા છતાં પણ શક્તિદેવીના શાપનો ભોગ થઈ પડી તેમ તે દેવી પ્રતિ ફરિયાદ કરે છે ત્યારે શક્તિદેવી તે શાપમાં રહેલી શુભભાવનાનો ખ્યાલ આપતાં કહે છે કે હવે પતિશોધ માટે તેને જ્યાં ત્યાં ભ્રમણ ન કરતાં માત્ર મૃત્યુલોકમાં જ શોધ કરવી પડશે. વળી તે દિવ્યસ્ત્રીને જણાવે છે, "તું મૃત્યુલોકમાં ગર્ભવાસના સંકટ સહન કર્યા વિના દિવ્ય દેહ વડે પ્રવેશ કરીશ ; તથા મૃત્યુલોકવાસી જીવોના સમીપ ફરવા છતાં તેઓ તને દેખશે નહિ. પણ જે સ્થાને તને દેખનાર મળે, તેના સમીપ તું, પૂછવાથી તારું સંપૂર્ણ વર્ણન કરજે. તારા વર્ણનની અવધિમાં તને તારા ઈષ્ટનું દર્શન થશે. તે ઈષ્ટ તને તારો પતિ ઓળખાવી આપશે."[1]

શક્તિદેવી અદૃશ્ય થતાં સ્ત્રીનું દિવ્ય શરીર છૂટું પડ્યું તથા તે અન્યલોકમાં ભમવા લાગી.

(૫) પછી તો તે મૃત્યુલોકમાં હિમાલય પર્વત પરથી આર્યભૂમિમાં પ્રવેશી તથા નગરો, વન, ઉપવન, નદી તેમ જ ત્યાં વસતી વિવિધ સ્વભાવવાળી પ્રજાને જોઇને તે આશ્ચર્ય પામવા લાગી. ઘણા સમય સુધી તેના પતિને મળવાનો અનુકૂળ સમય આવ્યો નહીં. પણ એક વખત ઐશ્વર્યના બળે તે જળમાર્ગે સમુદ્રના પેટ પર નીકળી તેને જળ કશો બાધ કરી શક્યું નહીં. માર્ગમાં વિષયી અને વ્યભિચારીઓના સહવાસમાં પ્રીતિવાળી તથા માંસમધાદિ નિષિદ્ધ પદાર્થોને સેવન કરનારી બે સ્ત્રીઓએ પણ દિવ્યસ્ત્રીને આ રીતે જતી જોઇ – સમુદ્રમાં ઝંપલાવ્યું. પરંતુ તેઓ બંને થોડે થોડે અંતરે પાણીમાં ડૂબી ગઇ. દિવ્યસ્ત્રી ઈષ્ટસત્તાથી રાજા સુરેશ તેની પત્નીઓ સહ ઉભા હતા તે સમુદ્રના તટ પર આવી પહોંચી.

---

૧. "સુરેશચરિત્ર", ચતુર્થ અંક, પૃ. ૨૪૬

દિવ્યસ્ત્રીનો વૃત્તાંત પૂરો થતાં જ વિમાનના ગડગડાટ વચ્ચે પહેલાં વિષ્ણુ-લક્ષ્મી અને પછી શિવ-પાર્વતી પધારે છે. સર્વે જનો તેઓની સ્તુતિ કરે છે. શ્રીશંકરભગવાન કહે છે, "હે પુત્રપુત્રીઓ ! તમે શ્રી વિષ્ણુભગવાનનાં પ્રેર્યાં આદિકાળમાં મારા પ્રતિ આવેલાં, તથા રુદ્રભગવાનને મેં આજ્ઞા કરી અનુકૂળ રૂપ આકારમાં ભેદને પમાડેલાં શુકલ વર્ણવાળાં પર્યે તમે છો ; તે આ મારી માયાના વિચિત્ર પ્રવાહમાં ભ્રમણ કરતાં આજે આ લોકમાં એકસ્થાને પ્રાપ્ત થયાં છો, તેથી શ્રી વિષ્ણુભગવાને આપેલા વરની સિધ્ધિ અર્થે મેં તમને પ્રકટ દર્શન દીધું છે ; તથા હું પ્રસન્ન થઇ વર આપું છું કે જ્યાં જ્યાં તમે પર્યે હશો ત્યાં ત્યાં હું નિરંતર છું, એમ જાણજો ; અને નિર્ભયપણે તમે આ લોકના ઉત્તમ વિભવ ભોગવીને ક્રમે કરી અંતે મારા પદને પામશો."[1] દિવ્યસ્ત્રી માર્ગમાં મળેલી બે સ્ત્રીઓ વિશે પ્રશ્ન પૂછે છે ત્યારે તેઓ અંગે રહસ્યસ્ફોટન કરતાં શ્રી વિષ્ણુભગવાન જણાવે છે, "એ તારી સાથે એક દેશમાં મુકાએલી રક્ત તથા કૃષ્ણવર્ણવાળી સ્ત્રીઓ, જે પર્વતથી ઉંડી ખાઇમાં પડી હતી તે હતી."[2]

એવામાં વીણાનાદ કરતા નારદમુનિ પધારે છે. સર્વ તેમનું, ઉમામહેશ્વરનું અને લક્ષ્મી-વિષ્ણુનું એમ પર્યે દેવોનું ષોડશોપચારયુક્ત પૂજન કરે છે, નૈવેધ ધરે છે અને રાજા સુરેશ તેઓની આરતી ઉતારે છે –

"જય દેવ જય દેવ, શ્રી શંકર દેવા (૨)
જય દેવ જય દેવ, શ્રી વિષ્ણુ (૨) કરું આરતિ સેવા...."[3]

આમ સુખાંતથી ચતુર્થાંક સમાપ્ત થાય છે.

---

૧. "સુરેશચરિત્ર", ચતુર્થ અંક, પૃ. ૨૬૧
૨. "સુરેશચરિત્ર", ચતુર્થ અંક, પૃ. ૨૬૩
૩. "સુરેશચરિત્ર", ચતુર્થ અંક, પૃ. ૨૬૩

નાટકના પ્રારંભમાંનાં યજ્ઞશાળા, ઋષિ, શિષ્યો, પ્રવાસી વગેરે પુનઃ "ગ્રંથોપસંહારક પ્રવેશ"માં જણાય છે. ઋષિ ગાય છે કે,

{શાર્દૂલવિક્રીડિત છંદ}

"સંકટો હરજો, સુબુદ્ધિ ધરજો, સંસારથી તારજો,
કામાદિ સઉ શત્રુને, જીવદયા ધારી, ધરી, મારજો ;
નિર્વિઘ્ને હરિ ! નાટ્યકાર્ય કરીને, પ્રાર્થું ન વીસારજો,
દૃષ્ટા ને સત્પાત્રના મળ હરી, શાંતિ જળે ઠારજો.

{દોહરો}

ઉત્તરાર્ધ જોવા તણી, દૃષ્ટા ધરશો આશ,
તે ક્ષણ બળ કરી આપજો, નમું ધરી વિશ્વાસ."[1]

તેમ જ પ્રવાસી ઋષિમુનિને જળમાર્ગે આવેલી ચતુર્થ સ્ત્રીનું નામ પૂછે છે ત્યારે તેઓ કહે છે, "હે પ્રવાસિન્ ! સુરેશનું આશ્ચર્યકારક ચરિત્ર જે ઉત્તરાર્ધમાં હવે પછી ભજવવામાં આવનાર છે, તેમાં એ "મહાદેવી" નામે ઓળખાશે"[2] વગેરે ઉલ્લેખો પરથી "સુરેશચરિત્ર"ની કથા અપૂર્ણ છે તથા કર્તા તેનો ઉત્તરાર્ધ આપવા ઇચ્છે છે તેમ સ્પષ્ટ થાય છે. પરંતુ કમનસીબે આ ગ્રંથ પણ અધૂરો જ રહેવા પામ્યો છે.

શક્તિદેવી, શિવ-પાર્વતી, વિષ્ણુ-લક્ષ્મી, નારદમુનિ વગેરે દેવોનું અચાનક ચમત્કારિક આગમન, રાજા વિપર્યયનું પુનર્જિવિત થવું, પિશાચની સહાયથી રાજા સુરેશનું દૂર દૂર ઉજ્જડ કિલ્લામાં હસ્તામલકવત્ જવું.... વગેરે અનેકવિધ અદ્‌ભુત-રસપોષક પ્રસંગોથી, વચ્ચે વચ્ચે ઉપસ્થિત થતી આડયચાઓથી તેમ જ વધુ પડતી કવિતાથી સમગ્ર નાટક અતિશિથિલ રચનાવાળું બન્યું હોય તેમ જણાય છે. તેમ છતાં કર્તા નાટક દ્વારા પોતાનો હેતુ સફળ રીતે સાધી શક્યા છે. જગત્‌પિતા

---

૧. "સુરેશચરિત્ર", ચતુર્થ અંક, પૃ. ૨૬૫
૨. "સુરેશચરિત્ર", ચતુર્થ અંક, પૃ. ૨૬૮

બ્રહ્મદેવના સંકલ્પથી શ્રી મહેશ્વરે ચાર ચાર સ્ત્રી અને એક પુરુષ એમ શુક્લ, રક્ત અને કૃષ્ણવર્ણવાળી સૃષ્ટિ ઉભી કરી અને પૃથ્વીલોકમાં રમતી કરી. તેમાં શુક્લવર્ણવાળી એક સ્ત્રી "મહાદેવી"ના આત્મવૃત્તાંતથી અન્યલોકની વિગતો તથા પૃથ્વીલોકની પામરતાનો કર્તાએ પરિચય કરાવ્યો છે, અને અંતે મૂળ મહેશ્વરે વિભાજિત કરેલી શુક્લવર્ણની સૃષ્ટિ – રાજા સુરેશ અને ચાર સ્ત્રીઓ – એકત્ર થતાં શિવ-પાર્વતી, વિષ્ણુ-લક્ષ્મી પૂર્વવરદાન મુજબ પ્રગટ થાય છે. કર્તા આ વ્યવહારના ઉપર ભાર આપતાં એમ સ્પષ્ટ કરવા માગે છે કે પ્રજ્ઞાવતી, દેવી, વિલાસિકા અને મહાદેવીનું રાજા સુરેશ સાથે થયેલું ક્રમશઃ લગ્ન એ આકસ્મિક ઘટના નથી પરંતુ પૂર્વજન્મોના પરસ્પરના સંબંધોને લીધે તેમ બને છે.

નાગલોક, ગંધર્વલોક વગેરે આનંદપ્રમોદથી ગાજતા દિવ્યલોકની સાથે સાથે પોતાની વાસના કે મોહમાયાને લીધે વિચિત્ર શરીર ધારણ કરી શેષજીવન ગુજરતા જીવોના નિમ્નલોકની પણ કર્તા કથા કહે છે અને તે સર્વમાં પૃથ્વીલોક પર પ્રવર્તી રહેલાં દંભ, ડોળ, અનાચાર, અધર્મ, સ્વાર્થ, સંકુચિતતા વગેરે અનિષ્ટ તત્ત્વોનો પણ વિગતે ખ્યાલ આપે છે. ઉદાહરણ તરીકે આપણે બે-ત્રણ નમૂના જોઈશું :

"મહાદેવી" પૃથ્વીલોક પર ભ્રમણ કરતાં પ્રપંચી ગુરુઓને જુએ છે, તેનું વર્ણન કરતાં કહે છે,

"હે મહારાજ ! આ લોકમાં કોઇ સ્થળે તો આશાતૃષ્ણારૂપ રજ્જુથી બંધાએલા વિરક્તાવસ્થાને પામેલા પુરુષો, સ્ત્રીપુરુષોનાં યૂથપ્રતિ બેસી પ્રપંચયુક્તવાણીથી શ્રેય સૂચવી બોધ કરતા જોયા, તથા કોઈ તો સંપૂર્ણ વિષયની ઈચ્છાવાળા તથા સર્વવિકારયુક્ત

ચિત્તવાળા હોવા છતાં ગુરૂપદને ધારણ કરી અનેક યુક્તિથી ધનાદિ પદાર્થને હરણ કરતા જોયા, તથા કોઈ તો મૂર્ખ છતાં પંડિતપણાના અભિમાનવાળા જોયા."[૧]

વિવિધ જનસમુદાયની પ્રવૃત્તિનો "મહાદેવી"ને અર્થે-દેખ્યો હેવાલ કેટલો તાદૃશ, પ્રતીતિજનક અને તત્કાલીન સમાજનું પ્રતિબિંબ પાડતો જણાય છે ! –

"કોઇ સ્થળે તો દુષ્ટ પ્રાણીઓને અન્ય પ્રાણીઓના અહિતકર કાર્યના વિચાર કરતા જોયા, તથા કોઈ તો પોતાના ધનાદિ પદાર્થની રક્ષા અર્થે નિદ્રારહિત રાત્રિયોને વ્યતીત કરતા જોયા ; તથા વ્યભિચારચૌર્યાદિ નિંદ્ય કર્મો કરનાર કોઈને તો રાત્રિને વિષે ગુપ્તપણે ગૃહોમાં પ્રવેશતા જોયા ; તથા કોઈ સ્થળે તો અમંગળરૂપ મૃત્યુ થવાથી મુએલાના સંબંધીઓને કરૂણામય પોકારને પાડતા જોયા ; તથા તેવા સમયમાં પણ તેના પ્રતિ શત્રુત્વને માનનાર કેટલાકને પ્રસન્ન થતા જોયા ; તથા કોઈને તો ઉપરથી શોક કરતા અને અંતરથી પ્રસન્ન થતા જોયા, તથા કોઈ સ્થળે મૃત્યુને પ્રાપ્ત થએલા પ્રાણિને શ્રેયસ્કર શ્રીરામાદિ શબ્દોના ઉચ્ચારપૂર્વક લઇ જતા જોયા ; તથા તેવા સમયે સંસારના ક્ષણિક-પણાનો વિચાર કરનાર અન્ય મનુષ્યોને વિરાગયુક્ત વાણીને ઉચ્ચારતા જોયા, તથા ક્ષણ પછી તેવા મનુષ્યોને જ પુનઃ વિરાગરહિત નિર્ભયપણે વ્યવહારનાં કાર્ય કરતા જોયા, તથા એવા મૃત્યુરૂપ અત્યંત કરૂણામય નિમિત્તે પશ્ચાત્ ઉત્તમ મિષ્ટાન્નો વડે જ્ઞાતિભોજન થતાં જોયાં, તથા તેવાં સ્થળોમાં શત્રુત્વને માનનાર પ્રાણિને તેમના દ્વેષને તથા નિંદાને ઉચ્ચારતા પંક્તિની મધ્યે ભોજન કરતા જોયા, તથા કેટલાક સુજનોને તે ગૃહિની

---

૧. "સુરેશચરિત્ર", ચતુર્થ અંક, પૃ. ૨૫૧

તથા ભોજ્યાદિ પદાર્થની સ્તુતિ કરતા જોયા, તથા કોઈ નિર્ધનોને ત્યાં એવા અમંગલ સમયે જ્ઞાતિભોજનાદિ વ્યવહારને બળાત્કાર વડે કરાવતા જોયા ; તથા કષ્ટના ભયથી ન કરનારને અપમાન તિરસ્કારાદિ કરતા જોયા."[૧]

શાળા, શિક્ષકો, અધ્યક્ષો અને સર્વોપરી અધ્યક્ષોનો વિચાર પણ તેવો જ વિગતપૂર્ણ છે.

"કોઈ સ્થળે તો નાના વિદ્યા-અધ્યયન કરવાની શાળાઓ જોઈ, તથા તેમાં અનેક વિદ્યાર્થીઓ તથા શિક્ષકો તથા અધ્યક્ષો તથા સર્વોપરી અધ્યક્ષોને જોયા, ત્યાં અધ્યયન કરવામાં તીવ્રબુદ્ધિવાળા, તથા મધ્યમ અને ક્લિષ્ટ વૃત્તિવાળા વિદ્યાર્થીઓને જોયા, તથા કેટલાક તામસી શિક્ષકોને વિદ્યાઅધ્યયન કરાવવાની ઉત્કૃષ્ટ નીતિ તથા યુક્તિયોનું જ્ઞાન ન હોવાથી ચંતઃકરણ તથા મુખમુદ્રાને દૂષિત કરી ક્રોધ વડે ઉપરના દંતોની પંક્તિને નીચેના અધર સાથે પીડન કરી નિરપરાધી કુમારોને તાડન કરતા જોયા, તથા કેટલાક બુદ્ધિમાન શિક્ષકોને યુક્તિપૂર્વક વિદ્યાર્થીઓની પ્રસન્નતા મેળવી અધ્યયન કરાવતા જોયા, તથા કોઈ સમયે વાર્ષિક પરીક્ષા માટે વિદ્યાલયોમાં વિદ્યાર્થી, શિક્ષકો તથા પરીક્ષકોના સમારંભ જોયા, ત્યાં પઠન કરવામાં મંદ બુદ્ધિમાન્ તથા પ્રપંચી વિદ્યાર્થીઓને અન્યની સહાયતા આદિ યુક્તિયોથી ગુપ્તપણે પોતાની કાર્યની સિદ્ધિ કરતા જોયા, તથા બુદ્ધિમાન્ ન્યાયી પરીક્ષકોને તેવા બાળકોને પકડી શિક્ષા કરતા જોયા, તથા કોઈ દયાવાન ઉદાર પરીક્ષકને તો તેઓ પ્રતિ લક્ષ છતાં તાત્કાલિક પ્રસંગે અલક્ષ કરતા જોયા, તથા હે મહાજન ! કેટલાક સ્થૂળ બુદ્ધિમાન અધ્યક્ષોને તો વ્યવહારમાં

---

૧. "સરેશચરિત્ર", ચતુર્થ અંક, પૃ. ૨૫૨

અતિઉપયોગી નહીં, એવા ઘણા વિષયને પઠન કરવા રૂપ ભારને તે વિદ્યાર્થીઓનાં શીર ઉપર નંખાતા જોયા, તેમ જ બાળકોની શક્તિનું અનુમાન કરવાને સમર્થ એવા છતાં પણ તેઓને અમુક નિયમિત કાળમાં શક્તિ ઉપરાંત પઠન કરવાનાં અધિક પુસ્તકો નિશ્ચય કરી આપતા જોયા, તથા તે અધ્યયન કરાવવાનો પુસ્તકો નિયમિત કાળમાં શીખવાને વિદ્યાર્થીઓ કેવળ અસમર્થ છે, એમ અનુમાનને કરતા છતાં કેટલાક દુરાગ્રહી શિક્ષકો પોતાના ઉપરીની પ્રસન્નતા પ્રાપ્ત કરવા અર્થે તથા પોતાના અધિક લાભની અભિલાષાથી પ્રસન્નતાથી અધ્યક્ષોની આજ્ઞાને માન્ય કરતા જોયા, તથા તેવા શિક્ષકોને તે નિરપરાધી દયાપાત્ર બાળકોને અત્યંત ત્રાસ દ્વારા તે તે વિષયો તેમની શક્તિ ઉપરાંત અધ્યયન કરાવતા જોયા. તથા એવા અધિક અધ્યયનના બોજથી ત્રાસીને મંદબુધ્ધિ વિદ્યાર્થિને તો પઠન કરવાથી નિવૃત્ત થતા જોયા, તથા મધ્યમબુધ્ધિને શિક્ષા સહન કરતા શક્તિપ્રમાણે પઠન કરતા જોયા, તથા તીવ્રબુધ્ધિમાન ઘણા વિદ્યાર્થીઓને શક્તિથી અધિક પ્રયત્ન વડે ક્ષીણ હૃદયવાળા, દુર્બળ, નેત્રરોગી, વિવિધ વ્યાધિથી પીડિત તથા કેટલાકને તો મૃત્યુને પ્રાપ્ત થતા જોયા, તથા પરાધીન ઉદરાર્થી શિક્ષકોને પણ નિયમિત કાળમાં શક્તિ ઉપરાંત – અધ્યયન કરાવવાના પરિશ્રમથી ક્ષય આદિ રોગોના ભોગ થઈ પડેલા, તથા કેટલાકને ત્રાસ પામી તે તે પદવી નો ત્યાગ કરતા જોયા, અને તેવા પરિણામને જાણતા છતાં પેલા કઠોર હૃદયના અધ્યક્ષોને વિધાના નિયમોમાં સરળતા ન કરતાં, ઉલટા પ્રતિવર્ષે અધિક કાઠિન્ય કરતા જોયા."[1]

આવા અત્યંત લાંબા ફકરા કોઇને પણ નાટકની દૃષ્ટિએ બીનજરૂરી કે નકામા લાગે તે સ્વાભાવિક છે. પરંતુ કર્તાનો

---

૧. "સુરેશચરિત્ર", ચતુર્થ અંક, પૃ. ૨૫૫

ઉદ્દેશ ઊર્ધ્વલોકની સૃષ્ટિ, નિમ્નલોકની સૃષ્ટિ અને અનેકવિધ ગુણ-મર્યાદાથી વિભૂષિત પૃથ્વીલોકની સૃષ્ટિનો પરિચય કરાવી જીવનો ભૌતિક અને આધ્યાત્મિક વિકાસ કેમ થાય તેની રૂપરેખા દોરવાનો છે. પૃથ્વીપરનાં અસંખ્ય પાપ અને અધર્મની વચ્ચે પણ કેટલાક જાગૃત અને સચેત જીવ કર્તવ્યપરાયણ બની બંને પ્રકારની સિધ્ધિ સરળતાથી પ્રાપ્ત કરી શકે છે. રાજા સુરેશનું રાજ્ય લાંચરુશ્વત, અધર્મ, અનીતિ વગેરેથી સડી ગયું હતું. પરંતુ તેઓ નાનામાં નાની વિગતમાં પણ જાગૃત રહેતાં તે રાજ્યને આદર્શ બનાવી શક્યા. શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે ચારે રાણી સાથે લગ્ન કરી તેઓ સંસારસુખ પણ માણી શક્યા અને અંતે પરમાત્માના - શિવશક્તિ તથા વિષ્ણુલક્ષ્મીના - આશીર્વાદ મેળવી, ઉચ્ચદશાને પ્રાપ્ત કરી શક્યા. કર્તા દેહાદિ પાર્થિવ પદાર્થની ક્ષણભંગુરતા તથા અનિર્વચનીય માયાનો લોભાવનારા પ્રવાહનો ખ્યાલ આપી જીવોને વિવિધ પ્રલોભનોમાં ન ફેંચાતાં પ્રાપ્ત પરિસ્થિતિને ઉત્તમરીતે માણવાનો બોધ કરે છે.

રાજા સુરેશે પ્રજ્ઞાવતી અને દેવી સમક્ષ વન અને ઉપવનનો ભેદ પાડતાં, કુલીન ગૃહિણી સ્ત્રી અને વ્યભિચારિણી સ્ત્રીનું જે રૂપક આપ્યું છે, તે મૌલિક અને નોંધપાત્ર છે -

"હે પ્રિયે ! ઉપવન છે તે જ્યાં સુધી આપણે એની અનુકૂળતા પ્રમાણે રક્ષા કરીએ છીએ, ત્યાં સુધી જ માત્ર સુખદ છે ; અને વન તો આપણા ઉપકારરહિત પણ સુખદ જ છે. તો હે સુવિચારવાળી ! કુલિન ગૃહિણી છે, તે કુદરતી વન છે ; અર્થાત્ આપણા વડે યથાર્થ રક્ષાય અથવા નહીં તો પણ પોતે કષ્ટ સહી નિરંતર પતિને સુખ આપે છે જ. અને વ્યભિચારિણી અથવા વારાંગના ઉપવન રૂપ છે ; કારણ તેની ઇચ્છા અનુકૂળ પ્રસન્નતા બાળવામાં કસુર કરનાર પુરુષને તે વાસ્તવ સુખ તો શું દે, પણ ઉલટું દુઃખ ઉત્પન્ન કરે છે.

કારણ તેણે કોઇ પુરુષના સ્થૂળને પતિ માન્યું નથી. તેણે તો માત્ર પ્રસન્નતા પ્રમાણે પૂરું પાડનારને જ પતિ માન્યો છે."[૧]

માનવ, દેવ, સિધ્ધ, નાગ, ગંધર્વ, પિશાચ વગેરે અનેક લોકને આવરી લેતું પ્રસ્તુત અદ્‌ભુતરસપ્રધાન નાટક સમગ્રતયા તત્ત્વબોધ કરતી કથા હોવા છતાં, વર્ણ્યવિષયને વધુ સરળ બનાવવા લેખકે હાસ્યરસ પણ ઠીક ઠીક નિષ્પન્ન કર્યો છે.

મેલી વિધાના ઉપાસક અઘોરીબાવાની ભાષા, તેમ જ "બચ્ચા ઈસકા એકતીમેં જકે ધૂપ દેના" કહીને રાજ વિપર્યયને ધૂપનું પડીકું આપતા સિધ્ધની ભાષા હિંદી રાખી છે, તે પાત્રોચિત હોવાથી પ્રતીતિજનક લાગે છે. તેવી રીતે મુક્તાપુરી નગરીમાંના જે ભાટચારણો રાજમહાલયમાં અનેકપ્રકારનાં સ્તુતિવચનો બોલે છે તે જ લોકો પરસ્પર હલકી ગાળાગાળીની ભાષા બોલતાં પણ અચકાતા નથી, તે દર્શાવી કર્તાએ "વ્યંગ" સાથે હળવો વિનોદ કર્યો છે,

"૨ ભાટ – (૧ ભાટને) અલ્યા જડસા ! તને આવી રૂપાળી
કવિતા કરતાં કેણે શિખવ્યું ?
૧ ભાટ – તારા બાપે. નો'તો હું શીખતો ને તને હેંચોળતો.
૨ ભાટ – રોંડનો ધોતાળ, કે'સે "તારા બાપે" અલ્યા !
મારો બાપ આવી કવિતા શિખવાડતો હશે ?
૧ ભાટ – અલ્યા, હાથના કોંકણને અરિસો શીદ જોઇએ ?
બોલને તું એકકવિતા એમ કણે તારા બાપનું ડાવૅણ
અછોનું રહેશે ?
૨ ભાટ – લે કેં તાણે, આ બોલું સું."[૨]

---

૧. "સુરેશચરિત્ર", તૃતીય અંક, પૃ. ૧૦૧
૨. "સુરેશચરિત્ર", પ્રથમ અંક, પૃ. ૧૨

તો કયારેક માત્ર રમૂજ ઉત્પન્ન કરવા ખાતર જ બોલીની વિચિત્રતાથી તેવો પ્રસંગ કલ્પીને સહેતુક પ્રયોજયો હોય તેમ સ્પષ્ટ જણાઇ આવે છે.

"૨ વ્યાપારી – અલા ઓ ઉંગનઢોડી ! છાનો મેડ. પેલા
ટાડા બાપ ડીઠા ?
{એક બે સિપાઇ જતા હતા, તેમને દેખાડે છે}
૩ દલાલ – એના બાપઠીએ કોન બીએ છ ?
૨ વ્યાપારી – કેમ ડેખાતું ! બચ્ચા ! ટમાસો ડેખાતું ? છે મડ્ડી ?
૩ દલાલ – ઞ, ઞ, ટાડાઠી ઠાય ટે કડ ; કોન ડડે છ ?
૨ વ્યાપારી – {સામો જઇને} જમાડાડ સાહેબ ! ઓ જમાડાડ
સાહેબ ! જડા ખડે ડો, મેહેડબાન !
જમાદાર – કયા હે ? બનિયા !
૪ દલાલ – {બીજા વ્યાપારીને} જવા ડેની, સાલા ! એવા
લોકનું મોં બાલ.
૨ વ્યાપારી – {મોટેથી} કેમ, બચ્ચા ! ટાડે પન સવાડ
કારવો છ ?
જમાદાર – કયું બે, બૂમ મારકે ફિર આડી ટેડી બાત કરતા હે ?
કયા હમારી બી મશ્કરી કરતા હે ? {એમ કહી એક
ધપ્પો મારે છે}
બધા જણ – {હસે છે} કેમ, બચ્ચા ! સવાડ કાર્યો ? જો,
મારો ખોડે ટે પરે.
૨ વ્યાપારી – હસો, સાલાઓ ! હસો. ટમાડા બાપને ઢપ્પો
મડાવીને હસો ; પન સડટ રાખજો. બે ચાડ
ડારે પન ટમને ટમાસો ડેખારીશ.
{સર્વે વેરાઇ જાય છે}"[૧]

---

૧. "સુરેશચરિત્ર", તૃતીય ભાગ, પૃ. ૧૫૨

આવું મુક્તહાસ્ય નગરજનોમાં અને અન્ય ગૌણપાત્રોમાં જોવા મળે છે, પરંતુ નાટકનાં મુખ્ય પાત્રો તો રહસ્યમય તત્ત્વજ્ઞાનની કે ગૂઢ રાજ્યકારભારની કે કાવ્યકલ્લોલની વાતો કરતાં ગંભીર અને ભારેખમ લાગે છે. આવાં પાત્રો સાથે હસવાની છૂટ લેવી એ પણ એક ગંભીર ગુનો બનતો હોય તેમ જણાય છે.

કર્તાની શૈલી પણ પાત્રોચિત અને પ્રસંગોચિત બનતી હોય તેમ જણાય છે. નગરજનોની ચર્ચામાં હળવી, રાજસભાનાં કાર્યોમાં બોધક, જ્ઞાનચર્ચામાં ગંભીર તો પ્રકૃતિવર્ણનોમાં સમાસબાહુલ્યવાળી ભારેખમ – એમ વિવિધ સ્વરૂપો ધારણ કરતી શૈલીનાં આપણને દર્શન થાય છે.

ગંધર્વોના રાજા ચિત્રશુના વર્ણન બાદ લેખકે ગંધર્વકન્યાઓનું કેવું સુંદર વિગતપ્રચુર નખશિખ અને ચિત્રાત્મક વર્ણન કર્યું છે !

"એની સાથે કેટલીક પદ્મિની તથા ચિત્રિણી એવા દિવ્યસ્વરૂપવાળી યુવતીઓ નૃત્ય કરતી તથા ગાયન કરતી ચાલતી હતી. હે મહારાજ ! તે યુવતીઓનું સોળથી વિશ વર્ષ સુધીનું વય હતું. તેમનાં વસ્ત્ર ચિત્રવિચિત્ર અને અતિઅદ્‌ભુત હતાં. અલંકારો અન્યલોકવાસિને આશ્ચર્ય સાથે મોહ ઉપજાવે એવા હતા. સર્વ ગંધર્વકન્યાઓનાં મસ્તકના પ્રકાશિત કેશ અતિદીર્ઘ હતા. કોઈના કટિપ્રદેશ પર્યંત, કોઇના નિતંબથી નીચા, કોઇના ઢુંટી પર્યંત, અને કોઈ સ્ત્રીની ગુંથેલી લટો પગની પાની પર્યંત પણ લાંબી હતી. હે રાજન્ ! તે કેશની ભિન્નભિન્ન ગુંથેલી લટની નીચે એક કુમતું લટકતું હતું. તેમનાં મસ્તક દિવ્ય અલંકારોથી સૂર્ય સમ પ્રકાશવાળાં પ્રતીત થતાં. દરેક લટમાં અમૂલ્ય મુક્તાફળ સહજ અંતર રાખી પરોવ્યાં હતાં. તે સર્વ લટ વસ્ત્રના ઉપર પીઠ સાથે લટકતી હતી. કંઠથી કટિ પર્યંતનાં વસ્ત્ર શરીર સાથે અત્યંત સંબંધવાળાં હતાં. તેમનાં મુખ ચંદ્રથી પણ અધિક શોભાવાળાં હતાં. ઉચ્ચ કપોળોમાં હાસ્યયુક્ત વદનથી સહજ ખાડા જણાતા.

કપોળના ઉપર અડતા કેશના અલંકાર પોતાના પ્રકાશથી સંમુખ જોનારના નેત્રને ઝંખવે એવા હતા. કટિનો અત્યંત કૃષ ભાગ શરીરને શોભાવતો હતો. કુંકુમવર્ણના ચરણની ચપળતા નૃત્ય સમયે તો અવર્ણનીય મોહક હતી. હે દીર્ઘદષ્ટિવાન્ મહારાજ ! તેમનું સંપૂર્ણ વર્ણન હું કેવી રીતે કરી શકું ? સંક્ષેપમાં એટલું કહેવું પણ ઓછું કે અખિલ વિશ્વના અધિકાષ્ઠાતા મહાયોગીશ્વર શિવને ચળાવનાર કામદેવની વિશ્વમોહિની રતિ પણ એ ગંધર્વકન્યાઓને જોઈ પ્રસંગે લજ્જાથી પોતાના અભિમાનનો ત્યાગ કરે."[1]

ગંધર્વલોકમાં પતિની આજ્ઞાથી દેવીએ કરેલા નૃત્યનો પ્રસંગ, વર્ણનકલાનો સુંદર નમૂનો હોવાથી તેને પણ અહીં ઉધ્ધૃત કરવાનું પ્રલોભન રોકી શકાય તેમ નથી.

"જે વેળા મેં વિરહિણીનું સ્વરૂપ કરી આલાપનો પ્રારંભ કર્યો તે ક્ષણે મારા પતિની વૃત્તિઓ સ્તબ્ધ થઇ ; તે મારા સંમુખ જોઈ રહ્યા. પછી આલાપની અવધિમાં અત્યંત તીવ્રતર નિષાદસ્વરોચ્ચાર કર્યો, તે સમયે મારા પતિ સુષુપ્તવત્ થઈ ગયા ; અને પછી જે સમયે નૂપુરાદિ અલંકારોનો વાદિત્રસમ ક્રમ બાંધી નાદતાલયુક્ત કરી વિયોગ-શૃંગારથી કરૂણાનું ગાયન આરંભ્યું, તે સમયે યક્ષ, ગંધર્વ, કિન્નર, નાગ, દેવ, પિતૃ, વિદ્યાધર, આદિ અનેક લોકનાં પ્રાણી, જેઓ વિલાસને અર્થે આકાશમાર્ગે એક સ્થાનથી બીજા સ્થાને ભ્રમણ કરતાં હતાં, તેઓ મારા નાદમાં લુબ્ધ થઇ જયાંનાં ત્યાં સ્થિત થઇ ગયાં ; તથા તે પહાડનાં શૃંગોમાં નિવાસ કરી રહેલી વ્યુત્થાનદશાના સિધ્ધો જેમના તેમ સ્થિત થઈ રહ્યા ; અને તેઓની સુતાં મારા નાદમાં

---

૧. "સુરેશચરિત્ર", દ્વિતીય અંક, પૃ. ૫૪

આકર્ષાઈ આવી ; અને જે સિધ્ધો સમાધિનિષ્ઠ હતા તેમની સમાધિમાં વિઘ્નરૂપ મારો નાદ પ્રવેશ કરી તેમનું સમાધિથી વ્યુત્થાન કરતો હવો ; તથા પક્ષીઓને અને પર્વતનાં અનેક પ્રકારનાં પ્રાણીઓને મારો નાદ હિંડ્યૂઢ કરતો હવો ; તેમાં વૃક્ષાદિ, ઉદ્ભિજ પ્રાણીઓનો, સૂક્ષ્મરંધ્ર વ્હેારા જળને આકર્ષી રસરૂપ કરી સર્વત્ર પ્રસરાવનાર સૂક્ષ્મ વાયુ પણ નાદના આકર્ષણથી સ્તંભ્યો ; અને હે રાજન્ ! જે ક્ષણે મેં વિરહિણીનાં કાનમાં પ્રવેશ સમયનાં વિરહનાં કરૂણામય વાક્યો હાવભાવ સહ વર્તાવ્યાં તે સમયે આકાશસ્થિત સર્વ સ્ત્રીપુરુષ પરસ્પરનાં મુખ જોઇ સ્તબ્ધ થઇ રહ્યાં ; અને મારા પતિ પણ મારા સંમુખ આકાશવત્ સ્થિત થયા. સંક્ષેપમાં એટલું જ કહું છું કે હે રાજન્ ! મારો નાદ જે જે લોક સુધી પહોંચ્યો તે તે લોકનિવાસી તત્કાળ નાદના આકર્ષાયાં તે તરફ આવવા લાગ્યાં. પછી મેં વિરહિણી-સ્વરૂપની અવધિ આણતાં મેં આગંતુક મંદ હાસ્ય કરી પતિસંમુખ દૃષ્ટિ બાંધી સંયોગિણીના સ્વરૂપને રચવા મંડ્યું, તે સમયે મારા પતિ સચેત થઇ વિહ્વળ થતા હવા ; અને હે મહારાજ ! જે સમયે મેં સંયોગિણી સ્વકીયાનું સ્વરૂપ રચીને હાવભાવ યુક્ત, પતિને પ્રીતિકર એવા નૃત્ય સહ ગાયન આરંભ્યું, તે સમયે સર્વ દેખનાર સ્ત્રીપુરુષો કામાસક્ત થયાં, અને રોમ રોમથી કામાગ્નિની વાફ નિકળવા લાગી, તથા પત્ની સહિત પુરુષોનાં શરીર કામજ્વરથી તપી આવ્યાં, અને સંયોગિજન પોતાનાં શરીરનાં ભાન ભૂલી જઇ વિહારેચ્છાને સ્વાધીન થયાં. એ સમયે કેટલાક સિધ્ધ પુરુષ સમાધિથી વ્યુત્થાન પામ્યા, અને કેટલાક તો આસનથી ભ્રષ્ટ થઇ વિહ્વળ સ્થિતિથી મારા નાદની પ્રબળ સત્તાએ આકર્ષાઈને પોતાની ગુહાઓથી બહાર નિકળી મારા સમીપ ચોકમાં આવતા હવા. મારા પતિ પણ તે સમયે અમર્યાદ મોહાવસ્થાને સ્વાધીન થઇ પોતાના આસન ઉપરથી ઉઠી મારા સમીપ આવતા હવા, તો પણ સમગ્ર લોકના સ્વરૂપને જાણતી એવી

હું લોકમર્યાદાથી આજુબાજુ તથા અંતરિક્ષ સ્થિત પ્રાણીઓ તરફ લક્ષ કરી મારા પતિને હસ્તગત થતી ન હતી. તે સમયે લોકમર્યાદાને ન ગણતા એવા તીવ્ર કામવેગ વડે અતિ આસક્તિયુક્ત મારા પતિ, મારો હસ્તગ્રહણ કરી આલિંગન દેવાની સંધિમાં હતા....."[૧]

ધર્માચાર્ય કર્તાએ આમ વિરહિણી અને સંયોગિણી સ્ત્રીનાં શૃંગારિક શબ્દચિત્રો કુશળ કલમથી નિરૂપ્યાં છે. કર્તા પ્રસંગ પ્રમાણે ઉચિત શૈલી યોજી તેમાં પણ વૈવિધ્ય દાખવે છે.

તેમ છતાં સમગ્રતયા વિચારતાં, નાટકને જરૂરી તેવાં ત્વરિત કાર્યવેગ અથવા પ્રસંગોની પરંપરા, સંઘર્ષ, પરાકાષ્ઠા વગેરે તત્ત્વોનો અભાવ, લાંબી પાત્રોક્તિઓ, માનવેતર સૃષ્ટિઓ, ચમત્કારો, "કાવ્યકલ્લોલ"ને નામે બીનજરૂરી કવિતા વગેરે તત્ત્વોને લીધે નાટક કોઈપણ રીતે તખ્તાલાયકીવાળું બનતું નથી.

વળી, પ્રસ્તુત નાટકનો "ઉત્તરાર્ધ" પ્રગટ થઇ શક્યો નથી અને પૂર્વાર્ધ-ઉત્તરાર્ધના રહસ્યને સુસ્પષ્ટ કરતી "તાત્પર્યદીપિકા" પણ પ્રગટ થઇ શકી નથી, તેથી કર્તા આ વિશે કેવા પ્રકારનો વધુ પ્રકાશ પાડવા માગતા હતા, તે અંગે અનુમાન સિવાય કોઈ વિકલ્પ રહયો નથી. "તાત્પર્યદીપિકા" અંગે પ્રસ્તાવનામાં ભારપૂર્વક કહયું છે,

"અત્યંત પ્રકાશિત મૂલ્યવાન મણિ પણ, નેત્ર રહિત અંધને જેમ જણાતો નથી, તેમ સુરેશચરિત્ર કોટિ મણિથી અધિક પ્રભાવાન અને મૂલ્યવાન છતાં પણ તેની નેત્રરૂપ તાત્પર્યદીપિકા વિના બુધ્ધિગમ્ય થવો અત્યંત મુશ્કેલ છે. નેત્રહીન જનોને તાત્પર્યદીપિકા જેમ નેત્રરૂપ છે, તેમ નેત્રવાન વિદ્વાન મંડળને તાત્પર્યદીપિકા જ્યોતિરૂપ છે."[૨]

---

૧. "સુરેશચરિત્ર", દ્વિતીય અંક, પૃ. ૫૬

૨. "સુરેશચરિત્ર", પ્રસ્તાવના, પૃ. ૧૧

પરંતુ પ્રસ્તુત અપૂર્ણ ગ્રંથ ૭૯ારા પણ કર્તા પોતાના બોધપ્રદ સિધ્ધાન્તોને સરળતાથી અને સફળતાથી રજૂ કરી શક્યા છે.

"સન્મિત્રનું મિત્ર પ્રતિ પત્ર" :-

પોતાના એક સાધક મિત્રનો - અનેકવિધ પ્રશ્નો પર ચર્ચા કરતો અને ક્યારેક શંકા રજૂ કરતો - પત્ર આવે છે ત્યારે તેના અનુસંધાનમાં સન્મિત્ર તેને એક લાંબો વિધ્વત્તાપૂર્ણ પત્ર લખે છે તે જ પુસ્તકકારે પ્રસિધ્ધ થયેલ "સન્મિત્રનું મિત્ર પ્રતિ પત્ર". પત્રશૈલી હોવાથી વચ્ચે વચ્ચે મિત્રને કરેલા સંબોધનો તેમ જ મિત્રે રજૂ કરેલી શંકાઓનું ગર્ભિત સૂચન વગેરે સન્મિત્રના પ્રસ્તુત પત્રમાં દેખા દે છે, તે સિવાય, પત્રશૈલીની દૃષ્ટિએ તેમાં કોઇ નોંધપાત્ર વિશિષ્ટતા નથી ; પરંતુ ખંડન-મંડન શૈલી હોવાથી અનેકવિધ ગુહ્ય અને ગંભીર વિષયો પર કર્તા શાસ્ત્રીય પ્રમાણો સહ સુંદર રીતે પ્રકાશ પાડી શક્યા છે.

આરંભમાં કામનાનું સ્વરૂપ સમજાવતાં લઘુલાઘવી વિવેચવાળી કામના પિશાચી કેવી મુક્તત્વની વિરોધી, દુઃખોત્પાદક તથા દુર્જય સરખી છે, તે સન્મિત્ર મિત્રને સમજાવે છે. એના મિત્રે પત્રમાં લખ્યું હતું કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારપદાર્થ જગતમાં મેળવવા યોગ્ય ગણાય છે. धर्मार्थकाममोक्षाणां यस्यैकोऽपि न विद्यते।
अजागलस्तनस्यैव तस्य जन्म निरर्थकम्॥ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારમાંથી એક પણ જેણે જગતમાં જન્મધરીને સિધ્ધ કર્યો નથી તેનો જન્મ બકરીના ગળામાં રહેનાર સ્તનની પેઠે નિરર્થક છે. તો પછી કામ પ્રાપ્ત કરવા માત્રથી પણ જન્મ સાર્થક થયો ગણાય. તેના જવાબમાં સન્મિત્ર "કામ"ના જુદા જુદા ચાર અર્થો સમજાવે છે અને જે પુરુષાર્થરૂપ પદાર્થમાં જે કામની ગણના કરી છે તે આપ્તકામ છે. માટે પ્રત્યેકે આત્મકામ થવા પુરુષાર્થી થવું જોઇએ.

કામનાનું કારણ રાગ પણ ગણાય છે. માટે કારણની નિવૃત્તિથી કાર્યની નિવૃત્તિ થાય, એ નિયમથી રાગ એટલે વિષયાસક્તિ મટે તો ઈચ્છા-કામના પણ મટે. વિષયાસક્તિ રૂપ રાગ સંયમ વિના મટતો નથી. તે માટે યોગસાંખ્યાદિ શાસ્ત્રમાં વારંવાર ચિત્તની ચંચલતાના હેતુરૂપ કામનાનો જય કરવા વૃત્તિનિરોધ કરવાના ઉપાયને વિશેષ કરીને સાધનરૂપે વર્ણવ્યો છે.

વિષયમાત્રનો સંગ પણ કામનાને ઉપજવનાર કારણરૂપ છે. "संगात् संजायते कामः|"સંગથી કામ ઉત્પન્ન થાય છે" તે સમજવતાં કર્તા કહે છે,

"આશરે બારવર્ષથી પૂર્વે તો ખાવાપીવા તથા ખેલવામાં વિવિધ પ્રકારે એ કામના વિસ્તાર પામે છે. બારથી સોળ પર્યંતમાં જગતના બીજ સ્ત્રી, ધન, માન આદિ વિષયોની કામનાના અંકુરો નીકળે છે અને વિશ વર્ષનું વય થતાં તે અંકુરો બલવાન થાય છે. પછી વિશથી તે ચાળીશ સુધીમાં તો તે અંકુરો વધીને સારા ફાલેલા વૃક્ષ જેવા થાય છે. આ કામનાનું થવું અર્થાત્ ઉપજવું, તે કામનાનું ન પૂર્ણ થવું અર્થાત્ યથાર્થવેગે વધવું, તથા તે કામનાનું ફલીભૂત થવું અર્થાત ઈપ્સિતાર્થને પ્રાપ્ત થવું, એ ત્રણે સમય પોતાના પ્રાપ્ત પ્રસંગે કેવલ દુઃખનો અનુભવ કરાવે છે."[1]

સામાન્ય પુરુષોને ક્ષુલ્લક પ્રકારની વાસના પીડે છે તો ઉચ્ચ અભિલાષવાળા પુરુષને વિદ્યા, સ્ત્રી, ધન, પ્રતિષ્ઠા - તે ચારેની કામના પીડે છે. અને માયાના બંધનમાં તે ફસાય છે.

સર્વ મનુષ્ય મુક્તત્વને જ ઝંખતા હોય છે, બંધન તેમની ઈચ્છાનો વિષય નથી હોતો તેમ છતાં પણ આશ્ચર્યની વાત એ છે કે મુક્તત્વની

---


૧. "સદ્મિત્રનું.....પત્ર", પૃ. ૬

સાક્ષાત્ વિરોધી અને બંધનની સાધક આ કામનાને નિર્મૂલ કરવાનો યત્ન કરતા પુરુષો આ જગતમાં કવચિત્ જ જણાય છે.

ઉપરોક્ત કામના જે વિષયવાસના રૂપે ગણાય છે તે રજોગુણથી ઉત્પન્ન થનાર સુષૈષણાનું કાર્ય છે. રાજસ્ સુષૈષણા જે વિષયેચ્છાને પ્રકટાવે છે તે વિષયેચ્છા બે ભેદવાળી વૃત્તિઓનો ઉદય કરે છે. (૧) અનુકૂલભાવનારૂપ – જેનું કાર્યરૂપ પરિણામ "રાગ" થાય છે. (૨) પ્રતિકૂલભાવનારૂપ – જેનું કાર્યરૂપ પરિણામ "દ્વેષ" થાય છે.

આ કારણકાર્યસમુદાયના જનકરૂપ જન્મમૃત્યુ આપનાર રજોગુણનો અવશ્ય જય કરવો જોઇએ. આ રજોગુણનું અતિક્રમણ થયા વિના કોઇપણ પ્રાપ્તવિવેક પુરુષને અંતરમાં સુખના અભિવ્યંજક હેતુ રૂપ સ્થૈર્યની અભિવ્યક્તિ થતી નથી. કર્તા એ રજઃપ્રધાન અંતઃકરણ અને સુષૈષણાનો કોઠો નીચે પ્રમાણે આપે છે :

જુઓ પૃ.૫૪૮ ઉપર


રજ:પ્રધાન અંત:કરણ
આ લોકની તથા પરલોકની સુખની એષણા
વિષયકામના
અનુકૂલ ભાવના રૂપ વૃત્તિ
પ્રતિકૂલભાવના રૂપ વૃત્તિ
રાગ
દ્વેષ
અનુકૂલ વિષયપ્રાપ્ત્યર્થ પ્રવૃત્તિ
પ્રતિકૂલ વિષયપ્રાપ્તિથી અસંગ રહેવા રૂપ નિવૃત્તિ
રાગજન્ય ધર્મ
રાગજન્ય અધર્મ
દ્વેષજન્યધર્મ
દ્વેષજન્ય અધર્મ
પુણ્ય
પાપ
પુણ્ય
પાપ
પુણ્ય
પાપ
પુણ્ય
પા
પુણ્ય
પાપ
સુખ
દુ:ખ
જન્મમરણરૂપ સંસાર ચક્ર ભ્રમણ

મનની અસ્થિર અવસ્થા એ રજોગુણપ્રધાન અંતઃકરણદ્રવ્યનો જ પ્રભાવ છે. મનની સ્થિરતા પ્રાપ્ત કરવી એ સરળ નથી પરંતુ સાથે સાથે અશક્યવત્ પણ નથી. અપ્રમત્તપણે જો પુરુષાર્થ કરવામાં આવે તો મનની પણ સ્થિરતા પ્રાપ્ત થઇ શકે છે. ઘણા વિરક્તાવસ્થામાં પ્રીતિવડે પ્રવેશેલા પુરુષો એ જ મનના વ્યાસથી કામનાને વશ થયેલા પુનઃ વિષયાસક્ત થયેલા હોય છે અને ઘણા ગૃહસ્થાવસ્થાયુક્ત પુરુષ અલૌકિક સરખા સામર્થ્ય વડે મનને અધીન વર્તાવતા સ્થિતપ્રજ્ઞ તથા આપ્તકામ થયેલા હોય છે.

મનની સ્થિરતા વડે પારમાર્થિક સુખ કેવું દિવ્ય, અલૌકિક અને અત્યાનંદ આપનારું હોય છે, તે સમજાવતાં કર્તા તે આનંદને સમજાવવા અન્ય કોઇ ઉચિત દૃષ્ટાંત ન મળતાં વ્યાવહારિક સુખની પરાકાષ્ઠા સમ આનંદ સાથે તેની તુલના કરતાં જણાવે છે,

"જેવું સુખ સુરતને અંતે જ્યારે મન એકાગ્ર થાય છે ત્યારે એક નિમિષ થાય છે, અને સુષુપ્તિમાં જ્યારે મન સ્થિરતાને પામે છે ત્યારે જેવું નિરતિશય સુખ થાય છે, તેવું જ સુખ મુક્તિમાં રહેલું છે. પ્રશાંત હૃદય થતાં નિત્યાનંદ થાય છે. જ્યારે આમ સુખ અને સ્થિરતા સાથે જ રહે છે, ત્યારે એમ કહેવું યોગ્ય છે કે વિષયસુખ તે નિત્યાનંદનો અંશ જ છે."[1]

કર્તા ૧૧ પ્રકારનાં પાપને વર્ણવી તથા મૂર્તિમંત પાપનું સ્વરૂપ એવા દુર્જનનો ઉલ્લેખ કરી, તે બંનેનો સજ્જનોએ ત્યાગ કરવો જોઇએ, તેવો બોધ કરે છે. દુર્જનનું સ્વરૂપ વિગતે વર્ણવતાં કર્તા તેને ભડભડતા અને દઝાડતા અંગારા જેવા, અડકતાની સાથે કાળાશ અર્પતા કોયલા જેવા, સુંદર શરીર પર માત્ર વ્રણ પર બેસનાર માખીની જેમ સજ્જનોના અતિરમણીય કાર્યમાં પણ દોષ શોધનારા,

---

૧. "સન્મિત્રનું.....પત્ર", પૃ. ૨૦

મચ્છરની માફક પ્રથમ પગમાં પડી, પછી પીઠનું માંસ ખાતા ધીરે ધીરે કાન આગળ વિચિત્ર પ્રકારનો ગણગણાટ કરતા અને અંતે છિદ્ર જોઈને શંકા રાખ્યા વગર તેમાં પ્રવેશ કરનારા વર્ણવ્યા છે. તેથી દુર્જન સાથે વેર કરી ગાફેલ રહેનાર માણસોને ધાસના ઢગલામાં અગ્નિ નાખીને તેની પાસે સામા વાયુએ સૂતા હોય તેવા કહયા છે. તેથી લોકોમાં કહેવાય છે કે ગાડાથી પાંચ હાથને અંતરે રહેવું, ઘોડાથી દશ હાથને અંતરે રહેવું, અને હાથીથી હજાર હાથને છેટે રહેવું, પણ દુર્જનથી તો દેશાંતરે રહેવું. દુર્જનોની પ્રવૃત્તિ કેવી અનર્થકારી છે, તેનું વર્ણન કર્તા રસપ્રદ આલંકારિક શૈલીમાં આપે છે,

"પોતાની કીર્તિને વધારવાને યત્ન કરવા છતાં, જેની કીર્તિ શરત્કાલના અભ્રની પેઠે વેરાઇ જાય છે, પણ વર્ષાના અભ્રની પેઠે જામતી નથી, તે દુરાશાવાન્ દુર્જન પોતાના યત્નમાં નિષ્ફલ થતો સંતાપને પામતો, સજ્જનોની ફોડવા ધારેલી છતાં ન ફૂટતી કીર્તિને વિસ્તાર પામતી જોઇ ઘણીને વિના અગ્નિએ બળાપો કરે છે ; અને તેના દગ્ધ થતા શરીરનો, સમીપવર્તીને પણ તાપ લાગે છે."[૧]

દુર્જન ઘણીવાર સજ્જનને શ્વાન, ગર્દભ, કાક, બક, વૃષભ, કુકટ, સૂકર વગેરે ક્ષુદ્ર પ્રાણીઓ જેવા કહે છે પરંતુ ઉદારચિત્તવાળા વિવેકી સજ્જનો તો તેનાથી માઠું લગાડવાને બદલે તે સર્વમાં જે સદ્‌ગુણો રહયા છે તેને યાદ કરી, પ્રસન્નતા અનુભવે છે. અહીં કર્તાએ તેવાં પ્રાણીઓમાં એક પક્ષે જેમ દુર્ગુણ રહેલા છે તેમ અન્યપક્ષે કેવા સદ્‌ગુણો પણ રહેલા છે તે સૂચવતા સંસ્કૃત શ્લોકો પણ મૂકયા છે.

સજ્જન અથવા સ્થિતપ્રજ્ઞનાં અંતઃકરણ ઉત્તમ સંસ્કાર તથા અભ્યાસના બલે ઉત્તમ સ્થિતિને પ્રાપ્ત થતાં હોય છે, જેથી તેમને

---

૧. "સજ્જનનું.....પત્ર", પૃ. ૨૮

સુખદુઃખાદિનો અંતઃકરણમાં સ્પર્શ થતો નથી. દુઃખ અને સુખ ત્રણ પ્રકારનાં હોય છે – આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક. તો ધણા સાત્ત્વિક, રાજસ અને તામસ એમ સુખના ભેદ પાડે છે તો કેટલાક વૈષયિક, આભિમાનિક, માનોરથિક તથા આધ્યાસિક એવા ચાર ભેદ પણ પાડે છે.

"આ આદિ અનેક પ્રકારનાં સુખો જે શુધ્ધ સાત્ત્વિક સ્વભાવબલથી કે પુણ્યકર્મરૂપ પ્રારબ્ધબલથી પ્રાપ્ત થાય છે તે સર્વ સુખોમાં તે સ્થિતપ્રજ્ઞ પુરુષ નિરંતર અસ્પૃહાવાળો હોય છે."[૧]

આવા સ્થિતપ્રજ્ઞ સજ્જન પુરુષોએ સાધનાથી જન્મમરણની જનક કામનાને જીતી લીધી હોય છે. તેથી જ જયારે ભગવાને આગ્રહપૂર્વક પ્રહ્લાદને વચન માગવા જણાવ્યું ત્યારે અન્ય કંઈ ન માગતાં તેણે "કોઈ કામનાનો અંકુર જ આ મારા મનમાં ઉત્પન્ન થાય નહિ" તેવો વર માગી લીધો.

વાસના અથવા કામનાના મૂળમાં રાગ, દ્વેષ તથા મોહરૂપ દોષો રહેલા છે. તેનો ત્યાગ કરવા માટે મનુષ્યને સાવધાન રહેવાની અને તે અર્થે પુરુષાર્થ કરવાની સતત જરૂર રહે છે. પરંતુ તેમાં જો ઈશ્વરની અને સદ્‌ગુરુની કૃપા ન હોય તો તે કાર્ય મુશ્કેલ થઇ પડે છે. સન્મિત્ર મિત્રને લખે છે,

"માયાશક્તિને સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણગુણવાળી અથવા સ્વભાવવાળી કહેવામાં આવી છે.....આ પ્રકારના ત્રિગુણમાં પ્રધાનપણે રજસ્તમસથી પ્રતીત થતા બંધનથી મુક્ત થવું એ જીવનું કર્તવ્ય છે. આ બંધન નાના પ્રકારનાં રણભૂમિમાં વપરાતાં પ્રસિધ્ધ અસ્ત્રશસ્ત્રથી છેદાતું નથી, તેમ જ અગ્નિથી દગ્ધ કરાતું નથી, વાયુથી શોષાતું નથી કે જલથી દ્રવતાને પ્રાપ્ત થતું નથી. માત્ર ગુરુઈશ્વરના અનુગ્રહથી પ્રાપ્ત કરાતાં વિવેકવૈરાગ્યાદિ સાધનો વડે જ તે છેદાય છે."[૨]

---

૧. "સન્મિત્રનું.....પત્ર", પૃ.૪૧

૨. "સન્મિત્રનું.....પત્ર", પૃ.૭૨

પરંતુ એ વિવેક વૈરાગ્ય વગેરે સર્વોત્તમ સાધનો અને સાધનાક્રમ સમજવા માટે સદ્‌ગુરુની આવશ્યકતા છે. આજના જમાનામાં નિર્લેપ અંત:કરણવાળા મહાત્માપુરુષ મળવા દુર્લભ છે. પરંતુ તેવા સંતપુરુષ જ સાધકનો અધિકાર જોઇ તેની શંકાનું સમાધાન કરી સાક્ષાત્ બોધ કરે છે અને યોગ્ય માર્ગ ચીંધે છે. શાસ્ત્ર તો સર્વને સામાન્યપણે બોધ કરે છે પરંતુ વ્યક્તિલક્ષી અધિકાર મુજબનો બોધ તો સદ્‌ગુરુ જ કરી શકે. માટે શાસ્ત્રની પ્રધાનતા નથી પણ ઉપદેષ્ટા શ્રીગુરુની જ પ્રધાનતા છે. તેથી સર્વોત્તમ સુખની ઇચ્છાવાળા મનુષ્યે સદ્‌ગુરુની શરણાગતિ શ્રધ્ધાભક્તિથી સ્વીકારવી જોઇએ.

વિવેક વડે શ્રુતિસ્મૃતિઆદિ શાસ્ત્રનું શ્રવણ વા અધ્યયન યોગ્ય સદ્‌ગુરુ દ્વારા જ કરવું જોઇએ અને સદ્‌ગુરુનો અનુગ્રહ પ્રાપ્ત કરવો જોઇએ, એ સમજાવવા કર્તાએ કાઠક, મુંડક, શ્વેતાશ્વતર આદિ ઉપનિષદો, ભગવદ્‌ગીતા, શાંતશ્લોકી, અમનસ્કખંડ, વિષ્ણુસ્મૃતિ, વિવેકચૂડામણિ, સ્વાત્મનિરૂપણ, વાક્યવૃત્તિ, યોગસૂત્ર, ભાગવત વગેરેમાંથી કુલ ૪૨ શ્લોકો પ્રમાણ તરીકે ટાંકયાં છે. આમ મોક્ષ પ્રાપ્ત કરવા અથવા સ્વસ્વરૂપાનુભવ કરવા સદ્‌ગુરુનો અનુગ્રહ અત્યંત આવશ્યક બને છે.

આમ આ લાંબો પત્ર તત્ત્વજ્ઞાનના વિવિધ પ્રશ્નોને બંને પક્ષથી ચર્ચતો સિધ્ધાન્તાત્મક, શાસ્ત્રીય અને સ-પ્રમાણ બન્યો છે. પત્રશૈલી હોવાથી દૃષ્ટાંતો, રૂપકો, તથા ખંડનમંડનાત્મક ચર્ચા તેમાં સારા પ્રમાણમાં મુકાયા છે અને તેથી ગંભીર વિષય પણ સરળતાથી રજૂ કરી શકાયો છે.

"શ્રી સદ્બોધપારિજાતક" :- પ્રથમ પલ્લવ

"સન્મિત્રનું મિત્ર પ્રતિ પત્ર" એ શ્રીમન્નૃસિંહાચાર્યજીએ તત્ત્વચર્ચાનો બોધ કરવા કાલ્પનિક પત્ર રચ્યો હતો પરંતુ "શ્રી સદ્બોધપારિજાતક"માંના કુલ ૧૪૩ પત્રોનો સંચય તો વર્ગના સંમાન્ય આચાર્યશ્રીએ સાધકોને ભિન્નભિન્ન પ્રસંગોએ પાઠવેલા આત્મોન્નતિપ્રેરક સંદેશાઓનો સંગ્રહ છે. કુલ ૧૪૩ પત્રોમાંથી આચાર્યશ્રીનાં સુભાષિત સમાં સુવચનો અત્રે એકત્રિત કરવામાં આવેલાં છે.

સાહિત્યપ્રકાર તરીકે "પત્ર"નું સ્વરૂપ અતિનાજુક અને સંવેદનશીલ છે. પાસે હોવા છતાં સંકોચ, માનવૃત્તિ કે અન્ય કારણોસર એક વ્યક્તિ બીજી વ્યક્તિને કયારેક વિચારપ્રવાહથી માહિતગાર નથી કરી શકતી. બંને વચ્ચે ગાઢ આત્મીયતા હોવા છતાં હૃદયમાં ચાલતાં આંદોલનો કે સ્પંદનોને શબ્દસ્થ કરવાની તેઓને મુકત તક નથી મળતી. પરંતુ બંને વચ્ચે સ્થળનું અંતર પડતાં, પત્રના માધ્યમ દ્વારા સ્નેહનો સેતુ સુંદર રીતે સધાય છે અને કદાચિત્ પ્રત્યક્ષ મિલનમાં જે ભાવ, વિચાર કે ચર્ચા ઉદ્ભવી નહોતી તે સર્વ અહીં આકાર લે છે. શ્રી જયોર્જ સેન્ટ્સબરી પત્રની વ્યાખ્યા આપતાં કહે છે,

"પત્રોએ વાર્તાલાપ પછી તરત આવનાર અને ગેરહાજરીની ખોટ પૂરી પાડનાર એક વ્યક્તિનું વિચાર કે હકીકતનું બીજી વ્યક્તિને નિવેદન છે."

પરંતુ તે માત્ર સ્થૂળ "નિવેદન" ન બનતાં કયારેક ઊર્મિસભર આત્માભિવ્યક્તિ પણ થતી હોય છે. પત્રોમાં પત્રલેખકનું વ્યક્તિત્વ મધમધતા મોગરાની માફક પૂર્ણપણે ખીલી ઊઠે છે. શ્રી બ.ક.ઠાકોર પત્રનું લક્ષણ સમજાવતાં કહે છે,

"હૃદય તરફ હૃદય વળે અને ઉકલે તે પ્રકાશ તરફ ફુસુમો ઢળે અને ખીલે, એના જેવી કુદરતી જ ક્રિયા છે. વનસ્પતિને પ્રકાશની ક્ષુધા નૈસર્ગિક છે ; મનુષ્યને સ્નેહની ક્ષુધા નૈસર્ગિક છે અને વાર્તાલાપ, પત્રાલાપ એ એવાં સ્ફુરણનાં Reflex પરિણામ જ છે."[૧]

આમ પત્રમાં પત્રકારનું અસંદિગ્ધ, નિખાલસ અને દંભડોળ વગરનું વ્યક્તિત્વ દેખા દે છે. તેની ભાવાભિવ્યક્તિ સહજમાં ફૂટી નીકળતાં અને મુક્ત હાસ્ય વેરતાં ઝરણાં જેવી સ્વાભાવિક અને સુંદર હોય છે. વચ્ચે વચ્ચે આવતાં ઊર્મિસભર સંબોધનો, સ્વાભાવિક દૃષ્ટાંતો, અર્થવાહી સંક્ષિપ્તતા કે લાઘવ વગેરેને લીધે પત્રશૈલી પણ આકર્ષક અને આસ્વાદ્ય લાગે છે.

શ્રેયસ્સાધક અધિકારી વર્ગના આચાર્ય શ્રીમન્નૃસિંહાચાર્યજી તો પંચમ અવસ્થામાં આરૂઢ મહાત્મા હતા. કુતૂહલવૃત્તિથી આવતા સામાન્ય વર્ગ પ્રતિ કે જિજ્ઞાસુ સાધક પ્રતિ તેઓનો એકસરખો ભાવપ્રવાહ રહેતો. તેઓશ્રીનાં વિચારમાં, આચારમાં અને લખાણમાં પણ ભાવ અને વર્તનનું સંપૂર્ણ સામંજસ્ય જોવા મળતું. તેથી પ્રત્યક્ષ સત્સંગ સમયે જે વાર્તાલાપનો યત્કિંચિત્ લાભ મળતો, તેના કરતાં પણ અધિક ભાવવાહી વ્યક્તિત્વનો સંસ્પર્શ તેઓશ્રીએ અનેક મનુષ્યો પ્રતિ લખેલા પત્રોમાં થતો, એમ કહેવું યથાયોગ્ય નથી. આપ્તકામ બનેલા એ ગૃહસ્થી મહાત્મા સર્વ પ્રતિ સરખો સમભાવ કે સહાનુભૂતિ રાખતા. પરંતુ જિજ્ઞાસુ સાધકોએ પૂછેલા અનેકવિધ પ્રશ્નોના સંદર્ભમાં આચાર્યશ્રીએ જે નર્મ-મર્મયુક્ત શૈલીમાં પ્રત્યુત્તરો પાઠવ્યા છે તેમાં પ્રાપ્ત પ્રસંગ, સાધક કે જિજ્ઞાસુની પ્રવર્તમાન સ્થિતિ અને તેનો અધિકાર ખાસ ધ્યાનમાં રાખ્યાં છે. આથી

---

૧. શ્રી વ.ક.ઠાકોર, "કલાપીના પત્રો", પૃ.૪ - ઉપોદ્ઘાત
સંપાદક - મુનિકુમાર મણિશંકર ભટ્ટ

એક જ સરખા લાગતા પ્રશ્નોના ઉત્તર સાધકનો અધિકાર જોઈ આચાર્યશ્રીએ ભિન્નભિન્ન રીતે આપ્યા છે અને અલગ અલગ સાધનાક્રમ પણ બતલાવ્યો છે. મોટેભાગે પત્રો સંક્ષિપ્ત અને સૂચક છે પરંતુ જિજ્ઞાસુ સાધકના પ્રશ્ન પ્રમાણે કોઇ કોઇ પત્રનું પણ તે મુજબ અતિલંબાણ થઇ ગયું છે. સાધનામાં વિક્ષેપ પડતો હોવાથી તો કોઇ સંસારમાયાથી અલિપ્ત ન રહી શકતો હોવાથી, કોઇ પોતાના તદ્દન આત્મીય સ્વજનનું મૃત્યુ ન જીરવી શકવાથી તો કોઈ વ્યક્તિત માત્ર જિજ્ઞાસાથી જે અનેક પ્રશ્નો કરે છે તે સર્વનો પ્રત્યુત્તર પ્રસંગને કેન્દ્રમાં રાખીને કર્તાએ આપ્યો છે.

આ સંસારપ્રપંચ અકલ છે. ઈષ્ટસત્તાની તે સ્વાભાવિક પ્રક્રિયા છે. તેમાં જે ફસાય છે તે વિવિધ વિષયોમાં રમમાણ રહે છે. મોહાસક્ત ન થવું તે અશકય નથી પરંતુ તે માટે પ્રત્યેક સાધકને સભાન અને જાગ્રત રહેવું પડે છે. કોઇપણ પ્રસંગ, પદાર્થ કે વ્યક્તિમાં મમત્વપૂર્વકની આસક્તિ બાંધી એટલે તે અંતે તો દુઃખદાયક જ નીવડવાની. તેથી સંસારને અને તેમાં થતા સર્વ વ્યવહારને જો સ્વપ્નવત્ માની, ઉદાસીન ભાવે માણવામાં આવે અને હર્ષશોકાદિ પ્રસંગે પણ તે સર્વના સાક્ષીભૂત દૃષ્ટા થવાય તો જ તે મોહમાયાની જાળમાંથી અલિપ્ત રહી શકે. કર્તા જિજ્ઞાસુ સાધકને કહે છે, "મનને અપાય તેટલો સદ્વેગ આપવો અને નહિ ત્યારે ઉદાસીન વા દૃષ્ટા થવા પ્રયત્ન રાખવો કે ઈષ્ટસ્મરણમાં તેને જોડવું. કાંઈ ન બને તો તેના અભિમાનીપણાના ભાનને શિથિલ કરી રહેવું. આ સંસારને પ્રવાહરૂપે જોતા રહેવું. અનુકૂલપ્રતિકૂલ તથા તેથી થતા હર્ષશોકના ભાનના દૃષ્ટાજ્ઞાતા થવું, અને તેના ભોક્તા રૂપે થતાં મનને ચેતવતા રહેવું."[1] આ જ જાતનો ભાવ પત્ર ૨, ૭, ૯, ૧૧, ૩૩, ૧૧૫ વગેરેમાં જોવા મળે છે.

---

૧. "શ્રીસદ્બોધ૦", પત્ર ૩૯, પૃ. ૧૬

આચાર્યશ્રીએ ઈષ્ટસ્મરણ કે જપનું માહાત્મ્ય પણ સારું ગાયું છે. પ્રારબ્ધ પ્રમાણે પ્રત્યેક જીવને સુખ કે દુઃખ ભોગવવાનાં છે. પરંતુ બંને પ્રસંગોએ જો ચિત્તની વિકલતા અનુભવાય તો અનેક અનર્થો ઊભા થાય અને જીવ માયા પ્રવાહમાં ધસડાય. પરંતુ આવે પ્રસંગે જો તે ચિત્તની સ્થિરતા કેળવે અને પ્રલોભક કામનાઓ પર વિજય મેળવે તો તેને પરમશાંતિનો અનુભવ થાય છે. પરમબ્રહ્મસ્વરૂપ સર્વજ્ઞ સર્વવ્યાપક ઈષ્ટનું સ્મરણ સર્વથા લાભદાયી જ નીવડતું હોય છે. શ્રીમન્નૃસિંહાચાર્યજી પત્રમાં લખે છે,

"માત્ર ચિત્તસ્થૈર્ય જ સાધકના શ્રેયસ્નું સાધક છે. જેથી નાના સુગમ વિચાર વડે વૃત્તિમાં સ્થિરતાનો આવિર્ભાવ કરતાં પ્રાપ્ત સ્થિતિને સંતોષ વડે અનુભવતાં દિવસ નિર્ગમન કરી પ્રાપ્ત આનંદમાં રહેશો. ઈષ્ટસ્મરણ એ જ મોટો ક્રમ છે જેથી બીજું કંઈપણ ન બનવાથી यज्ञानां जपयज्ञोऽस्मि । એ વાક્યાનુસાર માત્ર જપથી જ પરમ સંતોષ પામશો."[1]

પત્ર ૧૩૩માં તો જપ કેવી રીતે કરવો તેનો લાંબો વિધિ પણ વર્ણવ્યો છે.

સંસારપ્રવાહનું સ્વરૂપ તથા પ્રાણીપદાર્થની ક્ષણભંગુરતાનો ખ્યાલ આપતાં તેઓશ્રી સચોટ દૃષ્ટાંત યોજે છે,

"જેમ આ નદીનો પ્રવાહ પર્વતમાંથી નિકળીને સમુદ્રમાં જઇ પડે છે, તેમ આ સંસારપ્રવાહ મહામાયાપ્રકૃતિમાંથી નિકળીને કાલરૂપ સમુદ્રમાં વહયો જાય છે. તે કાલ પણ પ્રકૃતિ જ છે. સમુદ્રનું પાણી વરાળરૂપે અભ્રમાં જાય છે, ને પાછું વર્ષીને સમુદ્રમાં જાય છે. આ પ્રકારે આ જગતમાં દેખાતા પ્રાણિપદાર્થ માત્ર ઉત્પત્તિ, સ્થિતિ તથા લયને પામ્યા જ કરે છે. જ્યાં કોઈપણ પદાર્થ સ્થિર નથી, ત્યાં કોનો કોનો શોક કરવો એ સમજાતું નથી."[2]

---

૧. "શ્રીસદ્બોધ૦", પત્ર ૧૫, પૃ. ૧૦

૨. "શ્રી સદ્બોધ૦", પત્ર ૭૪, પૃ. ૪૬

પદાર્થની અસ્થિરતા માટે યોજેલું દૃષ્ટાંત પણ તેવું જ આકર્ષક છે.

"વંટોળીઆ વડે ઊડતાં સુકાં પાદડાં જેવા આ પ્રાણી તથા પદાર્થનો ક્યાં અને ક્યાં સુધી સ્થિર રહેવાનો ભરોસો કરવો ? વર્ષાકાલનાં એક દિશાથી બીજી દિશામાં વહતાં વેગવાળાં અભ્રને સ્થિરતા નથી. તેમ જ જન્મજન્માંતરને પ્રાપ્ત થતાં આ પ્રાણીઓને સ્થિરતાની શી આશા ? માટે વહવારૂપ સ્વભાવવાળા પદાર્થમાત્રમાં દૃઢ આસક્તિનો અભાવ અનુવર્તાં પ્રસન્ન રહેજો."[૧]

આસક્તિનો અભાવ સદ્‌વિચારથી પણ થઇ શકે. કારણકે દુઃખનિવૃત્તિનો ઉપાય ખેદ અથવા શોક નથી, પણ સદ્‌વિચાર છે. સદ્‌વિચાર જ આપણા ચિત્તમાં ઉદ્‌ભવે તે માટે સંસારમાં સત્સંગતિ હોય તો જ તે આદરણીય છે. દુર્જનનો સંગ ચિત્તમાં મલિન અનર્થકારી અને દૃશ્યપ્રપંચમાં આસક્ત કરનારા વિચારો પેદા કરે છે. આપણે ગમે તેટલા સભાન હોઈએ તેમ છતાં સંગત્યાગના અભાવે દુષ્ટ વિચારો તસ્કરની જેમ ક્યારે પ્રવેશે તેની આપણને ખબર પણ નથી પડતી. તેથી મનને દોષમુક્ત કે સંગમુક્ત કર્યું હોવા છતાં પણ સાધકે સર્વદા સાવધાન રહેવું જોઇએ. કર્તા આ ભાવને દૃષ્ટાંતથી આ રીતે સમજાવે છે,

"જેમ અસ્ત્રશસ્ત્રથી રહિત થયેલા અને દીનભાવને પ્રાપ્ત થયેલા સરખા દેખાતા શત્રુથી પણ વીરપુરુષો સદા સાવધાન જ રહે છે તેમ સર્વ બલકલથી શિથિલ સરખા દોષવિરહિત મનના સ્વરૂપને જાણ્યા છતાં પણ સદા સાવધાનતા રાખવામાં જ સુખરૂપતા જાણવી."[૨]

---

૧. "શ્રી સદ્‌બોધ૦", પત્ર ૬૫, પૃ.૪૦

૨. "શ્રી સદ્‌બોધ૦", પત્ર ૧૨૫, પૃ. ૮૬

મનને માયાના મારમાંથી મુક્ત કરવા સદ્‌ગુરુનું સતત માર્ગદર્શન મળતું હોય તો તો સાધક સરળતાથી ઉચ્ચ દશાને ક્રમિક વિકાસ વ્હેરા પ્રાપ્ત કરી શકે છે. સદ્‌ગુરુ વિદ્યાદાન આપનારાઓમાં - બ્રહ્મવિદ્યાના દાતામાં - શ્રેષ્ઠ છે. તેનું શરણ સ્વીકારવાથી સાધક ગાફેલ રહેતો હોય તો પણ ગુરુની સૂચનોથી અવિરત ઈષ્ટોપાસના કરતો જાગ્રત રહી શકે છે. ગુરુનું માહાત્મ્ય ગાતાં કર્તાશ્રી शतश्लोकी નો જાણીતો શ્લોક મૂકે છે -

दृष्टान्तो नैव दृष्टस्त्रिभुवनजठरे सद्‌गुरोर्ज्ञानदातुः ।
स्पर्शश्चेत्तत्प्रकल्प्यः स नयति यदहो स्वर्णतामश्मसारम् ॥
न स्पर्शत्वं तथापि श्रितचरणयुगे सद्‌गुरुः स्वीय शिष्ये ।
स्वीयं साम्यं विधत्ते भवति निरुपमस्तेन वा लौकिकोऽपि ॥

જિજ્ઞાસુ સાધકો કે મુમુક્ષુ માટે ગુરુરૂપી પથદર્શકની વિશેષ જરૂર છે. શ્રદ્ધાભક્તિથી પ્રપન્નભાવે શિષ્યભાવ કેળવતો અને સદ્‌ગુરુની આજ્ઞાને શિરોમાન્ય રાખી તેનું કુશળતાપૂર્વક પાલન કરતો સાધકતરવૈયો સંસાર સાગરને સરળતાથી પાર કરી શકે છે. તેમ છતાં સદ્‌ગુરુ શ્રીમન્નૃસિંહાચાર્યજી પોતાના શિષ્યો પ્રતિ ગુરુભાવ કેળવતા નથી પણ સખાભાવ રાખે છે, તે તેઓશ્રીની અનન્ય વિશેષતા છે.

"આ વૃત્તિમાં આપ સરખા સુજ્ઞ સાથે નિરંતર સખાભાવ રાખવાનો ભાવ હોય છે તેથી આ પક્ષથી આવેલાં પત્રો સુરી

---

૧. "જ્ઞાનદાતા" શ્રીસદ્‌ગુરુના (મહિમાનું ભાન કરાવનાર) દૃષ્ટાન્તરૂપ કોઇ પદાર્થ આ ત્રિભુવનના અંતર જોતાં જડતો નથી. કદાચિત્ સ્પર્શમણિને દૃષ્ટાન્તરૂપ કલ્પીએ તો પણ તે ઘટતું નથી (હીનોપમા અપાય છે.) કેમ કે સ્પર્શમણિ અશ્મસાર એટલે લોહને (ઘણું કરે તો) સુવર્ણપણાને પ્રાપ્ત કરે છે, પણ સ્પર્શમણિરૂપ એટલે સ્વસદૃશ કરી શકતો નથી. પરંતુ શ્રીસદ્‌ગુરુ તો પોતાના ચરણકમલને આશ્રિત શિષ્યને પોતાના સમાન કરી મૂકે છે. એટલા જ માટે શ્રીસદ્‌ગુરુને નિરુપમ કહયા છે. અલૌકિક વસ્તુ પણ શ્રીસદ્‌ગુરુના દૃષ્ટાન્ત તરીકે લઇ શકય એમ નથી (કેમ કે તે વસ્તુ તો શ્રીસદ્‌ગુરુથી નિત્ય અભિન્ન જ છે.)

મુખાને લખાવાની શૈલીમાં હોય તો તેથી મનમાં લેશમાત્ર પણ સંકોચ આણવાના કારણરૂપ તેને ગણશો નહિ. ઘણુંકરીને જેના સાથે મારે બાસ પત્ર લખવા સરખો પ્રસંગ થાય છે. તેમને આ પ્રકારની જ શૈલીથી લખવાની મને ટેવ પડેલી છે. તેથી તે રૂઢિ પ્રમાણે આવેલા પત્રથી આપ ઓછા સ્નેહનું અનુમાન કરશો નહિ.

વળી આપણામાં ગુરુશિષ્યભાવથી અધિક સંમાનયુક્ત પત્ર લખાવા અયોગ્ય ગણાતા હોય તો તે એક પક્ષે ઉચિત છે. પરંતુ મુખ્ય નીતિ તો એવી છે કે શિષ્યભાવનાવાળી વૃત્તિએ ગુરુભાવ કર્યા પછી ત્યાં માન આપી વર્તવું એ શિષ્યના ભૂષણરૂપ છે. પણ ગુરુભાવ તો કદાચિત્ પણ ગુરુત્વવાળી વૃત્તિમાં થવો જ ઘટતો નથી. તેથી ગુરુત્વના આરોપવાળી વૃત્તિની ગુરુત્વાભિમાનયુક્ત પ્રવૃત્તિ તે ગુરુસ્થાનના દૂષણરૂપ ગણાય છે. માટે વસ્તુતઃ ગુરુભાવ સંભવતો નથી અને વ્યવહાર પણ તેવા ભાવને રાખી કરવાથી દૂષણ ઠરે છે. અર્થાત ઈષ્ટેચ્છાથી જે વ્યક્તિમાં ગુરુત્વનો આરોપ કરાયો હોય તે વ્યક્તિએ પોતે પોતાના ગુરુત્વનો સિધ્ધભાવ વૃત્તિમાં આરૂઢ રાખવો એ સર્વથા દોષરૂપ જ ગણાય છે. અને આરોપ કરનારને તો સઘળા પ્રકારની સ્વતંત્રતા છે. તે કોઇપણ વ્યક્તિમાં સ્વેચ્છાનુસાર ગુરુત્વનો કે ઇશ્વરત્વનો આરોપ કરે અને તદનુકૂલ પ્રવૃત્તિ કરે તો તે દૂષણરૂપ ન ઠરતાં ભૂષણરૂપ ઠરીને અનુકૂલ ફલની ઉત્પત્તિ કરનાર થાય છે. જેથી આ પક્ષથી આપના પ્રતિ આવતા પત્રથી આપની શુધ્ધ નિષ્ઠાથી પ્રકટ થનાર ફલના પ્રતિબંધક ભાવનું અનુમાન માત્ર પણ કરશો નહિ."[1]

આપણે પ્રકરણ ૨માં જોઈ ગયા તે પ્રમાણે શ્રીમન્નૃસિંહાચાર્યે નિઃસ્પૃહભાવે "શ્રીશ્રેયસ્સાધક અધિકારી વર્ગ"ની સ્થાપના કરી છે.

---

૧. "શ્રી સદ્બોધ૦", પત્ર ૫૮, પૃ. ૨૪

શ્રીમાન્ વિશ્વવંધે માસ્તર સાહેબ તથા અન્ય અગ્રણી સાધકોની ઈચ્છાથી જ "વર્ગ" સ્થપાયો છે, અને અનેક સજ્જનોની આગ્રહભરી વિનંતીથી તેઓશ્રી "વર્ગ"ના આચાર્ય પદે આરૂઢ થયા છે. વળી તેઓ જાહેર પ્રવચનમાં કે પ્રશ્નોત્તરીમાં, કીર્તનમાં કે કાવ્યકલ્લોલમાં, સુબોધમાં કે સાધનાક્રમને સમજાવતાં કદી પણ કહેતા નથી કે "ફલાણી વ્યક્તિ એ મારો શિષ્ય છે." તદુપરાંત શિષ્ય બનેલા સાધકો પાસેથી પૂજા-અર્ચના કે દાન-દક્ષિણાની તેઓ કદી અપેક્ષા પણ રાખતા નહીં. પ્રસ્તુત પત્રમાં પણ તેઓનાં સમભાવયુક્ત પ્રતિભાશાળી છતાં વિવેકી વ્યક્તિત્વનાં દર્શન થાય છે.

તે સિવાય તેઓશ્રીએ પ્રાણાયામ કેવી રીતે કરવો,[૧] વિદ્યાર્થીઓને આજની પરીક્ષા કેવી લાગે છે,[૨] જેવા સામાન્ય વિષયો પર પ્રસંગ ઊભો થતાં પ્રકાશ પાડ્યો છે, તો એક સાધકના પદ્યમાં તેમ જ ગદ્યમાં લખાયેલા પત્રના પ્રત્યુત્તરમાં તેઓશ્રી તેવો જ ગદ્યપદ્યમય જવાબ આપે છે અને અંતે સુબોધ કરે છે,

"શસ્ત્રો ધરીને ધીર, રિપુને સદા ડરાવજો ;
મતિને કરીને સ્થિર, વિષયાબ્ધિથી તરાવજો.
મનની કપરી વેળ, શમે ન તો દૃષ્ટા થજો ;
છે આ મિથ્યા ખેલ, સમજી સહુ દુઃખ કાપજો."[૩]

सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज | એ ગીતાના શ્લોકના ભાવાર્થ વિશે પૂછતા, સાધકની જિજ્ઞાસા સંતોષવા કર્તા તેનું પણ પોતાની રીતે વિસ્તૃત અર્થઘટન કરે છે.

---

૧. "શ્રી સદ્‌બોધ૦", પત્ર ૨૬, પૃ. ૧૪
૨. "શ્રી સદ્‌બોધ૦", પત્ર ૧૩૧, પૃ. ૧૦૧
૩. "શ્રી સદ્‌બોધ૦", પત્ર ૧૩૫, પૃ. ૧૦૮

પ્રસ્તુત પત્રો, તેની અર્થવાહી સંક્ષિપ્તતા, રસપ્રદ દૃષ્ટાંતોથી મુક્ત સરળ અને સુબોધવાળી શૈલીને લીધે, "તત્ત્વજ્ઞાન"ને સમજવવામાં એક નવી રસપ્રદ ભાત પાડે છે. જેમ દેવોને પારિજાતકમાં પુષ્પો અતિપ્રિય હોય છે તેમ અંતરમાં રહેલા આત્મદેવને પણ આવાં પારિજાતકનાં પુષ્પો સમાં બોધક પત્રો જરૂર પ્રસન્નતા અર્પે છે, તે જાતનો પ્રસ્તુત સંગ્રહના શીર્ષકનો – "શ્રીસદ્‌બોધ પારિજાતક"નો – ભાવ પણ નોંધપાત્ર છે.

"સુખાર્થે સદુપદેશ" :-

સત્શાસ્ત્રમાં દૃઢ શ્રધ્ધાવાળા શ્રેયસ્સાધક અધિકારી મનુષ્યોને લક્ષમાં રાખીને શ્રીમન્નૃસિંહાચાર્યજીએ પરમશાંતિ આપતું અને નિત્યતૃપ્તિ કરતું સુખ કેવીરીતે પ્રાપ્ત થાય તેનો "સુખાર્થે સદુપદેશ" નામના લઘુલેખમાં સુબોધ કર્યો છે.

સર્વસત્તાધીશ રાજા કે મંડ મંડ કષ્ટથી પેટ પૂરતું અન્ન પ્રાપ્ત કરતો રંક કે મધ્યમસ્થિતિમાં આયુષ્ય ગાળતો સામાન્ય મનુષ્ય – સર્વ, કોઈને કોઈ પ્રકારના સુખને પ્રાપ્ત કરવા ભગીરથ પ્રયત્નો કરતા હોય છે. તેમ છતાં તેઓ ઈપ્સિત સુખ પ્રાપ્ત કરી શકતા નથી. કારણ કે યોગ્ય ઉપાયને યોગ્ય પ્રકારે અનુકૂલયત્નથી સર્વમનુષ્યો સેવતા નથી હોતા.

કર્તા ઉપરોક્ત મુદ્દાને સમજવતાં કહે છે,

"સુખાભિવ્યંજક હેતુરૂપ યોગ્ય સાધનોના યોગ્ય પ્રકારે સેવન વિના સુખાભિવ્યક્તિમાં વિઘ્ન રહે છે, એટલું જ નહિ પણ અધિકારભેદ હોવાથી પોતપોતાના અધિકારને ન જાણનારા મનુષ્યો અન્યને સેવવા યોગ્ય સાધનોને સેવવા યત્ન કરે છે, અને પોતાને સેવવા યોગ્યને સેવતાં નથી ; અથવા પ્રથમનાં સેવવા યોગ્ય સાધનોનો તિરસ્કાર કરી પશ્ચાત્ સેવવાનાં સાધનોને અકાલે

સેવે છે ; જેથી અધિકારનું અજ્ઞાન, તથા અનધિકાર છતાં અન્યના અધિકારનાં સાધનોનું સેવન, અને સ્વાધિકારાનુસાર સેવવા યોગ્ય સાધનોનો ત્યાગ – આ આદિ અનેક વિરોધી કારણોને લીધે સર્વ યત્ન કરનાર મનુષ્યોને સુખની એક સરખી અભિવ્યક્તિ થતી નથી."[૧]

આવું ન થાય તે માટે સુખની ઈચ્છા સેવનાર પ્રત્યેક મનુષ્યે પોતાના અંતઃકરણના અધિકારનો નિર્ણય કરવો જોઈએ. ઔપાધિક સુખમાં કયા સુખની અભિલાષાવાળું તેનું અંતઃકરણ છે તેમ જ વિષયલાલસાના કેવા અપ્રકટ સંસ્કાર શેષ રહેલા છે તેનો નિશ્ચય કરી, યુક્તિપૂર્વક અને સ્વધર્માચરણથી તેવા વિષયો તેણે પ્રાપ્ત કરવા જોઈએ. જે જે વિષયેચ્છા સ્વધર્મની વિરોધી યા નિષિધ્ધ હોય તેને નિર્મૂલ કરવા પ્રયત્ન કરવો જોઈએ. પરંતુ જે પોતાના અધિકાર વિનાનાં કાર્યોને કરે છે અને પોતાના અધિકારના કર્તવ્યને કરતો નથી, તે તો બંને રીતે ભ્રષ્ટ થાય છે અને અયોગ્ય પ્રયત્ન કરવાથી શ્રમિત થતાં પણ એકેની સિધ્ધિને પ્રાપ્ત કરી શકતો નથી.

આચાર્યશ્રીના અનેક રસપ્રદ ગ્રંથોમાં "અધિકારભેદ"ની ચર્ચા આવે છે અને તેને અનુલક્ષીને તેઓએ વિવિધ પાત્રો અને પ્રસંગો પણ રચ્યાં છે. અહીં પણ તેની ચર્ચા કરતાં તેઓશ્રી કહે છે,

"અનેક મનુષ્યો વિષયવાસનાના પ્રબલ વેગને અંતરમાં અનુભવતાં છતાં ત્યાગીના અધિકારને ઇચ્છે છે, અને ત્યાગીના વેષને ધારણ કરે છે. પછી તેઓથી એકાંતસેવન થતું નથી. વાસનાના પ્રેર્યા ગૃહીના સંસર્ગમાં રહી નિંધ માર્ગે, નિંધાચારથી, નિંધ કર્મો કરીને પોતાની દુષ્ટ પ્રબલ વાસનાને પૂર્ણ કરવા જનસમુદાયમાં જ્યાં

---

૧. "સુખાર્થે સદુપદેશ", પૃ.૪

ત્યાં ભ્રમે છે, અને સ્ત્રીધનગૃહક્ષેત્રાદિ ન પ્રાપ્ત કરવા યોગ્ય પદાર્થોને પાપમાર્ગે પ્રાપ્ત કરી સેવે છે. આ પ્રકારના અનર્થને તેઓ પ્રાપ્ત થતાં પણ તેઓ પોતાના ખરા અધિકારને પ્રયત્નથી અણી સાધતા નથી, અને નીચ પદને પ્રાપ્ત થતા જાય છે. એમાં મુખ્ય કારણ પોતાના અધિકારનું અજ્ઞાન અને સ્વધર્મમાં પ્રમાદ છે. આથી સુજ્ઞ મનુષ્યોએ સદા કલ્યાણની આશા રાખીને પોતાના અધિકારનું જ્ઞાન અને સ્વધર્મમાં સાવધાનતા અવશ્ય સાધવાં જોઇએ."[1]

આ લોકમાં મનાતા સુખના પણ ચાર ભેદ પાડવામાં આવે છે.

(૧) વૈષયિક – ત્યાં શબ્દસ્પર્શાદિ વિષયના તથા ઇન્દ્રિયના સાક્ષાત્ સંબંધથી જે સુખનું ભાન થાય છે, તે વૈષયિક સુખ ગણ્યું છે.

(૨) આભિમાનિક – જનમંડલમાં પોતે જેના વડે શ્રેષ્ઠ મનાય એવાં જે રાજ્યસત્તા, વિદ્વત્તા, આદિ ગણાય છે, તેમની પ્રાપ્તિના ગર્વ વા અભિમાન વડે જે સુખની અંતરમાં પ્રતીતિ થાય છે, તેને આભિમાનિક સુખ ગણ્યું છે.

(૩) માનોરથિક – સુખના હેતુરૂપ વિષય કે સત્તાની પ્રાપ્તિ વિના કેવલ તે તે વિષય વા સત્તાના ચિંતન કે ધ્યાનથી જ જે અંતરમાં સુખનું ભાન થાય તેને માનોરથિક સુખ કહ્યું છે.

(૪) આપ્યાસિક – અને શરીરની કૃશતા કે સ્થૂલતા નિમિત્તે, તેમ જ અગ્નિ પ્રદીપ્ત થવા અર્થે અથવા શરીરનાં વિવિધ અંગોનાં બલિષ્ઠપણા વા નીરોગતા અર્થે વા સુરૂપતા અર્થે, શ્રી સૂર્યપ્રતિ નમસ્કાર કરવાના અથવા વિવિધ વ્યાયામોપકરણ વડે કરાતા પરિશ્રમના વા શસ્ત્રના કે યુધ્ધના શિક્ષણના અર્થાત્ રણશિક્ષાના

---

૧. "સુખાર્થે સદુપદેશ", પૃ. ૬

અથવા નિત્યકર્મના કે પરિભ્રમણના વા ગમનાગમનના વા અન્યપ્રકારના વિહારના અભ્યાસ વડે જે સુખનું ભાન થાય તે સુખને આભ્યાસિક સુખ કહ્યું છે.

જ્યારે એ મનુષ્ય ઐહિકપારલૌકિક સુખની અત્યંત અસ્પૃહાવાળો થાય ત્યારે જ તે નિર્વિષય સ્વરૂપસુખાનુભવનો અધિકારી થાય છે.

"તેથી જે મનુષ્યના અંતરમાં આ લોકના વિષયસુખની અભિલાષા હોય તેમણે સ્વધર્માચરણે વર્તતાં વિહિત માર્ગે યોગ્ય પ્રયત્નથી તે સુખને પ્રાપ્ત કરીને અંતે, અથવા જો તે સુખ ન્યાયમાર્ગે મળવાનો અનેક શુભ પ્રયત્ને પણ સંભવ ન જ હોય તો વિવેકવિરાગના અભ્યાસથી ગૃહમાં રહીને જ મનને તે સુખની અસ્પૃહાવાળું કરીને તેની સાવધાનતાની પરીક્ષા વિવિધ યુક્તિથી કરીને પછી યોગ્યતા પ્રાપ્ત થયે શાસ્ત્રે વિધાન કરેલા વિધિએ અર્થાત્ વૃધ્ધાવસ્થાએ વા તીવ્ર વિરાગે માતાપિતા અને સ્ત્રીપુત્રાદિની પ્રસન્નતાપૂર્વક આજ્ઞા મેળવીને તેમનાં હિતનાં કાર્ય કરીને પછી એકાંતે નિવાસ કરવો."[૧]

અલૌકિક સુખનો કોણ અધિકારી કહેવાય તે સમજાવતાં તેઓશ્રી જણાવે છે, "જે મનુષ્ય ઐહિક પારલૌકિક સુખની પ્રાપ્તિ-અપ્રાપ્તિમાં સમચિત્તવાળો હોઇને કેવલ અલૌકિક સુખની અભિવ્યક્તિ નિમિત્તે જ સાવધાનતાથી યત્ન કરનાર હોય છે તે અલૌકિક સુખનો મુખ્ય અધિકારી ગણાય એમ છે."[૨]

પરંતુ પોતાના અંતરની પરીક્ષા કરવામાં પણ ઘણીવાર સામાન્ય મનુષ્ય ભૂલથાપ ખાઇ બેસે છે. કેટલાક મનુષ્યો ઉત્તમલક્ષણવાળાં તથા સર્વગુણસંપન્ન લાગે છે, પરંતુ પ્રતિકૂલતા પ્રાપ્ત થયે અંતરમાંથી

---

૧. "સુખાર્થે સદુપદેશ", પૃ. ૮

૨. "સુખાર્થે સદુપદેશ", પૃ. ૧૧

અસાધુતા ઉત્પન્ન થાય છે. અંત:કરણ પર અતિવિશ્વાસ મૂકવો ન જોઇએ. કારણ કે કયે પ્રસંગે કયો દોષ પ્રગટશે તે અસાવધાન મનુષ્યને અજ્ઞાત હોય છે. માટે વિવેકી પુરુષોએ તો પોતાને પોતાના સામર્થ્ય કરતાં ન્યૂન સામર્થ્યવાળાં ગણવાં જોઇએ - અને પરમપદ અથવા કૈવલ્યપદને પ્રાપ્ત કરવા માટે ધીરજથી પ્રયત્ન કરવો જોઇએ. બહૂનાં જન્મનામન્તે જ્ઞાનવાન્ માં પ્રપદ્યતે| આદિ પ્રમાણવચનો પ્રમાણે પણ બહુજન્મ વડે પરમપદની પ્રાપ્તિ થાય છે. તેથી તેમાં ધૈર્ય રાખવું અત્યંત જરૂરી છે.

આમ આ સમગ્ર લેખ "સુખપ્રાપ્તિ" માટેના માર્ગોની તથા અધિકારભેદની ચર્ચા કરતો તાત્ત્વિક અને શાસ્ત્રીય બન્યો છે. તેમાં મૂકેલાં ઉચિત દૃષ્ટાંતોને લીધે વર્ણ્યવિષય વધુ સરળ અને રસપ્રદ બન્યો છે.

"શ્રીનૃસિંહકિરણાવલિ" :-

"શ્રીનૃસિંહકિરણાવલિ"માં શ્રીમન્નૃસિંહાચાર્યજીએ રચેલા પણ અપૂર્ણ રહેલા એવા કુલ ૧૩ લેખોનો સંગ્રહ છે. કર્તાશ્રીએ આધ્યાત્મિક, સામાજિક, વ્યાવહારિક અને સામાન્ય સાધક કે પ્રવેશકને માટે ઉપકારક એવા સર્વ સ્તરના પ્રશ્નોની પર્યેષણા પ્રસ્તુત લેખોમાં કરી છે.

"શ્રીમહાકાલસ્વરૂપ" નામના પ્રથમ લેખમાં કર્તાએ પરમાત્માના દુર્વિજ્ઞેય સ્વરૂપનું ગંભીરતાથી વિવેચન કર્યું છે, તથા "સ્મશાનમાં નિવાસ કરનારા", "ચિતાભસ્મનો લેપ કરનારા", "મનુષ્યમસ્તકમાલાને ધારણ કરનારા", "ગજચર્મવડે શરીરને અલંકૃત કરનારા" વગેરે "મહાકાલ"નાં અનેક વિશેષણોમાં કેવો સૂક્ષ્મ અને ગહન અર્થ રહેલો છે, તે વિસ્તારથી સમજાવ્યું છે.

"ધર્મ" નામના લેખમાં કર્તાએ જગતમાં પ્રાણીમાત્રના પોષક, પાલક તથા જીવનના હેતુરૂપ ધર્મનું માહાત્મ્ય ગાયું છે. મોહમાયારૂપી

સંસારસમુદ્રને ધર્મરૂપી વહાણથી જ પ્રાણીમાત્ર તરી શકે છે. તેથી ઉન્નતિ ઈચ્છતા સજ્જનોએ, સાધકોએ, સુજ્ઞ પુરુષોએ ધર્માભિમુખ જીવન જીવવું જોઇએ, તેવો બોધ કર્યો છે.

"ગૃહસુખ"માં કર્તાએ લોકપ્રસિધ્ધ કાષ્ઠમૃત્તિકાદિથી બનેલું ગૃહ તથા અસ્થિમાંસાદિથી બનેલું શરીરરૂપી ગૃહ – એમ સમાન્તર સાધેત રૂપક યોજયું હોવાથી વર્ણ્યવિષય વધુ રસપ્રદ બને છે. લોકપ્રસિધ્ધ ગૃહ જેમ સારી યોગ્યતાવાળું હોય છે તો તે અધિક સુખનું કારણ જણાય છે, તેમ જ શરીર પણ સારી યોગ્યતાવાળું અર્થાત્ સારાસારવિચારાદિ વ્હારા શ્રેયઃ સાધવા યોગ્ય સાધનોની પ્રાપ્તિવાળું હોય છે તો તે જીવાત્માને વાસ્તવ સુખના કારણરૂપ છે.

"આર્જવ"માં આર્જવ એટલે સરળતા સુખસાધક કે દુઃખદાયક તેની ચર્ચા કરી છે, તો "બાલાભરણ"માં સદ્‌ગુણનું માહાત્મ્ય ગાતાં કર્તા કહે છે કે વિદ્યા, કલા, લક્ષ્મી, કીર્તિ જો સદ્‌ગુણરહિત હોય તો તે યોગ્ય ફલને આપતી નથી. આના અનુસંધાનમાં કર્તા કામાવતી નગરીમાંના રાજા અરવિંદ, વણિક વિમલ, વિદ્વાન બ્રાહ્મણ વરુણદેવ તથા તેમના ભાઇ કલાનિધિની આખ્યાયિકા રજૂ કરે છે.

"શ્રેયઃસાધકોને સુબોધ" નામનો લેખ એ સદ્‌ગુરુ શ્રીમન્નૃસિંહાચાર્યજીએ પ્રણાલિકા અનુસાર આષાઢ માસની ગુરુપૂર્ણિમાના દિવસે સાધકસમુદાય સમક્ષ રજૂ કરેલું વક્તવ્ય છે.

આપણે ત્યાં ધર્મપ્રતિપાદિત ગ્રંથો અસંખ્ય છે. પરંતુ યોગ્ય અંતઃકરણ અને અધિકારના અભાવે ઘણા તેના મર્મને-હાદને – સમજી શકતા નથી. શાસ્ત્રગ્રંથોની મહત્તા ગાતાં તેઓશ્રી કહે છે,

"જીવને ખરું નેત્ર શાસ્ત્ર છે. તે શાસ્ત્રરૂપ નેત્રવિનાનાં મનુષ્યો અન્ધ હોય છે ; અને જે અન્ધ છે તે પોતાના ગન્તવ્યમાર્ગમાં જ ન ચાલતાં આડાં અવળાં અથડાય છે. માટે સુખપૂર્વક ગન્તવ્યમાર્ગને જાણીને તે નિષ્કંટક માર્ગે ચાલી ગન્તવ્યસ્થાનને પ્રાપ્ત થવા અર્થે સર્વ શરીરીએ શાસ્ત્રદૃષ્ટિ અવશ્ય પ્રાપ્ત કરવી ઘટે છે."[૧]

પરંતુ આવી શાસ્ત્રદૃષ્ટિ ગુરુપદને પામેલા મહાત્માઓ જ સ્વશક્તિ અનુસાર આપતા હોય છે. તેમાં ય વેષધારી અયોગ્ય સાધુઓ કેટલા અને સાચા યોગ્ય સદ્‌ગુરુ કેટલા, તેનો વિવેક કરવો સર્વ સાધકને માટે મુશ્કેલ થઇ પડે છે. તેથી કયારેક પ્રવાહપતિત બની ગમે તેવા અયોગ્ય વેષધારી પુરુષને સદ્‌ગુરુ તરીકે સ્થાપી, તે અનર્થને પામે છે. કર્તાશ્રી ઉદાહરણ આપી સમજાવે છે,

"સાંભળ્યા પ્રમાણે પૂર્વે જેમ અનાવૃષ્ટિના કારણથી દુષ્કાલના પ્રસંગે મરુસ્થલ (મારવાડ)થી ભુખે મરતાં મઉ નામથી ઓળખાતાં મનુષ્યો આ પ્રદેશમાં ઉતરી આવતાં, અને જાતિભેદનો વિચાર ત્યજીને ક્ષુધાતુર તેઓ ગમે તેના ઘરમાં ગયે તે મળી આવતો આહાર નિઃશંકપણે ખાતાં, અને મર્યાદાથી અધિક ખાનારા મરણને પણ પામતાં, તેમ આ કાલે ધર્મજ્ઞાનની તૃષ્ણાવાળાં મનુષ્યો પણ તે મઉની પેઠે પ્રસંગે યોગ્ય વિચાર ન કરતાં, ગમે ત્યાંથી ગમે તેવું મળે તે ધર્મના નામથી શ્રવણ કરી લે છે, તથા તેમ કરતાં અમર્યાદ શ્રવણથી કોઇ કોઇ અનર્થને પણ પામે છે."[૨]

---

૧. "શ્રી નૃ૦ ચિ૦", પૃ. ૧૩૫

૨. "શ્રી નૃ૦ ચિ૦", પૃ. ૧૩૬
પ્રકરણ ૧માં શ્રીમન્નૃસિંહાચાર્યજીના પ્રાદુર્ભાવ સમયે અને પછી પ્રાર્થના-સમાજ, બ્રહ્મસમાજ, આર્યસમાજ, થિયોસોફિકલ સોસાયટી, સ્વામીનારાયણ સંપ્રદાય વગેરે અનેક સંપ્રદાયો કે પંથો થયા હતા, તેનો ઉલ્લેખ કર્યો છે. આવી પ્રવૃત્તિને લીધે એક વિશાળ વર્ગ એવો પણ હતો કે તે વિવેકથી પોતાને ગ્રાહ્ય શું તે વિચારવાને અસમર્થ હોવાને લીધે આત્મોન્નતિ અર્થે સર્વસ્થળે જતો.....તેનો ઉપરોક્ત વિધાનમાં નિર્દેશ હોય, તેમ અનુમાન કરી શકાય તેમ છે.

આથી જિજ્ઞાસુ મુમુક્ષુએ પ્રત્યેક પ્રવૃત્તિ કરતાં પહેલાં પૂરેપૂરી સાવધાનતા રાખવી આવશ્યક છે. વિચાર, વાણી અને વર્તનમાં લેશમાત્ર પણ તફાવત ન હોય તેવા વિરલ મહાત્માઓ દુર્લભ છે. એવા મિતભાષી મહાત્માના માર્ગદર્શન હેઠળ સાધનાક્રમ કરતો જીવ છેવટે મોક્ષપદને સરળતાથી પામી શકે છે.

મોક્ષપદ ક્યારે અને કેવી રીતે પ્રાપ્ત કરવું તથા જીવનની વિવિધ અવસ્થા સામાન્યતઃ કેવી રીતે વ્યતીત કરવી, તેનો આ પ્રમાણે તેઓશ્રી નિર્દેશ કરે છે,

"પ્રથમાવસ્થામાં ધનાદિ પદાર્થો પ્રાપ્ત કરવા નિર્દોષ યત્ન કરવો, પ્રાપ્ત કરેલા ધનમાંથી યોગ્ય વ્યય અને સંચય કરવા વિચારવું, ક્રમથી સંચયની વૃધ્ધિ કરવી, તેથી ભોગ અને સત્કર્મ કરવાં, અને અંતે શેષને નિર્મોહપણે પ્રજ્ઞ આદિ યોગ્ય અધિકારને તથા સુપાત્રોને વિધિવત્ દાન કરવું. પશ્ચાત્ અર્થકામને અનર્થરૂપ નિશ્ચય કરીને વૃત્તિની જ્ઞેયધ્યેય ઈષ્ટપ્રતિ એકાગ્રતા કરવાને પ્રબલ સાધનોને સેવવાં, એ વાસ્તવ ઉત્તમ સર્વસામાન્ય ધર્મ છે."[૧]

"ગુરુ" શબ્દના અનેક અર્થો સહિત જે વ્યાખ્યા આપી છે તે પણ ધ્યાનપાત્ર છે.

"ગુરુ શબ્દ ઘણા અર્થમાં વપરાય છે. ગુરુ એટલે ભારે વજનવાળું, મોટું, વેદાદિ વિદ્યા ભણાવનાર વા કોઇપણ પ્રકારનું શિક્ષણ આપનાર માતાપિતા તથા વડિલ મનુષ્યો અને તત્ત્વ કે પરમ તત્ત્વનો બોધ આપનાર સદ્‌ગુરુ પણ ગુરુમાં ગણાય છે. અભ્યાગત અને બ્રાહ્મણ પણ ગુરુ ગણાય છે. ચૂર્ણમાં કહીએ તો જાતિથી, ગુણથી, ધનાદિ પદાર્થના આધિક્યથી તથા ઐશ્વર્યથી અને એવાં અનેક નિમિત્તોથી જેમને વિષે મોટાપણું મનુષ્યો વડે મનાય છે તે અનેક નિમિત્તથી પ્રાપ્ત જે મોટાપણું તે ગુરુપણું છે."[૨]

---

૧. "શ્રી નૃ. કિ.", પૃ. ૧૫૨

૨. "શ્રી નૃ. કિ.", પૃ. ૧૬૩

"પિતાએ પુત્રને આપેલો બોધ"માં દરેક અવસ્થામાં પુત્રની ફરજ, તેનો ધર્મ, તેનું કાર્ય અને સાથે સાથે પિતાની પણ ફરજ વગેરેનું વિગતે વિવરણ કર્યું છે.

પરંતુ, "સુજ્ઞપતિએ પોતાની વિદૂષી છતાં દુરભિમાનવાળી સ્ત્રીને આપેલો સુબોધ" તથા "વિધવા વિરામ" એ બંને લેખો સ્ત્રી વિષયક હોવાથી જુદા તરી આવે છે. પ્રથમ લેખમાં, ધર્મિષ્ઠ પતિ ભાગવત, ભાસસંહિતા, ભગવદ્‌ગીતા વગેરે અનેક શાસ્ત્રોને ભણનારી પરંતુ મિથ્યાભિમાનવાળી પોતાની સ્ત્રીને સર્વ અનર્થના મૂલ અહંકારનો નાશ કરવા સમજાવે છે. "ઉપર મીયાં ફાંફડે"વાળો રજપૂત અને મુસલમાનનો પ્રસંગ, મિથ્યા વાસુદેવનો દંભ કરનાર પૌંડ્રકનો પ્રસંગ, પંચતંત્રની મિત્રભેદમાંની કંકુકુમ રાજાની કથા, સતીનો પિતા દક્ષના યજ્ઞમાં જવાનો આગ્રહવાળો પ્રસંગ – વગેરે દૃષ્ટાંતો, અનેક સંસ્કૃત સુભાષિતો, સપ્તપદીના મૂલ્યવાન્ સાત શ્લોકો વગેરે વડે(દ્વારા) સ્ત્રીઓની શી શી ફરજો હોય તેનો વિસ્તૃત ખ્યાલ આપ્યો છે. "વિધવા વિરામ" નામનો લેખ તો મુખ્યત્વે વિધવા સ્ત્રીઓને જ કેન્દ્રમાં રાખીને લખાયેલો છે. બાળલગ્નનો ભોગ બનેલી અને દુર્દૈવથી બાળવૈધવ્યને પામેલી કેટલીયે હિંદુ સ્ત્રીઓ તે વખતના જમાનામાં દુઃખી જીવન ગુજરતી હતી. કુટુંબમાં અથવા સમાજમાં પણ તેઓનું સ્થાન ચાલતી આવેલી પ્રણાલિકા પ્રમાણે આદરણીય નહોતું. એવા સમયમાં પ્રતિષ્ઠિત કુટુંબની ઉન્નતજીવન વ્યતીત કરવાની મહેચ્છા સેવતી સદાચરણી સ્ત્રીઓ વૈધવ્ય અવસ્થામાં પણ સ્વમાનભર્યું સુખી અને સાત્ત્વિક જીવન જીવી શકે તે પ્રકારનો બોધ આ લેખમાં કર્યો છે. કર્તાએ અહીં સીધો ઉપદેશ ન કરતાં આખ્યાયિકા વડે(દ્વારા) આ વિષયને વણી લીધો છે. સૌભાગ્યપુરી નગરીમાંના રાણી સુદર્શના, તેની સખી સ્ત્રીઓ સંવિતા, વિમત્સરા, વૈજ્ઞાનિકા વગેરેનાં સુંદર વ્યવહારુ સૂચન

મુજબ એક "શાંતિભવન" નામનું સ્વતંત્ર સ્થળ નોખું કાઢે છે અને સર્વગુણસંપન્ન સદાચરણી વિદુષી સ્ત્રી અવિકલ્પાને તે સ્થળમાં એકત્રિત થયેલી વિધવાસ્ત્રીઓને સુબોધ કરવાની નમ્ર વિનંતી કરે છે. આમ અવિકલ્પાના બોધ વ્યાજે કર્તાએ વિધવા સ્ત્રીઓને માટે સુંદર વિચારપાથેય પૂરું પાડ્યું છે, તે આવકાર્ય છે, સુખ ક્ષણિક છે અને તેનો અનુભવ પણ અલ્પજીવી છે. તેથી આપણે વારંવાર સંતાપને અનુભવીએ છીએ, તે વાતને કર્તાશ્રી સુંદરરીતે સમજાવે છે –

"હે બહેનો ! જેમ કાલના સ્વરૂપને અને સૃષ્ટિના કારણને ન જાણનારાં આપણે એકવાર ગ્રીષ્મઋતુના તાપથી તપીને અકળાતાં વૃષ્ટિની ઇચ્છા કરીએ છીએ, અને તે પછી જ્યારે વર્ષાઋતુમાં વર્ષાદની હેલીઓ થાય છે ત્યારે તેથી અકળાયેલાં આપણે તેની નિવૃત્તિની ઇચ્છા કરીએ છીએ, અને પછી વળી શરદના તાપથી વિકલ થતાં આપણે શીતની ઇચ્છા કરીએ છીએ, અને હેમંતશિશિર ઋતુમાં પાછી વિકટ ટાઢને અનુભવીએ છીએ ત્યારે વળી ગરમીની ઈચ્છા કરીએ છીએ, અને કોઇથી પણ તૃપ્ત થઇ સદા સુખાનુભવ કરતાં નથી, તેમ આ જગતના સ્વરૂપને અને સુખદુઃખનાં કારણને ન જાણનાર આપણે વારંવાર સુખની ઈચ્છાથી વિવિધ અપ્રાપ્ત વિષયની ઇચ્છા કરીએ છીએ, અને પ્રાપ્તના અભાવની ઇચ્છા રાખીએ છીએ ; તો પણ તે દુઃખરૂપ હેય પદાર્થનાં સંગી આપણે સદા સુખાનુભવ કરતાં સ્થિર રહેતાં નથી."[૧]

અપૂર્ણ કૃતિ "ભવાર્ણવ સેતુ"માં પદ્યમાં એક દોહરો અને પછી તેનું ગદ્યમાં વિવરણ એમ બે સ્તંભના કુલ ૩૭ દોહરામાં પ્રાચીન કારિકાવૃત્તિલેખનની પદ્ધતિનો આકર્ષક પ્રકાર બેઠવ્યો છે.

---

૧. "શ્રી નૃ. કિ.", પૃ. ૨૫૫

"ધર્મ, અર્થ ને કામ વળિ, મોક્ષસહિત જે ચાર –
પદાર્થ પામી શમી ગયા, તે નર જગમાં સાર."[૧]

એ દોહરામાં સૂચવ્યું છે તે પ્રમાણે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પામવા યોગ્ય પદાર્થ કેવી યથાર્થ યુક્તિથી મેળવી શકાય તેનું વર્ણન કરવું, એ આ ગ્રંથનો પ્રધાન વિષય છે. પ્રથમ સ્તંભમાં મંગલાચરણ, સ્તુતિ, ગ્રંથની પ્રસ્તાવના વગેરેમાં ૨૫ દોહરા કવિએ રચ્યાં છે અને દ્વિતીય સ્તંભમાં મુખ્ય વિષયની ચર્ચા – ભવસાગરને પાર કરવાનાં યથાર્થ સાધનો અને યોગ્ય અધિકારની ચર્ચા – જોવા મળે છે, પરંતુ માત્ર ૧૨ દોહરાથી તે અપૂર્ણ રહયો છે.

"પ્રશ્નોત્તરરૂપે શીઘ્ર શિક્ષણ"માં સમગ્ર હિંદુ ધર્મતત્ત્વજ્ઞાનનો સંક્ષેપમાં સંદર્ભ આવી જાય છે. પ્રાચીન સમયમાં ઋષિઓના આશ્રમમાં શિષ્યો સાથેની ચર્ચા વખતે અને અન્યત્ર વિશેષતઃ પ્રયોજાતી આ પ્રકારની પ્રશ્નોત્તર શૈલી ૧૯મી સદીના ગુજરાતી સાહિત્યમાં ભાગ્યે જોવા મળતી નથી. તત્ત્વજ્ઞાન જેવા ગહનવિષયને અતિસરળ બનાવવા કરેલો કર્તાશ્રીનો આ શૈલીનો પ્રયોગ સર્વદૃષ્ટિએ નોંધપાત્ર છે.[૨]

આમ તત્ત્વજ્ઞાનના ગંભીર અને આધ્યાત્મિક વિષયોથી માંડીને કે ઠેઠ સ્ત્રીવિષયક સામાજિક અને વ્યાવહારિક પ્રશ્નોની પર્યેષણા કરતી લેખમાળા પ્રસ્તુત સંગ્રહમાં હોવાથી વિષયોમાં, વિચારોમાં અને શૈલીમાં અનોખું વૈવિધ્ય માણવા મળે છે.

....

---

૧. "શ્રી નૂ. કિ.", દોહરો ૨, પૃ.૫૭

૨. "હિન્દુધર્મની બાળપોથી"માં કિશોરો, યુવાનો વગેરેને આર્યધર્મનો સરળ રીતે પરિચય કરાવવા આચાર્ય આનંદશંકર ધ્રુવે પણ પ્રશ્નોત્તર શૈલીનો પ્રયોગ કર્યો છે.

ઉપસંહાર :-

શ્રીમન્નૃસિંહાચાર્યજીનું સમૃધ્ધ જીવનકાર્ય અને વિભિન્ન સાહિત્યસ્વરૂપોથી મંડિત લેખનકાર્ય અવલોકતાં સ્પષ્ટ જણાશે કે તેઓશ્રીએ કોઇ નવો સંપ્રદાય, પંથ કે વાડો સ્થાપ્યો નથી. તેમણે કોઇ તદ્દન નવા જ સિધ્ધાન્તની પ્રસ્થાપના અર્થે અન્યધર્મોની ટીકા-અવહેલના કરી નથી. પરંતુ ૧૬મી સદીના ઉત્તરાર્ધમાં આ દિવ્યવિભૂતિએ તત્કાલીન દેશકાળસ્થિતિને લક્ષમાં રાખીને પ્રમુખતઃ ભગવાન શંકરાચાર્યના કેવલાદ્વૈતનો પુરસ્કાર કર્યો છે. ભક્તિમાર્ગ, યોગમાર્ગ, જ્ઞાનમાર્ગ, શક્તિમાર્ગ તથા શંકરવેદાંત - તે સર્વમાંથી સાધકને ઉપકારક સર્વ સિધ્ધાન્તોને તેઓએ અપનાવ્યા છે. તેઓશ્રીનું દર્શન સમન્વયી અને સમાસદર્શી થતું હોય તેમ જણાય છે. તેઓશ્રીએ પ્રખર વેદાન્તને વ્યાવહારિક ભૂમિકા પર જીવી બતાવ્યો છે. જ્ઞાન, કર્મ અને ભક્તિનો યોગ્ય સમન્વય સાધી, તેઓશ્રીની સન્મુખ આવતા સાધકોનો અધિકાર જોઇ, તેઓની કક્ષા પ્રમાણે સાધનાક્રમ તથા ઉપદેશ પાઠવી, અલૌકિક શક્તિસંચાર કરી, અનેક સાધકોને તેમણે આધ્યાત્મિક આનંદનો અનુભવ કરાવ્યો છે.

૪૩ વર્ષના ટૂંકા ગાળામાં તેઓશ્રીનાં જીવનકાર્ય અને જ્ઞાનસમૃધ્ધ સાહિત્યથી અનેક વિદ્વાનો પ્રભાવિત થયા છે. નાની વયે "પ્રાર્થનાસમાજ"ના પ્રમુખ તરીકે વ્યાસપીઠ પરથી તેઓશ્રીની વહેતી અસ્ખલિત જ્ઞાનધારામાં અનેક લોકો ઝીલાઇ જતા, યોગની સિધ્ધિના પ્રતાપથી થિયોસૉફિકલ સોસાયટીના અગ્રણી કાર્યકરો મૅડમ બ્લૅવેટ્સ્કી અને કર્નલ ઑલ્કોટ પણ મંત્રમુગ્ધ થયાં હતાં, અને શ્રેયસ્સાધક અધિકારી વર્ગનાં વિવિધ સમારંભો, ઉત્સવો, પ્રવચનો સદુપદેશશ્રેણીઓ, ગ્રંથો વગેરેથી ગુજરાતના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક જીવનમાં વિશિષ્ટ હલચલ મચી ગઇ હતી.

તેઓશ્રી સિધ્ધહસ્ત આર્ષદૃષ્ટા ગૃહસ્થીયોગી હતા. તેમણે રીતસર પંડિતોની માફક વેદવેદાંતનો પધ્ધતિસરનો અભ્યાસ કર્યો ન હતો અને સંસારમાં જલકમલવત્[1] રહી સ્વયંસ્ફૂરણાથી તેઓશ્રી અનેકવિધ પરોપકારપ્રવણ પ્રવૃત્તિ કરતા. તેઓ અસંસક્તિ નામની જ્ઞાનની પાંચમી ભૂમિકામાં સદા આરૂઢ રહેતા. તેઓશ્રી માટે અધિકારી વિદ્વાનો અને સાધકવર્ગમાંથી એમ કહેવાય છે કે પાછળના વખતમાં તો તેઓશ્રી કશું જ કાર્ય સ્વેચ્છાથી કરતા નહીં. પરંતુ તેમના અગ્રણી પટ્ટશિષ્ય વિશ્વવંધ માસ્તર સાહેબ તેમ જ અન્ય સાધકોના પ્રેમાગ્રહથી જ તેઓશ્રીએ ગુજરાતને તત્ત્વવિચારના અનેક ગ્રંથો આપ્યા છે.

વિવિધ ગ્રંથોમાં વ્યક્ત થયેલું ગહનગંભીર તત્ત્વજ્ઞાન તેઓશ્રીની રોચકશૈલીને લીધે રસપ્રદ અને આસ્વાદ્ય બન્યું છે. તેઓશ્રીની દૃષ્ટાંતશૈલી અને હળવી રમૂજો પણ આવા કઠણ અને શુષ્ક વિષયને સરળ અને સચોટ બનાવે છે. તદુપરાંત આ સર્વમાં તેઓશ્રીની દિવ્યાનંદાનુભૂતિનો સચોટ રણકો સંભળાય છે. "મૌલિક વિચારક" હોવાથી પરંપરિત પોપટિયા પાંડિત્યજ્ઞાનને જયાં ત્યાં રજૂ કરતા નથી, પરંતુ પૌરાણિક કથા-આખ્યાયિકાઓ, ઉપનિષદો, વેદો વગેરેનું વિવિધ અને સમ્યક્ અર્થછાયામાં સ્વચ્છ દર્શન પણ તેઓશ્રી કરી શકે છે. "અગમનિગમ"ના સંસ્થાપક અને અણીતા સાહિત્યકાર શ્રી યશોધર મહેતા સાથેના ટૂંકા વાર્તાલાપમાં પંડિતયુગના પ્રખર વિવેચક આચાર્ય આનંદશંકર ધ્રુવે શ્રીમન્નૃસિંહાચાર્યજી માટે "મૌલિક વિચારક" શબ્દ પ્રયોજયો છે, તે સર્વથા યથાર્થ છે. તત્ત્વજ્ઞાનના

---

૧. સરખાવો :- "He lived the full life upon earth and paid all his dues to all around him. He did not run away from the world, he did not retire into a forest, nor did he hide himself in a mountain cave. He lived in the world as any other man but not for one moment did he lose sight of the Goal of Life. He lived in the world but did not surrender himself to the world. He was in the world but not of it."
(- Irach J.S. Taraporwala - "Be in the world but not of it !
Page No.71 શ્રી નૃ. શતા. સ્મૃતિ અંક).

એક સંમાન્ય અભ્યાસીનું મંતવ્ય શ્રીમન્નૃસિંહાચાર્યજીની સર્વતોમુખી છતાં મૌલિક પ્રતિભાશક્તિનો પરિચય પ્રાપ્ત કરવા ઉપયોગી થઇ પડશે તે હેતુથી શ્રી યશોધરભાઇના શબ્દોમાં જ તે વાર્તાલાપ અત્રે ઉધ્ધૃત કરું છું.

"સને ૧૯૪૦-૪૧ની સાલ મને આજે યાદ આવે છે. લંડનથી પાછો ફરીને હું આચાર્ય આનંદશંકર ધ્રુવને મળવા ગયો હતો. ગામદેવીમાં તેમના ચિરંજીવીને ત્યાં તેઓ મુંબઇમાં રહેતા હતા અને પથારીમાં સૂતા સૂતા "Indian Philosophical Review" વાંચતા હતા. હું જઇ પહોંચ્યો. એમણે પુસ્તક આડું મૂકયું.

"આમ કહી કહી મોં બતાવતા રહો તો આનંદ થાય અને તમારા પિતાનો સંબંધ પણ સચવાય." એમની અદ્‌ભુત મીઠાશથી મને કહયું.

મારી નજર પેલા પુસ્તક ઉપર પડી. તુરત મેં તેમને કહયું, "આપણે ત્યાં ગુજરાતમાં તત્ત્વવિચાર ઉપરનું આવું કોઇ માસિક કે પત્ર કંઇ દેખાય છે ?" અને પછી તુરત ઉમેર્યું, "અગાઉ પણ ક્યાં આવું કંઇ હતું ?"

તેઓ ગંભીર થઇ ગયા. પછી બોલ્યા, "એ ક્ષેત્રમાં કેટલાક પત્રોએ સારો ફાળો આપેલો."

"કબુલ, આપના વસંતે અને તે અગાઉ સુદર્શને". મેં કહયું. તેઓ થોડીવાર સુધી કંઇ ન બોલ્યા. મને થયું કે આચાર્ય આનંદશંકરે મને એવું સૂચન કર્યું હશે કે તેઓ મારી વાત સ્વીકારે છે. પછી તેમણે મારા તરફ જોયું.

"નૃસિંહાચાર્યના મહાકાલે તથા તેમનાં પોતાનાં લખાણોએ ઘણો સારો ફાળો આપ્યો હતો."

"એમ !"

"હા. નૃસિંહાચાર્યનાં લખાણો ઉચ્ચકોટિનાં હતાં."

"પણ એ તો બધું જૂની ઘરેડનું જ હશે. એમાં વિચારોનું નાવીન્ય હતું ?" મેં કંઈક ટીકાના રૂપે કહ્યું.

"નૃસિંહાચાર્ય મૌલિક વિચારક હતા. ઋષિઓ બધા જ મૌલિક." આનંદશંકરભાઈએ સ્પષ્ટ કર્યું.

"મણિલાલ તથા આપ કયાં ગણાવ ?" મેં હસતે હસતે પૂછ્યું.

આનંદશંકરભાઇના મોં પર સૌમ્ય તત્ત્વવિચારકને શોભે તેવું શાંત ગૌરવ હતું. તેમણે મંદ મંદ હસીને મારા તરફ જોયું. પછી કહ્યું, "મણિલાલ મૌલિક વિચારક નહિ, સ્વતંત્ર વિચારક અને મારા માટે તમે એટલું કહી શકો કે હું સ્કોલર અને....તમારા પિતા પણ સ્કોલર. નૃસિંહાચાર્યની મૌલિકતા અને તત્ત્વાનુભવ જુદાં."[1]

મૌલિક વિચારક તરીકેની આવી અપૂર્વ શક્તિ તથા દિવ્યાનંદની પ્રત્યક્ષ અનુભૂતિના બળે તેમનાં લખાણોમાં પણ જે તે વિચારો સુસ્પષ્ટ, સુરેખ અને તર્કબધ્ધ શ્રેણીમાં રજૂ થયેલા જોવા મળે, તેમાં કશું જ આશ્ચર્ય નથી. સ્પષ્ટ અને સ્વચ્છ દર્શન (Vision) હોવાને લીધે તેમની રોચક શૈલીથી ગહનમાં ગહન, કૂટમાં કૂટ વિષયો પણ અતિસરળ બની જાય છે. માત્ર પ્રવચન કે સંભાષણ વ્હેરા અથવા શુષ્ક નીરસ તત્ત્વચર્ચાના લેખો વ્હેરા કૂટ વિષયોની પર્યેષણા રસિક અને આમજનતાભોગ્ય નથી બનતી, એ વાત તેઓ સારી રીતે જાણતા હતા. અને તેથી વિભિન્ન સાહિત્યસ્વરૂપોનો[2] તત્ત્વચર્ચાને

---

૧. શ્રી યશોધર મહેતા: "ભારતીય તત્ત્વજ્ઞાનમાં ગુજરાતનો ફાળો : શ્રીમન્નૃસિંહાચાર્ય" - તા. ૧૪-૧૦-૬૭ના રોજ આકાશવાણી અમદાવા -વડોદરા તરફથી પ્રસારિત થયેલા વાર્તાલાપમાંથી.

૨. "બાલાભરણ" નામના લેખમાં તેઓશ્રી આમ કહે છે,

"એ અનુભવથી તથા અનુમાનથી જણાયું છે કોઇ શુષ્ક નિબન્ધરૂપે લખાયેલા ગ્રન્થને રસની અભિલાષા વડે ગ્રન્થમાં પ્રવેશ કરવાની ઇચ્છા ઉછરતી પ્રજ્ઞા ભાગ્યે જ વરિયે છે, અને જેમાં કંઈક રસનું ભાન થાય છે, તેને ઉત્સાહથી વરિયે છે." (શ્રીમન્નૃસિંહાચાર્ય - શ્રી નૃ. કિ.", પૃ. ૨૬૧)

વધુ સરળ અને ગ્રાહ્ય બનાવવા માટેના સબળ માધ્યમ તરીકે જ વિનિયોગ કર્યો છે. કાવ્ય, વાર્તા (જૂની પ્રણાલિકાની), નાટક, નિબંધ, પત્ર વગેરે વિવિધ સ્વરૂપોને તેઓ સરળતાથી અને સફળતાથી ખેડી શકયા હોવા છતાં તેમણે "સાહિત્યકાર" તરીકે ઓળખાવવાનો કદી દાવો કર્યો નથી. તેમ કરવાનું કોઇ પ્રયોજન પણ નથી. જિજ્ઞાસુ મુમુક્ષુ સાધકો શ્રેયસ્કર જીવન જીવી ઉન્નતિના માર્ગે પ્રયાણ કરતા રહે એ જ આ સમગ્ર સાહિત્યનો હેતુ છે. માટે જ સર્વને સરળતાથી સમજાય તેવી શૈલી અને સ્વરૂપમાં અનાયાસે આ સર્જનપ્રક્રિયા ઉદ્ભવી છે.

શ્રીમન્નૃસિંહાચાર્યજીએ આમ તો ઉપરોક્ત ગ્રંથોમાં અનેકવિધ સિધ્ધાન્તોની સદ્દેષ્ટાંત તાર્કિક ચર્ચા કરેલી છે. પરંતુ તેમાંથી મુખ્ય મુખ્ય સિધ્ધાન્તોને સંક્ષેપમાં આ પ્રમાણે રજૂ કરી શકાય :-

(૧) બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યસ્તાશ્રમમાં તેઓશ્રીએ ગૃહસ્થાશ્રમને ઘણું મહત્ત્વ આપ્યું છે. સર્વ આશ્રમમાં એ આશ્રમ સર્વશ્રેષ્ઠ તથા મોક્ષફલપ્રદાતા છે. જ્યાંસુધી સમગ્ર વિષયોની અસ્પૃહા ન થાય, તજજન્ય તીવ્ર વૈરાગ્યનો ઉદ્ભવ ન થાય ત્યાંસુધી ત્યાગરૂપ સંન્યાસનો તો અધિકાર જ પ્રાપ્ત થતો નથી. વળી, પરમાત્માના વાસ્તવસ્વરૂપનું જ્ઞાન ફકત ત્યાગીને જ થાય છે એવો કોઇ નિયમ નથી. ઘણા પ્રસિધ્ધ ઋષિમુનિઓએ ગૃહસ્થાશ્રમ સેવ્યો છે. તેઓ પરમતત્ત્વને યથાર્થરીતે જાણતા હતા એટલું જ નહીં પણ દીર્ઘસમય સુધી ત્યાગ અને સંન્યાસ સેવ્યા છતાં પણ વાસ્તવજ્ઞાનને પ્રાપ્ત ન કરનારા અનેક મુમુક્ષુઓ તેમની પાસે આવી પરમતત્ત્વનો ઉપદેશ મેળવવા ભાગ્યશાળી થતા હતા.

આમ, શ્રીમન્નૃસિંહાચાર્યજીએ ગૃહસ્થાશ્રમનું માહાત્મ્ય દર્શાવી ત્યાગીને જ વાસ્તવજ્ઞાન થાય એવો નિયમ નથી, એમ બતાવ્યું છે.

(૨) પરમપદને પ્રાપ્ત કરવા માટેના બે માર્ગ ખુલ્લા છે. (૧) અકામ બનવાનો અને (૨) આપ્તકામ બનવાનો. સંપૂર્ણ ત્યાગ કરવાની વાત અતિમુશ્કેલ છે અને પ્રકૃતિના સ્વાભાવિક સંકેતથી વિરુધ્ધ છે. અને જે સ્વાભાવિક વાસનાને સંપૂર્ણરીતે સંતોષ્યા વગર અકામ બનવા અને સંન્યાસી થવા પ્રયત્ન કરે છે અથવા ઋણાન્મોક્ષમાન્ કાષાયં ગ્રહેત્ એ ન્યાયને ન અનુસરતાં – બ્રહ્મચર્યાશ્રમમાંથી ગૃહસ્થાશ્રમમાં અને પછી વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશ કરી, વાસનાઓને સંતોષી, ભોગવી, ક્રમશઃ ક્ષીણ કરી બાદ સંન્યસ્તાશ્રમને ન સ્વીકારતાં – સીધો ચતુર્થાશ્રમ અંગીકાર કરે છે, તેઓ ઘણુંખરું પરમપદને (કોક અપવાદ સિવાય) સરળતાથી પામી શકતા નથી. અસાવધ જીવ પર ગમે ત્યારે આક્રમણ કરનારી ચિત્તાના જેવી ચંચળ વાસના તેવા મનુષ્યોનો ચતુર્થાશ્રમમાં પણ પીછો છોડતી નથી. તેથી કર્તા અકામ થવા કરતાં આપ્તકામ બનવા ઉપર વધુ ભાર મૂકે છે.

સંસારમાં રહીને તેથી અલિપ્ત રહેવું એમાં જ વૈરાગ્યની ખરી કસોટી છે. વિકારહેતુ પાસે હોવા છતાં જેના ચિત્તમાં વિકૃતિ નથી તે જ ધીર પુરુષ છે. કોઇપણ પ્રાણી કર્મ વગરનો રહી શકતો નથી. અને તેથી સંપૂર્ણ અર્થમાં નૈષ્કર્મ્ય કોઇને માટે પણ શક્ય નથી. માણસ પાસેથી ઇન્દ્રિયોના વિષયો ખસેડી લેવામાં આવે અને તેને અંગે તે ભૂખ્યો રહે તે ખરો વૈરાગ્ય નથી. આમાં ભોગત્યાગ છે પણ ભોગનો રસ મનમાં રહી જાય છે. જ્યારે ભોગત્યાગ સાથે રસત્યાગ થાય ત્યારે જ ખરો ત્યાગ કહેવાય. આશ્રમધર્મનું પાલન કરતાં પણ અનાસક્ત બુધ્ધિથી – સ્થિતપ્રજ્ઞભાવે – કર્મો કરી રસત્યાગ કરી શકાય છે તેમ જ પરમતત્ત્વને પામી શકાય છે. આવા આપ્તકામ સિધ્ધપુરુષો ગૃહસ્થી યોગી બને કે પછી સંન્યાસ ધારણ કરે તો પણ તેમની ચિત્તસ્થિતિમાં લેશમાત્ર ફેર પડતો નથી.

વિશેષતઃ "સિધ્ધાન્તસિન્ધુ"માં ગુરુવિરજસ્તમા - શિષ્ય દેહભર, ગુરુશ્રીહર્ષ - શિષ્યશકલ, ગુરુપૌલસ્ત્ય - શિષ્ય દિષ્ટબુધ્ન, ગુરુ દુરંતવીર્ય - શિષ્ય તથ્યવાદી તથા વિપશ્ચિત્ યોગીશ્વરનાં આખ્યાનોથી શ્રીમન્નૃસિંહાચાર્યજીએ [illegible] સિધ્ધાન્તને વિસ્તારથી સમજાવ્યો છે.[૧]

(૩) "શ્રીશ્રેયસ્સાધક અધિકારી વર્ગ"માં પણ સદ્‌ગુરુ શ્રીમન્નૃસિંહાચાર્યજી સમારંભો, ઉત્સવો વગેરે પ્રસંગો બાદ કરતાં વિશાળ શ્રોતાવૃંદને મોહક પ્રભાવશાળી વક્તૃત્વથી અંજી નાખવાનું પસંદ કરતા ન હતા. સાધકની જિજ્ઞાસા તથા તેનો અધિકાર જોઇ તેઓ તેમને યથાસમયે જ

---

૧. સરખાવો :- "સ્વામીનારાયણ સંપ્રદાયનું કાર્ય ગુજરાતના નીચલા સ્તરોમાં વધુ વ્યાપક બન્યું. પરંતુ મધ્યમવર્ગના બુધ્ધિશીલ અને સંસ્કારવાંછુ સમાજમાં શ્રેયસ્સાધક અધિકારી વર્ગની અસર ઐતિહાસિક ગણી શકાય તેવી છે. શ્રીમન્ નૃસિંહાચાર્યજીએ શરૂ કરેલી આ પ્રવૃત્તિએ ગુજરાતમાં એક તરફથી અધિકારી વર્ગને આત્મદર્શન ભણી અભિમુખ કરીને કર્મરત કર્યો અને બીજીબાજુ એ વર્ગને વ્યવહારશુધ્ધિનો આચાર આપીને એ દ્વારા સમગ્ર ગુજરાતના મધ્યમ વર્ગમાં સંસ્કારશીલ દામ્પત્યની પ્રતિષ્ઠા કરી. ગૃહસ્થાશ્રમ ચારેય આશ્રમોમાં વધારે કઠિન તપશ્ચર્યા અને સંસ્કારશુધ્ધિ માગે છે. એકરીતે આ જ આશ્રમમાં સમાજનાં આંતર અને બાહ્ય શુધ્ધિકરણમાં વ્યક્તિ પોતાની વિમળતાનું ઘી હોમે છે. શ્રીમન્નૃસિંહાચાર્યજીએ પોતાની તેજસ્વી પ્રતિભા અને વિવેકશીલ પ્રજ્ઞા દ્વારા આ સત્ય જોયું, એટલું જ નહિ પરંતુ એને ચરિતાર્થ કરીને એનું સામાજિક મૂલ્ય પેદા કર્યું."

(શ્રી કિશનસિંહ ચાવડા, "અલૌકિક વિભૂતિનું જીવનકાર્ય"- પૃ. ૧૪૩, શ્રી નૃ. શતા. સ્મૃતિગ્રંથ)

વ્યક્તિગત રીતે સાધના માટેનો મંત્ર કે ક્રમ દર્શાવતા. આવી ગુહ્ય ગંભીર બાબતો જાહેર પ્રવચનમાં વિશાળ શ્રોતાગણ સમક્ષ તેઓ કદી પણ કરતા નહીં. તેઓશ્રીએ રચેલા ગ્રંથોમાંની આખ્યાયિકાઓમાં પણ સદ્‌ગુરુ અધિકારી સાધકને જે મંત્ર આપે છે તે મંત્ર તેઓએ ક્યાંય પણ પ્રગટ કર્યો નથી. કારણ કે અનધિકારી વ્યક્તિ પાસે ગયેલી અમૂલ્ય વસ્તુ પણ અનર્થને અર્પનારી નીવડે છે.

વળી તેઓશ્રીના લગભગ બધા જ ગ્રંથો અપૂર્ણ છે. તેમાં પણ કદાચ કોઇ વિશિષ્ટ સંકેત હશે. એમ અનુમાન કરી શકાય કે તેઓશ્રી તત્ત્વજ્ઞાનનાં વધુ ગોપનીય અને ગુહ્ય રહસ્યોને આમજનતા સમક્ષ જાહેરમાં મૂકવાં ન પણ માગતા હોય. કારણ કે તેમાં તો અધિકારી મુમુક્ષુ જ તત્‌વિષયક જ્ઞાનનાં અધિકારી ગણી શકાય. "વિધવાવિરામ" નામના લેખમાં ચર્ચા કરતાં તેઓશ્રી પણ આવા જ મતલબનું વિધાન કરે છે તેનાથી પણ ઉપરોક્ત તર્કને પુષ્ટિ મળે છે.

".....આ કારણથી જ તત્ત્વજ્ઞ ગ્રન્થકર્તાઓએ ગ્રન્થમાં સામાન્ય સ્વરૂપથી સર્વોપયોગી વિષયોને લખ્યા છે અને તેનાં વિશેષ સ્વરૂપોને તો પ્રત્યક્ષ તત્ત્વજ્ઞ પ્રવર્તક પુરુષો દ્વારા જ જણાવવાના હેતુથી અવશેષ રાખ્યાં છે. આ તે બુધ્ધિમાન તત્ત્વજ્ઞ મહાત્માનું કૃત્ય અત્યન્ત સ્તુતિપાત્ર છે, કારણ કે પોતાની પ્રકૃતિની યથાર્થ પરીક્ષા પોતાને ન છતાં ઘણાં મિથ્યા સ્વાભિમાનવાળાં પ્રાણિઓ યથાર્થ સમજ્યા વિના ગમે તે પ્રકારે ગમે તે ઉપાયની યોજના કરત, અને અન્તે પોતાની અનિચ્છાના વિષય દુઃખને જ તેઓ પ્રાપ્ત કરત."[૧]

---

૧. "નૃ. કિ.", પૃ. ૨૨૧

આમ કર્તા અધિકારભેદે વ્યક્તિગત રીતે સાધકની કક્ષા મુજબ સાધનાક્રમ દર્શાવવાનું ઉચિત માને છે.[૧]

(૪) શ્રીમન્નૃસિંહાચાર્યજીએ ગ્રંથોમાં ઠેર ઠેર મિથ્યા ફકીરી અને મિથ્યા વેદાંત ઉપર કટાક્ષ કર્યો છે. આજના કળિયુગમાં વેષધારી સાધુઓ અને પાંચમી, છઠ્ઠી અને સાતમી ભૂમિકામાં આરૂઢ રહેનારા વિરલ સંતપુરુષો કયા તેનો વિવેક કરવો મુશ્કેલ થઇ પડયો છે. વેષધારી સાધુઓ પ્રચંડ માયાશક્તિની વિડંબના કરી બેસે છે અને મનમાન્યા તર્કો કરીને પોતાને જ્ઞાની માની બેસે છે. પરંતુ તેવી પ્રવૃત્તિ મનુષ્યને વ્યવહાર અને પરમાર્થ બંનેથી ભ્રષ્ટ કરે છે. આ સમજાવવા કર્તાએ સારી સંખ્યામાં આખ્યાયિકાઓ પણ રચી છે.

(૫) ચમત્કાર એ બહુઇ ચીજ નથી પરંતુ યોગવિદ્યાનો એક સામાન્ય વ્યતિકર છે. મંત્રશક્તિમાં અકલ્પ્ય ગૂઢશક્તિ રહેલી છે. તેનાં યથાર્થ મનન અને નિદિધ્યાસનથી તે શક્તિ સ્ફોટ પામે છે. મંત્ર એ પ્રયોગ છે અને તે પ્રાણશક્તિ પર કરેલો પ્રયોગ છે. Cosmic force એટલે કે બ્રહ્મશક્તિ સાથે જો પ્રાણશક્તિ ઇચ્છાનુસાર ભળે તો ધાર્યું પરિણામ લાવી શકે, એ સંભાવના ઉપર મંત્રશક્તિનો આધાર છે.

---

૧. સરખાવો :- "નૃસિંહાચાર્યજી સાધના ઉપર ઘણો ભાર મુકતા. તેઓ કહેતા કે તત્ત્વજ્ઞાન એ કેવળ મગજની મજુરી નથી, પાંડિત્યનું પ્રદર્શન નથી, કે પારિભાષિક શબ્દોની ગોદામ નથી, પરંતુ આંતરિક શક્તિ કેળવવાનું શાસ્ત્ર છે. જે શાસ્ત્ર કાંઇ પણ ફળ ન પ્રગટાવે અને ફકત શબ્દોમાં જ રચ્યુંપચ્યું રહે તે શાસ્ત્રમાં અને બકરાના ગળે લટકતા સ્તનમાં કાંઇ ફરક નથી. દરેક શિષ્યનો અધિકાર જોઇ વિચારી પોતે સાધનાનો ક્રમ આપતા અને સાધનામાં પોતે કેટલી પ્રગતિ કરી છે એની તપાસ રાખતા."
(શ્રી યશોધર મહેતા, "અગમનિગમ", ગુજરાત સમાચાર, શનિવાર, તા. ૧૨મી નવેમ્બર, ૧૯૬૦)

શ્રીમન્નૃસિંહાચાર્યજી સ્પષ્ટ માને છે કે દુન્યવી ચમત્કારો કે બહુઇ પ્રસંગો એ તો મંત્ર કે યોગશક્તિનું સહજફલ છે. પરંતુ સાચો મુમુક્ષુ એવું ઐહિક અને દુન્યવી પ્રલોભનોમાં ખેંચાઇને શક્તિનો દુર્વ્યય કરતો નથી. તે તો પરમપદને પામવાની જ દૃઢશ્રધ્ધાથી મથામણ કરતો હોય છે.[૧]

આ સિવાય બીજા અનેક સિધ્ધાન્તોને શ્રીમન્નૃસિંહાચાર્યજીએ હસતાં હસતાં રમતા કરી દીધા છે. સનાતનધર્મના સિધ્ધાન્તોને પોતાની આર્ષદૃષ્ટિથી આ મૌલિક વિચારકે એવી વેધક અને સચોટ શૈલીમાં નિરુપ્યા છે કે તે વખતનો ગુજરાતનો બુધ્ધિશાળી વર્ગ તે વિચારપ્રભાવમાં અને પ્રવાહમાં ખેંચાતો રહેતો.

સ્વામીશ્રી શિવાનંદજી આના અનુસંધાનમાં નોંધે છે,

"His sublime personality and life-work forms a great landmark in the social and cultural history of Gujarat. Single-handed he has brought about a great reformation amongst the people and restored to them their ancient heritage of Sanatan Dharma. His services in this field are indeed Phenomenal.

Bapji Shri was not an ordinary man. He was a Yogi. He was a Swayam Siddha."[2]

---

૧. સરખાવો :- (૧) "અધિકારી રે, આશ વિષયની ટાળો,
મન નિવૃત્તિમાં વાળો."
(શ્રી નૃ.વા.વિ., પુ.૨, પૃ.૮૮)

(૨) "હો સાધુ ગગનમંડળ ચઢી રહેના,
બાહ્યવિષયકો સંગ ત્યાગી કે, અભ્યન્તરમેં વહેના.
(શ્રી નૃ.વા.વિ., પુ.૨, પદ ૭૭)

૨. Swami Shri Shivanandaji, - "Shri Nrusinhacharyaji',

Page No.127, શ્રી.નૃ.શતા.સ્મૃતિ-ગ્રંથ.

શ્રીમન્નૃસિંહાચાર્યજીનું વધુ એક ઉજ્જવળ નોંધપાત્ર પાસું એ છે કે તેઓશ્રીએ માત્ર તત્ત્વજ્ઞાનના કૂટ પ્રશ્નોની પર્યેષણા કરી માત્ર આધ્યાત્મિક જીવનની વાત કરી નથી, પણ સાથે સાથે વ્યવહારના અને ખાસકરીને સ્ત્રીઓના સામાન્ય પ્રશ્નોને પણ આ સિધ્ધપુરુષે સંસ્પર્શ કર્યો છે.

સુધારાગુંજેશની અવિરત પ્રવૃત્તિને લીધે તે સમયે જ્ઞાતિનિયમો પ્રમાણમાં હળવા થયા હતા, કેળવણી તરફનો અનુરાગ વધ્યો હતો, સંસ્કૃતની સાથે અંગ્રેજીનું પણ અધ્યયન થતું હતું, સ્ત્રીકેળવણી શક્ય બનતી જતી હતી.....આ બધું હોવા છતાં હજુ પણ સ્ત્રીના સ્વાતંત્ર્ય પર અનેક પ્રકારનાં બંધનો હતાં.

તેવા સમયમાં કર્તાએ ખાસ કરીને "ભામિનીભૂષણ"ના પંચ દળદાર ગ્રંથો (અલંકારો) વ્હેનના મનોહર-વિજયાનાં પાત્રો વ્હેનના તેમ જ વિભિન્નસ્વભાવની સ્ત્રીઓ - ભાગીરથી, કાવેરી, ચંચળા, ઉજમ, જીવકોર, વખત, પારવતીબાઇ, કમળા, ચંદન, વિજળી, જતન, ઈચ્છા, ધૂલી, લીલાવતી, ક્ષેમગૌરી, કુશલગૌરી વગેરે-નાં પાત્રોનું નિર્માણ કરી સ્ત્રીજાગૃતિની ગુંજેશ ઉઠાવી છે. સ્ત્રી એ દિવ્યશક્તિ છે અને તે યોગ્ય કેળવણી અને ધર્મજ્ઞાન વ્હેનના પોતાના ઘરને નંદનવન જેવું બનાવી શકે છે તેવો સુંદર ખ્યાલ આવ્યો છે. અનેક આડકથાઓમાં રહેલાં વ્યંગ, કટાક્ષ, રમૂજ અને બોલી વૈચિત્ર્યને લીધે સમગ્ર ગ્રંથ સ્ત્રીઓને માટે સરળ અને સુબોધદાયક નીવડયો છે.

"સુજ્ઞ પતિના સુબોધ...."વાળા લેખમાં અને વિશેષતઃ "વિધવાવિરામ" જેવા લેખમાં માત્ર વિધવાના પ્રશ્નોને સ્પર્શતા વિચારોને છેડી કર્તાએ તત્કાલીન ગુજરાતના સ્ત્રીસમાજની અમૂલ્ય સેવા બજાવી છે. બાળલગ્નમાં અનિષ્ટ પરિણામો, વિધવાઓનું

સમાજમાં અન્યાયી સ્થાન, તે માટે "શાન્તિભવન" સ્થાપવાની ભલામણ.....વગેરે વિચારો એક પ્રતિષ્ઠિત "વર્ગ"ના આચાર્ય વ્યક્ત કરે છે, તે પણ નોંધપાત્ર છે. આમ શ્રીમન્નૃસિંહાચાર્યે અનાયાસે સમાજસુધારકનું અને પ્રમુખતઃ સ્ત્રીઉન્નતિનું પવિત્ર કાર્ય બજાવ્યું છે.

આમ તેઓશ્રીએ મિશનરી હેતુથી અથવા હિંદુધર્મનાં રહસ્યો તરફ સમાજને રસ લેતો કરવા સમૃધ્ધ શ્રેયસ્કર સાહિત્યસર્જન કર્યું છે. અમુક જ સિધ્ધાન્તોને ભારપૂર્વક રજૂ કરવાની તેમાં સદ્‌ભાવના હોવાથી એક જ વિચારનું અન્યસ્થળે પુનરાવર્તન પણ થાય છે. પરંતુ તત્ત્વજ્ઞાનના વિષયોમાં આવું વારંવારનું પુનરાવર્તન વિષયના કે વિચારના દૃઢીકરણ માટે આવશ્યક હોય છે. એને તો અધિકારી સાધકને માટે તે ઉપકારક નીવડતું હોય છે.

આમ શ્રીમન્નૃસિંહાચાર્યજીનું સમગ્ર સાહિત્ય વિશિષ્ટ પ્રયોજનથી સામાન્ય તેમ જ સાધકવર્ગને સુબોધ કરવા નિમિત્તે સર્જાયું છે. તેમ છતાં તેમાં રહેલા વિવિધ રસોથી[1] તે આકર્ષક અને આસ્વાદ્ય નીવડયું છે. મુખ્યત્વે સ્ત્રીઓના પ્રશ્નોને સ્પર્શતા "ભામિનીભૂષણ"માં પ્રધાનતઃ હાસ્યરસ રહેલો છે. અનુભવનાં પાનાં ઉપલાવતી પારવતીબાઇ, સાસરા વિશે મજાક કરતા

---

૧. સરખાવો :- "શ્રીમન્નૃસિંહાચાર્યજીના વિવિધતાભર્યા સાહિત્યમાંથી એમોશ્રીનો બહોળો અનુભવ, બહુશ્રુતપણું અને રસમિષ્ટતા સ્પષ્ટ તરી આવે છે. એક જ રસને એમોશ્રી સ્પર્શ્યા નથી ; પણ મહાકવિ પ્રેમાનંદે પોતાનાં પૌરાણિક આખ્યાનોમાં વિવિધ રસોની જમાવટ કરીને રસકવિનું બિરુદ મેળવ્યું છે, તેમ શ્રીમન્નૃસિંહાચાર્યજીએ પણ જ્યાં જ્યાં જરૂર પડી છે ત્યાં વિવિધ રસોને પ્રાધાન્ય આપીને, નૂતનતાભર્યું અદ્‌ભુત સાહિત્ય આપીને, ગુજરાત ઉપર રસસમૃધ્ધ ગ્રંથભંડાર આપવાનો મહાન ઉપકાર કર્યો છે, એમ કહેવું સૂર્યપ્રકાશવત્ સ્પષ્ટ છે." – શ્રી ઉમિયાશંકર ઠાકર, "સાહિત્યકાર અને સમાજસુધારક શ્રીમન્નૃસિંહાચાર્યજી", પૃ.૪૮ શ્રી નૃ.શતા. સ્મૃતિ-ગ્રંથ.

વિઠ્ઠલજી અને બાળમુકુન્દદાસ, "તમને કહું" કહેતા હરજીવનદાસ તેમ જ "તઇઆડી"નો છાશવારે પ્રયોગ કરતા વ્રીજભુષણદાસ વગેરે પાત્રોની સામાન્ય વાતચીત વ્હેનારા તેમ જ સવાસો કરતાં યે વધુ ચલણી સીકકાસમી કહેવતોના ઉપયોગથી લેખકે કટાક્ષ સાથે હળવી રમૂજ કરી લીધી છે. "સતી સુવર્ણા"માં સતી સુવર્ણાનું અપહરણ, તેની તપાસ માટે રહસ્યમય પ્રવાસીનું આવાગમન, રાજ્ઞીષણ, વિજયંત શેઠ વગેરેનો રાજ શ્યેન, મંત્રી મુહિર, જગલ, બલક વગેરે સાથેનો મુકાબલો વગેરેમાં અદ્‌ભુત અને વીરરસ વધુ દેખા દે છે. અનેકવિધ રૂપકો અને રહસ્યોથી મંડિત "શ્રી ત્રિભુવનવિજયીખડ્‌ગ" કૃતિમાં વીરવિજયચન્દ્ર, ભદ્રસેન અને મહીપાલેન્દ્રની કન્યાપ્રાપ્તિ માટેના ભગીરથ પ્રયત્નોમાં વીરરસ, વીરવિજયની સ્વપ્નદૃષ્ટ કન્યા અને ભદ્રસેનની ચિત્રદૃષ્ટ કન્યાનાં વર્ણનોમાં શૃંગારરસ તથા મહીપાલેન્દ્રની સમુદ્રયાત્રામાં તેમ જ વિકરાલ ગુફાદર્શનમાં અદ્‌ભુતરસનાં દર્શન થાય છે. "સુરેશચરિત્ર" નાટકમાં રાજાસુરેશની ચાર પત્નીઓનાં સૌન્દર્યવર્ણનોમાં શૃંગારરસ, રાજા સુરેશ અને વિપર્યયવર્માના યુધ્ધમાં વીરરસ, નગરજનોની વાતચીતમાં હાસ્યરસ, પતિની શોધ માટે થયેલા વિવિધ લોકના પ્રવાસમાં શૃંગાર અને અદ્‌ભુતરસ.....એમ લગભગ સર્વ રસો જોવા મળે છે. તો "સિધ્ધાન્તસિન્ધુ" અને "શ્રીપંચવરદવૃત્તાન્ત" જેવા શાસ્ત્રીય અને તાત્ત્વિક ગ્રંથોમાં મુખ્યત્વે શાંતરસ દેખા દે છે. તેઓશ્રીનું વિવિધ રસોપરનું પ્રભુત્વ પ્રશસ્ય છે.

તેમની ગદ્યશૈલીમાં મોગરાની માફક મહેકતા તેમના વ્યક્તિત્વની વિશિષ્ટ મુદ્રા ઉપસી આવે છે. વિભિન્ન પ્રકૃતિના સાધકો સમક્ષ તેઓ જેમ વડીલની ગંભીરતાથી, પિતાના વાત્સલ્યથી, સખાભાવે કે સદ્‌ગુરુરૂપે સાધકની કક્ષા સમજી-વિચારી વિચારવિનિમય અને ઉપદેશવિતરણ કરતા તેમ ગ્રંથોમાં પણ તેમની શૈલી પ્રસંગાનુકૂળ

કે વિષયાનુકૂળ બનતી. "પિતાએ પુત્રને આપેલો બોધ"માં ઠાવકી, "વિધવાવિરામ"માં અવિકલ્પાની કથામાં મિષ્ટ અને બોધક, ગુરુપૂર્ણિમાના દિવસે "શ્રેયઃસાધકોને સુબોધ" પ્રવચનમાં પ્રસન્નપ્રવાહી, "ભામિનીભૂષણ"ના અલંકારોમાં નિર્દોષ બાલિકાની જેવી રમતિયાળ અને સરળ તથા શાસ્ત્રીય ગ્રંથોમાં તત્ત્વવિષયક ચર્ચામાં શાંત અને ગંભીર શૈલીનાં આપણને દર્શન થાય છે. વિવિધ દૃષ્ટાંતમાલાથી કે સમાસબાહુલ્યવાળી પ્રલંબ વાક્યરચનાથી જેમ તેઓ ગહનગંભીર વિષયને અતિસરળ બનાવવા પ્રયત્ન કરે છે તેમ આખ્યાયિકાઓમાં કે પાત્રોની વાતચીતમાં ટૂંકાં, સરળ અને સચોટ વાક્યો, તળપદી બોલી, કહેવતો કે રૂઢિપ્રયોગો તથા વાણીવૈચિત્ર્યનો મુક્તરીતે ઉપયોગ કરે છે. દરેક ગ્રંથ કે લેખની ચર્ચા કરતાં વિવેચનમાં કર્તાની મેધધનુષ્યના જેવી વૈવિધ્યસભર શૈલીનાં થોકબંધ ઉદાહરણો અગાઉ આપ્યાં હોવાથી અત્રે હું ઉદાહરણો ટાંકવાનો લોભ જતો કરું છું.

"મહાકાલ", "પ્રાતઃકાલ" વગેરે "વર્ગ"ના પત્રોનો પણ તે શૈલી વિકસાવવામાં અગત્યનો ફાળો છે. "ડાડિયો"થી નર્મદની, "શાળાપત્ર"થી નવલરામની, "જ્ઞાનસુધા"થી રમણભાઇની, "પ્રિયંવદા"કે "સુદર્શન" થી મણિલાલની ગદ્યશૈલીની જેમ ઉપરોક્ત પત્રોથી શ્રીમન્નૃસિંહાચાર્યજીની ગદ્યશૈલી નવા નવા સ્વાંગો ધારણ કરતી તેમની પ્રસન્નમુદ્રાનું પ્રતિબિંબ ઝીલતી જણાય છે. આચાર્યશ્રીના મોટાભાગના ગ્રંથો હપ્તે હપ્તે "વર્ગ"નાં માસિકોમાં જ પ્રથમ પ્રકટ થતા અને પછી પુસ્તકાકારે પ્રાપ્ત થવા મંડ્યા હતા, તે પણ સૂચક છે.

શ્રીમન્નૃસિંહાચાર્યના સમયમાં વિદ્યાપીઠો સ્થપાવાથી અંગ્રેજી સાહિત્યનું અધ્યયન અને પરિશીલન વ્યાપક પ્રમાણમાં થતું હતું.

યુનિવર્સિટીમાંથી બહાર પડતા ડીગ્રીધારી ગેજયુએટોમાં કેટલાક પ્રતિભાશાળી સર્જકો નર્મદ, મણિલાલ, રમણભાઇ, આચાર્ય આનંદશંકર ધ્રુવ વગેરે પર અંગ્રેજી ગદ્યસ્વામીઓ બર્ક, મૅકોલે, બેકન કે ઇમર્સનનો નોંધપાત્ર પ્રભાવ હતો. શ્રીનૃસિંહાચાર્યજી તો અંતરંગે રંગાયેલા સિધ્ધાત્મા હોવાથી અને આવી બાહ્ય કેળવણીનો સંસ્પર્શ ન હોવાથી તેમના ગદ્ય પર કોઇની પ્રભાવક અસર જણાતી નથી.[૧] તેઓશ્રી મહદંશે પ્રાચીનપધ્ધતિથી ગ્રંથો રચે છે. "સિધ્ધાન્તસિન્ધુ", "શ્રીપંચવરદવૃત્તાંત", "સતી સુવર્ણા", "શ્રી ત્રિભુવનવિજયીખડ્ગ", "ભામિનીભૂષણ" વગેરે વાર્તાગ્રંથોમાં પાશ્ચાત્ય અંગ્રેજસાહિત્યના સંપર્કે વિકસેલી વાર્તા-નવલકથાનો આકાર જણાતો નથી પરંતુ સંસ્કૃત સાહિત્યની પ્રાચીનપધ્ધતિ પ્રમાણે કથા-આખ્યાયિકા વ્દનરા વર્ણ્યવિષયને અતિસરળ બનાવવાનો પ્રયત્ન કર્યો છે. તેવી જ રીતે "સુરેશચરિત્ર"માં પણ સંસ્કૃત નાટ્યસ્વરૂપના સર્વ અંશો જળવાયેલા છે.

આથી તેમની ગદ્યશૈલીમાં પ્રચંડ સમાસબાહુલ્યવાળી વાક્યરચનામાં ક્યારેક બાણભટ્ટની શૈલીનાં આપણને દર્શન થાય છે તો અન્યત્ર ટૂંકાં, સરળ, સૂત્રાત્મક અને અર્થઘન વાક્યો પણ જોવા મળે છે. તેઓશ્રીનું તત્ત્વવિષયક દર્શન સુસ્પષ્ટ હોવાથી દુર્ગમ કે શાસ્ત્રીય વિષયોને પણ પૃથક્કરણાત્મક પધ્ધતિથી કે તાર્કિક દલીલોથી જુદાં જુદાં દૃષ્ટાંતો કે વિભિન્ન આખ્યાયિકાઓથી સુગમ બનાવે છે. તેઓશ્રીનું સાહિત્ય નીચલા સ્તરથી માંડીને કે વિશેષતઃ બુધ્ધિજીવી વર્ગને પણ સંતોષી શક્યું છે, કારણ કે તેમનો અભિગમ (Approach) વૈજ્ઞાનિક છે.

---

૧. "પાશ્ચાત્ય કેળવણીથી એકંદરે અસ્પૃષ્ટ રહીને, ભારતનાં ધર્મ અને સંસ્કારિતાનો આત્મા પોતાના જીવનકાર્ય વ્દનરા પ્રકટ કરનારા જે કેટલાક સિધ્ધ યોગીઓ અર્વાચીન કાળમાં આ દેશમાં ઉત્પન્ન થયા એમનાં એક શ્રીમન્નૃસિંહાચાર્યજી હતા." ડો. ભોગીલાલ જ. સાંડેસરા, "શ્રીમન્નૃસિંહાચાર્યજી", પૃ. ૭૮, શ્રી નૃ. શતા. સ્મૃતિ-ગ્રંથ.

નર્મદનું ચિન્તનાત્મક ગદ્ય ઐતિહાસિક દૃષ્ટિએ નોંધપાત્ર ખરું પણ તે સાથે તે અણઘડ અને અવ્યવસ્થિત પણ એટલું જ છે. "અભેદમાર્ગના પ્રવાસી" મણિલાલનું ગદ્ય નર્મદના કરતા વધુ વ્યવસ્થિત, શિષ્ટ અને તાર્કિક, પરંતુ તેમાં કેટલેક સ્થળે સ્વમતનો દુરાગ્રહ હોવાથી શિથિલ અને ખંડનાત્મક દલીલવાળું વિશેષ લાગે છે. તેવે સમયે તેમાં મણિલાલનો રોષ પણ સ્પષ્ટ વર્તાઈ આવે છે. શ્રીમન્નૃસિંહાચાર્યજી તો અનુભવી સિધ્ધપુરુષ હોવાથી તેમનાં લખાણોમાં ક્યાંય પણ કટુતા, દંશીલો કટાક્ષ કે રોષનો ભાવ જણાતો નથી. શાંત શીતલ સરોવરનાં નીરમાં ન્હાતાં જે આહ્લાદકતા અનુભવીએ તેવો અનેરો આનંદ તેઓશ્રીની કૃતિઓથી પ્રાપ્ત થાય છે. તેમની વાણીમાં નથી દંભ, આડંબર કે મિથ્યા વાક્‌છટા, છતાં તેમાં રહેલી સચોટ દિવ્યાનુભૂતિને લીધે તેમનું દર્શન આકર્ષક, પ્રભાવક અને શામક લાગે છે. પારિભાષિક શબ્દોનો અતિઅલ્પ ઉપયોગ કરીને વિશેષતઃ આમજનતાની ભાષામાં વૈજ્ઞાનિક ઢબે ગુજરાતી ભાષાને

તેઓએ તત્ત્વજ્ઞાન માટે પળોટી છે, તેની ગુજરાતી સાહિત્યે નોંધ લેવી રહી.[૧]

---

૧. (૧) "ધર્મપ્રચારક ઉપરાંત એક સુંદર સાહિત્યકાર તરીકે ગુજરાતી સાહિત્ય એમનું ઋણી છે. આપણા સાહિત્યના વિકાસમાં એમનો ફાળો જેવો તેવો નથી. એમનાં વ્યાખ્યાનો, મહાકાલમાં એમના લેખો, "શ્રીનૃસિંહવાણીવિલાસ" (૨ પદ્યકૃતિ), "શ્રી ભામિનીભૂષણ" વગેરે પુસ્તકો એમની સાહિત્યકાર તરીકેની ઉત્કૃષ્ટ શક્તિનો પુરાવો આપે છે. સ્ત્રીસમાજને ઊંચે દરજ્જે ચઢાવવા પોતે હંમેશ ઉત્સુક રહેતા." – દી.બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, "શ્રીમન્ નૃસિંહાચાર્યજી", પૃ. ૧૬, શ્રી નૃ. શતા. સ્મૃતિ-ગ્રંથ.

(૨) ".....આચાર્યપદ પોતે લેવા ગયા નહોતા, આવી પડ્યું હતું અને તે પદ ઉપર બિરાજ્યા પછી તે જમાનાના શિષ્ટ ધોરણને અનુસરનારી શૈલી તેમણે અપનાવી હતી, સંસ્કૃતમય છતાં પ્રસન્નગંભીર. તેમ છતાં "નૃસિંહવાણીવિલાસ" ભાગ ૧ -લામાં જે પદો છે તે તો અત્યંત સરળ અને તળપદી ભાષામાં છે. જ્ઞાનાનુભવની ઉછળતી મસ્તી વડોદરા પાસેના નિઝમપુરા ગામમાં ભરવાડો તથા આમજનતા આગળ જે ભાષામાં વ્યક્ત થઇ તે ભાષા આચાર્યની કે ઉપદેશકની નહોતી પણ એકતારા ઉપર ભજનો લલકારતા અઢાર વર્ષના એક મસ્ત યુવાનની હતી, જેને પાંડિત્યનું પ્રયોજન નહોતું.

"સત્યકી જન બિન, ભૂલમેં સબ પડે,
સમજ બિન બોલતે મુખ બેના –
આપકુ ખોજ નહિ ઓર કહને લગે,
અકલહીન ઢોરકુ ક્યા કહેના ?"

અને "ભામિનીભૂષણ"ના પાંચે ભાગમાં તળપદી, સીધી સાદી ગુજરાતી ભાષા છે. હસતા હસતા, ટોળટપ્પા ને ટીખળ કરતા નૃસિંહાચાર્ય જો જોવા હોય તો "ભામિનીભૂષણ"માં પ્રત્યક્ષ દેખાશે. ગહન વાતને કશા પણ શણગાર વગર કે ગંભીર્યના ઓપ વગર લોકભાષામાં, લોકોની રીતે અને હળવે હળવે કહેવાની એમની પકડ એક સિધ્ધ વાર્તાકારની દેખાય છે."
– શ્રી યશોધર મહેતા, "ભારતીય તત્ત્વજ્ઞાનમાં ગુજરાતનો ફાળો : "શ્રીમન્નૃસિંહાચાર્ય", તા. ૧૪-૧૦-૬૭ ના રોજ આકાશવાણી અમદાવાદ-વડોદરા તરફથી પ્રસારિત થયેલા વાર્તાલાપમાંથી.

ઇ.સ. ૧૯૫૩માં ડીસેમ્બર માસમાં વડોદરામાં ભરાયેલ ભારતીય તત્ત્વજ્ઞાન પરિષદ (ઇંડિયન ફિલોસોફિકલ કૉંગ્રેસ)ના સ્મૃતિગ્રંથમાં "ગુજરાતમાં તત્ત્વજ્ઞાન" એ વિષય પરના મનનીય લેખમાં શ્રી રમણલાલ વ. દેસાઇ "શ્રેયસ્સાધક અધિકારી વર્ગ"ને વેદાંતઉપનિષદ્‌ની ધારાને નવા દેશકાળના સંદર્ભમાં મૌલિક રીતે અભિવ્યક્ત કરતા વર્ગ તરીકે બીરદાવે છે, તે સર્વથા યથાર્થ છે :

"The Shreyassadhak sect of Baroda, started by Nrisinhacharya, had a remarkable hold over the educated men and women of Gujarat during the latter part of the 19th and the earlier part of the 20th Century. Its teachings, based on the Upanishads did not prevent it from expressing itself in terms of modern art and culture."

---oOo---